# જૈન ધર્મની મુખ્ય સાધ્વીઓ અને મહિલાઓ

## "યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે"


- : મૂળ હિન્દી લેખિકા : -

ડૉ. હીરાબાઈ બોરદિયા

- : અનુવાદક : -

ડૉ. કલા શાહ




દિગમ્બર સંપ્રદાય



શ્વેતામ્બર સંપ્રદાય



સ્થાનકવાસી સંપ્રદાય



તેરાપંથી સંપ્રદાય

# જૈન ધર્મની મુખ્ય સાધ્વીઓ અને મહિલાઓ

"યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે"

(મૂળ હિન્દી લેખિકા)
ડૉ. હીરાબાઈ બોરદિયા

- : અનુવાદક : -
ડૉ. કલા શાહ

✪

સંયોજક – પ્રશાંત ઝવેરી

✪

પ્રકાશક
ડૉ. કલાબેન શાહ
'ખાંતિલાલ લાલચંદ શાહ' જૈન લિટરરી એન્ડ ફિલોસોફિકલ સેંટર
એમ. ડી.કોલેજ પરેલ, મુંબઈ – ૪૦૦ ૦૧૨

✪

**પ્રાપ્તિસ્થાન**

**ખાંતિલાલ લાલચંદ શાહ**

જૈન લિટરરી એન્ડ ફિલોસોફિકલ
રીસર્ચ સેંટર, મહર્ષિ દયાનંદ કોલેજ, પરેલ-મુંબઈ-૪૦૦ ૦૧૨.

■ **છૂટક મૂલ્ય રૂા. ૭૫/-** ■ **નકલ ૫૦૦**

વિ. સંવત. ૨૦૫૧ – મહાવીર જયંતિ - ચૈત્ર સુદ તેરસ
ગુરૂવાર તા. ૧૩/૪/૧૯૯૫

**- : મુદ્રક : -**

**લક્કી પ્રિન્ટર્સ**
૪૦, મહેતા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
લિબર્ટી ગાર્ડન, ક્રોસ રોડ, નંબર - ૩
મલાડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૪.
ફોન : ૮૮૨ ૩૫૯૨

# જૈન ધર્મની મુખ્ય સાધ્વીઓ અને મહિલાઓ

## "યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે"

ગ્રંથનું વિમોચન

- : મૂળ હિન્દી લેખિકા : -

**ડૉ. હીરાબાઈ બોરદિયા**

- : અનુવાદક : -

**ડૉ. કલા શાહ**

**સંયોજક - શ્રી પ્રશાંત ઝવેરી**

વિ. સં. ચૈત્ર સુદ તેરસ

ગુરુવાર તા. ૧૩મી એપ્રિલ ૧૯૯૫

**પ્રમુખ—ડૉ. શશિકાન્ત કર્ણિક**

ઉપકુલપતિ યુનિવર્સિટી ઑફ બોમ્બે

અતિથિ વિશેષ

**શ્રી દીપચંદભાઈ ગાર્ડી (બાર. એટ. લૉ)**

પ્રમુખ- ઑલ ઈન્ડિયા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સ

# જૈન નારી વિશે ઐતિહાસિક સંદર્ભ ગ્રંથ

વિદુષી લેખિકા શ્રીમતી ડૉ. હીરાબાઇ બોરદિયાએ ડૉ. સાગરમલ જૈનના માર્ગદર્શન હેઠળ ઇન્દોર વિશ્વ વિદ્યાલયમાં 'जैन धर्म की प्रमुख साध्वियां अेवम् महिलाऐं એ વિષય ઉત્તર શોધ પ્રબંધ લખીને ઇ.સ. ૧૯૭૬માં પી. એચ. ડી. પદવી પ્રાપ્ત કરી હતી. એમનો આ માહિતીસભર શોધપ્રબંધ ઘણો મૂલ્યવાન છે અને એથી જ વારાણસીના પાર્શ્વનાથ વિદ્યાશ્રમ શોધ સંસ્થાન તરફથી તે પ્રકાશિત કરવામાં આવેલો છે. શ્રીમતી ડૉ. હીરાબાઇએ આગમ ગ્રંથો અને ઇતર ગ્રંથોનું ઊંડું અધ્યયન કરીને જૈનધર્મમાં નારીનું કેવું સ્થાન રહ્યું છે તેની સવિગત આધારભૂત તટસ્થ સમીક્ષા કરી છે. તેમણે પ્રાગૈતિહાસિક કાળથી શરૂઆત કરીને મરુદેવી માતા, સુમંગલા, સુનંદા, બ્રાહ્મી સુંદરી વગેરે પરિચય કરાવ્યો છે અને ત્યાર પછી પાર્શ્વનાથ ભગવાનના સમય સુધીની નામાંકિત નારીઓ વિશે ઉપલબ્ધ મહિતી આપી છે.

ત્યાર પછી એમણે તીર્થંકર ભગવાન મહાવીરસ્વામીના કાળની દેવાનંદા, ત્રિશલામાતા, યશોદા, પ્રિયદર્શના, સુદર્શના, ચંદનબાળા, મૃગાવતી, સુલસા, જયંતી, રેવતી વગેરે ઘણી બધી મહિલાઓનો આધારભૂત અવતરણો સાથે પરિચય કરાવ્યો છે. ત્યાર પછી એમણે ભગવાન મહાવીરસ્વામી પછી એમના શાસનકળની મુખ્ય મુખ્ય મહિલાઓ ધારિણી, યક્ષા, કોશા, તરંગવતી, કુમારદેવી, યાકિની મહત્તરા, પાહિણી, મીનળદેવી, અનુપમાદેવી વગેરે વિશે રસિક માહિતી આપી છે.

આમ આ દળદાર ગ્રંથમાં જૈન મહિલાઓ વિશે વિગતવાર ક્રમાનુસાર આધારભૂત રસિક ઐતિહસિક માહિતી આપણને પહેલીવાર ક્રમાનુસાર સાંપડે છે. લેખિકાએ એ માટે ઘણો પરિશ્રમ ઉઠાવ્યો છે, જે માટે એ ધન્યવાદને પાત્ર છે.

આ ગ્રંથમાં ડૉ. સાગરમલ જૈને 'જૈને ધર્મમાં નારીની ભૂમિકા' એ નામની પ્રસ્તાવનામાં નારીશિક્ષણ, નારીની સ્વતંત્રતા, પુત્ર-પુત્રીની સમાનતા, વિવાહ સંસ્થા, નારીરક્ષણ, નારી શિક્ષણ, ભિક્ષુણી સંઘ, નારીની ગરિમા વગેરે વિશે તલસ્પર્શી પ્રમાણભૂત, સમતોલ સમીક્ષા કરી છે.

આવા આ મૂલ્યવાન ગ્રંથનો ગુજરાતી ભાષમાં અનુવાદ થાય એ બહુ જરૂરી હતું. કે જેથી ગુજરાતી વાચક વર્ગને ડૉ. હીરાબહેન બોરદિયાના જ્ઞાનનો લાભ મળે.

ગુજરાતી અનુવાદનું આ કઠિન કાર્ય મહર્ષિ દયાનંદ કોલેજના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. કલાબેન શાહે ખુબ પરિશ્રમ ઉઠાવીને કર્યું છે. તે માટે તેમને પણ ધન્યવાદ ઘટે છે. ડૉ. કલાબહેન શાહ ગુજરાતી સાહિત્યના વિષયના અધ્યાપિકા છે. ભાષા વિજ્ઞાન અને જૈન સાહિત્ય એમના પ્રિય વિષયો રહ્યાં છે. એમણે કેટલાંક વર્ષ પહેલા કવિ વિદ્યારુચિ કૃત 'ચંદરાજાનો રાસ' એ વિષય ઉપર શોધ પ્રબંધ લખીને મુંબઇ યુનિવર્સિટીની પી. એચ. ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. છેલ્લાં કેટલાક વર્ષથી ડૉ. કલાબહેન શાહ જૈન સાહિત્યના ક્ષેત્રે સંશોધન, સંપાદન, અનુવાદ વગેરે પ્રકારનાં કાર્યોમાં સક્રિય રસ લઇ રહ્યા છે. એમના એ વિષયનાં કેટલાંક લખાણો અવારનવાર પ્રકાશિત થતાં રહ્યાં છે. આ ગ્રંથના અનુવાદ દ્વારા એમાં એક મહત્વનો ઉમેરો પ્રાપ્ત થાય છે.

ડૉ. કલાબહેન શાહના હસ્તે આવી સુંદર સાહિત્યક પ્રવૃત્તિ ઉત્તરોત્તર વિકસતી રહે એવી શુભકામના !

મુંબઇ, સં. ૨૦૫૧

ચૈત્ર સુદ -૧, તા. ૧-૪-૯૫.

■ રમણલાલ ચી. શાહ

## લેખિકાના બે બોલ

**'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે'** ગ્રંથ લખવાની પ્રેરણા કયારે અને કેવી રીતે થઇ તે આખો યે અનુભવ અત્યંત રસપ્રદ છે.

પ્રાતઃસ્મરણીય, પરમ વંદનીય પૂજ્ય બેન મહારાજશ્રી (સર્વોદયાશ્રીજી) એ જ્યારે તેઓ મુંબઇના પ્રાર્થના સમાજના ઉપાશ્રયમાં ચાતુર્માસ માટે વિચર્યા હતા ત્યારે મને આજ્ઞા કરી હતી ''કલાબેન તમે જૈન સાધ્વીજીઓના'' વિષયમાં સંશોધન કરી ગ્રંથ તૈયાર કરો.''

તે જ દિવસથી મારા મનમાં સતત એક વિચાર તંતુ ચાલુ થયો. જૈન ધર્મના અનેક નારી પાત્રો મારી નજર સમક્ષ તરવરવા લાગ્યા. મરુદેવી બાહ્મી, સુંદરી, ત્રિશલામાતા, ચંદનબાળા, રાજીમતિ, યાકિની મહત્તરા, અને બીજી અનેક સન્નારીઓ મને પ્રેરણા આપતી હોય એમ લાગતું હતું. 'સોળસતીના છંદ'નું પઠન કરુ ત્યારે એ બધી સ્રીઓએ માર મનનો કબજો લીધો હોય એમ લાગતું. અને આ બધા વિષે જાણવાની ઉત્કંઠા, જિજ્ઞાસા, અભિપ્સા વધવા લાગી અને જાણકારી માટે અનેક ગ્રંથો વાંચવાના શરૂ કર્યા.

માર્ચ ૧૯૯૪માં જૈન સાહિત્ય સમારોહ કચ્છમાં બોંતેર જિનાલય મુકામે ભરાયો. ત્યાં જવાનું થયું. ત્યાં ત્રણ દિવસના સહવાસ દરમ્યાન ડૉ. હંસાબેન સાથે અનેક વાતો થઇ અને તે વખતે મેં મારા મનમાં રહેલી ઇચ્છા વ્યકત કરી, મુંબઇ પાછા ફરતાની સાથે જ તેમણે ડૉ. હીરાબાઇ બોરદિયા લિખિત.

**''જૈન ધર્મકી પ્રમુખ સાધ્વિયાં એવં મહિલાએં''** નામનો હીન્દી ભાષામાં લખાયેલો શોધપ્રબંધ મારા હાથમાં મૂકયો.

વેકેશન દરમ્યાન આખોયે ગ્રંથ ઊંડાણપૂર્વક વાંચ્યો અને વિચાર્યો. મારા મનના મનોરથા પૂરા થવાની ક્ષણ આવી ગઇ. સતત બે મહિનાના સમય ગાળામાં એ ગ્રંથનો ગુજરાતી અનુવાદ તૈયાર કર્યો. અને તેને છપાવવા માનસિક તૈયારી કરી, પરંતુ કેટલાંક અનિવાર્ય સંજોગોને કારણે એમાં વિલંબ થયો. બનારસથી માનનીય ડૉ. હીરાબાઇ બોરદિયા તથા તેમના પુત્ર બ્રહ્મે શાનંદ તરફથી ગ્રંથનું પ્રકાશન કરવા માટેની પરવાનગીનો પત્ર પણ મને મળી ગયો.

પરમકૃપાળુ પરમાત્માની મહેરબાની તથા મારા સત્કર્મોના ફળસ્વરૂપે આ ગ્રંથના પ્રકાશનનું કાર્ય મેં હાથમાં લીધું.

ડૉ. હીરાબાઇ બૌરદિયાએ પ્રસ્તુત શોધપ્રબંધ જેના માટે તેમને પી. એચ. ડી.ની પદવી પ્રાપ્ત થઇ છે તેઓએ જૈન ધર્મના અનેક પ્રાચીન ગ્રંથોના અધ્યયન બાદ તૈયાર કર્યો છે, જેમાંના મુખ્ય આગમ, કલ્પસૂત્ર, ઉત્તરાધ્યાયન સૂત્ર, આવશ્યકચૂર્ણિ, સમવાયગ ત્રિશષ્ઠિશલકા પુરુષ ચરિત્ર, જ્ઞાતધર્મ કથા વગેરે છે.

ભગવાન મહાવીરે તેમના ચતુર્વિધ સંઘમાં શ્રાવક તથા શ્રાવિકાઓને સમાન સ્થાન આપ્યું છે અને તેમના મનમાં સ્રીઓ માટે એક વિશેષ આદર ભાવના હતી. જૈન ધર્મ અને સંસ્કૃતિમાં પ્રથમ તીર્થંકરથી પ્રારંભ કરીને વીસમી સદી સુધીમાં નારીનું સ્થાન કેવું હતું અને છે તે વાત વિચાર માંગી લે તેવી છે.

લેખિકાએ આગમિક કાળમાં નારી, પ્રથમ તીર્થંકર ઋષભદેવના સમયથી ત્રેવીસ તીર્થંકરોના સમય સુધીની નારી, મહાવીરના પરિવારની નારીઓ, મહાવીરના સમય પછીની નારીઓ વગેરેનું વિસ્તારપૂર્વક આલેખન કર્યું છે.

બીજી શતાબ્દીથી સાતમી શતાબ્દી સુધી તથા દક્ષિણ ભારતની વિશિષ્ટ મહિલાઓના વર્ણન ખાસ નોંધપાત્ર છે. આઠમી સદીથી અઢારમી સદી સુધીની મહિલોઓના ચરિત્રનું આલેખન અને તે પણ વિવિધ ગચ્છો-તપગચ્છા, ખરતરગચ્છ, અંચલગચ્છ વગેરે ગચ્છોના પરિપ્રેક્ષ્યમાં કર્યું છે તે અત્યંત મહત્વની વાત છે.

અલબત હિન્દી ભાષામાંથી ગુજરાતી ભાષામાં આ ગ્રંથનો અનુવાદ કરવા પાછળનો મુખ્ય હેતુ એ હતો કે સામન્ય ગુજરાતી ભાવિકો જેટલી સરળતાથી ગુજરાતી વાંચવાનો રસ ધરાવે છે તેટલો કદાચ હિન્દી ભાષામાં લખાયેલ ગ્રંથ વાંચવાનો ધરાવતાં નથી. જૈન ધર્મમાં વિવિધ નારીઓના ચરિત્ર આલેખનના જ્ઞાનના સાગર સમા આ ગ્રંથમાં સમાયેલા હતાં તેથી તેને માતૃભાષા ગુજરાતીમાં મૂકવાનો નમ્ર પ્રયાસ મેં કર્યો છે. આશા રાખું છું કે ખાસ કરીને જૈન તથા અજૈન ગુજરાતી વાચકોને મારો આ અનુવાદ ગ્રંથ જરૂર ગમશે.

મૂળ શીર્ષકની સાથે 'યત્ર નાર્યસસ્તુ પૂજ્યન્તે' ઉમેરવા પાછળનો હેતુ - જૈન ધર્મમાં નારીની ગરિમા ઘણા ઉચ્ચ સ્થાને છે તે બતાવવાનો અને થોડું મારા પોતાના તરફથી ઉમેરીને સ્વાર્થી આનંદ લેવાનો પણ ખરો જ. આ ઉમરેણ કરવાની પરવાનગી તથા ગુજરાતીમાં અનુવાદ કરવાની પરવાનગી આપવા બદલ હું ડૉ. હીરાબાઇ બોરદિયા તથા તેમન પુત્ર બ્રહ્મેશાનંદની હૃદય પૂર્વક આભારી છું તેમજ આ ગ્રંથના સંપાદકશ્રી ડૉ. સાગરમલ જૈનની પણ આભારી છું. કોઇપણ મહત્વનું કાર્ય કયારેક એકલા હાથે થતું નથી. એમાં કેટકેટલાનો સાથ હોય તો તે કાર્ય પૂર્ણ થાય છે.

સૌ પ્રથમ ડૉ. હંસાબેન શાહ જેમને વારંવાર મેં ફોન કરી કરીને હેરાન કર્યા છે તેમ જ ડૉ. હીરાબાઇના બેન શ્રી પ્રભાવતીબેનનો આભાર માનું છું. ગ્રંથ પ્રકાશનનું કાર્ય આર્થિક સહાય વિના પૂર્ણ કરવાનું મારે માટે શકય ન હતું, પણ વિવિધ ટ્રસ્ટો તથા દાતાઓ મને આ કાર્યમાં સહાય આપી સહકાર આપ્યો તે બદલ હું તે સર્વનો હૃદયપૂર્વક આભાર માનું છું.

મુંબઇ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર શ્રી ડૉ. શશિકાન્ત કર્ણિક જેમણે પોતે હાજર રહી 'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે 'ગ્રંથનું વિમોચન કર્યું તથા માનનીય મુરબ્બી શ્રી દીપચંદભાઇ ગાર્ડી અતિથિ વિશેષ તરીકે પધાર્યા અને માનનીય શ્રી વસનજીભાઇ પોતાની અસ્વસ્થ તબિયત હોવાં છતાં વારંવાર મારા કાર્યમાં રસ લઇ મને સહાય કરી છે. તે સર્વનો હું આભાર માનું તેટલો ઓછો છે.

પૂજ્ય ડૉ. રમણભાઇ શાહ જેઓ માર ગુરુ છે. તેઓ અઢળક કામોના બોજા નીચે દબાયેલા હોવા છતાં મારા માટે ખાસ સમય કાઢી આ ગ્રંથની પ્રસ્તાવના લખી આપી છે તે બદલ હું તેમની અત્યંત ઋણી છું.

મહર્ષિ દયાનંદ કોલેજના અમારા પ્રાચાર્યશ્રી જી.પી. શ્રી વાસ્તવ જેમણે મને હમેશા સંશોધન કાર્ય કરવાની પ્રેરણા તથા અનુકૂળતા કરી આપ્યાં છે અને ગ્રંથ વિમોચનના કાર્યમાં જાતે રસ લઇ સુંદર ઓપ આપ્યો છે તેમની હું ઋણી છું.

મારા શિક્ષણકાર્યથી શરૂ કરીને મારા સંશોધન કાર્ય તથા પુસ્તક પ્રકાશન કાર્યમાં મારા કુટુંબીજનોનો મને અનન્ય સાથ રહ્યો છે તે બદલ હું તેઓ સર્વની અત્યંત ઋણી છું.

ગ્રંથના પ્રીન્ટીંગ કાર્યમાં સ્નેહાળભાઇશ્રી જીતુભાઇ વીરવાડિયા તથા લકી, પ્રીન્ટીંગ પ્રેસના શ્રી કનુભાઇ તથા શૈલેશભાઇનો ગ્રંથ સમયસર તૈયાર કરી આપવા બદલ અને કવરપેજ તૈયાર કરી આપવા બદલ શ્રી જયેશભાઇનો પણ આ પ્રસંગે આભાર માનું છું.

અંતમાં અત્યંત કાળજી રાખવા છતાં કયાંક જોડણીની ભૂલ રહી ગઇ હોય અથવા શાસ્ત્ર વિરુદ્ધ કશું પણ લખાઇ ગયું હોય તો તે બદલ ક્ષમાયાચના સાથે - વિરમું.

✍ ડૉ. કલાબેન શાહ

# સમર્પણ



**પ્રિય રમેશ, મિલોની, રોનક અને ઈશાન**

આ ગ્રંથ ''યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે'' મારા પુત્ર સમાન સ્વ. રસેશ તથા તેના પરિવારને સર્મપણ કરુ છું.

ઇ. સ. ૧૯૮૮માં અમદાવાદ મુકામે થયેલ ગોઝારા વિમાન અકસ્માતમાં તમે બધાં પળવારમાં અગ્નિની ઝાળમાં લપેટાઇ ગયા. ભયંકર વેદનાની અનુભૂતિ કરીને શમી ગયા.

અમે તમારા સંસ્મરણોની યાદમાં વ્યથાની આગમાં જીવનભર જલીશું - બળીશું.

રસેશ ઔદાર્યની મૂર્તિ હતો. તેનો હસમુખ ચહેરો, નિર્દોષ અને નિર્મળ હાસ્ય, રમતિયાળ અને બોલકો સ્વભવ બધાંના હૈયાના જીતી લેનારા હતા.

યુવાન થતાં જ લક્ષ્મીદેવીની કૃપા તેના પર ઉતરી તે ધન કમાયો અને દાન કર્યા, દુકાળના સમયે ગામો દત્તક લીધાં અને ગરીબ મધ્યમ વર્ગના કુટુંબોને અનાજ આપ્યા, પેટ ઠાર્યા અને હૈયા ઠાર્યા. સદગુરુના સાન્નિધ્યમાં અનેક ધર્મ અને માનવતાનાં કાર્યો કરી તું અઠ્ઠીવીસ વર્ષની ભર યુવાન વયે પ્રભુને પ્યારો થઇ ગયો.

હે પ્રભુ –
મંગલમંદિર ખોલો
દયામય મંગલ મંદિર ખોલો
દ્વાર ઊભો શિશુ ભોળો
દયામય મંગલ મંદિર ખોલો
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો
શિશુને ઉરમાં લ્યો લ્યો
દયામય મંગલ મંદિર ખોલો

**એ જ પ્રભુ પ્રાર્થના.**

**– ડૉ. કલા શાહ**



## ડૉ. (શ્રીમતી) હીરાબાઇ બોરદિયાનો પરિચય

ડૉ. (શ્રીમતી) હીરાબાઇ બોરદિયાનો જન્મ ઉજ્જૈન (મધ્યપ્રદેશ)માં ઇ.સ. ૧૮૧૮માં થયો. હતો. તેમણે ઇ.સ. ૧૯૪૭માં હિન્દી સાહિત્ય સંમેલન, પ્રયાગમાંથી સાહિત્યરત્ન, ઇ.સ. ૧૯૪૮માં આગરા વિશ્વવિદ્યાલયમાંથી સમાજ શાસ્ત્રના વિષયમાં એમ.એ.ની પરીક્ષા ઉતિર્ણ કરી. ઇ. સ. ૧૯૭૬માં ''વિદુષી જૈન મહિલાઓ અને સાધ્વીઓ'' એ વિષય પર ઇન્દોર વિશ્વ વિદ્યાલયે તેમને પી. એચ. ડી.ની પદવી પ્રદાન કરી.

તેમનો વિવાહ વિશ્વ વિખ્યાત ક્ષય-રોગ વિશેષજ્ઞ પદ્મશ્રી ડૉ. નન્દલાલ બોરદિયાની સાથે મે ૧૯૬૨માં થયા હતા. તેઓએ પોતાના પતિ સાથે અમેરિકા, ગ્રેટબ્રિટન, ફ્રાન્સ, ડેનમાર્ક, જર્મની વગેરે અનેક દેશોનો પ્રવાસ કર્યો. વિદ્યાપ્રેમની સાથે સાથે તેઓને સમાજ સેવાના કાર્યોમાં પણ રસ હતો. તેઓ અનેક સમાજ સેવાની સંસ્થાઓ સાથે સંકળાયેલાં હતા. તથા અનેક સામાજિક સંસ્થાઓ દ્વારા સન્માનિત થયા હતા. તેઓના અનેક નિબંધ વિવિધ પત્રિકાઓમાં પ્રકાશિત થયા છે. તેમના એકના એક પુત્ર બ્રહ્મેશાનંદ જીએ યુવાવસ્થામાં સંન્યાસ ગ્રહણ કરી રામકૃષ્ણ મિશનમાં સાધના અને સેવાના કાર્યો કરી રહ્યા છે. આ પ્રમાણે તેમનો સમગ્ર પરિવાર સમાજ સેવા અને વિદ્યોપાસનામાં સમર્પિત થયેલ છે.

## પરમ પૂજ્ય સાહિત્ય કલા રત્ન આચાર્ય યશોદેવ સૂરીશ્વરજી મહારાજના મંગલ આશિષ પ્રાપ્ત થયેલ છે

### શુભેચ્છકોની નામાવલિ

બાબુ અમીચંદ પન્નાલાલ આદીશ્વર જૈન ટેમ્પલ ચેરિટેબલ ટ્રસ્ટ

ઝવેરચંદ પ્રતાપચંદ જૈન ચેરિટેબલ ટ્રસ્ટ- વાલકેશ્વર

બી. કે. કોઠારી ટ્રસ્ટ ચંદનબાળા -વાલકેશ્વર

શ્રી ઘેલાભાઇ કરમચંદ જૈન ટ્રસ્ટ

શ્રી મોતીશા જૈન ટ્રસ્ટ - ભાયખલા

શ્રી ચંદ્રપ્રભુ જૈન દેરાસર ટ્રસ્ટ

શ્રી ઘાટકોપર જૈન શ્વેતાંમ્બર મૂ. પૂ. તપાગચ્છ સંઘ ઘાટકોપર

શ્રી ચિત્તરંજન ડી. શાહ

શ્રી લલિતભાઇ છાજેડ

શ્રી શાંતિપ્રસાદ જૈન

શ્રી ચંદુભાઇ ઘેટીવાલા

શ્રી સુરેશ પેથાણી

શ્રી સી. સી. ડાંગી

શ્રી મહેશભાઇ ગાંધી

શ્રી સી. એન. સંઘવી

શ્રી સુભાષ રુણવાલ

શ્રી ચેતના બુક ડીપો.

શ્રી ગૌરાંગ માધવજી ઠક્કર (શાહપુર)

શ્રી સતીશ રાઇસ મિલ્સ (શાહપુર)

શ્રી દીપચંદભાઇ ગાર્ડી

વસનજી લખમશી શાહ

મહિપતભાઇ જાદવજી પદ્મશ્રી

શ્રી દામજીભાઇ એંકરવાળા

શ્રી કિશોર વર્ધનજી

શ્રી રવિભાઇ સંગોઇ

શ્રી જવાહર મોતીચંદ માલેગાવવાળા

શ્રી ખાંતિલાલ લાલચંદ શાહ

શ્રીમતી સુધાબેન નવનીતલાલ શાહ

શ્રી નયનભાઇ માણેકલાલ સવાણી

શ્રી મનસુખલાલ કેશવલાલ શાહ (કલકત્તાવાળા)

શ્રી નરસિંહભાઇ પોપટભાઇ મારુ (શાહપુર)

શ્રી નરેન્દ્ર વી. ગાંધી (શાહપુર)

શ્રી ઓમ પ્રકાશ અગ્રવાલ (શાહપુર)

શ્રી એમ. આર. ગોડબોલે (શાહપુર)

શ્રી મનહરભાઇ શાહ

શ્રી સુરેશભાઇ (કિરણ મેટલ)

શ્રી પારસ જૈન

શ્રી મનહરભાઇ દેઢિયા

શ્રીમતી રેણુકા પોરવાલ

શ્રી જયેશભાઇ પટેલ

# અનુક્રમણિકા


પાના નંબર

**જૈન ધર્મમાં નારીની ભૂમિકા - ડૉ. સાગરમલ જૈન** ૧ થી ૨૩

**પ્રકારણ -૧** ૨૪ થી ૪૮

## પ્રાગૈતાહિસક કાળની જૈન સાધ્વીઓ અને મહિલાઓ

મરુદેવી, સુમંગલા, સુનંદા, યશસ્વી, સુનંલદા, જયન્તી; બ્રાહ્મી, સુંદરી, સેનાદેવી, સિદ્ધાર્થા, મંગલા, સુસીમા, પૃથ્વી, લક્ષ્મણા, રામાદેવી, નન્દા, વિષ્ણુદેવી, જયદેવી, શ્યામા, સુયશા, સુવ્રતા આચિરાદેવી, શ્રીદેવી, મહાદેવી, પ્રભાવન્તી, મલ્લિનાથ, પદ્માવતી, વપ્રાદેવી, શિલાદેવી, રાજીમતી, દેવીકી, રુકિમણી, સત્યભામા, દ્રોપદી,-મૂલ્યાંકન, થાવચ્ચા, સીતા, મન્દોદરી, કૈકેયી, અંજના, દમયંતી, મયણાસુંદરી, મદનસેના, મદનમંજૂષા, મદન રેખા, ગુણસુંદરી, તિલક સુંદરી, વામાદેવી, તીર્થંકર પાર્શ્વનાથની સંઘ વ્યવસ્થામાં નારીનું સ્થાન.

**પ્રકરણ –૨** ૪૯ થી ૮૮

## તીર્થંકર મહાવીરના યુગની જૈન સાધ્વીઓ અને વિદુષી મહિલાઓ

દેવાનંદા, ગર્ભહરણ, ત્રિશલા, યશોદા, યશોદા-મૂલ્યાંકન, પ્રિયદર્શના, સુદર્શના, જયેષ્ઠા, શેષવતી, ચંદનબાલા, પ્રભાવતી પદ્માવતી, મૃગાવતી, મૃગાવતી-મૂલ્યાંકન, શિવાદેવી, સતીત્વ પરીક્ષા, સુજયેષ્ઠા, ચેલના, ચેલનાની સાધુભકિત, ચેલનાની પતિભકિત, ધારિણી, ધારિણી-મૂલ્યાંકન, અંગારવતી, નન્દા, શ્વેતાંબર અને દિગંબર પરંપરામાં ચેટકની પુત્રીઓનો ઉલ્લેખ. વાસવદત્તા, વાસવદત્તા મૂલ્યાંકન, દુર્ગન્ધા, દુર્ગન્ધા મૂલ્યાંકન, પૃથા, પૃથા-મૂલ્યયાંકન, કાલી, સુકાલી, મહાકાલી, કૃષ્ણા, મહાકૃષ્ણા, વીરકૃષ્ણા, મહાસેન કૃષ્ણા, સુસેનગંજા, પદ્મવતી- પદ્માવતી-મૂલ્યાંકન, જયન્તી, જયન્ની,-મૂલ્યાકન, શિવાનન્દા, ભદ્રા, શ્યામા, ધન્યા, બહુલા, પુષ્પા, અગ્નિમિત્રા, રેવતી, અશ્વિની, ફાલ્ગુની, શ્રીમતી, ઉત્પલા, સુલસા-સુલસાની સહનશીલતાની પરીક્ષા અને વરદાન, સમકિતની પરીક્ષા, સુલસા-મૂલ્યાંકન, રેવતી, રેવતી-મૂલ્યાંકન, સુભદ્રા, સુભદ્રા, ભદ્રા, ભદ્રા-મૂલ્યાંકન, રોહિણી, રોહિણી-મૂલ્યાંકન, નન્દા, નન્દા-મૂલ્યાંકન, બહુલિકા, વત્સપાલિકા, વત્સપાલિકા-મૂલ્યાંકન વિજયા અને પ્રગલ્ભા, સોમા અને જયન્તી.

**પ્રકારણ –૩** ૮૯ થી ૧૦૧

## મહાવીરોત્તર જૈન સાધ્વીઓ અને મહિલાઓ

ધારિણી, મૂલ્યાંકન, સાધ્વી વિગતભયા, ધારિણી, ધારિણી-મૂલ્યાંકન, શ્રાવક મનકની માત (શ્રાવિકા) મૂલ્યાંકન, યક્ષા, કોશા, યૂનાની યાત્રાવર્ણન, શ્રમણિયોનો ઉલ્લેખ, સુપ્રભા, અસાન્ધ્યમિત્ર, રાણી ઉર્વિલ, પૂર્ણમિત્ર, આર્યા પોઇણી, સાધ્વી સરસ્વતી, સાધ્વી મરુણ્ડ, સુનન્દા, રુકિમણી, મૂલ્યાંકન, સાધ્વી ઈશ્વરી, સાધ્વી રુદ્રસોમા, તરંગવતી, આગમ પરિષદ પાટલિપુત્ર પરિષદા (પ્રથમ વાચના) ૧૫૭, દ્વિતીય વચના, તૃતીય વાચના, ચતુર્થ વાચના.

**પ્રકરણ–૪** ૧૦૨ થી ૧૦૩

## પ્રથમ શતાબ્દીથી સાતમી શતાબ્દી સુધીની જૈન સાધ્વીઓ અને વિદુષી મહિલાઓ.

કુમારદેવી, શ્રાવિકા શ્યામાઢય.

**પ્રકરણ –૫** ૧૦૪ થી ૧૧૨

## દક્ષિણ ભારતની જૈન સાધ્વીઓ અને વિદુષી મહિલાઓ.

વાસુકી, ઔવે, ગંગ મહાદેવી, કાબલદેવી, અજિતાદેવી, પલ્લવિયા, કુન્દાચ્ચિ (કદાચ્ચિકા), સવિયબ્બે, ચન્દ્રવલ્લભા, જકિકકુમારી, માલલદેવી, અતિમબ્બે, જાકલદેવી, કાલિયકકા, અકકાદેવી, કેતલદેવી, શાન્તલદેવી, માચિકબ્બે, હરિયબ્બરસિ, લક્ષ્મીમતિ, પોચિકબ્બે, આચિયકા અથવા આચલદેવી, હયુર્વલે, સોબલદેવી, ચાગલદેવી, ચાગલદેંલી, પમ્પાદેવી, કંતીદેવી, ભીમાદેવી, શ્રીમતી.

**પ્રકરણ –૬** ૧૧૩ થી ૧૨૧

## આઠમી શતાબ્દીથી પંદરમી શતાબ્દી સુધીની જૈન સાધ્વીઓ અને વિદુષી મહિલાઓ.

યાકિની-મહત્તરા, ધનપાલની પ્રતિભાશાલિની પુત્રી, સુન્દરી, ગુણાસધ્વી, શ્રીમતી, પાહિની, હેમચન્દ્રનો જન્મ અને બાલ્યવસ્થા, કાશ્મીરી, ભોપાલા, મીનલદેવી, આનન્દ મહત્તરા અને વીરમતિ ગણિની, શાન્તિમતિ ગણિની, અનુપમા, નીતાદેવી, અચલગચ્છની મુખ્ય સાધ્વીઓ, સોમાઇ, સાધ્વીગુણશ્રી, ખરતરગચ્છનો સાધ્વી સંઘ અને શ્રાવિકા સંઘ, કલ્યાણમતિ ગણિની, મરુદેવી મહત્તરા, મહત્તરા હેમદેવી, તપાગચ્છનો આર્વિભાવ, લોકશાહની ધર્મક્રાન્તિનો તત્કાલીન મહિલાઓ પર પ્રભાવ.

**પ્રકરણ –૭** ૧૨૨ થી ૧૨૪

## સોળમી શતાબ્દીથી અઢારમી શતાબ્દી સુધીની જૈન ધર્મની સાધ્વીઓ તથા વિદુષી મહિલાઓ

ભાવલક્ષ્મી, આર્યિકા પલ્હશ્રી, વિનય-ચૂલા ગણિની આર્યિકા-ગણિની, આર્યિકા-ગણિની, આર્યિકા-રણમતિ, આર્યા રત્નમતિ, મોગલકાળમાં સાધ્વીઓ અને શ્રાવિકાઓનું અસ્તિત્વ, ચંપા શ્રાવિકાનું તપ, તેરાપંથી સંપ્રદાયમાં સધ્વીઓ અને વિદુષી મહિલાઓ, માત દીપાબાઇ, અવ્બુજીની ખાસ પ્રતિજ્ઞા.

**પરિશિષ્ટ – ૧** ૧૨૫ થી ૧૮૨

## સમકાલીન જૈન સાધ્વીઓ

૧. દિગંબર સંપ્રદાયની અર્વાચીન આર્યિકાઓ – જ્ઞાનમતી માતાજી
૨. શ્વે. ખરતરગચ્છની સાધ્વી પરંપરા અને સમકાલીન સાધ્વીઓ – ડૉ. શિવ પ્રસાદ
૩. શ્વે. ખરતર ગચ્છીય સુખસગર મહારાજના સમુદાયની સાધ્વી પરંપરાનો પરિચય. – સંતોષવિનયસાગર જૈન
૪. ખરતરગચ્છીય પ્રવર્તિની સિંહશ્રીજી મહારજના સાધ્વી સમુદાયનો પરિચય – સાધ્વી હેમપ્રભાશ્રીજી
૫. સ્થાનકવાસી આચાર્ય અમરસિંહજીની પરંપરાની જૈન સધ્વીઓ. – ઉપાચાર્ય દેવેન્દ્રમુનિજી
૬. સ્થાનકવાસી ઋષિસંપ્રદાયની સાધ્વીઓનો સંક્ષિપ્ત પરિચય. – પ. ર. મોતી ઋષિજી.
૭. સ્થાનકવાસી પંજાબી સંપ્રદાયની મુખ્ય સાધ્વીઓ. – સાધ્વી સરલાજી

## પરિશિષ્ટ -૨

વર્તમાન જૈન સાધ્વી સમુદાયના આંકડા

પરિશિષ્ટ – ૨

(વર્ષ ૧૯૯૦ની ચતુર્માસ સૂચિના અધારે )

## (અ) સ્થાનકવાસી સંપ્રદાય : -

| | |
|---|---|
| (૧) શ્રમણ સંઘ | સાધ્વીઓની સંખ્યા |
| આચાર્ય આનંદઋષિજી | ૬૯૦ |
| (૨) આચાર્ય હસ્તીમલજી, આચાર્ય નાનાલાલજી, પૂ. ચંપાલલજી અને અન્ય રાજસ્થાની સપ્રદાય | ૬૦૩ |
| (૩) શ્રી ગોંડલ મોટાપક્ષ સંપ્રદાય શ્રી લિંબડી મોટાપક્ષ સંપ્રદાય અને અન્ય ગુજરાતી સપ્રદાય | ૯૧૩ |

## (બ) શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાય

| | |
|---|---|
| (૪) તપાગચ્છ સમુદાય | ૪૨૨૬ |
| (૫) અંચલગચ્છ સમુદાય | ૧૯૪ |
| (૬) ખરતરગચ્છ સમુદાય | ૧૯૨ |
| (૭) ત્રિ સ્તુતિગચ્છ સમુદાય | ૧૦૯ |
| (૮) પાર્શ્વચન્દ્રગચ્છ સમુદાય | ૬૮ |
| (સ) શ્વેતાંબર તેરાપંથ સંપ્રદાય | |
| (૯) શ્વેતાંબર તેરાપંથ સંપ્રદાય | ૫૫૩ |
| (૧૦) સ્વતંત્ર નવ તેરાપંથ સમુદાય | ૯ |
| (દ) દિગંબર સપ્રદાય | |
| (૧૧) દિગંબર સંપ્રદાય | ૧૩૦ |
| કુલ સાધ્વીઓ | ૭૬૮૭ |

★ ★ ★

# જૈન ધર્મમાં નારીની ભૂમિકા

ભારતીય સંસ્કૃતિમાં શ્રમણ પરંપરા વિવેક પ્રધાન અને ક્રાન્તિધર્મી રહી છે. શ્રમણ પરંપરાએ હંમેશા વિષમતાવાદ અને વર્ગભેદીની જગ્યાએ સમતાવાદી મૂલ્યો સ્થાપવાનો પ્રયત્ન કર્યો છે, જૈન ધર્મ શ્રમણ પરંપરાનો એક ભાગ જ છે. તેમાં નર અને નારીની સમતા પર ભાર મૂકવામાં આવ્યો છે, અને સ્ત્રી એટલે દાસી અથવા ભોગ્ય વસ્તુ એ વાતને નકારી કાઢી છે. સ્ત્રીને પુરુષ સમાન દરજ્જો આપવામાં આવ્યો છે તે છતાં એ વાત સત્ય છે કે જૈન ધર્મ અને સંસ્કૃતિનો વિકાસ પુરુષ પ્રધાન પરિવેશમાં જ થયો છે. ફળ સ્વરૂપે ક્રાન્તિધર્મી હોવા છતાં તે તે સમયની બ્રાહ્મણ પરંપરાના વ્યાપક પ્રભાવથી અપ્રભાવિત ન રહી શકયો. વિવિધ સમયે નારીની સ્થિતિમાં પરિર્વતન થતું રહ્યું.

અહીં આગમો અને આગમિક વ્યાખ્યાઓના આધારે જૈનાચાર્યની દ્રષ્ટિમાં નારીની સ્થિતિ કેવી હતી તેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. જૈન આગમ સાહિત્ય એક કાળની રચના નથી. તે ઇસુની પૂર્વે પાંચ સદીથી લઇને ઇસુની પાંચમી સદી સુધી અર્થાત્ એકહજાર વર્ષના દીર્ઘ કાળમાં નિર્મિત અને પરિવર્તન થતું સાહિત્ય છે. તેથી તેના બધા સંદર્ભો એક જ સમયના નથી. એમાં જે કથાનો ભાગ છે તે પ્રાગ-ઐતિહાસિક કાળ સાથે સંબંધ રાખે છે. તેમાં પોતાના સમયના પૂર્વેના અનેક તથ્યો સમાયેલાં છે. તેમાંના કેટલાંક તથ્યોની ઐતિહાસિકતા વિવાદસ્પદ હોઇ શકે. તેને માત્ર પૌરાણિક પણ કહી શકાય. જ્યાં સુધી આગમિક વ્યાખ્યા સાહિત્યનો સંબંધ છે ત્યાં સુધી તે મુખ્યત્વે આગમ ગ્રંથો પર પ્રાકૃત અને સંસ્કૃતમાં લખાયેલી ટીકાઓ પર આધારિત છે. તેનો સમય ઇસુની પાંચમી સદીથી બારમી સદીનો છે. કેટલીક આગમિક વ્યાખ્યાઓના જે ઉલ્લેખો મળે છે તેનું મૂળ આગમમાં નથી મળતું. તે વ્યાખ્યાકારોની કલ્પના હશે એમ પણ ન કહી શકાય. ઉદાહરણ તરીકે મરૂદેવી બ્રામી, સુન્દરી તથા પાર્શ્વનાથની પરંપરાની અનેક સાધ્વીઓને માટે વિસ્તૃત વિવરણ જે આગમિક ગ્રંથોમાં ઉપલબ્ધ છે અથવા તો આગમોમાં અનુપલબ્ધ છે અથવા તેમાં તેનો થોડો સંકેત જ છે. પરંતુ તેનાથી એમ ન માની શકાય કે તે આગમિક વ્યાખ્યાકારોની માત્ર કલ્પના જ છે વસ્તુતઃ તે લુપ્ત થઇ ગયેલા પ્રાચીન સાહિત્ય ગ્રંથો પરથી અથવા અનુશ્રુતિથી વ્યાખ્યાકારોને પ્રાપ્ત થયેલા છે. આગમો અને આગમિક વ્યાખ્યાઓના આધાર પર નારીનું ચિત્ર શબ્દસ્થ કરતા એમ ન કહી શકાય કે તે કેવળ આગમિક વ્યાખ્યાઓના સંદર્ભમાં છે. પરંતુ તેમાં એક સાથે ભિન્ન ભિન્ન કાળના સંદર્ભો ઉપલબ્ધ છે તેને નીચે પ્રમાણે વિભાજિત કરી શકાય.

૧) પૂર્વ યુગ - ઇસુની પૂર્વેની છઠ્ઠી શતાબ્દી સુધી.

૨) આગમ યુગ - ઇસુની પૂર્વેની છઠ્ઠી શતાબ્દીથી લઇને ઇસુની પાંચમી શતાબ્દી સુધી.

૩) પ્રાકૃત આગમિક વ્યાખ્યા યુગ - ઇસુની પાંચમી શતાબ્દીથી આઠમી શતાબ્દી સુધી.

૪) સંસ્કૃત આગમિક વ્યાખ્યા અને પૌરાણિક કથા સાહિત્ય.

આઠમીથી બારમી શતાબ્દી સુધી આ બાબતે એક મુશ્કેલી એ છે કે આ પરવર્તી આગમોના રૂપમાં માન્ય ગ્રંથો તથા પ્રાકૃત અને સંસ્કૃત આગમિક વ્યાખ્યાઓનો સમય લગભગ એક સહ્સ્રાબ્દી એટલે કે ઇસુની બીજી-ત્રીજી શતાબ્દીથી શરૂ કરીને ઇસુની બારમી શતાબ્દી સુધી વ્યાપ્ત છે. કાળ વિશેષમાં જૈન વિચારકોનો નારીના સંદર્ભમાં સમાન દ્રષ્ટિકોણ નથી. ઉત્તર ભારત અને દક્ષિણ ભારતની સામાજિક પરિસ્થિતિની ભિન્નતાને લીધે અને શ્વેતાંબર તથા દિગંબર પરંપરાઓના ભેદને કારણે જૈન આચાર્યોનો દ્રષ્ટિકોણ નારી વિષે ભિન્ન ભિન્ન રહ્યો છે. ઉત્તર ભારતના શ્વેતાંબર જૈન આચાર્યો નારી વિષે ઉદાર દ્રષ્ટિકોણ રાખે છે. પરંતુ દક્ષિણ ભારતના દિગંબર આચાર્યો સંકુચિત દૃષ્ટિકોણ રાખે છે. તેથી આગમિક વ્યાખ્યા સાહિત્ય અને જૈન પૌરાણિક કથા સાહિત્ય બંનેમાં નારી વિષે જે સંદર્ભો ઉપલબ્ધ છે તે બધા જૈન આચાર્યો દ્વારા માન્ય કરાયેલા છે એમ માનવું ભૂલ ભરેલું છે. જૈન આચાર્યોએ અનેક એવા તથ્યો પ્રસ્તુત કર્યા છે જે તે સમયમાં પ્રચલિત રહ્યા હશે પરંતુ તે જૈન ધર્મની ધાર્મિક માન્યતાઓથી વિરુદ્ધ છે. ઉદાહરણ તરીકે બહુ પત્નીત્વની પ્રથા, વેશ્યાવૃત્તિ, સતીપ્રથા, સ્ત્રીઓ દ્વારા માંસભક્ષણ તથા મદ્યપાન વગેરે ઉલ્લેખો આપણને આગમો તથા આગમિક વ્યાખ્યા સાહિત્યમાં ઉપલબ્ધ થાય છે પરંતુ તે જૈન ધર્મને અનુરૂપ છે એમ કહી શકાતું નથી.

નારી વિષયક જે આલેખન આગમો તથા આગમિક વ્યાખ્યા સાહિત્યમાં ઉપલબ્ધ થાય છે તેને ભિન્ન ભિન્ન સમય ખંડમાં વિભાજીત કરીને પરંપરાગત અને લૌકિક એમ બે સ્વરુપનું વિશ્લેષણ કરવું જોઇએ. આ રીતે ભારતીય સમાજમાં જુદા જુદા સમયે નારીની સ્થિતિ કેવી હતી તેનો ઐતિહાસિક પરિચય પ્રાપ્ત થશે.

## નારીના લક્ષણો

નારીની સામાજિક, આર્થિક અને ધાર્મિક સ્થિતિની ચર્ચા કરતાં પહેલાં આગમિક વ્યાખ્યાકારોની દ્રષ્ટિએ 'નારી' શબ્દનો શો અર્થ છે તે તપાસવું જોઇએ. સર્વપ્રથમ સૂત્ર કૃતાંગ નિયુકિત અને ચૂર્ણિમાં નારી શબ્દનો અર્થ સ્પષ્ટ કર્યો છે.

दव्वाभ्लिावचिन्धे बेए भावे य इत्थिणिक्खेवो ।

अहिलावे जह सिद्धि भावे वेयम्मि उवउत्तो ॥

सूत्रकृतांग निर्यक्ति - ५४

સ્ત્રીને 'દ્રવ્ય સ્ત્રી' અને 'ભાવસ્ત્રી' એવા બે ભાગમાં વહેંચવામાં આવી છે 'દ્રવ્યસ્ત્રી'નો અર્થ જૈનાચાર્યો સ્ત્રીની શારીરિક સંરચના એવો કરે છે અને 'ભાવસ્ત્રી' એટલે નારીનો સ્વભાવ એવો કરે છે આગમ અને આગમિક વ્યાખ્યા બન્નેમાં સ્ત્રીપુષના વર્ગીકરણનો આધાર લિંગ અને સ્વભાવ પર છે. જૈન પરંપરામાં સ્ત્રીની શારીરિક સંરચનાને લિંગ કહેવામાં આવે છે, મુખ, સ્તન, યોનિ, ગર્ભાશયવાળી શારીરિક સંરચના સ્ત્રીલિંગ છે. આ દ્રવ્ય સ્ત્રી છે. અને પુરુષની સાથેના સહવાસની કામનાને સ્વભાવ કહ્યો છે. આ વાસનાની વૃત્તિ ભાવસ્ત્રી છે. (અભિધાન રાજેન્દ્ર ભાગ ૨ ના પૃ. ૬૨૬ પર) જૈન આગમિક વ્યાખ્યા સાહિત્યમાં સ્ત્રીની કામવાસનાના સ્વરૂપનું વર્ણન કરતા એને અગ્નિવત્ બતાવ્યું છે.

समुद्र वीची स्वभावा संध्या भ्रमरेखा मुहूर्त रागा : ।

स्त्रियः कृतार्थीः पुरूषं निरर्थकं निपीडितालक्तकवद त्यजन्ति ॥

उत्त्राध्यायन चूर्ण पृ-६५

ઉતરાધ્યાયન ચૂર્ણિમાં સ્ત્રીને સમુદ્રના તરંગ જેવી ચંચળ સ્વભાવવાળી, સંધ્યા સમયના આકાશની જેમ ક્ષણિક પ્રેમવાળી અને પોતાનો સ્વાર્થ સિદ્ધ થઇ ગયા પછી પુરુષનો ત્યાગ કરનારી કહી છે .

આવશ્યક ભાષ્ય અને નિશીથચૂર્ણિમાં નારીના ચંચળ સ્વભાવ અને શિથિલ ચારિત્ર્યનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

पगइति सभाओ स्वभावेन च इतथी अल्पसत्वाभवति।

निशीथचूर्णि भाग ३- पृ ५८४

નિશીથચૂર્ણિમાં એમ પણ કહ્યું છે કે સ્ત્રીઓને થોડીક ભેટ સોગાદો વડે વશ કરી શકાય છે અને તે પુરુષોને વિચલિત કરવામાં શકિતશાળી હોય છે.

सा य अप्पसत्तत्तणओ जेण वातेण वत्थमादिणा ।

अप्येणावि लोभिज्जति, दाणलोभिया य अकज्जं पिकरोति ॥

આચારાંગચૂર્ણિ અને વૃત્તિમાં તેને અનુકૂળ છતાં ત્રાસદાયી કહી છે.

સુત્ર કૃતાંગમાં કહેવામાં આવ્યું છે કે સ્ત્રીઓ પાપકર્મ ન કરવાનું વચન આપીને પાપકર્મ કરતી હોય છે.

एवं पि ता वादितापि अदुवाव कम्मुणा अवकरेंति ।

सुत्रकृतांग १/४/२३

એની ટીકા કરતાં ટીકાકારે કામશાસ્ત્રનું ઉદાહરણ આપીને કહ્યું છે કે દર્પણમાં પડેલ પ્રતિબંબ જેમ દુર્ગ્રાહ્ય હોય છે તે જ

રીતે સ્ત્રીનું હૃદય પણ દુર્ગ્રાહ્ય હોય છે.

दुर्गहयं ह्रदयं यथैव वदनं दर्याणान्तगर्तमा ।
भाव : पर्वतमर्ग दुर्गाधषम स्त्रीणां न विज्ञायते

सूत्रकृतांग विवरण १/२/२३

પર્વતના દુર્ગમ માર્ગની જેમ સ્ત્રીના હૃદયના ભાવો જલ્દીથી જાણી શકાતા નથી. સૂત્રકૃતાંગ વૃત્તિમાં નારીના ચારિત્ર વિષે કહેવામાં આવ્યું છે કે સ્ત્રીનો વિશ્વાસ ન કરવો. સમગ્ર જીવલોકમાં એવું કોઇ નથી કે જેણે સ્ત્રીની કામના કરવાથી દુઃખ પ્રાપ્ત ન કર્યું હોય. સ્ત્રીના સ્વભાવ વિષે કહ્યું છે કે સ્ત્રી મનથી કાંઇક વિચારે છે અને વચનથી કંઇક બીજું કહે છે અને આચરણ કંઇ ત્રીજું જ કરે છે.

सुटढवि जियासु सट्ठुवि पियासु सुट्ठुवि ह्रद्वपरासु
अऽईसु महिलियासु य वीसंभो नव कायव्यो ।
उष्भेव अंगुली सो पुरिसो सयलंमि जीवलोयम्मि
कामं तएण नारी जेण न पत्ताइं दुकरवाइ ॥

## સ્ત્રીઓનો પુરુષો સાથેનો વ્યવહાર : -

સ્ત્રીઓ પુરુષોને પોતાની જાળમાં ફસાવીને પછી તેને કેવી દુર્ગતિ કરે છે તેનું સજીવ ચિત્ર સૂત્રકૃતાંગ અને તેની વૃત્તિમાં મળે છે એનું સંક્ષિપ્ત રૂપ નીચે પ્રમાણે છે.

જ્યારે તે પુરુષ પર પોતાનો અધિકાર જમાવી લે છે પછી તે પુરુષની સાથે હુકમની ભાષામાં વાત કરે છે. તે પુરુષને બજારમાં જઇ સારા ફળો, છરી, ભોજન બનાવવા માટે ઈંધણ તથા પ્રકાશ ફેલાવવા માટે તેલ લાવવાનું કહે છે પછી પાસે બોલાવીને પોતાના પગ તથા શરીરને માલિશ કરવાનું કહે છે. પછી હુકમ કરે છે કે પોતાના કપડાં જૂના થઇ ગયા છે માટે નવા કપડા લાવો તથા ભોજન વગેરે લાવી આપ. તે અનુરકત પુરુષની દુર્બળતા જાણીને પોતાને માટે આભૂષણ, વિશેષ પ્રકારના પુષ્પો તથા ચિરયુવા રહેવા માટે પૌષ્ટિક ઔષધિ માંગે છે. તો વળી કયારેક સુગંધિત દ્રવ્યો તથા પોતાની પ્રસાધન સામગ્રી રાખવા માટે પેટી, ઓષ્ટ રંગવા માટે ચૂર્ણ, છત્ર તથા જૂતા વગેરે માંગે છે તે પોતાના વસ્ત્રો રંગવા માટે આદેશ આપે છે તથા વાળ માટે કાંસકી તથા મુખ શુદ્ધિ માટે દાતણ વગેરે લાવવાનું કહે છે. વળી તે પોતાના પ્રિયતમને પાન સોપારી, સોયદોરો, તથા દેવપૂજા માટે તામ્રપાત્ર અને મદ્યપાન માટે મદ્યપાત્રની માંગણી કરે છે. કયારેક પોતાના બાળકોને રમવા માટે માટીની ઢીંગલી, વાજુ, ઝુલણી, દડો વગેરે મંગાવે છે. જ્યારે તે ગર્ભવતી હોય છે ત્યારે દોહદ પૂરા કરવા માટે જુદી જુદી ચીજો લાવવાનું કહે છે કયારેક તે પોતાના વસ્ત્રો ધોવાનું કહે છે તો કયારે રડતા બાળકને ચૂપ કરવાનું પણ કહે છે.

આ પ્રમાણે કામિનીઓ ગુલામની માફક વશવર્તી પુરુષ પર પોતાની આજ્ઞા ચલાવે છે, તે તેની પાસે ગધેડાની જેમ કામ કરાવે છે અને કામ ન કરે ત્યારે તેની સામે આંખો કાઢે છે અને કયારેક તેની જૂઠ્ઠી પ્રશંસા કરીને પોતાનું કામ કઢાવી લે છે.

નારીના સ્વભાવનું આ ચિત્ર તેને ધૃણા કરનાર પક્ષનું છે અને તેના આધારે એમ ના માનવું જોઇએ કે નારી પ્રતિ જૈનાચાર્યોનો દ્રષ્ટિકોણ અનુદાર હતો. જૈન ધર્મ મૂળભૂત રીતે નિવૃત્તિપરક ધર્મ છે. નિવૃત્તિપરક હોવાને કારણે તેમાં સંન્યાસ અને વૈરાગ્ય પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે સંન્યાસ અને વૈરાગ્ય માટે એ આવશ્યક હતું કે પુરુષની સામે નારીનું એવું ચિત્ર રજુ કરવામાં આવે કે ફળસ્વરુપે તેનામાં વિરક્તિનો ભાવ ફૂટે. આ કારણે જૈનાચાર્યોએ આગમો તથા આગમિક વ્યાખ્યાઓ અને બીજા સાહિત્ય કઠોર શબ્દોમાં નારી-ચરિત્રની નિંદા કરી, પરંતુ એનો અર્થ એવો નથી થતો કે જૈનાચાર્યોએ નારી-ચરિત્રનું ઉજ્જવળ પાસુ તપાસ્યું નથી. સૂત્રકૃતાંગ નિર્યુક્તિમાં સ્પષ્ટરૂપે કહ્યું છે કે જે શીલ પ્રધ્વંસક ચરિત્રગત દોષ નારીમાં જોવામાં મળે છે તે પુરુષોમાં પણ જોવા મળે છે તેથી વૈરાગ્ય માર્ગને અનુસરનાર સ્ત્રીઓએ પુરુષોથી એ પ્રકારે બચવું જોઇએ જે પ્રકારે પુરુષોને સ્ત્રીઓથી બચવાનું કહ્યું છે.

**एए चेव य दोसा पुश्सिसमाये वि इत्थियाणं पि ।**

સૂત્રકૃતાંગનિર્યુક્તિ ગાથા ૬૧.

આ રીતે સ્પષ્ટ થાય છે કે જૈનાચાર્યોએ નારી-ચરિત્રનું જે વર્ણન કર્યુ છે તે માત્ર પુરુષોમાં વૈરાગ્ય ભાવના જાગૃત કરવા માટે જ કર્યું છે. ભગવતી આરાધનામાં સ્પષ્ટ રૂપે કહ્યું છે કે ''સ્ત્રીઓમાં જે દોષો હોય છે તે નીચ પુરુષોમાં પણ હોય છે. અથવા જે પુરુષમાં બળ અને શકિત વધારે હોય છે તેમનામાં સ્ત્રીઓ કરતાં પણ વધારે દોષો હોય છે જે રીતે પોતાના શીલની રક્ષા કરનાર પુરુષો માટે સ્ત્રીઓ નિંદાપાત્ર છે તે જ રીતે પોતાના શીલની રક્ષા કરનાર સ્ત્રીઓ માટે પુરુષ પણ નિંન્દાને પાત્ર છે. બધા જીવો મોહના ઉદયને કારણે ચરિત્રહીન તથા મલિન થાય છે. મોહનો ઉદય સ્ત્રી તથા પુરુષ બંનેમાં સમાન હોય છે આ વર્ણન સામાન્ય સ્ત્રીઓનું છે. શીલવતી સ્ત્રીઓમાં આ પ્રકારના દોષ હોતા નથી.

## જૈનાચાર્યોની દ્રષ્ટિએ નારી-ચરિત્રનું ઉજ્જવળ પાસુ

સ્ત્રીઓની પ્રશંસા કરતાં કહેવામાં આવ્યું છે કે જે ગુણવંતી સ્ત્રીઓ છે તેની કીર્તિ લોકોમાં ફેલાય છે તથા જે મનુષ્ય લોકમાં દેવતા સમાન છે અને દેવો વડે પૂજાય છે તેની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ અને ગણધરોને જન્મ આપનારી મહિલાઓ શ્રેષ્ઠ દેવો તથા ઉત્તમ પુરુષો વડે પૂજનીય ગણાય છે, કેટલીય સ્ત્રીઓ એક પતિવ્રત તથા કૌમાર્ય બ્રહ્મચર્યવ્રત ધારણ કરે છે, કેટલીય સ્ત્રીઓ વૈધવ્યનું તીવ્ર દુઃખ જીવન પર્યંત ભોગવતી હોય છે, કેટલીય શીલવતી સ્ત્રીઓ દેવો દ્વારા સન્માનીય બની છે કેટલીય શીલવતી સ્ત્રીઓ પોતાના શીલને પ્રભાવ દ્વારા શાપ આપવા તથા તેમાંથી મુકત કરવા સમર્થ બની છે. કેટલીય શીલવતી સ્ત્રીઓ મહાનદીના જળ પ્રવાહમાં ડૂબી જંતી નથી. તથા ભયંકર આગમાં બળી શકી નથી. તથા સર્પ, વાઘ વગેરે હિંસક પશુઓ પણ તેમને કશું કરી શકયા નથી. કેટલીય સ્ત્રીઓ સર્વગુણ સંપન્ન સાધુઓ તથા પુરુષોમાં શ્રેષ્ઠ એવા ચરમશરીરી પુરુષોને જન્મ આપનારી માતાઓ બની છે.

અન્નકૃત દશા તથા તેની વૃત્તિમાં કૃષ્ણ દ્વારા દરરોજ પોતાની માતાઓના ચરણને વંદન કરવાના હેતુનો ઉલ્લેખ છે.

**तए नं से द्रासुदेव ण्हाए जाव विभूसिह देवईए**

**देवीए पायवदाये हव्वमाग्च्छइ ।**

**अन्तकृतदशासूत्र -१८**

આવશ્યક શીલ ચૂર્ણિ તથા કલ્પસૂત્રની ટીકામાં ઉલ્લેખ છે કે મહાવીરે પોતાની માતાને દુઃખ ન થાય તે હેતુથી તેઓ જીવિત હતા ત્યાં સુધી સંસાર ત્યાગ ન કરવાનો નિર્ણય ગર્ભકાળમાં જ કર્યો હતો.

**नो खलु मे कप्पइ अम्मापितीहि जीवंतेही मुण्डे**

**भावित्ता अगारवासाओ अणगारियं पव्वइए । कल्पसूत्र - ११**

**(एवं) गत्भत्थो चेव अभिग्गहे गेण्हति जाहं समणे**

**होक्खामि जाव एताणि एत्थ जीवंतिति**

આવશ્યકચૂર્ણિ પ્રથમ ભાગ, પૃ ૨૪૨ પ્ર. ઋષભદેવજી કાશરીમલ શ્વેતાંબર સં. રતલામ ૧૯૨૮

આ રીતે વાસુદેવ તથા તીર્થંકર દ્વારા પૂજ્ય માનવામાં આવી છે. મહાનિશીથમાં કહ્યું છે કે જે સ્ત્રી ભય લોકલજ્જા, કુલાંકુશ તથા ધર્મ શ્રદ્ધાને કારણે કામાગ્નિથી વશીભૂત થતી નથી તે ધન્ય છે, પૂજ્ય છે, વંદનીય છે, દર્શનીય છે તે ગુણોથી યુકત છે, સર્વ કલ્યાણકારક છે તે સર્વોત્તમ મંગલ છે, તે સાક્ષાત શ્રુતદેવતા છે, સરસ્વતી છે, અચ્યુતા છે, પરમ પવિત્ર સિદ્ધિ, મુકિત, શાશ્વત, શીવગતિ છે.

મહાનિશીથ સૂત્ર ૨૩ પૃ-૩૬

જૈન ધર્મમાં તીર્થંકરનું પદ સર્વોચ્ચ માનવામાં આવે છે અને શ્વેતાંબર પરંપરાએ મલ્લિકુમારને તીર્થંકર માન્યા છે.

तए णं मल्ली अरहा ... केवलनाण दुंसणे समुप्पन्ने ।

ज्ञाताधर्मकथा ८/१८૬

**इसिमण्डलत्थू**માં બ્રાહ્મી, સુંદરી, ચંદના વગેરેને વંદનીય માનવામાં આવ્યા છે.

તીર્થંકરોની અધિષ્ઠાયક દેવીઓના રૂપમાં ચક્રેશ્વરી, અંબિકા, પદ્માવતી, સિદ્ધાયિકા, વગેરે દેવીઓને પૂજનીય માનવામાં આવે છે.

देवीक्षो चक्केसरी अजिया दुरियारी कालिमहाकाली
अच्चुत संता जाला सुतारया असोय सिरिवच्छा ॥
पवइ विजयं कुसा पण्णत्ति निव्वाणि अच्चुता धरणी
वइरोट्टटऽच्छुत गंधारि अंब पउमावइ सिद्ध ।

प्रवचन सारोद्धार भाग - १ पृ ३७५ -७६

અને તેમની સ્તુતિના અનેક સ્તોત્રો રચાયાં છે. એક વાત સ્પષ્ટ છે કે જૈન ધર્મમાં દેવી પૂજાની પદ્ધતિ લગભગ હિંદુ પરંપરાના પ્રભાવને લીધે આવી છે.

૧. ઉત્તરાધ્યાયન તથા દશવૈકાલિકની ચૂર્ણિમાં રાજીમતી દ્વારા મુનિ રથનેમિને તથા આવશ્યકચૂર્ણિમાં બ્રાહ્મી અને સુંદરી દ્વારા મુનિ બાહુબલિને પ્રતિબોધિત કરવાના ઉલ્લેખો પ્રાપ્ત થયા છે.

तीसे सो वयणं सोच्या संजययाए सुभासियं ।
अंकुसेण जहा नागा धम्मे संपडिवाइयो ॥

ઉત્તરાધ્યાયન સૂત્ર ૨૨,૪૮ તથા દશવૈકાલિક ચૂર્ણિ પૃ ૮૭-૮૮.

भगवं वंभी सुन्दरीओ पत्थवेति इमं व भणितो ।
ण किर हत्थिं विग्लस्स केवलनाणं उप्पज्जइ ॥

આવશ્યક ચૂર્ણિ ભાગ-૧ પૃ-૧૧૧

માત્ર ભિક્ષુણીઓ જ નહીં પણ ગૃહસ્થ સન્નારીઓ પણ પુરુષોને સન્માર્ગે લાવવાના હેતુસર પ્રતિબોધિત કરતી હોય છે. ઉત્તરાધ્યાયનમાં રાણી કમલાવતી રાજા ઇષુકારને સન્માર્ગ બતાવે છે.

वंतासो पुरिसो शयं, न सो होइ पसंसिओ ।
माहणेणं पशिचतं घणं आदाउमिच्छसि ॥

ઉત્તરાધ્યાયન સૂત્ર ૧૪,૩૮ , ઉત્તરાધ્યાયન ચૂર્ણિ પૃ - ૨૩૦

એજ પ્રમાણે શ્રાવિકા જયંતી ભરી સભામાં પ્રભુ મહાવીરને પ્રશ્નો કરે છે.

ભગવતી ૧૨/૨

અને કોશાવેશ્યા પોતાના આવાસમાં સ્થિત એવા મુનિને સન્માર્ગ બતાવે છે.

जइ वि पिरिाचितसंगो तहा वि परिवडइ ।
महिला सं सग्गीए कोसा भववूसिय ष्व रिसी ॥

આવશ્યક ચૂર્ણિ ૨, પૃષ્ઠ-૧૮૭

આ રીતે જોતાં તથ્ય પ્રમાણિત થાય છે જૈન ધર્મમાં નારીની અવગણના કરવામાં આવી નથી. ચતુર્વિધ ધર્મસંઘમાં ભિક્ષુણી સંઘ અને શ્રાવિકા સંઘને સ્થાન આપીને નિગ્રંથ પરંપરાએ સ્ત્રી અને પુરુષની સમાનતાને પ્રમાણિત કરી છે. પાર્શ્વનાથ અને પ્રભુ મહાવીરે વિના સંકોચ ભિક્ષુણી સંઘની સ્થાપના કરી. જ્યારે બુદ્ધને આ બાબતમાં સંકોચ રહ્યો. આ રીતે જોતાં જૈન સંઘનો નારી પ્રત્યેનો દ્દષ્ટિકોણ ઉદાર છે.

જૈન સંઘમાં નારીનું સ્થાન કેટલું મહત્વપૂર્ણ હતું તેનું સૌથી મોટું પ્રમાણ તો એ છે કે પ્રાગ ઐતિહાસિક સમયથી વર્તમાનકાળ સુધી હંમેશા ભિક્ષુઓની અપેક્ષાએ શ્રાવિકાઓની સંખ્યા અધિક રહી છે. સમવાયગ, જંબુદ્વીપ-પ્રજ્ઞપ્તિ, કલ્પસૂત્ર અને આવશ્યક નિર્યુકિત વગેરેમાં પ્રત્યેક તીર્થંકરની ભિક્ષુણીઓ તથા શ્રાવિકાઓની સંખ્યા ઉપલબ્ધ થાય છે. આ સંખ્યાના આંકડાઓમાં ઐતિહાસિક સત્ય કેટલું છે તે એક જુદો પ્રશ્ન છે. પરંતુ તેનાથી એટલું નકકી થાય છે કે જૈનાચાર્યોની દ્રષ્ટિમાં નારી જૈનધર્મ સંઘનું મહત્વપૂર્ણ ઘટક હતી. ભિક્ષુણીઓની સંખ્યા સંબંધે ઐતિહાસિક સત્યતાને પૂરી રીતે નકારી શકાય નહીં. આજે પણ જૈન સંઘમાં લગભગ નવ હજાર બસો ભિક્ષુ-ભિક્ષુણીઓમાં બે હજાર ત્રણસો ભિક્ષુઓ અને છ હજાર નવસો ભિક્ષુણીઓ છે. ભિક્ષુણીઓની આ સંખ્યા પાર્શ્વનાથ અને મહાવીર સ્વામીના સમય કરતાં અધિક છે.

ધર્મ સાધનાના ક્ષેત્રમાં સ્ત્રી અને પુરુષની સમાનતાના પ્રશ્ન પર ઐતિહાસિક દ્રષ્ટિએ વિચાર કરીએ તો અનેક મહત્વપૂર્ણ તથ્યો આપણી સમક્ષ ઉપસ્થિત થાય છે. સર્વ પ્રથમ ઉત્તરાધ્યાયન, જ્ઞાતીધર્મકથા, અન્નકૃતદશા, આદિ આગમોમાં સ્પષ્ટ રૂપે સ્ત્રી અને પુરુષ બંને સાધના સર્વોત્તમ લક્ષ્ય મોક્ષપ્રાપ્તિ માટે સમાન માન્યા છે. જ્ઞાતા, અનાકૃતદશા અને આવશ્યકચૂર્ણિમાં પણ અનેક સ્ત્રીઓ મુકત થયાના ઉલ્લેખ મળે છે, આ પ્રમાણે શ્વેતાંબર પરંપરામાં આગમિક કાળથી લઇને વર્તમાન કાળ સુધી સ્ત્રીમુકિતની વિચારણાનો સ્વીકાર કરીને સાધનાના ક્ષેત્રમાં બંનેને સમાન સ્થાન આપવામાં આવ્યું છે. એટલું જ નહિ પરંતુ ષટ્ખંડાગમ ગ્રંથમાં તથા મૂલાચારમાં પણ અને દિગંબરોમાં પણ આગમ રૂપમાં માન્યતા પ્રાપ્ત છે. સ્ત્રી-પુરુષ બંનેમાં ક્રમશઃ આધ્યાત્મિક વિકાસની પૂર્ણતા તથા મુકિતની સંભાવનાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આપણને આગમો, આગમિક વ્યાખ્યાઓ, નિર્યુકિત, ભાષ્ય અને ચૂર્ણિ સાહિત્યમાં કયાંય એવો સંકેત નથી મળતો, જેમાં સ્ત્રી મુકિતનો નિષેધ કરવામાં આવ્યો હોય અથવા એવા જૈન સંપ્રદાયનો ઉલ્લેખ મળતો હોય કે જેણે સ્ત્રીમુકિતનો અસ્વીકાર કર્યો હોય. સર્વપ્રથમ દક્ષિણ ભારતમાં કુન્દકુન્દાચાર્ય 'સુતપાહુડ'માં કહે છે કે સ્ત્રી નગ્ન બનીને ધર્મ સાધના કરી શકતી નથી. અને તે વિના તીર્થં કરે તો પણ તેની મુકિત થઇ શકતી નથી. એનો અર્થ એવો પણ થાય કે કુન્દકુન્દાચાર્ય સ્ત્રી તીર્થંકરની શકયતા અને શ્વેતાંબર પરંપરાની પ્રચલિત ધારણાઓથી પરિચિત હતા. એ વાત સ્પષ્ટ છે કે પહેલાં સ્ત્રી તીર્થંકરની વિચારણા થઇ અને પછી એના વિરોધમાં સ્ત્રીમુકિતનો નિષેધ કરવામાં આવ્યો.

સંભવ છે કે સૌ પ્રથમ સ્ત્રીમુકિત-નિષેધની ધારણાનો વિકાસ દક્ષિણ ભારતમાં દિગંબર સંપ્રદાય દ્વારા થયો હોય. કારણ કે સાતમી - આઠમી શતાબ્દી સુધી ઉત્તર ભારતમાં શ્વેતાંબર આચાર્યો જયાં વસ્ત્રોની બાબત લઇને ચર્ચા કરે છે ત્યાં સ્ત્રીમુકિતની તરફેણ કે વિરુદ્ધમાં કોઇ પણ ચર્ચા કરતા નથી. એનો અર્થ એવો થાય કે ઉત્તરભારતના જૈન સંપ્રદાયોમાં લગભગ સાતમી આઠમી સદી સુધી સ્ત્રીમુકિત સંબંધે વિવાદ ઉત્પન્ન થયો ન હતો. સ્ત્રી મુકિતનો નિષેધ પહેલાં દક્ષિણ ભારતમાં અને ત્યારબાદ ઉત્તર ભારતમાં થયો. કારણ કે શ્વેતાંબર અને દિગંબર સંપ્રદાયના ગ્રંથોમાં લગભગ આઠમી નવમી શતાબ્દીથી સ્ત્રીમુકિતના પ્રશ્નને વિવાદના વિષય રૂપે રજુ કરવામાં આવ્યો છે. એનાથી એ સ્પષ્ટ થાય છે કે જૈન પરંપરામાં પણ ધર્મસાધનાના ક્ષેત્રમાં સ્ત્રીની સમાનતા કોઇપણ કારણે ઓછી થતી ગઇ. સર્વ પ્રથમ તો સ્ત્રીની મુકિતની સંભાવનાને અસ્વીકાર કરવામાં આવ્યો પછી નગ્નતાને જ સાધના માટે સર્વસ્વ માનીને તેને પંચમહાવ્રતોનું પાલન કરવા માટે અયોગ્ય માનવામાં આવે. તથા સદ્ ચરિત્રની ઉચ્ચતમ અવસ્થાને અસંભવ બતાવવામાં આવી. 'સુતાપાહુડ'માં તો સ્પષ્ટ રૂપે સ્ત્રીને માટે પ્રવજ્યા - દીક્ષાનો નિષેધ કરવામાં આવ્યો છે. દિગંબર પરંપરામાં સ્ત્રીને જે કારણોને લીધે પ્રવજ્ય તથા મોક્ષને માટે અયોગ્ય ગણવામાં આવી છે તે નીચે પ્રમાણે છે.

(૧) સ્ત્રીના શરીરની રચના એવી છે કે જેનાથી તેને રક્તસ્રાવ થાય છે તેના પર બળાત્કાર થવાનો સંભવ છે તેથી સ્ત્રી નિર્વસ્ત્ર અથવા નગ્ન નથી રહી શકતી અને નિર્વસ્ત્ર નથી રહી શકતી તેથી તે પૂર્ણ પરિગ્રહનો ત્યાગ કરી તેનાથી મહાવ્રતોનું

ગ્રહણ કરી મુકિત પ્રાપ્તિ સંભવ થઇ શકતી નથી.

(૨) સ્ત્રી કરુણાપ્રધાન છે તેનામાં કઠિન અધ્યાવસાયો કરવાનો અભાવ હોય છે તેથી તે નિમ્નતમજ્ઞા ગતિ એટલે કે સાતમી નરકમાં જવાને અયોગ્ય હોય છે. જૈનાચાર્યોની ઉદાર અને મનોવૈજ્ઞનિક માન્યતાના આધાર પર દિગંબર પરંપરામાં એમ માનવામાં આવે છે કે તીવ્ર પુરુષાર્થના અભાવને લીધે જે નિમ્નતમ ગતિમાં નથી જઇ શકતી તે ઉચ્ચતમ ગતિમાં પણ જઇ શકતી નથી. માટે સ્ત્રીની મુકિત સંભવિત નથી.

(૩) એમ પણ કહેવાય છે કે ચંચલ સ્વભાવને કારણે સ્ત્રીઓમાં ધ્યાનની સ્થિરતા હોતી નથી. તેથી આધ્યાત્મિક વિકાસની પૂર્ણતા પ્રાપ્ત કરી શકતી નથી.

(૪) એક એવો બીજો તર્ક પણ કરવામાં આવ્યો છે કે સ્ત્રીમાં વાદવિવાદનું સામર્થ્ય અને તીવ્ર બુદ્ધિનો અભાવ હોવાને, લીધે દ્રષ્ટિવાદન અધ્યયન માટે તે અયોગ્ય ગણાય છે માટે તે મુકિત પ્રાપ્તિ કરી શકતી નથી.

શ્વેતાંબર સંપ્રદાયમાં પણ સ્ત્રીની બૌદ્ધિક ક્ષમતાને લીધે તેને દ્રષ્ટિવાદ, અરુણોપપાત, નિશીથ, વગેરેના અધ્યયન માટે અયોગ્ય માની છે પરંતુ તેની 'મોક્ષ પ્રાપ્તિ'ની ક્ષમતાનો સ્વીકાર કર્યો છે. શારીરિક સંરચનાને કારણે તેને માટે સંયમ સાધનાના ઉપકરણના રૂપમાં વસ્ત્ર આવશ્યક હોય પરંતુ આસકિતના અભાવને કારણે તે પરિગ્રહ ન ગણાય. તેથી તેનામાં પ્રવ્રજિત થવાનું તથા મુકત થવાનું સામર્થ્ય છે.

અહીં યાદ રાખવું જરૂરી છે કે મુનિના દિગંબર તત્વની પોષક દિગંબર પરંપરાએ સ્ત્રીમુકિત અને પંચ મહાવ્રત આરોપણ રૂપ સ્ત્રી દીક્ષાનો સ્વીકાર કર્યો છે. દ્રાવિડ, કાષ્ઠા, અને માથુર સંઘોમાં પણ સ્ત્રી દીક્ષાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આને લીધે તેઓ મૂળ સંઘીય દિગંબર પરંપરાને માટે ટીકાપાત્ર બન્યા અને તેમને જૈનાભાસ કહેવામાં આવ્યા. તેનાથી સ્પષ્ટ થાય છે કે માત્ર શ્વેતાંબરોને જ નહીં. પરંતુ દિગંબર પરંપરાના અનેક સંઘોએ પણ સ્ત્રીમુકિત તથા સ્ત્રીદીક્ષાનો સ્વીકાર કરીને નારી પ્રત્યે ઉદાર દ્રષ્ટિકોણ અપનાવ્યો હતો.

એ વાત નિશ્ચિત છે કે આગમિક કાળના જૈનાચાર્યોએ ન કેવળ સ્ત્રીમુકિત અને સ્ત્રી-દીક્ષાનો સ્વીકાર કર્યો છે. પરંતુ મલ્લિનો સ્ત્રી તીર્થંકર રૂપમાં સ્વીકાર કરીને પ્રતીતિ કરાવી છે કે આધ્યાત્મિક વિકાસના સર્વોચ્ચ પદની અધિકારી નારી પણ થઇ શકે છે. સ્ત્રી તીર્થંકરની વિચારણા એ જૈન ધર્મની પોતાની એક વિશિષ્ટ વિચારણા છે જે નારીની ગરિમાને અનોખો મહિમા અપાવે છે.

બોદ્ધ પરંપરા એ જૈનોની સમાન શ્રમણધારાનું એક અંગ હતી. પરંતુ તે સ્ત્રીઓ પ્રત્યે એટલી ઉદાર ન હતી. કારણ કે ભગવાન બુદ્ધ સ્ત્રીને નિર્વાણપદની અધિકારી માનીને પણ એમ માનતા હતા કે સ્ત્રી બુદ્ધત્વ પ્રાપ્ત કરી શકતી નથી. નારીને સંઘમાં પ્રવેશ આપવાની બાબતમાં તેમનો ખચકાટ તથા પ્રવેશ માટે અષ્ટગુરુ ધમોનું પ્રતિપાદન આ બીનાઓ જૈનોની અપેક્ષાએ તેમનો અનુદાર દ્દષ્ટિકોણનો પરિચય કરાવે છે. જો કે હિંદુ ધર્મમાં શકિતની ઉપાસનાના રૂપમાં સ્ત્રીને મહત્વ આપવામાં આવ્યું છે. પરંતુ જૈન ધર્મમાં તીર્થંકરની જે વિચારણા છે તે પોતાની વિશેષતા છે. અને તે એ સૂચિત કરે છે કે વિશ્વનું સર્વોત્તમ ગૌરવશાળી પદ પુરુષ અને સ્ત્રી બંને સમાન રૂપે પ્રાપ્ત કરી શકે છે. તે છતાં પરવર્તી આગમોમાં અને આગમિક વ્યાખ્યા સાહિત્યમાં આ વાતને એક આશ્ચર્યકારક ઘટના કહીને પુરુષના પ્રાધાન્યને સ્થાપિત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. પરંતુ આગમિક વ્યાખ્યાઓના સમયમાં જૈન પરંપરામાં પુરુષેની મહત્તા વધી અને તેને જયેષ્ઠકલ્પના રૂપમાં સ્થાપિત કરવામાં આવ્યો. આગમોમાં એવું ઉદાહરણ નથી મળતું જેમાં સાધ્વી પોતાની પ્રર્વતિની, આચાર્ય, અને તીર્થંકર સિવાય, દીક્ષામાં પોતાનાથી નાના ભિક્ષુઓને વંદન અથવા નમસ્કાર કરતી હોય, પરંતુ પરવર્તી આગમ અને આગમિક વ્યાખ્યા સાહિત્યમાં સ્પષ્ટ રૂપે કહેવાયું છે કે સો વર્ષની દીક્ષિત સાધ્વી માટે તરત જ દીક્ષા લીધેલ મુનિ વંદીનીય છે. સંભવ છે કે જૈન પરંપરામાં પુરુષોની પ્રધાનતાનું પ્રતિપાદન બોદ્ધોના અષ્ટગુરુ ધર્મોને કારણે થયું હોય.

જૈનધર્મ સંઘમાં નારીની મહત્તાને યથા સંભવ સુરક્ષિત રાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. મથુરામાંથી પ્રાપ્ત થયેલા શિલાલેખો પરથી એ સ્પષ્ટ થાય છે કે ધર્મકાર્યોમાં પુરુષોની જેમ જ સ્ત્રીઓ પણ ભાગ લેતી હતી. સ્ત્રીઓ માત્ર પુરુષોની જેમ

ધર્મકાર્યોમાં ભાગ લેતી હતી એટલું જ નહિ પણ પોતાની ઇચ્છા પ્રમાણે દાન કરતી હતી અને મંદિર પણ બંધાવતી હતી અને બંધાવવાના કાર્યમાં ભાગીદાર બનતી હતી. જૈન પરંપરામાં મૂર્તિઓ પર જે પ્રાચીન અભિલેખ ઉપલબ્ધ થાય છે તેમાં સામાન્ય રૂપે પુરુષોની સાથે સાથે દિગંબર અને શ્વેતાંબર બંને પરંપરાઓમાં કેટલાક લોકો એમ માને છે સ્ત્રીને જિન-પ્રતિમાની પૂજા, સ્પર્શ તથા અભિષેક કરવાનો અધિકાર નથી. મથુરાના જૈન શિલ્પમાં સાધુની સમાને સાધ્વીનું ચિત્ર આલેખાયું છે અને પૂજા સંબંધી પણ સ્ત્રી પુરુષનું સમાન સ્થાન બતાવતું ચિત્ર અંકિત થયું છે આના પરથી નકકી થાય છે કે પ્રાચીન કાળમાં જૈન પરંપરામાં સ્ત્રી-પુરુષ બંનેનું સ્થાન સરખું હતું.

આગમિક કાળમાં જોવા મળે છે કે સંઘના પ્રમુખના રૂપમાં આચાર્યનું પદ પુરુષના અધિકારમાં હતું. કોઈપણ સ્ત્રી આચાર્ય થયાનો ઉલ્લેખ કયાંય મળતો નથી. પરંતુ ગણિની, પ્રર્વતિની, ગણાવચ્છેદિની, અભિષેકા વગેરે પદો સ્ત્રીઓને પ્રદાન કરવામાં આવતાં હતાં (જૈન શિલાલેખ સંગ્રહ–૨) અને આ વ્યવસ્થા સાધ્વી સંઘની સ્વતંત્ર રૂપે આંતરિક વ્યવસ્થા હતી. તે છતાં યુવાન ભિક્ષુણુઓ-સાધ્વીઓની સુરક્ષાની કાર્ય ભિક્ષુ સંઘને સોંપવામાં આવ્યું હતું. પરંતુ સામાન્ય રીતે ભિક્ષુણીઓ પોતાની સુરક્ષાની વ્યવસ્થા સ્વયં રાખતી હતી. કારણ રાત્રિના સમયે અથવા પદયાત્રા- વિહારમાં સાધુ અને સાધ્વીઓને એક સાથે રહેવાનું વર્જિત ગણાતુ હતું. તેથી ભિક્ષુણી - સાધ્વી સંઘમાં સુરક્ષા માટે પ્રતિહારી વગેરેની નિમણુંક કરવામાં આવતી. આ રીતે સાધન ક્ષેત્રમાં નારીના ગૌરવને યથાસંભવ સુરક્ષિત રાખવામાં આવ્યું. તે છતાં કેટલાંક તથ્યોનું અવલોકન કરતાં એ વાત નિશ્ચિત થાય છે કે આગમિક વ્યાખ્યાઓના યુગમાં અને તે પછીના સમયમાં જૈન પરંપરામાં સ્ત્રીની અપેક્ષાએ પુરુષોને વધારે મહત્વ આપવામાં આવ્યું છે.

## નારીની સ્વતંત્રતા

નારીની સ્વતંત્રની બાબતમાં પ્રારંભથી જ જૈન ધર્મનો દ્રષ્ટિકોણ ઉદાર હતો. યૌગલિકકાળમાં સ્ત્રી પુરુષ સહભાગી રહીને જીવન જીવતા હતા. આગમગ્રંથ 'જ્ઞાત ધર્મ કથા'માં રાજા દ્રુપદ દ્રૌપદીને કહે છે કે મારી સાથે લગ્ન કરવાથી તને સુખ-દુઃખ થઇ શકે છે માટે સારૂં તો એ કહેવાશે કે તારો વર તું પોતે જ પસંદ કરે.

जस्स णं अहं पुत्ता रायस्स वा जुवारायस्स वा भारियताए
सयमेव दलइस्सामि, तत्थ णं तुभं सुहिया दुखिया वा भाविज्जासि ।

જ્ઞાત ધર્મકથા ૧૬/૮૫

અહીંયા ગ્રન્થાકારના આ વિચારો વૈવાહિક, જીવનને માટે નારી સ્વતંત્રતાના સમર્થક છે. તે જ રીતે 'ઉપાસક દર્શાગ'માં મહાશતક પોતાની પત્ની રેવતીને ધાર્મિક વિશ્વાસ, ખાવા-પીવામાં અને આચાર-વ્યવહારમાં કોઈપણ પ્રકારની જબરદસ્તી કરતો નથી. બીજી તરફ આનંદ વગેરે શ્રાવકોની પત્નીઓ પોતાના પતિને અનુસરીને મહાવીરના ઉપાસક વ્રતોને ગ્રહણ કરે છે અને ધર્મસાધનાના ક્ષેત્રમાં પતિની સહભાગી બને છે તો એ જ રેવતી પતિનું અનુસરણ કરતી નથી એટલું જ નહીં પરંતુ પોતાના પિયરથી મંગાવીને માંસ-મદિરાનું સેવન કરે છે. અને મહાશતકના પૂર્ણ સાધનામય જીવનમાં અવરોધો ઊભા કરે છે.૨

तए णं सा खेई गाहावइणी तेहिं गोणमंसेहि सोललेहिं
य ४ सुरं च आसाएमाण ४ विहरइ ।
तए णं तस्स महासयगस्स समणोवा सगस्स बहूहिं
सील जाव भावेमाणस्स चोदस संवच्छरा वइक्कंता । एवं तहेव
जेट्ठं पुत्तं ठवेइ पुत्तं ठवेइ जाव पोसहसालए धम्मपण्णंति
उवं संपज्जित्ता णं विटरइ । उवासगदासाओ, २४५

આના પરથી એમ લાગે છે કે આગમ યુગ સુધી નારીને અધિક સ્વતંત્રતા હતી પરંતુ આગમિક વ્યાખ્યા સાહિત્યમાં મળે

છે કે પતિ અથવા પત્ની પોતાના ધાર્મિક વિશ્વાસો એક બીજાની ઉપર લાદવાનો પ્રયત્ન કરે છે. ચૂર્ણિ સાહિત્યમાં એવી અનેક કથાઓ મળે છે જેમાં પુરુષો સ્ત્રીઓને પોતાને ધાર્મિક વિશ્વાસોની સ્વતંત્રતા નથી આપતો.

આ પ્રમાણે ધર્મસંઘમાં પણ આગમયુગમાં ભિક્ષુણી સંઘની વ્યવસ્થા ભિક્ષુસંઘની વ્યવસ્થા કરતાં વધારે નિયંત્રિત નથી. ભિક્ષુણી સંઘ પોતાની આંતરિક બાબતોમાં સંપૂર્ણ પણે આત્મનિર્ભર હતો. ગણધર અથવા આચાર્યોનો તેમના પર બહુ વધારે અંકુશ ન હતો. પરંતુ છેદ શાસ્ત્ર અને આગમિક વ્યાખ્યા સાહિત્યના સમયમાં આ નિયંત્રણ ક્રમશઃ વધતા જાય છે. આ ગ્રંથોમાં ચાતુર્માસ, પ્રાયશ્ચિત, શિક્ષણ, સુરક્ષા વગેરે બધાં ક્ષેત્રોમાં શિક્ષક વર્ગનું પ્રભુત્વ વધતું જતું જોવા મળે છે. તે છતાં બોદ્ધ ભિક્ષુણી સંઘની અપેક્ષાએ જૈન ભિક્ષુણી સંઘમાં સ્વાયત્તતા વધારે હતી. કેટલીક વિશેષ પરિસ્થિતિઓને બાદ કરતા પ્રાયશ્ચિત, શિક્ષણ, અને સુરક્ષાની વ્યવસ્થા પોતે કરતી હતી. અને ભિક્ષુ સંઘથી સ્વતંત્ર વિચરણ કરતા કરતાં ધર્મોપદેશ આપતી હતી. જ્યારે બૌદ્ધ ધર્મ સંઘમાં ભિક્ષુણીને ઉપોસથ, વર્ષાવાસ વગેરે ભિક્ષુસંઘને અધીન કરવું પડતું.

છતાં પણ જયાં સુધી વ્યાવહારિક જીવનનો પ્રશ્ન હતો ત્યાં સુધી જૈનાચાર્યો હિંદુ- ચિંતનથી પ્રભાવિત રહ્યા હતા. મનુસ્મૃતિમાં સામાન્ય વ્યવહારભાષ્યમાં પણ કહેવામાં આવ્યું છે.

जाया पितिव्वसा नारी दुत्ता पतिव्वसा ।

विहवा पुतवस्सा नारी नत्थि नारी स्वयंवसा ।

૩/૨૩૩

અર્થાત જન્મ પછી સ્ત્રી પિતાને અધીન, વિવાહિત થયા પછી પતિને અધીન અને વિધવા થયા બાદ પુત્રને અધીન હોય છે. એટલે કે તે પોતે કદી સ્વાધીન નથી હોતી આ પ્રમાણે આગમિક વ્યાખ્યા સાહિત્યમાં સ્ત્રીની સ્વાધીનતા મર્યાદિત કરવામાં આવી છે.

## પુત્ર-પુત્રીની સમાનતાનો પ્રશ્ન

પ્રારંભિક વૈદિક ધર્મમાં પુત્ર અને પુત્રીની સમાન કક્ષાનો કરવામાં આવ્યો હોય પરંતુ પાછળથી હિંદુ ધર્મમાં અર્થોપાર્જન અને ધાર્મિક કર્મકાંડો બન્ને ક્ષેત્રમાં પુરુષની પ્રધાનતાના પરિણામે પુત્રનું સ્થાન મહત્વપૂર્ણ બન્યું. અને એમ ઉદઘોષ કરવામાં આવ્યું કે પુત્ર વિના પૂર્વજોની સદગતિ અને મુકિત સંભવિત નથી.

अपुत्रस्य गतिर्नास्ति ।

ત્યારબાદ ધીરે ધીરે હિન્દુ પરંપરામાં પુત્રી જન્મ ને અત્યંત હીન દ્રષ્ટિથી જોવા લાગ્યા. આ પ્રમાણે વૈદિક હિંદુ પરંપરામાં પુત્ર-પુત્રીની સમાનતાનો અસ્વીકાર કરીને પુત્રને વધારે મહાનતા પ્રદાન કરવામાં આવી. પરંતુ તેનાથી વિપરીત જૈન આગમોમાં ઉપાસકો અને ઉપાસિકાઓ પુત્ર-પુત્રીની સમાનરૂપે કામના કરે છે.

"जइ णं अहं दारगं वा पयायामि तो णं अहं जायं य

जाय अणुवुड्ढमित्ति ॥ ज्ञातधर्मकथा १,२,१६

અર્થોપાર્જન અને કૌટુંબિક વ્યવસ્થાની દ્રષ્ટિએ જૈનધર્મીઓમાં પણ પુત્રની પ્રધાનતા રહી હોય, પરંતુ જયાં સુધી ધાર્મિક જીવન અને સાધનાનો પ્રશ્ન હતો ત્યાં જૈન ધર્મમાં પુત્રની મહત્તાને કોઇ સ્થાન ન હતું. જૈન કર્મ સિદ્ધાન્તે સ્પષ્ટ રીતે ઉદઘોષિત કર્યું છે કે વ્યકિત પોતાના કર્મો અનુસર સુગતિ અથવા દુર્ગતિમાં જઇને સુખદુઃખ ભોગવે છે. સંતાન દ્વારા કરેલા કર્મકાંડો પૂર્વજોને કોઇ પણ રીતે પ્રભાવિત કરતા નથી.

न तस्स दुक्खं विभयंति नाइओ, नमित्तवग्गा न सूया

एक्को सयं पच्चणु होइ दुक्खं, कतारमेतं अणुजाइ कम्मं ॥

ઉત્તરાધ્યયન ૧૩, ૨૩

પરંતુ આ ઉલ્લેખોના આધાર પર એમ માની લેવું કે જૈન સંઘમાં પુત્ર અને પુત્રીની સ્થિતિ હંમેશા સમાન રહી હતી એ ઉચિત નથી. આગમિક વ્યાખ્યા સાહિત્ય અને પૌરાણિક સાહિત્યમાં ઉપરના આગમિક અપવાદોને છોડીને જૈન સંઘમાં પણ પુત્રીની અપેક્ષાએ પુત્રને જે અધિક સન્માન મળ્યું છે તેનો આધાર ધાર્મિક માન્યતાઓ નહિ પણ સામાજિક પરિસ્થિતિઓ હતી. તે છતાં ભિક્ષુણીસંઘની વ્યવસ્થાને કારણે પુત્રી પિતાને માટે એટલી ભારરૂપ કદી માનવામાં આવતી ન હતી જેટલી હિન્દુ પરંપરામાં માનવામાં આવતી હતી.

આ પ્રમાણે જૈન આગમો અને આગમિક વ્યાખ્યા સાહિત્ય દ્વારા જે માહિતી ઉપલબ્ધ થાય છે તેના આધાર પર કહી શકાય કે પૂર્વ યુગમાં અને આગમ યુગમાં પુત્ર અને પુત્રી બન્નેનો જન્મ સુખદ માનવામાં આવતો હતો પરંતુ આગમિક વ્યાખ્યાઓના યુગમાં બાહ્ય સામાજિક અને આર્થિક પ્રભાવોને કારણે સ્થિતિમાં પરિવર્તન આવ્યું. અને પુત્રીની અપેક્ષાએ પુત્રને અધિક મહત્વ આપવા લાગ્યું.

## વિવાહ-સંસ્થા અને સ્ત્રી-પુરુષની સમાનતાનો પ્રશ્ન

વિવાહ - વ્યવસ્થા પ્રાચીન કાળથી લઇને આજ સુધી માનવ સમાજ વ્યવસ્થાનું એક મહત્વપૂર્ણ અંગ રહી છે એ એક સત્ય છે કે જૈન ધર્મના અનુયાયીઓમાં પ્રાચીનકાળથી વિવાહ વ્યવસ્થા પ્રચલિત રહી છે પરંતુ એ પણ યાદ રાખવું જરૂરી છે કે નિવૃત્તિ પ્રધાન હોવાને લીધે જૈન ધર્મમાં વિવાહ વ્યવસ્થા ને ખાસ વિશેષ મહત્વ આપવામાં આવ્યું નથી. ધાર્મિક દ્રષ્ટિએ તે સ્વપત્ની અથવા સ્વપતિ સંતોષવ્રતની વ્યવસ્થા કરે છે એનું તાત્પર્ય એ છે કે વ્યકિતએ પોતાની કામવાસનાને સ્વપતિ અથવા સ્વપત્ની સુધી સીમિત રાખવી જોઇએ. જેને માટે બ્રહ્મચર્યનું પાલન સંભવ ન હોય તેને લગ્ન કરવા જોઇએ. વિવાહ-વિધિ માટે જૈનાચાર્યોની સ્પષ્ટ ધારણા કઇ હતી. એની માહિતી આગમો કે આગમિક વ્યાખ્યાઓમાં પ્રાપ્ત થતી નથી. જૈન વિવાહ વિધિ દક્ષિણના દિગંબર આચાર્યોની દેણ છે તે હિંદુ વિવાહ-વિધિનું માત્ર જૈનીકરણ છે ઉત્તરભારતમાં શ્વેતાંબર જૈનોમાં તો વિવાહ-વિધિ હિંદુ ધર્મ પ્રમાણે કરવામાં આવે છે, આજે પણ શ્વેતાંબર જૈનોમાં પોતાની કોઇ વિવાહ પદ્ધતિ નથી. જૈન આગમો અને આગમિક વ્યખ્યાઓમાં જે માહિતી આપણને મળે છે. તે પ્રમાણે યોગલિક કાળમાં યુગલરૂપ જન્મતા ભાઇ-બેન યુવાવસ્થામાં પતિ-પત્ની બની જતાં. જૈન પુરાણો પ્રમાણે સર્વપ્રથમ ઋષભદેવથી વિવાહ-પ્રથાનો પ્રારંભ થયો.

આવશ્યકચૂર્ણિ ભાગ-૧ પૃ-૧૫૨ તેમણે ભાઇ-બેનોની વચ્ચે સ્થાપાતા યૌન સંબંધ (વિવાહ-પ્રણાલી)નો અસ્વીકાર કર્યો. તેમની બંને પુત્રીઓ બ્રાહ્મી અને સુંદરીએ આજીવન બ્રહ્મચારિણી રહેવાને નિર્ણય કર્યો. પરિણામે ભરત અને બાહુબલિના વિવાહ બીજા વંશોની કન્યાઓ સાથે કરવામાં આવ્યા. જૈન સાહિત્યના અધ્યયનથી એ વાત સ્પષ્ટ થાય છે કે આગમિક કાળ સુધી સ્ત્રી વિવાહ સંબંધી નિર્ણય લેવાની બાબતમાં સ્વતંત્ર હતી. મોટે ભાગે વિવાહ તેની સમંતિથી કરવામાં આવતા હતા. મલ્લિ અને દ્રૌપદીની કથા આ વાતની સાક્ષી પૂરે છે. જ્ઞાત ધર્મ કથામાં પિતા સ્પષ્ટરૂપે પોતાની પુત્રીને કહે છે કે જો હું તારા માટે પતિ પસંદ કરીશ તો તે તારા માટે સુખ કે દુઃખનું કારણ બનવાની શકયતા છે માટે તારા પતિની પસંદગી તું જાતે જ કર, મલ્લિ અને દ્રૌપદી માટે સ્વયંવરોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આગમ ગ્રંથોમાં મળતી માહિતી મુજબ એટલું કહી શકાય કે પ્રાગ ઐતિહાસિક યુગ અને આગમ યુગમાં સામાન્ય રીતે સ્ત્રીને પોતાનો પતિ પસંદ કરવાની સ્વતંત્રતા હતી. એણે વિવાહ કરવો કે ન કરવો તે પણ તેની પોતાની ઇચ્છા પર નિર્ભર હતું. પૂર્વ યુગમાં બ્રાહ્મી, સુંદરી, મલ્લિ, આગમિક યુગમાં ચંદનબાળા જયંતિ વગેરે અનેક સ્ત્રીઓના ઉલ્લેખ પ્રાપ્ત થાય છે જેમણે આજીવન બ્રહ્મચર્યનું પાલન કર્યુ અને વિવાહનો અસ્વીકાર કર્યો. ડૉ. જગદીશચંદ્ર જૈને જૈન આગમો આગમિક વ્યાખ્યાઓમાં ઉપલબ્ધ વિવાહના વિવિધ સ્વરૂપોનું વિવરણ કર્યું છે. તે પ્રમાણે સ્વયંવર, માતાપિતા દ્વારા આયોજિત લગ્ન, ગન્ધર્વ વિવાહ (પ્રેમ-લગ્ન), કન્યાને બળજબરીથી ઉપાડી જઇ કરાતાં લગ્ન, પરસ્પર પ્રેમ અથવા આકર્ષણના આધારે થતા લગ્નો. વરકન્યાની યોગ્યતા તપાસીને થતા લગ્નો, કન્યા પક્ષને પૈસા આપીને કરતા લગ્નો, અને ભવિષ્યવાણીના આધાર પર થતા લગ્નો.

'જૈનાગમ સાહિત્યમાં ભારતીય સમાજ'

(ડો. જગદીશચંદ્ર જૈન - પાનું ૨૫૩-૨૬૬)

પરંતુ આગમ અને આગમિક વ્યાખ્યાઓમાં એવો ઉલ્લેખ કયાંય પણ મળતો નથી જેમાં જૈનાચાર્યોએ ગુણ-દોષોના આધાર પર એમાંથી કોઇનું પણ સમર્થન અથવા નિષેધ કર્યો હોય, અને એમ કહ્યું હોય કે આ વિવાહ પદ્ધતિ ઉચિત કે અનુચિત છે આમ છતાં વિવાહ કે લગ્ન સંબંધે જૈનોનો પોતાનો કોઇ સ્વતંત્ર દ્રષ્ટિકોણ ન હતો. પરંતુ એટલું ચોકકસ માનવામાં આવે છે કે કોઇપણ વ્યકિત બ્રહ્મચર્ય પાળવામાં અશકય હોય તો તે પોતે વિવાહ કરી શકે છે. જયાં સુધી સ્વયંવર વિધિનો પ્રશ્ન છે ત્યાં સુધી એ વાત નિશ્વત છે કે નારી- સ્વાતંત્ર્યની દ્રષ્ટિએ આ વિધિ મહત્વની હતી. પરંતુ જન સામાન્યમાં માતા-પિતા દ્વારા આયોજિત વિવાહ પ્રકૃત્તિ પ્રચલિત હતી. જો કે આ પ્રકારના વિવાહમાં સ્ત્રી પુરુષ બંનેની સ્વતંત્રતા ખંડિત થતી હતી. જૈન કથા સાહિત્યમાં એવા અનેક ઉલ્લેખો ઉપલબ્ધ છે જેમાં બળપૂર્વક અપહરણ કરીને લગ્ન કરવામાં આવ્યા હોય. આ પ્રકારના લગ્નોમાં સ્ત્રીની સ્વતંત્રતા સંપૂર્ણ પણે ખંડિત થાય છે. કારણ કે અપહરણ કરીને લગ્ન કરવાનો અર્થ માત્ર એમ નથી માનવાનો કે સ્ત્રીને પસંદગીની સ્વતંત્રતા નથી પરંતુ તેને લૂંટેલી સંપત્તિ એવો થાય છે.

જયાં સુધી આગમિક વ્યાખ્યાઓનો પ્રશ્ન છે તેમાં મોટે ભાગે વિવાહ માતા-પિતા દ્વારા આયોજિત હતા. થોડાંક પ્રસંગોમાં જ સ્વયંવર અથવા ગંન્ધર્વ વિવાહના ઉલ્લેખ મળે છે જે આગમ યુગ અને પૂર્વકાળના છે માતા-પિતા દ્વારા આયોજિત આ વિવાહ-વિધિમાં સ્ત્રી પુરુષની સમાનતા પર કોઇ પ્રભાવ પડતો નથી. તે છતાં એ વાત સાચી છે કે જૈનાચાર્યોને વિવાહ-વિધિ સંબંધે ગંભીરતાથી ચિંતન કર્યું નથી. તે છતાં વિવાહ વિધિને ગૌરવહીન બનાવવાનો પ્રયત્ન પણ કર્યો નથી. હિંદુ પરંપરામાં વિવાહ સ્ત્રીને માટે અવરોધ હતો પણ જૈન પરંપરામાં એવી માન્યતા નથી. પ્રાચીનકાળથી માંડીને આજ દિન સુધી વિવાહ કરવો કે ન કરવો એ પ્રશ્ન સ્ત્રીની વિવેકબુદ્ધિ પર છોડવામાં આવ્યો છે, જે સ્ત્રી એમ સમજતી કે પોતે અવિવાહિત રહીને પોતાની સાધના કરી શકશે તેને વિવાહ કર્યા વિના દીક્ષિત થવાને અધિકાર હતો. વિવાહ સંસ્થા જૈનો માટે બ્રહ્મચર્યની સાધનામાં સહાયક થવાના રૂપમાં સ્વીકારવામાં આવી હતી. જૈનોને માટે વિવાહનો અર્થ પોતાની વાસનાઓને સંયમિત કરવાને હતો. એ લોકોનો જ લગ્ન સંસ્થામાં પ્રવેશ આવશ્યક માનવામાં આવ્યો હતો જે લોકો પૂર્ણપણે બ્રહ્મચર્યનું પાલન કરવામાં અસમર્થ હોય. અથવા જેણે પૂર્ણ બ્રહ્મચર્યવ્રત ના લીધું હોય માટે એમ કહી શકાય કે જૈનોએ બ્રહ્મચર્યનો આંશિક સાધન્ના અંગરૂપમાં વિવાહ-સંસ્થાને સ્વીકાર કરીને નારીની સ્વતંત્ર નિર્ણય-શકિતને માન્ય રાખીને તેનો ગૌરવને અખંડિત રાખ્યું છે.

## બહુપતિ અને બહુપત્ની પ્રથા

વિવાહ સંસ્થા અથવા તો લગ્નસંસ્થાના સંદર્ભમાં એક મહત્વનો પ્રશ્ન એક કરતાં વધારે વખત લગ્ન કરવા બાબતનો રહ્યો છે એના બે પ્રકાર છે. એક બહુપત્ની પ્રથા અને બહુપતિ પ્રથા. એક વાત સ્પષ્ટ છે કે દ્રૌપદીના એક અપવાદને છોડીને હિંદુ અને જૈન પરંપરાઓમાં નારી માટે એક પતિપ્રથાની વિચારણાનો સ્વીકાર કરવામાં આવ્યો છે અને બહુપતિ પ્રથાને ધાર્મિક દ્રષ્ટિએ અનુચિત માનવામાં આવી છે. જૈનાચાર્યોએ દ્રૌપદીની બહુપતિ વિચારણાને એ આધાર પર ઔચિત્યપૂર્ણ બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે ''સુકમલિકા આર્યાના ભવમાં તેણે પોતાના તપના પ્રભાવથી પાંચ પતિ પ્રાપ્ત કરવાનો નિશ્ચય કર્યો હતો. આમ પૂર્વ કર્મનું ફળ માનીને સંતોષ માનવામાં આવ્યો.''

(જ્ઞાતધર્મકથા - અધ્યાય ૧૬ સૂત્ર ૭૨-૭૪)

પરંતુ બીજી બાજુ પુરુષના સંબંધે બહુપત્નીપ્રથાની વિચારણા આગમો અને આગમિક વ્યાખ્યા સાહિત્યમાં મળે છે તેમાં એવા અનેક સંદર્ભો છે જેમાં પુરુષો એક કરતાં વધારે લગ્ન કરતા જોવા મળે છે. દુઃખ એ વાતનું છે કે તેઓની આ પ્રવૃત્તિની સમાલોચના પણ કયાંય કરવામાં આવી નથી. તે છતાં તે યુગમાં જૈનાચાર્યો આ બાબતમાં તટસ્થ ભાવ રાખતા હતા. એમ કહી શકાય કારણ કે કોઇપણ જૈનાચાર્યે બહુવિવાહનો સારી પ્રથા કહી હોય એવો સંદર્ભ પણ કયાંય મળતો નથી. ઉપાસક દશામાં શ્રાવકના સ્વપત્ની સંતોષવ્રતના અતિચારોનો ઉલ્લેખ મળે છે તેમાં પરિવિવાહ કરણને અતિચાર અથવા દોષ માનવામાં આવ્યો છે. આમ એટલું ચોક્કસ કહી શકાય કે જૈનોનો આદર્શ એક પત્નીવ્રત રહ્યો છે.

બહુપત્ની પ્રથાના આર્વિભાવ પર વિચાર કરીએ તો જણાય છે કે યૌગલિક કાળ સુધી બહુપત્ની પ્રથા પ્રચલિત ન હતી. આવશ્યક ચૂર્ણિ પ્રમાણે સર્વ પ્રથમ ઋષભદેવે બે લગ્ન કર્યા હતા. પરંતુ એમના માટે બીજા લગ્ન એટલા માટે આવશ્યક થયા

હતા કે એક યુગલમાં પુરુષની અચાનક હત્યા થઇ એ કારણે એ સ્ત્રીને સુરક્ષા પ્રદાન કરવા માટે આમ થયું. આગળ જતા સ્ત્રીને એક સંપત્તિ તરીકે જોવા લાગ્યા. ત્યારથી સ્ત્રી પ્રત્યે ભાવનાના આધાર પર નહીં પરંતુ કામ-વાસનાપૂર્તિ અને સામાજિક પ્રતિષ્ઠા માટે બહુવિવાહની પ્રથા શરૂ થઇ. અહીં યાદ રાખવું જરૂરી થશે કે સમાજમાં બહુવિવાહની પ્રથા પ્રચિલિત હતી પરંતુ જૈન ધર્મ એને સમ્મતિ આપતો હતો એમ માનવુ અનુચિત ગણાશે. કારણ કે જયારે જૈનોમાં વિવાહને એક અનિવાર્ય ધાર્મિક કર્તવ્યના રૂપમાં સ્વીકાર કર્યો નથી ત્યારે બહુવિવાહને ધાર્મિક કર્તવ્યના રૂપમાં સ્વીકાર કરવાનો પ્રશ્ન ઊભો જ નથી થતો. જૈન આગમ અને આગમિક વ્યાખ્યા સાહિત્યમાં પુરુષોએ કરેલા બહુવિવાહના અનેક સંદર્ભો ઉપલબ્ધ થાય છે પરંતુ એક પણ સંદર્ભ એવો નથી મળતો જયાં કોઇ વ્યકિત ગૃહસ્થોપાસ વ્રતોનો સ્વીકાર કર્યા બાદ બહુવિવાહ કરતો હોય. એવા સંદર્ભો મળે છે કે મુનિવ્રત અથવા શ્રાવકવ્રત સ્વીકાર કર્યો. પહેલાં અનેક ગૃહસ્થોપાસકોને એક કરતાં વધારે પત્નીઓ હતી. પરંતુ વ્રત લીધા પછી કોઇએ પોતાની પત્નીઓની સંખ્યામાં વધારો કર્યો હોય. એવા સંદર્ભો મળતાં નથી. આદર્શ સ્થિતિ તો એક પત્ની પ્રથાને માનવામાં આવે છે. ઉપાસક દશામાં દસ મુખ્ય ઉપાસકોમાંથી કેવળ એકને જ એક કરતાં વધારે પત્નીઓ હતી. બાકી બધાને એક એક પત્ની હતી. અને સાથે શ્રાવકોના વ્રતોના જે અતિચાર બતાવવામાં આવ્યા છે તેમાં સ્વપત્ની સંતોષનો એક અતિચાર પરવિવાહકરણ આપવામાં આવ્યો છે. કેટલાંક જૈનાચાર્યોએ પરવિવાહકરણ'નો અર્થ સ્વસંતાન સિવાય બીજાના સંતાનોના વિવાહ-સંબંધો કરવાને માન્યો છે પરંતુ ઉપાસક દશાંગની ટીકામાં આચાર્ય અભયદેવે તેનો અર્થ 'એકથી વધારે વિવાહ કરવો' એવો માન્યો છે. (ઉપાસક દશા - અભયદેવ કૃતવૃત્તિ- પૃ-૪૩) તેથી એમ કહી શકાય કે ધાર્મિક આધારો પર જૈન ધર્મ બહુપત્ની પ્રથાનો સમર્થક નથી. બહુપત્ની પ્રથાનો ઉદ્દેશ તો વાસનામાં ગડાબૂડ ડૂબવું એવો થાય. જે નિવૃત્તિપ્રધાન જૈન ધર્મની મૂળ ભાવનાને અનુકૂળ નથી. જૈન ગ્રંથોમાં જે બહુપત્નીપ્રથાના સંકેતો મળે છે તે એ યુગની સામાજિક સ્થિતિના સૂચક છે આગમ સાહિત્યમાં પાર્શ્વ, મહાવીર અને મહાવીરના નવ પ્રમુખ ઉપાસકોને એક પત્ની હતી એમ માનવામાં આવે છે.

## વિધવા વિવાહ

આગમિક વ્યાખ્યા સાહિત્યમાં નિયોગ અને વિધવા વિવાહના કેટલાંક સંદર્ભો ઉપલબ્ધ થાય છે પરંતુ યાદ રાખવું જરૂરી છે કે આ વાતનું પણ જૈનાચાર્યો સમર્થન કરતાં નથી. નિશીથચૂર્ણિમાં (ભાગ-૨ ૩૮૧) કહ્યું છે એક રાજાને પોતાની પત્ની સાથે નિયોગ દ્વારા સંતાન ઉત્પન્ન કરવાના સંદર્ભમાં એમ કહેવાયું છે કે જે પ્રકારે ખેતરમાં બીજ કોઇએ પણ વાવ્યું હોય ફસલનો સાચો અધિકારી તેને પાણી પાનારો જ ગણાય છે એ જ રીતે પોતાની પત્નીથી જન્મેલા સંતાનનો અધિકારી તેનો પતિ જ ગણાય છે, એ વાત સાચી છે કે એક સમયે ભારતમાં નિયોગની પરંપરા પ્રચલિત હતી પરંતુ નિવૃત્તિ પ્રધાન જૈન ધર્મે નિયોગને સમર્થન નથી આપ્યું અને વિધવા વિવાહને પણ સમર્થન નથી આપ્યું. કારણ કે જૈન ધર્મની મૂળભૂત પ્રેરણા એ રહી છે કે જયારે પણ સ્ત્રી અથવા પુરુષને કામવાસનાથી મુકત થવાનો અવસર પ્રાપ્ત થાય ત્યારે તેમાંથી તે મુકત થઇ જાય. જૈન આગમો અને આગમિક વ્યાખ્યાના હજારો એવા સંદર્ભો મળે છે જેમાં પતિના મૃત્યુ બાદ વિધવાઓ ભિક્ષુણી બનીને સંઘને શરણે ચાલી જતી. જૈન સંઘમાં ભિક્ષુણીઓની સંખ્યા વધારે હોવાનું કારણ પણ આ હતું. ભિક્ષુણી સંઘો વિધવાઓને સન્માન પૂર્ણ અને સુરક્ષિત જીવન જીવવાનું એક આશ્રર્ય સ્થાન હતું. તે છતાં કેટલાક લોકોએ કહ્યું છે ઋષભદેવે મૃત યુગલ પત્નિ સાથે વિવાહ કરીને વિધવા-વિવાહની પરંપરાને સ્થાપિત કરી હતી. પરંતુ આવશ્યકચૂર્ણિમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે તે સ્ત્રી મૃત યુગલની બેન હતી પત્ની નહીં. કારણ કે એ યુગલમાં પુરુષનું મૃત્યુ બાળ દશામાં જ થયું હતું. તેથી આ વાતના આધારે વિધવા-વિવાહનું સમર્થન નથી થતું. જૈન ધર્મ જેવા નિવૃત્તિ પ્રધાન ધર્મમાં વિધવા-વિવાહને માન્યતા નથી મળતી. તે છતાં ભારતીય સમાજમાં આ પ્રથા પ્રચલિત હતી એ વાતનો ઇન્કાર થઇ શકે એમ નથી.

## વિધુર-વિવાહ

જયારે સમાજમાં બહુ-વિવાહને સમર્થન મળ્યું હોય તેમાં વિધુર-વિવાહને માન્ય કરવામાં કોઇ મુશ્કેલી હોતી નથી. તે છતાં જૈન ધર્મમાં ધાર્મિક દ્રષ્ટિએ આ વાતને સમર્થન મળ્યું હોય એમ કહી શકાતું નથી. પત્નીના મૃત્યુ પછી આદર્શ સ્થિતિ તો એને માનવામાં આવી છે કે વ્યકિત વૈરાગ્ય લઇ લે. માત્ર એટલું જ નહીં. પરંતુ અનેક સ્થિતિઓમાં પત્ની ભિક્ષુણી બની જાય ત્યારે

પતિ જાતે ભિક્ષુ બની જાય. તે છતાં સામાજિક જીવનમાં વિધુર-વિવાહના અનેક પ્રસંગો ઉપલબ્ધ થાય છે જેનો સંકેત આગમિક વ્યાખ્યા સાહિત્યમાં મળે છે.

## વિવાહ વિના યૌન સંબંધ

જૈન ધર્મમાં પતિ-પત્ની સિવાય બીજા સાથે યૌન સંબંધ કરવાનું ધાર્મિક દ્રષ્ટિએ હંમેશા અનુચિત માન્યું છે. વેશ્યાગમન અને પરસ્ત્રીગમન બંનેને અનૈતિક કર્મ ગણવામાં આવ્યું છે છતાં પણ ફકત ગૃહસ્થ સ્ત્રી-પુરુષોમાં જ નહિ પણ ભિક્ષુ-ભિક્ષુણીઓમાં પણ અનૈતિક યૌન- સંબંધ સ્થાપિત થઇ જતાં હતા, આગમિક વ્યાખ્યા સાહિત્યમાં એવા સેંકડો પ્રસંગોનો ઉલ્લેખ મળે છે. જૈન આગમો અનેતેની ટીકાઓમાં એવી અનેક સ્ત્રીઓનો ઉલ્લેખ મળે છે જેઓ પોતાના સાધન માર્ગમાં પતિત થઈને સ્વેચ્છાચારી બની ગઇ હતી. (જ્ઞાતધર્મકથા - બીજા શ્રુત સુન્ધ પ્રથમ વર્ગ અધ્યાય -૨-૫) જ્ઞાત ધર્મકથામાં દ્રૌપદીનું પૂર્વ જીવન આ રીતે વર્ણન કરવામાં આવ્યું છે 'સાધના કાળમાં તે વૈશ્યાને પાંચ પુરુષોનું સેવન કરતી જોઇને પોતે પાંચ પતિની પત્ની બનવાનું નકકી કરે છે. (જ્ઞાતધર્મ કથા -પ્રથમ શ્રુત અધ્યાય ૧૬ સૂત્ર -૭૨-૭૪)

નિશીથચૂર્ણિમાં પુત્રીઓ અને પુત્રવધુને 'જાર' અથવા ધૂર્ત વ્યકિતઓ સાથે ભાગી જવાના ઉલ્લેખો મળે છે. આગમિક વ્યાખ્યામાં મુખ્યત્વે નિશીથચૂર્ણિ, બ્રહ્મ કલ્પભાષ્ય, વ્યવહારભાષ્ય, વગેરેમાં એવા પણ ઉલ્લેખો મળે છે જયાં સ્ત્રીઓ અનામી અનાથ બાળકોને ભિક્ષુઓના નિવાસ સ્થાનો પર છોડી જતી હતી. (નિશીથચૂર્ણિ, ભાગ-૩-પૃ ૨૬૭)

આગમ અને આગમિક વ્યાખ્યાઓ એ વાતની સાક્ષી પૂરે છે કે સ્ત્રીઓ સંભોગ માટે ભિક્ષુઓને ઉત્તેજિત કરતી હતી. (નિશીથચૂર્ણિ ભાગ-૨ પૃ. ૧૭૩) એ લોકોને તે એવી રીતે વિવશ કરતી હતી કે તેઓ જો ના પાડે તો તેમને બદનામ કરવાનો ભય બતાવતી હતી. આગમિક વ્યાખ્યાઓમાં આ પરિસ્થિતિમાં ભિક્ષુએ શું કરવું જોઇએ તે વિશે અનેક અપવાદરૂપ નિયમોનો ઉલ્લેખ મળે છે. ચારિત્રભંગના અપરાધોના વિવિધ રૂપો અને સંભાવનાઓનો વિસ્તૃત ઉલ્લેખ મળે છે પરંતુ આ ચર્ચાનો ઉદ્દેશ્ય સાધકોને વાસના સંબંધી અપરાધોથી વિમુખ બનાવવાનો રહ્યો છે. તે જીવનનું યથાર્થ સ્વરૂપ હોવા છતાં જૈનાચાર્યો તેને જીવનનું વિકૃત રૂપ માનતા હતા. અને તેઓ એક એવા આદર્શ સમાજની કલ્પના કરે છે જેમાં વાસનાઓનો પૂર્ણ અભાવ હોય.

આગમિક વ્યાખ્યાઓમાં એવી ઘટનાઓનો પણ ઉલ્લેખ છે. જેને લીધે સ્ત્રીઓને પુરુષોની વાસનાનો ભોગ બનવું પડયું હોય. પુરુષોની વાસનાનો ભોગ થતાં બચવા માટે ભિક્ષુણીઓએ પોતાની શીલની રક્ષા માટે કેવી જાગૃકતા રાખવી જોઇએ. તેનો ઉલ્લેખ નિશીથ અને બ્રહ્મ કલ્પ બંનેમાં વિસ્તારપૂર્વક મળે છે. રૂપવતી ભિક્ષુણીઓને સ્વચ્છંદી યુવાનો તથા રાજપુરુષોની કુદ્રષ્ટિથી બચવા માટે એવા પ્રકારનો વેશ ધારણ કરવો પડતો કે જેથી તેઓ કુરૂપ દેખાય. ભિક્ષીઓને સુવાના સમયે કેવી વ્યવસ્થા કરલી જોઇએ તેનું વર્ણન પણ બૃહત કલ્પ ભાષ્યમાં વિસ્તારપૂર્વક આપ્યું છે. ભિક્ષુણી સંઘમાં પ્રવેશ કરનારની પૂરી તપાસ કરવામાં આવતી હતી. પ્રતિહારી ભિક્ષુણી ઉપાશ્રયની બહાર દંડ લઇને બેસતી હતી. ચારિત્રની રક્ષાનું વિસ્તૃત વિવરણ આગમિક વ્યાખ્યાઓમાં મળે છે તેનાથી સ્પષ્ટ થાય છે કે પુરુષ વર્ગ સ્ત્રીઓ અને ભિક્ષુણીઓને પોતાની વાસનાનો શિકાર બનાવવામાં કાંઇ બાકી રાખતા નહિ. પુરુષદ્વારા બળાત્કાર થવાને કારણે ગર્ભ રહી જતાં સંઘ તે ભિક્ષુણી પ્રત્યે સદભાવના પૂર્વક વ્યવહાર કરતા અને તેના ગર્ભની સુરક્ષાનો પ્રયત્ન પણ કરતા હતા. જન્મેલ બાળક માતા વિના રહી શકે એવડું થાય ત્યારે એને ઉપાસકને (શ્રાવકને) સોંપીને અથવા ભિક્ષુ સંઘને સોંપીને એ ભિક્ષુણીને ફરીથી ભિક્ષુણી સંઘમાં પ્રવેશ આપતા હતા. (નિશીથચૂર્ણિ ભાગ-૧-પૃ-૧૨૯) આ તથ્ય એ વાતનું સૂચક છે કે સદાચારી નારીઓના રક્ષણ માટે જૈન સંઘ હંમેશા જાગૃત હતો.

## નારી રક્ષા

બળાત્કાર થયો હોય એવી કોઇપણ ભિક્ષુણીની ટીકા કરવાનો અધિકાર ન હતો. એનાથી ઉલ્ટું જે વ્યકિત એવી ભિક્ષુણીની ટીકા કરે તેને સજાને પાત્ર ગણવામાં આવતી. નારીની મર્યાદાના રક્ષણ માટે જૈન સંઘ હંમેશા તત્પર રહેતો નિશીથચૂર્ણિમાં ઉલ્લેખિત કાલકાચાર્યની કથામાં આ એ વાતનું પ્રમાણ છે કે અહિંસાનું પ્રાણથી પાલન કરનાર ભિક્ષુ સંઘ પણ નારીની ગરિમા ખંડિત થવાની સ્થિતિમાં દુરાચારિયોને સજા આપવા માટે શસ્ત્રો લઇને સામે આવતા હતા. નિશીથચૂર્ણિમાં કાલકાચાર્યની કથા આ વાતનું સ્પષ્ટ પ્રમાણ છે કે આચાર્યએ ભિક્ષુણીની (સરસ્વતી-બેન) શીલ રક્ષા માટે ગર્દભિલ્લની વિરુદ્ધ શકોની મદદ લઇને

પૂરો સંઘર્ષ કર્યો હતો. નિશીથ, બ્રહ્મકલ્પભાષ્ય આદિમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે જો સંઘસ્થ ભિક્ષુણીઓના શીલની રક્ષા માટે દુરાચારી વ્યકિતની હત્યા કરવાનું કાર્ય કરવું પડે તો તે હત્યાને ઉચિત માની છે નારીના શીલની રક્ષા કરવાવાળા આવા ભિક્ષુસંઘને સન્માનિત કરવામાં આવે છે. બૃહૃત કલ્પભાષ્યમાં કહેવામાં આવ્યું છે કે જળ, અગ્નિ, ચોર અને દુકાળસ્થિતિમાં સર્વપ્રથમ સ્ત્રીની રક્ષા કરવી જોઇએ. આ પ્રકારે ડુબતા શ્રમણ અને ભિક્ષુણીમાં પહેલા ભિક્ષુણીને અને ક્ષુલ્લક અને ક્ષુલ્લિકામાં ક્ષુલ્લિકાની રક્ષા કરવી જોઇએ. આ પ્રમાણે નારીની રક્ષાને પ્રાથમિકતા આપવામાં આવે છે.

## સતીપ્રથા અને જૈન ધર્મ

ઉત્તર મધ્યયુગમાં નારીની પીડાનું સૌથી બિભત્સરૂપ સતીપ્રથામાં હતું. સતીપ્રથાના સંદર્ભમાં જૈન આગમ અને વ્યાખ્યા સાહિત્યને જોઇએ તો તેમાં એવી એક પણ ઘટનાનો ઉલ્લેખ મળતો નથી કે જેમાં પત્ની પતિના શબ સાથે બળી ગઇ હોય અથવા બાળી દેવામાં હોય છતાં પણ નિશીથચૂર્ણિમાં એક એવો ઉલ્લેખ મળે છે તે પ્રમાણે સૌપારકના પાંચ વેપારીઓએ કર ન આપવાના કારણે રાજાએ તેને બાળી નાખવાનો આદેશ આપ્યો હતો. આ ઉલ્લેખ પ્રમાણે તેમની પત્નિઓ પણ તેમની સાથે ચિત્તાઓમાં બળી મરી હતી. (નિશીથચૂર્ણિ, ભાગ-૨ પૃ-૫૯-૬૦) પરંતુ જૈનાચાર્યો આ વાતનું સમર્થન કરતા નથી. એક અપવાદ સિવાય જૈન સાહિત્યમાં આ પ્રકારનો બીજો કોઇ ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી. મહાનિશીથમાં આનાથી જુદો ઉલ્લેખ મળે છે. (મહાનિશીથ-પૃ૨૯) કોઇ રાજાની વિધવા કન્યા સતી થવા ચાહતી હતી પરંતુ પિતૃકુળમાં આ રિવાજ ન હતો તેથી તેણે એ વિચાર છોડી દીધો, માટે લાગે છે કે જૈનાચાર્યોએ પતિના મૃત્યુ પછી સ્વેચ્છાએ પણ પોતાના દેહનો ત્યાગ કરવાનું અનુચિત માન્યું છે. અને એ પ્રકારના મરણને બાલમરણ અથવા મૂર્ખતા કહેવામાં આવ્યું છે. સતી પ્રથાને ધાર્મિક સમર્થન જૈન આગમ સાહિત્ય અને તેની વ્યાખ્યાઓમાં આપણને કયાંય મળતું નથી.

તે છતાં પણ આગમિક વ્યાખ્યાઓમાં દધિવાહનની પત્ની ચંદનાની માતા ધારિણી વગેરેના એવા કેટલાંક ઉલ્લેખો છે જેમાં બ્રહ્મચર્યની રક્ષા માટે દેહ ત્યાગ કર્યો હોય. (આવશ્યકચૂર્ણિ ભાગ- ૧ પૃ. ૩૧૮) પરંતુ આ વિચારણા સતી પ્રથાની વિચારણા કરતાં જુદી છે જૈન ધર્મ અને દર્શન એમ નથી માનતા કે મૃત્યુ બાદ જીવતા ચિતામાં બળી મરવાથી સ્વર્ગલોકમાં એ જ પતિ મળે છે તેનાથી વિપરીત જૈન ધર્મ પોતાના કર્મ-સિદ્ધાંતમાં શ્રદ્ધાને કારણે એમ માને છે કે પતિ-પત્ની પોતપોતાના કર્મો અને મનોભાવો અનુસાર તે જુદી જુદી યોનિઓમાં જન્મ લે છે. પરંતુ પરવર્તી જૈન કથા સાહિત્યમાં આપણને એવા ઉલ્લેખો મળે છે જેમાં એક ભવના પતિ-પત્ની પછીના અનેક ભવોમાં જીવનસાથી બને છે અને એનાથી વિરુદ્ધના ઉદાહરણો પણ જૈન કથા સાહિત્યમાં મળે છે.

તે છતાં સ્પષ્ટ રૂપે કહી શકાય કે ધાર્મિક આધાર પર જૈન ધર્મ સતીપ્રથાનું સમર્થન કરતો નથી. જૈન ધર્મમાં સતી પ્રથાનું સમર્થન ન હોવાના કેટલાક સામાજિક કારણો પણ હતાં. વ્યાખ્યા સાહિત્યમાં એવી અનેક કથાઓ મળે છે જે પ્રમાણે પતિના મૃત્યુ પછી પત્ની માત્ર કૌટુંબિક જવાબદારીઓનો નિભાવ કરતી હતી. એટલું જ નહિ પતિના વ્યવસાયનું સંચાલન પણ કરતી હતી. શાલિભદ્રની માતા ભદ્રાને રાજગૃહની એક મહત્વની શ્રેષ્ઠી તથા વ્યાપારી નિરુપિત કરવામાં આવી છે. એનો વૈભવ જોવા શ્રેણિક તેના ઘેર ગયા હતા. આગમો અને આગમિક વ્યાખ્યાઓમાં એવા અનેક ઉલ્લેખો છે જેમાં સ્ત્રી પતિના મૃત્યુ પછી વિરકત બનીને ભિક્ષુણી બની જાય છે, એ વાત સાચી છે કે જૈન ભિક્ષુણી સંઘ વિધવાઓ, કુમારિકાઓ અને વ્યકતાઓનું આશ્રય સ્થાન હતો. આગમ સાહિત્ય અને વ્યાખ્યા સાહિત્ય બંનેમાં આપણને એવા ઉલ્લેખો મળે છે જેમાં પતિ અને પુત્રો જીવિત હોવા છતાં પણ પત્ની અથવા માતા ભિક્ષુણી બની જતી. જ્ઞાતધર્મ કથામાં દ્રૌપદી પતિ અને પુત્રોની સંમતિ લઇને દીક્ષિત થઇ હતી. એવા બીજા અનેક ઉદાહરણો પણ મળે છે જેમાં પત્નીઓ પતિની સાથે પતિ અને પુત્રોના મૃત્યુ બાદ વિરકત થઇને સંન્યાસ ગ્રહણ કરતી હતી. એવા પણ કેટલાંક ઉલ્લેખો મળે છે જેમાં સ્ત્રી આજીવન બ્રહ્મચર્ય ધારણ કરીને પિતાના ઘરમાં રહી હોય છે અથવા દીક્ષિત બની જાય છે. જૈન પરંપરાની ભિક્ષુણી સંસ્થા એક એવો આધાર રહી છે જેણે હંમેશા નારીને સંકટમાંથી ઉગારીને માત્ર આશ્રય જ આપ્યો છે એટલું નહિ પરંતુ તેને સન્માન અને પ્રતિષ્ઠા સાથે જીવન જીવવાનું શીખવ્યું છે.

જૈન ભિક્ષુણી સંઘ વિધવા, પરિત્યકતા અથવા આશ્રયવિનાની સ્ત્રીઓ બધાને માટે શરણદાતા હતો. જૈન ધર્મમાં સતીપ્રથાને કોઇ પણ પ્રકારનું મહત્વ મળ્યું નથી. જયારે જયારે નારી પર કોઇ અત્યાચાર કરવામાં આવ્યા, ત્યારે જૈન ભિક્ષુણી સંઘ તેના

માટે  માટે રક્ષાકવચ બન્યો કારણ કે ભિક્ષુણી સંઘમાં પ્રવેશ કર્યા બાદ તે પારિવારિક દુઃખોથી બચતી હતી એટલું જ નહિ પણ એક સન્માનપૂર્ણ જીવન પણ જીવી શકતી હતી. આજે પણ વિધવાઓ, ત્યકતાઓ, પિતાની પાસે દહેજને આભાવ, કુરુપતા વગેરે કેટલાક કારણોને લીધે અવિવાહિત રહેવા માટે વિવશ બનેલી કુમારિકાઓ માટે જૈન ભિક્ષુણી સંઘ  આશ્રયસ્થાન છે. જૈન ભિક્ષુણી સંઘે નારીની ગરિમા અને સતીત્વ બંનેની રક્ષા કરી છે આ કારણે સતી-પ્રથા જેવી ખરાબ પ્રથા જૈન ધર્મમાં કદિ પણ આવી નહિ.

મહાનિશીથમાં એક સ્ત્રી સતી થવાના વિચાર પર પોતાની કુળ-પરંપરામાં સતીપ્રથાનો રિવાજ ન હોવાને લીધે નિર્ણય બદલતી જોવા મળે છે. આ એ વાતનું પ્રમાણ છે કે જૈનાચાર્યોની દૃષ્ટિ સતીપ્રથાની વિરોધી હતી. જૈન આચાર્યો અને સાધ્વીઓ વિધવાઓને સતી બનતી રોકીને તેઓને સંઘમાં દીક્ષિત થવાની પ્રેરણા આપતાં હતા. જૈન પરંપરામાં બ્રાહ્મી, સુન્દરી અને ચંદના વગેરેને સતી કહેવામાં આવી છે અને તીર્થંકરોના નામ સ્મરણની સાથે સાથે આજે પણ સોળ સતીઓના નામનું સ્મરણ કરવામાં આવે છે. પરંતુ તેમને સતી એટલા માટે કહેવામાં આવી છે કે પોતાના શીલની રક્ષા કરી અથવા અવિવાહિત રહી, અથવા પતિના મૃત્યુ પછી પોતાના ચારિત્રયની રક્ષા કરી. આજે જૈન સાધ્વીઓ માટે એક બહુ પ્રચલિત નામ મહાસતી છે એનો આધાર ચારિત્રનું પાલન છે; જૈન પરંપરાઓ પછી જે પ્રબંધ સાહિત્ય લખાયું તેમાં સર્વપ્રથમ સતીપ્રથાનું જૈનીકરણ કરવામાં આવ્યું હોય તેવું રૂપ આપણને જોવા મળે છે. તેજપાલ-વસ્તુપાલ પ્રબંધમાં બતાવવામાં આવ્યું છે કે તેજપાલ - વસ્તુપાલના મૃત્યુ પછી તેમની પત્નીઓએ અનશન કરીને પ્રાણનો ત્યાગ કર્યો.

मन्त्रिण्यौ ललितादेवीं सौख्यौ अनशनेन मम्रातु

પ્રબંધકોશ - પૃ ૧૨૯

અહીંઆ પતિના મૃત્યુ પછી શરીર ત્યાગવાનો ઉપક્રમ તો છે પરંતુ તેનું સ્વરૂપ સૌમ્ય અને વૈરાગ્ય પ્રધાન બતાવવામાં આવ્યું છે વસ્તુત તે યુગમાં પ્રચલિત સતીપ્રથાની જૈન ધર્મમાં કેવી પ્રતિક્રિયા હતી તેની સૂચક છે.

## ગણિકાઓની સ્થિતિ

ગણિકાઓ અથવા વેશ્યાઓ ભારતીય સમાજનું એક આવશ્યક ઘટક રહી છે તેને અપરિગૃહીત સ્ત્રી માનવી કે પરિગૃહીતા સ્ત્રી માનવી એ વિશે જૈન આચાર્યોમાં વિવાદ રહ્યો છે. કારણ કે આગમિક કાળથી ઉપાસકને માટે અપરિ-ગૃહીતા સ્ત્રીની સાથે સંભોગ કરવાનો નિષેધ ગણવામાં આવ્યો છે ભગવાન મહાવીરની પૂર્વે પાર્શ્વાપત્ય પરંપરાના શિથિલાચારી શ્રમણો ત્યાં સુધી કહેવા લાગ્યા કે વિવાહ કર્યા વિના કોઇ સ્ત્રી કામવાસનાની ઇચ્છા કરે તો તેની સાથે સંભોગ કરવામાં કોઇ પાપ નથી.

अवमेत्रे ३ पासत्था पन्नवंति अणारिया ।
इत्थीवसंगया बाला जिणसासणपरम्मुहा ॥
जहा गंडं पिलागं वा, परिपीलेज्ज मुहुतंत्रं  ।
एवं विन्नवणित्थीसु, दांसो तत्थ कओ सिया ॥

सूत्रकृतांग १/३/४ ९-१०

પાર્શ્વની પરંપરામાં બ્રહ્મચર્યવ્રત અપરિગ્રહને આધીન માનવામાં આવતું હતું, કારણ કે એ યુગમાં નારી પણ સંપત્તિ માનવામાં આવતી હતી. આવી સ્થિતિમાં અપરિગ્રહના વ્રતનો ભંગ ન હતો તેથી શિથિલાચારી શ્રમણો તેનો વિરોધ કરતા હતા. આ કારણને લીધે જ ભગવાન મહાવીરે બ્રહ્મચર્યને વ્રત તરીકે જોડ્યું હતું.

જો કે વેશ્ય અથવા ગણિકા પરસ્ત્રી ન હતી. પરસ્ત્રી નિષેધની સાથે સ્વપત્ની સંતોષવ્રતને પણ જોડ્યું હતું અને તેના અતિચારોમાં કહેવાયું કે ગૃહસ્થ ઉપાસ કે અપરિગૃહીત એટલે અવિવાહિત સ્ત્રી સાથે સંભોગ ન કરવો જોઇએ. જ્યારે એમ માનવામાં આવ્યું કે પરિગ્રહણ વિના સંભોગ સંભવ નથી ત્યારે દ્રવ્ય આપીને થોડા સમય માટે ગૃહીત વેશ્યા પણ પરિગૃહિતની કોટિમાં આવી જતી, પરિણામે ધન આપીને થોડા સમય માટે ગૃહિત સ્ત્રી સાથેનો સંભોગનો નિષેધ કરવામાં આવ્યો અને ગૃહસ્થ

ઉપાસકને માટે આજીવન ગૃહિત અથવા વિવાહિત સ્ત્રી સિવાય કોઈપણ પ્રકારનો યૌન સંબંધ નિષેધ ગણવામાં આવ્યો. (ઉપાસક દશા-૧-૪૮) જૈનાચાર્યોમાં સોમદેવ (૧૦મી સદી)માં એક એવા આચાર્ય હતા જેમણે શ્રાવકના સ્વપત્ની સંતોષવ્રતમાં વેશ્યાને ઉપપત્ની ગણીને તેનો ઉપભોગ રાજા અને શ્રેષ્ઠી વર્ગ માટે જરૂરી સમજવામાં આવ્યો. પરંતુ આ એક અપવાદ હતો.

આગમો અને આગમિક વ્યાખ્યાઓમાં પ્રાપ્ત માહિતીના આધાર પર એમ કહી શકાય કે અન્ય બધા લોકોની સાથે જૈન ધર્મ પ્રત્યે શ્રદ્ધાવાન સામાન્ય માણસ પણ કોઈને કોઈ રૂપે ગણિકાઓ સાથે સંબંધિત રહ્યા છે. આગમોમાં ઉલ્લેખ છે કે કૃષ્ણ વાસુદેવની દ્વારકિ નગરીમાં અનંગસેના પ્રમુખ અનેક ગણિકાઓ હતી.

**अणंगसेणा पामोवखाणं अणेगाणं गजियासाहस्सीणं**

**आवश्यक चूर्णि भाग १ पृ- ३५६**

સ્વયં ઋષભદેવની નીલાંજનાનું નૃત્ય જોતાં સમયે તેને મૃત્યુ માટે પ્રતિબોધિત કરવાની કથા દિગંબર પરંપરામાં જાણીતી છે. (આદિપુરાણ પૃ-૧૨૫)

જ્ઞાતા આદિમાં ગણિકાઓની સમાજમાં સન્માનપૂર્ણ સ્થિતિની માહિતી પણ મળે છે.

**आइढा जाव.. समितं मट्टितं महत्तरगतं आणा ईसर**

**सेणावच्चं कारेमाणी ।**

સમાજના સંપન્ન પરિવારોના લોકોનો વેશ્યાઓ સાથે સંબંધ હતો. તેની માહિતી આગમ, આગમિક વ્યાખ્યા સાહિત્ય અને જૈન પૌરાણિક સાહિત્યમાં વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે. કાન્હડ કઠિયારો અને સ્થૂલિભદ્રની કથા સુપ્રસિદ્ધ છે પરંતુ આ બધા ઉલ્લેખો પરથી એમ ન માનવું જોઈએ કે વેશ્યાવૃત્તિ માટે જૈન ધર્મ સંમત્તિ આપતો હતો અથવા જૈન આચાર્યો આ બાબત માટે ઉદાસીન હતા. જૈનાચાર્યો આ બાબતે સજાગ હતા અને કોઈપણ સ્થિતિમાં તેને યોગ્ય માનતા ન હતા. સાતમી આઠમી સદીમાં તો જૈન ધર્મના અનુયાયી બનવાની પ્રથમ શરત એ હતી કે વ્યકિતએ સાત ખરાબ વ્યસનોનો ત્યાગ કરવો, તેમાં પરસ્ત્રીગમન અને વેશ્યાગમન બન્નેને નિષેધ માનવામાં આવ્યા છે ઉપાસકદશામાં 'અસતીજન પોષણ' શ્રાવકને માટે નિષિદ્ધ કર્મ ગણવામાં આવ્યું છે.

આગમિક વ્યાખ્યાઓમાંથી પ્રાપ્ત થયેલા ઉલ્લેખો પરથી જણાય છે કે અનેક વેશ્યાઓ અને ગણિકાઓને પોતાની મર્યાદાઓ હતી. તે મર્યાદાઓનું તેઓ કયારેય ઉલ્લંઘન કરતી ન હતી. કાન્હડ કઠિયારની અને સ્થૂલિભદ્રની કથા આ વાતનું સમર્થન કરે છે, આવી વેશ્યાઓ અને ગણિકાઓ પ્રત્યે જૈનાચાર્ય અનુદાર ન હતા. તેઓને માટે ધર્મ સંઘના દ્વાર પ્રવેશ માટે ખુલ્લા હતા તેઓ શ્રાવિકાઓ બની શકતી હતી. કોશાવેશ્યાના આવાસમાં જૈન મુનિઓને નિઃસંકોચ ભાવે ચાતુર્માસ વ્યતીત કરવાની અનુજ્ઞા આચાર્ય આપતા હતા. મથુરાના શિલાલેખ એ વાતની સાક્ષી પૂરે છે કે ગણિકાઓ જિન-મન્દિર અને પૂજાપટ્ટ બનારાવતી હતી.

(જૈન શિલાલેખ સંગ્રહ ભાગ-૨)

(અભિલેખ ક્રમાંક -૮)

જૈનાચાર્યોનો ઉદાર દ્રષ્ટિકોણ આ પતિત વર્ગના ઉદ્ધાર કરવા માટે પ્રતિષ્ઠા આપતો હતો.

## નારી - શિક્ષણ

નારી શિક્ષણ બાબતે જૈન આગમો અને આગમિક વ્યાખ્યાઓમાં જે માહિતી મળે છે તેના આધાર પર એમ કહી શકાય કે પ્રાચીન કાળમાં નારીને યોગ્ય શિક્ષણ આપવામાં આવતું હતું, અર્પક્ષાકૃત પરવર્તી આગમ, જમ્બૂદ્વિપપ્રજ્ઞપ્તિ, આવશ્યકચૂર્ણિ અને દિગંબર પરંપરાના આદિપુરાણ વગેરેમાં ઉલ્લેખ મળે છે કે ઋષભદેવે પોતાની પુત્રીઓ બ્રાહ્મી અને સુન્દરીને ગણિત અને લિપિ વિજ્ઞાનનું શિક્ષણ આપ્યું હતું. એટલું જ નહી જ્ઞાતધર્મકથા અને જંબુદ્વીપપ્રજ્ઞાપ્તિમાં સ્ત્રીની ચોસઠ કળાઓનો ઉલ્લેખ પણ મળે છે જો કે અહીં તેના નામો આપવામાં આવ્યા નથી તે છતાં કન્યાઓને આ શિક્ષણ આપવામાં આવતું હતું. જંબૂદ્વિપપ્રજ્ઞાપ્તિની ટીકામાં આનું વર્ણન મળે છે. (જંબુદ્વિપ પ્રજ્ઞપ્તિ શાન્તિસૂરિયવૃત્તિ અધિકાર ૨,૩૦)

આશ્ચર્યજનક વાત એ છે કે જ્યાં જ્ઞાતધર્મકથામાં પુરુષની બોંતેર કલાઓનું વર્ણન છે ત્યાં નારીની ચોસઠ કલાઓનો માત્ર નિર્દેશ છે, તે છતાં એટલું તો નિશ્ચિત કે ભારતીય સમાજમાં આ વિચારણા પાક્કી બની ચૂકી હતી. જ્ઞાત ધર્મકથામાં દેવદત્તા ગણિકાને ચોસઠ કળાઓમાં પ્રવીણ, ચોસઠ ગણિકાગુણોમાં કુશળ (કામકળામાં કુશળ) ઓગણીસ પ્રકારના રમણ કરવામાં પ્રવિણ, એકવીસ રતિગુણોમાં પ્રધાન, બત્રીસ પુરુષોપચારમાં કુશળ, નવાંગસૂત્રની જ્ઞાતા અને અઢાર દેશી ભાષાઓમાં વિશારદ કહેવામાં આવી છે. (જ્ઞાન ધર્મકથા ૪/૬/) આ સૂચી જોઇને એમ લાગે છે કે સ્ત્રીઓને તેની પ્રકૃતિ અને શકિત અનુસાર ભાષા, ગણિત, લેખનકળા વગેરેની સાથે સાથે સ્ત્રીઓને ઉચિત એવી નૃત્ય, સંગીત અને લલિતકતાઓ તથા પાક-શાસ્ત્ર વગેરેનું શિક્ષણ આપવામાં આવતું હતું.

જો કે આગમો અને આગમિક વ્યાખ્યાઓ એ બાબતમાં સ્પષ્ટ નથી કે આ શિક્ષણ તેને ઘરમાં જ આપવામાં આવતું હતું કે ગુરૂકુળમાં જઇને તે અભ્યાસ કરતી હતી. સ્ત્રી-ગુરુકુલના સંદર્ભનો અભાવ હોવાથી એમ પ્રતીત થાય છે કે તેને શિક્ષણ ઘરમાં જ આપવામાં આવતું હતું. સંભવ છે કે ઘરની પ્રૌઢ મહિલાઓ તેના શિક્ષણની વ્યવસ્થા કરતી હતી. પરંતુ સંપન્ન પરિવારોમાં આ કાર્ય માટે જુદા જુદા દેશોની દાસીઓ અને ગણિકાઓને નીમવામાં આવતી હતી. જે તેને કલાઓમાં પારંગત બનાવતી હતી. આગમિક વ્યાખ્યાઓમાં એવો એક પણ ઉલ્લેખ મળતો નથી જે સહ-શિક્ષણનો નિર્દેશ કરતો હોય. નારીના ગૃહસ્થ જીવન સંબંધી આ શિક્ષણ પ્રાપ્તિ કરવાના અધિકારમાં પ્રાગ ઐતિહાસિક કાળથી લઇને આગમિક વ્યાખ્યાઓના કાળ સુધી વિશેષ પરિવર્તન થયું હોય એમ લાગતું નથી. માત્ર વિષય વસ્તુમાં ક્રમિક વિકાસ થયો હશે તે છતાં લૌકિક શિક્ષણની બાબતમાં સ્ત્રી અને પુરુષની પ્રકૃતિ અને કાર્યના આધાર પર ભેદ કરવામાં આવ્યો હતો. પરંતુ એનો અર્થ એવો નથી થતો કે સ્ત્રી અને પુરુષમાં કોઇ ભેદભાવ કરવામાં આવતો હતો. નારીને તેને જરૂરી એવું દરેક પ્રકારનું સંપૂર્ણ શિક્ષણ આપવામાં આવતું હતું. એ વાત સાચી છે કે તે સમયમાં સ્ત્રી અને પુરુષ બંનેને માટે કર્મ-પ્રધાન શિક્ષણનો વિશેષ પ્રચાર હતો.

જયાં સુધી ધાર્મિક - આધ્યાત્મિક શિક્ષણનો પ્રશ્ન છે ત્યાં તે તેને ભિક્ષુણીઓ દ્વારા આપવામાં આવતું હતું. સૂત્રકૃતાંગ પરથી જાણવા મળે છે કે જૈન પરંપરામાં ભિક્ષુને સ્ત્રીઓને શિક્ષણ આપવાનો અધિકાર ન હતો. (સૂત્રકૃતાંગ ૧,૪,૧૧૧) તેઓ માત્ર સ્ત્રી-પુરુષોની સંયુકત સભાને ઉપદેશ આપી શકતા હતા. સામાન્ય રીતે ભિક્ષુણીઓ અને ગૃહસ્થ ઉપાસિકાઓ બંનેને સ્થવિરા ભિક્ષુણીઓ દ્વારા શિક્ષણ આપવામાં આવતું હતું. તે છતાં આગમો અને આગમિક વ્યાખ્યાઓમાં કેટલીક માહિતી ઉપલબ્ધ થાય છે જેના આધાર પર કહી શકાય કે આચાર્ય અને ઉપાધ્યાય પણ કયારેક કયારેક તેમને શિક્ષણ આપતા હતા.

વ્યવહાર સૂત્રમાં ઉલ્લેખ છે કે ત્રણ વર્ષના પર્યાયવાળા નિગ્રંથ તીસ વર્ષના પર્યાયવાળી ભિક્ષુણીના ઉપાધ્યાય તથા પાંચ વર્ષ પર્યાયવાળા નિગ્રંથ સાંઠ વર્ષના પર્યાયવાળી શ્રમણીના આચાર્ય બની શકે છે.

**कप्पइ निग्गंथीणं विइकिट्ठ ए काले सज्झायं**

**करेतए निग्गंथ निस्साए ।**

**(तथा) पचवासपरियाए समणे निग्गंथे, सटिठवास**

**परियाह समणीए निग्गंथीए कापइ आयरिय उवज्झायता ए उदिएदसिताए।**

વ્યવહારસૂત્ર

૭, ૧૫, અને ૨૦

જયાં સુધી સ્ત્રીઓને માટે ધર્મગ્રંથના અધ્યયનનો પ્રશ્ન છે ત્યાં સુધી પ્રાચીન કાળમાં એવું કોઈપણ પ્રકારનું બંધન હોય એવું જાણવા મળતું નથી. અન્તકૃતદશા વગેરે આગમ ગ્રંથોમાં એવા અનેક ઉલ્લેખો મળે છે જેમાં ભિક્ષુણીઓ દ્વારા સામાયિક વગેરેના અગિયાર અંગોનું અધ્યયન કરવામાં આવતું હતું. છતાં પણ આગમોમાં એવો કયાંય સ્પષ્ટ ઉલ્લેખ નથી મળતો કે સ્ત્રી દ્રષ્ટિવાદનું અધ્યયન ન કરી શકે. અને એવો પણ કોઇ નકકર પુરાવો ઉપલબ્ધ નથી થયો કે જેન આધાર પર એમ કહી શકાય કે સ્ત્રીઓ

દ્રષ્ટિવાદનું અધ્યયન કરતી હતી. પરંતુ આગમિક વ્યાખ્યાઓમાં સ્પષ્ટરૂપે દ્રષ્ટિવાદનું અધ્યયન સ્ત્રીઓને માટે નિષેધ માનવામાં આવ્યો છે. ભિક્ષુણીઓને માટે દ્રષ્ટિવાદનો નિષેધ કરતા કહેવાયું છે કે સ્વભાવની ચંચળતા, અને બુદ્ધિ-પ્રકર્ષની ઓછપને લીધે દ્રષ્ટિવાદના અધ્યયનનો નિષધ કરવામાં આવ્યો છે. એક તરફ એમ માનવામાં આવે છે કે સ્ત્રીને સર્વોચ્ચ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે છે તો એમ કહેવું ખોટું છે કે સ્ત્રીમાં બુદ્ધિની તેજસ્વિતા ઓછી છે. એમ લાગે છે કે હિંદુ પરંપરામાં જે નારી વૈદિક ઋચાઓની સર્જક હતી તેને વેદોના અધ્યયનથી વંચિત કરવામાં આવી, આના પ્રભાવમાં આવીને એ નારી કે જે તીર્થંકરના રૂપમાં અંગ અને મૂળ સાહિત્યનું મૂળ સ્રોત હતી તેને દ્રષ્ટિવાદના અધ્યયનથી વંચિત કરી દેવામાં આવી. તેનું કારણ એ પણ હોય કે દ્રષ્ટિવાદનો મુખ્ય વિષય મુખ્યત્વે દાર્શનિક અને તાર્કિક હતો એટલે એવા જટિલ વિષયના અધ્યયનને એને માટે યોગ્ય ન માનીને તેનો નિષેધ કરવામાં આવ્યો.

બ્રહ્મકલ્પભાષ્ય અને વ્યવહારભાષ્યની પીઠિકામાં તેને માટે મહાપરિજ્ઞા, અરુણોપપાત અને દૃષ્ટિવાદના અધ્યયનનો નિષેધ કરવામાં આવ્યો. પરંતુ આગળ જતાંનિશીથ વગેરે અપરાધ અને પ્રાયશ્ચિત સંબંધી ગ્રંથોના અધ્યયનથી પણ તેને વંચિત રાખવામાં આવી. નિશીથ વગેરે ગ્રંથોના નિષેધનું એક મૂળ કારણ એ પણ હતું કે અપરાધોની જાણકારીથી કયાં તો તે અપરાધો કરવા તરફ વળે અથવા તો પુરુષ દંડ આપવાનો અધિકાર પોતાની પાસે સુરક્ષિત રાખવા માંગતો હતો. પરંતુ નિષેધનો આ ક્રમ આગળ વધતો જ ગયો. બારમી તેરમી સદી પછી એક યુગ એવો પણ આવ્યો જેમાં તેની પાસેથી આગમોના અધ્યયનનો અધિકાર છીનવી લેવામાં આવ્યો એટલું જ નહિ પણ તેનો ઉપદેશ આપવાનો અધિકાર પણ સમાપ્ત કરી દેવામાં આવ્યો. આજે પણ શ્વેતાંબર મૂર્તિપૂજક પરંપરામાં તપાગચ્છમાં ભિક્ષુણીઓને આ અધિકારથી વંચિત રાખવામાં આવી છે. પરંતુ પુર્નજાગૃતિના પ્રભાવ હેઠળ આજે મોટાભાગે જૈન સંપ્રદાયોમાં સાધ્વીઓ આગમોનું અધ્યયન અને પ્રવચનનું કાર્ય કરી રહી છે.

નિષ્કર્ષ રૂપે એમ કહી શકાય કે પ્રાચીન કાળ અને આગમ યુગની અપેક્ષાએ આગમિક વ્યાખ્યા યુગમાં કેટલીક હદ સુધી નારીનો શિક્ષણનો અધિકાર મર્યાદિત કરવામાં આવ્યો હતો, તુલનાત્મક દૃષ્ટિએ એ પણ સ્પષ્ટ થાય છે કે નારી-શિક્ષણના પ્રશ્ન પર વૈદિક અને જૈન પરંપરામાં કોઈ પ્રકારે સમાંતર પરિવર્તન થતું ગયું. આગમિક વ્યાખ્યા સાહિત્યના યુગમાં માત્ર શિક્ષણના ક્ષેત્રમાં જ નહિ પણ ધર્મક્ષેત્રે અને સામાજિક જીવનમાં પણ સ્ત્રીની ગરિમા અને અધિકાર મર્યાદિત થતાં ગયાં. એનું મુખ્ય કારણ હિંદુ પરંપરાનો પ્રભાવ હતો. પરંતુ તેની સાથે દિગંબરત્વનતાં અતિ આગ્રહે પણ મહત્વની ભૂમિકા ભજવી છે. તે છતાં શ્વેતાંબર પરંપરા અપેક્ષા પ્રમાણે ઉદાર રહી છે પરંતુ સમયના પ્રભાવથી એ પણ બચી શકી નથી. તેમાં પણ શિક્ષણ, સમાજ અને ધર્મસાધનાના ક્ષેત્રમાં આગમ યુગની અપેક્ષાએ આગમિક વ્યાખ્યા યુગમાં નારીના અધિકાર મર્યાદિત કરવામાં આવ્યા.

આ પ્રમાણે કાલક્રમે જૈન ધર્મમાં પણ ભારતીય હિંદુ સમાજના પ્રભાવને કારણે નારીને તેના અધિકારોથી વંચિત કરવામાં આવી. છતાં પણ ભિક્ષુણી સ્વરૂપે તેની ગરિમાને કેટલીક હદ સુધી સુરક્ષિત રાખવામાં આવી હતી.

## ભિક્ષુણી સંઘ અને નારીની ગરિમા

જૈન ધર્મમાં ભિક્ષુણી સંઘના દ્વાર કોઈપણ પ્રકારના ભેદભાવ વિન કોઈ પણ જાતિ, વર્ણ કે વર્ગની સ્ત્રીઓ માટે ખુલ્લાં હતા. જૈન ભિક્ષુણી સંઘમાં પ્રવેશ માટે સામાન્ય રીતે એવી સ્ત્રીઓ અયોગ્ય માનવામાં આવતી હતી જે બાલિકા અથવા અતિવૃદ્ધ શોય, અથવા મૂર્ખ કે પાગલ હોય, તે ચેપી અથવા અસાધ્ય રોગથી પીડાતી હોય, જે આંધળી, પંગુ કે લૂલી હોય. બીજુ સ્ત્રીઓને માટે ભિક્ષુણીસંઘમાં પ્રવેશ એવી અવસ્થામાં વાર્જિત છે જયારે તે ગર્ભવતી હોય અથવા એની ગોદમાં દુધ પીતું બાળક હોય. તે ઉપરાંત તેના સંરક્ષક અર્થાત્ માતા-પિતા, પતિ, પુત્રની આજ્ઞા ન મળે ત્યાં સુધી તેને ભિક્ષુણી સંઘમાં પ્રવેશ મળતો નથી. તે છતાં કયારેક સુરક્ષા આપવા માટે વિશેષ પરિસ્થિતિઓમાં એવી સ્ત્રીઓને પણ સંઘમાં પ્રવેશ આપવાની અનુમતિ આપવામાં આવતી હતી. નિરવાલિયકા સુત્ર પ્રમાણે સુભદ્રાએ તેના પતિની આજ્ઞાથી વિરુદ્ધ ભિક્ષુણી સંઘમાં પ્રવેશ કરી લીધો હતો. સ્થાનાંગ પ્રમાણે ગર્ભિણી સ્ત્રીનો ભિક્ષુણી સંઘમાં પ્રવેશ વર્જિત હતો. પરંતુ ઉત્તરાધ્યયનનિર્યુકિત, આવશ્યકનિર્યુકિત, આવશ્યકચૂર્ણિમાં એવા સંકેતો મળે છે તે પ્રમાણે કેટલીક સ્ત્રીઓએ પોતે ગર્ભવતી હોવા છતાં ભિક્ષુણી સંઘમાં દીક્ષા ગ્રહણ કરી હતી. મદનરેખા પોતાના પતિની હત્યા થવાથી જંગલમાં ભાગી ગઈ અને ત્યાં ભિક્ષુણી સંઘમાં તેને પ્રવેશ કર્યો. એ પ્રમાણે પદ્માવતી અને યશભદ્રાએ ગર્ભવતી હોવા છતાં ભિક્ષુણી સંઘમાં પ્રવેશ કર્યો હતો અને ત્યાર બાદ તેમને પુત્ર જન્મયો હતો. આ અપવાદ

નિયમોની પાછળ જૈન આચાર્યોની મૂળ દ્રષ્ટિ એ હતી કે નારી અને ગર્ભસ્થ શિશુનું જીવન સુરક્ષિત રહે. કારણ કે એવી પરિસ્થિતિમાં એને સંઘમાં પ્રવેશ ન આપવામાં આવે તો કદાચ એનું જીવન અને શીલ બંને મુશ્કેલીમાં મુકાઇ જાય. અને કોઇપણ સ્ત્રીનું જીવન અને શીલ બંને સુરક્ષિત રાખવા એ સંઘનું સર્વોપરી કર્તવ્ય હતું. માટે આપણે કહી શકીએ કે નારીનું શીલ અને જીવનની સુરક્ષા અને તેના આત્મનિર્ણયનો અધિકારને માન્ય રાખવાના હેતુ પતિની અનુમતિ વિના અથવા ગર્ભવતી હોય તેવી સ્થિતિમાં પણ તેને ભિક્ષુણી સંઘમાં પ્રવેશ આપવામાં આવતો હતો. આ નારીના પ્રત્યે જૈન સંઘની ઉદાર અને ગરિમાપૂર્ણ દૃષ્ટિ હતી.

સામાન્ય રીતે સાધનાની દ્રષ્ટિએ ભિક્ષુ-ભિક્ષુણીઓને આહાર, ભિક્ષાચર્યા, ઉપાસના વગેરે માટેના નિયમો એક સરખા હતા. પરંતુ સ્ત્રીઓની પ્રકૃતિ અને સામાજિક સ્થિતિને ધ્યાનમાં રાખીને ભિક્ષુણીઓને માટે વસ્ત્રો સંબંધી ખાસ નિયમો બનાવવામાં આવ્યા હતા. ઉદાહરણ તરીકે જયાં ભિક્ષુ સંપૂર્ણ વસ્ત્રોનો ત્યાગ કરીને રહી શકતા હતા. ત્યાં ભિક્ષુણીને માટે નગ્ન રહેવાનું વર્જિત માનવામાં આવ્યું હતું. એટલું જ નહીં પણ એની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તેના વસ્ત્રોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો હતો. જયાં ભિક્ષુને માટે અધિકતમ ત્રણ વસ્ત્રો રાખવાનું કહ્યું હતું ત્યાં ભિક્ષુણીઓને માટે ચાર વસ્ત્રો રાખવાનું કહ્યું. હતું. આગળ જતાં આગમિક વ્યાખ્યા સાહિત્યમાં તેને માટે માત્ર શરીર ઢાંકવાની વ્યવસ્થા કરવામાં આવી હતી, પરંતુ શીલની સુરક્ષા માટે તેને એવા વસ્ત્રો પહેરવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે જેનાથી તેનું શીલભંગ કરનાર વ્યકિતને જરાપણ તક ન મળે આ પ્રમાણે શીલની સુરક્ષાની દ્રષ્ટિએ ભિક્ષુણીને એકલા ભિક્ષુ માટે જવાનું વર્જિત ગણવામાં આવતું હતું. ભિક્ષુણીઓ ત્રણ અથવા તેનાથી વધારે સંખ્યામાં ભિક્ષા લેવા જઇ શકતી હતી. સાથે એવો પણ નિર્દેશ હતો કે યુવાન ભિક્ષુણી વૃદ્ધ ભિક્ષુણીને સાથે લઇને જાય. જયાં ભિક્ષુ છ કિલોમીટર સુધી ભિક્ષા લેવા જઇ શકતો હતો ત્યાં ભિક્ષુણીનેમાટે સામાન્ય પરિસ્થિતિઓમાં ભિક્ષા લેવા ઘણે દૂર સુધી જવાનું નિષેધ હતું. આ પ્રકારે ભિક્ષુણીઓને માટે દ્વાર વિનાના ઉપાશ્રયોમાં રોકાવાનું પણ વર્જિત હતું. આ બધાં પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય નારીના શીલની સુરક્ષાનો હતો, કારણ કે શીલ પર જ નારીના સન્માનનો આધાર હતો. માટે તેના શીલની સુરક્ષાના હેતુથી વિવિધ નિયમો અને અપવાદોનું સર્જન કરવામાં આવ્યું હતું.

નારીના શીલની સુરક્ષા માટે જૈન આચાર્યોએ એવો નિયમો બનાવ્યા હતા જેના દ્વારા ભિક્ષુણીઓને પુરુષ અથવા ભિક્ષુઓના સંપર્કને સીમિત કરવામાં આવે. તેથી ચારિત્ર સ્ખલનની સંભાવનઓ ઓછામાં ઓછી રહે. ફલસ્વરૂપે ભિક્ષુણીઓને ભિક્ષુઓ સાથે રોકાવાનું અથવા વિહાર કરવાનું નિષિદ્ધ માનવામાં આવ્યું છે એટલું જ નહિ પણ એવા સ્થળ પર નિવાસ વર્જિત માનવામાં આવ્યો છે, જયાં નજીકમાં જ ભિક્ષુ અથવા ગૃહસ્થ રહેતા હોય. ભિક્ષુઓ સાથે વાતચીત કરવી અથવા એમણે લાવીને આપેલા વસ્ત્રો પાત્રો ભિક્ષા વગેરેને ગ્રહણ કરવાનું પણ તેને માટે વર્જિત ગણાવ્યું હતું. એકબીજાનો સ્પર્શ તો વર્જિત ગણવામાં આવતો જ હતો. પણ એકાંતમાં એકબીજાની સાથે વાતચીત કરવાનો પણ નિષેધ હતો, જો ભિક્ષુઓ સાથે વાર્તાલાપ જરૂરી હોય તો બીજી મોટી ભિક્ષુણીને આગળ રાખીને સંક્ષિપ્ત વાર્તાલાપની અનુમતિ આપવામાં આવી હતી. આ બધાં નિયમો એટલા માટે બનાવ્યા હતા કે કામવાસનાની જાગૃતિ અને ચારિત્રિક સ્ખલનના અવસર ઉપસ્થિત ન થાય. અથવા ભિક્ષુઓ અને ગૃહસ્થોના આકર્ષણ અને વાસનાનો શિકાર બનીને ભિક્ષુણીના શીલની સુરક્ષા ભયમાં મૂકાય.

બીજી તરફ તેઓના શીલની સુરક્ષા માટે અપવાદિક સ્થિતિઓનાં તેઓને ભિક્ષુઓના સાન્નિધ્યમાં રહેવાનું તથા યાત્રા કરવાનું યોગ્ય મનાયું હતું, એમ પણ કહેવાયું કે આચાર્ય, યુવાભિક્ષુ, અને વૃદ્ધાભિક્ષુણીઓ યુવાન ભિક્ષુણીઓને પોતાના સંરક્ષણમાં રાખીને યાત્રા કરે. આવી યાત્રાઓમાં વ્યૂહરચના કરીને યાત્રા કરવામાં આવતી હતી. સૌથી આગળ આચાર્ય અને વૃદ્ધ ભિક્ષુગણ, ત્યારબાદ યુવાન ભિક્ષુઓ, પછી વૃદ્ધ ભિક્ષુણીઓ, તેમની પછી યુવાન ભિક્ષુણીઓ, ફરીથી તેમની પછી વૃદ્ધ ભિક્ષુણીઓ અને અંતમાં યુવાન ભિક્ષુઓ રહેતા હતા. નિશીથચૂર્ણિ વગેરેમાં એવો પણ ઉલ્લેખ છે કે ભિક્ષુણીઓના શીલની રક્ષા માટે જરૂરત પડે ભિક્ષુઓ એવા મનુષ્યોની હિંસા પણ કરતા હતા જેઓ ભિક્ષુણીઓના ચારિત્રનો ભંગ કરવાનો પ્રયાસ કરે. આ અપરાધને પ્રાયશ્ચિતને યોગ્ય માનવામાં આવતો ન હતો. ભિક્ષુણીઓને બીજી પણ કેટલક પરિસ્થિતિઓમાં ભિક્ષુઓના સાનિધ્યમાં નિવાસ કરવાની અનુમતિ આપવામાં આવી હતી. ભિક્ષુભિક્ષુણીઓ યાત્રા કરતાં કરતાં કોઇ નિર્જન ગહન વનમાં પહોંચી ગયા હોય અથવા ભિક્ષુણીઓને નગરમાં દેવાલયમાં રહેવા માટે અન્યત્ર કોઇ સ્થાન ઉપલબ્ધ ન થયું હોય અથવા તેઓના પર બળાત્કાર

અને વસ્ત્ર પાત્ર આદિના અપહરણની સંભાવના પ્રતીત થતી હોય એ પ્રકારે વિક્ષુબ્ધચિત્ત અથવા અતિરોગી ભિક્ષુની પરિચર્યા માટે જો કોઇ ભિક્ષુ ન હોય તો ભિક્ષુણી તેની પરિચર્યા કરી શકતી હતી. ભિક્ષુઓને માટે પણ સામાન્ય રીતે ભિક્ષુણીનો સ્પર્શ વર્જિત ગણાતો પરંતુ ભિક્ષુણી કીચડમાં ફસાઇ ગઇ હોય, નાલમાં ચઢવાં ઊતરવામાં તકલીફનો અનુભવ કરતી હોય અથવા જયારે પ્રાણી હિંસા અથવા શીલભંગનો પ્રયત્ન થતો હોય એવી સ્થિતિમાં ભિક્ષુ-ભિક્ષુણીનો સ્પર્શ તેમને સુરક્ષા આપતો હતો. જૈન પરંપરામાં આચાર્ય કાલકની કથા આ વાતની સાક્ષી પૂરે છે, ભિક્ષુણીના શીલની સુરક્ષાને જૈન સંઘનું અનિવાર્ય અને પ્રાથમિક કર્તવ્ય માનવામાં આવ્યું છે.

આમ આપણે જોઇ શકીએ છીએ કે જૈન પરંપરામાં નારીના શીલની સુરક્ષા માટે પૂરતા પ્રમાણમાં સજાગતા રાખવામાં આવતી હતી.

એટલું જ નહીં જૈનાચાર્યોએ પોતાની દંડ વ્યવસ્થા અને સંઘ વ્યવસ્થામાં પણ નારીની પ્રકૃતિને સમ્યક્ રૂપે સમજવાનો પ્રયત્ન કર્યો છે. પુરુષના બળાત્કાર અને અત્યાચારોથી દુ:ખી થયેલી નારીને તેઓએ ધુત્કારી નહીં પણ તેનો ઉદ્ધાર કર્યો. જૈન દંડવ્યવસ્થામાં એવી ભિક્ષુણીઓ માટે કોઇપણ પ્રકારના દંડની વ્યવસ્થા કરી ન હતી જે બળાત્કારનો ભોગ બનીને ગર્ભવતી થઇ હોય. પરંતુ તેની અને તેના ગર્ભસ્થ બાળકના સંરક્ષણની જવાબદારી સંઘની મનાતી હતી. પ્રસવ ઉપરાંત બાળક મોટું થઇ જાય ત્યાર પછી તે ફરીથી ભિક્ષુણી થઇ શકતી હતી. આ પ્રમાણે આવેગમાં આવી ચારિત્રિક સ્ખલનનો શિકાર બની હોય તેવી સ્ત્રીનો તિરસ્કાર કરવામાં આવતો ન હતો. પરંતુ તેને સુધરવાની તક આપવામાં આવતી હતી. આ વાતનું સમર્થન કરતાં કહેવાયું છે કે પુરમાં ખેંચાયેલી નદી ફરીથી પોતાના માર્ગ પર નથી આવતી? જૈનોની પ્રાયશ્ચિત વ્યવસ્થામાં સ્ત્રીઓ અથવા ભિક્ષુણીઓ માટે પરિહાર અને પારીઝિવક (નિષ્કાસન) જેવા કઠોર દંડ વર્જિત માનવામાં આવ્યા હતા. કારણ કે આવી કડોર સજાને પરિણામે તે નિરાશ્રિત થઇને વેશ્યાવૃત્તિ જેવા અનૈતિક કર્મ તરફ ખેંચાતી હતી. આ રીતે જૈનાચાર્યોનો નારી પરત્વે દ્રષ્ટિકોણ સદૈવ સજાગ અને ઉદાર રહ્યો છે.

જૈન ધર્મનો ભિક્ષુણી સંઘ અનાથ, પરિત્યકતા અને વિધવા સ્ત્રીઓને સન્માનપૂર્વક જીવવા માર્ગ બતાવતા હતા આ કારણે પ્રાચીન કાળથી આજ સુધી જૈન ધર્મ અભાગી નારીઓ માટે આશ્રયસ્થાન બન્યો છે.

જૈન ધર્મના વિકાસ અને પ્રચારમાં નારીની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે. આજે પણ સમાજમાં ભિક્ષુઓ કરતાં ભિક્ષુણીઓની સંખ્યા ત્રણગણી કરતાં પણ વધારે છે તે એ વાતની પ્રતીતિ કરાવે છે કે સમાજ પર તેનો પ્રભાવ છે. વર્તમાન યુગમાં પણ એવી અનેક સાધ્વીઓ થઇ છે કે જેમનો સમાજ પર ઘણો પ્રભાવ પડયો છે. સ્થાનકવાસી પરંપરાના પંજાબસિંહની સાધ્વી પાર્વતીજી. જે પોતાની વિદ્વતા અને પ્રભાવશીલતા માટે જાણીતા છે. જૈન ધર્મના કટ્ટર વિરોધીઓ પણ તેના તર્ક અને ગુણવત્તા સામે થાકી જતા. સાધ્વી યશકુંવરજી જેમણે મૂંગા પશુઓની બલિ બંધ કરાવવા માટે અનેક સંઘર્ષો કર્યા અને પોતાના શૌર્ય અને વાક્ ચાતુર્ય દ્વારા અનેક સ્થળોમાં પશુબલિ સમાપ્ત કરાવ્યો. આ ક્રમમાં સ્થાનકવાસી પરંપરામાં માલવસિંહની સાધ્વી શ્રી રત્નકુંવરજી અને મહારાષ્ટ્ર ગૌરવ સાધ્વીશ્રી ઉજ્જવલકુંવરજીનું નામ લઇ શકાય જેમનો પ્રભાવ કોઇ પણ આચાર્ય કરતાં ઓછો ન હતો. મૂર્તિપૂજક પરંપરામાં વર્તમાન યુગમાં સાધ્વીશ્રી વિચક્ષણાજી, મણિપ્રભાશ્રીજી, અને સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજીના નામો એવા છે કે જેમના વ્યકિતત્વ અને કાર્યો બંને તેમની યશોગાથાને પ્રકાશિત કરે છે. એ જ પ્રમાણે દિગંબર પરંપરામાં આર્યિકા જ્ઞાનમતીજીનો પણ ઘણો પ્રભાવ છે. તેમને પ્રકાશિત કરેલા ગ્રંથોની સૂચિ તેમની વિદ્વત્તાનો પરિચય કરાવે છે.

આપણે એમ કહી શકીએ કે જૈન ધર્મમાં તેના અતીતથી શરૂ કરીને વર્તમાન સુધી નારીની અને વિશેષ કરીને ભિક્ષુણીઓની એક મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે જૈન ધર્મે નારીને સન્માનિત કરી, ગૌરવાન્વિત કરી તેના શીલના રક્ષણનો પ્રયાસ કર્યો અને તેના આધ્યાત્મિક વિકાસનો માર્ગ મોકળો કર્યો. બ્રાહ્મી, સુન્દરી, અને ચંદનાથી શરૂ કરીને આજ સુધી અનેક સતી સાધ્વીઓએ પોતાના ચારિત્રબળ તથા સંયમ સાધના વડે જૈન ધર્મની ધ્વજા લહેરાતી રાખી.

**■ ડૉ. સાગરમલ જૈન**

# વિભિન્ન ધર્મોમાં નારીની સ્થિતિની તુલના

## હિન્દુ ધર્મ અને જૈનધર્મ

હિંદુ ધર્મમાં વૈદિક યુગમાં નારીની ભૂમિકા ધાર્મિક અને સામાજિક બંને ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ માનવામાં આવતી હતું. તેને પુરુષ સમોવડી માનવામાં આવતી હતી. સ્ત્રીઓએ રચેલ અનેક વેદ-ઋચાઓ અને યજ્ઞ વગેરે ધાર્મિક કર્મકાંડોમાં પત્નીની અનિવાર્યતા આ વાતની સાક્ષી પૂરે છે. મનુના આ ઉદગારો.

## નાર્યસ્તુ યત્ર પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા

અર્થાત્ જયાં નારીની પૂજા થાય છે ત્યાં દેવતાઓ વાસ કરે છે આ વાત પણ સાબિત કરે છે કે હિંદુ ધર્મમાં પ્રાચીનકાળથી નારીનું સ્થાન મહત્વપૂર્ણ રહ્યું છે. આગળ વધીને દેવી ઉપાસનાના રૂપમાં સરસ્વતી, લક્ષ્મી, મહાકાલી અને દેવીઓની ઉપાસના આ બધી વાતની સાક્ષી છે કે નારી ફકત ઉપાસક જ નથી પણ ઉપાસ્ય પણ છે. વૈદિક યુગથી શરૂ કરીને યંત્રયુગના પ્રારંભ સુધી નારીની મહત્તાના અનેક પ્રમાણો આપણને હિંદુધર્મમાં મળે છે અને સ્મૃતિયુગથી ક્રમશઃ નારીને પુરુષને અધીન બનાવવાને પ્રયત્ન શરૂ થઇ ચૂકયો હતો અને એમાં ત્યાં સુધી કહેવાયું કે નારીને બાલ્યકાળમાં પિતાને આધીન, યુવાવસ્થામાં પતિને આધીન છે. કયારેય સ્વતંત્ર નથી. સ્મૃતિકાળમાં તેને સંપત્તિના અધિકારથી વંચિત કરવામાં આવી હતી અને સામાજિક જીવનમાં તેના માત્ર દાસી અથવા ભોગ્યા સ્વરૂપ પર ભાર મૂકવામાં આવ્યો હતો. પતિની સેવાને જ તેનું એક માત્ર કર્તવ્ય માનવામાં આવ્યું.

દુઃખતો એ વાતનું છે કે અધ્યયનન ક્ષેત્રમાં પણ વેદ-ઋચાઓની સર્જક નારીને એ જ વેદઋચાઓના અધ્યયનથી વંચિત કરી દેવામાં આવી. તેના કાર્યક્ષેત્રને સંતાન ઉત્પત્તિ, સંતાનપાલન, ગૃહકાર્ય તથા પતિની સેવા સુધી સીમિત કરીને તેને ઘરની ચાર દિવાલોમાં કેદ કરી દીધી. હિંદુ આગમનની સાથે વધતી ગંઇ. રામચરિત માનસના રચયિતા યુગ-કવિ સંત તુલસીદાસે પણ કહેવું પડયું.

ढोर गँवार शुद्र पशु नारी ।
ये सब ताडनके अधिकारी ॥

હિંદુ ધર્મનો મધ્યયુગનો ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે બહુપત્ની પ્રથા અને સતીપ્રથા જેવી ક્રૂર પ્રથાઓનો જન્મ થથાં તેમાં નારીતાં મહત્વ અને મૂલ્યને સમાપ્ત કરી નાંખવામાં આવ્યું હતું. વર્તમાન સમાજ વ્યવસ્થામાં પણ હિંદુ ધર્મમાં નારીને પુરુષ સમાન ગૌરવપૂર્ણ સ્થાન પ્રાપ્ત થયું છે એમ કહેવું મુશ્કેલ છે તે છતાં નારી ચેતનામાં પુન : જાગૃતિ આવી છે. પરંતુ એક વાતનો ડર છે કે પશ્ચિમના અનુકરણમાં કયાંક એ ખોટી દિશામાં વળી ન જાય.

હિંદુ ધર્મમાં સંન્યાસની વિચારણાને સ્થાન મળેલું છે અને પ્રાચીનકાળથી હિંદુ સંન્યાસીનીઓના ઉલ્લેખો પણ મળે છે તે છતાં સંન્યાસીનીઓના આચાર- વ્યવહાર વિશે હિંદુધર્મગ્રંથો મોટાભાગે મૌન સેવે છે. હિંદુ ધર્મમાં પ્રાચીન કાળથી લઇને આજ સુધી અહીં તહીં કેટલીક સંન્યાસીનીઓના ઉલ્લેખોને બાદ કરતાં સંન્યાસીનીઓનો આચાર-વ્યવહાર વિશે હિંદુધર્મગ્રંથો મોટાભાગે મૌન સેવે છે. હિંદુ ધર્મમાં પ્રાચીનકાળથી લઇને આજ સુધી અહીં-તહીં કેટલીક સંન્યાસીનીઓના ઉલ્લેખોને બાદ કરતાં સંન્યાસીનીઓમાં એક આખો વર્ગ બન્યો હોય એવું જોવા મળતું નથી, આ જ એક કારણ છે કે હિંદુ ધર્મમાં વિધવાઓ ત્યકતાઓ અને અવિવાહિત સ્ત્રીઓને માટે સન્માનપૂર્વક જીવન જીવવા માટે કોઇ આશ્રયસ્થાન ન બનાવી શકાયું. તે હંમેશા પુરુષોના અત્યાચારો અને દુઃખોનો શિકાર બની. સિદ્ધાન્તરૂપે હિંદુધર્મમાં સ્ત્રીઓ વિષે કેટલાંક આદર્શવાદી કથનો મળી આવે પરંતુ વ્યવહારિક જીવનમાં હિંદુ ધર્મમાં સ્ત્રીઓની ઉપેક્ષા કરવામાં આવી છે.

તુલનાત્મક દ્રષ્ટિએ વિચાર કરતાં હિંદુ ધર્મની અપેક્ષાએ જૈન ધર્મમાં નારીની સ્થિતિ અને ભૂમિકા બંને અધિક મહત્વપૂર્ણ રહ્યાં છે. આમ તો જૈન ધર્મ હિંદુ ધર્મના સહવર્તી ધર્મના રૂપે વિકાસ પામ્યો. અને તેથી દરેક કાળમાં તે હિંદુધર્મથી પ્રભાવિત રહ્યો છે, હિંદુધર્મના નારી સંબંધી દ્રષ્ટિકોણ અને તેના દુષ્પરિણામોનો શિકાર જૈન ધર્મ પણ બન્યો, જે રીતે હિંદુ-ધર્મમાં વેદ

ઋચાઓની નિર્માત્રી સ્ત્રીને જ તેના અધ્યયનથી વંચિત રાખવામાં આવી એ જ રીતે દ્રષ્ટિવાદના અને આગમોના અધ્યયનથી સ્ત્રીને વંચિત રાખવામાં આવી છે. પ્રાચીન આગમસાહિત્યમાં સ્ત્રીઓનો અંગ-આગમ અધ્યયનનો ઉલ્લેખ અને નિર્દેશ ઉપલબ્ધ થાય છે. એ વાત સાચી છે કે જૈન ધર્મે આ બાબતમાં હિંદુ ધર્મનું અનુકરણ કર્યું છે. મોટે ભાગે હિંદુ ધર્મની જેમ બહુપત્ની પ્રથા વધારે પ્રમાણમાં આ નહીં જેમાં સ્ત્રી મુખ્ય કારણ જૈન ધર્મના પ્રારંભથી લઇને આજ સુધી ભિક્ષુણીસંઘ જે એક સુદૃઢ વ્યવસ્થા રહી છે તેને કારણે નારી વિશેષ રૂપે વિધવા, ત્યકતા અને કુમારિકાઓ પુરુષોના અત્યાચારો અને પીડાનો શિકાર બની નથી. જૈન ધર્મનો ભિક્ષુણી સંઘ એવી નારીઓને માટે આશ્રયસ્થાન રહ્યો છે અને તેને સન્માનપૂર્ણ અને સ્વાવલંબી જીવન જીવવાનું શીખવ્યું આને લીધે જ સતી પ્રથા જેવી ક્રૂર પ્રથાનો જૈન ધર્મમાં  પ્રવેશ થઇ શકયો નહીં. જૈન ધર્મમાં જે સ્ત્રીઓ સામાજિક ક્ષેત્રમાં પુરુષને આધીન પ્રવેશ થઇ શકયો નહીં. જૈન ધર્મમાં જે સ્ત્રીઓ સામાજિક ક્ષેત્રમાં પુરુષને આધીન બનીને જીવન જીવતી હતી તે ભિક્ષુણી બનીને પુરુષોને માટે વંદનીય અને માર્ગદર્શક બનતી હતી. આમ તુલનાત્મક દૃષ્ટિએ જોતાં એટલું ચોક્કસ કહી શકાય કે હિંદુધર્મની સરખામણીમાં જૈન ધર્મમાં નારીની સ્થિતિ બહુ સન્માનપૂર્ણ રહી  છે.

## બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મ

બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મ બંને શ્રમણ પરંપરાના ધર્મ રહ્યા છે અને બંનેમાં ભિક્ષુણી સંસ્થાની ઉપસ્થિતિ રહી છે તે છતાં જૈન ધર્મની અપેક્ષાએ બૌદ્ધ ધર્મમાં નારી પ્રત્યે દૃષ્ટિકોણ અનુદાર રહ્યો છે. પ્રથમ તો ભગવાન બુદ્ધ ભિક્ષુણી સંઘ માટે સહમત થયા ન હતા. પરંતુ જયારે પોતાની માસી ગૌતમી અને અંતેવાસી આનંદે પોતાના પ્રભાવનો ઉપયોગ કરીને બુદ્ધને સહમત કરવાનો પ્રયત્ન કર્યો અને ભિક્ષુણી સંઘની સ્થાપના કેટલીક શરતો સાથે કરવાની પરવાનગી આપી.  જ્યારે જૈન ધર્મમાં મહાવીરની પણ પહેલાં પાર્શ્વનો ભિક્ષુણી સંઘ સુવ્યવસ્થિત રૂપે કાર્યરત હતો. આ પ્રમાણે જૈન ધર્મને ભિક્ષુણી સંઘ બૌદ્ધ ધર્મના ભિક્ષુણી સંઘથી પૂર્વવર્તી હતો. બીજું બુદ્ધે ભિક્ષુણી સંઘની સ્થાપના સમયે જે અષ્ટ ગુરુધર્મો (પુરુષોની શ્રેષ્ઠતા સંબંધી આઠ નિયમો)ના પાલન માટે સ્ત્રીઓને બાધારૂપ ગણી તે બતાવે છે બુદ્ધની દૃષ્ટિ સ્ત્રીઓ પ્રત્યે અદાર હતી. આ અષ્ટ ગુઅધર્મો પ્રમાણે ભિક્ષુણી સંઘ પ્રત્યેક ક્ષેત્રમાં ભિક્ષુ સંઘને આધીન હતો. ચિર-પ્રવજિતા અને વયોવૃદ્ધ ભિક્ષુણીઓને માટે તરતના પ્રવ્રજિત સાધુ માત્ર વન્દનીય જ ન હતા તે તેના પર અનુશાસન પણ કરતા હતા. ભિક્ષુણીઓને ઉપદેશ આપવાનો અધિકાર પણ ન હતો. બૌદ્ધ ધર્મના સમાન જૈન ધર્મમાં પણ વયોવૃદ્ધ ભિક્ષુણીને માટે દીક્ષિત સાધુ વંદનીય ગણાય છે પરંતુ જૈન ધર્મમાં આ નિયમ બૌદ્ધ ધર્મના પ્રભાવ અથવા આ દેશની પુરુષપ્રધાન સંસ્કૃતિને કારણે સમય જતાં આવ્યો હોય. પ્રાચીનતમ આગમ આચારાંગ ભિક્ષુ-ભિક્ષુણીઓના નિયમો અને તેના પારસ્પારિક સંબંધોનો નિર્દેશ કરે છે. પરંતુ એવો ઉલ્લેખ કયાંય મળતો નથી કે ચિરપ્રવજિત ભિક્ષુણી સદ્યઃદીક્ષિત ભિક્ષુને વંદન કરે. પરવર્તી આગમમાં પણ માત્ર જયેષ્ટ કલ્પનો ઉલ્લેખ મળે છે.

જયેષ્ઠકલ્પનો અર્થ એ છે કે નાનઓ પોતાનાથી પ્રવ્રજયામાં જયેષ્ટને વંદન કરે. અહીં ટીકાકારોએ પોતાની કલ્પના કરી કે જયેષ્ટ કલ્પને પુરુષ જયેષ્ઠ કલ્પમાં વ્યાખ્યાયિત કરવો. મૂળ આગમોમાં આવી કોઇ વ્યવસ્થા ઉપલબ્ધ થતી નથી કે જેના આધારે સ્ત્રીને પુરુષની અપેક્ષાએ નીચી ગણવામાં આવે. આગમોમાં સ્ત્રીને માત્ર મોક્ષની અધિકારી બતાવી છે એટલું જ નહીં પણ તેને તીર્થંકર જેવા સર્વોચ્ચપદની અધિકારી પણ ઘોષિત કરી છે. જ્ઞાતધર્મકથામાં મલ્લિનો સ્ત્રી તીર્થંકર રૂપે ઉલ્લેખ મળે છે માટે આપણે સ્પષ્ટ રૂપે એમ કહી શકીએ કે બૌદ્ધ ધર્મની અપેક્ષાએ જૈન ધર્મનો નારી પ્રત્યેનો દ્રષ્ટિકોણ અધિક ઉદાર રહ્યો હતો. બૌદ્ધ ધર્મમાં નારી કદીપણ બુદ્ધ બની શકતી નહિ. પરંતુ જૈન ધર્મમાં ભલેને અપવાદ રૂપે પણ સ્ત્રી તીર્થંકર બની શકથત કે પછીના સમયમાં જૈન ધર્મની દિગંબર શાખામાં નારીને તીર્થંકરત્વ એટલે કે નિર્વાણના અધિકારથી વંચિત રાખવામાં આવ હતી તે અચલેતા - દિગંબરત્વ પર વધારે ભાર મૂકવાને કારણે થયું. સામાજિક સ્થિતિને કારણે સ્ત્રી નગ્ન રહી શકતી ન હતી તેથી દિંગબર પરંપરાએ તેને નિર્વાણ અને તીર્થંકરત્વ માટે અયોગ્ય ઠરાવી. પરંતુ આ પણ પરવર્તી ઘટના છે. ઇસુની સાતમી સદી પહેલાં જૈન સાહિત્યમાં આવો ઉલ્લેખ મળતો નથી.

બૌદ્ધધર્મમાં ભિક્ષુણી સંઘ અસ્તિત્વમાં આવ્યો એન સંઘમિત્રા જેવી ભિક્ષુણીઓએ બૌદ્ધ ધર્મના પ્રચારમાં મહત્વપૂર્ણ કાર્ય કર્યું પરંતુ બૌદ્ધ ધર્મનો આ ભિક્ષુણી સંઘ લાંબા કાળ સુધી અસ્તિત્વમાં રહ્યો નહિ. આજે બૌદ્ધ ધર્મ પ્રમુખ ધર્મ રૂપ પોતાનું અસ્તિત્વ જગતમાં રાખે છે પરંતુ કેટલીક શ્રામણેરિયોને બાદ  કરતાં બૌદ્ધ ધર્મમાં ભિક્ષુણી સંઘની ઉપસ્થિતિ કયાંય દેખાતી

નથી. આના મૂળમાં બૌદ્ધાચાર્યોના મનમાં બુદ્ધનો એક ભય કામ કરી રહ્યો હોય કે ભિક્ષુણીઓની ઉપસ્થિતિને કારણે સંઘ લાંબા કાળ સુધી જીવિત નહી રહે. જયારે જૈનધર્મમાં આજે પણ સુસંગઠિત ભિક્ષુણી સંઘની ઉપસ્થિતિ અને ભિક્ષુઓની અપેક્ષાએ ભિક્ષુણીઓની સંખ્યા ત્રણ ગણી કરતાં પણ વધારે છે. આ બતાવે છે જૈન ધર્મ બોદ્ધ ધર્મની અપેક્ષાએ નારી પ્રત્યે વધારે ઉદાર દ્દષ્ટિકોણ ધરાવે છે.

## ખ્રીસ્તી ધર્મ અને જૈન ધર્મ : -

નારીની બાબતમાં ખ્રિસ્તીધર્મ અને જૈન ધર્મનો દ્રષ્ટિકોણ લગભગ સમાન છે. તીર્થંકરોની માતાઓની જેમ ખ્રીસ્તીધર્મમાં ઈશુંની માતા મરિયમને પણ પૂજનીય માનવામાં આવી હતી. ખ્રિસ્તીધર્મમાં જૈન ધર્મની જેમ ભિક્ષુણી સંસ્થાની ઉપસ્થિતિ રહી છે. આજે પણ ખ્રિસ્તીધર્મમાં ભિક્ષુણી સંસ્થા કેવળ સુવ્યવસ્થિત રૂપમાં અસ્તિત્વ રાખે છે એટલું જ નહિ પણ ખ્રિસ્તી ભિક્ષુણીઓ પોતાના જ્ઞાનદાન અને સેવાકાર્ય વડે સમાજમાં અધિક આદરણીય અને મહત્વપૂર્ણ બની રહી છે. ખ્રિસ્તીધર્મ સંઘ દ્વારા સ્થાપિત શિક્ષણ સંસ્થાઓ, દવાખાના અને સેવાશ્રમોમાં ભિક્ષુણીઓની ત્યાગ અને સેવાભાવના અનેક વ્યકિતઓનું મન મોહી લેતી હતી. જૈન સમાજ એની પાસેથી કંઈ લેવું હોય તો ભિક્ષુણી સંઘ સમાજ માટે લોકોપયોગી બની શકે છે. અને નારીમાં રહેલી સમર્પણ અને સેવાની ભાવનાનો સમ્યક્ ઉપયોગ કરી શકાય છે. એ ભાવના લેવી જોઈએ.

જયાં સુધી સામાજિક જીવનનો પ્રશ્ન છે ત્યાં સુધી પાશ્ચાત્ય ખ્રિસ્તી સમાજમાં નારી પુરુષની સમાન માનવામાં આવે છે. એ પણ સત્ય છે કે પાશ્ચાત્ય દેશોમાં નારી ભારતીય નારીની અપેક્ષાએ અધિક સ્વતંત્ર છે અને અનેક ક્ષેત્રોમાં તે પુરુષના ખભા મિલાવીને ચાલે છે પરંતુ આ બધાનું એક ખરાબ પરિણામ એ આવ્યું છે કે ત્યાંનું પારિવારિક અને સામાજિક જીવન તૂટતું જોવા મળે છે વધતા જતા છૂટાછેડા અને સ્વચ્છંદ યૌનાચાર એવા તત્વો છે, જે ખ્રિસ્તી નારીની ગરિમાને ખંડિત કરે છે. જયાં હિંદુધર્મ અને જૈન ધર્મમાં વિવાહ સંબંધને આજે પણ એક પવિત્ર સંબંધ માનવામાં આવે છે અને એક આજીવન સંબંધના રૂપમાં જોવામાં આવે છે જયારે ખ્રીસ્તી સમાજમાં આજે લગ્ન એ યોન-વાસનાઓની પૂર્તિનું માધ્યમ માત્ર બનીને રહી ગયું છે એની પાછળ રહેલી પવિત્રતા આજીવન બંધનની દ્દષ્ટિ સમાપ્ત થઈ રહી છે. જો ખ્રિસ્તી ધર્મ પોતાના સમાજને આ દોષમાંથી મુકત કરી શકે તો સંભવ છે નારીની ગરિમા પ્રદાન કરીને વિશ્વધર્મોમાં અધિક સાર્થકતા પ્રાપ્ત કરે.

## ઈસ્લામ ધર્મ અને જૈનધર્મ

જૈન ધર્મ અને ઈસ્લામ ધર્મ બંનેનો સંબંધ છે ત્યાં આપણે ધ્યાન રાખવું જોઈએ કે બન્નેની પ્રકૃતિ ભિન્ન છે. ઈસ્લામધર્મમાં સંન્યાસની વિચારણાની ઉપસ્થિતિ જ નથી તેથી તેમાં નારીને પુરુષની સમાન સ્થાન મળવાનું સંભવ જ નથી. તેમાં નારીને ભોગ્યાના રૂપમાં જોવામાં આવે છે. બહુપત્ની પ્રથાનું ખુલ્લુ સમર્થન પણ ઈસ્લામમાં નારીની સ્થિતિને હીન બનાવે છે. ઈસ્લામમાં પુરુષોને કેવળ બહુવિવાહનો અધિકાર છે એટલું જ નહીં પણ તે જયારે ઇચ્છે ત્યારે ત્રણવાર 'તલાક' બોલીને વિવાહનું બંધન તોડી શકે છે. ફલસ્વરૂપે તેમાં નારીને અત્યાચાર અને પીડાનો શિકાર બનાવવાની સંભાવના વધારે રહી છે. આ એક કેવળ હિંદુ ધર્મ અને જૈન ધર્મની જ વિશેષતા છે કે જેમાં વિવાહના બંધનને આજીવન એક પવિત્ર બંધનના રૂપમાં સ્વીકાર કરવામાં આવ્યું છે. અને માનવામાં આવે છે કે આ બંધન તોડી શકાતું નથી. ઈસ્લામમાં નારીના સંપત્તિના અધિકારને માન્ય રાખવામાં આવ્યો છે પરંતુ વ્યવહારમાં નારી કયારેય પુરુષની કેદ અને દુઃખથી મુકત રહી શકી નથી. તેમાં પણ સ્ત્રી પુરુષની વાસના પૂર્તિનું સાધન માત્ર બની રહી. ભારતમાં પરદાપ્રથા, સતીપ્રથા જેવી ખરાબ પ્રથાઓ માટે ઈસ્લામ ધર્મ અધિક જવાબદાર રહ્યો છે.

આ તુલનાત્મક વિવરણના આધાર પર આપણે એમ કહી શકીએ કે વિભિન્ન ધર્મોની અપેક્ષાએ જૈન ધર્મનો દ્રષ્ટિકોણ નારી પ્રત્યે અપેક્ષા કરતા વધારે વ્યવહારિક અને ઉદાર રહ્યો છે. અલબત્ બદલાતી પરિસ્થિતિઓમાં અને સમાન પરંપરાઓના પ્રભાવને કારણે જૈન ધર્મમાં પણ નારીના મૂલ્ય અને મહત્વનું ક્રમિક અવમૂલ્યન થયું છે. પરંતુ જૈન ધર્મના ભિક્ષુણી સંઘે માત્ર નારીને ગરિમા પ્રદાન કરી છે એટલુંજ નહીં પરંતુ એને સામાજિક પીડા અને પુરુષોના અત્યાચારોથી બચાવી છે આ જ જૈનધર્મની વિશેષતા છે.

પ્રકરણ – ૧

## પ્રાગ ઐતિહાસિક કાળની જૈન સાધ્વીઓ અને વિદુષી મહિલાઓ

### મરુદેવી : -

વર્તમાન અવસર્પિણી કાળનાં પ્રથમ તીર્થંકર ઋષભદેવની માતા અને અંતિમ કુલકર નાભિરાયની પત્નીનું નામ મરુદેવી હતું. નાભિરાયની રાજવ્યવસ્થા ક્ષીણ થવાને કારણે તેમની પત્ની મરુદેવીની કુક્ષિમાં ઋષભદેવનું જીવન સર્વાર્થસિદ્ધિ વિમાનમાંથી ચ્યુત થઇને અવતરિત થયું. ગર્ભાવતરણના સમયે માતા મરુદેવીએ શુભ સ્વપ્ન જયાં તીર્થંકર અથવા મહાપુરુષોના ગર્ભ અવતરિત થવાના હોય ત્યારે તેમની માતાઓની શુભ સ્વપ્નના દર્શન થાય છે એવી માન્યતા છે. (કલ્પસૂત્ર)

આ માન્યતા પ્રમાણે મરુદેવીને પણ વૃષભ, જગ, સિંહ, લક્ષ્મી, પુષ્પમાલા, ચંદ્ર, સૂર્ય, ધ્વજા, કુંભ, પદ્મ સરોવર, ક્ષીર સમુદ્ર, વિમાન, રત્નરાશિ અને નિર્ધૂમ અગ્નિ આ પ્રમાણે કુલ ચૌદ સ્વપ્ન દેખાયા (ત્રિષષ્ટિપર્વ)

બાલકના ગર્ભમાં આવ્યા પછી તેનો પ્રભાવ માતાના માનસ પર તથા માતાના માનસનો પ્રભાવ તેના ગર્ભ પર પડે છે.આનું કારણ છે કે કોઇ વિશિષ્ઠ જીવ ગર્ભમાં આવે ત્યારે માતા શ્રેષ્ઠ સ્વપ્ન દેખતી હોય છે અને દરેક સ્વપ્ન શુભ ફલના પ્રતીક માનવામાં આવે છે. (ત્રિષષ્ટિપર્વ)

આવશ્યક નિર્યુકિત પ્રમાણે ઋષભદેવની માતા મરુદેવીએ પ્રથમ સ્વપ્નમાં વૃષભને પોતાના મુખમાં પ્રવેશતો જોયો (આવશ્યક નિર્યુકિત મલયવૃત્તિ પૃ-૧૬૩-૧) જો કે આ સ્વપ્ન પરંપરાથી ભિન્ન વાત હતી. કારણ કે પરવર્તી પછીના તીર્થંકરોની માતાઓએ પ્રથમ સ્વપ્નમાં ગજને મુખમાં પ્રવેશ કરતો જોયો હતો. વિદુષી મરુદેવી અત્યંત મૃદુભાષી સ્વભાવના હતા, સ્વપ્ન દર્શન પછી તે નાભિરાજાને મળ્યા અને અત્યંત બોધગમ્ય શબ્દોમાં સ્વપ્ન દર્શનની વાત આદિથી અંત સુધી કહી સંભળાવી. ઋષભદેવને જન્મ આપવાનો તથા શ્રમણ પરંપરાને એક યુગપ્રર્વતક સોંપવાનું શ્રેય મરુદેવીને જાય છે મરુદેવીનું ચરિત્ર શુભ અને ઉજજવળ હતું. તેમણે એક પુત્ર રત્નને જન્મ આપ્યો (ત્રિષષ્ટિ શલાકા પુરુષ પર્વ-૧) તેને કારણે પુત્રની સાથે તેમનું નામ પણ સ્મરણીય બની ગયું.

શ્રીમદ ભાગવતમાં મરુદેવી તથા નાભિરાજાના પુત્ર ભગવાન ઋષભદેવ વાતરશના શ્રમણોના ધર્મપ્રર્વતક ગણાયા છે (શ્રીમદ ભાગવત ૫/૩/૨૦) એમના સુંદર શરીરને કારણે રાજા નાભિએ એમનું નામ ઋષભ રાખ્યું. પુત્રની વિવિધ પ્રકારની બાળલીલાઓ જોઇને માતા મરુદેવી ખુબ પ્રસન્ન થતી હતી. સમય વીતવા લાગ્યો અને પુત્ર ઋષભે યૌવનમાં ડગ માંડયા. માતાપિતાએ પુત્રના વિવાહ સુમંગલા તથા સુનંદા સાથે કર્યા. (શ્રમદ ભાગવત્ ૫/૪/૨ પ્ર. ખંડ ગૌરખપુર સંસ્કૃત ૩. પૃ. ૫૫૫ ઉદ. દેવેન્દ્રમુનિ ઋષભદેવ એક પરિશીલન પૃ- ૬૫-૭૦).

મરુદેવી ઉદારહૃદયા માતા હતી. એમનું હૃદય વાત્સલ્ય અને માતૃત્વથી ઓતપ્રોત હતું. તેઓ કરુણાની સાક્ષાત્ દેવી હતી. તે પુત્રવિયોગને સહન કરી શકતી ન હતી. ઋષભદેવે દીક્ષા લીધા બાદ તેઓ પોતાના પૌત્ર ભરતને ઋષભદેવના દર્શનની ઉત્કટ અભિલાષા માટે વારંવાર વિનવતા હતા. ભરત દિવ્ય વિભૂતિયોઓ ચિત્ર મરુદેવીના બતાવતા પણ માતાને તેનાથી સંતોષ ન થતો તેથી ઋષભદેવના આગમન સમયે તે ભરતની સાથે હાથી પર બેસીને તેમના દર્શનાર્થે ચાલી નીકળ્યા.

આવશ્યકચૂર્ણિ જિનસેન પૃ-૧૮૧

ઋષભદેવ શાંત મુદ્રામાં સમવસરણમાં વિરાજમાન હતા. એમને જોઇને તે વિચારવા લાગી કે આ તો સંસારથી વિરકત થઇ ગયા છે એમની સંસાર વિરકિત જોઇને મરુદેવીના મોહાવરણ દુર થઇ ગયા. તે આર્તધ્યાનમાંથી શુકલધ્યાનમાં લીન થઇ ગઇ. જેમ જેમ ધ્યાન દશા વધતી ગઇ તેમ તેમ સમસ્ત કર્મોનો ક્ષય થયો અને કેવળજ્ઞાન તથા કેવલદર્શન ઉત્પન્ન થયા અને તેઓ સિદ્ધ, બુદ્ધ અને મુકત થઇ. દિગંબર પરંપરામાં મરુદેવીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું એ વાત સ્વીકારવામાં નથી આવી.

भगवतो य छत्तादिच्छतं येच्छंतीए चेव केवलनाणं उप्पन्नं

आवश्यकचूर्णि पृ- १८१

तं समयं च णं आयु खुटटं सिद्धा, देवेहि य से पूया कता ।

आवश्यकचूर्णि पृ- १८१

अन्ने भणंति भगवओ धम्मकहासद्दुं सुणेंतीउ, तक्कालं
च तीह खुद - माउयं ततो सिद्धा ।

આવશ્યક મલય - વૃ - ૨૨૯

## સુમંગલા

સુમંગલાના લગ્ન ઋષભદેવ સાથે થયા હતા જાણીતી વાત છે કે ઋષભદેવ અને સુમંગલા જોડિયા હતા. તેઓ યૌગલિક પરંપરા પ્રમાણે પતિ-પત્ની બન્યા. સુમંગલાએ પુત્ર ભરતની સાથે બીજા નવાણું પુત્રો તથા એક પુત્ર બ્રાહ્મીને જન્મ આપ્યો.

સુમંગલાએ ભરત જેવા યશસ્વી પુત્રને જન્મ આપીને ભારતવર્ષના પ્રથમ ચક્રવર્તીની માત બનવાનું અનુપમ ગૌરવ પ્રાપ્ત કર્યું તથા લેખનકલાની જનની બ્રહ્મીને જન્મ આપીને સુજન્મને કૃતાર્થ કર્યો એ વાત ઇતિહાસ હંમેશા યાદ રાખશે.

## સુનંદા

નાભિ કુલકરના યુગ સુધી યૌગલિક પરંપરા હતી જેમાં યુવાવસ્થામાં સાથે જન્મેલા ભાઇબેન પતિ-પત્ની બની જતા હતા. સુનંદાના જોડિયા ભાઈનું અકાલ મૃત્યુ થવાને કારણે તેનો વિવાહ ઋષભદેવની સાથે થયો. આ રીતે સર્વપ્રથમ યૌગલિક વિવાહ પ્રથાથી વિપરીત વિવાહ પરંપરાનો પ્રારંભ ઋષભદેવે કર્યો. ગૃહસ્થ જીવનમાં સુનંદાએ પુત્ર બાહુબલી તથા પુત્રી સુંદરીને યુગલ રૂપમાં જન્મ આપ્યો. માતાએ મહાન ત્યાગી પુત્ર તથા તપાસ્યાનો પ્રારંભ કરવાવાળી પુત્રી સુંદરીને મેળવીને પોતાનું જીવન ધન્ય બનાવ્યું.

## યશસ્વી સુનંદા

આચાર્ય જિનસેનના (મહાપુરાણ) પ્રમાણે કચ્છ અને મહાકચ્છની બેનો યશસ્વી અને સુનંદાનો વિવાહ નાભિરાજાએ પોતાના પુત્ર ઋષભ સાથે કર્યો હતો. (આચાર્ય જિનસેન- મહાપુરાણ ૧૫/૭૦ પૃ-૨૩૧)

યાદ રાખવું જરૂરી છે કે જિનસેન ઋષભદેવની પત્નીઓના રૂપમાં આ બે સન્નારીઓનો ઉલ્લેખ કર્યો છે. તેમાં સુનંદાનું નામ તો પહેલેથી જ છે પરંતુ સુમંગલાના સ્થાન પર તેમણે યશસ્વી નામ આપ્યું છે. જિનસેને યૌગલિક પ્રથાનો અંત બતાવવા માટે આ પરિવર્તન કર્યું છે.

## જયંતી

ભાગવત પ્રમાણે દેવરાજ ઇન્દ્રની વિદુષી કન્યા જયંતી સાથે ઋષભદેવના વિવાહ થયા હતા. ત્યાંથી ગૃહસ્થ ધર્મનો પ્રારંભ થયો હતો. ભાગવત પ્રમાણે યૌગલિક યુગમાં ગૃહસ્તધર્મની વ્યવસ્થા ન હતી. તેથી ગૃહસ્થજીવનના કેટલાંક પાસાઓના શિક્ષણનો પ્રારંભ થઇ શકે તે માટે આ મહિલા પણ નાભિકુળની પુત્રવધુ બની હતી.

શ્વેતાંબર ગ્રંથો પ્રમાણે એમ પ્રતીત થાય છે ભાગવતકારે સુનંદાને જયંતી નામ આપ્યું છે કારણ કે તે અરણ્યમાં એકાકી મળી આવી હતી. તથા તેનું સૌંદર્ય અતિ અધિક હોવાને લીધે તે વનદેવી જેવી સુંદર દેખાતી હતી. એના સૌંદર્ય તથા સદ્‌ગુણોને કારણે ભાગવતકાર તેને ઇન્દ્રની પુત્રી માને છે. (જિનદાસ - આવશ્યકચૂર્ણિ પૃ - ૧૫૨-૧૫૩)

(દેવેન્દ્રમુની શાસ્ત્રી - ઋષભદેવ એક પરિશીલન - પૃ-૭૩)

અહીંઆ પ્રતીત થાય છે કે વિવાહ સંસ્કારની સાથે ગૃહસ્થ જીવનની શરૂઆત થઇ અને એક નવા યુગનો પ્રારંભ થયો.

## બ્રાહ્મી

માતા સુમંગલા તથા પિતા ઋષભદેવની પુત્રી બ્રાહ્મીએ નવી સામજિક વ્યવસ્થા પ્રમાણે બુદ્ધિ તથા ગુણોની પ્રગતિ કરવાવાળી ચોસઠ કળાઓનું શિક્ષણ ગ્રહણ કર્યું. (કલ્પસૂત્ર ટીકા - ૨૧૧ -૫ -૪૪૪)

ઋષભદેવે યૌગલિક પ્રથાને સમાપ્ત કરી વિવાહ-પ્રથાનો શુભારંભ કર્યો. તથા તેને સુદૃઢ બનાવવા માટે ભરતની સહજાત બ્રાહ્મીના વિવાહ બાહુબલી સાથે કર્યા. (આવશ્યક ચૂર્ણિ - મલયવૃત્તિ-૧૨૨)

અહીંઆ એક શંકા ઊભી થાય છે કે બ્રાહ્મી અને સુંદરીને બાલ-બ્રહ્મચારિણી માનવામાં આવી છે તો પછી એને વિવાહિત કેવી રીતે ઉલ્લેખિત બતાવવામાં આવી છે. સંભવ છે કે તે સમયની લોક-વ્યવસ્થા અનુસાર પહેલા બંનેનો સંબંધ ઘોષિત કરવામાં આવ્યો હોય, અને પછી ભોગ-વિરક્તિને કારણે બંનેએ ઋષભદેવ પાસે દીક્ષા ગ્રહણ કરી હોય.

વાસ્તવિકતા કાંઇ પણ હોય પણ એ વાત નિશ્ચિત છે કે તીર્થંકર ઋષભદેવે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ તેમને પ્રથમ પ્રવચનથી જ પ્રતિબોધિત થઇને બ્રાહ્મીએ દીક્ષા ગ્રહણ કરી હતી. (મહાપુરાણ -૨૪-૧૭૭)

ઋષભદેવના ધાર્મિક સંઘમાં (તીર્થમાં) બ્રાહ્મીના નેતૃત્વમાં ત્રણ લાખ સાધ્વીઓ તથા પાંચ લાખ ચોપનહજાર વ્રતધારિણી શ્રાવિકાઓ હતી. એવા ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

જૈન ધર્મની પ્રાત : સ્મરણીય સતીઓમાં બ્રાહ્મીનું સ્થાન પૂજનીય છે. એના માધ્યમ દ્વારા અઢાર લિપિઓનું જ્ઞાન સમાજને પ્રાપ્ત થયું. આ પ્રથમ સાધ્વીએ મહિલાઓ માટે આત્મકલ્યાણનો માર્ગ મોકળો કર્યો.

## સુંદરી

પિતા ઋષભદેવ તથા માતા સુનંદાની પુત્રી સુંદરી અત્યંત ગુણવાન તથા રૂપવાન કન્યા હતી. બાહુબલી તેના સહોદર બંધુ હતા. પિતાશ્રીએ યૌગાલિક પ્રથાનું ખંડન કરીને પિતા સુંદરીના લગ્ન ભરતની સાથે કરાવ્યું. (આવશ્યક મલયવૃત્તિ પૃ-૨૦૦) સમ્રાટ ઋષભદેવે સુંદરીને પ્રથમ ગણિત વિદ્યાનું જ્ઞાન કરાવ્યું તેને અંર્તગત વ્યવહાર સાધન હેતુ માન (માપ), ઉન્માન (તોલા, માસા), અવમાન (ગજ, ફૂટ, ઈંચ) અને પ્રતિમાન (છટાંક, શેર અને મણ) વગેરે જ્ઞાન આપવાની શરૂઆત કરી તથા મોતી પરોવવાની કલા પણ બતાવી. (આવશ્યક નિર્યુક્તિ ગા. ૨૧૩)

તેમણે ઋષભદેવદ્વારા પ્રારંભ કરેલી ચોસઠ કળાઓનું શિક્ષણ ગ્રહણ કરીને વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરી. જ્ઞાનની વૃદ્ધિ તથા ત્યાગના પ્રત્યક્ષ પ્રમાણના ફળસ્વરૂપ સુંદરીને પણ સાંસારિક સુખોની નશ્વરતાનો અનુભવ થઇ ચૂકયો હતો. અને તે કારણે તે દીક્ષિત થઇને આત્મકલ્યાણ કરવા ઇચ્છતી હતી. દિગંબર પરંપરા પ્રમાણે સુંદરીએ ભગવાન ઋષભદેવના પ્રથમ પ્રવચનથી જ પ્રતિબોધિત થઇને બ્રાહ્મીની સાથે દીક્ષા ગ્રહણ કરી હતી. પરંતુ શ્વેતાંબર પરંપરા મુજબ ભરતની આજ્ઞા ન મળવાથી તે શ્રાવિકા બની. (મહાપુરાણ ૨૪/૧૭૬).

ભરતનો વિચાર હતો કે ''ચક્રરત્નવડે ષટ્ખંડ પૃથ્વીને જીતીને સુંદરીને 'સ્ત્રી રત્ન'ની પદવી આપવામાં આવે.

सुन्दरी पवयंती भरहेण इत्थीरयणं भविस्सइति निरुद्धा
सावया जाया ।

(આવશ્યક વૃત્તિ - મલયગિરિ - પૃ ૨૨૯)

સુંદરીએ પ્રભુ પાસેથી જયારે આ વાત જાણી કે તેને સ્ત્રી રત્નનું ગૌરવ પ્રાપ્ત કરનાર નારી નરક ગામિની થાય છે, ત્યારે સુંદરીના અંર્તમનમાં વૈરાગ્યની પ્રભળ ભાવના જાગૃત થઇ અને તેને આયંબિયલની તપસ્યા કરવાનું શરૂ કર્યું.

(કલ્પસૂત્ર -૧૨૪)

પિતા ઋસાભદેવ અને બેન બ્રાહ્મીનું ત્યાગમય જીવન તેનો આદર્શ બની ચૂકયું હતું. એણે વિચાર્યુ કે રાજા ભરત મારા રૂપ અને સૌન્દર્ય પર મુગ્ધ થઇ મને પોતાની રાણી બનાવવા માંગે છે તો હું આ ક્ષણિક રૂપને જ નષ્ટ કરી નાંખુ. આમ વિચારીને તેણે કઠોર વ્રત કરવાનું શરૂ કર્યુ. ષટ્ખંડ પર વિજયપતાકા લહેરાવીને સમ્રાટ ભરત જ્યારે વિનીતા (રાજધાની) નગરી પાછા ફર્યા ત્યારે સુંદરીના કૃશ થઇ ગયેલા શરીરને જોઇને આશ્ચર્ય પામ્યા.

રાજમહેલોમાં રહીને પણ સુંદરીએ સંયમ, આયંબિલ વ્રતની સાધના તથા દીક્ષા ગ્રહણ કરવાનું નકકી કર્યું. આવી ભાવનાઓ જાણીને સમ્રાટ ભરતે દીક્ષા ગ્રહણ કરવાની અનુમતિ આપી અને સાથે સાથે પૂરા રાજાને યોગ્ય એવા ઠાઠમાઠથી દીક્ષાનું આયોજન કર્યું. ઋષભદેવની પ્રથમ શિષ્યા બ્રાહ્મી પાસે જઇને સુંદરીએ ભગવતી દીક્ષા ગ્રહણ કરી.

સમ્રાટ ભરતના અન્ય ભાઇઓએ રાજપાટનો ત્યાગ કરી પ્રવજ્યા ગ્રહણ કરી લીધી. બાહુબલિએ પણ સમ્રાટ ભરતની અધિનતાનો અસ્વીકાર કરી પ્રવજ્યા અંગીકાર કરી. એક વર્ષ સુધી તપસ્યા કર્યા બાદ બાહુબલીના મનને કષાય ભાવ (નાના ભાઇને નમન કરવાનો અહમ) દૂર ન થયો. તેથી તીર્થંકર ઋષભદેવે બાહુબલીમાં અર્ન્ત જયોતિ પ્રગટાવવા માટે બ્રાહ્મી અને સુંદરીને પ્રેરણા આપી. બંને ભગિનીઓએ બાહુબલીને નમન કરીને કહ્યું ''હાથી પર બેઠેલી વ્યકિતને કયારેય કેવલજ્ઞાન પ્રાપ્ત થતું નથી.'' માટે નીચે ઉતરો. (આવશ્યક ચૂર્ણિ - પૃ ૨૧૦-૧૧) આ શબ્દોએ બાહુબલીના બંને કાનને જાગૃત કર્યા. અને તેમના ચિંતનનો પ્રવાહ બદલાયો. માનરુપી હાથીની વાત સમજીને તેમને જ્ઞાન પ્રાપ્ત થયું અને નમ્ર ભાવે પ્રવ્રજિત ભાઇઓની પાસે જવાનો નિશ્ચય કર્યો.

## વિજયાદેવી

બીજા તીર્થંકર અજિતનાથની માતા તથા વિનીતા નગરીના મહારાજા જિતશત્રુની ધર્મપરાયણ મહારાણીનું નામ વિજયાદેવી હતું. મહારાણી વિજયાદેવીએ ગર્ભાધારણની રાત્રિએ શુભ કલ્યાણકારી ચૌદ સ્વપ્નનું દર્શન કર્યું હતું. (સમવાયાંગ ૧૫૭) આ સ્વપ્નનો સંકેત શુભ હોય છે તેનાથી માતાને પૂર્વાનુમાન થાય છે કે પોતાના ગર્ભમાં જે જીવ છે તે સમાજને ધર્મમીતિ તરફ લઇ જનારો છે, ગર્ભકાળ પૂર્ણ થયા પછી વિજયામાતાએ સુખપૂર્વક પુત્રરત્નને જન્મ આપ્યો. આ પુત્રન અવતરણ સમયથી રાજા જીતશત્રુની શકિત વધી અને તેને કોઇપણ રાજા પરાજિત ન કરી શકયો એટલા માટે માતાપિતાએ પુત્રનું નામ અજિતકુમાર રાખ્યું. યુવાવસ્થા પ્રાપ્તિ થતાં માતાપિતાએ યોગ્ય કન્યાઓ સાથે પુત્રના પાણિગ્રહણ સંસ્કાર કર્યા.

જૈન આગમોમાં તીર્થંકર અજિતનાથની વિવાહિત પત્નીઓના નામોનો ઉલ્લેખ પ્રાપ્ત નથી થતો, એમ માનવામાં આવે છે કે જે જૈન ઇતિહાસકારો તીર્થંકરોના વ્યકિતત્વના વિકાસમાં તેમની પત્નીઓના નામોની સાથે યોગ્ય ન્યાય કરી શકયા નથી એમ પણ સંભવિત હોય કે એમની પત્નીઓના નામ કયાંકને કયાંક આલેખાયેલાં હશે જે લિપિબદ્ધ નહી કરી શકયા હોય. અથવા એ યુગમાં આવી મહાન વ્યકિતની પત્નીઓના નામો નામાંકન કરવાની સાર્વજનિક પરંપરા નહિ હોય. તીર્થંકર અજિતનાથને કેવળજ્ઞાન પ્રાપ્ત થતા માતા વિજયાએ પણ પોતાના ઘાતીકર્મોનો ક્ષય કરી સિદ્ધ ગતિ પ્રાપ્ત કરી.

## સેનાદેવી

ત્રીજા તીર્થંકર સંભવનાથની માતા બનવાનું સૌભાગ્ય સેનાદેવીને પ્રાપ્ત થયું હતું. (ત્રિષષ્ઠિશાલાકા પુરુષ ચરિત્ર પંર્વ - ૨સર્ગ-૬ શ્લોક ૬ ૬૫-૬૭)

શુભ ગર્ભ ધારણ થયો તે સમયે માતા સેનાદેવીએ ચૌદ શુભ સ્વપ્ન જોયા. તેનું ફળ જાણવા માટે પોતાના પતિ મહારાજા જિતારિની પાસે ગઇ. પતિએ શુભ સ્વપ્નનું ફળ બતાવ્યું ત્યારે તે આનંદિત થઇ ઊઠી અને ગર્ભનું પાલન કરવા લાગી. કાલાંતરે તેને એક તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. પરંપરા પ્રમાણે તેનો જન્મ, વિવાહ, દીક્ષા આદિ (પાંચ) કલ્યાણક દેવીપુરુષો તથા દેવાંગનાઓ દ્વારા કરવામાં આવ્યા. સમય જતાં તીર્થંકર સંભવનાથે દીક્ષિત થઇને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને ધર્મસંઘની સ્થાપના કરી. માતાએ પણ દીક્ષીત થઇ આત્મકલ્યાણ કર્યું અને સિદ્ધ દશા પ્રાપ્ત કરી.

## સિદ્ધાર્થા

ચોથા તીર્થંકર અભિનંદનની માતા તથા આયોધ્યાના મહારાજા સંવરની ધર્મપરાયણા મહારાણીનું નામ સિદ્ધાર્થા હતું. મહારાણી સિદ્ધાર્થાએ ધર્મ ગ્રહણ કર્યો અને પરંપરાનુસાર તે રાત્રિએ ચૌદ સ્વપ્નનું મંગલકારી દર્શન કર્યું. ગર્ભકાળ પૂર્ણ થતા માતા સિદ્ધાર્થાએ સુખપૂર્વક પુત્રરત્નને જન્મ આપ્યો. (સમવાયાંગ -૧૫૭ આવશ્યક નિર્યુકિત ૩૮૨-૭) પરંપરાનુસાર દેવ-દેવાંગનાઓએ ઉત્સવનું આયોજન કર્યું. માતાપિતાએ અભિનંદન યુવાન થતાં યોગ્ય કન્યાઓ સાથે તેના વિવાહ કર્યા. સમય જતાં પુત્રએ દીક્ષા લઇને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને માતાએ પણ દીક્ષા ગ્રહણ કરી સિદ્ધગતિ પ્રાપ્ત કરી.

## મંગલા

અયોધ્યાપતિ મહારાજા મેઘની મહારાણીનું નામ મંગલા હતું. આ પાંચમા તીર્થંકર સુમતિનાથની માતા હતી. ગર્ભધારણ સમયે મંગલકારી ચૌદ શુભ સ્વપ્નનું દર્શન તેમને થયું. સુમતિનાથની માતા મંગલા ન્યાયપ્રિય અને વિદુષી મહિલા હતી. સત્ય તથા ન્યાયોચિત નિર્ણય આપવામાં તે પ્રવીણ હતી. માની મમત્વ ભાવના તથા સ્ત્રીસ્વભાવની તે પારખુ હતી એનું ઉદાહરણ નીચેની કથામાંથી મળે છે.

એકવાર રાજા મેઘને ચિંતિત જોઇને રાણી મંગલાએ એનું કારણ જાણવા વિચાર્યું. રાજાએ રાજ્યસભામાં આવેલ એક બાળકની બે માતાઓ વિશે ચર્ચા કરતાં કહ્યું, ''બાળકની કઇ સ્ત્રી સાચી માતા છે'' એનો નિર્ણય હું કરી શકતો નથી. એ કારણે વિચારમાં પડયો છું કે કેવી રીતે જાણવું કે બાળકની અસલી માતા કોણ છે.' રાણીએ નમ્રવાણીમાં પોતાનો નિર્ણય આપવાનું કહ્યું અને રાજયસભામાં જઇને માતૃહૃદય પારખી રાણીએ સાચો ન્યાય આપ્યો. ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર પર્વ ૩, સર્ગ, ૩ પૃ-૩૫-૩૭ આ પ્રકારે રાણીએ વિકટ સમસ્યાનો ઉકેલ પોતાની સદબુદ્ધિથી કર્યો (આવશ્યક ચૂર્ણિ પૂર્વ ભાગ- પૃ-૧૦). સમય જતાં તેંમણે પુત્ર રત્નને સુખપૂર્વક જન્મ આપ્યો. પુત્રના દીક્ષિત થયા બાદ માતાએ પણ દીક્ષા ગ્રહણ કરી કર્મોનો ક્ષય કરી સિદ્ધ ગતિ પ્રાપ્ત કરી.

## સુસીમા

તીર્થંકર પ્રભુ પદ્મપ્રભુની કોમલ હૃદયા માતા તથા કૌશામ્બી નગરીના મહારાજા ધરની ધર્મપરાયણ પત્ની હતી. ગર્ભધારણ સમયે સુસીમારાણીએ શુભ મંગલકારી ચૌદ સ્વપ્નનું દર્શન કર્યું. ગર્ભકાળમાં રાણીને પદ્મ (કમલ)ની શૈયા પર સુવાનું દોહદ થયું. જે રાજાએ પૂર્ણ કર્યું. (ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર પૃ૮૩)

માતાએ યોગ્ય સમયે સુખપૂર્વક પુત્ર રત્નને જન્મ આપ્યો. બાલ્યકાળ પૂરો થતાં માતા-પિતાએ યોગ્ય કન્યાઓ સાથે તેમના લગ્ન કર્યા. પુત્રના દીક્ષિત થયા બાદ માતા સુસીમાએ ધર્મધ્યાનમાં પોતાનું જીવન વીતાવી સાર્થક કર્યું અને કર્મનો ક્ષય કરી સિદ્ધ ગતિ પ્રાપ્ત કરી.

## પૃથ્વી

જૈન પરંપરાના સાતમા તીર્થંકર સુપાશ્ર્વનાથની માતા પૃથ્વી વારાણસીના મહારાજા પ્રતિષ્ઠસેનની પત્ની હતી. મહારાણી પૃથ્વીએ ગર્ભધારણ સમયે મંગલકારી ચૌદ સ્વપ્નનું દર્શન કર્યું. વિધિપૂર્વક ગર્ભકાળ પૂર્ણ કર્યા બાદ માતાએ પુત્ર-રત્નને જન્મ આપ્યો. યોગ્ય વય થતા યોગ્ય કન્યાઓ સાથે સુપાર્શ્વકુમારના વિવાહ થયા. રાજય સુખ ભોગવીને સુપાર્શ્વકુમારે દીક્ષા અંગીકાર કરી, માતાએ પણ સંસારનો ત્યાગ કરી શુભભાવના રાખી સિદ્ધ ગતિ પ્રાપ્ત કરી. (ત્રિષાષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર પર્વ-૩ સર્ગ-૫ પૃષ્ઠ-૫૩)

## લક્ષ્મણા

આઠમા તીર્થંકર ચન્દ્રપ્રભુની માતા તથા ચન્દ્રપુરના રાજા મહાસેનની રાણીનું નામ લક્ષ્મણા હતું. ગર્ભધારણ કર્યા બાદ રાણીએ મંગલકારી શુભ સ્વપ્નો જોયાં. સુખપૂર્વક ગર્ભકાળ પૂર્ણ થયા બાદ માતાએ ચંદ્રપ્રભને જન્મ આપ્યો. બાળક ગર્ભમાં હતો ત્યારે માતાને ચાંદની રાતમાં વિહરવાની ઇચ્છા થઇ હતી. એટલે પુત્રનું નામ ચંદ્રપ્રભુ રાખ્યું હતું.

**गर्भस्थेऽसिमन् मातुशरास्सीच्चन्द्रयानाय दोहद :**

**चन्द्रभारचैष इत्याह वच्चन्द्रप्रभमयुं पिता**

(ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચ. ૩/૬/૪૯–)

યુવાવસ્થામાં આવતા માતાપિતાએ પુત્રનો વિવાહ ઉત્તમ રાજ્ય કન્યાઓ સાથે કર્યો. રાજય કર્યા બાદ ચન્દ્રપ્રભે દીક્ષા લઇને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. માતા લક્ષ્મણાએ પણ કર્મ ક્ષય કરીને સિદ્ધ ગતિ પ્રાપ્ત કરી.

## રામાદેવી

નવમા તીર્થંકર સુવિધિનાથની માતા રામાદેવી કાકન્દી નગરીના રાજા સુગ્રીવની સર્વગુણ સંપન્ના મહારાણી હતી. ગર્ભકાળમાં માતાને પુષ્પનું દોહદ ઉત્પન્ન થયું. તેથી પુત્રનું નામ પુષ્પદંત રાખવામાં આવ્યું.

(ત્રિષિષ્ઠિશલાકા પુરુષ ચ. પર્વ ૩ સર્ગ -૭ પૃ- ૪૯-૪૦)

યુવાવસ્થામાં આવતા પુષ્પદંતના વિવાહ યોગ્ય કુમારિકાઓ સાથે કર્યા. ત્યારબાદ રાજ્યનો ત્યાગ કરી, દીક્ષા લઇને કેવળજ્ઞાન પાપ્ત કર્યું. માતા રામાદેવીએ પણ સાંસારિક સુખોનો ત્યાગ કરી ત્રીજા સનત્કુમાર દેવલોકમાં ઉત્પન્ન થઇ.

(જૈન ધર્મકા મૌલિક ઇતિહાસ આ. હસ્તીમલજી)

## નન્દા

દસમા તીર્થંકર શીતલનાથની માતા નન્દા હતી. તથા ભદ્રિલ નાગરના મહારાજા દ્રઢરથની સર્વગુણસંપન્ના રાણી હતી. તેમણે મંગળકારી ચૌદ સ્વપ્નનું દર્શન કર્યું અને સ્વપ્નના શુભ ફળ જાણીને આનંદિત થઇ સંયમપૂર્વક ગર્ભનું પાલન કર્યું. તે સમયે એકવાર રાજાદ્રઢરથનું શરીર દાહજવરથી પીડિત હતું. સંયોગવશાત એક દિવસે રાણી નંદાએ સ્પર્શ કર્યો અને તેના સ્પર્શમાત્રથીી રાજા દ્રઢરથની વેદના શાંત થઇ ગઇ, માટે જન્મ થતાં બાળકનું નામ શીતલનાથ રાખવામાં આવ્યું. યુવાન વય થતાં શીતલનાથના લગ્ન યોગ્ય કન્યાઓ સાથે કર્યા. વર્ષો સુધી રાજય કર્યા બાદ સંસાર ત્યાગ કર્યા બાદ દીક્ષા લીધી, માતા નન્દાએ પણ ધર્મની આરાધના કરતાં કરતાં તૃતીય સનત્કુમાર દેવલોકમાં પ્રયાણ કર્યું.

**राज : सन्तप्तमव्यंत्रं नन्दास्पर्शेन शीत्यभूत् ।**

**गर्भस्थेऽस्मिन्नि तस्य, नाम शीतल इत्यभूत ॥**

(ત્રિષ્ષ્ઠિશાલાકા પુરુષ ચરિત્ર પ. ૩, સ. ૮, પૃ ૪૭)

## વિષ્ણુદેવી

વિષ્ણુદેવી તેરમા તીર્થંકર શ્રી શ્રેયાંસનાથની માતા તથા ભારતવર્ષના સિંહપુરી નગરીના અધિનાયક મહારાજા વિષ્ણુની સદગુણધારિણી તથા ધર્મપરાયણા રાણી હતી. શ્રેયાંસનાથના જીવે વિષ્ણુદેવીના ગર્ભમાં આવ્યાબાદ પરંપરાનું સાર ચૌદ સ્વપ્ન જોયા. ગર્ભકાળ પૂર્ણ થયા બાદ માતાએ કલ્યાણકારી પુત્રનો જન્મ થયો.

**जिनस्य मातापितारवुत्सवेन महीयसा ।**

**अभिधां श्रेर्यास दिने, श्रेयांस, इति चक्रतु : ॥**

(ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર ૪-૧-૮૬)

## જયાદેવી

જયાદેવી બારમા તીર્થંકર વાસુપૂજયની માતા તથા પ્રસિદ્ધ ચંપાનગરીના રાજા વસુપૂજયની ધર્મપરાયણા રાણી હતી. પૂર્વભવના પદ્મોતર રાજાના જીવ તીર્થંકર નામ કર્મનું ઉપાર્જન કરીને પ્રાણાંતે સ્વર્ગમાંથી નીકળીને જયાદેવીની કુક્ષિમાં ગર્ભરૂપે અવતરિત થયા. તેમણે ચૌદ મંગળકારી સ્વપ્ન જોયા. તે ઉપરાંત ઉચિત આહાર-વિહાર દ્વારા કાળ પૂર્ણ કર્યો અને શુભમૂહૂર્તપર સુખ પૂર્વક પુત્ર રત્નને જન્મ આપ્યો. મહારાજા વસુપુજયના પુત્ર હોવાને કારણે તેમનું નામ વાસુપૂજ્ય રાખવોમાં આવ્યું. ભોગ કર્મનું બંધ ન હોવાથી માતા પિતાના કહેવા છતાં પણ વાસુપૂજયએ લગ્ન ન કર્યા. દીક્ષા લઇ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને તીર્થની સ્થાપના કરી. (સમવાયાંગ, ૧૫૭ તીર્થોદગાલિક ૪૭૬)

માતા જયાદેવી ધર્મની આરાધના કરતા કરતા કર્મોનો ક્ષય કરીને તૃતીય સનત્કુમાર દેવલોકમાં ગઇ.

## શ્યામા

તેરમા તીર્થંકર વિમલનાથની માતાનું નામ શ્યામા હતું. મહાપુરી નગરીના ધર્મપ્રેમી રાજા પદ્મસેને રાજય કર્યાબાદ દીક્ષા ગ્રહણ કરી અને સાધના તથા તપદ્વારા નામકર્મ ઉપાર્જન કર્યું. આ જીવ દેવલોકમાં આયુષ્ય પૂર્ણ કરી કૃતવર્મા રાજાની સુલક્ષણા પત્ની શ્યામાની કુખે અવતર્યા. રાણી શ્યામાએ ચૌદ સ્વપ્ન જોયાં. ગર્ભકાળ પૂર્ણ થયા બાદ પુત્રનો જન્મ થયો.

(જૈનધર્મકા મૌલિક ઇતિહાસ - પૃ ૧૦૨ આ. હસ્તમલજી)

યૌવન પ્રાપ્ત થતાં અનેક રાજકુમારિકાઓ સાથે તેમના વિવાહ થયા. કેટલાંક વર્ષો બાદ રાજય કરીને તેમણે દીક્ષા લીધી. અને કર્મોનો ક્ષય કરીને કૈવલ્ય પ્રાપ્ત કર્યું. માતા પણ ધ્યાનપૂર્વક જીવન વ્યતીત કરીને મરણ બાદ તૃતીય સનત્કુમાર દેવલોકમાં ઉત્પન્ન થઇ.

## સુયશા

સુયશા ચૌદમા તીર્થંકર અનંતનાથની માતા હતા. પયરથ નામના ન્યાયપ્રિય ધર્માત્મા રાજાએ દીક્ષા ગ્રહણ કરી તથા સાધના કરતા તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું. આ જીવ પ્રાણાન્તે દેવવોકમાંથી ચ્યુત થઇને રાજા સિંહસેનની રાણી સુયશાની કુક્ષિમાં આવ્યાં. મહારાણીએ ચૌદ સ્વપ્ન જોયાં, ભગવાનનો જન્મ થયો ત્યારે ઇન્દ્રએ જન્મોત્સવ કર્યો. રાણીના ગર્ભકાળ સમયે રાજાએ અપાર શુત્રુઓના સૈન્ય પર વિજય મેળવ્યો તેથી તેમનું નાથ અનન્તનાથ રાખવામાં આવ્યું.

(ત્રિષષ્ઠિશલાકા પુરુષ, ૪-૪-૪૭)

યુવાનીમાં આવતાં વિવાહ થયાં અને રાજયભાર સંભાળ્યા બાદ ભગવાને દીક્ષા ગ્રહણ કરી. ત્રણ વર્ષ સુધી તેઓ છદમસ્થ રહ્યા. અને ત્યાર બાદ ભગવાનને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. અને હજાર સાધુઓની સાથે ભગવાનને નિર્વાણ પ્રાપ્ત થયું. માતા સુયશા મૃત્યુ બાદ તૃતીય સન્તકુમાર દેવલોકમાં ગઇ.

## સુવ્રતા

પંદરમા તીર્થંકર ધર્મનાથની માતા તથા રત્નપુરના મહાપ્રતાપી મહારાજા ભાનુની રાણીનું નામ સુવ્રતા હતું. પૂર્વભવમાં દઢરથ રાજાએ ન્યાયપૂર્વક રાજય કરીને ત્યાર બાદ દીક્ષા ગ્રહણ કરી અને કઠોર સાધના કરીને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. આ જીવ રાણી સુવ્રતાના ગર્ભમાં અવતરિત થયો. માતાએ ચૌદ સ્વપ્નનું દર્શન કર્યું. ગર્ભકાળ પૂર્ણ થયા બાદ માતાએ એક પુણ્યવાન પુત્રને જન્મ આપ્યો. અને ઇન્દ્રએ જન્માભિષિક કર્યો. જયારે ભગવાન ગર્ભમાં હતા ત્યારે માતાને ધ્યાન ધરવાની પ્રબળ ઇચ્છા થઇ હતી. એટલા માટે બાળકનું નામ ધર્મકુમાર રાખવામાં આવ્યું હતું.

(ત્રિષષ્ઠિશલાકા પુરુષ પર્વ ૪ સર્ગ-૫ પૃ-૪૯)

બાલ્યકાળ પૂર્ણ થયો અને યુવાન વય આવતાં તેમનો વિવાહ થયો અને રાજયનો કારભાર કર્યા બાદ દીક્ષા ગ્રહણ કરી. બે વર્ષ સુધી છદમસ્થ દશામાં રહ્યા બાદ ભગવાનને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું અને માતા સુવ્રતા પણ કમોર્નો ક્ષય કરી તૃતીય

સનતકુમાર દેવલોકમાં ગઇ.

## અચિરાદેવી

અચિરાદેવી સોળમાં તીર્થંકર શાન્તિનાથની માતા તથા હસ્તિનાપુરના મહારાજા વિશ્વસેનની મહારાણી હતી. પૂર્વભવનો મેઘરથનો જીવ અચિરાદેવીની કુક્ષિમાં ઉત્પન્ન થયો, માતાએ મંગળકારી ચૌદ સ્વપ્ન જોયાં. ગર્ભકાળ પૂર્ણ થયા બાદ માતાએ કાંચનવર્ણીય પુત્ર રત્નને જન્મ આપ્યો. જન્મનાં થોડાં સમય પહેલાં હિસ્તનાપુર નગર અને રાજ્યમાં મહામારીનો રોગ ફેલાયો હતો. માતા અચિરાદેવી પણ ચિંતિત હતી. પુત્રના ગર્ભમાં આવ્યા બાદ આ મહારોગનો ભયંકર પ્રકોપ શાન્ત થઇ ગયો. તેથી પુત્રનું નામ શાન્તિનાથ રાખવામાં આવ્યું (સમવાયાંગ ૧૫૭, ૧૫૮,) યૌવન વય પ્રાપ્ત થતાં અનેક કન્યાઓ સાથે તેમના વિવાહ થયા. કેટલાંક વર્ષો રાજ્ય કર્યા બાદ તેમણે દીક્ષા ગ્રહણ કરી અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. માતા અચિરાદેવી પણ પોતાના કર્મોનો ક્ષય કરી તૃતીય સન્તકુમાર દેવલોકમાં ગયા.

## શ્રીદેવી

સત્તરમાં તીર્થંકર કુંથુનાથની માતા શ્રીદેવી હસ્તિનાપુરના રાજા સૂરની ધર્મપત્ની હતી. પૂર્વભવમાં સિંહાવહ રાજાએ દિક્ષા લઇને ઉચ્ચકોટિના તપ તથા વીસ સ્થાનકની આરાધના કરીને તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કર્યું. તે જીવ માતા શ્રીદેવીના ગર્ભમાં અવતરિત થયો. એ રાત્રિના પાછલા પહોરે મહારાણી શ્રીદેવીને સર્વોત્કૃષ્ટ મહાપુરુષના જન્મસૂચક ચૌદ પરમ મંગળદાયક શુભ સ્વપ્નનું દર્શન થયું. ગર્ભકાળ પૂર્ણ થયા બાદ સુખપૂર્વક માતાએ પુત્રને જન્મ આપ્યો. દેવતાઓ સહિત ઇન્દ્રએ આવીને માતાને પ્રણામ કર્યા. ગર્ભકાળમાં માતાએ કુન્થુનામના રત્નાની રાશી જોઇ હતી તેથી બાળકનું નામ કુન્થુનાથ રાખવામાં આવ્યું. માતાપિતાએ બાલ્યકાલ પૂર્ણ થયા બાદ યુવાન રાજપુત્રના યોગ્ય રાજયકન્યાઓ સાથે વિવાહ કર્યા ચક્રરત્ન ઉત્પન્ન થવાથી કુન્થુનાથ ષટ્ખંડ પૃથ્વીને જીતી ચક્રવર્તી થયા. (ત્રિષષ્ઠિશલાકા પુરુષ પર્વ -૬ સર્ગ-૧)

દેવીને ચક્રવર્તીની માતા થવાનું સદ્દભાગ્ય પ્રાપ્ત થયું. કર્મોનો ક્ષય કરીને પ્રભુએ દીક્ષા ગ્રહણ કરી. તથા કેવળજ્ઞાન પ્રાપ્ત કરી તીર્થસ્થાપના કરી. માતાએ ધર્મધ્યાન કરતા કરતા કર્મોનો ક્ષય કરીનેં મૃત્યુબાદ ચોથા મહેન્દ્ર દેવલોકમાં દેવયોનિમાં જન્મ લીધો. (ત્રિષષ્ઠિશલાકા પુરુષ પવ- ૬ સર્ગ- ૧)

## મહાદેવી

અઢારમા તીર્થંકર અરનાથની માતા હસ્તિનાપુરના મહારાજા સુદર્શનની સુલક્ષણા રાણી હતી. પૂર્વભવમાં સુસીમા નગરીના રાજા ધનપતિ રાજય સંચાલન કરતા કરતા જૈન ધર્મનું હૃદયપૂર્વક પાલન કરતા હતા. સંવર આચાર્યના ઉપદેશથ તેમને વૈરાગ્ય ઉત્પન્ન થયો. દીક્ષા ધારણ કરી કઠોર તપ કર્યું. તથા ફલસ્વરૂપ તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કર્યું આ જીવ મહાદેવીની કુક્ષિમાં અવિતરિત થયો. ગર્ભકાળના સમયે માતાએ ચૌદ સ્વપ્ન જોયાં ગર્ભદિન પૂરા થયા બાદ માગશર સુદ દસમના દિવસે ભગવાનનો જન્મ થયો. ગર્ભકાળમાં માતાએ આરાચક્ર જોયાં. તેથી બાળકનું નામ અરનાથ રાખવામાં આવ્યું યુવાવસ્તામાં તેમના વિવાહ થયા. કેટલાંક વર્ષો રાજકારભારકર્યા બાદ સંસારની અસારતાનો વિચાર કરીને તેમને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેથી તેમને દીક્ષા ગ્રહણ કરી. ત્રણ વર્ષ સુધી છદ્મસ્થ અવસ્થામાં વિચાર કર્યા બાદ ભગવાનને કેવળ-જ્ઞાન પ્રાપ્ત થયું. ભગવાને તીર્થની સ્થાપના કરી. માતા મહાદેવીને ધર્મપાલન કરતાં કરતાં કર્મોનો ક્ષય કરી ચોથા મહેન્દ્ર દેવલોકમાં તે દેવયોનિમાં ગયાં.

(ત્રિષષ્ઠિશલાકા પુરુષ - પર્વ-૬ સર્ગ-૧)

## પ્રભાવતી

ઓગણીસમા તીર્થંકર મલ્લિનાથની માતા તથા મિથિલાના મહારાજા કુંભની રાણીનું નામ પ્રભાવતી હતું. પૂર્વભવના મહારાજા મહાબલનો જીવ તીર્થંકર ગોત્ર બાંધીને અનુપમ વિમાનમાંથી ચ્યવીને મહારાણી પ્રભાવતીની કુક્ષિમાં ગર્ભરૂપે ઉત્પન્ન થયો. માતાએ ચૌદ શુભ સ્વપ્નનું દર્શન કર્યું. ત્રણ માસ વીત્યા પછી પ્રભાવતીને દોહદ ઉત્પન્ન થયું કે એ માતાએ ધન્ય છે

જે પંચવર્ણ પુષ્પોની શય્યયામાં શયન કરે છે. (જ્ઞાત ધર્મકથાંગસૂત્ર -અધ્યાય - ૮- પૃ-૬૫) પોતાની રાણીના આ પ્રકારના દોહદને રાજા કુંભે પ્રસન્નતા પૂર્વક પૂર્ણ કર્યું. ગર્ભકાળ પૂરો થયા બાદ તેમણે સુખપૂર્વક ઓગણીસમા તીર્થંકરનો પુત્રીરૂપે જન્મ થયો. પુષ્પશૈયામાં સુવાના દોહદને કારણે પિતાએ તેનું નામ 'મલ્લિ' રાખ્યું વિશિષ્ટ જ્ઞાનની તેને પ્રાપ્ત થઇ હતી તેથી તે 'મલ્લિ ભગવતી' પણ કહેવાતી હતી. મલ્લિનાથને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું માતા પણ ધર્મધ્યાનમાં લીન રહી અને ચોથા મહેન્દ્ર દેવલોકમાં ઉત્પન્ન થઇ.

## મલ્લિનાથ

ઓગણીસમા તીર્થંકર મલ્લિનાથને મહિલાયોનિમાં કેવળજ્ઞાન તથા મોક્ષની પ્રાપ્તિ થઇ તેનું વર્ણન નીચે પ્રમાણે છે.

પૂર્વભવમાં મલ્લિકુમારીનો જીવ વીતશોકા નગરીમાં મહાબલનામના રાજાના રૂપે થયો હતો. ધર્મઘોષ મુનિના ઉપદેશથી પ્રભાવિત થઇને એણે પોતાના બીજા છ મિત્રો સાથે દીક્ષા ગ્રહણ કરી. (જ્ઞાતધર્મકથા પૃ- ૨૩૭)

દીક્ષા ગ્રહણ કર્યા બાદ સાતે મિત્રો તપ સંયમથી આત્માને ભાવિત કરતા કરતા વિચરવા લાગ્યા. એકવાર બધાએ મળીને એવો સંકલ્પ કર્યો કે અમે બધા એક જ પ્રકારની તપસ્યા કરીશું. કારણ કે અમારો બધાનો સાથ આગળના જીવનમાં પણ બન્યો રહે. અને બધાએ નિયમ પ્રમાણે તપસ્યાનો પ્રારંભ કર્યો. પણ મહાબલ મુનિએ બધાથી જયેષ્ઠ બનવાની લાલચમાં અધિક તપ કર્યું. તેથી જયારે બીજા સાધુઓ પારણા કરતા હતા ત્યારે તે પોતાની તપસ્યા આગળ વધારતા જતા હતા અને તે દિવસે તે પારણા કરતા નહિ. આ પ્રકારે છળ (કપટ) પૂર્વક તપ કરવાથી તેમણે સ્રીવેદનો બંધ બાંધ્યો. આ પ્રમાણે વીસ સ્થાનોની આરાધના કરવાથી તીર્થંકર નામ ગોત્રનું પણ ઉપાર્જન કર્યું. તીર્થંકર નામ ગોત્ર માટે નીચેની વીસ પ્રકારની આરાધના આવશ્યક માનવામાં આવી છે.

૧-૨- અરિહંત તથા સિદ્ધની ભકિત ૩ પ્રવચન ૪ ગુરુ ૫ સ્થિવિર ૬ બહુશ્રુત ૭ તપસ્વીમુનિની ભકિત સેવા કરવી. નિરંતર વિવેકમાં ઉપયોગ રાખવો. ૯ નિર્દોષ સમ્યકત્વનું પાલન કરવું ૧૦ ગુણવાનોનો વિનય કરવો ૧૧ વિધિપૂર્વક છ આવશ્યકોનું પાલન કરવું ૧૨ શીલવ્રતનું નિર્દોષ પાલન કરવું. ૧૩ વૈરાગ્યભાવની વૃદ્ધિ કરવી. ૧૪ શકિતપૂર્વક તપ અને ત્યાગ કરવો ૧૫ ત્યાગી મુનિઓને ઉચિત દાન આપવું. ૧૬ વૈયાવૃત્ય કરવું ૧૭ સમાધિસ્થ ગુરુને શાતા પહોંચાડવી ૧૮ વીતરાગના વચનો પર શ્રદ્ધા રાખવી ૧૯ સુપાત્રને દાન કરવું ૨૦ જૈન શાસનની પ્રભાવના કરવી.

લઘુસિંહ ક્રીડિત તથા મહાસિંહ ક્રીડિત આદિ ઘોર તપસ્યા તથા વર્ષો સુધી સંયમનું પાલન કરતા કરતા પેલા સાતે મુનિઓએ અનશન પૂર્વક સમાંધિમરણ લીધું.

આ મહાબલનો જીવ અનુત્તર વિમાનમાંથી ચ્યવીને મિથિલાના મહારાજા કુંભની મહારાણી પ્રભાવતીની કુક્ષિમાં અવતરિત થયો. માતા પ્રભાવતીએ શુભ યોગમાં પુત્રીને જન્મ આપ્યો, જેનું નામ મલ્લિ રાખવામાં આવ્યું. સમય જતાં મલ્લિકુમારી બાલ્યકાળ પૂર્ણ કરી યુવાવસ્થામાં પ્રવેશી. એના રૂપ, સૌંદર્ય અને ગુણોની ઉત્કૃષ્ટતા સર્વત્ર ફેલાવા લાગી. મલ્લિકુમારીએ અવધિજ્ઞાન વડે પેલા છ મિત્રોનું જીવન જોયું અને એમના જીવનના કલ્યાણ માટે તેમણે પ્રતિબોધ આપવાનું વિચાર્યું (આ. હસ્તીમલજી જૈન ધર્મનો મૌલિક ઇતિહાસ - પૃ ૧૨૬) એની વિસ્તૃત ચર્ચા જ્ઞાત ધર્મકથાંગસૂત્રમાં નીચે પ્રમાણે વર્ણવવામાં આવી છે.

મલ્લિકુમારીના રૂપ- લાવણ્ય અને ગુણોની ઉત્કૃષ્ટતાની ચર્ચા તત્કાલીન છ ગણરાજાઓ સુધી પહોંચી મલ્લિકુમારીએ પોતાના પૂર્વજન્મના મિત્રો અને આ જન્મના ગણરાજાઓના મોહભાવ દૂર કરવા માટે એક ઉપાય વિચાર્યો. એમણે એક વિશાલ મોહનગૃહ વચ્ચોવચ્ચ મણિમય પીઠિકા પર પોતાના જેવી જ રૂપ-લાવણ્ય મયી સુવર્ણ પ્રતિમાનું નિર્માણ કરાવ્યું. અને ભોજન ઉપરાંત તેમાં એક એક ગ્રાસ નાખવાની વ્યવસ્થા કરાવી.

સાકેતપુરના પ્રતિબુદ્ધ રાજા રાણીપદ્માવતી સાથે નાગપૂજાના ઉત્સવમાં ભેગા મળ્યા. ત્યાં માળીઓએ બનાવેલી મનોહર પુષ્પગુચ્છની બનાવટ જોઇને આશ્ચર્ય પામ્યા. તેમણે મંત્રી સુબુદ્ધિને પૂછયું કે આનાથી વધારે સુંદર પુષ્પગુચ્છ તેણે કયાંય જોયાં છે. તેના જવાબમાં મંત્રીએ મલ્લિકુમારીના વાર્ષિક મહોત્સવ પર મનોહર તથા વિભિન્ન પ્રકારોના પુષ્પગુચ્છોને કલાત્મક

રીતે બનાવવામાં આવેલા તેનું વર્ણન કર્યું. સાથે મલ્લિકુમારીના અનુપમ સૌંદર્યનું એવું વર્ણન કર્યું કે જેનાથી રાજા પ્રતિબુદ્ધ મોહિત થઇ ગયો.

એ જ પ્રમાણે ચંપાનગરી ચંદ્રછાગ, સાવત્થીના મહારાજા સપ્પી, કાશીપ્રદેશના મહારાજા શંખ, કુણાધિપતિરુકિમ, હસ્તિનાપુરના રાજા અદીનશત્રુ તથા પાંચાલના રાજા જિતશત્રુએ મલ્લિકુમારીના સૌન્દર્ય તથા ગુણોની પોતાના મંત્રીઓદ્વારા પ્રશંસા સાંભળી હતી. આ છ રાજાઓએ પૂર્વજન્મના સ્નેહથી આકર્ષિત થઇને મલ્લિકુમારીના સાથે લગ્ન કરવાની ઇચ્છા પ્રકટ કરી. રાજા કુંભે આ માંગણીને નકારી તે છતાં છએ રાજાએ સેના લઇને મિથિલા પર ચડાઇ કરી અને શકિતના બળ પર મલ્લિને વરવાનો સંકલ્પ કર્યો. છ રાજાઓની સાથ એક સાથે મુકાબલો કરવાને અસર્મથ રાજા કુંભે ચિંતિત થઇને યુદ્ધની તૈયારી કરવા લાગ્યા.

(જ્ઞાતધર્મ કથાંગસૂત્ર -પૃ. ૨૭૬)

રોજની જેમ ચરણ વંદન કરવા આવેલી મલ્લિકુમારીએ પોતાના પિતાને ચિંતિત જોયા. તેમની ચિંતાના કારણને જાણીને તે વિનય પૂર્વક બોલી.

''તાત તમે જરા પણ ચિંતિત ના થશો. આ આખીય સમસ્યાને હું સારી રીતે હલ કરી લઇશ. તમે છએ રાજાઓને જુદા જુદા રૂપમાં અહીંઆ આવવાનું આમંત્રણ મોકલો.''

મલ્લિકુમારીની યોગ્યતા, બુદ્ધિમતા અને નીતિ-પરાયણતાથી રાજા કુંભ પ્રભાવિત થયો અને સ્વસ્થ થઇ છ રાજાઓને જુદા જુદા આવવાનો સંદેશ મોકલ્યો. સંદેશ મળ્યા બાદ બધાં રાજાઓ મિથિલા રાજધાનીમાં પહોંચ્યા અને મોહનગૃહમાં સ્થાપિત મલ્લિની સુવર્ણપ્રતિમા નિહાળવા લાગ્યા. જયારે મલ્લિકુમારીએ રાજાઓને રૂપદર્શનમાં લીન જોયાં ત્યારે તેણે સુવર્ણપુતળીનું ઢાકણું ખોલી નાંખ્યું. ઢાંકણ હટતાંની સાથે જ કેટલાંય સમયથી એકઠાં થયેલ અન્નની દુર્ગંધ ચારે તરફ ફેલાઇ ગઇ અને બધાં રાજા નાક બંધ કરી આમતેમ ભાગવાની ચેષ્ટા કરવા લાગ્યા. યોગ્ય અવસર જોઇ મલ્લિ ભગવતીએ તેમને પ્રતિબોધિત કર્યા. અને ક્ષણિક ભૌતિક સુખનો ત્યાગ કરી આત્મ જ્ઞાનની પ્રેરણા આપી. તથા પર્વજન્મનો વૃતાંત કહી સંભળાવ્યો. મલ્લિ ભગવતીના આ ઉદ્દબોધક વચનો દ્વારા રાજાઓને જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. અને એ જ્ઞાન દ્વારા તેમણે પોતપોતાનો પૂર્વભવ જાણ્યો. અંતમાં મલ્લિકુમારીએ માતાપિતાની અનુમતિ પ્રાપ્ત કરી દીક્ષા લીધી. દીક્ષાના સમયે ત્રણસો સ્ત્રીઓ તથા ત્રણસો પુરુષો બધાંએ સંયમ ગ્રહણ કર્યો. પરંપરાનુસાર દીક્ષા તથા કેવળજ્ઞાનનો મહોત્સવ મનાવવામાં આવ્યો અને તીર્થની સ્થાપના કરવામાં આવી.

(આનન્દઋૃષિજી - જ્ઞાતધર્મકથાંગસૂત્ર પૃ-૩૧૩)

અન્ય તીર્થંકરોની તુલનામાં મલ્લિનાથની એ વિશિષ્ઠતા રહી છે કે તેમણે જે દિવસે દીક્ષા લીધી તે જ દિવસે કેવળ જ્ઞાનની પ્રાપ્તિ થઇ હતી. કેવળી બનીને તેમણે મહતી પરિષદમાં ધર્મદેશના સંભળાવી. ઉપદેશ સાંભળીને રાજા કુંભ અને પ્રભાવતી એ શ્રાવક-ધર્મ સ્વીકાર કર્યો અને જિતશત્રુ તથા બીજા છ રાજાઓએ મુનિ-દીક્ષા ગ્રહણ કરી.

આ સંઘમાં સાધ્વીજનોની અભ્યંતર પરિષદ અને સાધુઓની બાહ્ય પરિષદને ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. (આ. હસ્તીમલજી જૈન ધર્મનો મૌલિક ઇતિહાસ). અહીંયા સમવસરણમાં સાધ્વીઓનું સ્થાન આગળનું માનવામાં આવ્યું છે. કારણ કે તેમને અભ્યંતર પરિષદમાં ગણવામાં આવે છે.

તીર્થંકર મલ્લિ જનમાનસને આત્મશુદ્ધિનો માર્ગ બતાવતા વર્ષો સુધી ગામો અને નગરોમાં ફરી ફરીને ઉપદેશ દેતા રહ્યાં. અંતે ગ્રીષ્મકાળમાં ચૈત્ર સુદ ચોથની અર્ધીરાત્રિના સમયે પાંચસો આર્યિકાઓ અને પાંચસો બાહ્ય પરિષદના સાધુઓ સહિત સંથારો પૂર્ણકરીને અઘાતી કર્મોનો ક્ષય કરી સિદ્ધ, બુદ્ધ અને મુકત થયા.

• (આનન્દઋષિજી – જ્ઞાતધર્મ કથાંગસૂત્ર અ-૮ પૃ.૩૨૨)

## પદ્માવતી

તેઓ વીસમા તીર્થંકર મુનિસુવ્રતના માતા હતા. અને રાજગૃહના મહારાજા સુમિત્રની મહારાણી હતા. પૂર્વભવના સુર, શ્રેષ્ઠ રાજાના જીવે ઘોર તપસ્યા કરી, તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું હતું. તે જીવ રાણી પદ્માવતીના ગર્ભમાં ઉત્પન્ન થયો. માતા ચૌદ સ્વપ્નનું દર્શન કરી હર્ષિત થઇ ઊઠી અને સાવધાનીથી ગર્ભનું પાલન કરવા લાગી. માતાને તે સમયે વિધિપૂર્વક વ્રત પાલન કરવાની ઇચ્છા થઇ. તે મુનિની જેમ વ્રતનું પાલન કરતી રહી. (આવશ્યક ચૂર્ણિ-પૃ. ૧૧) ગર્ભકાલ પૂર્ણ થયાબાદ માતાએ સુખપૂર્વક પુત્રરત્નને જન્મ આપ્યો. ઇન્દ્રએ આવીને માતાને પ્રણામ કર્યા તથા નરેન્દ્ર અને નગર જનોએ જન્મોત્સવ મનાવ્યો, પુત્ર યુવાન થયો એટલે પ્રભાવતી અને અન્ય શ્રેષ્ઠ કન્યાઓ સાથે કુમારના વિવાહ કર્યા. રાજ્યનો ઉપભોગ કરીને દીક્ષા લીધી. સમય જતાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી તીર્થંકરત્વની પ્રાપ્તિ કરી. માતા પદ્માવતી પણ પોતાના કર્મોનો ક્ષય કરી ચોથા મહેન્દ્ર દેવલોકમાં ઉત્પન્ન થઇ. (આ. હસ્તી મલજી જૈન ધર્મનો મૌલિક ઇતહિાસ - પૃ ૫૯૮)

## વપ્રાદેવી

એકવીસમા તીર્થંકર શ્રી નમિનાથની માતા તથા મિથિલા નગરીન મહારાજા વિજયની મહારાણીનું નામ વપ્રાદેવી હતું પૂર્વભવનો સિદ્ધાર્થ રાજાનો જીવ માતા વપ્રાદેવીના ગર્ભમાં પ્રવેશ કરવાને કારણે માતાને મંગલકારી ચૌદ સ્વપ્નનું શુભ દર્શન થયું યોગ્ય આહાર વિહાર, આચાર વડે માતા વપ્રાદેવીએ ગર્ભનું પાલન કર્યું. સમય પૂર્ણ થયા બાદ માતા વપ્રાદેવીએ કનકવર્ણવાલા પુત્ર રત્નને સુખપૂર્વક જન્મ આપ્યો. નરેન્દ્ર અને સુરેન્દ્ર એ મંગલ મહોત્સવ મનાવ્યો. જે સમયે બાળક ગર્ભમાં હતો તે સમયે શુત્રુઓએ મિથિલા નગરીને ચારે બાજુથી ઘેરી લીધી હતી માતા વપ્રાદેવીની સૌમ્ય દ્રષ્ટિ એના પર પડતાં જ શત્રુ રાજાનું મન બદલાઇ ગયું અને તે ચરણોમાં નમી પડયો. આમ શત્રુઓના આ પ્રમાણે નમન કરવાને કારણે પુત્રનું નામ નમિંનાથ રાખવામાં આવ્યું.

**नगरं रोहिज्जति, देवी अहे संठित्ता दिद्धा,**
**पच्छा पणता रायणो अष्ठेय पच्चंतिया रायाणो,**
**पण्तातेह नमी ।**

(આવશ્યક ચૂર્ણિ, પૃ. ૧૧) (ત્રિષષ્ઠિશલાકા પુરુષચરિત્ર પર્વ-૭, સર્ગ ૧૧- પૃ.૧૯૧)

યુવાવસ્થા પ્રાપ્ત થતાં માતાપિતાએ પુત્રનો યોગ્ય કન્યાઓ સાથે વિવાહ કર્યો. રાજકારભારનું કાર્ય પૂર્ણ કરી દીક્ષા લીધી અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. માતાએ પણ શ્રાવિકા વ્રત ગ્રહણ કર્યું, તથા કર્માનો ક્ષય કરી દેવલોકમાં ગઇ. (આ હસ્તીમલજી જૈન ધર્મનો મૌલિક ઇતિહાસ ભાગ-૧ પૃ. ૫૯૮).

## શિવાદેવી

બાવીસમા તીર્થંકર અરિષ્ટનેમિની માતા શિવાદેવી સમુદ્રવિજય રાજાની ધર્મશીલા મહારાણી હતી. પૂર્વભવનો શંખ રાજાને જીવ તીર્થંકર ગોત્રકર્મ ઉર્પાજિત કરી શિવાદેવીની કુક્ષિમાં ગર્ભરૂપે ઉત્પન્ન થયા. માતાએ ચૌદ સ્વપ્ન જોયાં તથા પરમ ભાગ્યશાળી પુત્ર લાભની વાત જાણીને તે બહુ જ પ્રસન્ન થઇ. ગર્ભકાળ પૂર્ણ થયા બાદ માતાએ સુખપૂર્વક પુત્ર રત્નને જન્મ આપ્યો. ભાગ્યશાળી પુત્રની માતાને દેવોએ આવીને પ્રણામ કર્યા. અને જન્મોત્સવ મનાવ્યો. બાળકના ગર્ભકાળમાં રહેવાના સમય દરમ્યાન કેટલાંય અનિષ્ટ દૂર થયા અને માતાને રત્નમય ચક્રનું દર્શન થયું. તેથી બાળકનું નામ અરિષ્ટ નેમિ રાખવામાં આપ્યું.

(આવશ્યકચૂર્ણિ ઉ—ત પૃ. ૧૧.)

માતા શિવાદેવી, પિતા સમુદ્રવિજય, તથા ભાઇ શ્રીકૃષ્ણએ અરિષ્ટનેમિની અનિચ્છા હોવાં છતાં ઉગ્રસેન રાજાની સર્વગુણ સંપન્ન કન્યા રાજીમતી સાથે વિવાહ કર્યા. પરંતુ અહિંસાના પુજારી નેમિકુમારેવિવાહના સમયે વધ થનારા નિર્દોષ પશુઓના પોકાર સાંભળીને વિવાહ કરવાને બદલે દીક્ષિત થઇ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને માતા શિવાદેવીએ પણ દીક્ષિત થઇ કર્મનો ક્ષય કર્યો અને ચોથા મહેન્દ્ર દેવલોકમાં ઉત્પન્ન થઇ.

(પઉમચરિય ઉત્ત. ૨૧)

## રાજીમતી

રાજીમતી બાવીસમા તીર્થંકર અરિષ્ટનેમિની વાગ્દતા, સત્યભામા (કૃષ્ણની રાણી)ની નાની બેન તથા ઉગ્રસેન રાજા અને ધારિણી રાણીની પુત્રી હતી. (ત્રિષષ્ઠિશલાકા પુરુષ પર્વ-૮ સર્ગ ૯, પૃ ૩૭૩-૩૮૧)

તે સમયે સર્વગુણ સંપન્ન યાદવકુમાર સાથે વાગ્દાન થવાથી રાજીમતી પોતાને ભાગ્યશાળી સમજતા હતી. જ્યારે નેમિકુમાર સાક્ષાત કામદેવ જેવો અપૂર્વ વરઘોડો લઇને મહારાજા ઉગ્રસેનના મહેલની તરફ આગળ વધ્યા તે સમયે બાળકો, વૃદ્ધો બધાં ત્રિભુવન- મોહક નેમિકુમારને જોઇનેરાજીમતીને ભાગ્યશાળી માનવા લાગ્યા. સખિઓ વરરાજને જોઇને દોડીનેં રાજીમતીને કહેવા લાગી 'રાજદુલારી, તું પરમ ભાગ્યશાળી છે કે નેમિનાથ જેવા ત્રિલેકય - તિલક વર તારી સાથે લગ્ન કરવા આવ્યા. અમે વરને જોવાની અમારી પ્રબળ ઉત્કંઠાને રોકી શકતા નથી તેથી હે સખી, તું પણ લજ્જાનો ત્યાગ કરી અતિકમનીય વરને જોવા ચાલ.''

રાજીમતી મહેલના ઝરૂખામાંથી પોતાના પ્રિયતમના રૂપને તથા જાનને જોઇને પોતાને ભાગ્યશાળી માનવા લાગી. એ સમયે અચાનક રાજીમતીની ડાબી આંખ અને ભુજા ફડકવા લાગ્યા અને અનિષ્ટ બનવાની શંકાથી તેનું હૃદય ધડકવા લાગ્યું. પળ માત્રમાં અપાર જનસમૂહે જોયું કે અહિંસા અને કરુણાની પ્રતિમૂર્તિ નેમિકુમાર હજારો પશુઓને જીવનદાન આપીને પાછા ફર્યા.

રાજીમતી પોતાના પ્રાણેશ્વર નેમિકુમરને પાછા ફરવાનો અને પ્રવ્રજિત થવાનો નિશ્રય જાણી વૃક્ષથી કપાયેલી લતાની જેમ બેભાન થઇ ધરતી પર ઢળી પડી. સખિઓના પ્રયત્નથી તે હોશમાં આવી કે તરત જ હૃદયદ્રાવક કરુણ વિલાપ કરતાં બોલી, હે નરશિરોમણી તમે વિવાહની સ્વીકૃતિ આપીને મારા મનમાં આશાની વેલ અંકુરિત શા માટે કરી ? તે કસમયે જ ઉખાડીને કેમ ફેંકી દીધી? મહાપુરુષો પોતાના વચનોને જીવનભર નિભાવે છે. જે દિવસે આપે મને વચનથ સ્વીકાર કરી તે જ દિવસે મારું તમારી સાથે લગ્ન થઇ ચૂકયું હતું ત્યાર બાદ આ વિવાહનું આયોજન તે વ્યર્થ કરવામાં આવ્યું. મને અત્યંત દુઃખ તો એ વાતનું છે કે આપના જેવા સમર્થ મહાપુરુષ પણ વચનનો ભંગ કરે તો બધી લૌકિક મર્યાદાઓ નષ્ટ થઇ જશે.''

(આ. હસ્તીમલજી જૈન ધર્મકા મૌલિક ઇતિહાસ ભાગ- ૧ પૃ. ૧૯૩-૧૯૫.)

આ વાકયોથી તે સમયની સામાજિક માન્યતા તથા વિવાહ પદ્ધતિની મહતાનો બોધ મળે છે. ફરીથી રાજીમતી દુઃખી થઇને કહેવા લાગી. 'સખિ એમાં નેમિકુમારનો કોઇ દોષ નથી. મારા જ કોઇ ઘોર પાપનું ફળ હશે એમ લાગે છે ચોકકસ મેં પૂર્વજન્મમાં કોઇ ચિર-પ્રણયોના વિચ્છોહ કરી એને વિરહની ભયંકર જ્વાલામાં જલાવ્યા હશે. જેના ફળરૂપે મને અભાગણીને પોતાના પ્રાણાધાર પ્રિયતમનો કર સ્પર્શનો સુખાનુભવ પણ થયો નહીં.

(આ. હસ્તી મલજી જૈન ધર્મ મૌલિક ઇતિહાસ ભાગ-૧ - પૃ. ૧૯૩-૯૫)

આ કરુણ ક્રન્દનને જોઇને સખીઓએ રાજીમતિ સમજાવતાં કોઇ બીજા યાદવકુમાર જે સર્વગુણ સંપન્ન હોય તે પતિ તરીકે પસંદ કરવાની સલાહ આપી. પરંતુ રાજીમતી ઘાયલ સિંહની જેમ પોતાની સખિઓ પર ગરજી પડી અને બોલી ''કન્યાનું પાણિગ્રહણ એક જ વાર થાય છે અને હું નેમિકુમારને મારા મન અને વચનથી વરી ચૂકી છુ તેથી હું મારા પ્રિયતમ નેમિકુમારની પત્ની થઇ ચુકી છું. એમણે વિવાહવિધિ કરી મારા કરનો સ્પર્શ નથી કર્યો પરંતુ મને વ્રતદાન આપવમાં તો એમની વાણી જરૂર મારા અન્તઃસ્તલનો સ્પર્શ કરશે.'' આ રીતે કામભોગના ત્યાગ અને વ્રત ગ્રહણની દૃઢ પ્રતિજ્ઞાથી સહેલિઓને ચૂપ કરી રાજીમતી નેમિનાથના ધ્યાનમાં મગ્ન રહેવા લાગી. આ નવ-પરિણતના હૃદયની આશાઓ તથા ઉમંગોનું અતિ કરુણ વર્ણન કેટલાંય વિદ્વાન કવિઓ એ કથા તથા કાવ્યમાં કર્યું છે. મુખ્યત્વે એમાં રાજીમતીની અતુલ ભાવનાઓનું હૃદયસ્પર્શી ચિત્રણ પ્રસ્તુત કરવામાં

આવ્યું છે. જૈન ધર્મમાં આ સતી સાધ્વીને આદર્શ નારીનું સ્થાન આપવામાં આવ્યું છે. કારણ કે તેથી ભવિષ્યમાં સ્ત્રીઓ આદર્શ પર ચાલીને પોતાનું જીવન ઉન્નત કરી શકે.

નેમિકુમારના તોરણેથી પાછા જવાન કારણે નાનાભાઇ રથનેમિ રાજીમતી પર મોહિત થઇ ગયા. કેટલાય પ્રકારની ભેટ સોગાદોનું પ્રલોભન આપીને રાજીમતીને પોતાના પ્રત્યે આકર્ષિત કરવાનો પ્રયત્નો કરવા લાગ્યા. પણ પોતાના સંકલ્પમાં દૃઢ રહેવાવાળી મહિલાએ ચતુરાઇપૂર્વક તથા યુકિતપૂર્ણ ફિટકારથી રથનેમિના બધાં મનોરથો પર પાણી ફેરવ્યું. રથનેમિના મોહને દૂર કરવા માટે નીચેની લેખિત ઘટના પ્રાપ્તિ થાય છે.

''રાજીમતીએ બીજે દિવસે રથનેમિના આવતાં પહેલાં પેટ ભરીને દુધ પીધું. અને આપ્યા બાદ વમનકારક મદનફળને નાકથી સુંઘ્યું અને રથનેમિને કહ્યું કે જલ્દીથી એક સોનાનો થાળ લાવો. રથનેમિએ તત્કાલ રાજીમતીની સામે સુવર્ણ પાત્ર મૂકયું. રાજીમતીએ પહેલાં પીધેલા દુધનું એ સુવર્ણપાત્રમાં વમન કર્યું અને રથનેમિને ગંભીર દૃઢ સ્વરમાં કહ્યું, ''હે દિયરજી આ દુધ પી જાઓ''.

આ પ્રસંગથી લજ્જિત તથા નિરાશ થઇ રથનેમિ સંસારથી વિરકત થઇ ગયા અને દીક્ષા ગ્રહણ કરી નેમિનાથની સેવામાં રેવતીચલ તરફ નીકળી પડયા.

(ઉત્તરાધ્યયન સૂત્ર - અધ્યાય -૨૨)

નેમિનાથની પ્રવ્રજયાની વાત સાંભળીને રાજીમતી સ્વયં પ્રવ્રજયા ગ્રહણ કરવાનો દૃઢ નિશ્ચય કર્યો અને કોઇપણ રીતે માતાપિતાની અનુમતિ લઇને પોતાના શ્યામલ કેશનેલોચ કરી સંયમ માર્ગ તરફ આગળ વધ્યા તે સમયે લોચ કરેલા કેશવાળી, જીતેન્દ્રિયા, સુકુમારી રાજીમતીને વાસુદેવ શ્રી કૃષ્ણ આર્શીવચન આપતાં બોલે છે.

''હે કન્યા જે ધ્યેય માટે દીક્ષિત થઇ રહી છે તેની સફળતા માટે સંસાર- સાગરને શીઘ્રાતિશીઘ્ર પાર કરજે''

**संसार सायरं घारं, तर कन्ने लहुं लहुं**

(ઉત્તરાધ્યાયન સૂત્ર અ.૨૨)

રાજીમતીએ દીક્ષા લઇને ઘણી રાજકુમારીઓ તથા બીજી સખિઓને દીક્ષા પ્રદાન કરી. શીલવતી હોવાની સાથે સાથે નેમિનાથ પ્રત્યે ધર્માનુરાગથી અભ્યાસ કરતાં રાજીમતી બહુશ્રુતા બની ગઇ.

તીર્થંકર અરિષ્ટનેમિને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું અને અનેક મુમુક્ષોએ પ્રભુના ચરણોમાં દીક્ષા ગ્રહણ કરી તે સમયે યક્ષિણી અને અનેક રાજકુમારિઓએ પ્રભુના ચરણોમાં દીક્ષા ગ્રહણ કરી. યક્ષિણી આર્યાને શ્રમણી સંઘની મુખ્ય પ્રવર્તિની નીમવામાં આવ્યા. મહારાણી શિવાદેવી, રોહિણી, દેવકી અને રુકિમણી આદિ અનેક મહિલાઓએ પ્રભુની પાસે શ્રાવિકા ધર્મ સ્વીકાર કર્યો.

**शिवा रोहिणी देवस्यो, रुक्मिण्याद्याश्च योषितः**
**जगहु श्राविका धर्ममन्याश्च स्वामिन्निधौ ॥**

(ત્રિષષ્ઠિશલાકા પુરુષચરિત્ર, પર્વ ૮,૯)

પ્રભુ નેમિનાથને કેવળ જ્ઞાનની પ્રાપ્તિ તથા સંઘ સ્થાપનાનો સંદેશ સાંભળી રાજીમતી અને અનેક સાધ્વીઓ ભગવાનને વંદનકરવાના હેતુથી રૈવતગિરિ (ગિરનાર) પર્વતતરફ નીકળ્યા. રસ્તામાં ઘનઘોર વરસાદને કારણે એક ગુફામાં રાજીમતીએ પોતાના ભીના કપડાં સૂકવ્યાં. અહીંઆ રાજીમતીને નિવર્સ્ત્ર જોઇને ગુફામાં ધ્યાનસ્થ રથનેમિનું મન ફરીથી વિચલિત થયું. અને તેણે રાજીમતી પાસે કામેચ્છાની મૂર્તિ માટે પ્રાર્થના કરી. પરંતુ દૃઢ પ્રતિજ્ઞ રાજીમતી પોતાના મનોભાવને સ્થિર રાખતાં બોલી ''હે રથનેમિ, તમે ઇન્દ્રયસુખોના મોહમાં પથ ભ્રષ્ટ થઇ રહ્યા છો. તમે તો ઉત્તમ કુળના માનવ છો. ત્યાગ કરેલા વિષયોને શું તમે ફરીથી ગ્રહણ કરશો? તમને આ વિપરિત માર્ગ પર ચાલતા શરમ નહિ આવે? તમને ધિકકાર છે આ પ્રમાણે અંગીકૃત કરેલા વ્રતો ને તોડવા કરતાં તો તમારું મૃત્યુ શ્રેષ્ઠ છે કારણ કે મનુષ્ય જન્મ બહુ દુર્લભ છે અને કુળ અને જાતિના ગૌરવને સુરક્ષિત રાખીને આત્મકલયાણ કરવું એ જ તમારે માટે શ્રેયસ્કર છે.''

धिरत्थु ते जसोकामी, ज्रोतं जाविय कारणा

वतं इच्छसि आवेऊं, से ते मरणं भवे ।

(દશવૈકાલિક સૂત્ર અ. ૨.)

कोणं माणं निगिण्हिता, भायं लोभं च सव्वसो ।

इन्दियाइ, वसे काउं अप्याणं उवसंहरे ।

(ઉત્તરાધ્યાયન સૂત્ર. અ. ૨૨, પૃ ૩૩૧.)

સ્થિર સંયમધારી નારીની લલકાર અને ફિટકાર સાંભળીને રથનેમિ ધર્મમાં સમ્યક્ રીતે સ્થિર થઇ ગયાં, જેવો અંકુશથી હાથી થઇ જાય છે ત્યાર પછી અરિષ્ટનેમિના ચરણોમાં પહોંચી ને કઠોર તપશ્ચર્યાથી કઠોર કર્મોને ભસ્મસાત કરી રથનેમિ પણ શુદ્ધ, બુદ્ધ અને મુકત થઇ ગયા. રાજીમતીએ પણ અરિષ્ટ નેમિના સમવસરણમાં પહોંચીને તપ સંયમ સાધના કરતાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી અને થોડા સમય બાદ નિર્વાણ પ્રાપ્ત કર્યું. આ આદર્શ મહિલાને અરિષ્ટનેમિની પહેલાં મોક્ષની પ્રાપ્તિ થઇ.

(ઉતરાધ્યયન સૂત્ર અ. ૨૨ પ. ૨૩૨.)

## દેવકી

જૈન ધર્મના ઇતિહાસમાં પરમયોગી શ્રીકૃષ્ણ વાસુદેવની માતા દેવકીના વાત્સલ્યનું ભાવોનું વર્ણન આ પ્રકારે કરવામાં આવ્યું છે. દેવકી રાજાની પુત્રી તથા કંસનીબેનનો વિવાહ સોરિપુરના રાજા વસુદેવ સાથે થયો હતો. ''બેન દેવકીના પુત્રો દ્વારા પોતાનું મૃત્યુ થશે. આ ભવિષ્યવાણીના આધાર પર કંસે દેવકી અને વસુદેવ પાસેથી તેના પુત્રોને પોતાને આપી દેવાનું વચન લીધું.

વિવાહ બાદ દેવકીએ છ વાર ગર્ભ ધારણ કર્યો પરંતુ પ્રસવ કાળમાં જ દેવકીના તે છ પુત્રો સુલસા ગાથાપત્ની ને ત્યાં તથા સુલસાના છ મૃત પુત્રો દેવકી ત્યાં હરિણૈગમેષી નામના દેવે પોતાની દેવમાયાના આધારે પહોંચાડી દીધા. એ છ પુત્રોને વાસુદેવે પોતાની પ્રતિજ્ઞા અનુસાર પ્રસવ પછી તરત જ કંસને સોંપ્યા અને કંસે તેને મરેલા જાણીને ફેકી દીધા.

(ત્રિષિષ્ઠશલાકા પુરુષ ચરિત્ર પર્વ ૮ સર્ગ ૫ પૃ. ૩૧૦)

સાતમી વાર જયારે દેવકીએ ગર્ભ ધારણ કર્યો ત્યારે તે સાત શુભ સ્વપ્ન સિંહ, સૂર્ય, અગ્નિ, ગજ,ધ્વજ, વિમાન અને પદ્મ સરોવરના દર્શન કરી જાગૃત થઇ, વાસુદેવે સ્વપ્નનો અર્થ સમજાવતાં કહ્યું' ''તું ભાગ્યશાળી પુત્રની માતા બનીશ''. આ સાંભળીનેં તેણે પતિને સંતાનની રક્ષા માટે આર્દ્ર સ્વરમાં વિનંતિ કરવા લાગી. વસુદેવે દેવકીને આશ્વાસ આપ્યું. અને તેજસ્વી પુત્રનો જન્મ થતાં જ તેમણે પોતાના મિત્ર નંદ-યશોદાને ત્યાં ગોકુળમાં મૂકી આવ્યા. માતા દેવકી સાત સાત પુત્રોની જનની હોવાં છતાં પોતાના ખોળામાં કોઇ પણ બાળકનેરમતો જોઇ શકી નહીં.

એક વાર અરિષ્ટનેમિ અને શ્રમણોની સાથે દ્વારિકાપુર પધાર્યા. તીર્થંકરના સમવસરણના સમાચાર સાંભળીને શ્રીકૃષ્ણ, યાદવ પરિવાર તથા અન્તઃપુરની અનેક રાજમહિષિયોની સાથે દેશના સાંભળવા આવ્યા. તે સમયે અનેક નર-નારીઓએ દીક્ષા લીધી અને અનેક જણાંએ શ્રાવકધર્મ સ્વીકાર્યો. એકવાર તપસ્યા કરવાને કારણે ક્ષીણ થઇ ગયેલા શરીરવાળા છ સાધુની પ્રભુની આજ્ઞા લઇને નગરમાં બે બે સાથે એમ ત્રણવાર દેવકીને ત્યાં પ્રસાદમાં ગોચરી લેવા ગયા. શ્રાવિકા દેવકીએ તેમનેભકિતપૂર્વક વંદન કર્યા. અને પ્રેમપૂર્વક વિશુદ્ધ આહારની ભીક્ષા આપી. મુનિ યુગલની સૌમ્ય આકૃતિ, સદૃશ- વય, કાન્તિ અને ચાલ જોઇને તેને પોતાના છ પુત્રોનું સ્મરણ થયું.

(આ. હસ્તમલજી જૈન ધર્મનો મૌલિક ઇતિહાસ)

અને તેની ઓખાંમાં પુત્ર સ્નેહને કારણે અનવરત અશ્રુઓની ધારા વહેવા લાગી. (ત્રિષષ્ઠિશલાકા પુરુષ પર્વ- ૮) મુનિઓનું ત્રીજું યુગલ જયારે દેવકીને ત્યાં દીક્ષા લેવા ગયું ત્યારે દેવકીએ પોતાની શંકાનું સમાધાન કરવા પૂછી નાંખ્યું. ''ભગવાન મારે ત્યાં ત્રણ વાર કેમ પધાર્યા ? અંતગડ સૂત્ર પ્રમાણે દેવકીએ મુનિ યુગલને બીજી ત્રીજીવાર એક જ ઘેર ભિક્ષા લેવા આવવાનું

કારણ પૂછયું. મુનિએ એ પ્રશ્નનો ઉત્તર આપતાં પોતાના જીવનનો વૃતાંત જે જ્ઞાની પ્રભુદ્વારા બતાવવામાં આવ્યો હતો તે કહી સંભળાવ્યો. મુનિની વાત સાંભળીને દેવકી મૂર્છિત થઇને ધરતી પર પડી ગઇ. કારણ કે તેને વિશ્વાસ થઇ ગયો હતો કે આ છએ તેના પોતાના પુત્રો હતા. સચેત થતાં દેવકીનું માતૃહૃદય સાગરની જેમ હિલોરા લેવા લાગ્યું. અને તેના સ્તનમાં દુધની અને આંખોમાં આંસુઓની ધારા એક સાથે લહેવા લાગી. દેવકીના આ હૃદય સ્પર્શી કરુણ વિલાપ સાંભળીને મુનિઓએ તેને સંસારની અસારતા તથા કર્મોની પ્રાધાન્યતા સમજાવી. અંતગડ સૂત્ર પ્રમાણે દેવકી પોતાની શંકાના નિવારણ માટે ભગવાન અરિષ્ટનેમિના સમવસરણમાં ગઇ. અરિહંત અરિષ્ટનેમિએ તેના મનોભાવો જાણીને કહ્યું ''દેવકી તે જે છ મુનિઓ જોયાં છે તે સુલસાના નહિ પણ તારા જ પુત્રો હતા. હરિણૈગમેષી દેવે તેમને તત્કાલ સુલસાના મૃત પુત્રો સાથે બદલી નાખ્યા હતા. અને તેઓએ મોટા થઇને દીક્ષિત થયા.''

આ જાણીને હર્ષવિભોર થઇ દેવકીએ છએ મુનિને વંદન કરીને કહ્યું ''પ્રભુ મને પ્રસન્નતા થાય છે કે મારી કુખમાંથી ઉત્પન્ન થયેલાં છ પુત્રોએ મુકિતના સર્વોત્કૃષ્ટ સામ્રાજ્ય પ્રાપ્ત કરવાવાળી દીક્ષા ગ્રહણ કરી તથા એક પુત્ર કૃષ્ણએ ઉત્કૃષ્ટ કોટિનું સામ્રાજય પ્રાપ્ત કર્યું. પણ મારું હૃદય સંતપ્ત એટલા માટે થઇ રહ્યું છે કે સાતે પુત્રોની શૈશવાસ્થાના લાલન-પાલનનો અતિ મનોરમ આનંદનો અનુભવ મને સ્વલ્પ માત્રામાં પણ થયો નહીં. તે સમયે કેવળજ્ઞાની પ્રભુએ પૂર્વજન્મમાં સ્વપત્નીના રત્ન ચોરવાની કથા કહી સંભળાવી, (જૈન ધર્મનો મૌલિક ઇતિહાસ આ. હસ્તીમલજી પૃ- ૨૦૯.)

સમવસરણમાંથી પાછા આવ્યા બાદ દેવકી પોતાના દુઃખી હૃદયને શાંત ન કરી શકી.સાત સાત પુત્રોની માતા હોવાં છતાં દેવકી પોતાના એક પણ પુત્રને સ્તનપાન કરાવીને અને મીઠાં મધુર હાલરડાં ગાઇને તથા બાળપણની મીઠી મીઠી કાલીઘેલી બોલી વગેરે સાંભળવા માટે ભાગ્યશાળી બની ન શકી. આ શોક સાગરમાં ગોથા ખાતી તે ચિંતિત રહેવા લાગી અને અન્ન જળનો ત્યાગ કર્યો. માતાની મનોદશા જોઇને કૃષ્ણએ ઇષ્ટદેવનું સ્મરણ કર્યું અને એક નાના ભાઇ માટેનું વરદાન પ્રાપ્ત કર્યું.

સમય જતાં દેવકીએ એક પુત્રને જન્મ આપ્યો જેનું નામ ગજ સુકુમાલ રાખવામાં આવ્યું. પોતે દીક્ષા લેતી વખતે માતા દેવકીએ પોતાના પુત્ર ગજ-સુકુમાલને અતિ-કરુણ શબ્દોમાં સંસાર ભોગવવાનું કહ્યું. પરંતુ પોતાની પ્રતિજ્ઞામાં દૃઢ કુમારે યુવાવસ્થામાં તીર્થંકર અરિષ્ટનેમિ પાસે પ્રવ્રજયા ગ્રહણ કરી.

દેવકીના જીવન અને ક્રિયાઓનું વર્ણન જૈન ધર્મ ગ્રંથોના આધાર પર કરવામાં આવ્યું છે.

## રુકિમણી, સત્યભામા

શ્રીકૃષ્ણ વાસુદેવની પતિ પરાયણ, સર્વગુણ સંપન્ન આ બંને રાણીઓ તત્કાલીન સામાજિક તથા રાજનૈતિક ક્ષેત્રમાં પોતાની અલૌકિક બુદ્ધિ વડે શ્રી કૃષ્ણને સહયોગ આપતી હતી. એક વખત અરિષ્ટનેમિ કૃષ્ણની આયુધ-શાળામાં પહોંચ્યા અને કુતૂહલવશ શંખ ફૂંકયો.

કૃષ્ણ વાસુદેવને આ અદ્દભુત શંખ કોઇ બળવાન જ ઉઠાવને ફૂંકી શકે, આ બીજો કોણ પરાક્રમી પુરુષ પૃથ્વી પર આવી ગયો. શ્રીકૃષ્ણ પણ પોતાના પ્રતિદ્વન્દ્વીનો આભાસ થવાથી ચિંતાતુર થઇ ગયા. આયુધ શાલાના રક્ષકો પણ નેમિનાથના શંખ ફૂંકવાને કારણે ચિંતામગ્ન થઇ ગયા.

કૃષ્ણની બંને પટરાણીઓએ પતિને ચિંતાતુર જોઇ પોતાના દિયરને પરણાવવાનું કઠિન કાર્ય હાથમાં લીધું. વસંતોત્સવ સમયે વસંતક્રીડાના નિમિત્તે રેવતાચલ પર એક કાર્યક્રમ આયોજિત કર્યો, ભાઇભાભીના આગ્રહથી નેમિકુમાર પણ વંસતોત્સવ પર એમની સાથે ગયા. ત્યાં કૃષ્ણની રાણીઓએ નેમિકુમારને સાંસારિક ભોગ તરફ ઉન્મુખ કરવાનો વિવિધ પ્રયત્ન કર્યો. સંસારથી વિરકત નેમિકુમાર મોહ મમતાને ત્યાગી ચૂકયા હતા. પરંતુ કુટુંબીઓના અતિ આગ્રહને જોઇને તેઓ વિવાહ માટે સંમત થયા.

(ચઉપનમહાપુરિસચરિયં-પૃ. ૧૯૨)

# દ્રૌપદી

જૈન પરંપરામાં મહાભારતની પ્રસિદ્ધ મહિલા પાત્ર 'દ્રૌપદી'નું વર્ણન કર્મોના આધાર પર કરવામાં આવ્યું છે.

કોઇ પૂર્વભવમાં દ્રૌપદીનો જીવ ચંપાનગરના બ્રાહ્મણ સોમની નગરી નાગશ્રી નામની પત્ની હતો. તેણે શ્રવણમુનિ ધર્મરુચિને કડવા તુંબના સાગનો ભિક્ષાહાર આપ્યો. જે ખાઇને ધર્મરુચિએ સમાધિપૂર્વક શાંત ભાવે પ્રાણ ત્યાગ કર્યો. નગરમાં આ વાતની ચર્ચા ફેલાવાથી પતિ સોમે નાગશ્રીને ઘરમાંથી બહાર કાઢી મૂકી. કામવાળાઓ પણ તેને ધિક્કાર અને ધૃણાની દ્રષ્ટિથી જોવા લાગ્યા. અંતે તેને ભરણ પોષણ મળવાનું મુશ્કેલ થયું. આ પ્રમાણે તેને અનેક વ્યાધિઓ થયા અને અંતે તે મૃત્યુ પામી.

કેટલાંય ભવોમાં ભ્રમણ કરીને ચંપાનગરીમાં જિનદત્ત સાર્થવાહની પત્ની ભદ્રાની કુખે તે પુત્રી રૂપે જન્મી. અતિ કોમળ શરીર હોવાને કારણે માતાપિતાએ તેનું નામ સુકુમાલિકા રાખ્યું ( આ. આનંદઋષિજી જ્ઞાત ધર્મ કથાંગ -સૂત્ર અ. ૧૬ પૃ.૪૪૮)

યુવાન વયની થતાં પિતા જિનદત્તે પુત્રીનો વિવાહ સાગરદત્ત સાર્થવાહના પુત્ર સાગર સાથે કર્યા. પૂર્વભવમાંના અશુભ કર્મબંધનના કારણે સુકુમાલિકાને સ્પર્શ કરતાં જ અન્ય પુરુષોનું શરીર અગ્નિની જેમ બળવા લાગી જતું. તેથી તેને પતિ સુખ પ્રાપ્ત ન થવાથી તે દુઃખી રહેવા લાગી. અને ભિક્ષુને ભોજન, વસ્ત્ર અને દાન આપવા લાગી. એક દિવસ ગોપાલિકા આર્યા અને અન્ય સાધ્વીઓની સાથે સકુમાલિકાને ત્યાં આહાર લેવા આવ્યા. ત્યારે શ્રેષ્ઠી કન્યાએ પોતાનું દુઃખ પ્રકટ કરીને દુઃખથી મુકત થલાનો ઉપાય પૂછયો. સાધ્વીજીએ તપ ત્યાગ તથા ધર્મધ્યાન દ્વારા જ દુઃખમાંથી મુકિત મળશે એમ સમજાવ્યું. સુકુમાલિકાએ આત્મકલ્યાણને માટે શ્રાવિકા વ્રત ધારણ કર્યું અને થોડા સમય બાદ દીક્ષા ગ્રહણ કરી. (જ્ઞાતધર્મ કથાંગસૂત્ર અ. ૧૬ પૃ. ૪૬૫)

ગોપાલિકા આર્યાની આજ્ઞામાં રહીને તેણે ઘણી તપસ્યા જેવી કે ઉપવાસ, બેલા, તેલા વગેરે કરીને સુકુમાલિકા પોતાન કર્મો નિર્જરા કરવા લાગી. એક વખત ગોપાલિકા આર્યાની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને સુકુમાલિકા સાધ્વીસંઘના નિયમોનો ત્યાગ કરી, નગરની બહાર ઉદ્યાનમાં બેલે-બેલેનું તપ કરીનેસૂર્યની સન્મુખ ઊભા રહી તાપ લેવા લાગી. (સાધ્વીચર્યામાં આ પ્રકારના તપ નિષેધ છે. એક સમયે એ જ ઉદ્યાનમાં નગરની દેવદત્તા ગણિકા ને પાંચ પુરુષો સાથે સાંસારિક ભોગ ભોગવતા જોઇને સુકુમાલિકા આર્યાને પણ આ પ્રકારનો ભોગ ભોગવવાની અભિલાષા થઇ અને તેનો મનમાં દૃઢ નિશ્ચય કર્યો. અંતમાં કેટલાંય પ્રકારની ઉત્કૃષ્ટ તપસ્યા કરતા કરતા અર્ધમાસની સંલેખના કરીને દેહનો ત્યાગ કર્યો.

આ જીવ દ્રુપદ રાજાની ચુલની રાણીની રાણીની કુક્ષિમાં પુત્રી રૂપે ઉત્પન્ન થયો. યૌવન વયમાં પ્રવેશ કરતા રાજા દ્રુપદે પાંચ પાંડવો સાથે દ્રૌપદીના વિવાહ કર્યા. (જ્ઞાતધર્મકથાંગ સૂત્ર અ. ૧૬, પૃ. ૪૬૫)

એક સમયે કચ્છુલ્લ નારદને આવતા જોઇ પાંચ પાંડવો સહિત કુન્તી માતાએ તેમને પ્રણામ કર્યા અને આદરપૂર્વક બહુમૂલ્ય આસન ગ્રહણ કરવા માટે વિનંતિ કરી. તે સમયે દ્રૌપદીએ નારદને અસંયમી અવિરત તથા પપોના પ્રત્યાખ્યાન ન કરવાવાળો જાણીને તેનો આદર કર્યો નહિ. આ અપમાનથી નારદે દ્રૌપદીનું અભિમાન ચૂર કરવાનું નકકી કર્યું. નારદ અમરકંકા રાજધાનીના પદ્મનાભ રાજાના મહેલમાં ગયા. આદર સત્કાર કર્યા બાદ રાજાના પુછવાથી તેમણે દ્રૌપદીના રૂપ અને સૌન્દર્યનું વર્ણન ખુબ વધારી વધારીને કર્યું. આ સાંભળીને પદ્મનાભ રાજા દ્રૌપદીના રૂપ યૌવન પર મુગ્ધ થઇ ગયા અને પોતાના દેવમિત્રની આરાધના કરી અને તેની વિદ્યા દ્વારા દ્રૌપદીને પોતાના મહેલમાં મંગાવી લીધી. પોતાની રાણી બનવાને અનુરોધ કર્યો ત્યારે દ્રૌપદી કહ્યું. હે રાજન, જો કૃષ્ણ મને છ મહિના સુધીમાં લેવા નહીં આવે. તો તમે કહેશો તે હું કરીશ.'' દ્રૌપદી નિરંતર છઠ અને પારણમાં આયંબીલ તપ કરવા લાગી. હસ્તિનાપુરથી કૃષ્ણ તથા પાંડવે ભારે સેના લઇને અમરકંકાનગરી પર હુમલો કર્યો. અને યુદ્ધમાં પદ્મનાભને બહુ ખરાબ રીતે પરાજિત કર્યો. રાજા પદ્મનાભ પોતાના પ્રાણની રક્ષા માટે દ્રૌપદીના શરણમાં ગયો. દ્રૌપદીએ શરણાગતની રક્ષા કરતા તેને પોતાના ભાઇ કૃષ્ણના શરણમાં જવાનું કહ્યું. પોતાના કરેલા કર્મોનું પ્રાયશ્ચિત કરતા પદ્મનાભે કૃષ્ણ તથા પાંડવોની ક્ષમા માંગી. દ્રૌપદી કૃષ્ણ તથા પાંડવો સાથે પાછી હસ્તિનાપુર ગઇ.

## દ્રોપદી મૂલ્યાંકન

જ્ઞાત ધર્મકથાંગમાં વર્ણિત અમરકંકા નામના સોળમા અધ્યાયમાં દ્રૌપદી સંબંધે કથાનકમાં બે મહત્વપૂર્ણ સિદ્ધાંતોમાં પ્રકાશ નાંખવામાં આવ્યો છે શ્રાવક-શ્રાવિકાઓએ ત્યાગી વર્ગની સેવા કરતા સમયે સાવધાની રાખવી જરૂરી છે. આ પ્રકારે અવિચારી કાર્ય ગૃહસ્થ મહલિાઓ ન કરે તે માટે નાગશ્રીના જીવનનું દુ:ખદ ઉદાહરણ આપવામાં આવ્યું હતું.

બીજું ત્યાગી વર્ગનો અવિનય કરવાથી દ્રોપદીએ પતિના વિયોગનું કષ્ટ ઉઠાવવું પડયું. તથા તેના નિવારણ માટે તપ અનેઆયંબિલ કરી કર્મોનો ક્ષય કર્યો. આમ અશુભ કર્મોના ક્ષય માટે ત્યાગ અને તપસ્યા કરવા આવશ્યક છે.

## થાવચ્ચા

દ્વારિકાના સમૃદ્ધશાળી શ્રેષ્ઠિકુલોમાં થાવચ્ચા માતાનું નામ પ્રસિદ્ધ હતું. તેમના પુત્રો પણ પિતાના નામને બદલે માતાના નામથી ઓળખતા હતા. પતિની અકાલ મૃત્યુ તથા પુત્રનું અલ્પાયુ થવાને કારણે શ્રેષ્ટિપત્ની થાયવચ્ચાએ પોતાના કુળની પ્રતિષ્ઠા અને મોભાને પહેલાંના જેવી જ કાયમ રાખી. માતા થાવચ્ચાએ પોતાના પુત્રનું લાડ-પ્યારથી પાલન પોષણ કર્યું. આઠવર્ષના આયુષ્યમાં પુત્રને એક યોગ્ય આચાર્ય પાસે શિક્ષણ લેવા મોકલ્યો યુવાવસ્થામાં થાવચ્ચા પુત્રના બત્રીસ સર્વગુણ સંપન્ન સુંદર કન્યાઓ સાથે પાણિગ્રહણ થયું. (આ. હસ્તીમલજી જૈન ધર્મનો મૌલિક ઇતહિાસ પ્ર. ભા. પૃ. ૨૩૧-૨૩૫)

થોડા સમય બાદ થાવચ્ચા પુત્ર પોતાની માતાને પ્રણામ કરી વિનય પૂર્વક બોલ્યો, ''અમ્બે, ભગવાન અરિષ્ટનેમિનું અમોઘ પ્રવચન સાંભળીને મને બહુ જ આનંદ થયો છે. મને સંસારના આ ભોગો પરથી વિરકિત થઇ ગઇ છે. હું જન્મ મરણના બંધનોથીમુકત થઇ પ્રવજ્યા ગ્રહણ કરવા ઇચ્છું છું. કારણ કે આત્મકલ્યાણ કરી મનુષ્ય જન્મ સફળ બનાવી શકું'' પોતાના પુત્રની આ વાત સાંભળીને ગાથાપત્ની થાવચ્ચા અવાક્ રહી ગઇ. જાણે કે એના પર વજ્ર પડયું. તેણે પુત્રને ત્યાગ માર્ગમાં આવનારા ઘોર કષ્ટોની જાણ કરી. પરંતુ પુત્રનો અટલ નિશ્ચય જોઇને અદ્વિતીય અભિનિષ્ક્રમણોત્સવ કરવાનો નિશ્ચય કર્યો. પોતાના આ ઉદ્દેશ્યની પૂર્તિ માટેતે પોતાના કેટલાંક આત્મીયજનોની સાથે શ્રી કૃષ્ણની પાસે બુહમૂલ્ય ભેટ લઇને પહોંચી અને કહ્યું, ''રાજેશ્વર મારો એકનો એક પુત્ર થાવરચ્ચાકુમાર પ્રભુ અરિષ્ટનેમિની પાસે શ્રમણ દીક્ષા સ્વીકાર કરવા ઇચ્છે છે. હું બહુ જ સમૃદ્ધિ સાથે નિષ્ક્રમણોત્સવ ઉજવવા ઇચ્છું છું તે માટે આપ છત્ર, ચામર અને મુકુટ પ્રદાન કરજો''

થાવરચાની આ યાચના પર કૃષ્ણએ સાંત્વના આપતા કહ્યું ''દેવાનુપ્રિયે, તારે એની જરાપણ ચિંતા કરવાની જરૂર નથી, હું પોતે આ ઉત્સવની સંપૂર્ણ જવાબદારી ઉઠાવું છું અલૌકિક ઠાઠ-માઠથી નિષ્ક્રમણોત્સવની શોભાયાત્રા નીકળી અને સમવસરણમાં જઇને થાવરચ્ચાપુત્રએ વિધિવત્ દીક્ષા ગ્રહણ કરી.

જૈન ગ્રંથોમાં અપરનામ પદ્મ બલદેવ, લક્ષ્મણ વાસુદેવ તથા રાવણ પ્રતિવાસુદેવ નામથી ઉલ્લેખિત કરવામાં આવ્યા છે. એથી એ સમયની કેટલીક વિશેષ મહિલાઓનું વર્ણન અહીંયા આપવામાં આવ્યું છે.

## સીતા

ભારતીય સંસ્કૃતિમાં મહાસીતા સતી એક ઉચ્ચતમ આદર્શની પ્રતીક માનવામાં આવે છે. રાજા જનક અને રાણી વિદેહાની પુત્રી, રામ (પદ્મ, બલદેવ)ની પત્નીનું નામ સીતા હતું. રામ પોતાના પિતા દશરથની આજ્ઞાથી ચૌદ વર્ષ માટે વનમાં જતા હતા ત્યારે સીતા પણ પતિની અનુગામિની બની તથા દિયર લક્ષ્મણ (વાસુદેવ) પણ સાથે ગયા. અયોધ્યાથી પ્રયાણ કરી ભયંકર વનો પાર કરીને તેઓ વૈજયન્તપુરના સમીપવર્તી મેદાનમાં પહોંચ્યા. ત્યાં તેમનો આદર સત્કાર કરવામાં આવ્યો એક વખત રાજા પૃથ્વીધરના રાજદરબારમાં દૂતે આવીને સંદેશ આપ્યો કે રાજા અતિવીર્ય ભરતની સાથે યુદ્ધ કરવાની તૈયારી કરી રહ્યો છે. આ સમાચાર સાંભળીને ભ્રાતૃ-પ્રેમથી પ્રેરિત થઇ રામ અને લક્ષ્મણ સીતા સાથે પૃથ્વીધરના પુત્રો અને તેની સેનાઓ સાથે લઇને અતિવીર્ય સાથે યુદ્ધ કરવા નીકળ્યા. નન્દ્યાવર્તપુરી (અતિવીર્ય રાજાની રાજધાની)ની પાસે પહોંચીને અતિવીર્યની પ્રબળ સૈન્ય શકિત જોઇને સીતાએ રામને સલાહ આપતાં કહ્યું,'' હે નાથ રાજા અતિવીર્ય અત્યંત બળવાન અને મોટી સેનાના અધિકારી

તથા ક્રૂરતાપૂર્ણ વ્યવહાર કરવાવાળા છે. માટે આ કાર્યને બહુ જ સાવધાની પૂર્વક મંત્રણા કર્યા બાદ કરવું યોગ્ય થશે.''
(રવિષેણાચાર્ય પદ્મ પુરાણ -ભાગ -૨ પર્વ ૩૭ પૃ. ૧૬૦-૬૪)

સીતાની આ વાતને માનીને રામે ગંભીર મંત્રણા કરીને નિર્ણય લીધો સૈન્યના પડાવની પાસે જૈન મંદિરની આર્યિકાઓની પાસે સીતાને છોડીને રામ અને લક્ષ્મણે મનોહર નર્તકીનું રૂપ ધારણ કરી અતિવીર્યની રાજ્યસભામાં પ્રવેશ કર્યો. ત્યાં પહોંચીને તેઓએ અતિ મનોરમ નૃત્ય કર્યું. નૃત્યરસમાં રાજા અતિવીર્યને આકંઠ ડુબેલો જાણીને તરત જ રામલક્ષ્મણે તેને કેદી બનાવી પોતાની શિબિરમાં લઇ આવ્યા. લક્ષ્મણ જયારે અતિવીર્યનો વધ કરવા તૈયાર થયો ત્યારે સીતાએ તેને રોકયો. અને કર્મોનું તથા અહિંસાનું મહત્વ સમજાવતા કહ્યું કે એમ કરવું તે ધર્મથી વિરુદ્ધ છે (રવિષેણાચાર્ય - પદ્મપુરાણ પૃ-૧૬૫)

ત્યાંથી આગળ વધીને વંશધર પર્વત પર ધ્યાનસ્થ મુનિને વંદન કરી ત્રણેયે પૂજા કરી તથા રામ લક્ષ્મણે મધુર ભાવથી સ્તવન ગાયા. તથા ભકિતભાવથી વિભોર થઇને સીતા નૃત્ય કરવા લાગી (રવિષેણા ચાર્ય - પર્વ -૩૯ પૃ- ૧૮૨)

ત્યાંથી ભયંકર વન પાર કરીને તેઓ દંડક વનમાં પહોંચ્યા. દંડક વનના ગાઢ જંગલો સાફ કરતી વખતે ભૂલથી લક્ષ્મણની તલાવરથી 'શમ્બૂક'નું માથું કપાઇ ગયું. 'શંમ્બૂક રાવણની બહેન ચન્દ્રનખાનો પુત્ર હતો અને તે ત્યાં 'સૂર્યહાસ પદ્મ' (એક વિશેષ પ્રકારની સાધના) કરી રહ્યો હતો. ચન્દ્રનખાના પુત્રના મૃત્યુથી ક્રોધિત થઇને રાવણ રામ-લક્ષ્મણ સાથે યુદ્ધ કરવા આવ્યો પરંતુ ત્યાં તે સીતાના રૂપ પર મોહિત થઇને છલપૂર્વક ઉઠાવીને લઇ ગયો. (રવિષેણા ચાર્ય, પદ્મપુરાણ -ભાગ-૨ પર્વ ૪૪ પૃ. ૨૩૭)

હરણ કર્યા બાદ રાવણે સીતાને પોતાની તરફ આકર્ષવાનો બહુ જ પ્રયત્ન કર્યો. પરંતુ સીતાએ ક્રોધિત થઇને તેને કહ્યું, 'હે, અધમ પુરુષ, તારું આ કાર્ય નરકમાં લઇ જનારું તથા અપકીર્તિનું કારણ છે તું પરસ્ત્રી ગમનની ઇચ્છાથી ભારે પાપકર્મો બાંધી અવનતિની તરફ જઇ રહ્યો છે, સીતાના આ નીતિવાકયોની રાવણના મન પર કોઇ અસર થઇ નહીં. અને તેણે સીતાને દેવા નામક ઉદ્યાનમાં બન્દી તરીકે રાખી. પોતાના પતિ રાવણને દુઃખી જોઇને તેની પટ્ટરાણી મંદોદરી પણ સીતાને સમજાવવા આવી. ત્યારે સીતાએ તેને કહ્યું ''હે, વનિતા તારા આ વચન શાસ્ત્રથી વિરુદ્ધ છે. પતિવ્રતા સ્ત્રીઓના મુખથી આવા વચન નથી નીકળતા. હું પતિવ્રતા નારી છું. બીજા પુરુષનો વિચાર મનમાં પણ લાવી શકતી નથી. (રવિષેણાચાર્ય, પદ્મપુરાણ ભાગ-૨ પર્વ-૪૬ પૃ- ૨૫૭-૫૮)

અન્તમાં રામ-રાવણ યુદ્ધમાં રામ વિજયી થયા અને સીતાને અયોધ્યા લઇ ગયા. ત્યાં પ્રજાજનોના મિથ્યા દોષારોપણને કારણે ફરીથી ગર્ભવતી સીતાને વનમાં મોકલી દીધી. સેનાપતિ સીતાને ઘોર અરણ્યમાં ઉતારીને જયારે જવા લાગ્યો ત્યારે સીતાએ કહ્યું, ''હે ભદ્ર રાજનને એ સંદેશ આપજો કે આપે મને લોકાપવાદના ભયને કારણે અરણ્યમાં મોકલી દીધી જ્યારે આવી સ્થિતિમાં મારી, મારા સતીત્વની પરીક્ષા લેવી તે શ્રેયસ્કર હતું. આ મારા ભાગ્યનો દોષ છે. પણ જે પ્રકારે આપે મારો એકદમ ત્યાગ કર્યો એ પ્રકારે કોઇ મિથ્યાદૃષ્ટિવાળા પુરુષના કહેવાથી જિન ધર્મનો ત્યાગ ના કરશો.'' (પદ્મપુરાણ - વિમલસૂરિ)

વનમાં રહેતાં રહેતાં સીતાએ બે જોડકા પુત્રને જન્મ આપ્યો. મોટા થઇને તેમણે નારદના મુખે રામની કથા તથા પોતાની માતાની સાથે થયેલા દુર્વ્યવહારની વાત સાંભળી, ફલસ્વરૂપ બધી વિદ્યાઓમાં પારંગત બંને કુમાર ક્રોધિત થઇને રામ-લક્ષ્મણની સાથે યુદ્ધ કરવા નીકળ્યા. ભયંકર યુદ્ધ કર્યા પછી પણ રામ અને લક્ષ્મણ આ સીતા-પુત્રોને હરાવી ન શકયા. અંતમાં નારદ દ્વારા સીતાપુત્રોના પરિચયની જાણ થતાં રામે તેમને ગળે લગાડયા. સીતાએ પોતાનું પતિવ્રતાપણું પ્રમાણિત કરવા અગ્નિ પરીક્ષા આપી. રામ સીતાને પોતાની સાથે લઇ જવા ચાહતા હતા. પરંતુ સીતા સંસારથી વિરકત થઇ ચૂકી હતી. તેથી આત્મકલ્યાણના હેતુથી પૃથ્વીમતી આર્યિકાની પાસે દીક્ષિત થઇને ત્યાગ - તપસ્યા કરવા લાગી (રવિષેણાચાર્ય, પદ્મપુરાણ ભાગ- ૩ પર્વ ૧૦૦, પૃ-૨૩૭)

હેમચન્દ્રાચાર્ય પ્રમાણે સીતાએ રામ પાસેથી દીક્ષિત થવાની આજ્ઞા લીધી અને પોતે જાતે જ મુષ્ઠી વડે કેશલોચન કર્યું તથા જયભૂષણ મુનિની પાસે દીક્ષિત થઇ સાધ્વી સુપ્રભાના સમુદાયમાં સમ્મિલિત થઇ.

(ત્રિષષ્ઠિશલાકા પુ. ચરિત્ર પર્વ -૭ પૃ-૧૭૨)

અનેક વિષમ પરિસ્થિતિઓમાં પણ જેણે સંયમનો પરિચય કરાવતા સીતાએ પોતાના સતીત્વની રક્ષાનું મહાન કાર્ય કર્યું તે સમસ્ત ભારતીય નારીને માટે અનુકરણીય અને અતિ ગૌરવનો વિષય છે.

## મન્દોદરી

રાજા મય અને રાણી હેમવતીની વિદુષી કન્યા મન્દોદરી ભારતવર્ષના મહાન શકિતશાળી રાજા રાવણની પટ્ટરાણી હતી. પોતાના ગુણોની ગરિમાને કારણે તેને રાજા રાવણની પટ્ટરાણી બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. મંદોદરી રાવણને હંમેશા હિતોપદેશ આપીને સદૈવ સુમાર્ગે લાવવાનો પ્રયત્ન કરતી હતી. મન્દોદરીની વ્યવશાર કુશળતાનું પ્રમાણ આપણને નીચેના કથન પરથી મળે છે. જ્યારે ખરદૂષણ દ્વારા રાવણની બેન ચન્દ્રનખાનું અપહરણ કરવામાં આવ્યું તે સમયે જ્યારે રાવણ તેને મારવા ઊભો થાય છે ત્યારે મન્દોદરી કહે છે.

''હે, નાથ કન્યા નિશ્ચલ પણે પરાયું ધન ગણાય છે તેને પિતાનું ઘર ત્યાગવાનું જ હોય છે ખરદૂષણ તો તમારી બેનને લઇ ગયો છે, તે તેને માટે યોગ્ય પણ છે અનેક વિદ્યાઓમાં તે પારંગત છે. જો યુદ્ધમાં તે મરણ પામશે તો અપહરણના દોષથી દૂષિત થયેલી કન્યાનો હાથ કોઇ પકડશે નહિ અને તેને આજીવન વિધવા રહેવું પડશે.

મન્દોદરીના આ નીતિયુકત કથનને ધ્યાનમાં રાખી રાવણ શાંત થયો અને યુદ્ધ કરવાના પોતાના નિશ્ચયને છોડી દીધો.

(રવિષેણાચાર્ય પદ્મપુરાણ, ભાગ-૨ પર્વ–૫૩, ૩૩૧)

આ પ્રકારે જયારે રાવણ સીતાનું અપહરણ કરીને લાવ્યો ત્યારે પણ લોકવ્યવહાર અને ન્યાયનું ઉત્તમ જ્ઞાન રાખવાવાળી મંદોદરીએ પતિને બહુ સમજાવ્યો હતો.તે છતાં આ પતિપરાયણ નારીએ પતિના દુઃખથી દ્રવિત થઇને સીતાને રાવણની પત્ની બનવાની પ્રેરણા આપી હતી. પરંતુ સીતાએ તેનો કડવા શબદોમાં વિરોધ કરી ઠુકરાવી દીધી હતી. રાવણ બળપૂર્વક પત્ની કેમ ન બનાવી શકયો તેનું રહસ્ય સ્પષ્ટ કરતાં આ પ્રકારે તેની રાણીને તેને કહ્યું ''હે દેવી, મેં નિગ્રન્થ મુનિઓની સભામાં વ્રતં લીધું છે કે જયાં સુધી કોઇપણ સ્ત્રી મને સ્વયં નહિ ચાહે ત્યાં સુધી હું તેને બળપૂર્વક પરણીશ નહિ. માટે તું સીતાને પ્રસન્ન કર, જેથી મારું અસંતુષ્ટ મન શાન્ત થઇ શકે.''

પતિપરાયણા મંદોદરીએ અનેક પ્રકારે સીતાને સમજાવવાનો પ્રયત્ન કર્યો પરંતુ મહાસતી સીતા પર તેની કાંઇ જ અસર થઇ નહીં. હનુમાને તો મંદોદરીને તેનો ગર્વ ચૂર્ણ કરતાં કહ્યું કે તે પટરાણીના સ્થાન પર રહીને દુતીનું કાર્ય કરી રહી છે અને આગળ કહ્યું, 'હે મંદોદરી તારું એ સૌભાગ્ય તથા ઉન્નત રૂપ કયાં ગયું? લાગે છે કે તું રતિકાર્યનાં વિષયમાં અત્યંત સાધારણ સ્ત્રી થઇ ગઇ છે.'' (રવિષેણાચાર્ય, પદ્મપુરાણ ભાગ-૨)

અંતમાં રાવણના પરાજય પછી રામ મંદોદરી અને બીજી રાણીઓને સમજાવે છે. સંસારની અસાર્થકતા તથા ક્ષણભંગુરતાને જોઇને મંદોદરી તથા ચન્દ્રનખા વગેરે રાણીઓએ અનન્તવીર્ય મુનિરાજ પાસે જઇને આર્યિકા-વ્રત ગ્રહણ કર્યું તથા આત્મકલ્યાણમાં જીવન વ્યતીત કર્યું.

## કૈકેયી

બોંતેર કળાઓમાં પ્રવીણ કૈકેયી ઉત્તરાપથના રાજા શુભમતિ તથા રાણી પૃથ્વીની પુત્રી તથા રાજા દશરથની પત્ની હતી. રથ-સંચાલન કલામાં વિશેષ નિપુણ હોવાને કારણે તેને યુદ્ધના સમયે વિશેષ ચાતુર્યવડે રાજા દશરથના રથને સંભાળયો હતો. આ વિશેષ ગુણ તથા રૂપવાન રાણીથી રાજા અત્યંત પ્રસન્ન થયાં અને તેને બે વરદાન માંગવાનું કહ્યું. પ્રવીણ રાણીએ બંને વરદાન 'સમય આવતાં માંગવા' માટે રાજા પાસે બાકી રાખ્યા.

રાજા દશરથની પત્ની કૌશલ્યા (અપરજિતા)થી રામ, સુમિત્રાથી લક્ષ્મણ તથા સુપ્રભાવથી શત્રુઘ્ન ઉત્પન્ન થયા. રાણી કૈકેયીએ પણ સુંદર કાન્તિમાન પુત્રને જન્મ આપ્યો જેનું નામ ભરત રાખવામાં આવ્યું. (રવિષેણાચાર્ય - પદ્મપુરાણ ભાગ-૧ પર્વ પૃ-૪૧૧)

રામે પોતાના પરાક્રમોવડે તથા લક્ષ્મણે અન્ય રાજપુત્રીઓને વિવાહ માટે પ્રાપ્ત કરી. પરંતુ તે સમયે શૌર્ય તથા પરાક્રમ

બતાવવાનો અવસર ન મળવાથી ભરતના મનમાં બહુ જ ગ્લાનિ ઉત્પન્ન થઇ હતી. તેથી મનોવિજ્ઞાનમાં પ્રવીણ કૈકેયી પુત્રના આ મનોભાવને જાણી ગઇ તેથી તેનેભરતની આ ગ્લાનિ દૂર કરવા માટે રાજા દશરથને સલાહ આપી કે, ''હે નાથ, મને ભરતનું મન શોકથી ભરેલું દેખાય છે માટે રાજા જનકના નાનાભાઇની પુત્રીઓની સાથે ભરતના વિવાહ પણ કરાવી દો. રાજા દશરથે કૈકેયીની સલાહ પ્રમાણે કર્યું. (રવિષેણાચાર્ય પદ્મપુરાણ ભાગ- ૨ પર્વ ૮ પૃ-૪૨)

જૈન ગ્રંથ પદ્મપુરાણ પ્રમાણે કૈકેયીએ રામના રાજ્યભિષેક સમયે પોતે બાકી રાખેલાં બે વરદાન માંગ્યા. કથાનુસાર જે સમયે રાજા દશરથે રામનો રાજ્યાભિષેક તથા પોતે દીક્ષિત થવાનો સંકલ્પ સભાજનો પાસે રાખ્યો તે સમયે સર્વત્ર શોકનું વાતાવરણ વ્યાપી ગયું. અન્ત:પુરની મહિલાઓ ક્રંદન કરવા લાગી. આ જોઇને ભરતને પણ સંસારથી વિરકિત આવી ગઇ અને સંન્યાસ લેવાનો વિચાર કરવા લાગ્યો. વાત્સલ્યહૃદયા માતા કૈકેયીથી પુત્રના મનોભાવ છૂપા ન રહ્યા. તે ભરતનો વિચાર જાણીને અત્યન્ત શોકમગ્ન થઇ ગઇ. પતિ તથા પુત્ર બંનેના દીક્ષા ધારણ કરવા નિશ્ચિત છેં હવે કોઇ પણ ઉપાયે તેમને રોકવાનો પ્રયત્ન કરૂં.

(રવિષેણાચાર્ય પદ્મપુરાણે પૃ ૭૬)

આ કઠિન સમયે તેને દશરથ દ્વારા પહેલાં આપેલા બે વરદાનની સ્મૃતિ થઇ. ઉચિત સમય જાણીને તે રાજા પાસે ગઇ અને વરદાનની યાદ અપાવી. પતિના આશ્વાસનભર્યા શબ્દો સાંભળીને બોલી, 'હે નાથ મારા પુત્રને રાજય આપજો'' આથી રાજાએ પોતાના જયેષ્ટ પુત્ર રામને બોલાવને કહ્યું, ''હે વત્સ કલાની પારગમિની ચતુર કૈકેયીએ યુદ્ધમાં અતિ ચાતુર્યપૂર્વક સારથિનું કામ કર્યું હતું તે સમયે પ્રસન્ન થઇને મેં તેને બે વરદાન આપ્યા હતા. તે આજે માંગી રહી છે. જો આજે હું તે સમયે આપેલા વરદાનની પૂર્તિ નહીં કરું તો સંસારના આલંબનથી ઉન્મુકત થઇને ભરત દીક્ષા લઇ લેશે અને તારી વિમાતા કૈકેયી પુત્રશોકથી પ્રાણ ત્યાગી દેશે.'' બધી વાત સમજીને રામે સહર્ષ ભાઇ ભરતને માટે રાજયસિંહાસનનો ત્યાગ કર્યો અને પોતે સ્વયં વનમાં ચાલ્યા ગયા.

કૈકેયીના પુત્રસ્નેહને કારણે ભરતે રાજય સિંહાસન પ્રાપ્ત કર્યું. પરંતુ પતિ દશરથે પ્રવ્રજયા ગ્રહણ કરવાના અને રામ લક્ષ્મણ વનમાં જવાના કારણે કૌશલ્યા અને સુમિત્રાનું દુ:ખ જોઇને કૈકેયીનું હૃદય પણ દુ:ખી થઇ ગયું અને તેને ભરતને કહ્યું,'' હે પુત્ર, તેં શ્રેષ્ઠ રાજયસિંહાન પ્રાપ્ત કર્યું છે પરંતુ તે રામ અને લક્ષ્મણ વિના શોભા નથી આપતું. સુખોમાં રહેલા બંને રાજકુમારો તથા સુકામારી રાણ સીતા વનોમાં કયાં કયાં ભટકતા હશે. બંનેની માતાઓ નિરંતર વિલાપ કરતી દુ:ખી છે. માટે તું જઇને તે લોકોને પાછા લઇ આવ, હું પણ તારી સાથે આવું છું.'' (રવિષેણાચાર્ય - પદ્મપુરાણ ભાગ- પર્વ-૩૨ પૃ-૯૩)

માની આજ્ઞાથી ભરત રામ અને લક્ષ્મણની પાસે ગયા. ભરત તથા કૈકેયી બંનેએ રામને અયોધ્યા પાછા આવવા માટે બહુ આગ્રહ કર્યો પરંતુ રામ પાછા ન ફર્યા.

તેથી સંક્ષિપ્તમાં એમ કહી શકાય કે રાજા દશરથ પાસે 'વર' માંગીને તેને પ્રતિજ્ઞાના બંધનમાંથી મુકત કરવાનો, ભરતને કસમયે સંસાર ત્યાગ કરતો રોકવાનો , તથા રામના વનમાં જઇને કેટલાક અનાર્ય રાજાઓ પર જીત મેળવી ચારે તરફ શાન્તિ સ્થાપવાનું શ્રેય કૈકેયને ફાળે જાય છે.

જૈન ઇતિહાસમાં આ નારીની ભરપુર પ્રશંસા કરવામાં આવી છે.

## અંજના

પતિવ્રથા નારી અંજનાની ગૌરવ ગાથા, ભારતીય મહિલાઓ બહુ જ શ્રદ્ધા ભકિતથી ગાય છે. અંજના મહેન્દ્રનગરના રાજા મહેન્દ્ર તથા રાણી અરિદમનની અત્યંત લાવણ્યમી પુત્રી હતી. પોતાના ભાઇઓ સાથે અંજનાએ પણ બાળક્રીડાઓ તથાઅન્ય કળાઓનું શિક્ષણ પ્રાપ્ત કર્યું. બાલ્યકાળ પૂરો થયા બાદ, યૌવન પ્રાપ્ત થતાં માતાપિતાએ અંજનાના વિવાહ રાજા પ્રહલાદના શૂરવીર પવનંજય સાથે નકકી કર્યા.અંજનાના રૂપ-સૌદર્યની પ્રશંસા સાંભળીને પવનંજય વિવાહ પહેલાં પોતાના જૂના મિ઼ઠા પ્રહસિતને લઇને અંજનાના મહેલમાં ગયા. ત્યાં ગુપ્ત રીતે પોતાની ભાવિ પત્નીનું સુંદર રૂપ જોઇ અને સંતુષ્ટ થયા. તે સમયે પવનંજયે અંજનાની સખિઓ સાથેની વાત સાંભળી. વસંતતિલકાએ અંજનાને કહ્યું, ''હે સખિ તું હકીકતમાં ભાગ્યવાન છે કે તને પવનંજય જેવો પતિ મળ્યો. જે ચંદ્રમાના કિરણોની જેમ નિર્મળ અને દીર્ઘાયુ છે. પઉમચરિયં પ્રથમ ખંડ ઉદ્દેશ-૧૫-

૧૭ - પૃ ૧૫૩-૧૭૮) ત્યારબાદ મિશ્રકેશીએ કહ્યું, ''હે સખી, ચરમશરીરી (એ જ શરીરે એ જ ભવમાં મોક્ષ જવા વાળા આત્માને ચરમ શરીરી કહેવામાં આવે છે.) વિદ્યુત્પ્રભ જે ધીર-વીર તથા વિદ્યાઓના પરગામી છે તે જ તારો પતિ થવાને યોગ્ય છે. એ સાચું છે કે તે થોડા વર્ષોમાં મુનિપદ ધારણ કરી લેશે. પરંતુ અમૃત થોડું હોય તો પણ તે અમૃત છે (રવિષેણ-પદ્મપુરાણ ભાગ- ૧ પૃ. ૩૪૩) સખિઓના આ વાર્તાલાપ સમયે અંજનાનું મૌન પવનંજયના ક્રોધ અને ઘૃણાનું કારણ બન્યા. પવનંજયના પવનંજયના મનમાં સંદેહ થઇ ગયો કે અંજન વિદ્યપ્રભ તરફ આકર્ષિત છે. આ સંદેહને કારણે પવનંજય પત્ની અંજનાનો તિરસ્કાર બાવીસ વર્ષ સુધી કરતો રહ્યો. યુદ્ધમાં જવાના સમયે પણ પત્નીની શુભ કામનાઓનો ઉત્તર અનાદર અને અપમાનથી કર્યો.

માર્ગમાં સૈન્યની સાથે પ્રથમ પડાવ પર એક ચકવીને ચકવાના વિરહમાં આર્તનાદથી વિરહાકુળ થતાં જોઇ. તેને પોતાની પ્રિયા અંજનાની સ્મૃતિ થઇ. (રવિષેણાચાર્ય - પદ્મપુરાણ ભાગ- ૧ પર્વ ૧૬ પૃ. ૩૪૫-૪૬)

પોતે પત્ની સાથે કરેલા કઠોર વ્યવહારનો પ્રશ્ચાતાપ કરવા લાગ્યો. તે પત્નીને મળવા માટે આકુળવ્યાકુળ થઇ ગયો. અને મિત્ર પ્રહસિતની સાથે રાત્રે જ અંજનાના મહેલમાં પહોંચ્યો. પવનંજયે પોતાના અવિવેકી કૃત્ય માટે માફી માંગી. આ રીતે પોતાના પતિને પોતાના શયનકક્ષમાં જોઇને અંજના આનંદવિભોર થઇ ઊઠી. અને પતિ મિલનના આનંદનો ઉપભોગ કરવા લાગી. પ્રાતઃકાલે જ્યારે પવનંજય જવા લાગ્યો ત્યારે અંજનાએ તેને વિનંતિ કરી કે પોતે અહીં આવ્યા છે તે સંદેશ માતા-પિતાને અવશ્ય મોકલાવે.પણ લજ્જાવશ પવનંજયે પ્રાસદમાં કોઇને પણ આ સુચના કરી નહીં તથા પોતાની નામાંકિત મુદ્રિકા અંજનાને આપીને પડાવ તરફ ચાલી નીકળ્યા.

પતિના સમાગમને કારણે અંજના ગર્ભવતી થઇ સાસુ-સસરાએ પુત્રવધૂને કલંકિત માનીને નગરમાંથી ચાલ્યા જવાનું કહ્યું. પિતા મહેન્દ્રએ પણ લોક-લાજને કારણે પુત્રીને આશ્રય આપ્યો નહી. ગર્ભવતી અંજન પોતાની સખિની સાથે નિર્જન વનમાં ગઇ ત્યાં મહામુનિ અમિગગતિએ અંજનના પૂર્વભવાના કર્મ બંધનની કથા સંભળાવી. મુનિએ કહ્યું, ''પૂર્વભવમાં કનકોદરી રાણીના ભવમાં તે જિનેન્દ્રદેવની પ્રતિમાને કોઇ ઓરડાની મધ્યમાં મૂકી દીધી હતી. તે સમયે જયશ્રી સાધ્વીએ જણાવ્યું કે જિન પ્રતિમાના અવિનયને કારણે તે ઘોર કર્મબંધન બાંધ્યા છે અને એ જ અશુભ કર્મબંધનને કારણે તારે આ દુઃખ સહન કરવું પડે છે. (રવિષેણાચાર્ય - પદ્મપુરાણ ભાગ- ૧ પર્વ -૧૭ પૃ-૩૮૨)

પરંતુ હવે આ અશુભ કર્મોનો અંત આવી રહ્યો છે. મહામુનિની આ વાણી સાંભળીને બંને સખિઓ સઅસ્વસ્થ થઇ ગઇ. અને મણિચૂલ પર્વતની ગુફામાં અરિહંત પ્રભુની સેવા કરતાં પોતાનો ગર્ભકાળ વ્યતીત કરવા લાગી. ગર્ભકાળ પૂર્ણ થયે અંજનાએ એક તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. (રવિષેણાચાર્ય પદ્મપુરાણ ભાગ ૧ - પર્વ ૧૭-પૃ. ૩૯૫)

કેટલાંક સમય બાદ અંજનાના મામા પ્રતિસૂર્ય વિદ્યાધર અંજનાને તથા તેના પુત્રને પોતાને ત્યાં લઇ ગયા.

સમય જતાં પવનંજય જયારે યુદ્ધમાંથી પાછો ફર્યો અને અંજનાને મહેલમાં ન જોતાં શોધ કરતાં તે સાસરે ગયો. ત્યાં પણ અંજના ન મળી. ત્યારે પવનંજય શોકથી વિહવળ બની નિર્જન વનમાં ગયો. અને પ્રતિક્ષા કરી ''જયાં સુધી અંજનાનો પત્તો નહીં લાગે ત્યાં સુધી પોતે અન્નજલ ગ્રહણ નહીં કરે.'' પવનજયના માતાપિતા તથા પ્રતિસૂર્ય પણ પવનંજયને શોધવા નીકળ્યા ઘણી શોધ કર્યા પછી બધાં પવનંજયને શોધવા નીકળ્યા. ઘણી શોધ કર્યા પછી બધાએ પવનંજયને એક ગુફામાં મૌન તથા મૃત્યુને આલિંગન આપવાની તૈયારીમાં જોયો. અહીંઆ પ્રતિસૂર્યએ અંજના તથા પુત્ર હનુમાનની ક્ષેમકુશળતાનું વૃત્તાન્ત કહી સંભળાવ્યુ અને પવનંજય પ્રતિસૂર્યની સાથે નગરમાં ગયા. આ અંજનાનો પુત્ર મહાશૂરવીર હનુમાન રામાયણના પ્રસિદ્ધ રામનો સેવક થયો.

## દમયંતી

વિદર્ભના રાજા ભીમની ગુણવંતી અને શીલવંતી રાણી પુષ્પદંતીએ એક રાત્રે દંતી હાથીનું સ્વપ્ન જોયું. કલાંતરે રાણીએં એક પુત્રીને જન્મ આપ્યો. જેનું નામ દમયંતી રાખવામાં આવ્યું. તેના વિવાહ કીર્તિ અને પરાક્રમમાં શ્રેષ્ઠ એવા નલ સાથે થયા.

રાણી દમયંતી રાજા નલને રાજકાર્યમાં ઉચિત સલાહ આપતી હતી. બંને પ્રજાને પુત્રવત્ પ્રેમ કરતા હતા. પોતાના ઊંચા વિચાર તથા વિનમ્ર સ્વભાવને કારણે નારી સમાજમાં દમયંતીનું સ્થાન ઊંચું હતું. બંનેની કીર્તિ ચારે તરફ ફેલાયેલી હતી. તેથી નાના ભાઇ કુબેરને ઇર્ષ્યા થવા લાગી. તેણે નલના દ્યુત વ્યસનના લાભઊઠાવી કપટથી તેના રાજફાટ વગેરે છીનવી લીધા. તેથી નલદમયંતી રાજય છોડીને અરણ્ય તરફ ચાલી નીકળ્યા. વનમાં પત્ની પર પડતાં દુ:ખોને જોઇ નલ દમયંતીને ભર નિદ્રામાં છોડીને ચાલ્યો ગયો. વનમાં રાણી ઘણી મુશ્કેલીઓ વેઠીને પોતાના પિતાને ત્યાં પહોંચી અને ત્યાં પોતાના બુદ્ધિ વિવેકથી પિતાને એક વિશેષ સ્વયંવરનું આયોજન કરવાનું કહ્યું. નલ સારથિના વેશમાં દમયંતીના સ્વયંવરમાં આવ્યો.પરંતુ દમયંતી તથા રાજાએ તેને રૂોળખી લીધો આમ અંતે બંનેનો મેળાપ થયો. આ પ્રમાણે વિયોગનું કારણ પૂછતા અવધિજ્ઞાનિ મુનિ એ કહ્યું કે, ''હે દમયંતી પૂર્વભવમાં તે એક મુનિ પર ક્રોધ કર્યો હતો તથા તેને બાર કલાક રોકી રાખીવાનો દોષ કર્યો તેથી આ ભવમાં આવું દુ:ખ ભોગવવું પડયું.''

## મયણા સુંદરી

તીર્થંકર મુનિસુવ્રતના સમયમાં શ્રીપાલ રાજા તથા મયણાસુંદરીની કથા જાણીતી છે કોઇ વાત પર ક્રોધિત થઇને પિતાએ પુત્રીના વિવાહ કુષ્ઠ રોગથી પીડિત શ્રીપાલ નામક કુષ્ઠ રોગીઓના નાયક ઉંબરાણા સાથે કર્યો. આચાર્યએ મયણાસુંદરીને કહ્યું આ રોગથી મુકિત પામવા માટે 'સિદ્ધચક્ર'નું વિધિ સહિત પાલન તથા તેની મહત્તા સમજાવ્યા. નવ દિવસ સુધી વિધિ સહિત ક્રિયા કરી વ્રતનું પતિપત્ની બંનેએ આયંબિલનું વ્રત કર્યું. તેથી આ શ્રદ્ધાભકિત અને સિદ્ધચક્રના પ્રભાવથી શ્રીપાલ રોગથી મુકત થયો. પહેલાંની જેવાં જ સુંદર રાજકુમાર થઇ ગયા. શ્રીપાલની કથા જૈન સમાજમાં એટલી લોકપ્રિય છે કે તેના પર પ્રાકૃત, અપભ્રશ અને સંસ્કૃતમાં લગભગ ૩૦-૪૦ ગ્રંથો લખાયા છે.

## મદનસેના

ભરુચ બંદરના મહારાજા મહાકાલની પુત્રી મદનસેના શ્રીપાલકુંવરની બીજી પત્ની હતી. શ્રીપાલના શારીરિક બલ તથા અન્ય ગુણોને જોઇને મહાકાલે પોતાની ગુણવતી પુત્રી મદનસેનાનો વિવાહ શ્રીપાલની સાથે કર્યો હતો. બંને નવકાર મંત્રના પ્રભાવથી સુખમય જીવન વ્યતીત કરવા લાગ્યા. (આ. વિનયવિજયજી ચિત્રમય શ્રીપાલ રાસ)

## મદનમંજૂષા

કનકકેતુ રાજાની પુત્રી મદનમંજૂષા દરરોજ પોતાના દાદાએ નિર્માણ કરેલા શ્રી ઋષભદેવ જિનાલયમાં સવાર બપોર અને સાંજે પૂજન માટે જતી હતી અને ભકિતભાવથી પૂજા કરતી હતી. એક વખત રાજકન્યાએ કલાત્મક રીતે પ્રભુની આંગી રચી. આ જોઇને રાજા કનક કેતુને પોતાની ચોસઠ કલાઓમાં નિપુણ પુત્રીને માટે યોગ્ય વરની ચિંતા થવા લાગી. આ પ્રકારની ચિંતાને કારણે દૈવી શકિતથી મંદિરના દ્વાર બંધ થઇ ગયા. શ્રીપાલકુમાર મંદિરમાં દર્શન કરવા આવ્યા ત્યારે એ દ્વાર ખૂલ્યા અને અંતે મદનમંજૂષાના વિવાહ એમની સાથે થયા. (એજન).

## મદનરેખા

વસુપાલ રાજાની પુત્રી મદનમંજરી બધી કલાઓમાં નિપુણ હતી. જયોતિષીની ભવિષ્યવાણી અનુસાર સમુદ્રના કિનારા પર ચંપાના વૃક્ષની નીચે જે પુરુષરત્ન સૂતેલો દેખાશે તે તારો પતિ થશે. શ્રીપાલ સમુદ્રમાંથી તરીને આ રાજયના કિનારા પર આવીને સૂઇ ગયો અને મદન મંદરી સાથે તેના વિવાહ થયા. બીજી બાજુ ધવલશેઠ ડુબનાયકને શ્રીપાલને સંબંધી બતાવીને શ્રીપાલને નીચા કુળનો બતાવવાની કોશિશ કરે છે, અંતમાં ભેદ ખુલી જાય છે મદનરેખાની સાથે શ્રીપાલ સુખેથી રહે છે.

## ગુણસુંદરી

આ રાજકન્યા વીણા વગાડવામાં નિપુણ હતી. શ્રીપાલ કુબડું રૂપ ધારણ કરીને તેની પાસે ગયા અને એટલી સુંદર વીણા વગાડી કે રાજકુમારીએ હારીને તેની સાથે વિવાહ કર્યા. શ્રીપાલે પુન: પોતનું રાજકુમાર સમાન રૂપ ધારણ કરી દીધું.(એજન)

## ત્રિલોક સુંદરી

ત્રિલોક સુંદરી નામની સર્વગુણ સંપન્ન સુંદર રાજકન્યા સાથે શ્રીપાલે વિવાહ કર્યા હતા. (એજન)

## શ્રૃંગાર સુંદરી

લાકડાની પુતળીઓ દ્વારા પૂછાયેલા વિચિત્ર પ્રશ્નોના સાચા ઉત્તર આપવા માટે શ્રૃંગાર સુંદરીએ શ્રીપાલના ગળામાં વરમાળા નાખી અને વિવાહ કર્યા. (એજન)

## જયસુંદરી

શ્રીપાળરાજાએ આઠ ચક્રોપર ઘૂમતી રાધા નામની પુતળીની આંખને પોતાના બાણથી વીંધી અને જયસુંદરીની પ્રતિક્ષા પૂરી કરી. તેના વિવાહ તેમની સાથે થયા

## તિલકસુંદરી

સર્પના ડંખથી રાજકુમારી તિલક સુંદરીનું મૃત્યુ થયું એને સ્મશાને લઇ જતા શ્રીપાલરાજાએ જોયું. શ્રીપાલે મંત્ર વગેરે દ્વારા રાજકુમારીના શરીરમાં વ્યાપેલા સર્પના ઝેરને ઉતારી દીધું. તથા તેને જીવિત કરી. તેથી તેના વિવાહ તેમની સાથે થયા. શ્રીપાલે સિદ્ધચક્રની આરાધનાથી અગાધ સુખ સંપત્તિની પ્રાપ્તિ કરી હતી.

મયણા સુંદરી અને શ્રીપાલ રાજાના ચરિત્રમાં સિદ્ધચક્રની આરાધનાનું મહત્વ બતાવવામાં આવ્યું છે આ વ્રત નવદિવસનું હોય છે. તેમાં પાંચ દિવસ સુધી વિભિન્ન અનાજના આયંબિલ કરવામાં આવે છે. તથા ચાર દિવસ કેવળ ચોખા ફક્ત એક જ વાર લેવામાં આવે છે તેમાં ચક્રેશ્વરી દેવીની આરાધના કરવાથી જે પ્રકારે રાણીઓના કષ્ટ દૂર થયા તે પ્રકારે અન્ય શ્રાવક શ્રાવિંકાઓની વ્યાધિ તથા કષ્ટ નાશ પામે છે આ વ્રત ચૈત્ર તથા આસો માસની સુદ સાતમથી પૂર્ણિમા સુધી કરવામાં આવે છે.

આ અધ્યાયમાં બાવીસતીર્થંકરોની માતાઓના વર્ણન ક્રમશ : આપ્યા છે. તેથી વીસમા તીર્થંકર મુનિસુવ્રત સ્વામીના સમયની મહિલાઓના વર્ણન પણ અંતમાં આપવામાં આવ્યા છે.

ભગવાન નેમિનાથની પછી તીર્થંકર શ્રી પાર્શ્વનાથ થઇ ગયા. તેમનો સમય ઈસૂની પૂર્વે લગભગ આઠમી શતાબ્દીનો માનવામાં આવે છે અને તેઓ ભગવાન મહાવીરથી બસો પચાસ વર્ષ પહેલા થઇ ગયા. પ્રાચીન ઐતિહાસિક તથ્યોના આધાર પર આજના ઈતિહાસકારો ભગવાન પાર્શ્વનાથને ઐતિહાસિક પુરુષ માનવા લાગ્યા છે.

## વામાદેવી

તેવીસમા તીર્થંકર પાશ્વર્વનાથની માતા વામાદેવી વારાણસીના મહારાજા અશ્વવસેનની મહારાણી હતી.પૂર્વભવનો સ્વર્ણબાહુનો જીવ પુણ્યપ્રાપ્ત કરીને તીર્થંકર ગોત્ર બાંધીને મહારાણી વામાની કુક્ષિઓમાં રૂપાંતરિત થયો. અર્ધન્દ્રિાની અવસ્થામાં માતાને ચૌદ શુભ સ્વપ્નોને મુખમાં પ્રવેશ કરતા જોયા. રાણી સ્વપ્ન દર્શન બાદ જાગૃત થઇ અને રાજાને સ્વપ્નની વાત કહી. પ્રતિભાશાળી પુત્ર જન્મ લેશે એ વાત જાણી રાણી પ્રસન્ન થઇ. તથા સાવધાની પૂર્વક ગર્ભનું લાલન-પાલન કરતી રહી. ગર્ભકાળ પૂર્ણ થતા પોસા મહિનાની વદ દસમના દિને માતાએ સુખપૂર્વક પુત્ર-રત્નને જન્મ આપ્યો.

(આચાર્ય હસ્તીમલજી જૈન ધર્મકા મૌલિક ઈતિહાસ ભાગ-૧ પૃ. ૨૮૬ -૨૮૮)

ઈન્દ્રએ આવીને માતાને પ્રણામ કર્યા તથા પુત્રનો જન્મકલ્યાણક મેરૂ પર્વત પર ઉજવ્યો.પુત્ર જન્મની ખુશીમાં મહારાજાએ દસ દિવસ સુધી મંગલ-મહોત્સવ મનાવ્યો.

અને બારમે દિવસે નામકરણ સંસ્કાર કર્યો.ગર્ભાવસ્થામાં માતાએ અંધારી રાતમાં પાર્શ્વમાં ચાલતા સર્પને જોયો પરંતુ તેનાથી કોઈ પણ પ્રકારનું અનિષ્ટ થયું નહીં. તેથી માતા પિતાએ બાળકનું નામ પાર્શ્વનાથ રાખ્યું.

યુવાવસ્થા પ્રાપ્ત થતાં માતાપિતાએ પુત્રની અનિચ્છા છતાં પાર્શ્વનો વિવાહ કુશસ્થલના રાજા નરપતિ પ્રસેનજિતની કન્યા પ્રભાવતી સાથે કર્યાં. અર્હત ધર્મના સિદ્ધાંતોથી તે બાલ્યકાળથી જ પરિચિત હતા.તેથી એક દિવસ ગંગા નદીના કિનારે પંચાગ્નિમાં તપતા નાગ-નાગણીનો તેમને ઉદ્ધાર કર્યો. (જૈનધર્મકા મૌલિક ઇતિહાસ આ. હસ્તીમલજી)

અહિંસા અને કરુણાના ગુણોને પ્રતિપાદન કરતા આ દ્રષ્ટાંત પર અનેક કથાઓ, કવિતાઓ અને સ્તવનોની રચના થઇ છે. માતા-પિતા પાસેથી સંસાર ત્યાગ કરવાની આજ્ઞા લઇને પાર્શ્વકુમારે ભગવતી દીક્ષા ગ્રહણ કરી એક સમયે તપશ્ચર્યા કરતી વખતે પૂર્વભવના તાપસે મૂશળધાર વરસાદનો ઉપસર્ગ કર્યો. પરંતુ દ્રઢધર્મી પાર્શ્વનાથ કર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. કેવળી પ્રભુની ત્યાગ અને વૈરાગ્યપૂર્ણ વાણી સાંભળીને અશ્વસેન તથા પ્રભાવતી અને બીજા કેટલાંય રાજયમહિષિઓની સાથે દીક્ષા લીધી. (ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર પર્વ- ૯ સર્ગ-૩)

તીર્થંકર પાશ્વર્વનાથના સમયમાં સુભદ્રા ગાથાપત્ની જે બહુપુત્રિકાદેવીના રૂપે સમવસણમાં આવી હતી. તેનું વર્ણન જૈન ગ્રંથોમાં આ પ્રમાણે કરવામાં આવ્યું છે.

એક વખત આર્યા સુવ્રતા અન્ય સાધ્વીઓની સાથે આહાર લેવા માટે સુભદ્રા ગાથાપત્નીને ત્યાં પહોંચ્યા. તે મહિલાએ પોતે નિઃસંતાન શોવાનું દુઃખ કહ્યું તથા સંતાન પ્રાપ્તિને માટે ઉપાય જાણવાની ઇચ્છા કરી. સાધ્વીજીવનમાં આ પ્રકારના કોઇપણ ઉપાય બતાવવાનું નિષેધ છે. આ જાણકારી આપતા સુવ્રત્તા સાધ્વીએ તેને દુઃખવિનાશક વીતરાગ ધર્મનું તથા ત્યાગ માર્ગનું ધ્યાન ધરવા ક્યું. સુભદ્રાએ શ્રાવિકા ધર્મનો સ્વીકાર કર્યો. અને સમય જતાં તેને દીક્ષા લીધી.

(જૈન ધર્મકા મૌલિક ઇતિહાસ પૃ. ૩૧૫-૧૮)

પોતાના મનમાં પુત્ર પ્રાપ્તિની ભાવના ઘેરી હોવાને કારણે સંસાર ત્યાગ કરીને પણ એ ભાવનાને પોતાના મનમાંથી દૂર કરી શકી નહિ. છતાં ત્યાગવૃત્તિ ધારણ કરવાને કારણે તે મૃત્યુ પછી દેવલોકમાં ગઇ અને ત્યાં પોતાની વૈક્રિય શકિત દ્વારા કેટલાંય બાળકો ઉત્પન્ન કર્યા. તેથી તેને 'બુહુપુત્રીકા દેવી'નું નામ આપવામાં આવ્યું. (એજન પૃ. ૩૨૦)

આ પ્રકારે પાર્શ્વનાથના ઉપદેશથી પ્રભાવિત થઇને તે સમયની ૨૧૬ કુમારિકાઓએ પ્રવજયા ગ્રહણ કરી. જેનું વર્ણન નિરયાવલિકા સૂત્ર તથા જ્ઞાતધર્મકથા સૂત્રોમાં ઉપલબ્ધ થાય છે. નિરયાવલિકાસૂત્રના પુષ્પચૂલિકા નામના ચોથા વર્ગમાં શ્રી, હ્રી, ધી, કીર્તિ આદિ દસ દેવીઓના વર્ણન પ્રાપ્ત થાય છે, જેમને દીક્ષા ગ્રહણ કરી. જ્ઞાતધર્મકથા સૂત્રમાં પણ એ સાધ્વીઓનો ઉલ્લેખ થયાં છે. જેમને પુષ્પચૂલાની શિષ્યાઓના રૂપમાં ભગવાન પાશ્વર્વની પરંપરામાં દીક્ષા લઇને આત્મકલ્યાણ કર્યું એમના નામોલ્લેખ નીચે પ્રમાણે છે.

પૂષ્પૂલા, કાલી, રાજી,રજની, વિધુષ્ટ; મેઘા, શુંભા, નિશમ્ભા, ઇલા, રૂપા, સતેરા, સૌદામિની, ઇન્દ્રા ઘના, કમલા, કમલપ્રભા, ઉત્પલા, સુદર્શના, રૂપવતી, બહુરુપા, સુરુપા, સુભગા, પૂર્ણા, બહુપુત્રિકા, ઉત્તમ, ભારિકા, પદ્મ, વસુમતી, કનકા, કનકપ્રભા, અવસંતા, કેતુમતી, વજ્રસેન, રતિપ્રિયા, રોહિણી, નવમિકા, હ્રીં, પુણ્યવતી, ભુજગા, ભુજગવતી, મહાકચ્છા, અપરાજિતા, સુઘોષા, વિમલા,સુસ્વરા, સરસ્વતી, સૂર્યપ્રભા, ચન્દ્રપ્રભા, પદ્માવતી અને કૃષ્ણાદેવી.

(જ્ઞાતધર્મકથા સૂત્ર દ્વિ. શ્રુ વર્ગ ૧-૧૦ સુધી)

તે સિવાય આવશ્યક નિર્યુકિતમાં પણ પાર્શ્વપત્યીય પરિવ્રાજિકાઓ સોમા, જયન્તી, વિજયા અને પ્રગલ્ભાનો ઉલ્લેખ પણ મળે છે. (આવશ્યકચૂર્ણિ પૂર્વાર્ધ - પૃ. ૨૮૬)

तत्थ य सोमा जयंतीओ उप्पलस्स भगिणीओ

पासावच्चिजाओ दो परिव्वाइयातो ण तरंति पव्वज्जं

काउण ताहे परिव्वाइयतं करेति ।

આ ચારે ય પરિવ્રાજિકાઓ ભગવાન મહાવીરની સમકાલીન હતી. આ પ્રકારે પુષ્પચૂલા આર્યા જો કે સાધ્વી સંઘનીપ્રમુખ હતી, તેમના સંઘની ૨૦૬ વૃદ્ધ મહલિાઓ દીક્ષા ગ્રહણ કરીને પાર્શ્વનાથના સંઘમાં સમ્મિલિત થઇ.

આ મહિલાઓના વર્ણન પરથી જાણી શકાય છે કે તેમની અતૃપ્ત ઇચ્છાઓ જો તેમના સુપ્ત મન પર વ્યાપેલી હતી અને જે ઇચ્છાઓને તેઓ ધાર્મિક અનુશાસનમય જીવન પાળવા છતાં કાઢી ન શકી એ કારણે તેઓ જન્મમરણના ફેરામાંથી મુક્તિ મેળવી શકી નહીં.

બીજું સત્ય એ પણ પ્રકટ થાય છે કે સંભવત : તે સમયની અધિકાંશ રાજકુમારીઓ યોગ્ય વર ન મળવાથી આજીવન અવિવાહિત રહેવા માટે મજબૂર થતી હતી. તેઓ પાર્શ્વનાથના પ્રવચનથી પ્રભાવિત થઇને દીક્ષિત થઇ પરંતુ અતૃપ્ત ઇચ્છાઓનું દમન કરવામાં તેઓ અસફળ રહી. આ માનસિક કુંઠીતતાને કારણે તેઓ પુનઃ પુનઃ જન્મ ધારણ કરતી રહી. અને મહાવીર પ્રભુના સમવસરણમાં આવીને પણ પોતાની વિકૃતશકિત વડે નાટક કલા પ્રદર્શિત કરી અને પોતાના સ્થાન પર બેસી ગઇ.

## તીર્થંકર પાર્શ્વનાથનીસંઘ વ્યવસ્થામાં નારીનું સ્થાન

આજથી લગભગ બે હજાર આઠસો વર્ષ પૂર્વે ઐતિહાસિક પુરુષ પાર્શ્વનાથે અર્હત્ ધર્મ પરિષ્કૃત કર્યો તથા તેને સુવ્યવસ્થિત કરવા માટેસંઘની સ્થાપના કરી તેમણે એ પણ બતાવ્યું કે મનુષ્ય કોઇ પણ વિશેષ જાતિ કુળ અથવા ધર્મમાં ઉત્પન્ન થવાથી ઉચ્ચ અથવા નીચ હોતો નથી. તેમણે પોતાના સંઘને ચાર ખંડોમાં વિભકત કર્યો. તેમના સમયમાં પણ મહિલાઓને ધાર્મિક શિક્ષણ પ્રાપ્ત કરવાનો અધિકાર હતો. તથા પુષ્પચૂલા નામની સાધ્વીના નેતૃત્વમાં સોળ હજાર મહિલાઓને દીક્ષિત થઇને આત્મકલ્યાણ કર્યું હતું.

તીર્થંકર પાર્શ્વનાથના સમયમાં ચાર મહાવ્રતો અહિંસા, સત્ય, અસ્તેય અને અપરિગ્રહનું સાધુ વર્ગ કડક રીતે પાલન કરતા હતા. આ ચાર વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રતનું જુદું સ્થાન ન હતું એનો અર્થ એવો નથી થતો કે પાર્શ્વનાથની પરંપરામાં બ્રહ્મચર્ય - ઉપેક્ષિત હતું અથવા બ્રહ્મચર્યની સાધનાને ગૌણ માનતા હતા. બ્રહ્મચર્યવ્રત પણ અન્ય વ્રતોની જેમ અનિવાર્ય હતું. પાશ્વર્વનાથ કાલીન સંત એ જાણતા હતા કે તેઓ સ્ત્રીને પણ પરિગ્રહનો એક ભાગ ગણીને બાહ્યદાનમાં જ સ્ત્રી અને પરિગ્રહ બંનેને અર્ન્તભાવ કરી.લેતાં હતાં. અને ધન ધાન્ય વગેરેની જેમ સ્ત્રીને પણ બાહ્ય વસ્તુ ગણીને તેનો ત્યાગ કરતા હતા.

પાર્શ્વનાથની પછી દેશકાલ આદિના પ્રભાવથી સાધુ સાધ્વીઓમાં કંઇક શિથિલતા આવવા લાગી. તેથી મહાવીરે સંઘનેં મજબૂત કરવા માટે બ્રહ્મચર્યને અલગ સ્થાન આપ્યું. સાધુઓના બ્રહ્મચર્ય મહાવ્રતનું તાત્પર્ય સાધુ કોઇપણ સ્ત્રી સાથે વાતચીત ન કરે, કોઇપણ સ્ત્રીના સંસર્ગનો વિચાર ન કરે, કોઇપણ સ્ત્રી સાથે એકાંતમાં વધુ વાર્તાલાપ ન કરે. અલ્પ ભોજન કરે અને જે ઘરમાં સ્ત્રી રહેતી હોય ત્યાં તે ન રહે.

આમ તીર્થંકર પાર્શ્વનાથના કાળમાં ચાર વ્રત અને આગળ જતાં મહાવીરના સમયમાં પાંચ મહાવ્રત પરિણિત થયા. જેનાથી મહિલાઓને આત્મોન્નતિના આ માર્ગ પર જવાની અધિક પ્રેરણા મળી.

★ ★ ★

# તીર્થંકર મહાવીરના યુગની જૈન સાધ્વીઓ અને વિદુષી મહિલાઓ

જૈન આગમોમાં વર્ણવાયેલા ચોવીસ તીર્થંકરોમાં મહાવીર અંતિમ તીર્થંકર થઇ ગયા. તેમણે તેવીસમા તીર્થંકર પાર્શ્વનાથ દ્વારા સ્થાપેલા ચતુર્વિધ સંઘને વધુ મજબૂત બનાવ્યો. વર્તમાન જૈન સંઘને મહાવીરના શાસન તરીકે સંબોધવામાં આવે છે. આ વ્યવસ્થાએ જૈન ધર્મીઓના ચારે વર્ગ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓને એક સૂત્રમાં બાંધી દીધા. આ વ્યવસ્થાને મજબૂત તથા વ્યવહારિક બનાવવા માટે મહાવીરે ત્યાગી તથા તથા ગૃહસ્થોના કર્તવ્યો નકકી કર્યા.

આ ચતુર્વિધ સંઘની વિશેષતા એ છે કે સાધુ વર્ગ શ્રાવકોને આત્માનુરાગી બનવાની પ્રેરણા આપે છે તથા શ્રાવક ત્યાગી ધર્મગુરુઓની અલ્પ આવશ્યકતાઓની પૂર્તિ કરવી એને પોતાનું કર્તવ્ય સમજે છે. એ જ પ્રકારે સાધ્વી સમુદાય પણ શ્રાવિકાઓને જ્ઞાનવર્ધન આપીને તેમને આત્મોન્નતિ તરફ આગળ વધવાની પ્રેરણા આપે છે. તથા ગૃહસ્થ શ્રાવિકાઓ પણ તેમની સુવિધાઓતથા રક્ષણ વગેરેનું ધ્યાન રાખવાં તે પોતાનુંકર્તવ્ય સમજે છે. મહાવીરની સંઘવ્યવસ્થામાં પુરુષોને જે આધ્યાત્મિક અધિકાર ઉપલબ્ધ હતા, મહિલાઓને પણ તે બધાં પ્રાપ્ત હતા. કારણ કે જૈન સિદ્ધાન્ત અનુસાર પ્રત્યેક આત્મા સમાન છે. તથા કેવળ કર્મોને કારણે ભિન્ન યોનિમાં જન્મ લે છે. તેથી આધ્યાત્મિક અધિકારોમાં પ્રભુ મહાવીરે કોઇ ભેદ બુદ્ધિ રાખી નહીં. જેના પરિણામ સ્વરૂપે એમના શિષ્યોમાં જેટલાં શ્રમણો હતા તેનાથી વધારે શ્રમણીઓ હતી. મહાવીરના ધર્મસંઘમાં ચૌદ હજાર શ્રામણો અને છત્રીસ હજાર શ્રમીઓ હતી. (સમવાયાંગ સમવાય -૩૯) સંખ્યા જોતાં અતિશયોક્તિ હોવાનો ભાસ થાય છે પરંતુ વ્યાપક દૃષ્ટિએ તત્વની મીમાંસા કરવામાં આવે તો સત્ય પરિસ્થિતિનું પ્રત્યક્ષ દર્શન થયા છે.ઉદાહરણ તરીકે તત્કાલીન રાજનૈતિક વાતાવરણમાં રાજાઓના વૈભવમાં રહેલી રાણીઓનું નગણ્ય અસ્તિત્વ, યુદ્ધમાં અનેક વીરોના મૃત્યુ, શ્રેષ્ઠ પુત્રોના અનેક કન્યાઓ સાથે વિવાહ અને સમાજમાં મહિલાઓનું નીચું સ્થાન.આ બધાં કારણોની સાથે એક મહત્વનું કારણ એ પણ હતું કે એ સમયના પ્રચલિત અન્ય ધર્મો - ધાર્મિક સંપ્રદાયોમાં એવું કોઇ ધાર્મિક સંગઠન ન હતું જેમાં મહિલાઓ સુરક્ષિત રહીને આત્મોન્નતિ કરી શકતી. તેથી આ બધાં રાજનૈતિક તથા સામાજિક વાતાવરણને કારણે મહાવીરના સંઘમાં સાધ્વીઓ તથા શ્રાવિકાઓની સંખ્યા પુરુષવર્ગ કરતાં બમણી હતી.

તીર્થંકર મહાવીરે તે સમયની આ બધી વિષમ પરિસ્થિતિઓનું ગહન અધ્યયન કરીને સ્ત્રીઓને પણ પુરુષોની જેમ આધ્યાત્મિક ઉન્નતિનો સંપૂર્ણ અધિકાર પ્રદાન કર્યો. જેવાં કે પૂજા, આરાધના, બાર વ્રતોનું પાલન, સામાયિક વગેરે અગિયાર અંગ સૂત્રોનું અધ્યયન ઇત્યાદિ આ આધ્યાત્મિખ ઉત્કૃષ્ટતાને કારણે ધર્મનિષ્ટ શ્રાવિકાઓએ દીક્ષિત થઇ પંચ મહાવ્રથતોનું પાલન કર્યુ તથા કર્મોનો ક્ષય કરી મોક્ષની પ્રાપ્તિ કરી. સ્વયં તીર્થંકર મહાવીરે અનેક ધર્મનિષ્ટ મહિલાઓને પ્રવ્રજિત કરી સંઘમાં ઉચ્ચતમ સ્થાન આપ્યું. તેમણે ચંદના જેવી તિરસ્કૃત (દાસી) નારી પાસેથી આહાર ગ્રહણ કરી ઊંચનીચ જાતિનો ભેદભાવ નાબૂદ કર્યો. તથા તેને 'પ્રવર્તિની' પદ આપીને સંઘના વરિષ્ટ આચાર્યના સમાન અધિકાર પ્રદાન કર્યા. એના ધર્મપ્રવચનોથી પ્રભાવિત થઇને અનેક રાજમહિષિયોએ સંસાર ત્યાગ કર્યો તથા ઉગ્રતમ તપસ્યા કરી તે જ જન્મમાં સિદ્ધત્વની પ્રાપ્તિ કરી.

આ અધ્યાયને ચાર ભાગોમાં વિભાજિત કર્યો છે (૧) મહાવીરના પરિવારની મહિલાઓ (૨) રાજમહિષિઓ (૩) શ્રેષ્ટિમહિલાઓ (૪) દાસીઓના વર્ણન આપવામાં આવ્યા છે.

તીર્થંકર મહાવીર જીવન-વિષયક આ અધ્યાયમાં એ મહિલાઓના જીવનવૃત્તાંત પર પ્રકાશ પાડવામાં આવ્યો છે જેમણે તેમના ધર્મતત્વોને સમજીને જીવનમાં અપનાવ્યા. જયંતી જેવી તત્વજ્ઞાની મહિલાએ શ્રમણ ધર્મના ગૂઢ સિદ્ધાંતોનું વિવેચન કરી પોતાની શંકાઓનું સમાધાન કર્યું.

## દેવાનંદા

દેવાનંદાના પતિ ઋષભદત્ત વૈશાલી ગણરાજની પશ્ચિમે સ્થિત ગંડકી નદીના કિનારે ઉપનગર બ્રાહ્મણ કુંડપુરના મુખિયા હતા. ઋષભદત્ત અને દેવાનંદા જૈન ધર્મના ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથના શાસનના અનુયાયી હતા. પતિ-પત્ની બંને શ્રમણો

પાસક હતા. દેવાનંદા સુકુમાર અને સુંદર વદના હતી. રૂપને અનુરૂપ એવો તેનો સુકુમાર સ્વભાવ હતો. ભાવિ તીર્થંકર મહાવીરનો જીવ દેવાનંદના ગર્ભમાં પ્રવિષ્ઠ થતાં જ તેણે પરંપરાનુસાર ક્રમમાં ચૌદ મહા સ્વપ્ન જોયા.

સ્વપ્ન જોઇને તરત જ તે શય્યામાંથી ઉઠીને પોતાના પતિ ઋષભદત્તના શયનગૃહમાં પહોંચી અને મધુર શબ્દોમાં આ અદ્દભુત ચમત્કારિક સ્વપ્નોની વાત કહી સંભળાવી અને ઉત્સુકતાથી પૂછયું, 'સ્વામી આ શુભ છે કે અશુભ છે? કૃપા કરીને મને એનું ફળ સમજાવો.'' ઋષભદત્તે સ્વપ્નોનું વર્ણન કરતાં કહ્યું, 'પ્રિયે સ્વામિની, તને સર્વગુણ સંપન્ન પુત્રની પ્રાપ્તિ થશે.''

દેવાનંદા આ જાણીને સંતુષ્ટ થઇ તથા પ્રસન્નતાપૂર્વક ગર્ભની રક્ષા કરવા લાગી. ગર્ભના અનુકૂલ પ્રભાવથી દેવાનંદાના શરીરની શોભા, કાંતિ અને લાવણ્ય વધવા લાગ્યા. આ પ્રમાણે ગર્ભકાળના ૮૨ દિવસ વીતી ગયા.

## ગર્ભહરણ

૮૨ દિવસ બાદ મધ્યરાત્રીએ માતા દેવાનંદા એ સ્વપ્ન જોયું કે જે ચૌદ સ્વપ્નો તેણે ચૌદ દિવસ પહેલાં જોયાં હતા તે સ્વપ્નોને કોઇ ચોરી ગયું હતું.

જૈન અનુશ્રુતિ પ્રમાણે દેવાનાંના ગર્ભમાંથી મહાવીરના જીવને ઉપાડીને હરિણૈગમેષિ દેવ દ્વારા અપહૃત કરાવીને કુંડપુરના નાયક ક્ષત્રિય રાજા સિદ્ધાર્થની પત્ની ત્રિશલાના ગર્ભમાં સ્થાપિત કરાવ્યો. એ સમયે રાણી ત્રિશલાએ ચૌદ મંગલ સ્વપ્ના જોયા. આ સ્વપ્નોનું વિસ્તૃત વર્ણન કેટલાંય ગ્રંથોમાં મળે છે દેવાનંદા પોતાના સ્વપ્નો ચોરાયેલાં જાણીને અત્યંત વ્યથિત થઇ ગઇ તથા તરત જ શય્યામાંથી ઉઠીને આ આકસ્મિક ઘટના પોતાના પતિને કહી બતાવી.

માતા દેવાનંદાનું નામ ફરીથી મહાવીરના કેવળજ્ઞાન પછી ચૌદમાં વર્ષાવાસ (ચાર્તુમાસ)ના સમયે આવે છે. મહાવીર બ્રાહ્મણ કુંડની પાસે બહુચાલ ઉદ્યાનમાં રોકાયા હતા. મહાવીરનું આગમન થયું એ વાત જાણીને ઋષભદત્ત બહુ જ પ્રસન્ન થયો. અને પત્ની દેવાનંદાની સાથે રથમાં બેસીને બહુસાલ ઉદ્યાનમાં પહોંચ્યા. વિધિ પૂર્વક વંદન, નમસ્કાર કરીને સભામાં બેઠા અને ભગવાનના ઉપદેશને સાંભળવા લાગ્યા. દેવાનંદા તીર્થંકર મહાવીરને અનિમેષ દૃષ્ટિએ જોવા લાગી. જેમ જેમ તે મહાવીરને જોતી હતી તેમ તેમ તે અત્યંત રોમાંચિત થતી હતી. તેના સ્તન ઊભરાતા જતાં હતા. સાથે જ આંખોમાં હર્ષના આંસુ વહેતા જતા હતા. તેને પોતાને સમજાતું ન હતું કે આ બધું શા માટે થતું હતું. અકસ્માત્ તેની કંચુકી તૂટી અને સ્તનમાંથી દુદની ધારા વહેવા લાગી. તેનું પુત્ર વાત્સલ્ય ઉભરાઇ આવ્યું. (કલ્પસૂત્ર)

આ દ્રશ્ય જોઇને ભગવાન મહાવીર દ્વારા દીક્ષિત ગૌતમ ગણધરે મહાવીરને દેવાનંદાના આ શારીરિક ભાવોની બાબતમાં ઉત્સુકતાભર્યો પ્રશ્ન કર્યો.

''ભગવાન તમારા દર્શનથી દેવાનંદાનું શરીર પુલકિત શા માટે થઇ ઊઠયું તેની આંખોમાં હર્ષના આંસુ અને સ્તનમાંથી દુધની ધારા શા માટે વહેવાલાગી? ભગવાન મહાવીરે ઉત્તર આપ્યો.

''ગૌતમ ! દેવાનંદા મારી માતા છે અને હું એનો પુત્ર છું દેવાનંદના શરીરમાં જે ભાવો પ્રકટ થયા તેનું કારણ તેનો પુત્રસ્નેહજ છે ''

ઋષભદત્ત અને દેવાનંદા બ્રાહ્મણ હોવાં છતાં પણ જીવ, અજીવ, પુણ્ય-પાપ આદિ તત્વોના જાણકાર શ્રમણોપાસક હતા. અને પાર્શ્વનાથ પરંપરાને માનવાવાળા હતા. તેથી ભગવાન મહાવીરે સભામાં પોતાની માતા દેવાનંદા અને પિતા ઋષભદત્તને ઉપદેશ આપ્યો તથા એમની દીક્ષા લેવાની ભાવના જાણીને, તેમને દીક્ષા આપી.

દેવાનંદાએ સાધ્વી ચંદનબાલાના નેતૃત્વમાં રહીને સંયમનું પાલન કર્યું. તથા ૧૧ અંગોનું અધ્યયન તથા કેટલાય પ્રકારના તપ અને વ્રતોની વર્ષો સુધી સાધના કરી મુકિત પ્રાપ્ત કરી. (ભગવતી સૂત્ર શ. ૯, ૩, ૬,૧૦ સૂત્ર ૩૮૨)

## ત્રિશલા

આ મહાન નારીને એક તેજસ્વી અને મહાન તપસ્વી પુત્ર વર્ધમાનની જનની બનવાનું ગૌરવ પ્રાપ્ત થયું. પોતાના વ્યકિતગત ગુણોને કારણે તે તત્કાલીન મહિલા જગતમાં પૂજનીય તથા વંદનીય હતા.

આ મહાન સ્ત્રીનું જીવન તીર્થંકર મહાવીરની માતા હોવાને કારણે ધન્ય થઇ ગયું. તે ક્ષત્રિયકુંડના રાજા સિદ્ધાર્થની ધર્મપત્ની તથા વૈશાલી ગણતંત્રના અધ્યક્ષ મહારાજા ચેટકની સર્વગુણ સંપન્ન બેન (સહોદરા) હતી. (આયારચલા -૧૫/૨૫)

દિગંબર પરંપરામાં ચેટકની પુત્રીનું નામ પ્રિયકારિણી હતુ એવો ઉલ્લેખ મળે છે. (ઉત્તર પુરાણ - પૃ-૪૬૦-ચ આચાર્ય ગુણભદ્ર)

એક રાત્રિએ ત્રિશલા પોતાના શયનખંડમાં શયન કરી રહી હતી.તેનો શયનખંડ વિવિધ પ્રકારના ચિત્રોથી શણગારેલો તથા નીચેનો તલભાગ મણિરત્નોથી પ્રકાશિત, ધૂપ, દ્રવ્ય વગેરે સુગંધિત દ્રવ્યોથી સુવાસિત હતો. આ શુભરાત્રિના અંતિમ પહોરે અર્ધજાગૃત તથા અર્ધ સુપ્તાવસ્થામાં તેમને સમસ્ત દુઃખોનું અપહરણ કરનારા સુખદાયક ચૌદ સ્વપ્નનું દર્શન થયું. આ વિસ્મયકારી મંગલ ચૌદ સ્વપ્નોને જોઇને રાણી શય્યામાંથી ઉઠી અને ઇષ્ટદેવનું સ્મરણ કરી રાજા સિદ્ધાર્થના શયનખંડમાં ગઇ. નમ્ર અને મૃદુ સંબોધનથી તેમને જગાડીને સ્વપ્નનોનું વર્ણન કહી બતાવ્યું. પછી આતુરતા પૂર્વક સ્વપ્નનું ફળ જાણવાની ઇચ્છા પ્રકટ કરી (કલ્પસૂત્ર પૃ. ૩૭) રાજા સિદ્ધાર્થ પોતાની રાણીના મુખે સ્વપ્નોનુંવર્ણન સાંભળીને આનંદિત થયા. પોતાના સામાન્ય બુદ્ધિ જ્ઞાનવડે તેમણે સ્વપ્નોના અર્થ સમજાવતા કહ્યું, 'હે દેવાનું પ્રિયે! આ સ્વપ્ન શુભ, શ્રેષ્ઠ અને મંગલાકારી છે. તું એક ઉત્તમ ગુણવાળા,તેજસ્વી તથા પરાક્રમી પુત્રની માતા બનીશ.' રાણી ત્રિશલા પતિના આ કથનથી સંતુષ્ટ અને પ્રસન્ન થઇ.

સવારે રાજાએ સ્વપ્નવિચારના વિશેષજ્ઞોને આ સ્વપ્નોનો ભાવાર્થ પૂછયો. વિશેષજ્ઞોએ સ્વપ્નના ભિન્ન ભિન્ન અર્થો બતાવ્યા અને અંતમાં કહ્યું, 'હે રાજન! આપને ત્યાં સિંહ સમાન નિર્ભય તથા દિવ્ય વિભૂતિઓવાળા પુત્રનો જન્મ થશે. તે પુત્ર કાં તો ચક્રવર્તી રાજા થશે અથવા ધર્મચક્રની સ્થાપના કરશે. પોતાના ભાવિ પુત્રના ગુણોનો મહિમા સાંભળીને ત્રિશલાનું રોમ રોમ હર્ષથી પુલકિત થઇ ઊઠયું. તે પોતાના ગર્ભસ્થ શિશુની સુરક્ષા માટે સાવધાન તથા જાગૃત થઇ ગઇ.

માતા ત્રિશલા ગર્ભનું પોષણ કરતી શુભ ચિંતનમાં પોતાનો સમય વ્યતીત કરતી હતી. ધીમે ધીમે ગર્ભની વૃદ્ધિ થવા લાગી. ગર્ભના હલનચલનથી કયારેક માતાને કષ્ટનો અનુભવ થતો તો કયારેક આનંદનો અનુભવ થતો કરુણા અને અહિંસાની પ્રતિમૂર્તિ મહાવીરે આ વિચારીને પોતાના હલનચલનથી માતાને કષ્ટ ન થાય તે માટે પોતે હલનચલન બંધ કરી દીધું. અચાનક ગર્ભના સ્થિર થઇ જવાથી રાણી ત્રિશલાને શંકા થઇ કે કોઇ દેવ અથવા વ્યંતરે પોતાના ગર્ભનું હરણ તો નહીં કર્યું હોય? અથવા ગર્ભ ગળી ગયો કે મરી ગયો? આ અશુભ શંકાઓથી રાણી ત્રિશલાનું મુખ દુઃખની ગ્લાનિથી નિર્જીવ જેવું થઇ ગયું. અતંઃપુરમાં ચિંતાની લહેર પ્રસરી ગઇ. રાજભવનના સમસ્ત આનંદ પ્રમોદ અને મંગલમય વાતાવરણ શોક અને ચિંતામાં પલટાઇ ગયું. આ વાત જાણીને રાજા સિદ્ધાર્થ પણ ચિંતામગ્ન થઇ ગયા. અને બધાં રાજ કર્મચારીઓ કિંકર્તવ્યમૂઢ થઇ ગયા ગર્ભસ્થ પુત્રએ અવધિજ્ઞાન વડે માતાની આ શોકાકુલ અવસ્થા અને રાજભવનની વિષાદમય સ્થિતિને જોઇ અને વિચાર કરવા લાગ્યા. હું તો માતાની અનુકંપા તથા ભકિતથી પ્રેરાઇને નિશ્ચલ તથા નિઃસ્પંદ થયો હતો એનું પરિણામ વિપરિત આવ્યું. આમ માતાની મનોદશા જાણીને બાલક મહાવીરે પોતાના શરીરનું એક અંગ હલાવ્યું. રાણી ત્રિશલા ગર્ભના હલનચલનથી ફરીથી સંતુષ્ટ થઇ માતા-પિતાના અતિવાત્સલ્યની પ્રતીતિ તેમને ગર્ભમાં જ થઇ. તેથી મહાવીરે એ નિર્ણય કર્યો કે જયાં સુધી મારા માતા પિતા જીવિત રહેશે ત્યાં સુધી હું સંસાર ત્યાગ નહીં કરુ. (કલ્પસૂત્ર - ૪૯) (વિનયવિજયજીની સુબોધિકા ટીપનું ભાષ્યાંતર)

ત્રિશલા રાણી પણ ગર્ભના કુશલ ક્ષેમનું ધ્યાન રાખતી આનંદથી રહેવા લાગી. એક વખત ગર્ભાના પ્રભાવથી ત્રિશલા રાણીને ઉત્તમ દોહદ (ઇચ્છા) થઇ કે હું રાજયમાં બધાં પ્રાણીઓની હિંસા બંધ કરવાની ઘોષણા કરાવું, દાન આપું, ગુરુજનોની સારી રીતે વંદના કરું, જિન મંદિરમાં પૂજા કરાવું, હાથીના સિંહાસન પર બેસીને છત્ર ધારણ કરું, આસપાસ ચામર હોય, સામે ધ્વજાઓ ફરકતી હોય, વાજિંત્રોના નાદથી દિશાઓ ગુંજતી હોય, આગળ જનસમુદાય જય-જયનો ઘોષ કરી રહ્યો હોય, ત્યારે હું ઉદ્યાનમાં નિર્દોષ ક્રીડા કરું. રાજાએ રાણી ત્રિશલાના બધાં મનોરથો પૂર્ણ કર્યા. (કલ્પસૂત્ર - ૫૦) તેમના કોઇપણ દોહદની અવગણના ન કરી. આ પ્રકારે ગર્ભને સુખપૂર્વક ધારણ કરતી ચૈત્ર માસની સુદ તેરસના ચિત્રા નક્ષત્રમાં નવ માસ તથા સાડાસાત દિવસ પૂર્ણ થયા ત્યારે ત્રિશલાએ સોનેરી તેજથી ભરેલા શરીરવાળા પુત્રને જન્મ આપ્યો. સવારે અંતઃપુરની દાસી પ્રિયંવદાએ રાજા સિદ્ધાર્થને પુત્ર-જન્મની વધામણી આવી. આ શુભ સંદેશથી અતિહર્ષિત થઇને રાજાએ માત્ર મુકુટ છોડીને ધારણ કરેલા સમસ્ત આભૂષણ દાસીને ભેટ રૂપે આપી દીધા અને તેને દાસત્વમાંથી મુકત કરી દીધી.

આજે ક્ષત્રિયકુંડમાં અદ્દભૂત સજાવટ કરવામાં આવી. ક્ષત્રિયકુંડના દરેક નરનારી અતીવ પ્રસન્ન હતા. વૈશાલીના રાજામહારાજા અને નરનારી જ રાજ્ય પ્રસાદમાં ન આવ્યા પરંતુ સ્વર્ગમાંથી દેવતાઓ પણ મહાવીરના જન્મ સમયે ધરતી પર ઊતરી આવ્યા. ચારે બાજુ વાતાવરણ હર્ષથી ભરેલું હતું. પરંપરાનુગત પ્રણાલી પ્રમાણે આ ઉત્સવની ખુશીમાં બંદીગૃહના બધા બંદીઓને મુક્ત કરી દેવાની રાજા સિદ્ધાર્થે આજ્ઞા કરી. રાજકોશમાંથી યાચકો અને સેવકોને છૂટ્ટે હાથે દાન આપ્યું. માતા ત્રિશલાના હર્ષને પ્રકટ કરવા માટે વિદ્વાનો અને કવિઓ પાસે શબ્દ ન હતા. આવા પુત્રને પામીને માત્ર માતા ત્રિશલા જ નહીં પણ સમસ્ત નારી જગત ગૌવરવાન્વિત થઇ ઉઠયું. બાલકના ગર્ભમાં આવવાની સાથે જ રાજ્યમાં ધન ધાન્યની વૃદ્ધિ થવાને કારણે માતાએ પોતાના બાળકનું નામ 'વર્ધમાન' રાખ્યું.

માતા ત્રિશલા સામાન્ય પુત્રની જનની ન હતા. તેમણે ત્રિકાલદર્શી જિનેન્દ્રને જન્મ આપ્યો હતો. એમની સેવા કરવાની ઇચ્છા સુરેન્દ્રને થતી હતી. સૌધર્મ નામના ઇન્દ્રએ અવધિજ્ઞાન દ્વારા પ્રભુના જન્મને જાણ્યો, જાણીને માતા ત્રિશલાના નિવાસ સ્થાન પર પરિવાર સહિત આવ્યા. અને તેમને પ્રણામ કર્યા. ભોગંકરા અને બીજી છપ્પન દિક્ કુમારિકાઓએ બાલક તથા માતાનું સૂતિકા કર્મ કર્યું. (કલ્પસૂત્ર - પૃ. ૫૨ - ત્રિશષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર પર્વ- ૧૦-૧૮)

ત્યાર બાદ સુરેન્દ્રએ પ્રભુનો જન્મોત્સવ મનાવ્યો.

ધીમે ધીમે પોતાની બાલક્રીડાથી માતા પિતાને આનંદિત કરતા વર્ધમાન મોટા થવા લાગ્યા. એક વખત નગરના બાળકો આમ્રવૃક્ષની આજુબાજુ સંતાકુકડી રમતા હતા. એટલામાં તેમણે એક ભયંકર સર્પને વૃક્ષ પરથી ઊતરતો જોયો. ભયથી ડરીને બાળકો ભાગાભાગી કરવા લાગ્યા, પણ વર્ધમાન નીડર હતા. બીજા બાળકોને સર્પ ડંખ ના મારે એ હેતુથી દયાની ભાવનાથી પ્રેરાઇને તેમણે સાપને જોરથી પકડયો અને દોરડાની જેમ પૂરી તાકાતથી દૂર ફેંકી દીધો. બાળકો તેમની આ નીડરતાથી બહુ જ પ્રભાવિત થયા અને પછી રમવામાં મગ્ન થઇ ગયા. આ વાત માતા ત્રિશલાએ જાણી. માતાએ પુત્રને વ્હાલથી છાતીએ લગાડયો અને 'વીર' નામથી સંબોધિત કરવા લાગી.

ધીરે ધીરે સિદ્ધાર્થે યુવાન વયમાં પગ મૂકયો. રાજમહેલના રાજરંગ, યુવામિત્રોની ગોષ્ઠિ, તથા ભૌતિક જીવનમાં એમનું મન લાગ્યું નહીં. જ્યારે મિત્રો અને રાજમહેલની દાસીઓ દ્વારા આ સંદેશ માતા ત્રિશલા સુધી પહોંચ્યો ત્યારે તે વ્યાકુલ થઇ ઉઠી. પોતાના પુત્રની ભૌતિકજીવન પ્રત્યેની અરુચિ જોઇને તેના ભવિષ્ય માટે તે ચિંતાતુર થઇ અને પોતે જાતે જ વર્ધમાનની પાસે ગઇ. માતાને વંદન કરીને, પુત્રના પૂછવાથી માતા ત્રિશલાએ વાત્સલ્યભાવ પૂર્વક કહ્યું ''પુત્ર તમે યૌવનમાં પગ માંડયો છે, હવે ગૃહસ્થ જીવનમાં પદાર્પણ કરો.''

કુમાર વર્ધમાનની ચિંતનધારા ગૃહત્યાગ અને આત્મકલ્યાણ કરવા તરફ હતી. તેણે પોતાની વ્યથા માતાને બતાવીને ગૃહત્યાગની આજ્ઞા માંગવાનો વિચાર કરી રહ્યા હતા પરંતુ માતાના વાત્સલ્યની સામે તે મૌન રહ્યા. પુત્રના અંતરની વ્યથાને જાણતા માતાએ પૂછયું, ''પુત્ર, તમે શું ચાહો છો?'' ત્યારે વર્ધમાને કહ્યું, માતા હું ગૃહસ્થજીવન થી દૂર રહીને આત્મકલ્યાણના માર્ગ પર આગળ જવા ચાહું છું.'' માતા બોલી, 'હે પુત્ર હું આ શું સાંભળું છું? રાત રાત જાગીને જે સ્વપ્ના મેં સજાવ્યા હતા તે શું આ પ્રકારે આભાસી હતા? શું હું તમને જોયા વિના જીવિત રહી શકીશ? શું હું મહેલોમાં સુખોનો ઉપભોગ કરું અને તમે સુકુમાર કંચનકાયાવાળા મારા લાલ, શીત, ગરમી અને વરસાદને સહન કરો. શું માતા થઇને તમારું આ દુઃખમય જીવન જોતી રહું. ના, ના, કુમાર એ કોઇ દિવસ નહી થઇ શકે.''

અનિચ્છા હોવા છતાં વર્ધમાને બહુ જ નમ્રતા પૂર્વક માતાની આજ્ઞાને શિર પર ચઢાવી. માતા ત્રિશલા પુત્રના આ હૃદયપરિવર્તનને જોઇ આનંદ વિભોર થઇ ઊઠી.

રાજા સિદ્ધાર્થ તથા રાણી ત્રિશલાએ એકમત થઇ પોતાની સમાનકથાના ગૌરવશાળી રાજવંશની લાવણ્યપૂર્ણ તથા ગુણોથી અલંકૃત રાજકુમારી યશોદા સાથે પૂર્ણ ધૂમધામથી સજીધજીને વર્ધમાનકુમારના વિવાહ કર્યા.

(આવશ્યક નિર્યુકિત ભાષ્ય પૃ. ૨૫૧)

સર્વગુણ સંપન્ન પુત્રવધૂ યશોદાને મેળવીને માતા ત્રિશલા સ્વયંને ધન્ય માનવા લાગી. તેમને આશાના કિરણો દેખાવા લાગ્યા.

કે કદાચ હવે પોતાનો પુત્ર સંન્યાસ ગ્રહણ કરવાની અભિલાષાનો ત્યાગ કરશે.

થોડા વર્ષો પછી યશોદાએ કન્યાને જન્મ આપ્યો. જેનું નામ પ્રિયદર્શના રાખવામાં આવ્યું. પ્રિયદર્શના માતાના ખોળામાં રમવા લાગી. માતા ત્રિશલા આત્માના સુખનો અનુભવ કરવા લાગી.

મહાવીરના માતાપિતા ભગવાન પાર્શ્વનાથના શ્રમણોપાસક હતા.બહુ વર્ષો સુધી શ્રાવકધર્મનું પાલન કરી જ્યારે અંતિમ સમય નજીખ આવતો જાણી પાપોનું પ્રાયશ્ચિત કર્યું. ચતુર્વિધ આહારનો ત્યાગ કરી સંથારો ગ્રહણ કર્યો અને મરણાન્તિક સંલેખનાથી દેહનો ત્યાગ કર્યો અને બારમા સ્વર્ગમાં દેવરૂપે ઉત્પન્ન થયા.

(આવશ્યકચૂર્ણિ - આચાર્ય જિનદાસ ગણિ ભાગ-૧ પૃ ૨૪૯)

કોઈપણ પત્નીના નામનો નિર્દેશ ન કરીને અનેક કન્યાઓ સાથે વર્ધમાનસ્વામીનું પાણિગ્રહણ બતાવવામાં આવ્યું છે.''

(ચઉપન્ન પુરુષ ચરિત્ર - પૃ -૨૭૨)

દિગંબર પરંપરા મહાવીરને અવિવાહિત માને છે.

## યશોદા

વર્ધમાન મહાવીરની જીવન સહચરી યશોદા, વસંતપુરના મહાસામંત સમરવીર રાજાની પુત્રી હતી. (હરિવંશ પુરાણ)

અત્યંત સુંદર અને ગુણવાન પુત્રવધુને મેળવીને માતા ત્રિશલા અત્યંત ખુશ હતા. માનવશ્રેષ્ઠ પતિ વર્ધમાનની સહધર્મિણી હોવાથી યશોદા પોતાના જીવનને ધન્ય માનતી હતી. પતિની ત્યાગમય મહત્વાકાંક્ષાઓ સમજીને પતિ પરાયણા યશોદા પોતાની મનોવૃત્તિઓ સમજીને પતિ પરાયણા યશોદાએ પોતાની મનોવૃત્તિઓને પતિને અનુરૂપ વળાંક આપ્યો. કાલાન્તરે સફળ દામ્પત્યજીવનના ફળ સ્વરૂપે તેઓને એક કન્યાની માતા બનવાનું સદભાગ્ય પ્રાપ્ત થયું. (ત્રિષષ્ઠિશલાકા પુરુષ પર્વ ૧૦-સર્ગ-૨ પૃ-૨૪) જેનું નામ પ્રિયદર્શના રાખવામાં આવ્યું.

વિવાહ થયાં હોવા છતાં વર્ધમાનનું મન સંસારમાં ડૂબ્યું નહિ. તેઓ પોતાની સહધર્મિણી યશોદાને સંસારની અસારતા વિષે સમજાવવા લાગ્યા. તેઓ રાજવૈભવથી દૂર રહીને ધરતી પર સૂઈ રહેતા તથા સાદું ભોજન કરતા. યશોદા પણ પોતાના પતિનો વૈરાગ્ય ભાવ જાણીને ત્યાગ વૃત્તિથી રહેવા લાગી. તેમને કોઈ પણ પ્રકારનું દુઃખ ન થાય તેનું ધ્યાન રાખવા લાગી. સાંસારિક સુખોની નશ્વરતા તથા ભૌતિક જીવનની ક્ષણભંગુરતાનો ઉપદેશ પોતાના પતિ પાસેથી આદરપૂર્વક સાંભળતી અને તેનું આચરણ કરવાનો પ્રયત્ન કરતી. પતિ વર્ધમાનના આ કથન ''મૃત્યુને કોણ રોકી શકે છે, સંસાર અસાર છે. અને વિજયી પુરુષ એ જ કહેવાય છે જે સંસારના વિષયો ભોગથી દૂર રહીને આત્મકલ્યાણમાં લીન રહે છે.'' યશોદા પોતાના પતિના સુખમાં સુખ માનીને સંતોષ માનવા લાગી. તે કહેતી, ''નાથ, આપનું સુખ જગતના સુખમાં છે અને મારું સુખ આપના સુખમાં છે. દીક્ષાના સમયે વર્ધમાન સ્વામીને યશોદાએ કહ્યું ''આર્યપુત્ર, શરદઋતુમાં ક્ષત્રિય પ્રવાસ અથવા સંગ્રામ કરવા જાય છે, ક્ષત્રિયાણીઓ પોતાના શુરવીર પતિને કુંકુમ કેશરના તિલક કરીને તેને વિદાય આપે છે. આપ તો સંસાર જીતવા માટે પ્રયાણ કરી રહ્યા છો માટે આપનો માર્ગ સરળ થાઓ અને આપ વિજયી થાઓ''. (જયભીખ્ખુ - ભગવાન મહાવીર - પૃ. ૨૩)

આ મહાન નારીએ સ્વયં સુખોની આહુતિ આપીને પતિ મહાવીરના માર્ગને ઉજાળ્યો.આ નારીનો મૂંગો ત્યાગ અનુપમ અને દુર્લભ છે.

## યશોદા મૂલ્યાંકન

મહાવીરની સહધર્મિણી યશોદાના જીવન પર જૈન સાહિત્યમાં વિસ્તારથી પ્રકાશ ફેંકવામાં આવ્યો નથી. આ મહાન ત્યાગમયી નારીના જીવનનો મોટો ભાગ અજ્ઞાત જ રહ્યો છે. વર્ધમાન મહાવીર ભ્રાતૃ-સ્નેહથી વશીભૂત થઈને જયારે બે વર્ષ સુધી ઘરમાં અનાસકત ભાવથી રહ્યા ત્યારે યશોદાએ તેમની કેવી રીતે સેવા કરી? મહાવીરની પ્રવ્રજયાના સમયે યશોદાની મનોદશા કેવી હતી? પતિના દીક્ષિત થયા પછી તેણે પોતાનું જીવન કેવી રીતે વીતાવ્યું ? કઈ મનોભાવના સાથે વીતાવ્યું ? આ બધા પ્રશ્નો

એક રહસ્ય બનીને જિજ્ઞાસુની સામે ઉપસ્થિત થાય છે યશોદાના મનોભાવો તથા અનુભૂતિઓની કેવળ કલ્પના જ કરી શકાય. તેનું માનસિક ચિંતન અને મનોભાવો કેવળ કલ્પનાનો જ વિષયા બનીને રહી જાય છે આ આદર્શ નારીએ યૌવનમાં પતિની ત્યાગ વૃત્તિમાં સહયોગ આપ્યો તથા શેષ જીવન પણ ભોગોથી દૂર આત્મકલ્યાણમાં વ્યતીત કર્યું એવી પ્રતીતિ થાય છે. રામાયણમાં જે રીતે લક્ષ્મણની જીવનસહચરી ઉર્મિલાનું જીવન, મનોદશા તથા કાર્યોની ઉપેક્ષા કરવામાં આવી તે જ રીતે જૈન સાહિત્યમાં વર્ધમાન મહાવીરની જીવન સહચરી યશોદાના જીવનની ઝાંખી તથા તેના માનસિક મનોભાવોની હંમેશા ઉપેક્ષા કરવામાં આવી. એ જ રીતે બોદ્ધ સાહિત્યમાં ગૌતમબુદ્ધની પત્ની યશોધરાના જીવનની ઘટનાઓની પણ ઉપેક્ષા કરવામાં આવી છે એવી પ્રતીતિ થાય છે.

## પ્રિયદર્શના

પ્રિયદર્શના માતા યશોદા તથા તે સમયના મહાન તપસ્વી,વિચારક વર્ધમાન મહાવીરની એકની એક પુત્રી હતી. રાજવંશની પરંપરા પ્રમાણે તેને ઘણી કલાઓનું શિક્ષણ આપવામાં આવ્યું. યુવાનથતાં મહાવીરની બેન સુદર્શનાના પુત્ર રાજકુમાર જમાલી સાથે તેના વિવાહ થયા. આ પરિવાર તે યુગનો અતિ સંપન્ન વૈભવશાળી અને પ્રતિષ્ઠિત પરિવાર હતો.

(ભગવતી સૂત્ર - ૨૬-૩-૩)

કેટલાયં સ્થાનો પર ઉપદેશ આપીને મહાવીર ક્ષત્રિય કુંડ પધાર્યા. સર્વજ્ઞ મહાવીરનું આગમ થયું છે તે જાણીને નગરજનો ભકિત અને શ્રદ્ધાથી વંદન કરવા તથા ઉપદેશ સાંભળવા ચાલી નીકળ્યા. જમાલી પણ પોતાની પત્ની પ્રિયદર્શનાની સાથે પ્રભુને વંદન કરવા આવ્યો. સમવસરણમાં ધમોપદેશ સાંભળીને તેને અરિહંતના ધર્મ પર શ્રદ્ધા ઉત્પન્ન થઇ. અંર્હતના ઉપદેશથી પ્રબુદ્ધ થઇને અને ગુરુજનોની અનુમતિ લઇને જમાલી અને પ્રિયદર્શનાએ દીક્ષા ગ્રહણ કરવાનો નિશ્ચિય કર્યો. જમાલીએ પાંચસો પુરુષો સાથે અને પ્રિયદર્શનાએ એક હજાર મહિલાઓ સાથે તીર્થંકર મહાવીર પાસે પ્રવ્રજયા ગ્રહણ કરી. (ભગવતીશતક ૯/૩/૬) પ્રિયદર્શનાએ સામાજિક વગેરે અગિયાર અંગોનું અધ્યયન કર્યું. તથા તે આર્યા ચંદનાના સાધ્વી સંઘમાં સંમિલિત થઇને ઉગ્ર તપ કરવા લાગી.

એક વખત શ્રાવસ્તીના કોષ્ટક ઉદ્યાનમાં શ્રમણ જામાલી પોતાના પાંચસો સાધુઓ સાથે રોકાયા હતા. સંયમ અને તપની કઠોર સાધનાથી જમાલીનું શરીર રોગોથી ઘેરાઇ ગયું હતું. ભયંકર વેદનાથી પીડાતા તેમણે સાધુઓને કહ્યું, 'હે દેવાનુપ્રિય જલ્દીથી સંથારો કરો, સાધુઓ સંથારો કરવા લાગ્યા. અસાધ્ય પીડાથી વ્યાકુળ જમાલી વારંવાર સાધુઓને પૂછવા લાગ્યા. ત્યારે સાધુઓએ ક્રિયા પૂર્ણ થયા પહેલાં જ કહી દીધું કે સંથારો તૈયાર થઇ ગયો છે. જયારે જમાલીએ જઇને જોયું તો કાર્ય પુરૂં નહોતું થયું. આ જોઇને જમાલીની મહાવીર દ્વારા ઉપદેશિત સૈદ્ધાન્તિક ધારણા હાલી ઊઠી. આમ ''કરાઇ રહ્યું છે એવા કાર્યને કરાઇ ચૂકયું'' એમ કહેવું અસત્ય છે આ સિદ્ધાંતને તેમને માન્ય કર્યો અને બીજા સાધુઓને પણ આ સત્ય અંગીકાર કરવા કહ્યું. કેટલાંક સાધુઓ આ સિદ્ધાંતને માનીને જમાલીની સાથે રહ્યા અને કેટલાંકે ન માનીને મહાવીરના સંઘમાં ભળી ગયા.

સાધ્વી સુદર્શનાએ પણ આ સિદ્ધાંતની ચર્ચા સાંભળી ત્યારે મૌલિક ચિંતક તથા સત્યશોધક સાધ્વીને પણ આ સિદ્ધાંતમાં સત્યનો આભાસ પ્રતીત થયો. બહુરતવાદ કાર્યની પૂર્ણતા થયા પછી તેને પૂર્ણ કહેવું યથાર્થ છે. તથા તે સ્પષ્ટ રૂપથી કર્યું હોય એમ કહી શકાય છે સાધ્વી પ્રિયદર્શનાએ પોતાની બુદ્ધિ અને ચિંતનના આધાર પર સ્ત્રી જાતિ સુલભ પૂર્વ પ્રીતિ-સ્નેહને કારણે એક હજાર સાધ્વીઓની સાથે જમાલીના મતનો સ્વીકાર કર્યો. (વિશેષાવશ્યક ભાષ્ય -૨૩૨૫)

(ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર - પર્વ ૧૦-સર્ગ ૮ પૃ. ૧૪૭)

એક દિવસ સાધ્વી પ્રિયદર્શના પોતાના સાધ્વીસંઘની સાથે વિહાર કરતી શ્રાવસ્તી નગરના ઢંક નામના કુંભારના વાડમાં થોભી હતી. તે અર્હન્ત ધર્મના સિદ્ધાંતો પર વિશ્વાસ કરવાવાળો પરમ શ્રાવક હતો.તેને સાધ્વી પ્રિયદર્શનાને ભ્રમમાંપડેલા જોઇને વિચાર કર્યો કે કોઇપણ રીતે હું આમને સાચા માર્ગ પર લાવું તો શ્રેયસ્કર થશે. આમ વિચારીને તેને એક વખત વાડામાંથી માટીના પાત્રોને એકઠાં કર્યા. એકઠાં કરતી વખતે એક સળગતો ટૂકડો ગુપ્ત રીતે સાધ્વી પ્રિયદર્શનાના વસ્ત્ર પર ફેંકયો. થોડીવાર પછી વસ્ત્રોને સળગતું જોઇને પ્રિયદર્શના સાધ્વી બોલી, ''અરે શ્રાવક ઢંક, તારી આળસને લીધે મારું વસ્ત્ર સળગી ગયું'' તે

સમયેઢંકે કહ્યું; 'સાધ્વીજી તમે અસત્ય બોલી રહ્યા છો. આપના મત પ્રમાણે જયારે આખુંય વસ્ત્ર બળને રાખ થઇ જાય ત્યારે તેને 'સળગેલું' કહી શકાય. 'બળતાને' 'બળીગએલું' 'સળગતાને'સળગીગયેલું' કહેવું એ તો અર્હન્તના વચના છે.''

(ભગવતી સૂત્ર,શતક. ૧૫)

ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર - પર્વ ૧૦ સર્ગ ૮ પૃ. ૧૪૭)

આ સાંભળીને પ્રિયદર્શનાને શુદ્ધબુદ્ધિ ઉત્પન્ન થઇ. તેનો ભ્રમ દૂર થઇ ગયો. તે બોલી - '' શ્રાવક ઢંક તમારું કહેવું સાચું છે. જે કરાઇ રહ્યું છે'' તેને થઇ ગયું કહેવું' એવું સર્વજ્ઞનું કથન સત્ય છે'' પોતાની ભૂલનો પશ્ચાતાપ કરીને સાધ્વી પ્રિયદર્શના જમાલીના સિદ્ધાંતનો ત્યાગ કરીને પોતાના સાધ્વી સમુદાય સાથે તીર્થંકર મહાવીરના સંઘમાં ફરી પાછી ભળી ગઈ.

## સુદર્શના

તીર્થંકર મહાવીરની સહોદરા સુદર્શના શ્રમણ સાહિત્યમાં એક મહત્વપૂર્ણ મહિલાના રૂપમાં જાણીતી છે. તેમનો વિવાહ ક્ષત્રિયકુંડના એક અત્યંત સંપન્ન તથા પ્રતિષ્ઠિત પરિવારમાં થયો હતો. તેને જમાલી નામના એક પ્રતિભા સંપન્ન, ઉદાર, વિવેક શીલ પુત્રની માતા બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. આ એકના એક પુત્રના લગ્ન તેમણે વર્ધમાન મહાવીરની વિદુષી કન્યા પ્રિયદર્શનાની સાથે કર્યા. પરંપરાનુસાર કુલવૃદ્ધિને ધ્યાનમાં રાખીને અન્ય કુલીન આઠ કન્યાઓના વિવાહ પણ જમાલી સાથે કર્યા. આ પ્રમાણે સુદર્શનાનો ભગવાન મહાવીર સાથે અત્યંત નિકટનો સંબંધ હતો. તે પોતે પણ શ્રમણોપાસિકા હતી. એને મહાવીરના ઉપદેશો તથા દાર્શનિક કથનો પર વિશ્વાસ રાખતી હતી.

એક વખત ભગવાન મહાવીરના ઉપદેશોથી પ્રભાવિત થઇને જમાલીએ મહાવીર પાસે પ્રવજયા ગ્રહણ કરવાની ભાવના માતાપિતાની સામે પ્રકટ કરી. પુત્રવિયોગની આશંકાથી માતા-પિતાની આંખમાં આંસુ આવી ગયા. પોતાના એકના એક પુત્ર દ્વારા યુવાવસ્થામાં સંસાર ત્યાગીને દીક્ષિત થવાની વાત સાંભળીને માતા સુદર્શના શોકવિહ્વળ થઈ ગઇ અને આ આઘાતને સહન ન કરી શકવાથી તે મૂર્છિત થઇ ગઇ. સ્વસ્થ થયા પછી માતાએ પોતાના પુત્રને આ વયમાં પ્રવજયા નહી લેવાના કારણો દરેક પ્રકારે સમજાવ્યા. પણ જમાલીએ પ્રેમાળ માતાની શંકાઓનું સમાધાન કરી તેમને સંતુષ્ટ કર્યા અને પોતાના સંકલ્પ પર દઢ રહ્યા. અંતે માતાપિતાએ વિવશ થઇને દીક્ષા લેવાની આજ્ઞા આપી. રાજયોચિત સમારોહપૂર્વક દીક્ષા-મહોત્સવ આયોજિત કરવામાં આવ્યો. અને શુભ મુહુર્તમાં જમાલીએ પાંચસો અન્ય પુરુષો સાથે તીર્થંકર મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરી. અશ્રુપૂર્ણ નેત્રો સાથે માતાએ આશીર્વાદ આપ્યા. ''તારો ધર્મમાં, તપમાં, જય થાઓ, કલ્યાણ થાઓ, તું સંયમમાં દઢ રહેજે, પરાક્રમ કરજે, અને સંયમપાલનમાં કયારેય પ્રમાદ ન કરીશ.'' માતા સુદર્શનાએ મહાવીરના સમવસરણમાં ઉપસ્થિત રહીને વંદન કરતાં કહ્યું, ''ભગવાન આ અમારો એકનો એકપુત્ર છે, આપની પાસે અનાગાર ધર્મ સ્વીકાર કરવા ઇચ્છે છે. અમે આ શિષ્યરૂપી ભિક્ષા સમર્પિત કરીએ છીએ આપ તેનો સ્વીકાર કરો.'' (ભગવતી શતક-૯, ઉ ૩૩, સૂત્ર ૩૮૪)

માતા સુદર્શનાએ પોતાના એકના એક પુત્રના મોહનો ત્યાગ કરીને તેને મહાવીરના સંઘમાં પ્રવેશ કરવાની અનુમતિ આપી. માતાના આ મહાન ત્યાગને શબ્દોમાં વ્યકત કરવાનું સંભવિત નથી.

## જયેષ્ઠા

જયેષ્ઠા ક્ષત્રિયકુંડના અધિપતિ રાજાસિદ્ધાર્થના જયેષ્ઠ પુત્ર નંદિવર્ધનની પત્ની તથા વૈશાલી ગણરાજયના અધ્યક્ષ ચેટકની પુત્રી હતી. (આવશ્યક ચૂર્ણિ ભાગ ૧- પૃ ૨૪૫) તેને રાજયપરિવારના મોભા પ્રમાણે શિક્ષણ તથા લાલન પાલન મળ્યા. બંને પતિપત્ની પાર્શ્વનાથના ધર્માવલંબી હતા. જે મહાવીરના વંશનો કુલધર્મ હતો.

જયેષ્ઠા પોતાના રૂપગુણમાં શ્રેષ્ઠ તો હતી જ સાથે સાથે કલા-કૌશલમાં પણ અત્યંત નિપુણ હતી. તેના રૂપ અને શીલનો મહિમા અને પ્રશંસા ચારે તરફ ફેલાયેલા હતાં. જૈન અનુશ્રુતિ પ્રમાણે એક વાર દેવતાએ તેના શીલવ્રતની પરીક્ષા લેવા વિચાર્યું. દેવતાએ કેટલાંય પ્રકારના ભય બતાવ્યા, પ્રલોભન આપ્યા. પણ જયેઠા રાણી પોતાના પતિવ્રતા ધર્મ પર અટલ રહી છેવટે દેવતા હારીને ચાલ્યા ગયા. નંદિવર્ધનને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે પોતાની પત્ની દ્વારા સતીત્વની આ ઘટનાથી બહુ

પ્રભાવિત થયા. પતિ પત્નીએ ગૃહસ્થાશ્રમમાં ધર્મના બાર વ્રતો ગ્રહણ કરીને જીવન સાર્થક બનાવ્યું. જનશ્રુતિ અનુસાર એવું માનવામાં આવે છે મહાવીરની ધર્મદેશના સાંભળીને જયેષ્ઠાને વૈરાગ્ય ઉપન્યો અને પતિની આજ્ઞા લઇને દીક્ષા ગ્રહણ કરી ચંદનાના સાધ્વીસંઘમાં સમ્મિલિત થઇ ગઇ. રાજા ચેટકની અન્ય પુત્રીઓને જેમ જયેષ્ઠાએ પણ સંયમ અને શીલનો દુર્લભ પરિચય આપી જીવન ધન્ય કર્યું.

## શેષવતી

શેષવતી શ્રમણો પાસિકા માતા પ્રિયદર્શના અને અતિસમૃદ્ધશાળી પિતા જમાલીની પુત્રી હતી. શેષવતીનું બીજુ નામ યશષ્વતી પણ કયાંક કયાંક મળે છે. માતૃપક્ષથી તે ભગવાન મહાવીરની દોહિત્રી હતી. માતૃ અને પિતૃ બંને પક્ષેથી એનો મહાવીર સાથે પારિવારિક સંબંધ હતો. (કલ્પસૂત્ર -૬૧). ધર્મમાં ડુબેલી કન્યા શેષવતીનો બાલ્યકાલથી જ ધર્મ તરફ અનુરાગ હતો. શેષવતીના લાલન-પાલન તથા શિક્ષણ રાજપરિવારની પરંપરાનુસાર થયા હતા. માતા પિયદર્શના અને પિતા જમાલીએ તીર્થંકર મહાવીર પાસે દીક્ષા લીધી. માતા પિતાના ધર્માનુરાગ અને આસ્થા નિષ્ઠાનો પ્રભાવ શેષવતી પર પડયો હતો. કારણ કે તે પણ શ્રમણ ધર્મનું પાલન કરતી હતી.

## ચંદનબાલા

જૈન ઇતિહાસની સો મુખ્ય સતીઓમાં મહાસતી ચંદનબાલાનું ચરિત્ર અને સ્થાન અનુપમ છે તે ભગવાન મહાવીર દ્વારા પ્રર્વતિત પ્રથમ સાધ્વી સંઘની પ્રમુખ હતી.

ચંદનબાલાનું નામ વસુમતી હતું. તે ચંપા નરેશ મહારાજ દધિવાહનની પુત્રી હતી તેની માતાનું નામ ધારિણી હતું. ધારિણી એક ઉચ્ચ કોટિની વિદુષી, વિચારક, અને ધર્મનિષ્ઠ મહિલા હતી. માતાના શિક્ષણનું પરિણામ હતું કે ચંદનબાલા બાળપણથી ત્યાગ, સહિષ્ણુતા અને ધર્મનિષ્ઠાની મૂર્તિ બની ગઇ હતી. (ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર. પર્વ-૧૦ સર્ગ -૪ પૃ. ૮૪)

આત્મકલ્યાણ માટે આજીવન બ્રહ્મચર્ય ધારણ કરી લોકોન્નતિ કરવાના સંસ્કાર એનામાં બાળપણથી જ હતા. વય વધતાં આ વિચારો વધુને વધુ દૃઢ બનતા ગયા. માતાપિતાની સ્વાભાવિક ઇચ્છા એ હોય કે યોગ્ય વર સાથે કન્યાના વિવાહ થઇ જાય. પરંતુ રાજકુમારીનો અવિવાહિત રહેવાનો દૃઢ નિશ્ચય જોઇને તેઓએ તેનો વિરોધ ન કર્યો પરંતુ પુત્રીને તેના વ્રતમાં દ્રઢ રહેવા માટે સહર્ષ આજ્ઞા આપી.

દુર્ભાગ્યવશ એક વખત કૌશામ્બીના રાજા શતનિકે ચંપાનગરી પર આક્રમણ કર્યું. અને જીત મેળવી. વિજયના મદમાં એક સૈનિક છલ કરીને મહેલમાં ઘૂસી ગયો. અને બળપૂર્વક રાણી ધારિણી અને ચંદનબાળાને રથમાં બેસાડી જંગલમાં લઇ ગયો. આ સૈનિકે ધારિણીનો શીલભંગ કરવા વિચાર્યું. પરંતુ પોતાના સતીત્વની રક્ષા માટેનો બીજો કોઇ ઉપાય નથી એ જાણતા તેણે પોતાની જીભ કાપી નાંખી. આ પ્રકારે પોતાના પ્રાણનો ઉત્કર્ષ અને સતીત્વની રક્ષા કરી આ કરુણ અને બલિદાનવાળી ઘટના જોઇને સૈનિકનું કઠોર હૃદય પીગળી ગયું. પ્રાણ ત્યાગવા તત્પર બનેલી ચંદનબાળાને તેને સમજાવી અને પોતાની પુત્રી માનીને પોતાના ઘેર લઇ ગયો.

રાજમહેલમાં ઉછરેલી બાલિકા ચંદનબાળાએ સૈનિકને પિતા સમાન માનીને સર્વ પ્રકારે સેવા કરીને ત્યાગ અને વિનયશીલતાનો પરિચય કરાવ્યો. પરંતુ ચંદનબાળાનું અનુપમ સૌંદર્ય, નિષ્ઠાપૂર્ણ સેવા અને વિનયને જોઇને સૈનિકની પત્નીના મનમાં ઈર્ષા અને શંકા પેદા થયાં. આ શંકાને લીધે સૈનિકે ચંદનબાલાને દાસીના રૂપમાં વેચવાનો નિશ્ચય કર્યો અને બજારમાં લઇ ગયો. તેને ચંદનબાળાને એક ધનિક ગણિકાને હાથે વેચી. ચંદનબાળાએ એને ત્યાં જવાની ના કહી, પરંતુ વેશ્યાનો આગ્રહ પ્રબળ હતો. અને તે પોતાના સેવકોદ્વારા એને બળપૂર્વક લઇ જવાનો પ્રયત્ન કરવા લાગી. ત્યારે એક વિચિત્ર ઘટના બની. ઘણાં બધાં વાંદરાઓ એ વેશ્યા પર તૂટી પડયા. કોઇએ તેને બચાવવાનો પ્રયત્ન ન કર્યો. પરંતુ ચંદનબાળએ તેને બચાવી. વેશ્યા ઉપકારવશ લજ્જિત થઇ.

તે સમયે ધનવાહ શેઠ ત્યાં આવ્યા અને તેમને ધર્મ, કર્તવ્ય અને વાત્સલ્યથી પ્રેરાઇને વેશ્યાને સમુચિત મૂલ્ય આપ્યું અને

ચંદનબાલાને સ્નેહપૂર્વક પોતાના ઘેર લાવ્યો. પરંતુ વિધિની વિચિત્રતાએ હતી કે ચંદનબાલાનું રૂપ અને સેવા જોઇને શેઠની પત્ની શંકા કરવા લાગી. તે શેઠની સાથે ઝઘડા અને ચંદનબાળાની સાથે અત્યાચાર કરવા લાગી.

એક વાર શેઠ નગરની બહાર ગયા હતા. શેઠાણીએ અવસર જોઇ ચંદનાના સુંદર વાળ કાપી નાંખ્યા. અને તેનું મોં કાળું કરી નાંખ્યું. એક નાનું વસ્ત્ર પહેરવા માટે આપ્યું. હાથમાં હાથકડી અને પગમાં બેડીઓ પહેરાવી તેને ઓરડામાં બંધ કરીને પોતે પોતાના પિતાને ઘેર જતી રહી.

આ ઘોર વિપત્તિને કારણે ચંદનાએ આત્મ ચિંતન કરવાનું શરૂ કર્યું. ત્રણ દિવસ પછી જ્યારે ધનવાહ શેઠ જ્યારે ઘેર પાછા આવ્યા ત્યારે ચંદનાને ન જોતાં ખુબ દુઃખી થયા. અને તપાસ કરતાં દાસીએ ચંદનાની સ્થિતિની વાત કરી. ત્યારે શેઠે ઓરડામાંથી તેને બહાર કાઢી. તેને ભૂખથી વ્યાકુળ જોઇને શેઠે સૂપડામાં પડેલા અડદના બાકુળા તેને આપ્યા પણ વ્રતમાં દ્રઢ નિશ્ચયી ચંદના ત્યાગી મહાત્માની રાહ જોવા લાગી.

ભગવાન મહાવીરે એક કઠિન પ્રતિજ્ઞા કરી હતી. પાંચ માસ અને પંદર દિવસ થવા છતાં આહાર પ્રાપ્ત થયો ન હતો, અચાનક ચંદનબાળાએ એક મહાન તપસ્વીને આવતા જોયા અને તેના રોમ રોમ હર્ષિત થઇ ગયા. 'અહો પ્રભુ મારા હાથે આહાર લેવા આવ્યા. તે ખુબ પ્રસન્ન હતી. પ્રભુ એક ક્ષણ થોભ્યા અને પાછા ફરવા જતા હતા ત્યાં ચંદનબાળાની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. (કલ્પસૂત્ર) જેનાથી પ્રભુની અંતિમ પ્રતિજ્ઞા પણ પૂર્ણ થઇ ગઇ. પ્રભુને આહાર વહોરાવતાંની સાથે જ ચંદનાના હાથ પગની જંજિરો ખુલી ગઇ અને ચંદના પૂર્ણ સુંદરી બની ગઇ. આ ખબર નગરમાં ચારે તરફ ફેલાઇ ગઇ. જનસમુદાય ચંદનબાલાના દર્શન કરવા નીકળી પડયા. આ ઘટનાથી પ્રભાવિત થઇ રાજા શતાનિકે ક્ષમાયાચના કરી.શેઠાણીએ પણ પોતાના ખરાબ કૃત્યો પર પ્રશ્ચાતાપ કર્યો અને ક્ષમાયાચના કરી.

ભગવાન મહાવીરનો ઉપદેશ સાંભળીને ચંદનબાળાને સંસાર પરથી વિરકિત આવી. ચંદનબાળા જ્ઞાનવતી,ગુણવતી અને તપસ્વીની હતી. તેથી દીક્ષા ગ્રહણ કરી ભગવાન મહાવીરની પ્રથમ શિષ્યા તથા શ્રમણી સંઘની પ્રવર્તિનીનું પદ પ્રાપ્ત કર્યું. તેના નેતૃત્વમાં ૩૬ હજાર સાધ્વીજીઓનો સમુદાય હતો, જે જ્ઞાનોપાર્જન તથા ધર્માચરણ કરીને આત્મકલ્યાણમાં પ્રવૃત્ત હતો.

(ત્રિષષ્ઠિશલાકા પુરુષ પર્વ- ૧૦ સર્ગ - ૬-પૃ.૧૦૦)

આ પ્રકારે માનવજાતિને ધર્મના પથનું દર્શન કરાવતા ચંદનબાળાને દિવ્યજ્ઞાનની પ્રાપ્તિ થઇ. ચંદનાનું ચરિત્ર શતાબ્દિઓ પછી આજે પણ જ્યોતિસ્તંભ ગણાય છે.

## પ્રભાવતી

પ્રભાવતી મહારાજા ચેટકની પુત્રી હતી. તેનો વિવાહ સિન્ધુ સૌવીર રાજયના પરાક્રમી રાજા ઉદયન સાથે થયા હતા. ઉદયનની રાજધાની વીતભયનગર તે સમયે અન્ય નગરોની તુલનામાં સૌથી અધિક સમૃદ્ધ હતું. રાજા અને રાણી શ્રમણોપાસક હતા. સર્વગુણસંપન્ન અભિચિ નામક પુત્રની પ્રાપ્તિથી બંને આનંદિત હતા. (ત્રિષષ્ઠિશલાકા પુરુષ પર્વ-૧૦, સ. ૮-૬-પૃ. ૧૧૧)

એક સમયે વીતભયનગરના ચોકમાં એક વજનદાર કાષ્ટની પેટી એક નાવિકે લાવીને રાખી હતી. ત્યાંના નાગરિક અને બીજા અન્ય ધર્મોન સાધુસંત પોતાના મંત્રના પ્રભાવથી તે પેટીનું ઢાંકણ ખોલવા ઇચ્છતા હતા. પણ તેમને સફળતા ન મળી. રાજા ઉદયન પણ મંત્રીનીી સાથે ત્યાં ઊભા ઊભા આ બધું જોઇ રહ્યા હતા. બપોર થઇ ગઇ તો પણ રાજા ભોજનલેવા માટે મહેલમાં પાછા ફર્યા નહીં. રાણી પ્રભાવતીએ ચિંતિત થઇ પોતાની દાસી સાથે રાજાને સંદેશ મોકલ્યો. રાજાએ દાસી જોડે સંદેશો મોકલીને રાણીને આ આશ્ચર્ય જોવા ત્યાં બોલાવી, રાણી પ્રભાવતી આ કુતુહલ જોવા રથમાં બેસી નગરના ચોકમાં આવી. અર્હંત ધર્મમાં અટલ વિશ્વવાસ રાખવાવાળી રાણીએ કહ્યું ''દેવી-દેવતાઓ કરતાં અરિહંત દેવના નામ સ્મરણથી આ કાષ્ટપેટીનું ઢાકણું ઊઘડી જશે એવો મને પૂર્ણ વિશ્વાસ છે. રાજાની આજ્ઞા અને સહમતિ મેળવીને રાણીએ પેટીની ઉપરના ઢાંકણને ધોયુ, ચંદન, પુષ્પ, અર્પિત કરીને ઊચા સ્વરે બોલી, ''હે' રાગ દ્વેષ અને મોહથી રહિત તથા અષ્ટ પ્રતિહારી આવૃત્ર એવા દેવાધિદેવ અરિહંત મને દર્શન આપો'' આટલું બોલતાની સાથે જ એ પેટીનું ઢાંકણ ધીરેથી ઊઘડયું અને તેમાં રહેલી

દેવની પ્રતિમાના દર્શન બધાંએ કર્યા. આ ઘટનાના પરિણામ સ્વરૂપ અરહંત ધર્મ પર જનતાનો વિશ્વાસ દ્રઢ થયો તથા રાજા પણ અરિહંતની પૂજા તથા સ્તુતિ કરવા લાગ્યા. તેમણે ભવ્ય મંદિર બનાવીને તેમાં પ્રતિમાની સ્થાપના કરી તથા રાણી પ્રભાવતી દરરોજ પૂજા કરવા લાગી. (ત્રિષષ્ટિશલાકા પુરુષ, પર્વ-૧૦, સર્ગ-૧૧ પૃ-૨૧૫)

એકવાર રાણી પ્રભાવતીએ પૂજા કરીને સંગીત આરંભ કર્યું તથા ભાવવિભોર થઇ નૃત્ય કરવા લાગી. રાજા તન્મયતાથી વીણા વગાડવા લાગ્યા. તલ્લીનતાની એ ક્ષણોમાં રાજાને એક ક્ષણને માટે રાણીનું માથું દેખાયું નહીં, કેવળ નીચેનું ધડ જ દેખાયું. તેને અશુભ માનીને રાજાને ક્ષોભ થયો અને હાથથી વીણા જમીન પર પડી ગઇ. રાણી નૃત્યમાં મગ્ન હતી તે એકદમ વિઘ્ન આવવાથી અટકી ગઇ અને રાજાને એકાએક વીણાવાદન બંધ કરવાનું કારણ પૂછવા લાગી. રાણીના કારણ જાણવાના અતિઆગ્રહને લીધે રાજાએ જે દ્રશ્ય જોયું હતું તે કહી બતાવ્યું. આ સાંભળીનેરાણીને રંજમાત્ર પણ મૃત્યુનો ભય ન રહ્યો.

એક દિવસ રાણી પ્રભાવતીએ પોતાના નિયમ પ્રમાણે સ્નાન કરીને ભગવત્ પૂજા કરવા જવા માટે દાસી પાસે શુદ્ધ વસ્ત્ર મંગાવ્યા. વસ્ત્ર ઉપર રાણીને અશુભ ચિહનના રૂપમાં લાલ ડાઘ દેખાયા. ભગવાનની પૂજાને માટે અશુદ્ધ વસ્ત્ર છે એ જાણીને તેને દાસીને ફટકારી તથા ક્રોધમાં આવીને તેને મારી, જેનાથી દાસી મૃત્યુ પામી થોડાં સમય પછી વસ્ત્ર તેને સફેદ દેખાવા લાગ્યા. પંચેન્દ્રિય જીવની તથા સ્ત્રી જાતિની, ક્રોધને વશ થઇ પોતાના હાથે હત્યા થઇ જવાથી તે પોતાની જાતને ધિક્કારવા લાગી. આ ઘટનાની જાણ રાણીએ રાજાને કરી તથા પોતાના જીવનનું બાકીનું આયુષ્ય થોડું જ રહ્યું છે એ જાણી સંસાર ત્યાગ કરવાની તથા દીક્ષિત થવાની અનુમતિ માંગી. રાજાને પહેલેથી શંકા થઇ હતી. તેમણે રાણી પ્રભાવતીને દીક્ષિત થવાની અનુમતિ આપી. રાજા વ્યથિત થઇને કહેવા લાગ્યા.'' મહાદેવી, તમારા ઉચ્ચ ભકિતભાવથી જો તું દેવભવમાં જાય તો મને અવશ્ય પ્રતિબોધ કરજે.'' પતિની આજ્ઞા મળવાથી રાણી પ્રભાવતીએ દીક્ષા લીધી. દીક્ષા લીધા બાદ કઠોર સંયમ તપની આરાધના કરી તથા અનશન કરીને દેવગતિ પ્રાપ્ત કરી. (આવશ્યક ચૂર્ણિ-૩૧૯)

જૈન ધર્મની સતીઓમાં પ્રભાવતીનું સ્થાન વિશિષ્ટ છે તેની ધર્મનિષ્ઠાએ જ રાજાને શ્રમણોપાસક બનવા પ્રેરિત કર્યા.

## પદ્માવતી

શ્રમણોપાસિકા પદ્માવતી (ધારિણી) રાજા દધિવાહનની પત્ની અને ચેટક રાજાની પુત્રી હતી. તેને ચંપાનગરીને જૈન ધર્મનું કેન્દ્ર બનાવ્યું. તેને શિલ્પકલા, ચિત્રકલા અને ધર્મશાસ્ત્રનું અપરિમિત જ્ઞાન હતું. રાણી ધારિણી પોતાના પતિની સેવા તથા ધર્મ ધ્યાનમાં કર્તવ્ય રત રહીને સુખ શાન્તિથી રહેતી હતી. તેની પુત્રી પણ સારા શિક્ષણ તથા ઉચ્ચ સંસ્કારો પામેલી હતી.

રાજા શતાનિક તે સમયનો અધિક બલવાન અને પરાક્રમી રાજા હતો. તેણે એકવાર રાજા દધિવાહન પર ચઢાઇ કરી. દધિવાહન પોતાના સીમિત સૈન્ય બલ સાથે તેની સામે ટકી શકયો નહીં. તે યુદ્ધ કર્યા વિના રાજધાની છોડીને જંગલ તરફ ભાગી ગયો. તેથી રાજા શતાનિકે એવી ઘોષણા કરી, ''જેને જે કાંઇ જોઇએ તે લઇ શકે છે'' આક્રમક રાજાના સૈનિકોએ શહેરને મન ભરીને લૂંટયું. એકરથી રાણીધારિણી અને વસુમતિને બંદી બનાવીને જંગલમાં લઇ ગયા. ત્યાં એ રથીએ તેનેપોતાની રાણી બનવાનું કહ્યું. પણ પતિવ્રતા રાણી ધારિણીએ પોતાના જીવનનો અંત લાવવાનું સ્વીકાર્યુ. એકરથીને પોતાના કુવિચાર ત્યાગવા સમજાવ્યું. એકરથી પર એકે ય વાતની અસર થઇ નહીં. રાણી ધારિણીએ જીભ કાપીને પોતાના શરીરનો અંત આણ્યો. આ ઘટનાથી એકરથીને બહુ જ દુઃખ થયું અને વસુમતીને પોતાની પુત્રી બનાવીને પોતાના ઘરમાં રાખી. (ત્રિષષ્ઠિશલાકા પુરુષ, પર્વ ૧૦-સર્ગ ૪ પૃ-૮૪)

રાણી પદ્માવતી દ્વારા સતીત્વની રક્ષા કરવા માટે પ્રાણની આહુતિ આપવી એ ભારતીય નારીની સમક્ષ આદર્શ સ્થાપે છે.

## મૃગાવતી

મૃગાવતી વૈશાલીના ગણરાજા ચેટકની પુત્રી તથા કૌશામ્બીના રાજા શતાનિકની રાણી હતી. વૈશાલીની આ સુર્વગુણ સંપન્ન કન્યાનો તત્કાલીન સમાજમાં બહુ જ આદર હતો. રાજા શતાનીક મૃગાવતીના રૂપગુણ પર તો મોહિત હતા પણ તેની વિલક્ષણ બુદ્ધિને લીધે રાજકીય સમસ્યાઓ માટે પણ તેની સાથે વિચાર વિનિમય કરતા.

એક સમયે રાણી મૃગાવતી બપોરના ગ્રીષ્મ તાપથી વ્યાકુલ થઇને પોતાના મહેલમાં વિશ્રામ કરી રહી હતી. તે સમયે રાજમાર્ગ પર થઇ રહેલા કોલાહલ અને જયઘોષ તરફ તેનું ધ્યાન આકૃષ્ટ થયું. રાણીએ પોતાની સેવિકાને આ વિષે પૂછયું. એટલામાં એક સેવક દોડતો આવ્યો અને કહેવા લાગ્યો. ''સ્વામિના કેટલાંય મહીનાઓથી નગરમાં એક મુનિ નિરાહર ભ્રમણ કરે છે. આજે તેમને ધનવાહ શ્રેષ્ઠીની દાસી પાસેથી આહાર ગ્રહણ કર્યો. આ સમાચાર સાંભળી રાણી મૃગાવતીઅત્યંત પ્રસન્ન થઇ.

આ સુખદ પ્રસંગથી મૃગાવતીને વિચાર કરવાનો સમય પણ ના રહ્યો. તે એ જ સમયે રથમાં બેસીને શ્રેષ્ઠી ધનવાહના નિવાસસ્થાને ગઇ. ત્યાં તેને ચંદનાને જોઇ જેના હાથો વડે મુનિરાજે આહાર ગ્રહણ કર્યો હતો. ચંદના પુલકિત તથા આનંદવિભોર હતી. તે સમયે એક સૈનિકે ચંદનાને ઓળખી લીધી. સૈનિકે કહ્યું ''સ્વામિન્,આ તો અમારા રાજા દધિવાહનની પુત્ર વસુમતી છે. ચંદના, રાણી મૃગાવતીની મોટી બેનની પુત્રી હતી. મૃગાવતીએ અપાર ઉત્સાહ અને સ્નેહથી ચંદનાને ગળે લગાવી અને તેને પોતાના મહેલમાં લઇ ગઇ.

રાણી મૃગાવતી અનુપમ સૌદર્યમયી હતી રાજા શતાનીક આવી રૂપવાન પત્નીનેમેળવીને પોતાને ધન્ય માનતા હતા. એક સમયે કૌશામ્બીના રાજયદરબારમાં એક ચિત્રકાર આવ્યો તે પોતાની કલામાં એવો પ્રવીણ હતો કે કોઇ વ્યકિતના શરીરનો એક ભાગ જોઇને તેનું પૂર્ણ ચિત્ર બનાવી લેતો હતો. આ વિદ્યામાં તેને વરદાન પ્રાપ્ત થયું હતું એમ મનાય. લલિતકલા પ્રેમી રાજા શતાનીકે આ અદ્દભુત ચિત્રકારને પોતાના રાજયમાં આશ્રય આપ્યો. એકવાર અનાયાસે રાજમહેલ તરફ તેની દ્રષ્ટિ પડી. ત્યાં તેને દરવાજામાંથી પગને અંગૂઠો દેખાયો. તેને પોતાની કલાનિપુણતાથી પગનો અંગૂઠો માત્ર જોઇને સંપૂર્ણ ચિત્ર બનાવ્યું. ચિત્ર બનાવતી વખતે રંગનું એક ટીપું ચિતરેલી રમણીની જાંઘ પર પડીગયું,તેણે ટીંપુ ભૂંસી નાંખ્યું પરંતુ ફરીથી રંગનું ટીંપુ ત્યાં જ પડયું. કેટલીયે વાર ભૂંસવા છતાં રંગનું ટીપું ત્યાં જ પડતું ગયું. આ ચિત્ર જેનુંદોર્યું છે તે વ્યકિતની જાંઘ પર કુદરતી તલ હોવો જોઇએ. તેથી તેને તે ટીંપાને એમને એમ રહેવા દીધું. ચિત્રકાર પોતાની આ કલાકૃતિને સજીવ કરવામાં રાતદિન ડૂબી ગયો. તેને ભાન પણ ન હતું કે તેની પીંછીદ્વારા એક અનુમપ સુંદરીનું ચિત્ર બની રહ્યું હતું.

અકસ્માત રાજા શતાનીક પોતાના કલાપ્રેમને કારણે રંગશાલામાં આવ્યા. ચિત્રકારે પોતાની સુંદર કૃતિ પરથી પરદો હટાવ્યો. રાજા શતાનીક પોતાની રાણી મૃગાવતીનું મનમોહક સજીવ ચિત્ર જોઇને અત્યંત પ્રસન્ન થયા. પણ જેવી તેમને કલાકારની પ્રશંસા કરી કે તેમની દૃષ્ટિ જાંઘના તલપર પડી. અને રાજાની પ્રશંસા એકદમ ક્રોધમાં બદલાઇ ગઇ. તથા તેમને રાણી અને ચિત્રકાર બંનેના ચરિત્ર પર સંશય થયો. મનમાં વિચાર ઉત્પત્ન થયો કે રાણીને જોયા વિના આ ગુપ્ત સ્થલના તલની ચિત્રકાંરને કેવી રીતે ખબર પડી. ચિત્રકારે રાજાને યક્ષના વરદાનની વાત કહી પરંતુ રાજાની શંકાનું નિવારણ ના થયું. રાજાએ ચિત્રકારનો અંગૂઠો કપાવી નાંખ્યો અને તેને ચિત્રશાળામાંથી કાઢી મૂકયો.

આ ઘટનાથી ચિત્રકારને આઘાત લાગ્યો. કલાના આ અપમાનને તે સહન ન કરી શકયો. બદલાની ભાવનામાં ડૂબેલો તે રાણી મૃગાવતીના નયનાભિરામનું ચિત્ર બનાવીને તત્કાલીન ઉજૈનનગરીના સ્રીલોલુપ રાજા ચંદ્રપદ્યોતને બતાવ્યું. ચંદ્રપ્રદ્યોતે મૃગાવતીને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી શતાનીકની રાજધાની કૌશામ્બી પર ચઢાઇ કરી. રાજા શતાનીક આ આઘાત સહન ન કરી શકયો અને મૃત્યુ પામ્યો.

મૃગાવથી રાણી પર વૃજાપાત થયો. પતિનું અચાનક મૃત્યુ, રાજકુમાર ઉદયન નાની વયનો અને રાજય પર શકિતશાળી રાજાનું આક્રમણ અને નગરને ઘેરાવ, આ બધી પરિસ્થિતિઓનો સામને રાણી મૃગાવતીએ બહુ જ ધૈર્ય, ચતુરતા અને સાહસપૂર્વક કર્યો. તેણે પોતાના વિશ્વાસ દૂત દ્વારા રાજા ચંદ્રપ્રદ્યોતની સૈન્યશિબિરમાં સંદેશો મોકલ્યો કે ''મારા પતિ રાજા શતાનીકનો સ્વર્ગવાસ થઇ ગયો છે, હું તમારા શરણમાં છું, પરંતુ મારો પુત્ર ઉદયન હજુ નાનો છે, આજુબાજુના રાજાઓ પણ આ નગરી પર ચડાઇ કરવા તત્પર છે માટે આ નગરને સુરક્ષિત રાખવા માટે ઈંટોનો કોટ બંધાવી દેજો.' મોહથી વશીભૂત રાજાએ આ બધી વાતનો સ્વીકાર કર્યો. રાણી મૃગાવતીએ પોતાને પૂર્ણ સુરક્ષિત જાણીને કિલ્લાના દ્વાર બંધ કરાવી દીધા (ત્રિષષ્ઠિશલાક પુરુષ - પર્વ ૧૦ સર્ગ-૮ પૃ. ૧૫૧.)

આ બધી ઘટનાઓથી દુઃખી થઇનેતેને જીવનની નશ્વરતાનું ભાન થયું અને તે મહાવીરના આગમનની આતુરતાપૂર્વક રાહ જોવા લાગી.

એક દિવસ મહાવીરના આગમનનો સંદેશો આવ્યો અને તે ધન્ય થઇ ઉઠી. તેને દીક્ષા લેવાનો દૃઢ સંકલ્પ કર્યો. તથા નગરના દરવાજા ખોલાવીને ઠાઠમાઠથી ભગવાન મહાવીરના દર્શન કરવા અને પ્રવચન સાંભળવા નગરની મધ્યમાં હાજર થઇ. રાજા પ્રદ્યોક્ષાત પણ શ્રાવક હતો તેથી ત્યાં આવીને ધર્મદેશના સાંભળવા લાગ્યો. ધર્મ દેશના થયા બાદ અનુકૂળ અવસર જોઇને રાણીમૃગાવતીએ પોતાની દીક્ષા લેવાની મનોકાંક્ષા પ્રભુની સમક્ષ પ્રકટ કરી. રાજા પ્રદ્યોતને પોતાનો પુત્ર ઉદયન સોંપીને તેને આજ્ઞા માંગી. રાજા પ્રદ્યોતની આંતરિક ભાવના ન હોવા છતાં આટલી મોટી પરિષદમાં તથા મહાવીરના વૈરાગ્યના પ્રભાવથી તેનેમૃગાવતીને આજ્ઞા આપી. (આવશ્યક ચૂર્ણિ પ્ર. ૧ પૃ. ૯૧)

મૃગાવતી પરિવ્રાજિકા થઇને સાધ્વી ચંદનાના સાન્નિધ્યમાં પોતાની આત્મોન્નતિ કરવામાં લીન થઇ ગઇ. એક સમયે ભગવાન મહાવીરના સંઘનું ફરી એકવાર કૌશામ્બીમાં શુભાગમન થયું. સમાજના ચારેય વર્ગ સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકાઓ પ્રલચનના સારભૂત તથ્યોનું શ્રવણ કરવામાં નિમગ્ન હતા. સંધ્યા થઇ રહી હતી. સાધ્વી ચંદના પણ પોતાના સાધ્વી સમુદાયની સાથે આચાર સંહિતાના નિયમોનું ધ્યાન રાખીને અંધારૂં થતાં પહેલાં જ ઉપાશ્રયમાં ચાલી ગઇ. મૃગાવતી પ્રભુનો ઉપદેશ તન્મયતાથી સાંભળી રહી હતી. ચન્દ્ર-સૂર્યના પ્રકાશથી પ્રકાશિત સંધ્યાનું ભાન જ ન રહ્યું, જ્યારે પોતાના આત્મ ધ્યાનમાંથી બહાર નીકળીને જોયું તો ચારે તરફ અંધારૂં છવાઇ ગયું હતું. તે ગભરાઇને તરત જ બે ત્રણ બીજી સાધ્વીઓ સાથે ઉપાશ્રયમાં ગઇ. ત્યાં આચાર્યા ચંદનાએ તેને ઠપકો આપતાં કહ્યું, ''મૃગાવતી, તારા જેવીજૈન કુલીન સ્ત્રીઓએ રાતના એકલા બહાર રહેવું શોભા આપતું નથી.'' મૃગાવતીએ પોતાના અપરાધનો સ્વીકાર કર્યો. અને આચાર્યની અંતઃકરણપૂર્વક ક્ષમા માંગી. તે વિચારવા લાગી કે પોતાનાથી આચાર-સંહિતાના નિયમોનું ઉલ્લંઘન થયું તેથી આચાર્યાને દુઃખ થયું.તેથી તે પોતાની ત્રુટિ પર સમભાવપૂર્વક વિચાર કરવા લાગી અને વિચારતાં વિચારતાં તે પોતાનામાં ખોવાઇ ગઇ. તેના હૃદયમાં શુભ ભાવનાઓ જાગૃત થઇ. તથા ઘાતિકર્મોનો ક્ષય થયો અનેતેને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

(ગુણચંદ્ર મહાવીર ચરિત્ર- પ્રસ્તાવના ૮ પત્ર ૧૭૫)

એ રાત્રિના અંધકારમાં જ્યારે ચંદના સુઇ રહી હતી ત્યારે એક સાપ ચંદનાના સંથારા પાસેથી જવા લાગ્યો. મૃગાવતીએ દિવ્ય દ્રષ્ટિથી ગહન અંધકારમાં પણ તે સાપને જોઇ લીધો. તથા તેને આચાર્યા ચંદનાનો હાથ એક તરફ હટાવ્યો. ચંદના તેના સ્પર્શથી જાગૃત થઇને સ્પર્શ કરવાનું કારણ પૂછવા લાગી. ત્યારે મૃગાવતીએ બધી વાત કહી સંભળાવી. ત્યારે સંઘના આચાર્યાએ પૂછયું, 'તને આ ગહન અંધકારમાં સાપ કેવી રીતે દેખાયો? '' ત્યારે મૃગાવતીએ કહ્યું,'' આપની કૃપાથી મને દિવ્યજ્ઞાન પ્રાપ્ત થયું છે.''

સાધ્વી ચંદનાએ પણ દિવ્યજ્ઞાન પ્રાપ્ત થયું છે તેવી મૃગાવતીને નમસ્કાર ર્યા. તેના અંતઃકરણમાં પણ શુભ ભાવનાઓ જાગી અને દિવ્યજ્ઞાનની પ્રાપ્તિ થઇ. ધન્ય છે મૃગાવતીને જેને સાંસારિક જીવનમાં પોતાની વિલક્ષણતાઓને લીધે દિવ્યજ્ઞાન પ્રાપ્ત થયું. આધ્યાત્મિક જીવનમાં પોતાના ગુરુ કરતાં પહેલા દિવ્યજ્ઞાન પ્રાપ્ત કર્યું.

(ભગવતી શતક - ૧- ૩- ૫ ઉદોહર પૃ. ૫૫૦-૫૫૧)

## મૃગાવતી -મૂલ્યાંકન

મૃગાવતી રાજવૈભવમાં ઉછરેલી નારી હતી. તેને બાળપણમાં જ પિતા ચેટકને ત્યાં રાજા કૌશલ અને રાજા દક્ષતાની કેળવણી મળી હતી. જીવનમાં દરેક સમયે જાત જાતના દુઃખો સહ્યા. અને અતિ વિકટ પરિસ્થિઓમાં સાહસ તથા ધૈર્યરાખીને સંકટોનો સામનો કર્યો. આ નારીના પરાક્રમ તથા સતીત્વની કથા વૈદિક, બૌદ્ધ, તથા જૈન ત્રણેય સાહિત્યમાં સમાન રીતે જાણીતી છે. સચેટ્કની સાતેય પુત્રીઓ મહાવીરના અર્હત્ ધર્મ પર પૂર્ણ વિશ્વાસ રાખતી હતી. ફલતઃ કઠિન પરિસ્થિતિઓમાં પણ તેમણે ધર્મ પર વિશ્વાસ દૃઢ રાખ્યો.

કૌશાંબિકનો રાજા શતાનીકની રાણી તથા ઉદયનની માતા મૃગાવતીનું જૈન ધર્મમાં મહત્વપૂર્ણ સ્થાન છે. જૈન

ધર્મમાં સોળ સતી સ્ત્રીઓ માનવામાં આવે છે. જેમનું નામ પ્રાતઃકાલે ઊઠીને લેવામાં આવે છે. મૃગાવતી આ સોળ સતીમાંની એક સતી છે. સોળમી સદીના એક મુસલમાન સુફી કવિ કુતબને પણ મૃગાવતીની કથા લખી છે. ભગવતીસૂત્ર તથા આવશ્યક

ચૂર્ણિમાં મૃગાવતી સંબંધી કથાનો ઉલ્લેખ મળે છે. તે સિવાય પણ કેટલીક સ્વતંત્ર રચનઓ મળે છે.

(કલ્યાણનો નારી અંક. ૭૧૦) શ્ર અગરચંદ નહાટા લિખિત

| | | |
|---|---|---|
| ૧) મૃગાવતી ચરિત્ર (સંસ્કૃત) | દેવપ્રભસૂરિ | ૧૩ મી શતાબ્દી |
| ૨) મૃગાવત ચોપાઇ | સકલચંદ્ર | સંવત ૧૯૪૩ પૂર્વે |
| ૩) મૃગાવતી ચોપાઇ | વિનયસમુદ્ર | સંવત ૧૬૦૨ |
| ૪) મૃગાવતી ચોપાઇ | સમયસુંદર | સંવત ૧૭૬૮ |

## શિવાદેવી

ઉજ્જૈનના મહાપ્રતાપી રાજા ચંડ પ્રદ્યોતની રાણી શિવાદેવી વૈશાલી ગણરાજ્યના અધ્યક્ષ ચેટકની પુત્રી હતી. એક વાર ઉજ્જૈનમાં એક મહા રોગનો પ્રકોપ થયો. આ ભયંકર રોગથી નગરજનો ત્રાસી ગયા. તેઓ ને કયાંય ચેન પડતું ન હતું. રાજયમંત્રીએ નગર વાસીઓના આ અસહ્ય કષ્ટની વાત રાજા ચંડપ્રદ્યોતને કરી. આ મહારોગમાંથી બચવાના ઉપાય તરીકે જુદા જુદા રાજવૈદ્યોને આમંત્રિત કર્યા અને કેટલાંય પ્રકારના ઉપાય કરવામાં આવ્યા. તે છતાં રોગમાંથી છૂટકારો ન મળ્યો.

રાજા ચંડ પ્રદ્યોતે વિદ્વાનો સાથે વિચાર વિનિમય કર્યો આ દુઃખમાંથી બચવાના સર્વ ઉપાયો માટે તેઓએ પરસ્પર ચર્ચા કરી. તેમાંથી એકે રાજાને કહ્યું. આ દૈવી પ્રકોપ થયો છે. તેથી તમારા અંતઃપુરની શીલવતી રાણી યક્ષને પૂજાથી સંતુષ્ટ કરી શકે તો આ મહારોગનું નિવારણ થવા સંભવ છે.

## સતીત્વની પરીક્ષા

રાજા ચંડપ્રદ્યોતના અંતઃપુરમાં આ વાતથી બધી રાણીઓમાં હલચલ મચી ગઇ. બધી રાણીઓમાંથી શિવાદેવી આ કાર્ય માટે તૈયાર થઇ. તેણે યક્ષની પૂજા પરંપરા પ્રમાણે કરી અને પૂજનના પ્રભાવથી ઉજ્જૈનમાં મહારોગનો પ્રકોપ શાન્ત થઇ ગયો.

કયાંક કયાંક એવો ઉલ્લેખ પણ મળે છે કે એક સમય ઉજ્જૈનીમાં ભયંકર આગ લાગી. બધા ઉપાયો કરવામાં આવ્યા, પરંતુ આગ શાંત ન થઇ. રાજા ચંડ પ્રદ્યોતે મંત્રણા કરી ત્યારે તેને કહેવામાં આવ્યું કે જે અગ્નિ બધા ઉપાયો કરવા છતાં શાંત ન પડે તો તે દૈવી પ્રકોપ છે તેથી જો કાંઇ પ્રતિવ્રતા સ્ત્રી અગ્નિ પર પાણી છાંટે તો અગ્નિનો પ્રકોપ શાંત થઇ જાય. રાણી શિવાદેવી સંપૂર્ણ નિષ્ઠા અને આત્મવિશ્વાસ સાથે આ કાર્ય કરવા તૈયાર થઇ તેને અગ્નિ પર પાણી છાંટયું અને તરત જ ભયંકર અગ્નિ પ્રકોપ શાંત થઇ ગયો.

કૌશામ્બીમાં ભગવાન મહાવીરનું આગમન થયું. તેમના ઉપદેશથી પ્રેરાઇને રાણી અંગારવતી સહિત અન્ય રાણીઓએ દીક્ષા અંગીકાર કરી. રાણી શિવાદેવી પણ દીક્ષા અંગીકાર કરી, આર્યા ચંદનાના સાધ્વીસંઘમાં રહી વ્રત, તપ કરતાં કરતાં આત્મકલ્યાણમાં પ્રવૃત્ત રહેવા લાગી.

## સુજયેષ્ઠા

વૈશાલીના મહાગણ રાજયના અધ્યક્ષ રાજા ચેટકની પુત્રી સુજયેષ્ઠા પોતાની છ બેનોની જેમ બધી કલાઓમાં પ્રવીણ હતી. અન્ય બેનોના વિવાહ સમૃદ્ધ રાજાઓની સાથે થઇ ગયા પછી રાજકુમારી સુજયેષ્ઠ પોતાની બેન ચેલનાની સાથે અત્યંત સ્નેહપૂર્વક રહેતી હતી. રાજમહેલમાં રહીને બંને બેનોએ કેટલીય કલાઓમાં નિપુણતા પ્રાપ્ત કરી હતી. સંગીત અને ચિત્રકલામાં નિપુણ થવાની સાથે સાથે તે ધર્મ પ્રત્યે પણ જાગૃત હતી.

અંતઃપુરમાં એકવાર બંને કન્યાઓ પાસે એક તાપસી આવી અને તેમને શુચિ ધર્મનો આડંબરપૂર્ણ ઉપદેશ આપવા લાગી. પરંતુ બંને રાજકન્યાઓએ શ્રમણોપાસક ધર્મના સિદ્ધાંતો વડે તેના તર્કોનું ખંડન કર્યું તથા ભગવાન મહાવીર દ્વારા બતાવેલા માર્ગ પર ચાલવા માટે સમજાવ્યું. સુજયેષ્ઠા તથા તેની બેન દ્વારા બતાવેલા માર્ગ પર ચાલવું તેને પોતાનું અપમાન સમજી તે તાપસી ત્યાંથી ચાલી ગઇ. તાપસી આ અપમાનનો બદલો લેવાનું વિચારવા લાગી.

તાપસીએ સુજયેષ્ઠાનું એક સુંદર ચિત્ર બનાવીને રાજા શ્રેણિકને બતાવ્યું. શ્રેણિક આ રૂપવતી કન્યાને જોઇને તેને મેળવવા માટે આકુળવ્યાકુળ થઇ ઉઠયો. મંત્રી અભયકુમારના બુદ્ધિ કૌશલથી રાજા શ્રેણિક સુજયેષ્ઠિાને પ્રાપ્ત કરવા માટે સુરંગ દ્વારા વૈશાલીના અંત :પુરમાં ગુપ્ત રૂપે ગયા. સુજયેષ્ઠા રાજા શ્રેણિકની સાથે જવા માટે તૈયાર થઇ ગઇ. સુજયેષ્ઠાએ પોતાની નાની બેન ચેલણાને બધી વાત કહી બતાવી. ચેલણા નિરાશાજનક શબ્દોમાં કહેવા લાગી. ''બેન આપણે બંને આટલા વર્ષો સાથે રહ્યાં હવે તું મને છોડીને કેમ જાય છે? મને પણ સાથે લઇ જા.'' બેનની વેદના અને પ્રેમ જોઇને સુજયેષ્ઠાએ ચેલણાને પણ સાથે લીધી. જયારે બંને બેનો ગહન અંધકારમાં ઊભેલા રથ પર બેઠી હતી. ત્યારે સુજયેષ્ઠાને પોતાના કક્ષમાં રાખેલ રત્નાભૂષણોની પેટીનું સ્મરણ થયું. અને તે ચેલણાને રથમાં એકલી મૂકીને તે પેટી લેવા ગઇ. ત્યાંથી તે જલ્દી પાછી ફરી શકી નહીં. શત્રુની સીમામાં વધારે સમય રોકાવાનું ઉચિત ન સમજીને રાજા શ્રેણિકે રથ લઇ પ્રસ્થાનકર્યું. જેમાં સુજયેષ્ઠા ન હતી. જયારે સંકટનો સમય ટળી ગયો ત્યારે રાજા શ્રેણિકે સુજયેષ્ઠાને બુમ મારી ત્યારે તેને ઉત્તર મળ્યો,

''હું સુજયેષ્ઠા નથી તેની બેન ચેલણા છું'' આ બાજુ જયારે સુજયેષ્ઠા રત્નાભૂષણોની પેટી લઇ પાછી ફરી ત્યારે રથને ત્યાં ન જોતાં રૂદન કરવા લાગી. બધી વાતની ખબર પડતાં રાજા ચેટકના સેનાપતિએ રાજા શ્રેણિકનો પીછો કર્યો. બંનેના સૈન્ય વચ્ચે લડાઇ જેમાં સુલસાના બત્રીસ પુત્રો જે અંગરક્ષક હતા તે મરાયા. સુજયેષ્ઠાને પોતાની બેનના આ વ્યવહાર પર ક્ષોભ થયો, સુરંગના માર્ગમાં થયેલી ધમસાણ લડાઇમાં સુલસાના બત્રીસ પુત્રો મરાયાની દુઃખદ ઘટનાનો સુજયેષ્ઠાના મન પર વિપરતિ પ્રભાવ પડયો. તેને એ દ્રશ્ય દેખાવા લાગ્યું અને સંસાર અસાર લાગવા માંડયો. અને સાંસારિક જીવનથી વિરક્તિ થઇ ગઇ તેને પોતાના પિતા રાજા ચેટક પાસેથી દીક્ષીત થવાની અનુમતિ માંગી. પિતાએ રાજસી ઠાઠમાઠપૂર્વક પોતાની પુત્રી સુજયેષ્ઠાને મહાવીરના સંઘમાં દીક્ષિત કર્યા.

વૈશાલીના અધ્યક્ષ રાજા ચેટક ભગવાન મહાવીરના સિદ્ધાંતોનું પાલન કરતા હતા. તેમના પરિવારમાં તેમની પુત્રી સુજયેષ્ઠાએ દીક્ષિત થઇને રાજ-પરિવારમાં સાધ્વી પરંપરાનો પ્રારંભ કર્યો.

## ચેલણા

ચેલણા રાજા શ્રેણકની પત્ની તથા ચેટકની પુત્રી હતી. રાજા શ્રેણિકને જૈન ધર્માવલંબી બનાવવામાં તથા ધર્મ પ્રત્યે શ્રદ્ધા તથા વિશ્વાસ ઉત્તરોત્તર વધારવાનું શ્રેય આ મહાન નારી ચેલણાને આપવામાં આવે છે,રાજા શ્રેણિક તથા ચેલણા સુખપૂર્વક પ્રજાનું પાલન કરતા હતા અને આનંદથી દિવસો વીતાવતાં હતા. સમય જતાં રાણીના ગર્ભમાં પૂર્વજન્મનો સૈનિકનો જીવ પુત્ર (કુણિક)ના રૂપમાં પેદા થયો. તે ઉપરાંત હલ તથા વિહલ નામના બે પુત્રો પણ પેદા થયા. એક વાર રાજા શ્રેણિકે વિચાર કર્યો કે રાણી ચેલણાને માટે એક અદ્દભુત પ્રાસાદ બનાવડાવું. જેમાં રહીને તે ધર્મ ધ્યાન કરે. રાજાએ પોતાના મંત્રી તથા અભયકુમારને આજ્ઞા કરી. કથાનુસાર અભયકુમારે વનમાં એક સર્વ લક્ષણોવાળું વૃક્ષ જોયું અને તેમાં રહેવાવાળા અધિષ્ઠાયક દેવને વિનંતિ કરી. ફલસ્વરૂપ એ દેવેતરત જ એક થાંભલાવાળો મહેલ બનાવ્યો અને નંદનવન જેવું ઉદ્યાન પણ તૈયાર કરાવ્યું રાજા આ જોઇને આનંદિત થઇ ગયો. અને પોતાની પ્રિય પત્ની રાણી ચેલણાને આ મહેલમાં રાખી. ત્યાં રહીને સતી ચેલણા બધી ઋતુઓના ફૂલોની માળા બનાવીને તેના વડે સર્વજ્ઞ પ્રભુની પૂજા કરવામાં પોતાનો સમય વ્યતીત કરવા લાગી.

## ચેલણાની સાધુ ભક્તિ

પ્રભુ મહાવીરના આગમનનો શુભસંદેશ જાણીને તેમનો ઉપદેશ સાંભળવા રાણી ચેલણા પોતાના પતિ શ્રેણિક સાથેઉદ્યાનમાં ગઇ. પાછા ફરતી વખતેરસ્તામાં એક મુનિને ઉપરના વસ્ત્રવિના ઠંડીનો પરિષહ સહન કરતાં કરતાં તપસ્યા કરતાં જોયાં. બંનેએ રથમાંથી નીચે ઉતરીને તેમને પણ નમન કર્યા. રાત્રિના સમયે રાણી ચેલણાનો એક હાથ ભૂલથી ઓઢેલ વસ્ત્રની બહાર નીકળી ગયો અને ઠંડીથી ધ્રૂજવા લાગ્યો. તેને એકાએક મુનિનો વિચાર આવ્યો. ''આવી ઠંડીમાં પરિધાન વિનાના એ મુનિને શું થશે? ''આવા શબ્દો ધીરેથી મુખમાંથી નિઃસાસા સાથે નીકળી પડયા. રાજા શ્રેણિકે આ સાંભળ્યું અનેપોતાની પ્રિય રાણીના ચરિત્ર પર શંકા થઇ. ઇર્ષ્યાવશ રાજાને આખીય રાત ઊંઘ ન આવી. પ્રાતઃકાલે અભયકુમારને બોલાવી ક્રોધ અને ક્ષોભથી એવી આજ્ઞા કરી કે મારા અંતઃપુરમાં દુરાચાર ફેલાઇ ગયો છે. માટે તેને સળગાવી દોઃ અભયકુમારે પોતાના બુદ્ધિચાતુર્યથી એક હાથી

બાંધવાના જૂના ઘરને સળગાવીને રાજા શ્રેણિકને અંતઃપુર સળગાવ્યાનો વિશ્વાસ આપ્યો. (ત્રિષષ્ઠિશલાકા પુરુષ –પર્વ ૧૦ સર્ગ-૭ પૃ. ૧૨૫)

રાજા શ્રેણિક મહાવીરને વંદન કરવા ગયા. ત્યાં તેમણે ભગવાનને પૂછયું ''ચેલણા પતિવ્રતા છેકે નહીં?'' પ્રભુએ કહ્યું, '' તારી ધર્મપત્ની ચેલણા મહાસતી છે તથા શીલ રૂપી અલંકારથી સુશોભિત છે.' રાજા તરત જ નગરમાં પાછો આવ્યો અને અભયકુમારના બુદ્ધિકૌશલથી પોતાના અંતઃપુરને સુરક્ષિત જોઈને આનંદ પામ્યો.

## ચેલણાની પતિભક્તિ

અભયકુમારે દીક્ષા લીધા બાદ રાજા કૂણિકે કોઈ કારણથી રાજા શ્રેણિકને બંદીગૃહમાં પૂરી દીધા.

તેમની પાસે જવાની પરવાનગી કોઈને ન હતી. કર્તવ્ય બોધથી પ્રેરિત થઈને કુણિકે માતા ચેલણાને શ્રેણિક પાસે જવાની રજા આપી હતી. ચેલણા સો વાર શરાબથી વાળને ધોઈને ભીના વાળને બાંધીને જલ્દીથી શ્રેણિકના કારાવાસમાં આવતી હતી. અને વાળની વચમાં અડદનો એક લાડુ છુપાવીને લાવતી હતી. રાજા તેને દિવ્ય ભોજન સમજીને ખાતો હતો તથા વાળમાંથી ટપકતી સુરા પીને તૃપ્ત થતો હતો.

એક વાર જયારે રાજા કુણિક ભોજન કરી રહ્યો હતો. ત્યારે તેનો પુત્ર તેના ખોળામાં બેસીને રમતો હતો. માતા ચેલણા પણ બાજુમાં બેઠી હતી. ભોજન કરતી વખતે પુત્રએ પેશાબ કર્યો. થોડોક પેશાબ ભોજનની થાળીમાં પણ પડયો. રાજા કુણિકે ભોજનનો થોડોક ભાગ ફેંકી દઈને બાકીનું ભોજન જમવા લાગ્યો. અને માતા ચેલણાને પૂછવા લાગ્યો કે મારા જેવોપુત્ર પ્રેમ બીજો કોઈ પિતા કરતો હશેં? રાણી ચેલણાએ કહ્યું, 'અરે પાપી, તારા પિતા શ્રેણિક આના કરતાં પણ અધિક પ્રેમ તને કરતાં હતા. મારા ગર્ભમાં જયારે તું હતો ત્યારે મને મારા પતિનું કલેજું ખાવાનો દોહદ ઉત્પન્ન થયો હતો. અને રાજા શ્રેણિક તથા અભયકુમારની મદદથી મારી એ ઈચ્છાની પૂર્તિ થઈ હતી. ત્યારે જ મને ખબર પડી ગઈ હતી કે તું પિતાનો વેરી બનીશ. તેથી જન્મતાંની સાથે જ મેં તને જંગલમાં મોકલી દીધો હતો પણ રાજા શ્રેણિકે પુત્ર સ્નેહથી પ્રેરાઈને તેને પાછો મંગાવી લીધો. પાલન પોષણ કરી મોટો કર્યો. એમના પુત્રસ્નેહની સામે તારો પુત્ર સ્નેહ ન હોવા બરાબર છે.

આ વાત સાંભળીને કુણિકને પોતાની જાત પર ધૃણા થવા લાગી તે પોતાને ધિકકારવા લાગ્યો. તથા જલ્દીથી પોતાના પિતાને બેડીઓના બંધનમાંથી મુકત કરવા લોખંડનો સળિયો લઈને શ્રેણિકના બંદીગૃહ તરફ દોડયો. રાજા શ્રેણિકે કુણિકના રૂપમાં પોતાનું મૃત્યુ સામે આવતું જોયું અને પોતે જાતે તાલપુટ વિષ પોતાની જીભપર રાખીને પોતે પોતાના પ્રાણ ત્યાગ્યા. આ પ્રકારે રાણી ચેલણાએ પત્ની તથા માતાનું કર્તવ્ય નીભાવીને એક આદર્શ ઉભો કર્યો.

(જ્ઞાતધર્મકથા સૂત્ર અધ્યાય -૧ પૃ. ૨૧-૪૫)

## ધારિણી

રાજગૃહના રાજા શ્રેણિકની રાણી મેઘકુમારની માતા હતી. રાણી ધારિણી શ્રેણિક રાજાની પ્રિય રાણી હતી. જે પોતાના રૂપ, શીલ વગેરે ગુણોથી સર્વત્ર લોકપ્રિય હતી. એક વખત રાત્રિના ચોથા પહોરે રાણી ધારિણીએ એક અદભુત સ્વપ્ન જોયું. કે ચાર દાંતવાળો સફેદ હાથી તેના મુખમાં પ્રવેશ કરી રહ્યો છે. તેથી રાણીની ઊંઘ તૂટી ગઈ અનેઊઠીને પ્રભુના નામનું સ્મરણ કરી રાજાના શયનખંડમાં પહોંચી રાજાને કોમળ શબ્દોમાં ઉઠાડતાં પોતાના અનોખા સ્વપ્નની વાત કહી. સ્વપ્નજ્ઞાન રાખનાર રાજાએ આનંદ પામીને કહ્યું, 'હે દેવાનુપ્રિય, આ શુભ સ્વપ્ન છે. તથા તું એક શુભ લક્ષણવાળા પુત્રને જન્મ આપીશ'.

ત્રીજા મહિને રાણી ધારિણીને દોહદ થયું કે 'પોતે વાદળાથી આચ્છાદિત આકાશને જુએ અને એજ પ્રાકૃતિક વાતાવરણમાં પતિની સાથે ક્રીડા કરે.'' (જ્ઞાતાધર્મકથાસૂત્ર પ્રથમ અધ્યાય પૃ ૨૧-૪૫)

પરંતુ વર્ષાઋતુના અભાવમાં મેઘ આચ્છાદિત આકાશનું દર્શન કેવી રીતે થશે. એ વિશરથી રાણી ધારિણી ચિંતિત હતી તે મનમાંને મનમાં દુઃખી થવા લાગી. રાજા શ્રેણિકને જ આ વાતની ખબર પડી ત્યારે તેમણે રાણીને આશ્વાસન આપ્યું. અને

કહ્યું, 'તારી મનોકામના ચોકકસ પૂરી થશે.'

તેમણે પોતાના પુત્ર અભયકુમાર (રાજયના મંત્રી)ને બધી વાત કહી અભયકુમારે ત્રણ દિવસ સુધીએ નિરંતરઉપવાસ રાખીને પોતાના આરાધ્યદેવની આરાધના કરી. સાધનામાં દ્રઢ અભયકુમાર ને જોઇને તેમના પૂર્વ ભવના મિત્ર (જે અત્યારે દેવયોનીમાં હતા) તેમની સહાયતા કરવાનું નકકી કર્યું અને અભયકુમારની સહાયતા માટે આકાશમાં અકાલમેઘની રચના કરી માતા ધારિણીના દોહદ પૂરો કર્યો.

કાલાન્તરે ગર્ભકાળ પૂરો થતાં રાણી ધારિણીએ સુંદર પુત્રને જન્મ આપ્યો. માતાને મેઘનો દાહદ થયો હતો. તેથી પુત્રનું નામ મેઘકુમાર રાખવામાં આવ્યું. તેનું પાલન-પોષણ બહુ જ સજાગતાથી કરવામાં આવ્યું. જયારે તે યુવાન થયા ત્યારે તેમના લગ્ન આઠ વિદુષી કુમારિકાઓ સાથે કરવામાં આવ્યા. એક વાર પ્રભુ મહાવીર વિહાર કરતાં કરતાં નગરમાં આવ્યા. મેઘકુમારે તેમના વ્યાખ્યાનો સાંભળ્યા. પ્રભુ મહાવીરના વ્યાખ્યાનોથી પ્રભાવિત થઇને તેઓએ ધારિણી પાસે દીક્ષા લેવા માટે આજ્ઞા માંગી. માતાને પોતાના પુત્રના સંકલ્પથી વ્યાકુળતા થઇ. અને વાત્સલ્ય પ્રેમથી પ્રેરિત થઇ તેને કહ્યું ''હે પુત્ર તું સુકુમાર છે અને દીક્ષા પર્યાય સરળ નથી, તારે મહાકઠિન એવા પાંચ મહાવ્રતોનું પાલન કરવું પડશે. તારે રાત્રિભોજનનો ત્યાગ કરવો પડશે, ઉદગમ્-શુદ્ધ, ઉત્પાદના શુદ્ધ, ગ્રાસ શુદ્ધા, તથા એષણા શુદ્ધ આહાર ગ્રહણ કરી જીવનનિર્વાહ કરવો પડશે. લોભ છોડીને અપરિગ્રહ પૂર્વક રહેવું પડશે. ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ ધારણ કરવી પડશે.''

માતાએ સાધુવ્રતો વિશે વિસ્તારપૂર્વક મેઘકુમારને સમજણ આપી. તેણે કહ્યું,' હે વત્સ, તારે આજીવન સ્નાન કરવાનો ત્યાગ કરવો પડશે. ભૂમિશયન, કેશલોચન તથા સાધુ-સંઘની સાથે ઉપાશ્રયમાં રહેવું પડશે ભુખના બાવીસ પરિષહોને સહન કરવા પડશે. હે, વત્સ દીક્ષા લેવી તે લોઢાના ચણા ચાવવા બરાબર છે. તથા શુદ્ર, તિર્યંચ, નર અને દેવોના ઉપસર્ગોને સહન કરવા પડશે. આ સરળ માર્ગ નથી.આ ખડગની તીક્ષ્ણ ધાર પર ચાલવા સમાન છે. (જ્ઞાતધર્મકથાંગ સૂત્ર અ. ૧ પૃ. ૨૮-૪૫)

માતા ધારિણએ તેને અનેક પ્રકારે સમજાવ્યો પરંતુ મેઘકુમાર પોતાના સંકલ્પમાંથી જરાપણ ડગ્યા નહીં. તેમણે ભગવાન મહાવીરના સાન્નિધ્યમાં દીક્ષા અંગીકાર કરી. તેમની સાથે તેમની આઠે રાણીઓએ પણ દીક્ષા લીધી. મેઘકુમાર ધારિણીમાતાન એકના એક પુત્ર હતા. તેથી પુત્ર એ પ્રવજ્યા ગ્રહણ કરવાના સંકલ્પમાં તેમને સ્વાભાવિક રીતે વ્યથા થઇ. આંખોમાં મમતાના અશ્રુ સાથે તેમને પોતાના એકના એક પુત્રને પ્રવજયા માટે અનુમતિ આપી. પુત્રને અનુમતિ આપવાના સમયે પુત્રના બાળપણના વિવિધ ચિત્રો તેમની આંખ સામે આવી તેમને વિચલિત કરી રહ્યા હતા.

## ધારિણી - મૂલ્યાંકન

મેઘકુમારે દીક્ષા લેતાં પહેલાં માતા પાસેથી એ બધું જાણી લીધું હતું કે સાધુ-જીવન સરળ નથી હોતું. તે એક કઠિન માર્ગ છે. માથા ધારિણીના ચરિત્રથી એ બોધ મળે છે કે ભગવાન મહાવીરના સમયમાં પણ સ્ત્રીમાં શકિત, સહયોગ અને ત્યાગની ભાવનાઓ રહેલી છે. સદધર્મના પ્રસારમાં નારીનો ત્યાગ અપ્રતિમ રહ્યો છે જેની તુલના અન્યત્ર સરળતાથી સુલભ નથી.

## અંગારવતી

અંગારવતી ઉજજૈની (અવન્તિકા)ના મહાપ્રતાપી રાજા ચંડ પ્રદ્યોતની રાણી લક્ષ્મ્યવતાર રૂપ પુત્રી વાસવદત્તાની માતા હતી. શારીરિક - સૌષ્ઠવ તથા સર્વ લક્ષણોથી પરિપૂર્ણ, વિનયાદિ ગુણોની આગાર રાજકન્યા વાસવદત્તા પર માતા અંગારવતી અને પિથા ચંડપ્રદ્યોત પુત્ર કરતાં પણ અધિક પ્રેમ અને વાત્સલ્ય રાખતા હતા.

એક વખત રાજયદરબારમાં રાણી મૃગાવતી (કૌશામ્બીના રાજા શતાનિકની રાણી)નું અત્યંત સુંદર ચિત્ર જોઇને સ્ત્રી લોલુપ રાજા ચંડપ્રદ્યોત તેના પર આસકત થઇ ગયો. અને મૃગાવતીની પોતાની રાણી બનાવવાની ઇચ્છાથી કૌશામ્બી નગરીની ચારે તરફ ઘેરો ઘાલ્યો. રાજા શતાનીકને આ ન ધારેલા આક્રમણથી બહુ જ આઘાત લાગ્યો. તે આ આઘાત સહન ન કરી શકયો. થોડા દિવસ પછી તેનું મૃત્યુ થયું. કૌશામ્બીના આ યુદ્ધમાં રાજા ચંડપ્રદ્યોત પોતાના અંતઃપુરની બધી રાણીઓને પણ સાથે લઇ ગયો હતો. રાણીઓને પાછળથી રાણીઓને ખબર પડી કે રાજા કૌશામ્બીની રાણી મૃગાવતીને પોતાના અન્તઃપુરમાં રાણી

બનાવીને રાખવા ઇચ્છે છે. રાજાના આ કૃત્યથી રાણીઓના આત્મસન્માનને ઠેસ લાગી.

તીર્થંકર મહાવીર વીસમા ચાતુર્માસ પ્રસંગે કૌશામ્બી નગરીમાં પધાર્યા. કૌશામ્બી નગરીને રાજા ચંડપ્રદ્યોતે પોતાના સૈન્ય દળથી ઘેરી રાખી હતી. રાણી મૃગાવતીને જયારે આ સુઅવસર પ્રાપ્ત થયો ત્યારે તે દર્શનના હેતુથી તે તીર્થંકર મહાવીરના સમવસરણમાં ગઇ. રાણી અંગારવતી તથા બીજી રાણીઓએ પણ મહાવીરના સમવસરણમાં જવાના હેતુથી ચંડપ્રદ્યોત પાસેં આજ્ઞા મેળવી. આ પ્રસંગે કૌશામ્બીની રાણી મૃગાવતીએ દીક્ષા ગ્રહણ કરી. તીર્થંકર મહાવીરને શ્રદ્ધાપૂર્વક વંદન ઇત્યાદિ કરીને રાણી અંગારવતી વિચારવા લાગી કે હું અને મારા જેવી રૂપગુણ સંપન્ન અનેક રાણીઓ અંતઃપુરમાં હોવા છતાં રાજા મૃગાવતીને મેળવવા માટે પાગલ બની રહ્યો છે. આ ક્ષણભંગુર સૌન્દર્ય જ માનવીની અધોગતિનું કારણ છે. પુરુષ આપણને ભોગની વસ્તુ સમજીને આપણો અનાદર કરે છે તો પછી આ જીવનની સાર્થકતા શું છે? તેથી હું પણ તીર્થંકર મહાવીર પાસે પ્રવ્રજયા લઇને આત્મકલ્યાણનો માર્ગ ગ્રહણ કરું. આવા દ્રઢ-સંકલ્પ સાથે તેને મૃગાવતીની જેમ પોતાના સ્વામી રાજા ચંડપ્રદ્યોત પાસે આજ્ઞા લઇને તીર્થંકર મહાવીર પાસે દીક્ષા લીધી.

(ત્રિશાષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર - પર્વ -૧૦, પૃ-૧૩૪)

આ રીતે સાધ્વી અંગારવતી આર્યા ચંદનાના સાધ્વીસંઘમાં જોડાઇ તથા કેટલાય પ્રકારના તપ, વ્રત કરતાં કરતાં આત્મકલ્યાણમાં સંલગ્ન રહી.

## નન્દા

**વેન્નાતટ** નગરના વ્યાપારી ભદ્રશેઠની ગુણવાન પુત્રી નન્દા રાજગૃહના કુમાર શ્રેણિકની પત્ની હતી. માતાપિતાએ તેને લાડ-પ્રેમથી પાળી હતી. અને સ્ત્રીયોચિત દરેક પ્રકારનું શિક્ષણ આપી સર્વ કાર્યોમાં નિપુણ બનાવી હતી. પ્રેમથી તેને સુનંદા નામથી પણ બોલાવતા હતા. ધીરે ધીરે નન્દા કિશોરવયની થઇ. માતાપિતા તેને માટે યોગ્ય વરની તપાસ કરવા લાગ્યા. તે એકવાર રાજગૃહના નરેશ પ્રસેનજિતના પુત્ર શ્રેણિક શ્રેષ્ઠીને આ કાર્યમાં સહાયતા કરી જેનાથી ભદ્ર શ્રેષ્ઠી પ્રસન્ન થયા. અને તેમને પોતાના નિવાસસ્થાન પર લઇ ગયા. યથોચિત અતિથિ સત્કાર કરીને પોતાની સાથે ભોજન કરાવ્યું ધીમે ધીમે પરિચય વધતો ગયો અને નન્દા આ યુવાન પ્રત્યે આકર્ષિત થઇ. નન્દાના પિતા ભદ્ર શ્રેષ્ઠિને જયારે આ વાતની ખબર પડી ત્યારે તે ખુબ પ્રસન્ન થયા અને નન્દાના વિવાહ શ્રેણિક સાથે કરવા તૈયાર થયા.

શ્રેણિકને જયારે આ વાતની ખબર પડી ત્યારે તેમણે શ્રેષ્ઠી પુત્રી નન્દાને કહ્યું, 'ભદ્રે, મારા જેવા અપરિચિત વ્યકિત જેના માતા-પિતાના વંશની તમને જાણ ન હોય, તેની સાથે વિવાહ કરવો કદાપિ ઉચિત નહીં ગણાય' આ વાત પર નન્દાએ મર્યાદાપૂર્વક ઉત્તર આપ્યો, 'હે ભાગ્યવાન, મેં નિશ્ચય કર્યો છેકે વિવાહ કરીશ તો તમારી સાથે જ કરીશ નહીં તો સંયમપૂર્વક કૌમાર્યવ્રત ધારણ કરીને જીવન વીતાવીશ.આપ પરદેશી છો વિવાહ પછી મને છોડીને કદાચ તમે ચાલ્યા જશો તો હું પતિવ્રતા ધર્મનું પાલન કરીને રાત-દિવસ તમારૂં નામ જપ્યા કરીશ.'' શ્રેષ્ઠીએ પોતાની પુત્રીનો દ્રઢ નિશ્ચય જાણીને બુહ જ ધામધૂમપૂર્વક બંનેના વિવાહ કર્યા. પત્ની નન્દાની સાથે શ્રેણિકે કેટલોક સમય આનંદથી વીતાવ્યો.

(અભયકુમાર મંત્રીશ્વર જીવન ચરિત્ર - પૃ. ૨૪ ઉપા. ચન્દ્રતિલ઼)

ત્યાર બાદ, શ્રેણિકના પિતા પ્રર્સેનજિત બિમાર હોવાથી શ્રેણિક પોતાની એક નિશાની નન્દાને આપીને રાજગૃહ ચાલ્યા ગયા. અહીં નન્દાના ગર્ભને જયારે ત્રણ મહિના થયા ત્યારે તેને દોહદ ઉત્પન્ન થયો કે પોતે હાથી પર ચઢીને વાજતાં-ગાજતાં નીકળે અને રસ્તામાં જે દીન-દુઃખી મળે તેને દાન આપીને તેનું દુઃખ દૂર કરે, અહિંસા-ધર્મનું પાલનકરું અને સાધુ-સંતોને સાત્વિક ભોજન કરાવીને ધર્મનો પ્રચાર કરાવું. પુત્રી નન્દાની આ અભિલાષા જાણીને તેની માતા ખુશ થઇ. માતાપિતાએ નગરના રાજા પાસે હાથી મંગાવીને પુત્રીનો મનોરથ પૂર્ણ કર્યો. (કલ્યાણ નારી અંક. પૃ. ૭૧૩) યથા સમય નન્દાએ એકતેજસ્વી પુત્રને જન્મ આપ્યો. માતામહે શુભ દિવસે અને શુભ મુર્હુતે તેનું નામ 'અભયકુમાર' રાખ્યું. (બુદ્ધ પરંપરામાં અભયકુમાર ઉજ્જૈનીની પદ્માવતી ગણિકાથી ઉત્પન્ન થયેલો શ્રેણિકનો પુત્ર હતો એવો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.)

સમય જતાં અભયકુમાર કેટલીય કલાઓમાં પારંગત થયો. માતા પાસેથી પિતાનો પરિચય મેળવીને માતા નન્દાને સાથે લઇને રાજગૃહ તરફ જવા નીકળ્યો. રાજા શ્રેણિક પત્ની તથા બુદ્ધિમાન પુત્રને મેળવીને અત્યંત આનંદિત થયા. રાજા શ્રેણિકે ભવ્ય સમારોહ સાથે નન્દાને પોતાની પટરાણી બનાવી. રાણી દીન-દુઃખિયાની સેવા અને ધર્મોપદેશ તથા ઇશ્વરની આરાધના અને સત્કાર્યોમાં પોતાનું જીવન વીતાવવા લાગી.

એકવાર તીર્થંકર મહાવીરના ઉપદેશનો પ્રભાવ રાણી નન્દા પર બહુ ઘેરો પડયો. તેને રાજા શ્રેણિક પાસે દીક્ષા લેવાની અભિલાષા પ્રકટ કરી. શ્રમણોપાસક રાજા શ્રેણિકે સહર્ષ સ્વીકાર કરીને રાજયોચિત સમારોહ પૂર્વક રાણી નન્દાને મહાવીરના સમવસરણમાં હાજર કરી, ત્યાં સર્વજ્ઞ પ્રભુની પાસે નન્દાએ ભાગવત દીક્ષા લીધી. એનાથી પ્રેરાઇને રાજા શ્રેણિક તથા અન્ય રાણીઓએ પણ દીક્ષા અંગીકાર કરી તેમણે સામાયિક તથા અગિયાર અંગોનું અધ્યયન કર્યું. સાધ્વી સંઘની પ્રમુખ આચાર્યા ચંદનાના સંઘમાં જોડાયા અને અનેક પ્રકારની ઉગ્ર તપશ્ચર્યા કરી કર્મોનો ક્ષય કર્યો. વીસ વર્ષ સુધી ચારિત્ર્યપર્યાયનું પાલન કરીને બે માસ સુધી સંથારો કરી સર્વ કર્મોનો ક્ષય કરીને તે મોક્ષની અધિકારિણી બની.

(ભગવતી શતક - પૃ. ૧૨૧)

નન્દાની સાથે શ્રેણિક તથા અન્ય રાણીઓએ પણ દીક્ષા ગ્રહણ કરી. (૨) નંદમથી (૩) નંદોત્તરા (૪) નંદિસેણિયા (૫) મરુયા (૬) સુમરિયા (૭) મહામરુતા (૮) મરુદેવા (૯) ભદ્રા (૧૦) સુભદ્રા (૧૧) સુજાતા (૧૨) સમના (૧૩) જાતદત્તા વગેરે એ ભગવાનના સાધ્વી સંઘમાં પ્રવેશ કર્યો.

**શ્વેતાંબર પરંપરામાં ચેટકની પુત્રીઓનો ઉલ્લેખ**

| ચેટકની પુત્રીઓના નામ | ચેટકના જમાઇના નામ | તેમની રાજધાની |
|---|---|---|
| પ્રભાવતી | ઉદયન | સિંધુ સૌવીર |
| પદ્માવતી | દધિવાહન | ચંપા |
| મૃગાવતી | શતાનીક | કૌશામ્બી |
| શિવા | ચંડપ્રદ્યોત | અવંતી |
| જયેષ્ઠા | ભગવાનના ભાઇ નન્દિવર્ધન | કુણ્ડગ્રામ |
| સુજયેષ્ઠા | સાધ્વી | |
| ચેલણા | બિંબસાર (શ્રેણિક) | મગધ |

**દિગંબર પરંપરામાં ચેકટની પુત્રીઓનો ઉલ્લેખ**

| ચેટકની પુત્રીઓના નામ | ચેટકના જમાઇના નામ | તેમની રાજધાની |
|---|---|---|
| પ્રિયકારિણી | સિદ્ધાર્થ | કુણ્ડપુર |
| મૃગાવતી | શતાનીક | કૌશામ્બી |
| સુપ્રભા | દશરથ | અયોધ્યા |
| પ્રભાવતી | ઉદયન | સિંધુ સૌવીર |
| ચેલણા | શ્રેણિક | મગધ |
| જયેષ્ઠા | સાધ્વી | |
| ચંદના | મહાવીરની પ્રથમ સાધ્વી | |

**સ્રોત : મહાકવિ પુષ્પદંત વિરજિણિંદચરિઉ**
**સંપાદક - હીરાલાલ જૈન - પૃ. ૬૩.**

## વાસવદત્તા

અવન્તિકાના (ઉજ્જયિનીના) મહાપરાક્રમી રાજા ચંડપ્રદ્યોત તથા રાણી અંગારવતીની પુત્રી વાસદત્તા હતી. સુલક્ષણા, સુશીલા એવી આ બાલિકાને માતાપિતા બહુ જ પ્રેમપૂર્વક ઉછેરતા હતા. કન્યા વાસવદત્તાએ કેટલીય કલાઓમાં નિપુણતા પ્રાપ્ત કરી. પરંતુ ગંધર્વ કલા (સંગીત)માં શિક્ષણ આપનાર ગુરુના અભાવને કારણે તે કલામાં નિપુણતા પ્રાપ્ત ન કરી શકી. રાજા ચંડપ્રદ્યોત પોતાની પુત્રીને સંગીત કલામાં પારંગત બનાવવા માંગતો હતો. રાજ્યમંત્રીઓને ખબર હતી કે કૌશામ્બીનો રાજા ઉદયન સંગીત વિદ્યામાં પારંગત છે. રાજા પ્રદ્યોતના ચતુર સેવકોએ છળ-કપટ પૂર્વક રાજા ઉદયનને પકડીને રાજ્ય દરબારમાં ઉપસ્થિત કર્યો. પ્રદ્યોતને શંકા હતી કે ઉદયન પોતાની પુત્રી પર મોહિત થઇ જશે તેથી તેને પોતાની પુત્રીને એક આંખવાળી અને ઉદયનને કુષ્ટ રોગથી પીડાતો બતાવીને અને વિદ્યા શીખવવાના સમયે વચમાં પરદો નંખાવ્યો.

કેટલાંક સમય પછી આ વાતનો ભેદ ખુલી ગયો અને વચ્ચેનો પરદો દૂર થતાં જ તે બંને એક બીજા પર મોહિત થઇ ગયા. અને પ્રેમસૂત્રથી બંધાઇ ગયા. એક વખત રાજા ચંડપ્રદ્યોતના અનગગિરી હાથીને વશમાં કરવા વાસવદત્તા તથા ઉદયને પોતાની કલાનો પરિચય કરાવ્યો જેનાથી રાજા પ્રસન્ન થયો. રાજા ઉદયન પોતાની રાજધાની જવા માટે તૈયારીમાં હતો. કૌમુદી (વસંતોત્સવ) ઉત્સવના સમય પર જ્યારે રાજા તથા પ્રજા નગરની બહાર ઉદ્યોનોમાં રંગ-રાગમાં વ્યસ્ત હતા તે સમયે વાસવદત્તા તેની સખી કંચનમાલા, ઘોષવતી વીણા તથા વસંત મહાવ્રતને લઇને નિર્ધારિત યોજના પ્રમાણે રાજા ઉદયન વેગવતી હસ્તિનીપર આરુઢ થઇ પોતાની રાજધાની ચાલ્યો ગયો. અંતે પુત્રીના વાત્સલ્યને કારણે પ્રદ્યોતરાજાએ ગુણી રાજા ઉદયનને પોતાના જમાઇ તરીકે સ્વીકાર કર્યો.

(ત્રિષષ્ઠિશલાકા પુરુષ પર્વ-૧૦ - સર્ગ-૧૦ પૃ. ૨૦૪)

## વાસતદત્તા - મૂલ્યાંકન

આ કથા પરથી જણાય છે કે એ સમયે કન્યાઓને ચોસઠ કલાઓમાં પ્રવિણ કરવાની પ્રથા હતી. કન્યાઓને સર્વગુણ સંપન્ન બનાવવાનું કાર્ય માતા-પિતાનું રહેતું. આ કન્યાઓ પોતાના ભાવિજીવનની મુસીબતોનો સામનો પોતાના જ્ઞાન તથા વિવેકથી કરતી હતી.

## દુર્ગન્ધા

રાજગૃહના રાજા શ્રેણિકની નાની રાણીનું નામ દુર્ગન્ધા હતું. તેને બહુ જ અલ્પકાળમાં કર્મોનો ક્ષય કરી પ્રવ્રજ્યા ગ્રહણ કરી હતી. દુર્ગન્ધાના વિવાહ પ્રસંગનું વર્ણન નીચે પ્રમાણે પ્રાપ્ત થાય છે.

એકવાર રાજા શ્રેણિક ભગવાન મહાવીરના સમવસરણમાં જઇ રહ્યા હતા. ત્યારે સૈનિકોએ માર્ગમાં તેમને બતાવ્યું કે નજીકના વૃક્ષની છાયામાં એક બાલિકા પડી છે જેના શરીરમાંથી તીવ્ર દુર્ગન્ધ આવે છે. તેથી પથિકો એ તરફ જતા નથી. આ વાતથી શ્રેણિક રાજાના મનમાં વિચારો ઉઠયા અને એ અબુધ બાળાના ભૂત-ભવિષ્ય વિષે જાણવાની જિજ્ઞાસા થઇ. આતુર રાજાએ સર્વજ્ઞ મહાવીર પાસેથી સંપૂર્ણ વૃતાન્ત જાણવાની ઇચ્છા પ્રકટ કરી.

ભગવાન મહાવીરે કહ્યું, હે આર્યપુત્ર, આ દુર્ગન્ધા બાલિકા પૂર્વભવમાં શાલિગ્રામના ધનમિત્રની ધનશ્રી નામની કન્યા હતી. જયારે ધનશ્રીના વિવાહ મહોત્સવ બહુ ધૂમધામથી ઉજવાઇ રહ્યો હતો ત્યારે નિગ્રંથ શ્રમણ ભીક્ષા લેવા એને ત્યાં ગયા. શ્રેષ્ઠીએ વિનય કરી ધનશ્રીના હાથે સાધુઓના હાથે અન્નાહાર લેવાનું કહ્યું. ધનશ્રીએ ભોજન તેમના લાકડાના પાત્રોમાં અર્પણ કર્યું. પણ તેમના મલિન વસ્ત્રોની દુર્ગન્ધ તેને આવી અને તે વિચારવા લાગી કે શ્રમણ ધર્મના બધા સિદ્ધાંતો ઉચ્ચ કોટિના છે પણ સચિત જલમાં મુનનિઓને સ્નાન કરવાની અનુમતિ હોત તો એમાં શું દોષ ગણાત? આ દુર્ગન્ધ સ્નાન ન કરવાથી જ આવે છે. પરિણામે મુનિઓની મલિનતાની ઘૃણા કરવા માટે જે જુ ગુપ્સા ઉત્પન્ન થઇ તેને લીધે કર્મબંધ થયા તે કારણે તે એક ભવમાં વૈશ્યાની પુત્રી થઇ, અને દુર્ગન્ધને કારણે વેશ્યાએ તેને નિર્જન વનમાં છોડી દીધી.

રાજા શ્રેણિકને તેના ભવિષ્ય વિષે બતાવતાં ભગવાન મહાવીરે કહ્યું. 'હે દેવાનુપ્રિયે ! અ બાલિકા અશુભ કર્મોનો ક્ષય કરીને પછી તારી રાણી બનશે. અને તું એને પટરાણી બનાવીશ. એને ઓળખવા માટેનું લક્ષણ એ હશે કે જયારે શતરંજમાં તે તારાથી જીતી જશે ત્યારે તરી પીઠ પર બેસી જશે અને બીજી રાણીઓ કેવળ પોતાનો પાલવ ઢાળશે. તેનાથી તું ઓળખી જઇશ કે તે દુર્ગન્ધા બાલિકા છે'' આ કર્મગતિની વિચિત્ર વાત સાંભળીને રાજા આશ્ચર્યચકિત થયો અને ઉપદેશ સાંભળીને તે મહેલમાં પાછો ગયો.

એક સમયે વસંતના મેળામાં રાજા શ્રેણિક તથા મહામંત્રી અભયકુમાર વેશ બદલીને મેળાનો આનંદ લઇ રહ્યા હતા. સાથે નાગરિકોના વિચારો તથા ચર્ચાઓ પણ જાણવા માંગતા હતા. તે સમયે એક કન્યા રજાના ખભા પર હાથ રાખી કૌતુક જોવા લાગી. એ દુર્ગન્ધા બાલિકા હતી. જેને એક નિઃસતાન ગોવાલણે રસ્તા પરથી ઉઠાવીને પોતાની પુત્રીની જેમ પાળી હતી. કર્મક્ષય થતાં આ બાલિકા એક સુંદર યુવતીમાં પરિવર્તિત થઇ ગઇ. ઘણી પત્નીઓના સ્વામી શ્રેણિક રાજા આ નવયુવતીના રૂપમાં મોહિત થઇ ગયા અને એને મેળવવા માટે પોતાની વીંટી તેના પાલવમાં બાંધી દીધી. અભયકુમારે પોતની વિચક્ષણબુદ્ધિ વડે રાજાના મનની વાત જાણી લીધી અને રાજ શ્રેણિકના લગ્ન એ નવયુવતી સાથે ગયા તથા પૂર્વમાં કરેલી ભગવાન મહાવીરની વાત પણ સાચી પડી.

દુર્ગન્ધાને પૂર્વભવના બંધનની ક્રિયા, આ ભવમાં દુર્ગન્ધપૂર્ણ શરીર તથા તત્કાલીન બહુપત્નીવાળા પતિની વચ્ચે પોતાને જોઇને ગ્લાનિ થઇ, અને તે ઊંડી ચિંતામાં ડૂબી ગઇ. ભૌતિક જીવનની ક્ષણ ભુંગરતાને જોઇ તેને રાજા શ્રેણિક પાસે દીક્ષા લેવા માટે અનુમતિ માંગી. રાજાએ રાજસી વૈભવ પૂર્વક વૈભવ પૂર્વક દીક્ષા મહોત્સવનું આયોજન કર્યું. રાણી દુર્ગન્ધા સાધ્વી બની તે અચાર્યા ચંદના સાધ્વીસંઘમાં રહી આત્મકલ્યાણમાં પ્રવૃત્ત રહેવા લાગી.

(ત્રિષષ્ઠિ શલાકા પુરુષ પર્વ-૧૦ સર્ગ ૭ પૃ. ૧૩૧ -૧૩૩)

## દુર્ગન્ધા-મૂલ્યાંકન

પ્રવ્રજ્યા બાદ જીવનની સુરભિ એક જુદા જ પ્રકારની હોય છે. મલિનતનો પ્રશ્ન તો રહે જ નથી. બોધ અથવા અબોધને કારણે જીવન માત્ર પ્રત્યે મનમાં ધૃણાનો ભાવ ઉત્પન્ન થવા ન પામે તે અભ્યાસ પર નિર્ભર છે. દુર્ગન્ધાનું જીવન આ પ્રકારની ભાવનાનું સૂચન કરે છે જે વસુધૈવ કુટુંબમ્‌ની નજીક લાવે છે.

## પૃથા

વૈશાલી ગણરાજ્યના અધ્યક્ષ ચેટકની રાણી પૃથા સાત વિદુષી કન્યાઓ તથા દસ વીરપુત્રોની માતા હતી. માતાની અદ્‌ભુત સૂઝ-સમજને કારણે સાત કન્યઓએ વિભિન્ન કલાઓમાં શિક્ષણ તથા નિષ્ણતા પ્રાપ્ત કરી. તત્કાલીન સમાજ ત્યાગ, તપસ્યા, તથા સેવાને લીધે આ કન્યાઓના નામ તથા કીર્તિ ચારે તરફ ફેલાયેલાં હતા.

રાણી પૃથા અને રાજા ચેટક શ્રમણ ધર્મના ઉપાસક હતા. રાજા નિષ્ઠા અને દ્રઢતાપૂર્વક શ્રમણ ધર્મના બાર વ્રતોનું પાલન કરતા હતા. ધર્મના સિદ્ધાતોનું આચરણ કરવા હંમેશા તત્પર રહેતા. અ વ્રતોના પાલન માટે તેઓ ગમે તેવા કાર્યોથી દૂર રહેતા હતા. વિભિન્ન કલાઓમાં નિપુણ એવી પોતાની કન્યાઓના વિવાહ બાબતે પણ તેઓ ઉદાસીન હતા. રાણીએ કેટલીયે વાર રાજાને તેમની આ ફરજ માટે સમજાવ્યા પણ રાજાએ આ કાર્યમાં કંઇ ઉત્સાહ ન બતાવ્યો કારણ કે વિવાહ વગેરે સંસાર વૃદ્ધિના કાર્યોથી દૂર રહેવાની પ્રતિજ્ઞા લઇ ચૂકયા હતા. અંતે રાણી પૃથાએ પોતે આ જવાબદારી સંભાળવાનો નિશ્ચય કર્યો અને પોતાની કન્યાઓના નજીકના રાજાયના પ્રસિદ્ધ રાજઓ સાથે વિવાહ કર્યા.

(ત્રિષષ્ઠિ શલાકા પુરુષ પર્વ-૧૦, સર્ગ-૬ પૃ.૧૧૧)

મહારાણી પૃથા ધાર્મિક કાર્યોમાં રાજા ચેટકને પૂર્ણ સહયોગ આપતી હતી. તેમના સાહસ તથા ઉત્તમ ગુણોનો પ્રવાહ તેમની પુત્રીઓના જીવનમાં પણ સ્પષ્ટ રૂપે પ્રતિબિંબત થતો હતો. તેઓએ જીવનની કેટલીય સમસ્યાઓનો સામનો બહુ જ વીરતાપૂર્વક કર્યો અને સતીત્વની રક્ષાને માટે પ્રાણના મોહનો પણ ત્યાગ કર્યો. આમ આ બધી કન્યાઓ વીર તથા ધર્મપરાયણા હતી અને

તત્કાલીન મહિલા સમાજ પર તેમનો ઘણો જ પ્રભાવ હતો. પદ્માવતી, મૃગાવતી વગેરે કન્યાઓના વીરતા તથા તેમના ધાર્મિક ગુણોને કારણે તત્કાલીન મહિલા-સમાજમાં રાણી પૃથાને પણ સન્માનીય સ્થાન પ્રાપ્ત થયું હતું. જૈન ધર્મના ઇતિહાસમા તેમના ગૌરવની ગાથા સુવર્ણ અક્ષરોમાં લખાઇ છે.

## પૃથા મૂલ્યાંકન

મહારાણી પૃથાનું જીવન એવો બોધ આપે છે કે સંતાનો પરત્વેની ફરજ પતિ-પત્ની બંનેની છે છતાં માતા સંતાનની પ્રથમ ગુરુ છે અને તેને અપેલ શિક્ષણને અનુરુપ સંતાન પોતાના જીવનનું નિર્માણ કરે છે. એક સાચી સહધર્મચારિણીનું દર્શન ચોકકસ રીતે મહારાણી પૃથાના જીવનમાં થાય છે.

## કાલી

રાજગૃહીના રાજા શ્રેણિકની રાણી કાલી કૂણિક (અજાતશત્રુ)ની વિમાતા અને કાલકુમારની ધર્મપરાયણા માતા હતી. રાજા શ્રેણિકના મૃત્યુ પછી પોતાને સમય તે ધર્મધ્યાનમાં વીતાવતી હતી.

એક સમયે તીર્થંકર મહાવીર જુદા જુદા નગરો તથા ગામોમાં ધર્મદેશના આપતા ચંપાનગરીના પૂર્ણભદ્ર ચૈત્યમાં પધાર્યા. તેમના આગમનનો શુભ સંદેશ નગરમાં ફેલાયો.અને એ સંદેશો ફેલાતાંની સાથે જ નાગરિકો તથા રાજાના અંતઃપુરની મહિષિઓ પણ ત્રિકાળધર્મી પ્રભુ મહાવીરના દર્શન કરવા તથા પ્રવચન સાંભળવા માટે ત્યાં ગઇ. દેશના પૂરી થયાં બાદ અનુકૂળ અવસર જોઇને કાલીરાણીએ વિનયપૂર્વક જિજ્ઞાસા વ્યકત કરી. ''હે ભગવત્ ! કાલકુમાર યુદ્ધમાં ગયા છે. શું તે કુશલ પાછા આવશે?'

પુત્ર સ્નેહથી વ્યાકુળ રાણીના આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાન મહાવીરે કહ્યું, હે દેવાનુપ્રિય, તારો પુત્ર યુદ્ધમં મૃત્યુ પામ્યો છે.'' પુત્રવિયોગથી દુઃખી માતાને મહાવીરે સંસારની નશ્વરતા તથા સંયોગ-વિયોગના સંબંધો વિશે ઉપદેશ આપ્યો. પુત્રના અકાલ મૃત્યુએ માતાના હૃદયનું પરિવર્તન કર્યું. રાણી સંસારના સુખવૈભવથી વિમુખ થઇ ત્યાગ વૈરાગ્યનો માર્ગ અપનાવવા તત્પર થઇ ગઇ. તીર્થંકર મહાવીર પાસે દીક્ષા લઇ કાલી રાણી આર્યા ચંદનાના સાધ્વી ગણમાં જોડાઇને પોતાનું જીવન સાર્થક કરવા લાગી. આ પ્રકારે દીક્ષા લીધા પછી સાધ્વી કાલી કઠોર તપસ્યા કરી કર્મોની નિર્જરા કરવા લાગી. આત્મશકિતના આવા અદ્દભુત પરિચય ભારતીય નારીઓમાં ઠસોઠસ ભર્યો છે. જેની ઝલક આજ સુધી આપણને જોવા મળે છે.

એક દિવસ સાધ્વી કાલીએ આર્યા ચન્દનાને પૂછયું કે આપ આજ્ઞા આપો તો હું 'રત્નાવલી તપ' કરું. આર્યા ચંદનાની અનુમતિ મેળવી તેણે 'રત્નાવલીતપ'નો પ્રારંભ કર્યો. આ કઠોર તપસ્યામાં સાધ્વી કાલીનો દેહ અત્યંત ક્ષીણ થઇ ગયો. તેના શરીરના લોહી અને માંસ સૂકાઇ ગયા. શરીર માત્ર હાડકાનો માળો બની ગયું. શરીર સુકાઇ જવા છતાં રાખથી આચ્છાદિત અગ્નિ સમાન તેમનું શરીર તેજસ્વી લાગતું હતું.

એક દિવસ પોતાના શરીરની શકિત ક્ષીણ થતી જોઇને સાધ્વી કાલીએ વિધિપૂર્વક સંલેખના (અન્ન, જલનો ત્યાગ) કરવાનો સંકલ્પ કર્યો. આર્યા ચંદનબાલા પાસે તેમને સંલેખના વ્રત લીધું. કાલી સાધ્વીએ આઠ વર્ષ સુધી ચારિત્ર પર્યાયનું પાલન કરી ઉગ્ર તપસ્યા કરી કર્મનો ક્ષય કરી અંતમાં એક માસની સંલેખના વિધિથી પ્રાણ ત્યાગ કરી સિદ્ધગતિને પ્રાપ્ત કરી.

(એમ. સી. મોદી - અન્તગડદસાઓ -અટ્ઠમો વગ્ગો, સૂત્ર ૧૭ પૃ. ૫૩-૫૬)

## સુકાલી

ચંપાનગરીના રાજા કૂણિકની માતા સુકાલી રાજગૃહ નગરીના રાજા શ્રેણિકની રાણી હતી. પોતાના પુત્ર સુકાલકુમારના મૃત્યુના સમાચાર સાંભળીને સુકાલીને વૈરાગ્ય ઉત્પન્ન થયો. અને તેને આર્યા ચંદનબાલાની પાસે દીક્ષા લીધી તથા સામાયિક વગેરે અગિયાર અંગોનું અધ્યયન કર્યું. સુકાલીએ 'કનકાવલી' નામનું તપ શરૂ કર્યું. આ તપની એક પરિપાટીમાં એક વર્ષ પાંચ વર્ષ નવ મહિના અને અઢાર દિવસ લાગે છે. સુકાલી આર્યાએ પણ કાલી આર્યાની જેમ ચારિત્ર પાલન કરી, અનશન કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મુકતાત્મા બની. (ત્રિષષ્ઠિશલાકા પુરુષ, પર્વ-૧૦, સર્ગ-૧૨, પૃ- ૨૪૬)

## મહાકાલી

મહાકાલી રાજા શ્રેણિકની રાણી અને કૂણિક રાજાની નાની માતા હતી. પુત્રના અકાલ મૃત્યુની ખબર તથા મહાવીરના ઉપદેશનું શ્રવણ થતાં તેમને વૈરાગ્ય આવ્યો. સુકાલીની જેમ આર્યા ચંદનબાળા પાસે દીક્ષા લઈને સામાયિક વગેરે અગિયાર અંગસૂત્રોનું અધ્યયન કરી અનેક પ્રકારની નાની-મોટી તપસ્યા કરી. એક વખત આર્યા ચંદનબાલાની આજ્ઞા પ્રાપ્ત કરી આ સાધ્વીએ ''લઘુસિંહનિરષ્ક્રીડિત'' તપનો પ્રારંભ કર્યો. આ તપમાં એક પરિપાટીમાં છ મહિના અને સાત દિવસ લાગે છે આ પ્રકારે મહાકાલી આર્યાએ ચાર પરિપાટી જેમાં બે વર્ષ અને અઠ્ઠાવન દિવસ સુધી તપ કર્યું.

આ પ્રકારે મહાકાલી આર્યાએ સૂત્રોકત વિધિ પ્રમાણે 'લઘુસિંહનિષ્ક્રીડિતા તપ''ની આરાધના કરી. અંતિમ સમયે સંથારો કરી સંપૂર્ણ કર્મોનો ક્ષય કરી મોક્ષ પામી. આ આર્યાએ દસ વર્ષ સુધી ચારિત્રનું પાલન કર્યું હતું.

## કૃષ્ણા

રાજા શ્રેણિકની રાણી ચંપાનગરીના મહારાજા કૃણિકની નાની માતા હતી. પુત્રના મૃત્યુના સમાચાર તથા ભગવાનના મહાવીરના ઉપદેશથી તેને વૈરાગ્ય ઉપન્યો અને આર્યા ચંદનબાલાની પાસે દીક્ષા લીધી. દીક્ષા લઈને આચાર્યાની આજ્ઞા લઈ 'મહાસિંહનિષ્ક્રીડિત' તપસ્યા કરી આ તપસ્યાની ચાર પરિપાટીમાં ૬ વર્ષ ૨ મહિના અને ૧૨ દિવસ લાગે છે. કૃષ્ણા આર્યાએ 'મહાસિંહનિષ્ક્રીડિત તપ શાસ્ત્રોકત વિધિથી પૂર્ણ કર્યું. આ કઠોર તપ સાધનાને લીધે કૃષ્ણા સાધ્વીનો દેહ ક્ષીણ થઈ ગયો. તેમણે અગિયાર વર્ષ સુધી દીક્ષાપર્યાયનું પાલન કરી મોક્ષપદની પ્રાપ્તિ કરી.

## સુકૃષ્ણા

રાણી સુકૃષ્ણા ચંપાનગરીના રાજા કૂણિકની નાની માતા તથા શ્રેણિક રાજાની રાણી હતી. પુત્રના અકાલ મૃત્યુ તથા ભગવાન મહાવીરના ઉપદેશથી તે સંસારથી વિરકત થઈ ગઈ. અને ચંદનબાલાની પાસે દીક્ષા લીધી. અને સામાયિક વગેરે અગિયાર અંગ સૂત્રોનું અધ્યયન કરવા લાગી. ચંદનબાલા પાસે આજ્ઞા લઈને સુકૃષ્ણાએ અષ્ટ-અષ્ટમિકા ભિક્ષુ પ્રતિમા તપ કર્યું. આ તપસ્યા ચોસઠ રાત-દિવસમાં પૂર્ણ થઈ. જેમાં આહાર કરવા માટે ૨૮૮ દત્તિ હતી. સુકૃષ્ણાએ શાસ્ત્રોકત વિધિથી આ અષ્ટ-અષ્ટમિકા પ્રતિભા તપની આરાધના કરી. ત્યારબાદ તેને નવ-નવમિકા ભિક્ષુ પ્રતિમા, તથા દસ-દસમિકા ભિક્ષુ પ્રતિમા તપસ્યા પૂરી કરી. આ રીતે આ તપ ઓગણપચાસ, ચોસઠ, એકયાસી, અને એક વર્ષમાં પૂર્ણ થયું. આ પ્રકારે આ ભિક્ષુ પ્રતિમાઓની શાસ્ત્રોકત વિધિની આરાધના કરી સુકૃષ્ણા આર્યા અર્ધ માસ ખામણ અને માસખમણ વગેરે વિવિધ પ્રકારની તપસ્યા કરી આત્માને ભાવિત કરીને વિચરવા લાગી. આ રીતે ઘોર તપસ્યા કરવાથી આર્યા સુકૃષ્ણા અતિ દુર્બલ થઈ ગઈ. અંતમાં એક માસને સંથારો કરી સંપૂર્ણ કર્મોનો ક્ષય કરીને સિદ્ધ ગતિને પામી. તેમણે બાર વર્ષ સુધી ચારિત્રનું પાલન કર્યું.

(એમ. સી. મોદી. - અંતગડદસાઓ વગ્ગો સૂત્ર-૨૦-૨૧ પૃ. ૫૮-૬૦)

## મહાકૃષ્ણા

કૂણિક રાજાની નાની માતા તથા શ્રેણિક રાજાની છઠ્ઠી રાણીનું નામ મહાકૃષ્ણા હતું. તેને પણ કાલી રાણીને જેમ ભગવાન મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરી હતી. સામાયિક વગેરે અગિયાર અંગ સૂત્રોનું અધ્યયન તેને કર્યું હતું. તેણે 'લઘુસર્વતો ભદ્ર તપ કર્યું. આ તપની ચાર પરિપાટી પૂર્ણ કરવામાં ૪૦૦ દિવસ લાગે. આ પ્રકારે શાસ્ત્રોકત વિધિવત્ તપની આરાધના કરી અંતે સંથારો ગ્રહણ કરી સિદ્ધ પદની પ્રાપ્તિ કરી. તેણે તેર વર્ષ સુધી ચારિત્રનું પાલન કર્યું હતું.

(એમ. સી. મોદી. અન્તગડદસાઓ -અષ્ટમોવગ્ગો સૂત્ર-૨૨ - પૃ. ૬૦)

## વીરકૃષ્ણા

કૂણિક રાજાની નાની માતા અને શ્રેણિક રાજાની સાતમી પત્ની-રાણીનું નામ વીર કૃષ્ણા હતું. અન્ય રાણીઓની જેમ તેણે પણ આર્યા ચંદના પાસે દીક્ષા લઈ અનેક પ્રકારની તપસ્યાઓ કરી. આર્યા ચંદનાની અનુમતિ લઈને 'સર્વતોભદ્ર તપ' પ્રારંભ કર્યું. આ તપની ચાર પરિપાટી પૂરી કરતા બે વર્ષ, આઠ મહિના અને વીસ દિવસ લાગે. સાધ્વી વીરકૃષ્ણાએ શાસ્ત્રોકત વિધિથી

આ તપની આરાધના કરી. અંતે સંથારા કરી સંપૂર્ણ કર્મોનો ક્ષય કરીન સિદ્ધને ગતિ પ્રાપ્ત કરી. તેમનો દીક્ષા પર્યાય ૧૪ વર્ષનો હતો. (અન્તકૃદશા - સૂ-૨૩)

## રામકૃષ્ણા

કૂણિક રાજાની નાની માતા અને શ્રેણિક રાજાની આઠમી પત્ની-રાણીનું નામ રામકૃષ્ણા હતું. દીક્ષા ધારણ કરી આર્યા ચંદનબાલાની આજ્ઞાથી 'ભદ્રોત્તર પ્રતિમા તપ' તેમણે કર્યું.

આ તપની ચારેય પરિપાટી પૂરી કરવા માટે બે વર્ષ, બે મહિના અને વીસ દિવસ લાગે, રામકૃષ્ણા આર્યાએ આ તપ શાસ્ત્રોકત વિધિથી કર્યું. અને સામાયિક વગેરે અગિયાર અંગોનું અધ્યયન કરતાં કરતાં વિચરવા લાગ્યા. અંતિમ સમયમાં કેવળજ્ઞાન, કેવળ દર્શન પ્રાપ્ત કરી મોક્ષપદને પ્રાપ્ત કર્યું. (એમ. સી. મોદી. અંતગડદસાઓ.

(અટઠમો વગ્ગો - સૂત્ર-૨૪-પૃ.૬૧)

## પિતૃસેનકૃષ્ણા

કૂણિક રાજાની નાની માતા અને શ્રેણિક રાજાની નવમી રાણીનું નામ પિતૃસેન કૃષ્ણા હતું. દીક્ષા પછી તેને સામાયિક આદિ અગિયાર અંગોનો અભ્યાસ કર્યો અનેક પ્રકારના તપ કરીને વીચરવા લાગી. સતી ચંદનાની આજ્ઞા લઇને તેમને 'મુકતાવલી તપ' કર્યું. આ તપની ચારેય પરિપાટીઓ પૂર્ણ કરવા માટે ત્રણ વર્ષ અને દસ મહિના લાગે. આ પ્રકારે તપ કરતાં કરતાં પિતૃસેન કૃષ્ણાને લાગ્યું કે પોતાનું શરીર તપસ્યા કરવાથી અતિ દુર્બળ થઇ ગયું છે. તેથી તેમને આર્યા ચંદનબાલાની આજ્ઞા લઇને એક માસની સંલેખના કરી તેમણે ૧૬ વર્ષ સુધી ચારિત્રનું પાલન કર્યું.

(એમ. સી. મોદી. અંતથગડ દસાઓ, અટઠમો વગ્ગો સૂત્ર-૨૫ પૃ. ૬૧-૬૨)

## મહાસેનકૃષ્ણા

શ્રેણિક રાજાની દસમી રાણીનું નામ મહાસેનકૃષ્ણા હતું. પોતાના પુત્રના મૃત્યુના સમાચાર સાંભળી તેને સંસાર પ્રત્યે વિરકિત થઇ. અને આર્યા ચંદનબાળા પાસે દીક્ષા લઇને 'આયંબિલ વર્ધમાન તપ' કરવાનું શરૂ કર્યું.

મહાસેનકૃષ્ણાએ આ તપ શાસ્ત્રોકત વિધિથી કર્યું. અને બીજા પણ કેટલાંય પ્રકારના તપ કર્યા. સામાયિક અને અગિયાર અંગોનું અધ્યયન કર્યું. કેટલાંક સમય બાદ આર્યા ચંદનબાલા પાસે આજ્ઞા લઇને સંલેખના કરી. મરણની ઇચ્છા કરતી તથા આર્યા ચંદનબાલાની પાસે રહી અગિયાર અંગોનું સ્મરણ કરતી ધર્મધ્યાનમાં તલ્લીન રહેવા લાગી. એક મહીનાનો સંથારો કરી કેવલજ્ઞાન અને કેવલ દર્શન પ્રાપ્ત કરી મોક્ષને પામી. તેને સત્તર વર્ષ સુધી સંયમનું શુદ્ધ ભાવથી પાલન કર્યું.

(નિરયાવલી અધ્યયન- પૃ.૬૦)

## સુસેનાંગજા

સુસેનાંગજા રાજા શ્રેણિકની બેન સુસેનાની એકની એક પુત્રી હતી. પોતાની બેન સુસેનાના વિવાહ પોતાના પરમ મિત્ર વિદ્યાધરની સાથે કર્યા હતા. સુસેનાંગજા બાળપણથી જ માતાના પ્રેમથી વંચિત રહી હતી. પત્ની સુસેનાના મૃત્યુ પછી સુસેનાંગજાના યોગ્ય પાલન પોષણ માટે તેના પિતા ચિંતામાં રહેતા હતા. પોતાની પ્રિય પત્ની સુસેનાની એક માત્ર નિશાની પુત્રીની રક્ષા માટે પિતાએ રાજા શ્રેણિકને કહ્યું, ''હે રાજન્, હું મારી એકની એક પુત્રીને તમારા રક્ષણમાં મુકી જાઊં છું. તમારી બેનની આ એક સ્મૃતિ છે.તમે જ એનું યોગ્ય પાલન પોષણ કરી શકશો.

(અભયકુમાર મંત્રીશ્વરનું જીવન ચરિત્ર - ૧૫૧, ઉપા- શ્રીમતી ચંન્દ્રતિલકજી)

બેન સુસેનાની પુત્રી શ્રેણિકના અન્તઃપુરમાં પોતાનો બાલ્યકાળ વીતાવવા લાગી. ધીમે ધીમે બધી કલાઓમાં નિપુણતા પ્રાપ્ત કરી તેણે યુવાન વયમાં પ્રવેશ કર્યો. (ત્રિષષ્ઠિશલાકા પુરુષ - પર્વ ૧૦-સર્ગ- ૬,૫, પૃ–૧૧૦)

મહામંત્રી અભયકુમારને યોગ્ય વર જાણી રાજા શ્રેણિકે બેનની પુત્રી સુસેનાંગજાને બહુ જ ધામધૂમથી પરણાવી. અભયકુમારની રાણી બનીને તેમના કેટલાંય કઠિન કાર્યોમાં તથા વિચિત્ર કાર્યોમાં અનેક પ્રકારની સહાયતા કરી. વિચક્ષણ બુદ્ધિ અને પ્રતિભાવાન પતિ પ્રાપ્ત થયો હોવાથી આ રાજમહિષિએ પોતાના જીવનને ધન્ય બનાવ્યું. અંર્હંત ધર્મમાં પતિ-પત્ન બંને અનુરાગ રાખતા હતા. તીર્થંકર મહાવીરના ઉપદેશોને તેઓ આત્મસાત્ કરી તે પ્રમાણે આચરણ કરતા હતા.

## પદ્માવતી

તેતલિપુર નગરના રાજા કનકરથની રાણી પદ્માવતી અર્હંત્ ધર્મમાં આસ્થા રાખતી હતી અને રાજાને પણ એ જ માર્ગે વાળવા ચાહતી હતી. કનકરથ રાજા પોતાના રાજય તથા વિભિન્ન પ્રકારના ભૌતિક સાધનોમાં ડુબેલા હતા. તે આ ભૌતિક સુખોને જરા પણ છોડવા ઇચ્છતા ન હતા. તેમને એ વાતની ચિંતા હતી કે જો પુત્ર થશે તો મને સિંહાસન પરથી ઉઠાડીને પોતે રાજયનો સ્વામી થઇ જશે. આમ પોતે નિર્માણ કરેલા આંતરિક ભયને કારણે તે પદ્માવતીને જે પુત્ર જનમતા હતા તેને જન્મ સમયે જ અપંગ બનાવી દેતા હતા. કારણ તે સમયની વ્યવસ્થા પ્રમાણે અપંગ વ્યકિત રાજયની અધિકારી બની શકતી ન હતી.

પોતાના પુત્રોને આ પ્રમાણે અપંગ બનાવવાથી રાણી અર્થાત્ પદ્માવતીને બહુ જ કષ્ટ થતું હતું. તે પુત્ર વાત્સલ્યને કારણે દુઃખી થઇને પોતાના બાળકની રક્ષાનો વિચાર કરવા લાગી. તેને રાજયના વિશ્વાસપાત્ર અમાત્ય તેતલીપુત્રની સાથે આ બાબતમાં ચર્ચા કરી. આમાત્યએ રાણીને આશ્વાસન આપ્યું કે રાજપુત્રનો જન્મ થતાંની સાથે જ તેને સુરક્ષિત સ્થાન પર પહોંચાડી દેશે. જેથી રાજા નવજાતશિશુને અપંગ બનાવી ન શકે.

ગર્ભવતી રીએ જયારે રાજપુત્રને જન્મ આપ્યો ત્યારે એક વિશ્વાસપાત્ર ધાવમાતા સાથે તે નવજાત શિશુને અમાત્ય તેતલીપુત્રને ત્યાં પહોંચાડી દીધો. અને તેના સ્થાન પર તેતલીપુત્રની મૃત કન્યાને લાવીને રાણીની પાસે સુવાડી દીધી. ધાવમાતાએ સંદેશો આપ્યો કે રાણીએ મૃત કન્યાને જન્મ આપ્યો છે. અમાત્ય તેતલીપુત્રએ આ બધી વાત પોતાની રાણી પોટ્ટિલાને પહેલેથી જ બતાવી દીધી હતી. પોટ્ટિલા પણ આનંદિત થઇને રાજયપુત્રનું પાલનપોષણ કરવામાં કોઇ ખામી રાખતી ન હતી. આ પુત્ર રાજા કનકરથનો પુત્ર હતો તેથી તેનું નામ કનકધ્વજ રાખ્યું. ધીરે ધીરે બાળક મોટો થયો અને સર્વ કલાઓમાં પારંગત થયો.

થોડા સમય બાદ રાજા કનકરથનું મૃત્યુ થયું. નગરનિવાસી તેતલીપુત્ર અમાત્યના કાર્યની પ્રશંસા કરીને તેમના પુત્રને રાજગાદી પર બેસવા માટે યાચના કરવા લાગ્યા. એ સમયે અમાત્યએ નગરજનોને સાચી ઘટના કહી સંભળાવી અને આ કુમાર રાજા કનકરથ તથા પદ્માવતીનો પુત્ર છે એ વાતનો વિશ્વાસ કરાવ્યો. કુમારનો પરિચય પ્રાપ્તિ થવાથી નગરવાસીઓ અત્યંત હર્ષિત થયા અને રાજલક્ષણયુકત કુમારનો રાજયાભિષેક કરાવ્યો. (શ્રીમદ્ જ્ઞાતધર્મકથાંગ - પૃ- ૪૦૫-૪૦૮)

રાજા કનકધ્વજ સારી રીતે રાજયનું પાલન કરતાં આનંદથી જીવન વીતાવવા લાગ્યો.

## પદ્માવતી-મૂલ્યાંકન

પોતાના સંતાનની સુરક્ષાને માટે માતાએ અસત્યનો સહારો લીધો તથા પુત્રને યોગ્ય બનાવીને રાજયકાર્યમાં સંલગ્ન કર્યો. તે સમયમાં રાજા પોતાની રાજયલિપ્સાને તૃપ્ત કરવા માટે કોઇ પણ ઘોર અપરાધ કરવામાં સંકોચ કરતા ન હતા. પુત્રલાત્સલ્યથી વશીભૂત થઇને રાણીએ ચતુરાઇ પૂર્વક પુત્રનું સંરક્ષણ કરી તેને રાજયનો અધિકારી બનાવ્યો.

## જયન્તી

મહાવીર કાલીન રાજ મહિષિઓમાં તત્વચિંતક જયન્તીનું નામ બહુ જ આદરપૂર્વક લેવામાં આવે છે. જયન્તી વત્સ દેશની રાજધાની કૌશામ્બીના સહસ્રાનીક રાજાની પુત્રી, શતાનીક રાજાની ભગિની તથા તત્કાલીન ઉદયનરાજાની ફોઇ હતી.

(ભગવતીસૂત્ર શતક : ૧૨-૩-૨- પૃ. ૪૪૩)

તે શ્રમણોપાસિકા હતી તથા અર્હત્ ધર્મ પર શ્રદ્ધા રાખનારનો આદર સત્કાર કરવો એમાં પોતાનો ધર્મ સમજતી હતી. તીર્થંકર મહાવીર કેવલ્ય પ્રાપ્તિના ત્રીજા વર્ષમાં વિહાર કરતાં કૌશામ્બીના 'ચૈત્યાવરણ ચૈત્ય'માં પધાર્યા. આ શુભ સંદેશ

સાંભળીને જયન્તી, રાજા ઉદયન તથા મૃગાવતીની સાથે સમવસરણમાં વંદન કરવા ગઇ. દેશના પૂરી થયા બાદ જયન્તીએ અર્હત્ ધર્મના તત્વ તથા દાર્શનિક પાસાઓને વિસ્તારથી સમજવા માટે ચાર મહત્વપૂર્ણ પ્રશ્નો પૂછ્યા.

(જૈન ધર્મકા મૌલિક ઇતિહાસ. આચાર્ય હસ્તીમલજી -૫ -૪૦૬)

પ્રશ્ન - ૧. ભગવાન ! જીવ હલકો કેવી રીતે થાય છે અને ભારે કેવી રીતે થાય છે ?

પ્રશ્ન - ૨ ભગવાન ! ભવ્યપન અર્થાત્ મોક્ષ પ્રાપ્ત કરવાની યોગ્યતા જીવમાં સ્વભાવગત હોય છે કે પરિણામથી હોય છે?

પ્રશ્ન - ૩ ભગવાન્ ! શું બધાં ભવ - સિદ્ધિક મોક્ષમાં જાય છે ?

પ્રશ્ન - ૪ ભગવાન ! કે બધા ભવ - સિદ્ધિક જીવોની મુકિત થાય છે એમ માનવામાં આવે તો સંસાર કયારેય ભવ્ય જીવોથી શૂન્ય થઇ જશે ?

ઉપરોકત ચારેય પ્રશ્નોના ઉત્તર ભગવાન મહાવીરે આ પ્રકારે આપ્યા.

ઉત્તર - પ્રશ્ન-૧ હિંસા, અસત્ય વગેરે અઢાર દોષોના સેવનથી જીવ પર એટલો અધિક પાપકર્મોનો ભાર થઇ જાય છે કે તે નરક, તિર્યચ વગેરે ગતિમાં નીચું સ્થાન પ્રાપ્ત કરી મહાન દુઃખ સહન કરે છે.

ઉત્તર-પ્રશ્ન-૨ હિંસા, અસત્ય આદિની નિવૃત્તિથી જીવને તીવ્ર કર્મ બંધન નથી થતાં અને તે સંસાર ભ્રમણમાંથી બચીને શીઘ્ર મુકિત માર્ગને પ્રાપ્ત કરવામાં સફળ થાય છે.

ઉત્તર-પ્રશ્ન ૩ - એનો ઉત્તર એ મળે છે કે મોક્ષ પ્રાપ્ત કરવાની યોગ્યતા પરિણામથી નહીં પણ સ્વભાવથી જ હોય છે જીવમાં રત્નત્રણ (સમ્યગ્ દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર)ની પ્રાપ્તિની શકિત સ્વભાવગત હોય છે. આ શકિત પ્રત્યેક જીવમાં સ્વભાવથી જ હોય છે. તેથી તે પુરુષાર્થ કરીને મુકત થઇ જાય છે.

ઉત્તર-પ્રશ્ન -૪ આ ઉત્તરમાં ભગવાન પાસેથી સમાધાન મળ્યું કે ભવસિદ્ધ અર્થાત્ ભવ્ય જીવ જ મુકિત પ્રાપ્ત કરે છે. અભવ્ય જીવ નથી કરતા.

આ પ્રશ્નના સ્પષ્ટીકરણના હેતુ માટે જયન્તીએ ફરીથી શંકા કરી કે ભગવાન ! ભવ્ય જીવોના મુકત થઇ ગયા પછી સંસાર તેમના વિનાનો થઇ જશે. ત્યારે પ્રભુ પાસેથી સમાધાન મળ્યું કે સંસારમાં ભવ્ય અને અભવ્ય રાશિ અનંત છે. કેટલાંયે જીવો ભવ્ય રાશિમાંથી મુકત થઇ જાય, પરંતુ અનંત સદા અક્ષય જ રહે છે ગણિતનો એ સિદ્ધાંત છે કે અનંતમાંથી અનંત બાદ કરીએ તો પણ અનંત અવશિષ્ટ રહે છે. જે રીતે આકાશ અનંત છે તે જ રીતે જીવ દ્રવ્યરાશિ પણ અનંત છે. પુદગલ, પરમાણું પણ અનંત છે. આ અનંતરાશિ કયારેય સમાપ્ત થતી નથી.

આ સંદર્ભે બીજું એક ઉદાહરણ પ્રસ્તુત છે. માટીમાં ઘડો બનવાની તથા સારા પથ્થરમાં મૂર્તિ બનવાની યોગ્યતા છે. છતાં કયારેક એવું નથી થતું કે બધાના ઘડા અને મૂર્તિઓ બની જાય અને પછી એવી જ માટી અને પથ્થર ન રહે. બીજમાં પાકવાની યોગ્યતા છે. પણ કયારેક એવું નથી થતું કે કોઇ પણ બીજ પાકયા વિના ન રહે એવું જ ભવ્ય જીવોની બાબતમાં સમજવું.

ઉપરોકત મુખ્ય પ્રશ્નોના ઉત્તરથી સંતુષ્ટ થઇને જયન્તીએ બીજા અન્ય પ્રશ્નો કર્યા તે આ પ્રકારે છે.

ભગવાન્ જીવો સુતા હોય તે સારા કે ઊંઘતા હોય તે સારા ?

ભગવાને ઉત્તર આપ્યો કેટલાક જીવો સૂતેલા સારા અને કેટલાંક જીવો ઊંઘતા સારા. જે જીવો અધર્મના પ્રેમી, અધર્મના પ્રચારક, અને અધર્મના આચરણમાં રંગાયેલા રહે તે જીવો સૂતેલા સારા. પણ જે જીવો ધર્મની આરાધના કરે છે તેમનું જાગતા રહેવું સારું....

પછી જયન્તીએ પૂછયું :-

ભગવન્ જીવોની દુર્બલતા સારી કે સબળતા?

જીવોનું દક્ષ અને ઉદ્યમ રહેવું સારૂં કે આળસુ રહેવું સારૂં ?

ભગવાને કહ્યું,

''જે જીવ ધાર્મિક હોય, ધર્મ કરીને પોતાનો ઉદ્ધાર કરે, બીજાના દુઃખોને ઓછા કરે - એમ કરવામાં મદદરૂપ થાય તેનું સબળ રહેવું ઉચિત છે અને જે જીવ અધાર્મિક છે. તથા અધર્મથી જીવીકોપાર્જન કરે છે તેમનું દુર્બલ રહેવું જ ઉચિત છે. પ્રભુએ આગળ કહ્યું ધર્માચરણ તથા ઉપકાર કરવાવાળા જીવોનું ઉદ્યમી રહેવું ઉચિત છે અને જે જીવ અધર્મઅનુસાર વિચરણ કરે છે તેમનું આળસુ રહેવું સારૂં છે.''

## જયન્તી મૂલ્યાંકન

આ પ્રશ્નોત્તર પરથી આપણે એવા નિષ્કર્ષ પર આવીએ છીએ કે આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં પણ કેટલીક મહિલાઓ ધર્મના તત્વોને સમજવા માટે ઉત્સુક હતી તથા વિશિષ્ઠ જ્ઞાન પ્રાપ્ત એવા ગુરુ પાસે નિઃસંકોચ થઇ પોતાની શંકાઓનું સમાધાન કરતી હતી. દેશ-કાલ અને સમય જ્ઞાન પ્રાપ્ત કરવામાં બાધક થઇ શકતા નથી. જયન્તીએ એવા ગૂઢ તત્વોનું વિવેચન કરી એ સમયની વિદૂષી મહિલાઓનું પ્રતિનિધિત્વ કર્યુ છે. અહીંઆ આપણને વૈદિક સાહિત્યની ગાર્ગી, વાચકવ્વીના ઉલ્લેખ યોગ્ય લાગે છે. તેઓ પણ તત્વજ્ઞાનની ચર્ચા કરતી હતી. તથા મોટા મોટા ઋષિ મુનિઓને પોતાના જ્ઞાનથી પ્રભાવિત કરતી હતી. તેઓ આત્મજ્ઞાનના એટલાં ઊંડાણમાં પહોંચી ગઇ હતી કે તેમને શરીરનું ભાન જ ન હતું.

## શિવાનન્દા

વાણિજ્યગ્રામના શાસક જિતશત્રુના રાજયમાં શિવાનન્દા પોતાના પતિ આનંદની સાથે સુખેથી જીવન વ્યતીત કરતી હતી. એક વખત વાણિજ્ય રાજ્યના શાસક જિતશત્રુ મહાવીરના આગમન પ્રસંગે તેમના દર્શન કરવા ગયા. આનંદની લહેરો ચારે બાજુ પ્રસરી હતી. તેની પત્ની શિવાનન્દા એક સુશીલ, શાન્ત, સૌમ્ય સહિષ્ણુ મધુરભાષી, સ્નેહશીલ, ચતુર અને સુંદર નારી હતી. શિવાનન્દાસાથે આનંદ, શ્રેષ્ઠીને બીજી અનેક પત્નીઓ હતી છતાં પણ શિવાનન્દા અને આનંદનું દામ્પત્યજીવન અત્યંત સુખમય અનેસમૃદ્ધ હતું. દૂતિપલાસ નામના ઉદ્યાનમાં તીર્થંકર મહાવીરના આગમન સમયે પ્રભુની ધર્મદેશના સાંભળવા માટે ત્યાં ગંયા. મહાવીર સ્વામીની દેશના અને ઉપદેશનો શ્રેષ્ઠી આનંદ પર બહુ જ પ્રભાવ પડયો. આ ધર્મદેશનાથી પ્રભાવિત થઇને શ્રેષ્ઠી આનંદે શ્રાવકના બાર વ્રતો અંગીકાર કર્યા. અને પોતાની સંપત્તિને સીમિત કરવાની પ્રતિજ્ઞા કરી.

દૂતિપલાસ ઉદ્યાનમાં મહાવીર સ્વામીનું સાન્નિધ્ય પ્રાપ્ત કરીને શ્રેષ્ઠી આનંદ ઉલ્લાસપૂર્વક પોતાને ઘેર આવ્યો. તેને હર્ષના અતિરેકમાં પોતાની પત્ની શિવાનન્દાને પેલા બાર વ્રતો વિષે કહ્યું જે વ્રતો પોતે અંગીકાર કર્યા હતા. આનંદે પોતાની સહધર્મિણી શિવાનન્દાને કહ્યું,

''મેં બધા જ પ્રકારની સંપત્તિઓ જેમાં ધન ધાન્ય, ચલ,-અચલ, સમ્પત્તિ, રજત-સુવર્ણ, ગોકુલ- અર્થાત્ ગાયોનો સમૂહ આદિ સર્વની સીમાઓ નકકી કરી છે શ્રેષ્ઠી આનંદે પોતાની પત્નીને સમજાવ્યું કે સમ્યક્વ્રત કર્યો છે.

ગુણશીલા શિવાનન્દા પતિના સંકલ્પને સાંભળીને અત્યંત પ્રસન્ન થઇ. શ્રેષ્ઠી આનંદે પોતાની પત્ની શિવાનન્દાને પ્રેરણા આપી કે તે પણ ભગવાન મહાવીરની દેશના સાંભળીને બાર વ્રતોને અંગીકાર કરી લે. શિવાનન્દા પતિની આ પ્રેરણાથી પ્રફૂલ્લિત થઇને દઢ સંકલ્પશકિત ધારણ કરીને સમવસરણમાં ગઇ.

ઉદ્યાનમાં બિરાજમાન ભગવાન મહાવીરના દર્શન વંદન કરીને શિવાનન્દાએ તીર્થંકર પાસે બાર વ્રત અંગીકાર કર્યા. પ્રભુના મુખેથી ધર્મોપદેશ સાંભળીને તે અતિ પ્રસન્ન થઇ તથા તેને પોતાના પતિના આ કથનનું સત્ય દર્શન થવા વાગ્યું કે ભગવાન મહાવીરનો ધર્મ ઇષ્ટ છે અને આત્મકલ્યાણનો આ જ સાચો માર્ગ છે. તે ગૃહસ્થ ધર્મનું પાલન કરતાં કરતાં આત્મહિતમાં સંલગ્ન થઇ ગઇ. ભૌતિક સુખ સંપત્તિઓ તરફથી મોં ફેરવીને આધ્યાત્મિક ચિંતન મનન તેના જીવનનું લક્ષ્ય બની ગયું.

(ઉપાસગ-દશાંગ -સૂ. ૧૮)

## ભદ્રા

કોઇ એક સમયે ચંપાનગરીમાં સમૃદ્ધ શ્રેષ્ઠિ કામદેવ રહેતા હતા તેના અઢળક વૈભવની કીર્તિ ચારે તરફ ફેલાઇ હતી. તે વિપુલ ધનપતિ હોવા છતાં પણ ધર્માચરણમાં જીવન વ્યતીત કરતા હતા.

થોડા સમય પછી ચંપાનગરીના પુર્ણભદ્ર ચૈત્યમાં ભગવાન મહાવીરનું આગમન થયું. આગમનના સમાચાર અપાર જનસમુદાય એમના દર્શનાર્થે ત્યાં આવ્યો. શ્રેષ્ઠી કામદેવ પણ આતુરતા અને શ્રદ્ધાપૂર્વક નગરવાસિયોની સાથે મહાવીરસ્વામીના દર્શનાર્થે ત્યાં ગયા. ત્યાં તેમણે અર્હત્ ધર્મના સિદ્ધાંતોનું ધ્યાનપૂર્વક શ્રવણ મનન કર્યું. તેમણે મહાવીરસ્વામીના શ્રાવક માટેના બાર વ્રતોને જીવન પર્યંત અંગીકાર કર્યા. અને આનંદ-ઉલ્લાસતી તે પોતાના ઘેર આવ્યા. તેમણે અણુવ્રતો ગ્રહણ કર્યાની વાત પોતાની સહધર્મિણી ભદ્રાને કહી અને તેને પણપ્રેરણા આપતા કહ્યું,

''મેં તીર્થંકર મહાવીરના કલ્યાણપ્રદ ઉપદેશોને મારા પોતાના માટે અંગીકાર કર્યા છે એમના ઉપદેશથી આત્મકલ્યાણ સંભવિત છે. તું પણ એ પ્રમાણે કર.''

પતિ પાસેથી પ્રેરણા પામીને ભદ્રા સુંદર વસ્ત્રો અને આભુષણો ધારણ કરી રથમાં બેસીને મહાવીરની દેશના સાંભળવા ધર્મપરિષદમાં ગઇ. મહાવીર સ્વામી પાસેથી સાચા ધર્મની વ્યાખ્યા સાંભળીને તે આત્મસંતુષ્ટ થઇ. અપાર વૈભવના સ્વામી શ્રેષ્ઠી કામદેવની પત્ની ભદ્રાએ ભગવાન મહાવીરે ઉપદેશેલા ગૃહસ્થધર્મના બાર વ્રતો અંગીકાર કર્યા. મહાવીરના ઉપદેશનો એટલો બધો પ્રભાવ પડયો કે તે વૈરાગ્ય ભાવપૂર્વક ધર્મ-આરાધનમાં સંલગ્ન થઇ ગઇ. વીસ વર્ષ સુધી શ્રાવિકા -પર્યાયનું પાલન કરી ધર્માનુકૂલ જીવન તેણે વીતાવ્યું.

(પૂ. ઘાસીલાલજી - ઉપાસક દશાંગ સૂત્ર-૨) સૂત્ર-૯૧-૯૩ પૃ-૩૬૧)

## શ્યામા

વારાણસીમાં શ્રેષ્ઠી ચુલનીપિતા રહેતા હતા. તેમની સહધર્મિણી શ્યામા ન માત્રા રૂપ અને ગુણમાં અદ્વિતીય હતી પણ તે વ્યવહારકુશળ પણ હતી.

એકવાર મહાવીર પ્રભુના આગમનનો સંદેશો મેળવીને તે શ્રેષ્ઠી ચુલનીપિતા અતિશય ઉત્સાહથી કૌષ્ટક ચૈત્યમાં ગયા. ભગવાન મહાવીરની દેશનાનો તેમના પર અત્યંત પ્રભાવ પડયો. તેઓ પ્રફુલ્લિત મને ઘેર આલ્યા અને પોતાની ધર્મપત્ની શ્યામાને બધી વાત કહી સંભળાવી.

''મેં વીતરાગી મહાવીરના ધર્મ સિદ્ધાન્તોને માન્ય કરી લીધાં છે એ સિદ્ધાંતો વાસ્તવમાં જીવનને સાર્થક કરનારા છે.''

શ્રેષ્ઠીએ પોતાની પત્નીને પ્રેરિત કરી કે તે પણ ભગવાન મહાવીર પાસે જઇને વિધિપૂર્વક વંદન કરી ધર્મ દર્શનાનું શ્રવણ કરે. શ્યામાને તેમને કહ્યું.

''તે ચૈત્યમાં જઇને પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત ગ્રહણ કરે. આમ બાર વ્રતોવાળા ગ્રાહસ્થ્ય ધર્મનો સ્વીકાર કરે.''

શ્યામા પોતાના પતિની પ્રેરણાથી સેવિકાઓ સહિત રથમાં બેસીને મહાવીરની ધર્મ પરિષદમાં પહોંચી શ્યામાએ મહાવીરની શ્રદ્ધાપૂર્વક ત્રણ વાર પ્રદક્ષિણા કરી. મહાવીરનીસામે વિનય પૂર્વક કહ્યું,

''પ્રભુ હું ગાર્હસ્થધર્મના બાર વ્રતો અંગીકાર કરવા ઇચ્છું છું.''

મહાવીરે તેને સ્વીકૃતિ આપી. શ્યામાએ પોતાના પતિની જેમ બાર વ્રતો અંગીકાર કર્યા. આનંદપૂર્વક પોતાના નિવાસ સ્થાને પાછી ફરી.

એકવાર શ્રાવક ચુલનીપિતા પોષધશાળામાં ધર્મસાધનામાં મગ્ન હતા. દ્વાત્રિના સમયે તેમને ઉપસર્ગનો સામનો કરવો પડયો. દેવ દ્વારા ચેતવણી આપવામાં આવી કે માતા ભદ્રાને મારી નાંખશે' તેનાથી શ્રેષ્ઠીના ધ્યાનમાં જરાજવ્યવધાન ઉભું થયું. માતા ભદ્રાએ ચુલનીપિતાને આશ્વાસન આપ્યું કે પોતે સ્વસ્થ છે. અને ચુલની પિતાને વિશ્વાસ આપ્યો કે તેઓ પોતાના ધર્મ ધ્યાનમાંથી, ધર્મસાધનામાંથી જરાપણ વિચલિત ન થાય. તેથી શ્રેષ્ઠી ફરીથી દઢતાપૂર્વક ધર્મ-આરાધનાના કાર્યમાં મગ્ન થઇ ગયા.

તેમણે પોતાના ગૃહસ્થ જીવનમાં બાર વ્રતોનું ચૌદ-પંદર વર્ષ સુધી સારી રીતે પાલન કર્યું. ત્યાર બાદ પોતાના મોટા પુત્રને કુટુંબની જવાબદારીનો ભાર સોંપીને શ્રેષ્ઠી ચુલનીપિતા પત્ની શ્યામા સાથે સાંસારિક ભારથી નિવૃત્તિ થયા.

વીસ વર્ષો સુધી ધર્મનું પાલન કરી તેમણે આત્માને પવિત્ર કર્યો. (ઉપાસક દશાંગ - સૂત્ર અધ્યયન -૩ પૃ. ૩૯૫-૯૬)

## ધન્યા

બનારસના સંપત્તિશાળી શ્રેષ્ઠી સુરાદેવની ધર્મપરાયણના પત્નીનું નામ ધન્યા હતું. તીર્થંકર મહાવીરનું કૌષ્ટક ચૈત્યમાં આગમન થયું છે એ વાત જાણીને સુરાદેવ પણ આનંદશ્રાવકની જેમ પ્રભુના વંદનાર્થે ગયા. તેમણે મહાવીર સ્વામીએ ઉપદેશેલાં 'બાર વ્રતો' અંગીકાર કર્યા. સુરાદેવે પોતાની વિપુલ સંપત્તિની સીમા નકકી કરી અને ધર્માપદેશના સાંભળીને પોતાના નિવાસે પાછા ફરી પત્ની ધન્યાને કહ્યું,

''હે દેવાનુ પ્રિયે, મેં શ્રાવકના બાર વ્રતો અંગીકાર કર્યા છે. તું પણ જલ્દી જા અને પ્રભુએ ઉપદેશેલા શ્રાવિકાના બાર વ્રતો ગ્રહણ કર'' પતિની આજ્ઞા પ્રમાણે ધન્યા વસ્ત્રાભુષણથી વિભૂષિત થઇને સમવસરણમાં જઇ તીર્થંકર મહાવીરને વિનયપૂર્વક કરહેવા લાગી.

'હે, સર્વજ્ઞ, હું આ સંસારનો સર્વથા ત્યાગ તો નથી કરી શકતી પરંતુ ગૃહસ્થ જીવનના બાર વ્રતો અંગીકાર કરવા ચાહું છું.'' તીર્થંકર મહાવીરે ધન્યા શ્રાવિકાને ગૃહસ્થ જીવનમાં પાલન કરવા માટેના કલ્યાણકારી વ્રતોનું મહત્વ સમજાવ્યું, ધન્યાએ વ્રતો અંગીકાર કર્યા અને હર્ષિત થઇ પોતાના ઘેર પાછી ફરી.

એક વખત સુરાદેવ પૌષધશાળામાં ધર્મ ધ્યાનમાં લીનહતા. તે સમયે દેવોએ કેટલાક પ્રકારના વિઘ્ન ઉભા કર્યા તેથી થોડી વાર માટે સુરાદેવનું ધ્યાન વિચલિત થયું. પરંતુ પત્ની ધન્યાએ તેમને પાછા ધર્મમાં સ્થિત કર્યા. આમ પત્ની ધન્યા શ્રાવિકાએ પતિને શ્રાવક ધર્મનું પાલન કરવામાં સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક સહયોગ આપ્યો. તથા પોતે પણ શ્રમણોપાસિકાના નિયમોનું પાલન કરતાં આત્મકલ્યાણમાં પ્રવૃત્ત રહી.

(ઉપાસગ દશાંગ સૂત્ર અ ૫. પૃ-૧૫૧-૪૧૫, પૂ. ઘાસીલાલજી)

## બહુલા

ચુલ્લશતક આલંભિકા નગરના સમૃદ્ધ અને પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી હતા. તેમની ધર્મ પત્ની બહુલા ધર્મપરાયણા હતી.

એકવાર શંખવનમાં ભગવાન મહાવીરનું આગમન થયું. શ્રાવક કામદેવની જેમ શ્રેષ્ઠીચૂલ્લશતક મહાવીરના દર્શન અને ઉપદેશનું શ્રવણ કરવા ઉત્કંઠા સાથે ત્યાં પહોંચ્યા. મહાવીરના ઉપદેશનું શ્રવણ કરી શ્રેષ્ઠીએ શ્રદ્ધા અને વિશ્વાસ સાથે બાર વ્રતો અંગીકાર કર્યા અને પોતાની સંપત્તિનીસીમા મર્યાદા નકકી કરી જયારે તે પોતાના ઘેર પાછા ફર્યા ત્યારે તેમણે પોતાની પત્ની બહુલાને સમવસરણમાં ધર્મ ઉપદેશ સાંભળવા જવાની પ્રેરણા આપી. તે ધર્મ-પરિષદમાં પહોંચી અને મહાવીરને શ્રાવિકાના બાર વ્રતો અંગીકાર કરી પોતાના જીવનનું આત્મકલ્યાણ કરવા લાગી. (ઉપાસક દશાંગ સૂત્ર ૧૫૮. પૃ. ૪૧૮)

## પુષ્પા

કાંપિલ્યનગરમાં શ્રેષ્ઠી કુણ્ડકૌલિક ગાથાપતિની પત્નીનું નામ પુણ્યા હતું. પુષ્પા સુખ સમૃદ્ધિમાં પોતાનું જીવન આનંદથી વ્યતીત કરતી હતી.

એક વખત કાંપિલ્યનગરના સહસ્ત્રાવન ઉદ્યાનમાં ભગવાન મહાવીરનું આગમન થયું. તેમના આગમનના સમાચાર નગરમાં પ્રસરતાં જનસમૂહ પ્રભુના દર્શનાર્થે એકઠો થયો કુણ્ડકૌલિક પણ મહાવીરની પરિષદમાં ધર્મદેશના સાંભળવા માટે ગયા. ધર્મદેશના સાંભળીને શ્રેષ્ઠી અત્યંત પ્રભાવિત થયા. અણુવ્રતો પ્રમાણે તેમણે વૈભવને સીમિત કરી પોતાની સંપત્તિની મર્યાદા નિશ્ચિત કરી. પતિ પાસેથી પ્રેરણા પામીને પત્ની પુષ્પાએ પણ સમવસરણમાં જઇને શ્રાવિકાના બાર વ્રત અંગીકાર કર્યો.

કાલાંતરે પુષ્પાએ શ્રાવિકા ધર્મનું પાલન કરતાં કરતાં પોતાના ધર્મનિષ્ઠ પતિને સહયોગ આપ્યો અને પોતાનું કલ્યાણ પણ કર્યું. (ઉપાસગદશાંગ- અધ્યાય -૬ સૂત્ર ૧૬૧ પૂ. ઘાસીલાલજી પૃ. ૪૦૫)

## અગ્નિમિત્રા

અગ્નિમિત્રા પોલાસપુર નગરના ધનાઢય કુંભકાર સદ્દાલપુત્રની ધર્મપત્નીહતી. અગ્નિમિત્રાના પતિને મંખલિ ગોલાશક દ્વારા પ્રતિપાદિત ધર્મસિદ્ધાંતોમાં શ્રદ્ધા હતી. કુંભકાર દંપત્તી અઢળક વૈભવ સંપત્તિ વચ્ચે પોતાનું જીવન વ્યતીત કરી રહ્યા હતા.

''હે સદાલ પુત્ર ! નગરમાં ત્રિકાલ દર્શી મહામાનવનું આગમન થઇ રહ્યું છે. તું એમને વંદન કરવા માટે જજે'' આ મંગલ સંવાદ સાંભળીને સદ્દાલપુત્ર પોતાના ગુરુ મંખલિ ગોલાશકનું આગમન થયાનું જાણી આનંદ પામ્યો. સદ્દાલપુત્રએ ઉદ્યાનમાં થઇ રહેલી ધર્મસભામાં જોયું કે એના પરમપાવન ગુરુના આસન પર તીર્થંકર પ્રભુ મહાવીર બિરાજમાન છે. તેને ભગવાનને વંદન કર્યા.

ભગવાન મહાવીરે સદ્દાલપુત્રને કર્મવાદનો ઉપદેશ આપ્યો. તે સાંભળીને કુમ્ભકાર અત્યંત પ્રભાવિત થયો. અને ગૃહસ્થધર્મને સાચી રીતે સમજીને બાર વ્રતો અંગીકાર કર્યા. ત્યાર બાદ ભગવાન મહાવીરને વંદન કરી સ્વગૃહે પાછો ફર્યો. તેને પોતાની સહધર્મિણી અગ્નિમિત્રાને ભગવાન મહાવીરના ધર્મને સમજાવતાં પરિષદમાં જવાની પ્રેરણા આપી.

પતિ પાસેથી પ્રેરણા મેળવીને ધર્મપરાયણા કુશલ ગૃહિણી, ઐશ્વર્યશાલિની અગ્નિમિત્રા સહસ્ત્રાભવન ઉદ્યાનમાં થઇ રહેલી ધર્મ પરિષદમાં રથમાં બેસીને ગઇ. તેની સાથે મોટી સંખ્યામાં સેવિકાઓ હતી. તેણે શ્રદ્ધાપૂર્વક ત્રણવાર પ્રભુ મહાવીરની પ્રદક્ષિણા કરી. તીર્થંકર મહાવીરે અગ્નિ મિત્રાને ધર્મોપદેશ આપ્યો. ધર્મોપદેશ શ્રવણ કરીને અગ્નિમિત્રા પરમ ઉત્સાહિત થઇ. તેને ભગવાનને વિનંતી કરી, ''હે ભગવન્, હું નિગ્રન્થ પ્રવચન પર શ્રદ્ધા રાખું છું. તેથી હું શ્રાવિકાના બાર વ્રતો અંગીકાર કરવા ચાહું છું.''

સદ્દાલપુત્ર નિર્ભય મનોભાવપૂર્વક પોતાના ધર્મમાં પૂર્ણ વિશ્વાસ રાખતી હતા. દેવ તેને તેના ધર્મ અને વ્રતોમાંથી વિચલિત કરવા ધારતા હતા. દેવે તેની પરીક્ષા લીધી. દેવે જાણ્યું કે સદ્દાલપુત્ર નિર્ભય પણે ધર્માચરણ કરી રહ્યો છે. દેવ જ્યારે પોતાના કૃત્યમાં સફળ ન થયા ત્યારે સદ્દાલપુત્રને ચેતવણી આપી અને ભયભીત કર્યા કે તેઓ તેની પત્ની અગ્નિમિત્રાને મારી નાંખશે.' આ વાતથી સદ્દાલપુત્ર પોતે વિચલિત થયા. પણ નિર્ભયપણે તે દેવને પકડવા દોડયા અને તેનો પીછો કરવા લાગ્યા. કોલાહલ થવાથી અગ્યિનમિત્રા પણ ત્યાં આવી પહોંચી અને તેને આ બધું જોયું. અગ્નિમિત્રાએ પતિના સંતપ્ત મનને શાંત કરતાં કહ્યું કે તેઓ ભયભીત ન થાય અને ધર્મમાંથી પણ વિચલિત ન થાય. કારણ કે પોતે તો સુરક્ષિત છે. ધર્મમાર્ગમાં અટ્ટલ રહેવું એ જ તેમને માટે શ્રેયષ્કર છે. વિચલિત થવાની જરાપણ જરૂર નથી. સહધર્મિણી અગ્નિમિત્રાની આ દ્રઢ પ્રેરણા અને ભકિતથી સદ્દાલપુત્ર ફરીથી ધ્યાનાવસ્થિત થઇ ગયા. (ઉપાસક દશાંગ - અ-૭ સૂત્ર ૧૮૪, પૃ. ૪૪૫, પૂ. ઘાસીલાલજી)

## રેવતી

રેવતી દેવગૃહીના સંપત્તિવાન શ્રેષ્ઠી મહાશતકની પત્ની હતી. સમૃદ્ધિશાલી માતાપિતાની પુત્રી હોવાને કારણે રેવતી ને આઠ કરોડ સુવર્ણમુદ્રા તથા દસદસ હજાર ગાયોના આઠ ગોકુલ દહેજમાં મળ્યા હતા. મહાશતકની અન્ય બાર પત્નીઓ પોતાના દહેજમાં કેવળ એક એક કરોડ સુવર્ણમુદ્રા અને દસ દસ હજાર ગાયો લાવી હતી. તેથી રેવતી અન્ય સહપત્નીઓ પર ઇર્ષ્યા દ્વેષ રાખતી.

તીર્થંકર મહાવીરના આગમન પર અન્ય ઉપાસકોની જેમ મહાશતકે પણ ધર્મદેશના સાંભળ્યા પછી શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યા તથા પોતાની સંપત્તિની સીમા નિર્ધારિત કરી મહા શતક શ્રાવકે પોતાની તેર પત્નીઓ સિવાય પ્રતિજ્ઞા લીધી.

રેવતીને પતિની આ પ્રતિજ્ઞાની શીઘ્ર જાણ થઇ તે શોકયપણાના અગ્નિથી વશીભૂત થઇને મનમાં વિચાર કર્યો કે જો આઇ બારેયનો કોઇ પણ પ્રકારે અંત લાવું તો સંપૂર્ણ સમૃદ્ધિ અને પતિની સાથે સાંસારિક સુખોનો ભોગ પોતે એકલી કરી શકશે. એમ વિચારીને અનુકૂલ અવસર જોઇને છ ને શસ્ત્રદ્વારા અને બીજી છ ને વિષ દ્વારા મરાવી નાંખી.

(ઉપાસક દશાંગ અ. ૮, સૂત્ર ૨૪૦ પૃ. ૪૯૫, પૂ. ઘાસીલાલજી)

ત્યારબાદ તે આનંદિત થઇને પોતાના પતિ મહાશતકની સાથે સંસારના સુખો ભોગવવા લાગી. રેવતી માંસ ભક્ષણને દોસા ન જાણીને અનેક પ્રકારના માંસમાંથી બનેલી વાનગીઓનું ભોજન કરતી હતી. તથા મદિરાપાન કરીને ઉન્મત્તા બની વ્યવહાર કરતી. હતી.

એક વખત રાજગૃહ નગરીમાં અમારિ (હિંસાબંધી)ની ઘોષણા થઇ ત્યારે રેવતીએ પોતાના પિતાને ત્યાંથી સેવકોને બોલાવીને કહ્યું, 'હે સેવક તમે લોકો મારા માતા પિતાને ત્યાંથી રોજ બે વાછરડા મારીને મારા માટે લાવ્યા કરો.'' તેઓએ આ વાતનો સ્વીકાર કર્યો અને રોજ બે વાછરડા મારીને રેવતીની પાસે લાવવા લાગ્યા. રેવતી પહેલાંની જેમ માંસ મદિરાનું રોજ સેવન કરીને પોતાના સમય વીતાવવા લાગી.

બીજી બાજુ મહાશતક શ્રેષ્ઠીને વિભિન્ન પ્રકારના વ્રત-નિયમોનું પાલન કરતાં કરતાં ચૌદ વર્ષ વીતી ગયા. આનંદ શ્રાવકની જેમ પોતાના મોટા પુત્રને કુટુંબની જવાબદારી સોંપીને પોતે પૌષધશાળામાં અધિક સમય સુધી ધર્મ ધ્યાનમાં લીન રહેવા લાગ્યા.

એક દિવસ રેવત પૌષધશાલામાં પહોંચી અનેપોતાના પતિને કહેવા લાગી, ''હે શ્રાવક તમે સ્વર્ગ તથા મોક્ષની આકાંક્ષા માટે ધર્મધ્યાન કરો છો. કારણ કે મનુષ્ય ધર્મ, પુણ્ય આદિ સુખ પ્રાપ્તિને માટે કરે છે. સંસારમાં વિષયભોગથી વધીને કોઇ સુખનથી. માટે આ બધી ઉપાધિઓને છોડીને મારી સાથે સાંસારિક જીવનના સુખ અને આનંદનો ઉપભોગ કરો.''

મહાશતક શ્રાવક તીર્થંકર મહાવીર દ્વારા ઉપદેશિત બાર વ્રતોને સમજીચૂકયા હતા. તથા સાધનાને જ જીવનનું ધ્યેય માનતા હતા. તેમણે રેવતીના આ પ્રકારના ધૃણાજનક તથા નિરર્થક કથનપર રજ માત્ર પણ ધ્યાન ન આપ્યું. રેવતીના વારંવાર આ પ્રકારે ક્રોધિત થઇને બોલવા છતાં પણ પોતે ધર્મ ધ્યાનમાંથી વિચલિત ન થયા.

ધીરે ધીરે મહાશતક શ્રાવક ધર્મના ઊંડાણમાં જવા લાગ્યા. અને તેમણે અગિયાર પ્રતિજ્ઞાઓનું શાસ્ત્ર પ્રમાણે પાલન કર્યું. આ કઠોર અને ઉગ્ર તપસ્યાને કારણે તેમનું શરીર અત્યંત કૃશ થઇ ગયું. તેથી તેમણે અંતમાં સંલેખલેવાનો દ્દઢ સંકલ્પ કર્યો. તેમણેઅન્ન જલનો ત્યાગ કર્યો. અને મૃત્યુની કામના ન કરતાં ધર્મધ્યાનમાં લીન થઇ ગયા. આ શુભ દ્દઢ સંકલ્પને કારણે તેમને અત્યંત જ્ઞાન પ્રાપ્ત થયું.

એક વાર રેવતી ફરીથી ઉન્માદિની થઇને મહાશતકની પાસે આવી અને પહેલાંની જેમ મહાશતકને પોતાના સંકલ્પમાંથી વિચલિત કરવાનો પ્રયત્ન કરવા લાગી. આ વખતે મહાશતક શ્રાવકને ક્રોધ આવી ગયો અને તે બોલ્યા, ''પોતાનું અનિષ્ટ ચાહવાવાળી હે રેવતી,તું બધાં અવગુણોની સાક્ષાત મૂર્તિ છે તું સાત દિવસમાં અલસ રોગ (મંદાગ્નિ રોગ)થી પીડિત થઇ અસમાધિ મૃત્યુ પ્રાપ્ત કરી રત્નપ્રભા પૃથ્વીની નીચે લોલુપચ્યુત નરકમાં ચોરાસી હજાર વર્ષથી સ્થિતિવાળા નારકીયજીવોમાં ઉત્પન્ન થઇશ.''

શ્રાવિકાના બાર વ્રતોનું પાલન ન કરવાથી રેવતીના જીવનનો દુઃખદ અંત આવ્યો.

(ઉપાસક દશાંક અ-૮ સૂત્ર ૨૩૧-૨૫૦ પૂ. ઘાસીલાલજી પૃ. ૪૧૧-૫૦૦)

## અશ્વિની

અશ્વિની, શ્રાવસ્તીના વૈભવશાળી શ્રેષ્ઠી નન્દિનીપિતાની ધર્મપત્ની હતી. તે ગુણવતી, રૂપવતી તથા વિદ્યાવતીના નામથી ઓળખાતી હતી.

તીર્થંકર મહાવીર સાધુ સાધ્વીઓના સમુદાય સહિત જયારે શ્રાવસ્તીના કૌષ્ટક ચૈત્યમાં પધાર્યા ત્યારે નગરના નર-નારી ઉત્કંઠા, ઉત્સાહ અને શ્રદ્ધા પૂર્વક ચૈત્યની તરફ ચાલી નીકળ્યા. નન્દિની પિથા પણ સમવસરણમાં ગયા અને મહાશતકની જેમ બાર વ્રત અંગીકાર કર્યા. તથા પોતાની સંપત્તિની સીમા નિર્ધારિત કરી.

પોતાના ઘેર આવીને પોતાની સહધર્મિણી અશ્વિનીને પ્રેરક શબ્દોમાં કહ્યું.

''હે દેવાનુપ્રિયે ! મહાવીરના સાન્નિધ્યને પ્રાપ્ત કરીને હું મારી જાતને અત્યંત પ્રભાવિત થયાનો અનુભવ કરી રહ્યો છું. મેં જીવનને માટે કલ્યાણકારી, અસીમ શાન્તિપ્રદાયક, શ્રાવકને માટે આવશ્યક ઉપદેશિત બાર વ્રતોને અંગીકાર કરી ચૂકયો

છું. તું પણ ત્યાં જલ્દી પહોંચ. અલભ્ય ક્ષણોની સુલભતા માટે જરા પણ વિલંબ ન કરીશ. ભગવાન મહાવરના પાવન દર્શક રી તેમના ઉપદેશોનું શ્રદ્ધા સહિત શ્રવણ કરી આત્મોન્નતિને માટે બાર વ્રત અંગીકાર કરો.''

અશ્વિનીએ કોષ્ટક ચૈત્યમાં ભગવાન મહાવીરના સાન્નિધ્યમાં પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતને સમજીને ગૃહસ્થ ધર્મના બાર વ્રતો અંગીકાર કર્યા. તથા પોતાના ઘેર આવીને તેનું દઢતાપૂર્વક પાલન કરવા લાગી.

(પૂ. ઘાસીલાલજી. ઉપાસક દશાંગ - અ. ૧૦, સૂત્ર -૨૭૩-૭૬ પૃ. ૫૧૮.)

## ફાલ્ગુની

ફાલ્ગુની શ્રાવસ્તીના શ્રેષ્ઠી શાલિનીપિતાની પતિ પરાયણા સહધર્મિણી હતી. એક વખત વિવિધ પ્રાંતોમાં ભ્રમણ કરતાં કરતાં તીર્થંકર મહાવીર શ્રાવસ્તી નગરના કોષ્ટક ચૈત્યમાં પધાર્યા. ત્યારે શાલિની પિતાએ અન્ય શ્રેષ્ઠિઓની જેમ તીર્થંકર મહાવીરના સમવસરણમાં જઈને શ્રાવકના બાર વ્રતો ગ્રહણ કર્યા તથા પોતાની પત્નીને પણ વ્રતો માટે પ્રેરિત કરી. શ્રેષ્ઠીનન્દિની પિતાની જેમ શાલિનીપિતા પણ ભગવાન મહાવીરના સમવસરણમાં આવ્યા.

ફાલ્ગુની પણ સમવસરણમાં ઉપદેશ પિપાસાથી કોષ્ટક ચૈત્યમાં ગઈ. ત્યાં મહાવીરની ત્રણવાર પ્રદિક્ષણા કરીને તે બધાંની સાથે પરિષદમાં બેસી ધર્મદિશનાનું શ્રવણ કરવા લાગી. ફાલ્ગુનીએ જ્યારે બાર વ્રતોને સાંભળ્યા ત્યારે એના મનમાં વિશ્વાસ થઈ ગયો કે ગૃહસ્થીમાં પ્રવૃત્ત રહીને આ બધાં વ્રતોનું સહજ રીતે પાલન કરી શકાય છે. તે બાર વ્રતોનું પાલન કરતી પોતાના આત્માનું કલ્યાણ કરવા લાગી.

(પૂ. ઘાસીલાલજી. ઉપાસકદશાંગ -અ૧૦, સૂત્ર ૨૭૩-૨૭૬ પૃ. ૫૧-૨૧)

## શ્રીમતી

વસંતપુરના દેવદત્ત શ્રેષ્ઠીની પુત્રી શ્રીમતીની માતાનું નામ ધનવતી હતું. માતા ધનવતી પોતાની પુત્રીનો ઉછેર પુત્રની જેમ કરતી હતી. તેને અનેક જીવનોપયોગી કલાઓમાં પારંગત કરી.

એક વખત તે પોતાની સહેલીઓ સાથે નગરની બહાર જિનાલયમાં ગઈ. ત્યાં બધી બાલિકાઓ પતિ પસંદગીની રમત રમવા લાગી.અન્ય કન્યાઓએ જિનાલયના થાંભલા પકડીને પોતાના પતિ માની લીધા પરંતુ શ્રીમતીએ ભ્રમવશ ખુણામાં ધ્યાનમાં ઊભેલા એક મુનિનો ખભો પકડીને તેને પોતાનો પતિ પસંદ કરી લીધો. વાસ્તવમાં એ મુનિ આર્દ્રકુમાર હતા. જે અનાર્ય દેશનો રાજકુમાર હતો અને રાજગૃહના મહામંત્રી અભયકુમારને મળવા આવ્યો હતો. આદ્રકુમારે સાધુત્વ અંગીકાર કરી લીધું હતું.

કન્યા શ્રીમતીની સાથે વિવાહ કરવાનો અતિ આગ્રહ કરવા છથાં પણ આર્દ્રકુમારે પોતાની સાધુવૃત્તિ ત્યાગી નહીં. અને ત્યાંથી બીજા સ્થળે ચાલ્યા ગયા. શ્રીમતી તેમને પોતાનો પતિ માની ચૂકીહતી. તેથી અન્ય પુરુષ સાથે વિવાહ કરવામાં સહમતી વ્યકત કરતી હતી.

પિતા દેવદત્ત પોતાની પુત્રીની પ્રતિજ્ઞાની પૂર્તિ માટે પોતાના ઘર પર સદાવ્રત ખોલાવ્યું. જે પણ ત્યાગી મહાત્મા નગરમાં આવતા તેમને તે યોગ્ય સામગ્રી પ્રદાન કરતી. એક દિવસ મુનિ આર્દ્રકુમાર ત્યાં આવ્યા. શ્રીમતીએ તેને ઓળખી લીધા. શ્રીમતીએ બાર વર્ષ પહેલાંની ઘટનાનું સ્મરણ કરાવ્યું અને પોતાના વિવાહના સંકલ્પની યાદ દેવરાવી, શ્રીમતીનું આ અટલ પણ અને પોતાના કર્મોનું ફળ જાણીને ગૃહસ્થધર્મનો સ્વીકાર કર્યો.

સમય જતાં તેમને એક પુત્ર થયો. આદ્રકુમારે પોતાની સહધર્મિણી શ્રીમતીને કહ્યું, ''હવે આ પુત્ર તમારી દેખરેખ રાખશે અને હું ફરીથી દીક્ષા લેવા ચાહું છં.'' શ્રીમતી પતિનો આ નિશ્ચય જાણીને ચિંતામાં પડી ગઈ.

જીવન નિર્વાહનું કાંઈ સાધન ન હોવાથી તથા પુત્ર નાનો હોવાથી શ્રીમતીને પતિના આ સંકલ્પથી ચિંતા થાય એ સ્વાભાવિક હતું. તેથી જીવન નિર્વાહના હેતુથી તેને ચરખા પર સૂતર કાંતવાનું શરૂ કર્યું. નિર્દોષ બાળકને આ પરિવર્તનની સમજ પડી નહીં. એક દિવસ માને રેંટિયો કાંતવાનું કારણ પૂછવા લાગ્યો. ત્યારે માએ કહ્યું.

''હે, લાડકા તારા **પિતા** આપણને છોડીને જઇ **રહ્યા** છે. માટે હવે આ રેંટિયા પર સૂતર કાંતીને હું તારું ભરણ **પોષણ** કરીશ.''

તે સમયે બાળકે કાચા **સૂતરને** પિતાના પગોમાં **વીંટાળી** દીધું. પુત્રના સૂતર રૂપી બંધનને પિતા આદ્રકુમારને **ફરીથી** ગૃહસ્થજીવનમાં બાર વર્ષ જીવવા માટે બાંધી **દીધા. પુત્ર** મોટો થયો ત્યાર બાદ પત્નીની અનુમતિ લઇને આદ્રકુમારે **ફરીથી** દીક્ષા લીધી. (ત્રિશષ્ઠિશલાકા ચરિત્ર પૃ-૧૩૯)

ઉપર્યુકત કથાનક પરથી શ્રીમતીની દ્રઢ **સંકલ્પ શકિત તથા** સ્વાવલંબી પ્રવૃત્તિનું ઉદાહરણ સ્પષ્ટ થાય છે શ્રીમતી **પોતાના** પુત્રનું લાલન-પાલન કરતાં પોતાનો સમય **વ્યતીત કરવા** લાગી.

## ઉત્પલા

ઉત્પલા શ્રાવસ્તી નગરના શ્રેષ્ઠી શંખની વિદુષી **પત્ની હતી.** તે પતિની જેમ સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન અને સમ્યગ્ ચારિત્રનું પાલન કરતી હતી. તેને જીવ-અજીવ, પુણ્ય-પાપ, **આસ્ત્રવ**-સંવર, નિર્જરા-બંધ અને મોક્ષ એમ નવ તત્વોનું ઊંડું જ્ઞાન હતું. પતિ શંખ અને તેના મિત્રોની સાથે થતી ધર્મચર્યાને **ઉત્પલા** બહુ જ ધ્યાનથી સાંભળતી.

એક વાર શંખ શ્રાવકે પુષ્કલી શ્રાવકની સાથે **પોષધ કરવા**નો નિશ્ચય કર્યો એ ઉદેશ્યથી પુષ્કલી શ્રાવક શંખ શ્રાવકને બોલાવવા તેના ઘેર ગયો. નમ્ર ભાવે ઉત્પલાએ પુષ્કાલી **શ્રાવક**ના આગમનનું કારણ પૂછયું. ત્યારે તેણે કહ્યું, 'હે દેવાનુપ્રિયે, હું શંખ શ્રાવકની સાથે પોષધ કરવા ઇચ્છું છું. તે કયાં ગયા છે? મિત્ર પત્નીના વિનય યુકત વ્યવહારથી સંતુષ્ટ થઇને પુષ્કલ શ્રાવક પૌષધશાલા તરફ જવા નીકળ્યો. (ભગવતીસૂત્ર -૧૧-૨૨-૩-૧)

પતિની ગેરહાજરીમાં અતિથિનો સત્કાર કરી તેમને ઉચિંત માર્ગદર્શન આપવાનું કાર્ય પણ મહિલાઓકરતી હતી આ દ્રષ્ટાંતથી નારી સ્વતંત્રતાની ઝલક પ્રાપ્ત થાય **છે.**

## સુલસા

રાજા શ્રેણિકના નગર રાજગૃહ **(ભદિલપુર)માં નાગ નામનો સારથિ રહેતો** હતો. તે મહારાજ શ્રેણિકનો વિશ્વાસુ હતો. તેની પત્ની સુલસા શ્રેષ્ઠ ગુણોવાળી, **સુશીલ અને** શાંત ચિત્ત **વાળી હતી.** એને કદી પણ ક્રોધ આવતો ન હતો. બંને એક બીજાથી સુખી હોવા છતાં તેઓને સંતાનનો અભાવ હંમેશા ખટકતો **રહેતો હતો. નાગ સારથિ** તેને પોતાના અશુભ કર્મોનો ઉદય માનીને ત્યાગ, દાન અને તપસ્યા આદિ ધાર્મિક **કાર્યોમાં વિશેષ** અનુરાગ **રાખવા લાગ્યો. એક** વાર નાગ સારથિ પુત્ર ન હોવાથી ઉદાસ થઇને કર્મોને દોષ આપી રહ્યો હતો. તેની આ ઉદાસીનતાનો **અનુભવ કરી સુલસાએ** નમ્રતાપૂર્વક **કહ્યું,** ''હે આર્યપુત્ર, આપ કોઇ બીજી કન્યા સાથે પાણિ ગ્રહણ કરીને પુત્ર પ્રાપ્ત કરો'' નાગે ઉત્તર **આપ્યો. 'પ્રિયે,** જો મને પુત્ર પ્રાપ્ત થશે તો તે તારાથી જ થશે. પ્રત્યુત્તર સાંભળીને ધાર્મિક ભાવના અને સંસ્કારોમાં સદા **પ્રવૃત્ત એવી સુલસાએ ધર્મધ્યાનમાં** મન પરોવ્યું. તથા આયંબિલનું તપ કરવા લાગી. અર્થાત્ એવું ભોજન કરવા લાગી જેમાં **ઘી, દુધ, ઘઉં, તેલ મીઠું સાકર** વગેરે ન હોય.

## સહનશીલતાની પરીક્ષા અને વરદાન

સુલસા શ્રાવિકાના તપ અને ધર્મની દ્રઢ શ્રદ્ધાની ચારે તરફ ચર્ચા ફેલાવા **લાગી. ઇર્ષ્યા અને જિજ્ઞાસાથી બે સાધુ**ઓને સુલસાની ધર્મમાં દ્રઢતાની પરીક્ષા લેવાનો વિચાર આવ્યો. આ પ્રસંગ કરવા **છતાં બે દેવતાઓએ બ્રાહ્મણનું રૂપ ધારણ** કરી સુલસાની પરીક્ષા લીધી.

મુનિઓને પોતાના ઘેર આવેલા જોઇને સુલસા **અતિ અધિક પ્રસન્ન થઇ. અભ્યર્થના કરી તેઓના આગમન**નું કારણ પૂછયું. સાધુઓએ કહ્યું, ''અમારી સાથે એક રોગી સાધુ **છે તેના** ઉપચાર માટે **'લક્ષ્યાંક તેલ'ની આવશ્યકતા છે''** સુલસા હર્ષ પામી અને તેલનો ઘડો લેવા અંદરના ઓરડામાં ગઇ. **ઘડો** ઉપાડતાં જ એ **અકસ્માત છૂટીને નીચે પડી ગયો. આ પ્ર**માણે બહુ મૂલ્ય તેલના ત્રણ ઘડા નીચે પડી ગયા. તે છતાં ય તેને **જરા સરખો** પણ ક્રોધ **ઉત્પન્ન ન થયો. પણ તેને મુનિના** પાત્રમાં તેલ ન પહોંચવાનો અત્યંત ક્ષોભ થઇ રહ્યો હતો. સુલસાની અપૂર્વ ક્ષમાશીલતાને **જોઇને મુનિ બહુ જ પ્રસન્ન થયા અને** તેને આશીર્વાદ

આપ્યા તથા તેને પુત્ર પ્રાપ્તિ માટે ૩૨ વિશિષ્ટ પ્રકારની ગોળીઓ આપી અને કહ્યું કે તને બત્રીસ લક્ષણોવાળા બત્રીસ પુત્રો પ્રાપ્ત થશે. પુત્ર વરદાન પ્રાપ્ત થવાથી સુલસા અત્યંત આનંદ પામી.

સુલસાએ પૂર્ણ શ્રદ્ધા, વિશ્વાસ, ભક્તિભાવ પૂર્વક એ ગોળીઓનું સેવન કર્યું. પણ તે એક એક ન ખાતાં એક સાથે ખાઇ લીધી. પરિણામે તેનેઉર લક્ષણો વાળા બત્રીસ પુત્રોને જન્મ આપ્યો.

(ત્રિષષ્ઠિશલાકા પુરુષચરિત્ર - પર્વ-૧૦ સર્ગ-૬-પૃ. ૧૦૬)

કાલાન્તરે બધી વિદ્યાઓમાં પારંગત એવા બત્રીસ પુત્રોને રાજા શ્રેણિકે પોતાના અંગરક્ષક તરીકે નીમ્યા.

એક વખતપોતાના અંગરક્ષકો સાથે રાજા શ્રેણિક વૈશાલીમાં સુજયેષ્ટાનું અપહરણકરવા ગયા. ત્યાં સુરંગના અંધારામાં સ્વામીભકત અંગરક્ષકોનું મૃત્યુ થયું.

(ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર પર્વ-૧૦,સર્ગ-૬ પૃ. ૧૧૪)

બત્રીસ વીર પુત્રોને જનની સુલસા આ સમાચાર સાંભળીને મૃતપ્રાય થઇ ગઇ. વર્ષો બાદ ધર્મનિષ્ઠા તથા તપસ્યાના ફલસ્વરૂપ પુત્રરત્નો પ્રાપ્તિ અને ત્યાર બાદ પૂર્ણ યુવાવસ્થામાં તેમનું મૃત્યુ એક માતા કેવી રીતે સહન કરી શકે? સુલસાના ધૈર્યને ધન્ય છે કે ધર્મમાં અતૂટ શ્રદ્ધા હોવાને લીધે તેણે આ વજ્રપાતને સહન કર્યો. તથા ધર્મમાં વધારે દૃઢ થઇ. કર્મોની લીલા વિચિત્ર છે. રાજા શ્રેણિકના મહામંત્રી અભયકુમાર સુલસાશ્રાવિકાને સાન્ત્વના આપવા ગયા અને તેમના પુત્રોના સ્વયં શૌર્યની ભારોભાર પ્રશંસા કરવા લાગ્યા.

## સમકિતની પરક્ષા

કેટલાંક સમય પછી તીર્થંકર ભગવાન મહાવીરનું આગમન ચંપાનગરીમાં થયું. ત્યાં તેમને દેશના આપી. દેશના પૂર્ણ થયા બાદ રાજગૃહીના અંબડ પરિવ્રાજકે ઊભા થઇને વંદન કર્યા અને કહ્યું, 'હે ભગવાન તમારી ધર્મદેશના સાંભળીને મારો જન્મ સફળ થઇ ગયો. હું રાજગૃહી જઇ રહ્યો છું.'' મહાવીરે કહ્યું, 'રાજગૃહીમાં સુલસા નામની શ્રાવિકાને 'ધર્મલાભ' કહેજો.

સુલસાના આ અહોભાગ્ય પર અંબડ પરિવ્રાજક આશ્ચર્યચિકિત થઇ ગયો. તથા સુલસાના સમ્યકત્વની પરીક્ષા કરવાનો તેને નિશ્ચય કર્યો. આ નિશ્ચય કરીને અંબડે સન્યાસીનું રૂપ ધારણ કર્યુ અને સુલસાના ઘેર જઇને ભોજન માંગ્યું. સુલસાએ સમ્યક્ સાધુઓને જ ભોજન આપવાનું 'પણ' લીધું હતું તેથી તેને ભોજન ન આપ્યું. તેને પોતાના જ્ઞાન દ્વારા કેટલાંય પ્રકારના વિચિત્ર વેશ ધારણ કરી સુલસાને ભુલભુલામણીમાં નાંખવાની કોશિશ કરી પણ તેનો અંતે તેમણે જૈન મુનિનું રૂપધારણકરી નવકારમંત્રનું ઉચ્ચારણ કરતા સુલસાના ગૃહમાં પ્રવેશ કર્યો. સુલસાએ મુનિ જાણીને તેમનું ઉચિત સન્માન કર્યું. તે ઉપરાંત અંબડે પોતાનો પરિચય આપતા સુલસાના દ્રઢ સમકિત અને ભગવાન મહાવીર પર દૃઢ વિશ્વાસની બહુ જ પ્રશંસા કરી. તેને મહાવીર દ્વારા કહેલો ધર્મ સંદેશ આપ્યો. પોતાને પુણ્યશાલી સમજીને ભગવાન મહાવીર જે દિશામાં હતા તે દિશામાં ત્રણ વાર નમસ્કાર કર્યા. (આવશ્યકચૂર્ણિ - ભાગ-૨- પૃ. ૧૬૪).

સુલસાનું ચારિત્ર આપણા માટે આદર્શનું પ્રતીક છે. તેણે જૈન ધર્મનું દ્રઢતાપૂર્વક પાલન કર્યું. આયંબિલ જેવા કઠોર તપ ઉપરાંત, પુત્રોની પ્રાપ્તિ થઇ પરંતુ તેમનું આકસ્મિક મૃત્યુથી વિચલિત થવા છતાં સુલસાએ ધર્મનોમાર્ગ છોડયો નહીં. તે લક્ષપાક જેવું મોઘું તેલ જમીન પર ઢોળાઇ જવા છતાં વિચલિત થઇ નહીં. તે સિવાય અંબડ શ્રાવકની પરીક્ષામાં સફળ થઇ. તેને મહાન ત્યાગનો પરિચય કરાવ્યો. આ શુભ કર્મોને કારણે સુલસાએ તીર્થંકર ગોત્ર કર્મનો બંધ કર્યો. (સ્થાનાંગ-સૂત્ર ૬૯૧)

## સૂલસા-મૂલ્યાંકન

મહાવીરની ગૃહસ્થ શ્રાવિકાઓમાં સુલસાનું નામ વિશેષ શ્રદ્ધાપૂર્વક લેવામાં આવે છે. દાનશીલ સુલસા શ્રાવકોના બાર વ્રતોનું સજાગતાથી પાલન કરતી હતી. ઉત્કૃષ્ટ તપ વગેરેથી તેને પુત્ર પ્રાપ્તિ થઇ પરંતુ તેમનું મૃત્યુ કસમયે થઇ ગયું. આવા અસહ્ય આઘાતમાં પણ તે વિચલિત ન થઇ. પણ ધર્મ ધ્યાનમાં અડગ રહી. અને ભગવાન મહાવીરના સિદ્ધાંત પર અતૂટ શ્રદ્ધા સાથે સંયમબદ્ધ રહી આ બધાં ગુણોને કારણે આગામી ભવચક્રમાં તે સોલમા તીર્થંકર પદને પ્રાપ્ત કરશે. (સમવાયાંગ સૂત્ર ૧૫૯)

## રેવતી

શ્રાવસ્તી નગરના મેઢિયા ગામમાં રેવતી નામની ગાથાપત્ની રહેતી હતી. તે મહાવીરના ઉપદેશ અને સિદ્ધાંતો પર દઢ વિશ્વાસ રાખતી હતી. રેવતી ઔષધિ બનાવવાની વિશેષ કલામાં નિપુણ હતી. તે કેટલાંય પ્રકારની ઔષધિ અને પાક બનાવીને તૈયાર રાખતી હતી. આસપાસના નગરના કેટલાંયે વ્યાધિગ્રસ્ત પુરુષો, સ્ત્રીઓ અને બાળકો તેની ઔષધિઓનું સેવન કરી સ્વાસ્થ્ય પ્રાપ્ત કરતાં હતાં. કેટલાંય સાધુ અને પરિવ્રાજકો પણ તેને બનાવેલી ઔષધિનું સેવન કરી પોતાનું શારીરિક કષ્ટ દૂર કરતા હતા.

એકવાર રેવતીએ કૂષ્માંડફલ (કુમ્હડા)ને સાફ કરીને પાક તૈયાર કર્યો અને બીજા ય કેટલાંક બિજોરાંના પાક તૈયાર કર્યા. તેને મનમાં એ વિચાર્યું કે તીર્થંકર મહાવીર પોતાન શિષ્ય સમુદાયની સાથે જ્યારે આ તરફ વિહાર કરશે ત્યારે વિશેષ પ્રકારે તૈયાર કરેલા કુષ્માંડફલના પાકને તેમના પાત્રમાં અર્પણ કરવાનો સુઅવસર પ્રાપ્ત કરીશ. આ પ્રકારે દાનની ઉત્તમ ભાવનાઓની સાથે તે ધર્મધ્યાનમાં મગ્ન રહેવા લાગી.

(ભગવતી સૂત્ર ૧૫ સૂત્ર ૫૫૭)

એકવાર તીર્થંકર મહાવીર પોતાના શિષ્ય સમુદાયની સાથે શ્રાવસ્તી ન્ગરીના મેઢિયા ગામની બહાર સાલકોષ્ટક ઉદ્યાનમાં પધાર્યા. મહાવીરના શિષ્ય ગોશાલકે ક્રોધમાં આવીને ત્યાગી મહાપુરુષ પર તેજોલેશ્યા વિદ્યાનો પ્રયોગ કર્યો જેનાથી મહાવીરને દાહ-જ્વર ઉત્પન્ન થયો. તથા અતિસારથી પીડિત થઇ ગયા. આ વ્યાધિથી મહાવીરનું શરીર અત્યંત કૃશ થઇ ગયું. પોતાના ગુરુને આ વ્યાધિ જોઇને શિષ્યગણ ચિંતિત થઇને સંતાપ કરવા લાગ્યા આ શારીરિક વ્યાધિની વાત ચારેતરફ ફેલાઇ ગઇ. આ શારીરિક વ્યાધિની વાત સાંભળી માલુકા કચ્છમાં કઠિન તપસ્યા કરી રહેલા ભગવાનના શિષ્ય 'સિંહ' અનગારને પણ દુઃખ થયું. તેઓ છઠના તપની સાથે સખત તડકામાં આતાપના કરતા હતા. તેઓ ધર્માચાર્યના અનિષ્ટ થવાની ખબરથી રૂદન કરવા લાગ્યા. સર્વજ્ઞ મહાવીરને જયારે આ વાતની ખબર પડી ત્યારે તેમને 'સિંહ' અનાગારને પોતાની પાસે બોલાવી કહ્યું કે જો તું મારા સ્વાસ્થ્યની બાબતમાં વિચારીને અત્યંત ચિંતિત અને દુઃખી હોય તાયે તું મેઢિયા ગામમાં ગાથાપત્ની રેવતીના ઘેર જા અને તેને જે વાયુશામક બિજોર-પાક બનાવ્યો છે તે લઇ આવ. તે આ રોગને દૂર કરે છે. તેથી 'સિંહ' અનગાર રેવતીના ઘેર પાક લેવા ગયો. શ્રમણ મુનિને પોતાના દ્વાર પર આવેલા જોઇ રેવતીએ શ્રદ્ધાપૂર્વક વંદન કર્યા. અને પ્રભુ મહાવીરના કુશળક્ષેમ પૂછયા. ત્યારે સિંહ શ્રમણે અશ્રુપૂર્ણ નેત્રોવડે કહ્યું, "શ્રાવિકા, અર્હત પ્રભુ, દાહ-જ્વરથી પીડિત છે અને તમે જે કુષ્માંડફલનો પાક તેમના માટે વિશેષ રૂપે બનાવ્યો છે તેની આવશ્યકતા નથી પણ જે બિજોરાપાક અન્ય પ્રયોજન માટે બનવ્યો છે તેની આવશ્યકતા છે." આશ્ચર્યચિકિત થઇને રેવતી બોલી, 'હે મુનિ, કોઇ જ્ઞાની અથવા તપસ્વીએ ગારા આ ગુપ્ત કાર્યોને અને મનોભાવોને -તેના ભેદને તમારી પાસે કહ્યા છે? આ અનગારે પોતાના ગુરુનો જ્ઞાનનો મહિમા બતાવ્યો, શ્રાવિકા રેવતીએ બહુ જ શ્રદ્ધા ભાવથી તે ઔષધિ 'સિંહ અનગાર'ને અર્પણ કરી.

(ત્રિશલાકા પુરુષ - પર્વ-૧૦, સર્ગ-૮ પૃ. ૧૬૯)

મહાવીરે અનાસકત ભાવે તે ઔષધિનું સેવન કર્યું તેનાથી તેઓ જલ્દીથી સ્વસ્થ થયા. આ શુભ ભાવનાની સાથે કરેલા દાનને કારણે રેવતી શ્રાવિકાએ ભાવિ સત્તરમા તીર્થંકર નામ કર્મનો બંધ કર્યો (ભગવતી સૂત્ર-શા. ૧૫ સૂત્ર ૫૫૭) રેવતીએ પોતાની સેવાભાવના દ્વારા વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરી પોતાનું જીવન સાર્થક કર્યું. તેણે બનાવેલી ઔષધિ વડે મહાવીરની વ્યાધિ દૂર થઇ ગઇ. રેવતીનું જીવન ધન્ય છે. સેવા-ભાવના તથા ઔષધિ- વિશેષજ્ઞોમાં તેનું નામ આદરણીય રહેશે.

## રેવતી-મૂલ્યાંકન

રેવતી શ્રાવિકાના ઉદાહરણથી એ વાત પ્રમાણિત થાય છે કે તે સમયની મહલિાઓ ઔષધિ નિર્માણમાં અતિ નિપુણ હતી. તે સમયના શ્રાવક-શ્રાવિકાઓ સાધુ જીવનની કઠોર દિનચર્યાથી પરિચિત હતા. રેવતી એ વાતને ધ્યાનમાં રાખીને વિભિન્ન જાતની ઔષધિઓ બનાવી રાખતી હતી. જેથી કયારેય પણ શ્રમણ મુનિ, પરિવ્રાજક વગેરેને કામ આવી શકે. અને તેઓ વ્યાધિથી મુકત થઇ શકે. રેવતીની આ કથાથી તેની ત્યાગવૃત્તિના દર્શન થાય છે.

## સુભદ્રા

વસંતપુરના રાજા જિતશત્રુના અમાત્ય જિનદાસની પુત્રી સુભદ્રા હતી. જિનધાસ જૈન ધર્મના અનુયાયી હતા. તેથી તેમને પુત્રીને પણ જૈન ધર્મની છત્ર-છાયામાં પાળી-પોષીને શિક્ષણ આપી મોટી કરી હતી. તે બહુ જ વિનયશીલ અને ધર્મ રાગિણી હતી. માતા-પિતાએ કોઇ સુપાત્ર જૈન ધર્માવલંબી યુવક સાથે પોતાની પુત્રીના વિવાહ કરવાનું વિચાર્યું.

એ સમયે ચંપાનગરમાં બુદ્ધદાસ નામનો એક વણિક રહેતો હતો. તેનો આખોય પરિવાર બોદ્ધ ધર્મનો અનુયાયી હતો. બુદ્ધ દાસ સુભદ્રાના ગુણ અને સૌન્દર્ય પર મુગ્ધ હતા. અને તેની સાથે વિવાહ કરવા ઇચ્છતા હતા. સુભદ્રાના માતાપિતા અન્ય ધર્માવલમ્બી સાથે પોતાની પુત્રીના વિવાહ કરવા ઇચ્છુક ન હતા તેથી બુદ્ધદાસે જૈન ધર્મ અંગીકાર કરી લીધો અને સુભદ્રા સાથે વિવાહ કર્યો.

સુભદ્રાના સાસરે બધાં સભ્યો બૌદ્ધ ધર્મના અનુયાયી હતા. સુભદ્રાની જૈન ધર્મમાં શ્રદ્ધા રાખવી અને પૂજા-અર્ચન કરવી તેની સાસુને પસંદ ન હતું. તેથી અપ્રસન્ન થઇને તે વહુની વિરુદ્ધમાં બુદ્ધદાસને ભડકાવવા લાગી. પરંતુ બુદ્ધદાસને પોતાની પત્ની પર પૂરો વિશ્વાસ હતો. સુભદ્રા જૈન ધર્મ અનુસાર સદાચરણ સહિત આદર્શ ગૃહિણીનું જીવન વીતાવવા લાગી.

એક દિવસ એક શ્રમણ સાધુ સુભદ્રાને ત્યાં ભીક્ષા લેવા પધાર્યા સાધુની આંખમાં કંઇક પડવાથી લાલ થઇ ગઇ હતી. તેનાથી તેને કષ્ટ થઇ રહ્યું હતું. દયાળુ સુભદ્રાથી આ જોયું ન ગયું. અને સાધુની પાસે બેસીને તે કચરો કાઢવા લાગી. એની સાસુ આવા પ્રસંગની શોધમાં જ હતી. તેને પોતાના પુત્રબુદ્ધદાસને પણ આ દ્રશ્ય બતાવ્યું. તેનાથી પતિના મનમાં પણ પત્નીન સતીત્વ વિષે મનમાં ભારે શંકા ઉત્પન્ન થઇ. અને તે પત્ની સુભદ્રા સાથે નાખુશ રહેવા લાગ્યો. પતિ-પ્રેમથી વંચિત રહેવાથી સુભદ્રાને અસહ્ય વ્યથા થઇ. તેણે ભગવાનનું ધ્યાન, અને વ્રત ઉપવાસના અનુષ્ઠાનનો પ્રારંભ કર્યો. તે પોતાના પર લાગેલા આ મિથ્યા કલંકને ભુંસવા ચાહતી હતી.

તે દરમ્યાન એક અદ્‌ભુત ઘટના બની. ચંપાનગરીના રાજાના મહેલના દરવાજા બંધ થઇ ગયા હતા તે કોઇપણ ઉપાયે ખુલતા ન હતા. જયોતિષિઓએ કહ્યું કે આ કોઇ દૈવી પ્રકોપ છે. જો કોઇ પૂર્ણ પતિવ્રતા સ્ત્રી કાચા સુત્તરમાં ચાળણી બાંધી કૂવામાંથી પાણી કાઢીને દ્વાર પર છાંટે તો સંભવ છે કે દ્વાર ખુલી જાય.

તે માટે રાજાએ ઘોષણા કરાવી. રાજયની ઘણી સ્ત્રીઓએ કાચા સુતરના તાંતણે ચાળણી બાંધી કુવામાંથી પાણી કાઢવાની કોશિશ કરી, અંતે રાજાની આજ્ઞા અનુસાર સુભદ્રા પણ પાણી કાઢવા ગઇ. એકત્રિત બધી મહિલાઓએ આશ્ચર્ય સાથે જોયું કે કાચું સુતર તૂટયા વિના ચાળણીમાં પાણી આલી ગયું અને એ પાણી મહેલના દરવાજા પર છાંટયું અને દરવાજા ખુલી ગયા. પતિવ્રતા સુભદ્રા ધાર્મિક આસ્થામાં રહીને પોતાના ધર્મમાં દૃઢ રહી તેથી બધાં કુટુંબીજનો આ નારીના ગુણગાન કરવા લાગ્યા.

## સુભદ્રા

સુભદ્રા રાજગૃહ નગરના શ્રેષ્ઠી ધન્યાની પત્ની હતી. તેની માતાનુંનામ ભદ્રા તથા ભાઇનું નામ શાલિભદ્ર હતું. સુભદ્રાને પોતાના ભાઇ શાલિભદ્રના ત્યાગ અને એકાએક વૈરાગ્ય ભાવનાની વાતની ખબર પડી. તે એક એક દિવસે એક એક પત્ની તથા એક એક શય્યાનો ત્યાગ કરી રહ્યા હતા. આ વાતથી સુભદ્રા બહુ જ ચિંતિત તથા ઉધાસ રહેવા લાગી. આ માનસિક તનાવમાં તે એક દિવસ પોતાના પતિ ધન્ના શ્રેષ્ઠીનેજયારે સ્નાન કરાવી રહી હતી તે સમયે તેની આંખના ગરમ આંસુઓ ટીપાં પતિની પીઠ પર પડયા. સુકોમલ અંગોવાળા શ્રેષ્ઠી અશ્રુઓની ઉષ્ણતાથી વિચલિત થઇ ઊઠયા. તેમણે આનું કારણ જાણવા ચાહ્યું. પતિના આગ્રહ પર સુભદ્રાએ કહ્યું કે મારો ભાઇ શાલિભદ્ર પ્રતિદિન વૈરાગ્ય તરફ ઢળતો જાય છે. તે દરરોજ એક એક શય્યા તથા એક એક પત્નીનો ત્યાગ કરી રહ્યો છે. આ પ્રસંગે ધન્ના શ્રેષ્ઠીએ શાલિભદ્રના ક્રમશઃ ત્યાગ તેની નિર્બળતા તથા કાયરતા ગણાવ્યા. તેમણે કહ્યું જો ત્યાગ જ કરવો હોય તો એક સાથે જ કેમ ન કરી શકાય? ભાઇના ત્યાગ વિષે પતિના આ કથને સુભદ્રાના મનને ચંચલ બનાવ્યું. તે બોલી,

''કહેવું તો સરળ છે પરંતુ કરવું મુશ્કેલ છે. જો ત્યાગ કરવાનું એટલું સરળ હોય તો તમારે પોતે જ એનું ઉદાહરણ આપવું જોઇએ.''

ધન્નાએ પ્રત્યુત્તરમાં માત્ર એટલું જ કહ્યું'' મારા વ્રતમાં તું જ એક માત્રક બાધક રહી છે. પણ હવે મને તેનું જ્ઞાન થઇ ગયું છે કે સ્ત્રી, ધન વગેરે સાંસારિક આકર્ષણ નશ્વર છે. માટે હવે હું પણ ચોકકસ દીક્ષા ગ્રહણ કરીશ. પતિના ગૃહત્યાગના દૃઢ સંકલ્પે સુભદ્રાના નારી હૃદયને ઉદ્વિગ્ન કરી મૂકયું. પરંતુ જ્યારે સુભદ્રાને ખબર પડી કે એનો પતિ પોતાની પ્રતિજ્ઞામાં દૃઢ છે ત્યારે તે તેને રોકી ન શકી. સમય જતાં શ્રેષ્ઠી ધન્નાએ શાલિભદ્રને સાથે લઇને તીર્થંકર મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરી.

પોતાના ત્યાગ તથા ભાતૃપ્રેમને કારણે સુભદ્રાનું સન્નારીઓમાં ગૌરવપૂર્ણ સ્થાન છે. પોતાની માતા ભદ્રા તથા બત્રીસ ભાભીઓની સાથે તેણે શ્રાવિકાના બાર વ્રતો અંગીકાર કર્યા. અને આત્મકલ્યાણ કરવા લાગી. (ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત પર્વ ૧૦, સર્ગ૧૦ પૃ.- ૧૯૩)

અહીં આપણને સુભદ્રાના ભાતૃપ્રેમનું ઉદાહરણ પ્રાપ્ત થાય છે. એકના એક ભાઇના ત્યાગ વૈરાગ્યની ભાવનાથી દુઃખી થઇને તે પોતાના આંસુઓને રોકી શકી નહિ અને પોતાના પતિને વૈરાગ્યની પ્રેરણા આ મહિલાએ જ આપી.

## ભદ્રા

રાજગૃહમાં ધનાઢય ગૃહપતિ ગૌભદ્રની પત્નીનું નામ ભદ્રા હતું. તેના પુત્રનું શાલિભદ્ર હતું. તથા પુત્રીનું નામ સુભદ્રા હતું.

જૈન સાહિત્યમાં આ મહિલાની યશોગાથાનો વાસ્તવિક આરંભ એ સમયથી થાય છે જયારે તેના પતિનું કસમયે નિધન થવાને કારણે ભદ્રાને ફકત પોતાના પુત્ર-પુત્રીઓના ભરણ-પોષણની જવાબદારી નીભાવવી પડી, પણ પતિના ફેલાવેલ વેપાર ધંધાની દેખરેખનો ભાર પણ ઉઠાવવો પડયો. વાત્સલ્યપ્રેમને કારણે ભદ્રાએ શાલિભદ્રને વ્યાપારના સંચલનનો ભાર ન સોંપ્યો. માતાએ રૂપ, ગુણ તથા શીલયુકત બત્રીસ શ્રેષ્ઠી કન્યાઓની સાથે પોતાના એકનાએક પુત્ર શાલિભદ્રના વિવાહ કર્યા. અને શાલિભદ્ર પોતાના સપ્ત ખંડી પ્રાસાદમાં અહોનિશ સાંસારિક સુખો ભોગવવામાં સતત લીન રહેવા લાગ્યો.

ભદ્રાની અસાધારણ સૂઝબુઝ તથા વ્યાવસાયિક કુશળતાને કારણે વ્યાપારમાં નિરંતર વૃદ્ધિ થતી રહી. ભદ્રાની વ્યવસાયિક સંચાલન શકિત અને સફળતાએ દૈવી ચમત્કારની સંભાવના ઉત્પન્ન કરી. કિંવદન્તિ તો એવી છેકે પતિ ગૌભદ્ર મૃત્યુ પછી દેવ-યોનિમાં ઉત્પન્ન થયો હતો. તે પોતાના પુત્ર સ્નેહનેકારણે પોતાના પુત્ર અને પુત્રવધુઓની સુખ-સુવિધાઓ માટે વસ્ત્ર અને આભુષણોથી ભરેલા તેત્રીસ પટારા દરરોજ મોકલતો હતો. પિતાની દાનશીલતા તથા માતાની કાર્યકુશળતાને શાલિભદ્રએ નિશ્ચિંત કરી દીધો અને તે પોતાના રંગરાગમાં રત, ભૌતિકસુખોમાં જીવન વીતાવવા લાગ્યો.

એક દિવસ રાજગૃહમાં નેપાળના વ્યાપારી સોલ રત્ન જડિત કંબલ લઇને આવ્યા. એમાંના પ્રત્યેકની કીમત સવાલાખ સુવર્ણમુદ્રા હતી. તેથી રાજગૃહમાં કોઇ ખરીદી શકયું. શ્રેષ્ઠી ભદ્રાએ પોતાના નગરનું ગૌરવ રાખવા માટે તે બધાં કંબલો ખરીદી લીધા. અને એક એકના બે બે ટૂકડા કરીને બત્રીસ પુત્રવધુઓને આપી દીધા. આ કંબલોની એ વિશેષતા હતી કે તે શિયાળામાં ગરમી અને ઉનાળામાં ઠંડક આપતાં હતાં. આ અદ્દભુત કંબલો મેળવવાનો રાણી ચેલણાનો અતિ આગ્રહ જોઇને રાજા શ્રેણિકે વેપારીઓને બોલાવ્યા. પણ તેઓએ વિવશ થઇ કહ્યું કે તમારા નગરની ભદ્રા શેઠાણીએ બધા કંબલ ખરીદી લીધા છે.

રાજા શ્રેણિકનો સંદેશો મળતાં ભદ્રા રાજાને યોગ્ય બહુમૂલ્ય ઉપહાર લઇને રાજદરબારમાં ગઇ અને નમ્રતાથી બોલી ''રાજન મારા સ્વર્ગવાસી પતિ દેવગતિમાં છે અને પુત્રપ્રેમથી વશીભૂત થઇને શાલિભદ્ર તથા તેમની પત્નીઓને વસ્ત્રાભૂષણ વગેરેના તેત્રીસ પટારા દરરોજ મોકલે છે. રત્નકંબલનો સ્પર્શ પુત્રવધુઓને કઠોર લાગે છે અને તેથી તેનો ઉપયોગ તેઓ પગ લૂછવા માટે કરે છે. ત્યાર બાદ ભદ્રાએ અતિ-આગ્રહ પૂર્વક રાજાશ્રેણિકને પોતાના ઘેર પધારવાનું આમંત્રણ આપ્યું. રાજાએ સહર્ષ નિમંત્રણનો સ્વીકાર કર્યો.

ભદ્રા પોતાના રથમાં બેસીને પોતાના આવાસ પર ગઇ. અને રાજાના સ્વાગત માટે વ્યસ્ત થઇ ગઇ. રાજા પણ રાજકીય ઠાઠમાઠપૂર્વક ભદ્રાને ત્યાં પધાર્યા. ભદ્રાએ શ્રેણિક રાજાનું પોતાના ઘેર ઉચિત સ્વાગત કર્યું. તથા પુત્ર શાલિભદ્રને પણ રાજાને મળવા માટે બોલાવ્યા. માતાનું સંબોધન ''રાજા શ્રેણિક આપણાં નાથ છે.'' શાલિભદ્રને ઉચિત ન લાગ્યું. તે તો પોતે સ્વામી બનવા ઇચ્છતો હતો. તેથી દાસપણાની આ તીવ્ર ભાવનાથી તેનું મન સાંસારિક ભોગોથી વિરકત થઇને વૈરાગ્ય તરફ પ્રવૃત્ત થયું. પરંતુ માતાના અતિ આગ્રહથી પ્રતિદિન એક પત્ની તથા એક શય્યાનો ત્યાગ કરતાં કરતાં ક્રમશઃ વૈરાગ્ય તરફ આગળ

વધ્યા.

તીર્થંકર મહાવીરના રાજગૃહ આગમન પ્રસંગે શાલિભદ્ર તથા ધન્ના બંનેએ પ્રવજયા ગ્રહણ કરી. માતા ભદ્રા પણ પુત્રવધુરોની સાથે શ્રાવક ધર્મ સ્વીકાર કરી સાધનામય જીવન વ્યતીત કરવા લાગી.

એકવાર તીર્થંકર મહાવીર પોતાના ધર્મ સમુદાયના સાથે રાજગૃહીમાં પધાર્યા. શાલિભદ્ર મુનિએ કઠોર સાધના કરી પોતાની કાયા કૃશ કરી નાંખી. તે મહાવીર સ્વામીની આજ્ઞા લઇ ભદ્રા માતાની પાસે આજ્ઞા લેવા ગયા. પણ ભગવાન મહાવીરના દર્શનાર્થે જવાની ઉતાવળમાં માતા ભદ્રા પોતાના પુત્ર શાલિભદ્રને ઓળખી ન શકી અને શાલિભદ્ર આહાર વિના ત્યાંથી પાછા ફર્યા. માર્ગમાં એક ગોવાલણે વાત્સલ્યથી વશીભૂત થઇને તેમને દહીંના પારણા કરાવ્યા. મુનિ શાલિભદ્ર મહાવીરની આજ્ઞા લઇને સંલેખના લઇને પર્વત પર ચાલ્યા ગયા.

માતા ભદ્રા પોતાના પરિવાર સહિત સમવસરણમાં આવેલ ત્યારે ભગવાન મહાવીરે આ અવસરે શાલિભદ્રની ભિક્ષા લેવાની વાતથી માંડીને અનશન સુધીની સર્વ વાત કહી સંભળાવી. એ જાણીને કે દ્વાર પર આવેલ ઉપેક્ષિત મુનિ બીજા કોઇ નહિ પણ શાલિભદ્ર તથા જમાઇ ધન્ના હતા તે જાણીને ભદ્રાને વજ્રપાતથયો હોય એમ લાગ્યું. તે શીઘ્રતાથી પર્વતપર  પોતાના પુત્રને જોવા ગઇ. પુત્રનીકૃશકાયા તથા સાધનામય જીવનનેજોઇને માતાનું હૃદય આકૂળવ્યાકૂળ થઇ ઊઠયું. તે મૂર્છા પામી. તે સમયે ત્યાં સમ્રાટ શ્રેણિક પણ ઉપસ્થિત હતા. તેઓએ માતા ભદ્રાને આશ્વાસન આપ્યું અને ધર્મમાં દૃઢ આગ્રહ રાખવા સમજાવ્યું.

માતા ભદ્રાના પુત્ર શાલિભદ્રનો વૈભવ વિલાસમય સાંસારિક જીવન તથા કઠોર સાધનાયુકત જીવન બંને અસાધારણ તથા અદ્વિતીય હતા.

## ભદ્રા-મૂલ્યાંકન

ભદ્રાની કાર્યકુશળતા, સક્ષમતા, વ્યવહારદક્ષતા અને બુદ્ધિચાતુર્યથી સ્પષ્ટ થાય છે કે તે એક વિલક્ષણ પ્રતિભાશાળી ગૃહિણી હતી. જેને પોતે જાતે પોતાના પતિના વ્યવસાય વાણિજયનો ચારે દિશામાં વિકાસ અને વિસ્તાર કર્યો. એનું ચરિત્ર એ વાતની પ્રતીતિ કરાવે છે કે તત્કાલીન સમાજમાં શ્રેષ્ઠીની પત્ની સર્વગુણ સંપન્ન તથા નિપુણતા ધરાવતી હતી. વેપાર ધંધાના કાર્યમાં તેઓ અદભુત ક્ષમતા ધરાવતી હતી.  જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં એમની દક્ષતાના પ્રમાણ સ્વતઃ સિદ્ધ છે. તત્કાલીન સમાજમાં આ ગુણોને કારણે તેને ગૌરવ તથા આદર મળતો હતો.

## ભદ્રા

રાજગૃહી નગરીના રાજા શ્રેણિકના રાજયમાં સાર્થવાહ પોતાની પતિવ્રતા સહધર્મિણી ભદ્રાની સાથે સુખ પૂર્વક જીવન વીતાવતો હતો. તેને સર્વ પ્રકારે સુખ હતું. પણ પત્ની ભદ્રાને સંતાન ન હતું. અને સંતાન ન હોવાતી તે ખિન્ન અને નિરાશ રહેતી હતી. નિઃસંતાન ભદ્રા પોતાના આ દુઃખને દૂર કરવા માટે શ્રદ્ધાપૂર્વક નાગદેવતાની આરાધના કરવા લાગી. અને આ શ્રદ્ધાના ફલસ્વરૂપે તેને પુત્રની પ્રાપ્તિ થઇ. એનું નામ દેવદત્ત રાખ્યું. તથા ચેટક નામના સેવકને એની દેખરેખ માટે નીમ્યો.

એકવાર ભદ્રાએ પોતાના પુત્ર દેવદત્તને નવડાવીને સુંદર વસ્ત્રાભૂષણોથી વિભૂષિત કરી ચેટકની દેખરેખમાં રમવા મોકલ્યો. તે ચેટક બાળકો દેવદત્તને એક જગ્યાએ બેસાડી અન્ય બાળકોની સાથે અસાવધાન થઇ રમવા લાગ્યો. તે સમયે વિજય ચોરે બાળક દેવદત્તના આભૂષણો જોઇને લોભવશ ચૂપકીદીથી તેનું અપહરણ કર્યું. અને નિર્જન સ્થાનમાં લઇ જઇને તેની હત્યા કરી અને તેનું શબ નિર્જન અંધારિયા કૂવામાં નાંખી દીધું. તથા આભૂષણો લઇને તે ભાગી ગયો. રાજના કર્માચારીઓએ તેને પકડી પાડયો અને તેને કડવી સજા થઇ. તથા કારાવાસમાં પૂરી દેવામાં આવ્યો.

તત્પશ્ચાત કોઇ રાજકીય અપરાધને કારણે સાર્થવાહને થોડા સમય માટે કારાવાસમાં જવું પડયું. વિજય ચોર પણ શેઠને ત્યાં મળ્યો. શેઠનું ભોજન ઘેરથી આવતું હતું. વિજય ચોરે શ્રેષ્ઠીને કહ્યું કે આમાંથી મને પણ થોડું ખાવા માટે આપો ત્યારે શ્રેષ્ઠીએ ઉત્તરમાં કહ્યું કે ''મારા પુત્રના હત્યારા, તને હું આ ભોજન નહીં આપું.''

કારાગારમાં અન્ય કોઇ સાથીઓ ન હોવાને કારણે ઇચ્છા ન હોવાં છતાં કોઇ કોઇ કામ માટે શ્રેષ્ઠીને વિજય ચોરની સહાયતા લેવી પડતી. ધીરે ધીરે બંનેની નિકટતા વધી અને શ્રેષ્ઠી પોતાના ભોજનમાંથી થોડુંક રોજ વિજયને આપવા લાગ્યા. નોકર દ્વારા વિજય અને પોતાના પતિની નિકટતા વિશે જાણીને ભદ્રાને અસીમ વેદના થઇ.

જ્યારે ધન્યા સાર્થવાહ કારાવાસમાંથી મુકત થઇને ઘેર આવ્યો તો કુટુંબના અન્ય લોકોએ સન્માન પૂર્વક તેમના કુશલક્ષેમ પૂછયા. પરંતુ ભદ્રાએ તેમની સાથે સારી રીતે વાત સુદ્ધાં ન કરી. શ્રેષ્ઠીએ જ્યારે ભદ્રાને આનું કારણ પૂછયું ત્યારે તેણે કહ્યું.

''આપ મારા સંતાનના હત્યારાને તમારૂં ભોજન આપતા હતા. તથા તેની મદદ લેતા હતા.'' શ્રેષ્ઠીઓ ભદ્રાને સારી રીતે સમજાવ્યું કે મેં બાહ્ય શારીરિક પ્રયોજન માટે જ તેનો સહકાર લીધો છે. ત્યારે ભદ્રા સંતોષ પામી. તથા પૂર્વવત્ પતિની સેવા કરવા લાગી. એકવાર આચાર્ય ધર્મઘોષ રાજગૃહમાં આવ્યા, તેમના પ્રવચનથી પ્રભાવિત થઇને ધન્ય સાર્થવાહે દીક્ષા લધી. તથા ઉગ્ર તપસ્યા કરીને કાલાન્તરે સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયો. (જ્ઞાતધર્મ કથાંગ સૂત્ર અ-૨. પૃ. ૧૪૨-૧૫૪)

## ભદ્રા - મૂલ્યાંકન

આ રૂપક કથાના માધ્યમ દ્વારા ત્યાગી વર્ગને સચેત કરવામાં આવે છે કે ભોજન કેવળ શરીર રક્ષણ માટે કરવામાં આવે. કારણ શરીર દ્વારા સાધુ જીવન તથા નિયમોનું પાલન થઇ શકે.

## રોહિણી

રોહિણી શ્રેણિક રાજાનીરાજધાની રાજગૃહના સાર્થવાહ ધન્યાની સૌથી નાની પુત્રવધૂ હતી. એક વખત સાર્થવાહે ચારેય પુત્રવધુઓની યોગ્યતાની પરીક્ષા લેવાનો વિચાર કર્યો તેણે કુટુંબીઓ તથા જ્ઞાતિજનોની સમક્ષ પોતાની ચારેય પુત્રવધુઓને બોલાવીને પાંચ-પાંચ દાણા ચોખાના આપતાં કહ્યું,

''હે પુત્રીઓ તમે આ પાંચ-પાંચ દાણા લો તેને લઇને તેનું સંરક્ષણ અને સંવર્ધન કરતી રહે અને જ્યારે હું પાછા માંગુ ત્યારે મને પાછા આપી દેજો.''

આ પ્રકારે ઉજ્ઝિકા, ભોગવતી, રક્ષિકા અને રોહિણી - આ ચારેય પુત્રવધુઓને આ પ્રકારનો આદેશ આપીને સાર્થવાહ યોગ્ય સમયની પ્રતીક્ષા કરવા લાગ્યો.

(જ્ઞાતધર્મકથાંગ સૂત્ર-અ૭. પૃ. ૨૨૫, આચાર્ય આનંદઋષિજી.)

પાંચ વર્ષ પછી ચારેય પુત્રવધુઓને બોલાવીને સાર્થવાહે ચોખાના દાણા પાછા આપવા કહ્યું. પહેલીએ બે દાણા નષ્ટ કર્યા હતા. બીજીએ એ દાણા પોતે જ ખાઇ લીધા હતા. ત્રીજીએ કે પેટીમાં ચોખાના દાણા સંભાળીને રાખ્યા હતા. તે લાવીને પાછા આપ્યા. જ્યારે ચોથી પુત્રવધૂ રોહિણીને ચોખાના દાણા પાછા આપવા માટે કહ્યું ત્યારેતેને કહ્યું,

''તાત, તમે ઘણી ગાડીઓ આપો જેમાં હું આપને તે પાંચ ચોખાના દાણા પાછા આપી શકું. કારણકે તે પાંચ ચોખાના દાણાને સેવકો દ્વારા પહેલે વર્ષે નાના કયારામાં, બીજે વર્ષે ખેતરમાં આમ અનુક્રમે વાવ્યા. અને પાંચ વર્ષમાં પર્યાપ્ત ધન એકત્રિત કર્યું.

સાર્થવાહે રોહિણીની ચતુરાઇથી પ્રસન્ન થઇને તેને ગૃહસ્થીના અનેક રહસ્યપૂર્ણ કાર્યોમાં પરામર્શદાત્રી તરીકે નીમી. તથા અન્ય પુત્રવધુઓને તેમની યોગ્યતા પ્રમાણે ગૃહસ્થના અન્ય કાર્યોની જવાબદારી સોંપી. અહીં આ રોહિણીની વિલક્ષયણ કાર્યક્ષમતા તથા વિચાર શકિતનો પરિચય થાય છે.

## રોહિણી-મૂલ્યાંકન

આ દૃષ્ટાંતથી પ્રતીત થાય છે કે તે જમાનામાં મહિલાઓની બુદ્ધિમતા તથા કાર્યાનિપુણતાની પરીક્ષા લેવામાં આવતી હતી. આ રૂપક સાધુ-સાધ્વીઓના આચારને માટે ઉપયોગી છે. જે સાધુ-સાધ્વીઓ અનાગાર ધર્મના પાંચ મહાવ્રતોની રક્ષા કરે છે તે આ જન્મમાં બીજા સાધુ-સાધ્વી તથા શ્રાવક-શ્રાવિકાઓમાં પૂજનીય ગણાય છે.

## નન્દા

કૌશામ્બી રાજ્યના મંત્રી સુગુપ્તની પત્ની નન્દા દયા તથા કરુણાની મૂર્તિ હતી. તીર્થંકર મહાવીરના પ્રત્યે એના હૃદયમાં અપાર શ્રદ્ધા હતી. અને દૃઢ નિષ્ઠા હતી. રાજરાણી મૃગાવતી પ્રત્યે તેને અપ્રતીમ સ્નેહ હતો. અને તેથી બંને વચ્ચે સખીભાવ હતો.

એકવાર તીર્થંકર મહાવીર કૌશામ્બી અને એની ચારે બાજુના ભાગોમાં ભ્રમણ કરી રહ્યા હતા. એક વાર મહાવીર ભિક્ષા પ્રાપ્ત કરવા માટે નન્દાના નિવાસ તરફ ગયા. પોતાના નિવાસ તરફ તેમને આવતા જોઇને નન્દાને અપાર હર્ષ થયો. તે ઉત્સાહિત થઇ ઉઠી અને અર્પિત કરવા યોગ્ય ભિક્ષા લઇને મુનિની સમક્ષ ઉપસ્થિત થઇ. નન્દાદ્વારા આપેલી ભોજ્ય સામગ્રીથી પોતાનો અભિગ્રહ પૂરો નહિ થાય એમ જાણીને તપસ્વી તત્ક્ષણ આગળ વધ્યા. નન્દા થોડી ક જ ક્ષણોમાં હર્ષ અને વિષદની આ ઘટનાથી અત્યંત વ્યથિત થઇ ગઇ. તેણે આ ઘટનાની સંપૂર્ણ જાણકારી રાણી મૃગાવતીને પહોંચાડી. શ્રદ્ધાવાન બંને નારીઓએ પોત પોતાના પતિની પાસે આ બાબતે પોતાની ચિંતા વ્યકત કરી પરંતુ તેઓ પણ એ ન બતાવી શકયા કે તપસ્વી મુનિનો અભિગ્રહ શું હતો? (કલ્પસૂત્ર-૮૨)

દૃઢ નિષ્ઠા, ધર્માનુકલ સદાચાર, શુભ વિચારો અને મહાવીરના અભિગ્રહને જાણવાની મનની અભિલાષાએ સમાજમાં તેમને પ્રસિદ્ધ કરી દીધાં. જો કે ભગવાન મહાવીરને સાક્ષાત પ્રાપ્ત કરીને પણ તેમના અભિગ્રહને જાણી શકી નહીં પરંતુ જીવનમાં ઉપસિથત થયેલ આવી અણમોલ ક્ષણોએ તેમના મનમાં એકાગ્રતા અને દૃઢતા પ્રદાન કરી. જેનાથી તે સંયમ-નિયમ અને આત્મહિત સાધનામાં વધારે દ્રઢ થઇ.

(ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત. પર્વ-૧૦ સર્ગ-૨, પૃ. ૮૨-૧૧૦)

## નન્દા -મૂલ્યાંકન

નન્દાની મનોદશાથી એ પ્રતીત થાય છે તત્કાલીન સમાજમાં સાધુ, મુનિ અને ત્યાગી વર્ગને માટે મહિલાઓ તેમની કષ્ટ પીડાને દૂર કરવામાં પોતાનું પરમ કર્તવ્ય અને ધર્મ સમજતી હતી.

## બહુલિકા

સાનુયષ્ટિક ગામના આનંદ નામના ગૃહસ્થ ને ત્યાં કેટલીય દાસીઓહતી. તેમાં એક બહુલા નામની દાસી પણ હતી. બહુલા પોતાના કાર્ય, નિષ્ઠા અને પરિશ્રમવડે પોતાના સ્વામીને હંમેશા ખુશ રાખતી હતી. એક વખત કેટલાંય પ્રકારની કઠોર તપસ્યા પૂર્ણ કરીને મહાવીર આહાર લેવા નીકળ્યા. ત્યાં તેઓ આનંદ શ્રેષ્ઠીને ઘેર ગયા. બહુલા દાસી અવશિષ્ટને એક બાજુ મુકીને રસોઇના વાસણ સાફ કરી રહી હતી. તે સમયે તપથી કૃશકાય થઇ ગયેલા મુનિને જોઇને તે દાસીએ પૂછયું,

''હે મુનિરાજ, આ ભોજન આપને યોગ્ય છે શું? દાસીએ બહુ જ ભકિતભાવપૂર્વક ભોજન કર્યા બાદ વધેલા ભોજનમાંથી ભોજ્ય પદાર્થ મહાવીરને આપ્યા. મહાવીરનો આ નિર્દોષ અન્ન તથા વાસી ભોજનથી સહજભાવે પારણું કર્યું. આ આહારદાનના મહિમાથી શ્રેષ્ઠીને ત્યાં 'પાંચ દિવ્યો' પ્રકટ થયા. જન માનસમાં આનંદની લહેરો ઊભરાઇ આવી. આ દાનના મહિમા રૂપે બહુલાને દાસત્વમાંથી મુકિત મળી. અને તેને મહાવીરના સિદ્ધાંતોનું પાલન કરતાં કરતાં ધર્મ ધ્યાનમાં પોતાનું બાકીનું જીવન વીતાવવા લાગી. (જૈન ધર્મકા મૌલિક ઇતિહાસ આ. હસ્તીમલજી પૃ. ૩૮૭)

## વત્સપાલિકા

સાધનાના અગિયાર વર્ષમાં છ માસની તપસ્યા પૂર્ણ કરીને મહાવીર વજગામમાં ગોચરી લેવા ગયા. વત્સપાલિકા નામની વૃદ્ધા ગોવાલણે કૃશાકાય તપસ્વીને જોઇને શ્રદ્ધાપૂર્વક વંદન કર્યા અને ભકિતભાવથી પોતાને ત્યાં પારણા કરવા માટે નિમંત્રિત કર્યા. ગોવાલણે પ્રભુને પરમ અન્ન (દૂધની ખીર) વડે પારણા કરાવ્યા. આ દાનના મહિમારૂપે ત્યાં 'પાંચ દિવ્યો' પ્રકટ થયા. તે મહાવીરના સંયમ દેવના ઉપસર્ગના સમયના દીર્ઘકાલિક તપસ્યાના પારણા હતા. ગોવાલણ વત્સપાલિકાનું દારિદ્રય સદાને માટે ગયુ. તે મહાવીરની ભકત બની ગઇ. ('કલ્પસૂત્ર'-સુબોધિકા-ટીકા - પૃ.૮૦, આચાર્ય વિનયવિજયસૂરિ.)

## વત્સપાલિકા - મૂલ્યાંકન

તત્કાલીન સમાજવ્યવસ્થામાં નિમ્ન શ્રેણીના લોકો પાસેથી આહાર ગ્રહણ કરીને મહાવીરે જાતભાતનો ભેદ સર્વથા દુર કર્યો હતો.

## વિજયા અને પ્રગલ્ભા

જૈન ધર્મના તેવીસમા તીર્થંકર પાર્શ્વનાથના ધાર્મિક સિદ્ધાંતો પર વિશ્વાસ રાખનારી આ બંને મહિલાઓ ભદિધ્યા નગરીની પાસે કૂપિય સન્નિવેશ (ગ્રામ)માં રહેતી હતી. તેઓએ પૂર્વમાં શ્રમણ ધર્મમાં દીક્ષા લીધી હતી. પરંતુ સાધ્વી સંઘના કઠોર નિયમ પાલનમાં પોતાને અસર્મથ જાણીને એ સંયમ વ્રત ત્યાગી દીધા, અને પરિવ્રાજિકા બનીને પોતાનો સમય ધર્મ ધ્યાનમાં વીતાવવા લાગી.

એક વખત વર્ધમાન મહાવીર વિચરણ કરતાં કરતાં પાંચમા ચાતુર્માસમાં કૂપિય ગામમાં આવ્યા. ત્યાંર રક્ષકોએ તેમને ગુપ્તચર સમજીને બન્દી બનાવ્યા. શ્રમણ મુનિને બન્દી બનાવ્યાની ચર્ચા બંને પરિવ્રાજિકાઓએ પણ સાંભળી. આ સમાચાર સાંભળીને કરુણા ભાવથી બંનેનું હૃદય દ્રવી ઉઠયું અને તરત જ નગર-રક્ષકે મહાવીરને જયાં રાખ્યા હતા ત્યાં પહોંચી. ત્યાં નગર-રક્ષકો મહાવીરને કષ્ટ આપી રહ્યા હતા. બંને પરિવ્રાજિકાઓએ આ ગ્રામ-રક્ષકોને મહાવીરનો પરિચય આપતાં કહ્યું કે ''ક્ષત્રિયકુંડના તે સમયના રાજા નંદિવર્ધનના ભાઇ ઉચ્ચકોટિના પરમ સાધક છે. તથા સાધના કાળમાં મૌનવ્રત લીધેલું છે. માટે તેને શીઘ્ર બંધન મુકત કરી દો.''

આ સાંભળીને રક્ષકોએ તરત જ મહાવીરને બંધન મુકત કરી દીધા. અને તેમની ક્ષમા માંગી.

શ્રમણ ધર્મના કઠોર નિયમોથી પરિચિત હોવાને કારણે સાધનારત મુનિનું કષ્ટ નિવારણ કરી તે બંનેએ કર્તવ્યનું પાલન કર્યું. વિજયા અને પ્રગલ્ભાએ વિનયવંત બનીને મહાવીરને વંદન કર્યા. અને તેમની કટોર સાધના તથા સહનશીલતાની પ્રશંસા કરતી પોતાના સ્થાને પાછી ફરી. (શ્રમણભગવાન મહાવીર-પૃ. ૩૨૫. કલ્યાણ વિજયજીગણી).

## સોમા અને જયન્તી

વિજયા અને પ્રગલ્ભાની જેમ સોમા અને જયન્તી નામની પરિવ્રાજિકાઓએ ગામના રક્ષકોને મહાવીર સાથે દુર્વ્યવહાર કરતાં રોકયા અને કષ્ટને માટે તેમની ક્ષમા માંગી.

મહાવીરકાલીન નારીઓમાં ચંદનબાલાનું ચારિત્ર એક એવું જવજવલ્યમાન નક્ષત્ર છે જે ત્યાગ, તપસ્યા,અને સહિષ્ણુતાની સાથે પોતાના લક્ષ્ય પર દૃઢ રહીને ચાલવાવાળા પથિકોના માર્ગની સદૈવ પ્રશંસા કરતા રહે. એ યુગની નારીઓ કેવલ વિદુષીઓ જ ન હતી પણ તેઓ વિચારક પણ હતી. તેઓ દરેક કઠિન પરિસ્થિતિઓમાં તેઓ સંયમ અને વિવેક દ્વારા પોતાના કર્તવ્યોનું પાલન કરતી હતી. સેવા અને વિનયશીલતા તે એમના સ્વાભાવિક ગુણો હતા.

તત્કાલીન સમાજમાંનારીને અત્યંત નીચી દ્રષ્ટિથી જોવામાં આવતી. આ નીચી દ્રષ્ટિનો શિકાર ચંદનબાલા વગેરે સ્ત્રીઓ બની હતી. તે છતાં પણ તેમના મનમાં સમાજ પ્રત્યે કોઇપણ પ્રકારની કડવાશ પેદા ન થઇ. તેઓપોતાની સમક્ષ ઊભી થયેલી મુશ્કેલીઓને પોતાના કર્મોનું ફળ માનીને તેનો સાહસથી સામનોકરતી હતી. ઉદાહરણાર્થ ચંદનબાલાએ પોતે રાજકુમારી હોવાનો આભાસ ન થવા દીધો. આ તેની મહાનતાનો પરિચયઆપે છે. ત્રણ દિવસ સુધી ભુખી-તરસી રહીને પણ અતિથિને પહેલાં ભોજન આપવાની ભાવના તે યુગની નારીઓની દાનની ઈચ્ચતમ ભાવનાની પ્રતીક છે.

તીર્થંકર મહાવીરની સાથે ચંદનબાળાનું નામ એવી રીતે જોડાયેલું છે જે પ્રકારેરામની સાથે શબરીનું જે પ્રકારે ભગવાન રામ સમાજ દ્વારા તિરસ્કૃત અને ઉપક્ષિત ભીલ સ્ત્રી શબરીના એંઠા બોર ભાઇલક્ષ્મણે મનાઇ કરવાં છતાં પણ ખાધાં અને ઊંચનીચના ભેદભાવની ખીણને દૂર કરી દીધી. તે જ રીતે ભગવાન મહાવીરે પણ વિવિધ પ્રકારની ઘોર યાતનાઓ, સંઘર્ષો અને સાંસારિક વિરોધથી ત્રસેલી ચંદનબાળાનો ઉદ્ધાર કર્યો. તથા તેને તત્કાલીન શ્રમણસંઘની છત્રીસ હજાર સાધ્વીઓનું નેતૃત્વપ્રદાન કર્યું.અને મહિલા વર્ગનું ગૌરવ બક્ષ્યું.

# મહાવીરોત્તર જૈન સાધ્વીઓ અને મહિલાઓ

તીર્થંકર મહાવીરના નિર્વાણ (ઇ. પૂર્વ-૫૨૭) પછી પાંચમાં ગણધર શ્રી સુધર્માસ્વામી સંઘના પ્રથમ આચાર્ય બન્યા.

(કલ્પસૂત્ર સુબોધિકા ટીકા. પૃ. ૧૭ ઉપા. વિનયવિજયજી)

તેમના નેતૃત્વમાં તીર્થંકર મહાવીર દ્વારા સંસ્થાપિત સંઘના ચારેય વર્ગોએ (સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓજૈન ધર્મના પ્રચાર અને પ્રસાર બહુ જ ઉત્સાહ અને નિષ્ઠાપૂર્વક કર્યો. (કલ્પસૂત્ર સુબોધિકા ટીકા-પૃ. ૧૮) ઉપા- વિનયવિજયજી)

તીર્થંકર મહાવીરના સમયમાં સાધ્વી ચંદનબાલાના નેતૃત્વમાં ૩૬ હજાર સાધ્વીઓ દીક્ષિત થયાના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. (કવિ -પુષ્પદન્ત- વીરજિણંદચરિઉપૃ-૩૬) આટલી મોટી સંખ્યામાં મહિલાઓએ સંસારનો ત્યાગ કરી દીક્ષા અંગીકાર કરી એ જૈન ધર્મના વિશિષ્ટ ગુણોનો પ્રભાવ રૂપે જ છે. મહાવીર દ્વારા દીક્ષિત આ સાધ્વીઓની શૃંખલા એમના નિર્વાણ પછી પણ ચાલતી જ રહી કેટલાંય રાજ મહિષિઓ, રાજ પુત્રીઓ તથા શ્રેષ્ઠિ મહિલાઓએ સંસારનો ત્યાગ કરી પ્રવ્રજ્યા લીધી. આ પ્રકારે સાધ્વી પરંપરાની જડ જે પૂર્વવર્તી તીર્થંકરોના સમયથી ચાલતી આવી રહી હતી તેને મહાવીરે એટલી સુદૃઢ અને વ્યવહારિક રૂપ આપ્યું કે તે કાલની થપ્પડો ખાઇને પણ અક્ષુણ્ણ રહી છે. આ નિવૃત્તિ માર્ગી પરંપરાએ વર્તમાન જગતમાં પોતાનું વર્ચસ્વ બનાવી રાખ્યું છે. પ્રમાણરૂપે આજ પણ આપણે જોઇએ છીએ કે જૈન ધાર્મિક પરંપરામાં સાધુઓની અપેક્ષાએ સાધ્વીઓની સંખ્યા વિશેષ છે. આજે પણ જૈનસંઘોમાં સાધ્વીઓની સંખ્યા (જૈન ધર્મનો મૌલિક ઇતિહાસ પૃ.- ૨૦૨) સાધુની સંખ્યા કરતાં ત્રણ ગણી છે.

## ધારિણી

ધારિણી રાજગૃહના ધનકુબેર શ્રેષ્ઠ ૠષભદત્તની પત્ની હતી. પતિ–પત્ની બંને ધાર્મિક, દયાળુ, દૃઢપ્રતિજ્ઞ અને દાનશીલ હતા. ધારિણી શીલવતી, નિષ્કલંક અને સ્વચ્છ સ્ફટિક મણિ સમાન નિર્મળ સ્વભાવવાળી તથા જૈન ધર્મ પ્રતિ અતૂટ આસ્થાવાન હતી. પરંતુ નિઃસંતાન હોવાથી ધારિણી ચિંન્તિત અને દુઃખી રહેતી હતી. કાલાંતરે નિષ્કપટ ભાવથી હંમેશા ધર્મ આરાધના કરવાથી ધારિણીએ ગર્ભધારણ કર્યો. અને સુધર્માસ્વામી દ્વારા વિધ્ન બતલાવવાથી એકસો આઠ આયંબિલ વ્રત કર્યું.

ગર્ભના પ્રવેશ પછી ધારિણીને જાંબૂ ફલનું સ્વપ્ન આવ્યું અને ત્યાર પછી તેને ગર્ભનું યથોચિત પાલન કર્યું. ગર્ભકાળ પૂર્ણ થયા બાદ ધારિણીએ એક મહા તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. બાલ્યકાળ પૂર્ણ થયા બાદ તેને પોતાના પુત્રને આઠ શ્રેષ્ઠિકન્યાઓ સાથે વાગ્દાન કર્યું. પછી પુત્રએ દીક્ષા લીધા બાદ માતાએ પણ દીક્ષા ગ્રહણ કરી. (મુનિ રત્નપ્રભસૂરિ- જમ્બુચરિત્ર)

એક સમયે આચાર્ય સુધર્માસ્વામી પોતાના ધાર્મિક પરિવાર (સાધુ-સાધ્વીઓ) સાથે રાજગૃહ આવ્યા. અહીંયા શ્રેષ્ઠીપુત્ર જંબુકુમારે તેમના પ્રવચન તથા ધાર્મિક સિદ્ધાંતોથી પ્રભાવિત થઇને નવવિવાહિત આઠ પત્નીઓની સાથે પ્રવજ્યા ગ્રહણ કરી.

(કલ્પસૂત્ર સુબોધિકા ટીકા -પૃ-૧૨૦ ઉપા. વિનયવિજયજી)

તે પ્રસંગે વર્ણવેલ કથાનક નીચે પ્રમાણે છે.

રાજગૃહનાસંપન્ન અને સમૃદ્ધ શ્રેષ્ઠિ ૠષભદત્ત પોતાની પત્ની ધારિણી સાથે આચાર્યના દર્શન અને તેમના ધાર્મિક પ્રવચન સાંભળવા ગયા. એમના એકના એક પુત્ર જંબુકુમારને પણ સાથે લઇ ગયા. જંબુકુમારની મિત્રમંડળી પણ સાથે હતી. વૈરાગ્યમય ધાર્મિક ઉપદેશથી જંબૂકુમાર એટલા પ્રભાવિત થયા કે તેમણે પ્રવચનપછી આચાર્ય પાસે શ્રાવકવ્રત ગ્રહણ કર્યા તથા આજીવન બ્રહ્મચારી રહેવાની પ્રતિજ્ઞા કરી. (કલ્પસૂત્ર સુબોધિકા ટીકા પૃ. ૧૩૦)

તત્કાલીન સામાજિક પ્રથા અનુસાર રૂપ, ગુણ તથા અનેક કલાઓમાં પારંગત જંબૂકુમારનું વાગ્દાન પ્રતિષ્ઠિત અને સમૃદ્ધ શ્રેષ્ઠિઓની આઠ ગુણવાન કન્યાઓ સાથે થયું હતું. (ભારતીય સંસ્કૃતિમાં જૈન ધર્મનુ યોગદાન પૃ. ૧૪૯, ડૉ. હીરાલાલ જૈન)

જેમનાં નામ સમુદ્રશ્રી, પદ્મશ્રી, પદમસેના, કનકસેના, નભસેના, કનકશ્રી, કનકવતી અને જયશ્રી હતા. કેટલીય કળાઓમાં નિપૂણ આ શ્રેષ્ઠી કન્યાઓ એક બીજાની સહેલીઓ હતી. નગરના શ્રેષ્ઠ, પરાકમી તથા રૂપવાન શ્રેષ્ઠી પુત્ર સાથે સગાઇ થવાથી તેઓ બધી પોતાને ભાગ્યવાન સમજતી હતી.

જંબૂકુમારના આજીવન બ્રહ્મચર્યના પણની વાત શીઘ્ર આખા નગરમાં ફેલાઇ ગઇ. આઠેય શ્રેષ્ઠપુત્રીઓના માતા-પિતા આ સમાચાર સાંભળીને સ્તબ્ધ થઇ ગયા. કન્યાઓની મધુર આશાઓ તથા ભાવિજીવનના લગ્ન સ્વપ્ન ધૂળમાં ભળી જતાં દેખાયાં તેમને ચિંતિત જોઇને એમની માતાઓએ તેમને અન્ય વર સાથે વાગ્દાન કરવા માટે આશ્વાસ ન આપ્યું. પરંતુ ભારતીય સંસ્કૃતિ અને સદાચારની પ્રતિમૂર્તિ આ શ્રેષ્ઠિ પુત્રીઓએ પોતાના માતાપિતાને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું,

''આપે અમને તેઓને વાગ્દાનમાં આપ્યા છે માટે હવે એ જ અમારા પતિ છે. તે જે પંથ પર જશે ચાહે તે પંથ કેટલોય દુર્ગમ ન હોય અમારા માટે તે અનુકરણીય હશે. માટે તમે બીજા કોઇ વિકલ્પનો વિચાર ન કરશો. (જૈન ધર્મનો મૌલિક ઇતિહાસ દ્વિતીય ખંડ પૃ. ૨૧૩)

કન્યાઓનો દૃઢ નિશ્ચિય સાંભળીને તેમના પિતૃજનો એ ઋષભદત્તને વિવાહની સ્વીકૃતિનો સંદેશો મોકલ્યો. બંને બાજુ વિવાહની તૈયારીઓ થવા લાગી. માતા-પિતાએ વિધિ-વિધાન સાથે આઠે ય કન્યાઓનું એક સાથે પાણિગ્રહણ કરાવ્યું.

વિવાહની પ્રથમ રાત્રિએ જંબૂકુમાર નવવિવાહિત પત્નીઓને સંસારની ક્ષણભંગુરતા સમજાવવા લાગ્યા. વિદ્વાન શ્રેષ્ઠિ કન્યાઓએ પણ પતિ જંબૂકુમારને સમજાવવાની કોશિશ કરી.તેમની પત્ની પદમશ્રીએ સંસારનું સુખ ન ભોગવવા બાબતનું એક દ્રષ્ટાંત આપ્યું.

''એક વખત એક વાનર પોતાની પત્ની સાથે એક વૃક્ષ પર રહેતો હતો.એક દિવસ તે વૃક્ષ નીચેના દ્રવ્યકૂપમાં કુદી પડયો. અને અતિ સુંદર રાજકુમાર બની ગયો. આ જોઇને વાંદરી પણ કૂદી પડી અને તે પણ એક સુંદર રાજકુમારી બની ગઇ. પણ રાજકુમાર દેવ બનવાના લોભમાં ફરીથી વૃક્ષની નીચે દ્રવ્યકૂપમાં કૂદયો તે ફરીથી વાનર બની ગયો. તેથી આપ પણ સંસાર સુખ-ભોગનો ત્યાગ કરીને આવી દશાને પ્રાપ્ત ન કરતા.''

એના પ્રત્યુત્તરમાં જંબૂકુમારે સંસારની અતૃપ્ત ભાવનાઓનું ઉદાહરણ આપ્યું.

''સાંસારિક ભોગ એ તૃષ્ણાસમાન છે જેમાં (કોલસા બનાવવાવાલા)અંગાર કારકની તીવ્ર પ્યાસ કોઇપણ પ્રકારે બુઝાઇ નહીં. એ જ રીતે સંસારના ભોગ-વિલાસની કામનાઓ કદિ પણ તૃપ્ત થતી નથી'' આ પ્રકારે આઠે કન્યાઓએ આઠ દ્રષ્ટાંત કહ્યાં જેના ઉત્તરમાં જંબૂકુમારે પોતાની નવ વિવાહિત પત્નીઓને પોતાના માર્ગની અનુગામિની બનાવી આ પ્રમાણે આખી ય રાત્રિ આત્મોત્થાનના ગંભીર વાર્તાલાપમાં સમાપ્ત થઇ ગઇ.

એ રાત્રિએ કુખ્યાત ડાકુ પ્રભવે પોતાના ૪૯૯ સાથીઓ સાથે જંબૂકુમારના ઘરમાં ચોરી કરવા માટે પ્રવેશ કર્યો. સંજોગવશાત્ પ્રભવે દરવાજાની ઓથે જંબૂકુમાર અને તેમની આઠ પત્નીઓ સાથે થઇ રહેલી ત્યાગ વૈરાગ્ય સંબંધી ચર્ચા સાંભળી પરિણામ સ્વરૂપે તેના મનમાં આત્મકલ્યાણની ભાવના જાગૃત થઇ.

(કલ્પસૂત્ર સુબોધિકાટીકા. પૃ-૧૩૦ વિનયવિજયજી)

સવારે જંબૂકુમારે,તેમની આઠરાણીઓ, તેમના માતાપિતા તથા પ્રભવ સહિત પાંચસો ચોરો - કુલ મળીને પાંચસો સત્તાવીશ લોકોએ સંસાર ત્યાગ કરીને પ્રવજ્યા ગ્રહણ કરી.

મહાવીરના નિર્વાણ પછી આચાર્યા ચંદન બાલાના સાધ્વીસંઘમાં એક સાથે સત્તર સુશિક્ષિત શ્રેષ્ઠિ કન્યાઓ તથા મહિલાઓએ દીક્ષાલઇને સંઘમાં પ્રવેશ કર્યો. તે સમયે સંઘનું નેતૃત્વ સુવ્રતા નામની સાધ્વીના હાથમાં હતું એવો ઉલ્લેખ મળે છે.

(રાજમલજી-જંબૂસ્વામી ચરિત્ર પ. ૪૧-૪૩)

વીરજિણંદ ચરિઉ (દિગમ્બર) ગ્રંથમાં જંબૂકુમારની ચાર પત્નીઓનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

મૂલ્યાંકન : - કર્મ સિદ્ધાન્ત પ્રમાણે આ મહિલાઓનો પણ કર્મક્ષય થઇ ચૂકયો હતો. તેથી વૈરાગ્યવૃત્તિમાં આવીને સાધનારત થઇ. સામાજિક તથા વ્યવહારિક દ્રષ્ટિથી પતિની અનુગામિની બનીને એ જ માર્ગનું અનુસરણ કરી તથા દેહ -સુખના સ્થાન પર આત્મસુખને મહત્વ આપ્યું. તેથી પૂર્ણ યૌવનમાં ઇન્દ્રિયસુખનો ત્યાગ કરીને તે નારીઓએ એક અદ્દભુત ઉદાહરણ પ્રસ્તુત કર્યું.

## સાધ્વી વિગતભયા

રાજા અવન્તિસેનના રાજયમાંઉજજૈની જૈન ધર્મની મુખ્ય નગરી હતી. અહીંઆ સાધુ સાધ્વીઓ ને રહેવા માટે ઉપાશ્રય તથા અન્ય સુવિધાઓ ઉપલબ્ધ હતી. અહીંઆ મહત્તરા વિજયવતીના સંરક્ષણમાં કેટલીય સાધ્વીઓ તપ, જપ વગેરે સાધનાઓથી આત્મોન્નતિમાં લીન હતી.

આ સાધ્વી સંઘમાં વિગતભયા નામની સાધ્વી તપ, ધ્યાન વગેરેમાં અગ્રિણી હતી. તેને ધાર્મિક વિધિપૂર્વક અનશન કરી સંલેખનાપૂર્વક મૃત્યુને પસંદ કર્યું. આ સાધ્વીના અપૂર્વ દેહત્યાગના સમયે કૌશામ્બીના ચતુર્વિધ સંઘે મહોત્સવનું આયોજન કર્યું. આ ઘટના પરથી આપણે વિશ્વાસપૂર્વક કહી શકીએ કે સાધ્વીસંઘ આસપાસના નગરો અને ગામોમાં પગપાળા વિહાર કરીનેજૈન ધર્મના સિદ્ધાંતોનો પ્રચાર કરતા હતા. સાધ્વી ધારિણીના વર્ણન પરથી એ પુષ્ટિ મળે છે કે તેમણે કૌશામ્બીમાં જઇને આ સાધ્વીસંઘમાં દીક્ષા લીધી હતી.

(આવશ્યકચૂર્ણિ -ભાગ-૨ પૃ. ૧૯૧)

## ધારિણી

તીર્થંકર મહાવીરના અનન્ય ઉપાસક ઉજજયિનીના રાજા ચંપ્રદ્યોતના મૃત્યુ પછી રાજા પાલક શાસક બન્યા.શ્રમણોપાસક રાજા પાલકને બેપુત્રો હતા. અવન્તિવર્ધન તથા રાજયવર્ધન (રાષ્ટ્રવર્ધન), એક વખત નાના ભાઇ રાજયવર્ધનની પત્ની પર મોહિત થઇને અવન્તિવર્ધને પોતાના નાના ભાઇની હત્યા કરી. પછી રાણી ધારિણીને પોતાની પત્ની બનાવવાનો સંદેશ મોકલ્યો. પોતાના સતીત્વની રક્ષાના હેતુથી ધારિણી ચૂપચાપ રાજનો ત્યાગ કરી કૌશામ્બી રાજયમાં ચાલી ગઇ અને ત્યાં સાધ્વી સમુદાયમાં દીક્ષિત થઇ તેમની સાથે રહેવા લાગી.

(આવશ્યક ચૂર્ણિ - ભાગ-૨ પૃ. ૧૮૯-૧૯૦)

ધારિણી પોતાના એક પુત્રને ઉજજયિની મૂકીને આવી હતી. તથા જયારે તે દીક્ષિત થઇ ત્યારે તે ગર્ભવતી હતી. જો કે ગર્ભાવસ્થામાં દીક્ષિત થવું દોષપૂર્ણ મનાતું હતું. પરંતુ તેને શીલ રક્ષાને સર્વોપરિ માનીને તે વાતને રહસ્ય રૂપે રહેવા દીધી. ગર્ભાવધિ પૂર્ણ થયા બાદ ધારિણીએ એક પુત્રને જન્મ આપ્યો. આ પ્રસંગે નગરના શ્રાવિકા સંઘે પૂરતો સહયોગ આપ્યો. સાધ્વી સંઘના નિયમો પ્રમાણે શિશુને પોતાની પાસે રાખવાનું સંભવિત ન હતું. તેથી પોતાનું હૃદય કઠોર કરીને પુત્રને જંગલમાં છોડી દીધો. થોડા સમય બાદ એ રસ્તેથી કૌશામ્બીના રાજા અભ્યસેન પાછા ફરી રહ્યા હતા. તેમણે આ નવજાત બાળક જોયો અને ઊઠાવીને લઇ લીધો. જઇને રાણીને આપ્યો નિ:સંતાન રાણી બાળકને મેળવીને અત્યંત હર્ષ પામી અને બાળકને પુત્રવત્ પાળવા લાગી. કાલાંતરેતેનું નામ મણિપ્રભ રાખ્યું.

સમય જતાં બંને પુત્રો મોટા થયા. અને જુદા જુદા રાજયોના અધિકારી બન્યા. એક વખત સાધ્વી ધારિણીએ સાંભળ્યું કે કૌશામ્બીના રાજા મણિદ્રભ તથા અવન્તિના રાજા અવન્તિ સેનની સેનાઓ યુદ્ધ સ્થળ પર તૈયાર ઊભી છે. યુદ્ધમાં રકતપાત રોકવા માટે સાધ્વી ધારિણી યુદ્ધ સ્થલ પર ગઇ.

(કલ્પસૂત્ર સુબોધિની ઉપા. વિનયવિજયજી)

ત્યાં બંને રાજાઓને સમજાવતાં કહ્યું,

''તમે બંને મારા પુત્રો તથા ભાઇઓ છો તેથી હિંસક યુદ્ધ તમારી વચ્ચે ઉચિત નથી. સાધ્વીજીએ ભૂતકાળની ઘટના બંનેને સંભળાવી. બંને રાજકુમારો પોતાની માતાના જીવનની હૃદયવિહારક ઘટના સાંભળીને એમના ત્યાગમય જીવનથી પ્રભાવિત થયા. તેઓએ માતાને પ્રણામ કર્યા અને ભાતૃભાવથી રહેવા લાગ્યા.

(જૈન ધર્મકા મૌલિક ઇતિહાસ ભાગ-૨ પૃ. ૭૯૦)

## ધારિણી -મૂલ્યાંકન

ધારિણી પોતાના સતીત્વની રક્ષા માટે જૈન સંઘમાં સમ્મિલિત થઇ. પ્રમુખ સાધ્વીએ પણ એક વિવશ નારીને આશ્રય આપીને દયા-કરુણાનું પ્રત્યક્ષ ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે શ્રાવિકા સંઘે પણ કઠિન સમયમાં પૂર્ણ સહયોગ આપ્યો તથા સાધ્વીસંઘે ધારિણીને પુનઃ સાધ્વી સંઘમાં લીધી. આ ઉદાહરણ સમુદાયના ઉદાર મનોભાવોને પ્રકટ કરે છે. સાધ્વી ધારિણીએ ભયાનક હિંસાને રોકીને અહિંસાના મહત્વની સ્થાપના કરી છે.

## શ્રાવક મનકની માતા (શ્રાવિકા)

તીર્થંકર મહાવીરના નિર્વાણ પછી આર્યા ચંદનબાળાની સાધ્વી પરંપરામાં વૃદ્ધિ થતી રહી. ગુરુ પ્રભવ સ્વામીના દ્રવ્યયજ્ઞ અને ભાવયજ્ઞની તાત્વિક વિવેચના સાંભળીને શય્યંભવ બહુ જ પ્રભાવિત થયા તથા તેમનામાં વૈરાગ્ય ભાવ જાગૃત થયો. શુભ કાર્યમાં શિથિલતા ઉચિત નહીં એવું વિચારીને તેમને પોતાની ગર્ભવતી પત્નીનો ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરી. કાલાંતરે તેમને આચાર્યપદ ગ્રહણ કર્યું.

થોડા સમય પછી તેમની પત્ની (શ્રાવિકા)એ પુત્રને જન્મ આપ્યો. પુત્ર જનકને પણ નાની ઉંમરમાં દીક્ષા લેવાની ભાવન જાગૃત થઇ. પુત્રના મનોભાવોને ધ્યાનમાં રાખીને માતાએ પોતાના હૃદયની ભાવનાઓને રોકીને તેને દીક્ષા લેવાની સ્વીકૃતિ આપી, જયોતિષશાસ્ત્રના માધ્યમથી પુત્ર મનકના અલ્પ આયુને જાણીને શય્યંભવે તેના આત્મોત્થાન માટે 'દશવૈકાલિક સૂત્રની' રચના કરી. (સુશીલ-મુનિ-જૈન ધર્મકા ઇતિહાસ) આચાર્યએ પુત્રની આત્મોન્નતિના હેતુથી ધર્મ સિદ્ધાંતોનું સંક્ષિપ્તકરણ કરી તેને વાસ્તવિક મર્મથી અવગત કરાયો. અલ્પ આયુમાં જ પુત્રના વિયોગના આઘાતને ધૈર્યપૂર્વક સહન કરતા મનકની માતાએ પણ પોતાના જીવનને ધર્મ ધ્યાન તરફ દોર્યું.

## મનકની માતાનું મૂલ્યાંકન

સગર્ભા હોવા છતાં પતિને સંસાર ત્યાગની આજ્ઞા આપી પોતે જીવનની મુશ્કેલીઓનો સામનો કર્યો. તથા હૃદયની પીડાને દબાવીને પુત્રના દીક્ષા સમારોહ પર પ્રસન્નતા વ્યકત કરી. આ પ્રમાણે પોતાના કૃત્યથી ધાર્મિક જીવન જીવવાવાળી આ મહિલાએ એક આદર્શ ઊભો કર્યો.

## યક્ષા

જૈન પરંપરામાં મહાસતી ચંદનબાળાની પછી યક્ષા, યક્ષદત્તા આદિ સાત પરમ પ્રભાવક સાધ્વીઓનું વર્ણન મળે છે. ભારતીય ઐતિહાસિક સર્વેક્ષણથી એટલું તો સ્પષ્ટ થાય છે કે નંદ વંશના રાજાઓએ જૈન ધર્મના પ્રચાર-પ્રસારમાં પોતાનું મહત્વપૂર્ણ યોગદાન કર્યું છે, પાટલિપુત્રના નન્દરાજા મહાપદ્મના મહામંત્રીહકડાલ શ્રમણોપાસક હતા. તેમના બે પુત્રો સ્થૂલભદ્ર અને શ્રેયાંક તથા અદ્દભુત સ્મરણશકિતવાળી યક્ષા યક્ષદત્રા, ભૂતા, ભૂતદત્તા, સેના , વેના અને રેણા નામની સાત પુત્રીઓ હતી.

(આવશ્યક ચૂર્ણિ ભાગ-૨ મૃ. ૧૮૩)

મંત્રી શકડાલ તથા તેમની પત્ની લાંછન દેવી જૈન ધર્મના અનુયાયી હતા. તેથી બાલ્યકાળથી જ પોતાના પુત્ર-પુત્રીઓને ધાર્મિક સંસ્કારોને યોગ્ય શિક્ષણ આપતા હતા. પ્રથમ પુત્રી યક્ષા કઠિનમાં કઠિન ગદ્ય અથવા પદ્યને કેવળ એકવાર સાંભળીને પોતાના સ્મૃતિ પટ પર અંકિત કરી તત્ક્ષણ યથાવત્ સંભળાવી દેતી હતી. આ રીતે અન્ય બેનો પણ બે, ત્રણ, ચાર, પાંચ, છ અને સાત વાર કોઇ પણ ગદ્ય અથવા પદ્યને સાંભળીને યથાવત્ સંભળાવી દેતી હતી.

(જૈન ધર્મકા મૌલિક ઈતિહાસ-પૃ-૭૭૮)

રાજા નન્દના દરબારમાં વરરુચિ નામના કવિને દરરોજ એક શ્લોક સંભળાવવાના બદલામાં એકસો સુવર્ણમહોરો પ્રાપ્ત થતી હતી. સ્વામી ભકત મંત્રી શકડાલને રાજ્યના ધનનો આ પ્રકારે અપવ્યય ઉચિત ન લાગ્યો. એક વખત રાજદરબારમાં મંત્રીપુત્રીઆએ વરરુચિએ બનાવેલા શ્લોકોને સાંભળીને તે જ ક્ષણે દોહરાવ્યો.સાતેય વિદૂષી કન્યાઓ દ્વારા શ્લોકોની પુનરાવૃત્તિ સાંભળીને રાજા નંદ તેમની સ્મરણશકિત તથા વિરુતાથી પ્રભાવિત થયા. આ ઘટનાથી વદ્ધરુચિ અપમાનિત થઇ મંત્રી શકડાલ સાથે બદલો લેવાનું ષડ્યંત્ર રચવા લાગ્યો. મંત્રી શકડાલને જ્યારે આ ધૃણાજનક ષડ્યંત્રની ખબર પડી ત્યારે તેને રાજ્ય તથા કુટુંબને બચાવવાનો નિર્ણય કર્યો. આ હેતુથી તેને પોતાના નાના પુત્રને રાજ્ય દરબારમાં પોતાનો વધ કરવાનો આદેશ આપ્યો. શ્રેયાંકે પિતાની આજ્ઞા પ્રમાણે રાજદરબારમાં જ પિતાનો વધ કરી નાંખ્યો. પિતાના ત્યાર અને બલિદાનથી પુત્રીઓને ઊંડો આઘાત લાગ્યો અને જીવનની ક્ષણભંગુરતાને જોઇને તેમણે સંસારત્યાગનો દૃઢ સંકલ્પ કર્યો.

(કલ્પસૂત્ર - પૃ ૧૩૨ આ. વિનયવિજયસૂરિ)

મંત્રી શકડાલના મૃત્યુ પછી નંદશાસનની પરંપરાનુસાર રાજાએ જ્યેષ્ઠપુત્ર સ્થૂલભદ્રને આ ઉત્તદાયિત્વપૂર્ણ પદને ગ્રહણ કરવાનો આગ્રહ કર્યો. (પ્રાચીન ભારતનો રાજનૈતિક અને સાંસ્કૃતિક ઈતહાસ પૃ-૨૨૩- રતિભાનુસિંહનાહ)

રાજભકત પિતાના બલિદાન તથા પોતાના વિલાસપૂર્ણ જીવનની સરખામણી કરતાં પ્રતિભા- સમ્પન્ન સ્થૂલભદ્રએ જીવનના ઉચ્ચ અર્થાત્ નિવૃત્તિમાર્ગનું અનુસરણ કર્યું અને પાછળથી આચાર્ય સંભૂતિવિજયની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી. (આવશ્યકચૂર્ણિ ભાગ-૨ પૃ. ૧૮૩)

યક્ષા, યક્ષદત્તા વગેરે સ્થૂલભદ્રની સાતેય બેનોએ પણ આચાર્ય સંભૂતિવિજયની પાસે દીક્ષા ગ્રહણ કરી તથા મહાવીર દ્વારા સ્થાપિત સાધ્વી સંઘમાં જોડાઇ ગઇ અને નિવૃત્તિ માર્ગમાં પ્રવૃત્ત થઇ. એકવાર સાધ્વી યક્ષાએ પોતાના ભાઇ શ્રેયાંકને પર્યુષણ પર્વમાં શારીરિક તપનું મહત્વ સમજાવતાં તપસ્યા કરવાનું કહ્યું.

(પ્રશ્નોત્તર રત્નચિંતામણી તથા અઢાર દૂષણ નિવારણ પૃ-૨)

શ્રેયાંક ભૂખની પીડાને સહન ન કરી શકયો. ભૂખની વ્યાકૂળતાથી તેનું મૃત્યુ થઇ ગયું.

સાધ્વી યક્ષાને આ ઘટનાથી બહુ જ દુઃખ થયું અને ઋષિઘાતક અપરાધનું પ્રાયશ્ચિત લેવા સંઘની પાસે ગઇ. યદ્યપિ સંઘંના ચારે વર્ગોએ શુદ્ધ ભાવથી પ્રેરણા આપવાને કારણે પ્રાયશ્ચિત લેવાની આવશ્યકતાને માન્ય ન કરી. તે છતાં યક્ષા સાધ્વીએ શ્રી સીમંધર પાસે આના (પ્રાયશ્ચિત) સ્પષ્ટીકરણનો આગ્રહ કર્યો. (આગમના અણમોલ રત્નો પૃ. ૩૮૭ આ. હસ્તીમલજી)

યક્ષા સાધ્વીએ ત્રણ દિવસ સુધી અન્ન જલનો ત્યાગ કરી શાસન દેવીની આરાધના કરી. તથા તેમની સહાયતાથી સીમંધર સ્વામીની પાસે ગઇ. તેમને પ્રાયશ્ચિત સ્વરૂપ ચાર ચૂલિકાઓ સંભળાવી જે યક્ષાએ કંઠસ્થ કરી લીધી. સ્વામીજીની એ પંકિતઓ ને તેને યથાવત્ ઉચ્ચારી, સંઘે આચારાંગ સૂત્ર તથા દશવૈકાલિક સૂત્રમાં તેને સંકલિત કરી. આજે પણ 'ભાવના' તથા 'વિમુકિત'ને આચારાંગ સૂત્રમાં તથા 'રતિકલ્પ' અને 'વિચિત્ર ચર્યા'ને દશવૈકાલિક સૂત્રની ચૂલિકાઓના રૂપમાં સમ્મિલિત કરવામાં આવી છે (જૈન ધર્મનો ઈતિહાસ)

## કોશા

મગધની રાજધાની પાટલીપુત્રમાં રાજગણિકા કોશા રૂપ, લાવણ્ય અને ચાતુર્યમાં પ્રસિદ્ધ હતી. તે તત્કાલીન રાજપુત્રો તથા શ્રેષ્ઠી પુત્રોના આકર્ષણનું કેન્દ્ર હતી. યુવગણ તેનું સાન્નિધ્ય મેળવવા હંમેશા ઉત્સુક રહ્યા કરતા હતા.

(આગમ કે અણમોલ રત્ન. આ. હસ્તીમલજી મેવાડી)

કોશા ગણિકાના રૂપ અને લાવણ્યથી આકર્ષિત થઇને સ્થૂલ ભદ્ર (મંત્રી શકડાલનો મોટો પુત્ર) બાર વર્ષ સુધી એના આવાસમાં રહ્યા. સ્થૂલભદ્ર રૂપવાન યુવતી કોશાના સાન્નિધ્યમાં રહેવાથી પોતાના કર્તવ્યથી વિમુખ થઇ ગયા હતા. કોશા પણ આવા પ્રતિભાશાળી મંત્રી-પુત્રને મેળવીને ધન્ય થઇ હતી. તે એના વિયોગની કલ્પના પણ કરી શકતી ન હતી.

એક વખત નન્દ રાજાના રાજપ્રહરીઓ સ્થૂલભદ્રને મંત્રી પદ સ્વીકાર કરવાનું નિમંત્રણ લઇને કૌશાના દ્વાર પર ગયા. સ્થૂલભદ્ર દરબારમાં ગયા પરંતુ રાજદરબારના પદને અસ્વીકૃત કરી દીક્ષિત થઇ ગયા. રાજગણિકા કૌશાને જયારે આ વાતની ખબર પડી ત્યારે તે અત્યંત દુઃખી થઇ ગઇ. તેને સ્થૂલભદ્રની સાથે જીવનના રાગ-રંગ આમોદ-પ્રમોદ પૂર્વક વીતાવેલા બાર વર્ષની પ્રત્યેક ક્ષણ ઉદ્વિગ્ન કરવા લાગી. તે અતીતની યાદમાં પોતાનું શૂન્ય જેવું જીવન વીતાવવા લાગી.

વર્ષાઋતુના આગમનની પૂર્વે પ્રકૃતિએ પોતાની સુંદરતા ચારે તરફ વિખેરી હતી. તે સમયે ગણિકા કોશાના પ્રાસાદની તરફ એક મુનિ આવતા દેખાયા. થોડા સમય પછી કૌશાની દાસીએ આવીને સંદેશો આપ્યો કે એક મુનિ તમારા પ્રાસાદમાં ચાતુર્માસ કરવાની સ્વીકૃતિ માંગે છે. કોશા મહેલની નીચે આવી અને મુનિને જોઇને સ્તબ્ધ રહી ગઇ. તેને બાર વર્ષ સુધી સાથે રહી ચૂકેલા યુવાન સાથી સ્થૂલભદ્રને ઓળખી હર્ષ તથા ગ્લાનિમિશ્રિત ભાવથી નમન કરતા અતિ સુંદર ભવન (ચિત્રશાલા)માં રહેવાની અનુમતિ આપી. કામ પર પૂર્ણ વિજય મેળવવાના ઉદ્દેશ્યથી જ સ્થૂલભદ્રએ સ્વયં પોતે પૂર્વમાં રહી ચૂકેલી પ્રેમિકાની ચિત્રશાળામાં ષડ્રસ ભોજનની વચ્ચે રહીને ચાતુર્માસ વીતવવાની આજ્ઞા પોતાના ગુરુની પાસેથી લીધી હતી.

કોશાએ પોતાના યુવાનીના સાથીને બોભાવાને માટે ષડટ્રસ ભોજનોના આહાર તથા પોતાના રૂપ, લાવણ્ય, અને ચાતુર્યનો વિવિધ પ્રકારે પ્રયોગ કર્યો. પરંતુ કામ વિજેતા સ્થૂલભદ્ર પર કોઇ અસર ન થઇ. જયારે જયારે કોશાએ સ્થૂલભદ્રને સાધના-પથ પરથી વિચલિત કરવાનો પ્રયાસ કર્યો ત્યારે ત્યારે તેની ધ્યાનની એકાગ્રતા ઉત્તરો-ત્તર વધતી ગઇ. અંતે ચાતુર્માસ વ્યતીત થતાં કોશાએ પોતાની હાર સ્વીકાર કરીને પાશ્ચાતાપ ભર્યા સ્વરમાં કહ્યું,

''ક્ષમા સાગર મહામુનિ મારા બધા અપરાધ ક્ષમા કરી દો. અસાધ્યને સાધ્ય કરવાવાળા યોગીરાજ આપને મારા કોટિ કોટિ પ્રણામ.''

મુનિ સ્થૂલભદ્રના ઉપદેશથી કોશાએ શ્રાવિકા ધર્મ અંગીકાર કર્યો અને તે પૂર્ણ વિશુદ્ધ મનોભાવોની સાથે તેને પોતાના જીવનમાં ચરિતાર્થ કરવા લાગી, ચાતુર્માસની સમાપ્તિ થતાં સિંહ ગુફા, દ્રષ્ટિ-વિષ વિષધર –વલ્મીક અને કૂપમાણ્ડક પર ચાતુર્માસ કરવાવાળા ત્રણ મુનિઓને આગમન સમયે આચાર્ય સમ્ભૂતિ વિજયે કહ્યું,

''દુષ્કર સાધના કરનારા તપસ્વીઓ તમારૂં સ્વાગત છે.''

ચોથા શિષ્ય સ્થૂલભદ્રને આવતા જોઇને આચાર્યએ સ્વાગત કરતાં કહ્યું,

''દુષ્કરથી પણ અતિદુષ્કર કાર્ય કરવાવાળા સાધક શિરોમણિ તમારૂં સ્વાગત છે.''

સિંહ ગુફાનાં દ્વારપર સાધના કરનારા સાધુએ આગલું ચાતુર્માસ કોશા ગણિકાને ત્યાં વીતાવવાની આજ્ઞા ગુરુની પાસે માંગી. ચિત્રશાલાના વાતાવરણ તથા કોશાના રૂપ-રંગથી આકર્ષિત થઇને મુનિ વિચલિત થઇ ઉઠયા અને કોશાની સાથે સાંસારિક સુખ ભોગવવાનો આગ્રહ કરવા લાગ્યા. તે માટે શ્રાવિકા કોશાએ ચારિત્રમાં સ્થિર થવા માટે નેપાલથી રત્નકંબલ મેળવવા કહ્યું, વિષયાન્ધ મુનિ પોતાના મુનિ-ચરિત્ર તથા મુનિ ધર્મનો ત્યાગ કરીને નેપાળની તરફ રત્નકંબલ લેવા નીકળી પડયો. રત્નકંબલની પ્રાપ્તિથી આનંદિત થઇને મુનિ ફરીથી કોશાના આવાસમાં આવ્યા. પરંતુ દ્દઢ કોશાએ એ કંબલના ટૂકડા કરીને પગ લૂછીને નાલીમાં ફેંકી દીધા. (જૈન ધર્મનો મૌલિક ઇતિહાસ પૃ. ૩૯૯ આ. હસ્તમલજી.))

અથાક પરિશ્રમથી પ્રાપ્ત કરેલા રત્નકંબલની આ દુર્દશા જોઇને મુનિ ખિન્ન અને આશ્ચર્યપૂર્ણ સ્વરમાં બોલ્યા,

''મીનાક્ષી ! આટલા કઠોર પરિશ્રમોથી પ્રાપ્ત થયેલ આ અમૂલ્ય રત્નકંબલને તે અશુદ્ધ કીચડમાં ફેંકી દીધો. તું મૂર્ખ છે.''

કોશાએ તરત જ ઉત્તર આપ્યો,

''હે તપસ્વી, આપ પોતાના અમૂલ્ય ચારિત્ર રત્નને અશુદ્ધ ઊંડી ખાઇમાં નીચે પાડી રહ્યા હતા.''

આ બોધથી મુનિ ફરીથી પોતાના ચારિત્રમાં દ્દઢ થયા. અને કોશાનો ઉપકાર માનીને ગુરુ પાસે જઇને પ્રાયશ્ચિત લીધું.

## યૂનાની યાત્રાવર્ણન -શ્રમણીઓનો ઉલ્લેખ

ભારત પર યૂનાની રાજા સિકંદરનું આક્રમણ ઇ.પૂ. ૩૨૭માં થયું હતું. યૂનાનીઓના આ વર્ણનમાં શ્રમણ તથા શ્રમણીઓના ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

''જયારે સિકંદરના સેનાપતિઓ ફરીથી લુંટીને તક્ષશિલાની પાસેથી જઇ રહ્યા હતા, ત્યારે યૂનાની પ્રત્યક્ષ જોનારાઓએ જોયું કે પુરુષોની સાથે પણ દર્શન શાસ્ત્રનો અભ્યાસ કરી રહી હતી. તથા પોતાની પરંપરા પ્રમાણે અત્યંત સંયમી જીવન વીતાવી રહી હતી.'' તે ઉપરાંત એવા પણ ઉલ્લેખો મળે છે.

''બ્રાહ્મણ પોતાની પત્નીઓને પોતાના દર્શનના રહસ્યોથી પરિચિત કરાવતાં ન હતા. તેમને ભય હતો કે તેમના ધાર્મિક રહસ્યોને તે બીજાને કહી દેશે અથવા તો સ્વયં વધારે જ્ઞાની બની પતિને છોડીને ચાલ જશે.''

(ચન્દ્રગુપ્ત મોર્ય અને તેનો સમય, ડૉ. મુકર્જી પૃ. ૨૫૦)

ઉપરની યાત્રાના વર્ણનથી જાણવા મળે છે કે ભારતમાં તે સમયે કોઇ પરંપરા અવશ્ય હતી. જેમાં નારીઓને પુરુષ સમાન ધર્મ-દર્શન આદિના અધ્યયન કરવાની પૂરી સ્વતંત્રતા હતી.

મોર્ય વંશના પાટલીપુત્ર (મગધ)માં નન્દ રાજાઓએ જૈન ધર્મને રાજયાશ્રય આપ્યો હતો. મોર્યવંશના પ્રતાપી રાજા ચન્દ્રગુપ્તે નન્દને પરાજિત કરી પાટલીપુત્ર પર પોતાનું રાજય સ્થાપ્યું. એના રાજયમાં પણ જૈન ધર્મને પૂરો રાજયાશ્રય મળ્યો હતો.

## સુપ્રભા

પરાજિતરાજા નન્દ પોતાની પુત્રી સુપ્રભાને રથમાં સાથે લઇને રાજધાનીથી દૂર જઇ રહ્યા હતા. રથમાં બેઠેલી સુપ્રભાની દૃષ્ટિ વીર ચન્દ્રગુપ્ત ઉપર પડી. પુત્રીના આકર્ષણ અને વિષમ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને રાજા નન્દે સુપ્રભાના વિવાહ ચન્દ્રગુપ્ત સાથે કર્યા. સુપ્રભા પણ શ્રમણોપાસિકા હતી પિતાની જેમ તે પણ આચાર્યો તથા સાધુઓને આદરની દ્રષ્ટિથી જોતી હતી. ઇ. પૂ. ૩૧૭માં પાટલીપુત્રમાં ચન્દ્રગુપ્તને સમ્રાટ ઘોષિત કરવામાં આવ્યા તે પ્રસંગે રાણી સુપ્રભાને અગ્ર મહિષિનું ઉચ્ચ સ્થાન આપવામાં આવ્યું. (પ્રમુખ ઐતિહાસિક જૈન પુરુષ અને મહિલાઓ ડૉ. જયોતિ-પ્રસાદ જૈન પૃ. ૪૦)

આ તેના વિશિષ્ટ ગુણોનું પરિણામ હતું. શત્રુ રાજાની પુત્રી હોવા છતાં તેને અગ્રમહિષીનું ગૌરવ મળ્યું.

એ સમયે ઉત્તર ભારતમાં ભિન્ન ભિન્ન સંપ્રદાયોના સન્યાસી તથા પરિવ્રાજક આત્મ સાધનામાં લીન રહેતા હતા મોર્ય વંશના રાજાઓએ તત્કાલીન રાજકીય પરિસ્થિતિઓને જોઇને રાજય તરફથી એ નિયમ બનાવ્યો કે કોઇ પણ વ્યકિત સંન્યાસ ત્યારે લઇ શકે જયારે તેને રાજયના કોઇ વિશેષ અધિકારીની અનુમતિ મેળવી હોય. સાથે એ પણ આવશ્યક હતું કે ગૃહસ્થજીવન ત્યાગ્યા પહેલાં પોતાના પુત્ર તથા પત્નીના ભરણ પોષણની વ્યવસ્થા કરી હોય. આ નિયમના સખત પાલનના હેતુથી ગામવાસીઓને આદેશ આપવમાં આવ્યો હતો કે અપ્રમાણિત સંન્યાસીને કોઇએ પોતાને ત્યાં શરણ ન આપવું તેને ભય હતો કે આમ કરવાથી રાજયની સામાજિક આર્થિક સ્થિતિ સંકટાપન્ન થઇ શકે છે. (ચન્દ્રગુપ્ત મોર્ય ઓર ઉસકા કાલ પૃ ૨૪૩. ડૉ. મુકર્જી.)

સમય જતાં બૌદ્ધ ધર્માનુયાયી સમ્રાટ અશોક ચન્દ્રગુપ્ત મોર્યના દક્ષિણની તરફ પ્રસ્થાન કરવાથી, પાટલી પુત્ર તથા ઉજ્જયિનીના શાસક બન્યા.

## અસન્ધ્યમિત્રા

સમ્રાટ અશોકે વિદિશાના જૈન શ્રેષ્ઠિની રૂપવતી કન્યા અસન્ધ્યમિત્રા સાથે વિવાહ કર્યા હતા. તેનાથી તેને કુણાલ નામનો પુત્ર થયો હતો. કુણાલની માતાના પિયરમાં તો જૈન ધર્મ પાળતા હતા. તેથી તે પણ તેનાથી આપ્રભાવિત ન રહી શકયો. જન્માન્ધ કુણાલની માતા અને પત્ની બંને પરમ જિન ભકત હતા. એમના સાન્નિધ્યમાં કુણાલ પણ એક ઉત્તમ જૈન શ્રાવક બન્યો. આ વાતની પૂર્તિ આચાર્ય હેમચન્દ્રાચાર્યના કથાનકોમાં મળે છે. (પ્રમુખ ઐતિહાસિક જૈન પુરુષ અને મહિલાઓ ડૉ. જયોતિપ્રસાદ)

જે રીતે મૌર્યવંશના સમ્રાટે પોતાના શાસનકાલ (ઇ.પૂ. ૨૭૩)માં બોદ્ધ ધર્મનો પ્રચાર-પ્રસાર ભારત તથા અન્ય દૂર દૂરના દેશોમાં કર્યો. તે જ રીતે રાજા ચંપતિ (અશોકના પુત્ર) એ પોતાના શાસનકાળ (ઇ.પૂ. ૨૩૦-૧૯૦)માં જૈન ધર્મનો પ્રચાર-પ્રસાર કર્યો. કથાનુસર એક વાર આચાર્યસુહસ્તિને જોઇને રાજા સંપ્રતિને પૂર્વજન્મનું સ્મરણ થયું અને તેનાથી પ્રભાવિત થઇને

આચાર્યનો શિષ્ય બન્યો. સમય જતાં તેને જૈન ધર્મના પ્રચાર અને પ્રસાર માટે વિવિધ ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ કાર્યો કર્યા. સમ્પ્રતિ ખુબ દયાળુ અને નમ્ર પ્રકૃતિના રાજા હતા. તેમણે ગરીબ લોકોની ભલાઇ માટે સાતસો દાનશાળઓ ખોલી તથા દીન દુઃખી નિરાધાર લોકોને માટે રાજકોષ અર્પણ કરી દીધો. (ગુપ્ત સામ્રાજયનો ઇતિહાસ પૃ.-૧૦) સમ્પતિએ જૈન ધર્મના સ્તૂપ, મંદિર તથા જિનાલય વગેરેનું નિર્માણ કરાવ્યું. લાખો જિનપ્રતિમાઓના નવા બિંબ ભરાવ્યા. તથા પુરાણા જિનાલયો તથા મંદિરોનો જિર્ણોદ્ધાર કરાવ્યો, સમ્પ્રતિ ભારતવર્ષના એક પ્રતાપી સમ્રાટ હતા. તેને પોતાન આખા ય રાજયમાં જૈન ધર્મને રાજયધર્મ તરીકે સ્થાપ્યો. બૃહત્ કલ્પસૂત્રના ભાષ્યમાં લખ્યું છે કે સમ્પ્રતિ એ પોતાના કર્મચારીઓને સાધુવેશમાં આન્ધ્ર દેશમાં દૂર પ્રદેશમાં જૈન ધર્મના પ્રચાર માટે મોકલ્યા હતા. જેથી સાધુ સાધ્વીઓને રહેવાની તથા ભોજનની ઉચિત વ્યવસ્થા થાય. તેણે મિસર, આરબ, ઇરાન, યૂનાન, ચીન, જાપાન વગેરે દેશો સુધી જૈન ધર્મનો પ્રચાર કર્યો હતો. (બૃહત્ કલ્પભાષ્ય -૧,૫૦માં ત્રા-૩૨૭૫ થી ૩૨૮૯)

## રાણી ઉર્વિલા

પ્રાચીનકાળમાં મથુરા નગરીન રાજા પૂતિમખની રાણી ઉર્વિલા હતી. કોઇ એક સમયે પ્રાચીન સ્તૂપની બાબતમાં રાજાની પત્નીઓમાં એક બીજાની વચ્ચે સંઘર્ષ થયો. રાજાની બીજી પત્ની બૌદ્ધધર્માનુયાયી હતી તેને સ્તૂપ પર પોતાનો કબજો જમાવ્યો રાણી ઉર્વિલાએ દૂર દૂરથી જૈન વિદ્વાનોને બોલાવી શાસ્ત્રાર્થ કરાવ્યો અને યોગ્ય શોધ કર્યા પછી એ સિદ્ધ કર્યું કે એ સ્તૂપો જૈનોના જ છે. આ શુભ અવસર પર ધાર્મિક ઉત્સવ મનાવવામાં આવ્યો અને પછી જ રાણીએ અન્ન -જલ ગ્રહણ કર્યા.

(પ્રમુખ ઐતિહાસિક જૈન પુરુષ અને મહિલાઓ ડૉ. જયોતિપ્રસાદ જૈન, પૃ. ૫૯)

## પૂર્ણમિત્રા

. કલિંગના રાજા ખારાવેલની મોટી દાદી પૂર્ણ મિત્રા રાજા લલાક હસ્થિસિંહની પુત્રી હતી. રાજા ખારવેલે હાથી ગુફા નામની એક વિશાળ અને પ્રાચીન કૃત્રિમ ગુફામાં મંદિરના મુખ અને છત્ર પર બ્રાહ્મી લિપિમાં લેખ કોતરાવ્યો હતો. તેમણે ઉદયગિરિના કુમારી પર્વત પર પણ એક ગુફાનું નિર્માણ કરાવ્યું હતું. રાણી પૂર્ણમિત્ર જૈન ધર્મ અને તેના સિદ્ધાંતો પર અતૂટ શ્રદ્ધા હતી. અને તેઓ જૈન સાધુ સાધ્વીઓનો ખુબ આદર કરતી હતી.

હિમવન્ત સ્થવિરાવલીમાં અંગ શાસ્ત્રોના ઉદારની બાબતમાં સ્પષ્ટ ઉલ્લેખની સાથે સાથે એ પણ બતાવવામાં આવ્યું છે કે કુમારગિરિ પર ખારવેલ દ્વારા આયોજવામાં આવેલ આ ચતુર્વિધ સંઘના સંમેલનમાં કયા કયા શ્રમણો, શ્રમણીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓએ ભાગ લીધો, આર્ય બલિસ્સહ આર્ય સુસ્થિત વગેરે સાથે આર્યા પોઇણી વગેરે ત્રણસો શ્રમણીઓ તથા પૂર્ણમિત્ર વગેરે સાતસો શ્રાવિકાઓએ આ સંમેલનમાં ભાગ લીધો. ભિકખુરાય ખારવેલની પ્રાર્થના પર એ સ્થવિર શ્રમણો અને શ્રમણીઓએ બાકીના જૈન પ્રવચનને સર્વ સમ્મત સ્વરૂપમાં ભોજપત્ર, તાડપત્ર તથા વગરે પર લખાવ્યું અને એ રીતે દુધર્મા દ્વારા ઉપદેશેલ દ્વાદશાંગીના રક્ષક બન્યા (પ્રમુખ ઐતિહાસિક જૈન પુરુષ અને મહલિાઓ. ડૉ. જયોતિપ્રસાદ જૈન પૃ-૪૮૪)

તેથી જૈન ધર્મના ઇતિહાસને માટે આ શિલાલેખનું (જેમાં આ સમ્મેલનનું વર્ણન છે) અત્યંત મહત્વ છે ભદ્રબાહુ શ્રુતકેવલી ઉપરાંત મૌખિક રીતે પ્રવાહિત ચાલ્યા આવતા આગમ શ્રુતને પુસ્તકારુઢ કરવા તથા પુસ્તક સાહિત્યનું વાંચન કરવા માટે ચલાવવામાં આવેલા સરસ્વતી આંદોલનનો પ્રારંભ વગેરે તથ્યોનું આ લેખમાં સમર્થન કરવામાં આવ્યું છે (પ્રમુખ ઐતિહાસિક જૈન પુરુષ અને મહિલાઓ ડૉ. જયોતિપ્રસાદ જૈન પૃ. ૫૬)

તેમાં અધિક મહત્વપૂર્ણ તથ્યએ છે કે આ સંમેલનમાં સાધ્વીઓ તથા શ્રાવિકાઓ પણ હાજર હતી. અંગ સાહિત્યની સેવા કરવાનો એમને પણ સમાન અવસર પ્રાપ્ત થયો. તેનાથી એ વાત સાબિત થાય છે કે તે સમયની સાધ્વીઓ તથા શ્રાવિકાઓ જ્ઞાન ગર્ભિત હતી અને સાહિત્ય સેવામાં તેમનો મહત્વપૂર્ણ ફાળો હતો.

રાણી ગુફા ઉદયગિરિ અને ખેડગિરિ નામના પર્વતો પર બનાવવામાં આવી હતી. એના પર કોતરેલા લેખમાં પણ સ્પષ્ટ ઉલ્લેખ છે કે તીર્થંકર જિનેશ્વરની મૂર્તિને પોતાના દેશમાં પાછી લાવ્યા હતા. જેને નન્દરાજા પહેલાં અપહરણ કરીને પાટલીપુત્ર લઇ ગયા હતા. (ભારતીય સંસ્કૃતિમાં જૈન ધર્મકા યોગદાન ડૉ. હીરાલાલ જૈન પૃ. ૩૦૭)

તેનું એક પ્રમાણ મન્છાપુરી ગુફામાં જોવા મળે છે. જ્યાં કલિંગના રાજારાણી બંનેએ જિનપ્રતિમાની પૂજા કરી હતી.

દક્ષિણના તામિલ પ્રાંતમાં ચોલ અને પાંડય રાજાઓ એ જૈન ધર્મને આશ્રય આપ્યો હતો. એ ઉલ્લેખ પણ મળે છે કે ખારવેલના રાજ્યાભિષેક પ્રસંગે પાંડય નરેશે કેટલાં વહાણોમાં ભેટ સોગાદો ભરીને મોકલી હતી. કારણ કે બંને રાજા જૈન ધર્મના અનુયાયી હતા. ''નાલિદિયર' તામિલ ગ્રંથની રચનાની બાબતમાં કહેવાય છે કે ઉત્તર ભારતના આઠહજાર સાધુ ઉત્તર ભારત પાછા જવા ઇચ્છતા હતા. પરંતુ પાંડય નરેશ તેમને ત્યાં જ વસાવલા ઇચ્છતો હતો. રાત્રિના સમયે પાછા ફરતી વખતે પ્રત્યેક સાધુએ એક એક તાડપત્રી પર એક એક પદ લખીને મૂકી દીધું. એને ભેગા કરીને 'નાલિદિયર' ગ્રંથનું સંકલન થયું.

## આર્યા પોઇણી

આર્યા પોઇણીનો ઉલ્લેખ નરેશ ખારવેલના સમયમાં પ્રાપ્ત થાય છે. ભગવાન મહાવીર - નિર્વાણની ચોથી શતાબ્દીના પ્રથમ ચરણમાં ખારવેલે આગમ સાહિત્યને સુરક્ષિત અને સુવ્યસ્થિત કરવા માટે એક પરિષદનું આયોજન કર્યું.

(જૈન ધર્મકા મૌલિક ઇતિહાસ ભાગ-૨ પૃ. ૭૮૨, આ. હસ્તીમલજી)

આ પરિષદમાં આચાર્ય સુસ્થિતની પરંપરાના પાંચસો સાધુઓ એકઠાં થયાં હતાં. તે સમયે આર્યા પોઇણીના નેતૃત્વમાં ત્રણસો જૈન સાધુઓ પણ આ પરિષદમાં એકઠાં થયાં હતા. આ વર્ણન પરથી એ સ્પષ્ટ થાય છે કે એ સમય સુધી તીર્થંકર મહાવીરના ચતુર્વિધ સંઘનું અસ્તિત્વ હતું. તથા ધર્મની ડામાડોળ સ્થિતિને ફરીથી સ્થાપવા માટે સક્રિય કાર્ય કરતા હતા. તીર્થંકર મહાવીરની પછી પણ જૈન ધાર્મિક ઇતિહાસમાં સાધ્વીજીઓનો બહુ મોટો ફાળો રહ્યો છે.

તે છતાં પણ આર્યો પોઇણીની વય, શિક્ષણ અને દીક્ષા તથા સાધના સંબધે વિસ્તૃત વિવરણ ઉપલબ્ધ થતું નથી. તે છતાં ઉપલબ્ધ કથાનકોને આધારે સાધ્વી યક્ષાની પછી આર્યા પોઇણીનું સાધ્વી સંઘમાં પ્રમુખ સ્થાન હતું. તે એક બહુશ્રુતા, સંઘ-સંચાલનમાં કુશલ અને આચારવાન સાધ્વી હતા.સાધ્વી સંઘમાં આર્યા પાઇણીના જ્ઞાન-ગરિમાને મહત્વનું સ્થાન હતું.

પ્રાકૃત પોઇણી શબ્દનું સંસ્કૃત રૂપાંતર પોતિની જેનો અર્થ જહાજ થાય છે. આ આર્યા ભવ્ય જીવોને ભવસાગર પાર ઉતારનાર ધર્મજહાજ હતી. વીર નિર્વાણની ચોથી સદીમાં ભારતના વિભિન્ન પ્રાંતોમાં શ્રમણોની જેમ શ્રમણીઓ પણ સાહસ અને વિશ્વાસ સાથે પગપાળા વિહાર કરીને જનમાનસમાં આધ્યાત્મિક ચેતના ઉત્પન્ન કરતી હતી. તથા ધર્મ-પ્રચારના કાર્યોમાં સંઘને સહાયતા કરતી હતી.

## સાધ્વી સરસ્વતી

ધારાવાસના રાજા વજ્રસિંહ અને તેમની રાણી સુરસુંદરીના પુત્રનું નામ કાલક તથા પુત્રીનું નામ સરસ્વતી હતું. રાજકુમારી નામને અનુરુપ રૂપ તથા ગુણમાં સરસ્વતી સમાન હતી. (જૈન ધર્મકા મૌલિક ઇતિહાસ -પૃ-૫૧૦ આ. હસ્તીમલજી)

બંને ભાઇબેનો પરસ્પર સ્નેહને કારણે સાથે જ રહેતા હતા.

એક વખત કાલકકુમાર પોતાની બેન સરસ્વતીની સાથે નગરની બહાર ઉદ્યાનમાં ગયા. ત્યાં એક જૈન મુનિ ધર્મનો ઉપદેશ આપી રહ્યા હતા. બંનેએ શ્રદ્ધાથી આચાર્યનો ઉપદેશ સાંભળ્યો અને ગહન વિચારમાં ખોવાઇ ગયા. આત્મોન્નતિ હેતુ બંનેએ સંસાર ત્યાગનો દૃઢ નિશ્ચય કરી માતા પિતા પાસે આજ્ઞા લઇ દીક્ષા અંગીકાર કરી. (નિશીથ ચૂર્ણિ -ભાગ-૩ પૃ. ૫૯-૬૦).

એક વખત દ્વિતીક કાલકાચાર્ય વિહાર કરાતં કરતાં ઉજ્જયિની તરફ આવ્યા. નગરની બહાર ઉદ્યાનમાં આચાર્ય કાલકના દર્શનાર્થે સરસ્વતી સાધ્વી અન્ય સાધ્વીઓની સાથે ગઇ.તે સમયે ઉજ્જયિનીનો તત્કાલીન રાજા ગદર્ભિલ્લ વનવિહાર કરીને પાછો ફરી રહ્યો હતો. (ભારતીય સંસ્કૃતિમેં જૈન ધર્મકા યોગદાન ડૉ. હીરાલાલ જૈન પૃ. ૩૪)

તેની દ્રષ્ટિ સાધ્વી સરસ્વતી પર પડી. તથા તેની સુંદરતા જોઇને મોહિત થઇ ગયો. તેના પોતાના અનુચરોને મોકલીને બળપૂર્વક તેનું અપહરણ કરાવીને તેને પોતાના અંતઃપુરમાં પહોંચાડી દીધી. સાધ્વી સરસ્વતીને બંદી બનાવ્યા પછી તેને અનેક પ્રકારની યાતનાઓ, ભય તથા પ્રલોભન પણ આપવામાં આવ્યા. પરંતુ સાધ્વી સરસ્વતી પોતાની બ્રહ્મચર્યની પ્રતિષ્ઠામાં અટલ હતી.

તત્કાલીન શ્રાવક સંઘ તથા અન્ય પ્રતિષ્ઠિત નાગરિકોએ રાજાને બહુ જ સમજાવ્યો પરંતુ તેને પોતાની જિદ્દ છોડીનહિ. જ્યારે રાજાને સમજાવવા છતાં કાંઇ અસર ન થઇ. ત્યારે મુનિ કાલક (સરસ્વતીના ભાઇ) સાધુવેષ છોડી યુદ્ધની તૈયારી કરવા લાગ્યા.

કાલકાચાર્યએ સિન્ધુદેશના રાજાઓની મદદથી ઉજ્જયિની પર ચઢાઇ કરી તથા રાજા ગર્દભિલ્લને યુદ્ધમાં હરાવ્યો. અને પોતાની બેન સાધ્વી સરસ્વતીને મુકત કરાવી.

સાધ્વી સરસ્વતીએ પ્રાયશ્ચિત કરતા. જીવન પર્યંત કઠોર તપ કર્યા. તથા અંતે સમાધિપૂર્વક દેહ ત્યાગ કર્યો. આ ઘટનાથી એમ પ્રમાણિત થાય છે કેઉત્તર ભારતમાં મુનિ તથા સાધ્વી સંઘનું અસ્તિત્વ ઇ.સ. પૂર્વ પ્રથમ શતાબ્દીમાં વિદ્યમાન હતું. તત્કાલીન સામાજિક પરિસ્થિતિઓથી જાણવા મળેછે કે પ્રાચીન કાળમાં સાધ્વીઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ વિહાર કરતાં ધર્મનો ઉપદેશ આપવામાં મહત્વ રાખતાં હતાં. ઇ.સ. પૂર્વ પ્રથમ શતાબ્દી સુધી જૈન સાધ્વીઓ અવિચ્છિન્ન રૂપે મહાવ્રતોનું પાલન કરતી આત્મકલ્યાણમાં પોતાનું જીવન વ્યતીત કરતી હતી.

જૈન ઇતિહાસમાં તીર્થંકર મહાવીરના નિર્વાણ પછીઆ પ્રથમ ઉદાહરણ મળે છે જેમાં કોઇ રાજાએ સાધ્વીને બળપૂર્વક અપલત કરીને રાજમહેલમાં બંદી બનાવી હોય. આ ઘટના પછી ભારતીય ઇતિહાસમાં એવું એક પણ ઉદાહરણ નથી મળતું જેમાં જૈન સાધ્વીને રાજા અથવા રાજયના કર્મચારીઓએ અપમાનિત કરી હોય.

## સાધ્વી મુરુણ્ડ

કાલકાચાર્યો શક રાજાઓની મદદથી ઉજ્જયિનીના ગદર્ભિલ્લ રાજાને હરાવ્યો. ત્યારબાદ ત્યાં શક રાજાઓએ થોડા વર્ષો સુધી ત્યાં રાજય કર્યું. શક રાજાઓની પછી તેના મુખ્ય અધિકારી મુરુણ્ડે રાજ્ય સત્તા પર પોતાનું આધિપત્ય હંમેશ માટે જમાવી દીધું.

(જૈન ધર્મકા મૌલિક ઇતિહાસ ભાગ- ૨ પૃ. ૪૫-૫૧ આ. હસ્તીમલજી)

વિશેષાવશ્યક અને નિશીથચૂર્ણિના ઉલ્લેખ પ્રમાણે મુરુણ્ડરાજ (વિદેશી શક શાસક)ની સામે તેની વિધવા બેન પ્રવ્રજિત થવાની ઇચ્છા પ્રકટ કરી. શક્ રાજાની બેન શ્રમણ ધર્મના સિદ્ધાંતોથી પ્રભાવિત હતી. તે સંસાર ત્યાગીની નિવૃત્તિનો માર્ગ અપનાવવા માંગતી હતી. મુરુણ્ડરાજ તે સમયના પ્રચલિત કેટલાંય ધર્મોમાંથી સૌથી શ્રેષ્ઠ ધાર્મિક સંગઠનમાં પોતાની બેનને દીક્ષિત કરવા ચાહતો હતો.

એક વખત મુરુણ્ડરાજે પોતાના મહેલની બારીમાંથી જોયું કે રાજમાર્ગ પર કોલાહલ થઇ રહ્યો હતો. સેવકોને પૂછવાથી એ જાણવા મળ્યું કે એક કૃશકાય જૈન સાધ્વી પોતાના વસ્ત્રો પાત્રો વગેરે પાગલ હાથીની સામે નાંખીને પોતાના પ્રાણોની રક્ષા કરી. સાધ્વીની આ નીડરતાથી આજુબાજુના નાગરિકો બહુ પ્રભાવિત થયા અને જય જયકાર કરતાં જૈન ધર્મ અને સિદ્ધાંતોની પ્રશંસા કરવા લાગ્યા. આ જોઇને રાજા અત્યંત પ્રભાવિત થયા. અને તેમને પોતાની બેનને કહ્યું,

''હે બેન, આ અગાધ ધૈર્યશાલિની સાધ્વી પાસે તું પ્રવ્રજિત થઇ શકે છેકારણ કે આ સાધ્વીનો ધર્મ શ્રેષ્ઠઅને સર્વજ્ઞ પ્રરુપિત છે. (જૈન ધર્મકા મૌલિક ઇતિહાસ ભાગ-૨ આ. હસ્તીમલજી. પૃ. ૪૫૦–૪૫૧.)

## સુનન્દા

ઉજ્જયિની નગરીની પાસે તુમ્બવન ગ્રામના ધનપાલ શ્રેષ્ઠિની પુત્રીનું નામ સુનન્દા હતું. તેના ભાઇનું નામ સુમતિ તથા પતિનું નામ ધેનગિરિ હતું. (કલ્પસૂત્ર પૃ. ૧૩૭ કૃપા વિનયવિજયજી)

તે સમયના પ્રભાવશાળી આચાર્ય સિંહગિરિના પ્રભાવથી ભાઇ સુમતિએ તેમની પાસે દીક્ષા લીધી. તથાતેમની આજ્ઞાનુવર્તિની સ્થવિરા સાધ્વીની પાસે સુનન્દાએ શ્રમણ ધર્મના બાર વ્રતો ગ્રહણ કર્યા હતા. (જૈનધર્મકા મૌલિક ઇતિહાસ ભાગ- ૨ પૃ. ૫૫૫-૭૩૨) પોતે ગર્ભવતી હોવા છતાં પણ પતિની સંસાર વિરકિત ને જોઇને સુનન્દાએ તેમને દીક્ષિત થવાની સલાહ આપી. ગર્ભાવધિ પૂર્ણ થયા બાદ સુનન્દાએ એક ભાગ્યશાળી અને તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. સમય જતાં તે સુનન્દા પુત્ર વજના

નામથી પ્રસિદ્ધ થયો. શૈશાવસ્થામાં વજ્રને પોતાના કાનોથી પિતાના દીક્ષિત થયાની વાત સાંભળી વારંવાર હતી.

વિલક્ષણ બુદ્ધિ તથા પૂર્વભવના નિવૃત્તિમાર્ગ સંસ્કારોને કારણે શિશુ વજ્રે અતિ અધિક રૂદન કરવાનું શરૂ કર્યું માતા સુનન્દાએ અને ઉપાયો કરવાં છતાં તેનું રડવાનું ઓછું ન થયું. એકવાર મુનિ ધનગિરિ (વ્રજના પિતા) ભિક્ષાર્થે સુનન્દાને ત્યાં પહોંચ્યા, જેવું તેમને ભિક્ષાપાત્ર આગળ કર્યું ત્યાં જ સુનન્દાએ આવેશમાં આવીને બાળકને જ એમના પાત્રમાં મૂકી દીધું અને કહ્યું ''તમે તો ચાલ્યા ગયા, પણ આને અહીંઆ છોડીને કેમ ગયા. તેને પણ સાથે લઇ જાવ''. ઉપાશ્રયમાં ગુરુની આજ્ઞા લઇને શય્યાતરી શ્રાવિકાઓએ બાળક (વજ્ર)નું પાલન-પોષન કર્યું થોડા સમય પછી મોટો થયા બાદ વજ્ર પોતે પણ શ્રાવિકાઓની સાથે સાધુ-સાધ્વઓની પાસે જતો હતો. શ્રમણોના ત્યાગમય ઉપદેશ. સાંભળીને તેનામાં વૈરાગ્યની ભાવના જાગૃત થઇ અને જાતિસ્મરણ જ્ઞાન પણ ઉત્પન્ન થયું. ત્યારબાદ આચાર્ય સિંહગિરિએ તેને મુનિદીક્ષા પ્રદાન કરી.

(કલ્પસૂત્ર - ૫-૧૩૭ ઉપા. વિનય વિજયજી).

કથા પ્રમાણે બાળક વજ્ર ત્રણ વર્ષનો થયો ત્યારે સુનન્દા શ્રાવિકાએ રાજસભામાં પુત્રને પોતાની પાસે રાખવાની કોશિશ કરી. તે માટે પુત્રને કેટલાંય પ્રકારના પ્રલોભનો પણ આપ્યા. પરંતુ વજ્રે સાધુ ધનગિરિએ આપેલ રજોહરણ લઇ લીધું.

આ ઘટનાથી સુનન્દાને જીવનની યથાર્થત્વનો બોધ થયો. તથા તે પણ સાંસારિક મોહજાલને તોડીને સાધ્ય સંઘમાં દીક્ષિત થઇ. સમય જથાં પતિ અને પુત્રનું અનુસરણ કરતાં નિવૃત્તિના માર્ગમાં પ્રવૃત્ત થઇ.

## રુકિમણી

સાધ્વી પરંપરાની શૃંખલામાં આ મહિમામયી મહિલા રુકિમણીનો ત્યાગ બધામાં સૌથી નિરાળો તથા અનુપમ રહ્યો છે.

પાટલિપુત્રના ધનકુબેરદેવની પુત્રી પોતાના અદભુત રૂપ અને સૌન્દર્યને માટે શ્રેષ્ઠી વર્ગમાં ચર્ચાનો વિષય બની હતી. એકવાર આર્ય વજ્ર વિહાર કરતા પાટલિપુત્રમાં પધાર્યા. તેમના દર્શન માટે જનસમૂહ ઉમટી પડયો. ધનદેવની એકની એક પુત્રી રુકિમણી પણ પોતાની સહેલીઓ સાથે ઉપવનમાં પહોંચી. પ્રવચન સાંભળતા આર્ય વજ્રના રૂપ અને ગુણ પર મોહિત થઇને રુકિમણીએ મનમાંને મનમાં તેમને પોતાના પતિ તરીકે પસંદ કરી લીધા. આ સંકલ્પને તેને પોતાના માતા-પિતાને કહી જણાવ્યો અને એમ પણ કહ્યું કે જો આ વિવાહ નહિ થાય તો તે પોતે અગ્નિમાં પ્રવેશ કરીને આત્મદાહ કરી લેશે. (પ્રભાવક ચરિત્ર પૃ. ૬)

પુત્રીની આ પ્રતિજ્ઞાથી ચિંતિત થઇને તેના પિતાએ આર્ય વજ્રને સંપત્તિ વગેરેથી પ્રભાવિત કરી સાંસારિક જીવનમાં પાછા ફરવાનો માર્ગ બતાવ્યો. પરંતુ નિવૃત્તિ માર્ગમાં દ્દઢ-પ્રતિજ્ઞ આર્ય વજ્ર પર કોઇ પ્રભાવ પડયો નહિ થોડા સમય પછી આર્ય વજ્રના ઉપદેશથી રુમિણીનો સાંસારિક નશો ઊતરી ગયો. મોહરૂપી માદક નશાથી વશીભૂત થઇને રુકિમણી જેને પોતાના પતિના રૂપમાં સ્વીકાર્યો હતો, થોડા સમય પછી તેના ઉપદેશોથી પ્રભાવિત થઇને સ્વયં સાંસારિક ઉપભોગોથી વિરકત થઇને તેને પોતાના સાધના માર્ગનો આરાધ્ય દેવ સ્વીકાર કર્યો. પછી તેમની પાસે દીક્ષા લઇને નિવૃત્તિ માર્ગમાં પ્રવૃત્ત થઇ.

(કલ્પસૂત્ર-પૃ-૧૩૭ ઉપા. વિનયવિજયજી)

## મૂલ્યાંકન

રુકિમણી ભૌતિક સાંસારિક સુખોને માટે જેને વરવા ચાહતી હતી, તે જ મુનિએ તેને અમરત્વનો માર્ગ બતાવ્યો રુકિમણી સૌન્દર્ય તથા સમૃદ્ધિને તૃણવટ ત્યાગ કરીને પોતાના પ્રિયતમની પાછળ આત્મતત્વની શોધમાં નીકળી પડી. નારીના અપૂર્વ ત્યાગની મહિમા તથા ગૌરવને શબ્દોમાં આલેખવો મુશ્કેલ છે. રુકિમણી પોતાના કર્મોબંધોનો ક્ષય કરવા માટે દર્શન જ્ઞાન, ચારિત્રની આરાધના કરતા કરતા મોક્ષ માર્ગ પર આગળ વધી.

ઉપરની ચર્ચામાં સાધ્વીઓના ઉપાશ્રયનો ઉલ્લેખ થયો છે. જયાંથી શ્રાવિકાઓ બાળક વજ્રને લઇને આવતી હતી. સાધ્વી તથા શ્રાવિકા સંઘ પોત-પોતાના કર્તવ્યનું યથાવત્ પાલન કરતા હતા. એ સત્ય પણ પ્રકટ થાય છે કે આજથી બે હજાર ત્રણસો વર્ષ પહેલાં પણ ગૃહસ્થ મહિલાઓ ઉપાશ્રયમાં જઇને સાધુઓ તથા સાધ્વીઓ પાસેથી ધર્મ-ચર્ચા સાંભળતી હતી. તથા વ્રત, તપ, ઇત્યાદિમાં તત્પર રહેતી હતી.

તેથી આ દ્રષ્ટાંતથી એ સ્પષ્ટ થાય છે કે સાધ્વી તથા શ્રાવિકા સંઘ એક બીજા પર નિર્ભર રહેતા હતા. સાથે જીવનમાં વિભિન્નતા હોવાં છતાં પણ આત્મોન્નતિને માટે એક બીજાને પ્રેરણા આપતા રહેતા હતા. આજે પણ એ પ્રાચીન પરંપરા કાયમ છે.

## સાધ્વી ઇશ્વરી

સોપાર નગરમાં જિનદત્ત શ્રાવક તથા શ્રાવિકા ઇશ્વરી જૈન ધર્મ પર પૂર્ણ શ્રદ્ધા રાખતા હતા. એ સમયે બાર વર્ષ સુધી દુકાળ ચાલતો હતો. ભોજન બહુ જ મુશ્કેલીથી મળતું હતું. એક દિવસ આ દુઃખમાંથી છુટકારો મેળવવા માટે ઇશ્વરીએ કેટલાં ય પ્રકારની વાનગીઓ બનાવી અને વિચાર્યું કે આમાં ઝેર ભેળવી દઉં જેથી રોજ રોજ દારુણ દ્રશ્ય જોવા ન પડે.

(કલ્પસૂત્ર પૃ. ૧૩૮ ઉપા વિનયવિજયજી)

એટલામાં આચાર્ય વજ્રસ્વામીના શિષ્ય વજ્રસેન આહાર લેવા માટે આવ્યા અને ઉત્તમ ભોજન જોઇને તેમને ગુરુની વાત યાદ આવી ગઇ. તેમણે શ્રાવિકાને કહ્યું, ''હવે દુકાળ દૂર થઇ જશે.'' અને ઇશ્વરીએ ગુરુના વચન પર વિશ્વાસ કર્યો. બીજે દિવસે જહાજ દ્વારા ધાન્ય આવવાથી દુકાળ દૂર થઇ સુકાલ આવ્યો.

આ ઘટનાથી પ્રભાવિત થઇને ઇશ્વરીએ સંસાર ત્યાગ કરીને દીક્ષા ગ્રહણ કરી. અને આત્મોન્નતિ કરવામાં પોતાનું શેષ જીવન વ્યતીત કર્યું. પતિ જિનદત્તે પણ નાગેન્દ્ર, ચન્દ્ર, નિવૃત્તિ અને વિદ્યાધર નામના ચાર પુત્રો સાથે દીક્ષા લીધી. આર્ય વજ્રસેનના આ ચાર પુત્રોથી જૈન શ્રમણ સંઘમાં નાગેન્દ્ર, ચન્દ્ર, નિવૃત્તિ અને વિદ્યાધર નામના ચાર કુળો ઉત્પન્ન થયા.

## સાધ્વી રુદ્રસોમા

રુદ્રસોમા દશપુરના મહારાજના રાજપુરોહિત સામદેવની પત્ની હતી. રુદ્રસોમાએ વી. નિ. સં. ૫૨૨માં એક મહાન ભાગ્યશાળી પુત્ર રક્ષિતને જન્મ આપ્યો. રક્ષિતને ઉચ્ચ શિક્ષણ માટે પાટલિપુત્ર મોકલવામાં આવ્યો. વી. નિ. સં. ૫૪૪ તે જયારે બધી વિદ્યાઓમાં પારંગતથયા પછીદશપુર આપ્યા તો તેને બહુ ઠાઠ-માઠથી સ્વાગત સમારોહ કરવામાં આવ્યો.

રક્ષિતના માતા રુદ્રસોમા ધર્મપરાયણ શ્રાવિકા હતી. જયારે તે ઘેર પાછો આવ્યો તે સમયે રુદ્રસોમા સામાયિક કરી રહી હતી, તેને રક્ષિતની સાથે સમભાવયુકત વ્યવહાર કર્યો. તેને બહુ આનંદ ન થયો અને ન તો તેને આશાનજક સ્નેહનું પ્રદર્શન કર્યું. સામાયિક પુરૂં થયા પછી જયારે યુવક રક્ષિતે માતાને પૂછયું કે મા તું પ્રેમ વિભાર થઇને મને કેમ ન મળી? ત્યારે તેને કહ્યું, ''હે,પુત્ર તું આટલા વર્ષો પછી આવ્યો હોય ત્યારે એવી કોણ અભાગણી મા હોય જે પોતાના પુત્રને સફળતાપૂર્વક વિદ્યાભ્યાસ કરીને પાછા આવવા પર આનંદિત ન થાય. પણ હે પુત્રઆ વિદ્યાનું ફળ સાંસારિક સુખોપભોગ મેળવવા માટે તથા પોતાના અને પોતાના કુટુંબીજનોનું ભરણ-પોષણ કરવા સુધી જ સીમિત છે. સ્વ-પર કલ્યાણ અથવા આધ્યાત્મિક અભ્યુત્થાનમાં તે વિદ્યા જરા પણ મદદરૂપ થતી નથી. મને સાચી ખુશી ત્યારે થતે જયારે તું આત્મવિદ્યાના દ્રષ્ટિવાદના વિષયોનું અધ્યયન કરીને આવત અને અધ્યાત્મ માર્ગમાં સફળ પથિક બનીને કુશળ પથદર્શકબનત.''

આર્યરક્ષિતે માતા સદ્રસોમાના માર્ગદર્શનથી નગરની બહાર ઇક્ષુવાટિકામાં આચાર્ય તોષલિપુત્રની પાસે જઇને પ્રવ્રજયા ગ્રહણ કરી અને એકાદશાંગીનું ગહન અધ્યયન કરીને ત્યારપછી આર્ય વજની સેવામાં પહોંચીને સાદ્ધનવપૂર્ણનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. જયારે આર્યરક્ષિતને તેમના ભાઇ ફલ્ગુનરક્ષિત જયારે ઘરે લઇ જવા માટે આવ્યા તો તે પોતે પણ દીક્ષિત થઇ ગયા. તેમના દશપુર પહોંચ્યા બાદ માતા પિતાએ પણ અનાગાર ધર્મ ગ્રહણ કરી દીક્ષા લઇ લીધી. આર્યા રુદ્રસોમાએ કઠોર તપશ્ચર્યા કરીને દીર્ઘકાલીન સંયમનીસાધના કરી. તેમના વંશનું નામ આગળ ચાલશે કે નહીં એ વાતની જરાપણ ચિંતા કર્યા વિના માતાપિતાએ બંને પુત્રોને ઉચ્ચ સંસ્કારોથી અભિપ્રેત કરીને આધ્યાત્મિક સાધના પથના પથિકઅને પથ દર્શક બનવાની તથા બીજાનું પણ કલ્યાણ કરવાની પ્રેરણા આપી. રુદ્રસોમાની પ્રેરણાનું ફળ છેકે બાળક રક્ષિત આગળ જઇને યુગ પ્રધાન આચાર્ય બન્યા. રુપસોમા પછી આજ સુધી અસંખ્ય મહિલાઓ થઇ ગઇ જેની સંતતિ વંશ પરંપરા ચાલુ રહી પરંતુ તેમને કોઇ જાણતું નથી.

(જૈન ધર્મકા મૌલિક ઇતિહાસ ભાગ-૨. પૃ. ૭૧૩ આ હસ્તીમલજી)

લગભગ ૨૦૦ વર્ષ વીતી ગયા બાદ આજે પણ રુદ્રસોમનું નામ બહુ જ આદરપૂર્વક લેવામાં આવે છે.

## તરંગવતી

આચાર્ય પાદલિપ્તસૂરિ દ્વારા લિખિત 'તરંગવતી' સંબંધે કથા નીચે પ્રમાણે છે.

એકવખત રાજા કૂણિકના રાજ્યમાં તરંગવતી નામની એક સાધ્વી નગરમાં ભિક્ષા લેવા ગઇ. ધનાઢ્ય શેઠની પત્ની સાધ્વીના રૂપથી આકર્ષિત થઇને તેને દીક્ષા લેવાનું કારણ પૂછ્યું. વારંવાર આગ્રહ કરવાથી સાધ્વી તરંગવતીએ પોતાના ભૂતકાળના જીવન વૃતાન્તને નીચે પ્રમાણે કહી બતાવ્યો.

''હું યુવાવસ્થામાં સખીઓ સાથે વન વિહાર કરી રહી હતી. ત્યારે એક ચકવા પક્ષીનેજોઇને મને પૂર્વજન્મનું સ્મરણ થયું. હું પણ ચકવીના રૂપે ગંગા નદીના કિનારે મારા પ્રિય ચકવાની સાથે ક્રીડા કરતી હતી. ચકવો એક શિકારી બાણથી વીંધાઈને મૃત્યુ પામ્યો. ત્યારે મેં પણ પ્રાણ ત્યાગ્યા. અને આ જન્મ ધારણ કર્યો. આ પ્રકારે જાતિ સ્મરણ થવાથી મેં મારા પૂર્વ જન્મની કથા ચિત્રપટ પર લખીને કૌમુદી મહોત્સવના પ્રસંગે કૌશામ્બી નગરના ચોતરા પર મૂકી દીધી. ચિત્રપટ જોઇને શ્રેષ્ઠિપુત્ર પદ્મદેવને પણ પોતાના પૂર્વજન્મનું સ્મરણ થયું પછી અમારા બંનેનો પ્રેમ વધ્યો. પરંતુ પિતાએ એ યુવાન સાથે મારા વિવાહ ન કર્યો. કારણ કે તે પૂરતા પ્રમાણમાં ધનવાન ન હતો ત્યારે અમે બંને એક રાત્રે નાવમાં બેસીને ત્યાંથી ભાગી નીકળ્યા. ભટકતાં ભટકતાં અમે એક ચોરોની ટોળી દ્વારા પકડાઇ ગયા. ચોરોએ કાત્યાયની સંમુખ અમારું બલિદાન કરવા ઇચ્છયું. પરંતુ મારાવિલાપથી દ્રવિત થઇને ચોરોના પ્રધાને અમને છોડી દીધા. અમે કોશામ્બી પાછા આવ્યા અને ધામધૂમથી અમારા વિવાહ થયા. થોડા સમય પછી હું ચંદનબાલાની શિષ્યા બની ગઇ અને તેમની સાથે વિહાર કરતાં કરતાં અહીંઆ આવી પહોંચી.

(ભારતીય સંસ્કૃતિમેં જૈન ધર્મકા યોગદાન. પૃ. ૧૩૭ ડૉ. હીરાલાલ જૈન)

## આગમ પરિષદ

## પાટલીપુત્ર પરિષદ : પ્રથમ વાચના

જૈન આગમોનું સમયે સમયે પુનર્ગઠન થતું રહ્યું છે જેને જૈન સાહિત્યમાં આગમ પરિષદના નામથી ઓળખવામાં આવે છે.

ઇ.સ. પૂર્વ ૩૬૭ (વિ. સં. ૧૬૦) નન્દરાજાના સમયમાં બાર વર્ષનો ભીષણ દુકાળ પડયો. દુકાળને કારણે શ્રમણ-શ્રમણીઓનું નિર્વાહ કઠિન થઇ ગયો. કેટલાંક ત્યાગીઓ અન્યત્ર વિહાર કરી ગયા. અને કેટલાંકે સમાધિમરણ પ્રાપ્ત કર્યું. દુકાળ સમાપ્ત થયા પછી શ્રમણ સંઘ પાટલિપુત્રમાં એકત્રિત થયો. આચાર્ય સ્થુલભદ્રએ આ પરિષદનુંનેતૃત્વ કર્યું. તે સમયે સાધ્વીસંઘ કયા પ્રકારે અસ્તિત્વ ધરાવતો હતો તેનું વર્ણન પ્રાપ્ત નથી થતું. ('આગમ સાહિત્ય એક અનુચિંતન' મુનિ સમદર્શી પ્રભાકર. પૃ૧૩)

## બીજી પરિષદ

રાજા ખારવેલના સમયમાં આચાર્ય મહાગિરિ અને આર્ય સુસ્થિતના નેતૃત્વમાં આગમ સાહિત્યને પુનઃ ભેગુ કરવા માટે એક પરિષદનું આયોજન કરવામાં આવ્યું. (જૈન ધર્મકા ઇતિહાસ મુનિ સુશીલકુમાર પૃ.૧૩૮)

જેમાં આર્યા પોઇણીના નેતૃત્વમાં ત્રણસો સાધ્વીઓ ભેગી મળી હતી. (જૈન ધર્મકા મૌલિક ઇતિહાસ પૃ-૫-ભાગ ૨. )

## ત્રીજીપરિષદ

શ્રુત પરંપરાના પ્રવાહને ચાલતો રાખવા માટે વીર સંવત ૮૨૫ તથા ઇ.સ. ૨૯૮ (વીર નિર્વાણની નવમી શતાબ્દી)માં આચાર્ય સ્કન્દિલના નેતૃત્લમાં શ્રમણ સંઘનું સંમેલન થયું. આ સમયે નાગર્જુનના નેતૃત્લમાં વલ્લભીના કેટલાક શ્રમણોનું સંમેલન થયું. તે સમયની સાધ્વીઓ તથા શ્રાવિકાઓના ઉલ્લેખ પ્રાપ્ત નથી થતાં. તેનાથી એમ પ્રતીત થાય છે કે સાધ્વીઓ પાસેથી આગમ (શ્રુત) સાહિત્યપુનર્ગઠનમાં સહયોગ લેવામાં નહીં આવ્યો હોય.

## ચોથી પરિષદ

આગમ સંકલનન ચોથી પરિષદ આચાર્ય દેવદ્ધિગણિ ક્ષમાશ્રમણના નેતૃત્વમાં વી. સં. ૯૮૦માં વલ્લભી નગરમાં બોલાવવામાં આવી હતી. એ સમયે આગમોને લિપિબદ્ધ કરવામાં આવ્યા. તે સમયે આચાર્ય દેવદ્ધિગણિએ નન્દીસૂત્રની રચના કરી. (આગમ-હાસિત્ય એક અનુચિંતન મુનિ સમદર્શી પ્રભાકર પૃ. ૧૫)

આ પરિષદોમાં સાધ્વીઓ તથા શ્રાવિકાઓ ભેગા મળ્યાના ઉલ્લેખો નથી મળતા.

## પ્રથમ શતાબ્દીથી સાતમી શતાબ્દી સુધીની જૈન સાધ્વીઓ અને વિદુષી મહિલાઓ.

ઉત્તર ભારતમાં નંદ રાજાઓની પછી ગુપ્ત વંશના રાજાઓએ પણ જૈન ધર્મને માન્યતા આપી હતી. ચીની યાત્રી ફાહયાનના યાત્રાવર્ણનમાં પ્રકટ છે કે સામ્રાજ્યમાં જન સામાન્ય પર ખાવા-પીવા સંબંધે જૈન અહિંસાનો પુરો પ્રભાવ હતો.

ગુપ્ત વંશના પ્રથમ શાસક શ્રી ગુપ્ત ચન્દ્રપ્રભુનો પરમ ભકત હતો. તેને ચન્દ્રપ્રભુનુ મંદિર બનાવ્યું હતું. વિદિશાના ખોદકામમાંથી ચન્દ્રપ્રભુની એકે એવી કલાત્મક મૂર્તિ પ્રાપ્ત થઈ છે કે જેના પર ગુપ્તવંશી બ્રાહ્મી ભાષામાં ચન્દ્રપ્રભુ નામ કોતરેલું છે. (ભારતીય ઇતિહાસ એક દ્રષ્ટિ ડૉ. જ્યોતિપ્રસાદ જૈન પૃ. ૧૪૦)

જે પ્રકારે ત્રીજા રાજા રામગુપ્તા સમયની જૈન તીર્થંકરોની પ્રતિમાઓ વિદિશામાંથી પ્રાપ્તિ થઈ છે. જેના પર ગુપ્ત સંવત લખી હોવાનું જાણવા મળે છે. પ્રાચીન સમયમાં માળવા જૈન ધર્મનું પ્રસિદ્ધ કેન્દ્ર હતું. સમાજમાં જૈન ધર્મ પર શ્રદ્ધા રાખવા વાળા ઘણી સંખ્યામાં શ્રાવક શ્રાવિકાઓને લીધે તે રાજાઓને મૂર્તિ બનાવીને પ્રતિષ્ઠા કરાવી. આ શ્રેષ્ઠ ધાર્મિક કાર્યના નિમિત્તે પ્રોત્સાહન તથા પ્રેરણા આપવાનું કાર્ય ચોકકસ સાધ્વીઓએ કર્યું હશે.

(ભારતય ઇતિહાસ એક દ્રષ્ટિ -પ ૧૪૦. ડૉ જયોતિપ્રસાદ જૈન)

## કુમારદેવી

ગુપ્તવંશના મહાપ્રતાપી રાજા ચન્દ્રગુપ્ત પ્રથમ (ઇ.સ. ૩૧૯-૩૩૫)નો વિવાહ ભગવાન મહાવીરના લિચ્છવી વંશની જૈન રાજકુમારી કુમાર દેવીની સાથે થયો હતો. રાણીનો રાજય પર એટલો પ્રભાવ હતો કે રાજમુદ્રાઓ પર તેની મૂર્તિ અંકિત કરવામાં આવી હતી. રાજમહિષીના જૈન ધર્મમાં શ્રદ્ધા હોવાથી અન્ય મહિલાઓએ પણ જૈન ધર્મ અપનાવ્યો રાણીની પ્રેરણાથી જ મંદિરોમાં તીર્થંકરોની મૂર્તિઓની સ્થાપના કરવામાં આવી. રાજા ચન્દ્ર ગુપ્તે મંદિરોમાં પૂજા માટે અઢળક દ્રવ્ય આપ્યું. ચન્દ્રગુપ્ત વિક્રમાદિત્ય (શાસન કાલ વિ. સન. ૩૭૫ થી ૪૧૪ સુધી) ની રાજસભામાં જૈન આચાર્ય સિદ્ધસેન દિવાકરનો બહુ જ પ્રભાવ હતો. તેના સેનાપતિ અમરકર દેવ જૈન હતા. જેમને ઇ.સ. ૪૧૧માં જૈન મંદિરને તીર્થંકરોની પૂજા માટે એક ગ્રામ અને ૨૫ સુવર્ણ મુદ્રાઓ ભેટમાંઆપી દીધી હતી. જૈન ધર્મના પ્રકાંડ વિદ્વાન સિદ્ધસેન દિવાકરને રાજ્યાશ્રય પ્રાપ્ત થયો હતો. તે સમયે ગુપ્ત રાજાઓની રાજધાની ઉજજયિની બધાં ધર્મોનું કેન્દ્રહતી. (ભારતીય સંસ્કૃતિમાં જૈન ધર્મનુંયોગદાન પૃ. ૩૪ ડૉ. હીરાલાલ જૈન).

## શ્રાવિકા શ્યામાઢ્ય

કુમાર ગુપ્તના રાજયમાં જૈન ધર્મવિલંબીઓ આદરની દ્રષ્ટિથી જોવાતાં હતાં. તે સમયના જૈન આચાર્ય દંતિલાચાર્યની શિષ્યા શ્રાવિકા શ્યામાઢયએ એક જિન-પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. આ ગૃહસ્થ મહિલા શ્રમણોપાસિકા હતી અને ધર્મમાં દ્દઢ શ્રદ્ધા રાખતી હતી. કર્મોની નિર્જરા કરલા માટે દેવાધિદેવની પ્રતિમાનું નિર્માણ પોતાના ખર્ચે કરાવ્યું તથા પ્રતિષ્ઠાનો ઉત્સવ બહુ ધામધૂમથી કર્યો. તેનાથી એ સ્પષ્ટ થાય છે કે તે સમયની ગૃહસ્થ મહિલાઓ સ્થાપત્ય કલા તથા ધાર્મિક પ્રતિષ્ઠાનોમાં રુચિ રાખતી હતી. સાથે સાથે ધાર્મિક ઉત્સવોમાં પણ ભાગ લેતી હતી. કુમારગુપ્તના સમયમાં (ઇ.સ. ૪૨૫)માં ઉદયગિરિમાં એક લેખ મળ્યો છે. જેમાં પાર્શ્વનાથની પ્રતિષ્ઠાનો ઉલ્લેખ છે. જે વર્તમાનમાં પણ પ્રતિષ્ઠિત છે.

(પ્રો. કૃષ્ણચન્દ્ર વાજપેથી - પ્રાચીન ભારતીય સંસ્કૃતિ પૃ-૫૧૮)

મૂર્તિ પ્રતિષ્ઠાનું કાર્ય ગૃહસ્થો પોતાના કર્મોની નિર્જરા કરવા માટે કરતા હતા. આચાર્યગણ શ્રાવક-શ્રાવિકાઓને આ પ્રકારના ધાર્મિક કાર્યો કરવા માટે પ્રોત્સાહિત કરતા હતા.

સ્કંદગુપ્તના સમયમાં (ઇ.સન. ૪૬૦માં) રાજાના ઉલ્લેખ સાથે જે શિલાલેખ પ્રાપ્ત થયા તેમાં ઉલ્લેખછે કે પાંચ અરહંતોની સ્થાપના જનપદના ધનાઢય શ્રાવકે ચન્દ્ર નામના ધર્મ પુરુષ પાસે કરાવી હતી અને શૈલ સ્તંભ ઊભો કરવામાં આવ્યો હતો.

(જૈન ધર્મકા મૌલિક ઇતિહાસ ભાગ-૨ પૃ. ૬૯૭ આ. હસ્તીમલજી.)

અંતિમ ગુપ્ત રાજાઓમાં દેવ ગુપ્ત અને હરિગુપ્ત બંનેએ સંસારનો ત્યાગ કરી દિગમ્બર મુનિની દીક્ષા ગ્રહણ કરી.

ઉપરના ઐતિહાસિક પુરાવાઓના આધાર પર એ સિદ્ધ થાય છે કે ગુપ્ત કાલમાં ત્રણસો વર્ષ સુધી જૈન ધર્મનો પ્રભાવ રહ્યોહતો.

હર્ષવર્ધનના રાજ્યકાલમાં ઉત્તરભારતમાં સાધ્વીઓના સંઘ પોતાના નિયમોનું પાલન કરતા વિહાર કરતાં હતા. ઉત્તર ભારત પર કેટલીયે શતાબ્દીઓ સુધી વિદેશી રાજાઓના હુમલા થતા રહ્યા. ઉત્તર ભારતીઓને ત્રણવાર ભીષણ દુકાળ તથા રાજનૈતિક, સામાજિક વગેરે મુશ્કેલીઓનો સામનો કરવો પડયો. આ બધી વિષમ પરિસ્થિતિઓમાં પણ ચન્દનબાળા દ્વારા ચલાવેલો સાધ્વીસંઘ અક્ષુણ્ણ રહ્યો.

ધીમે ધીમે રાજનૈતિક તથા સામાજિક કારણોસર જૈન ધર્મ બિહાર તથા ઓડીસા વગેરે પ્રાન્તોમાંથી નીકળીને રાજસ્થાન અને ગુજરાતમાં ફેલાવા લાગ્યો.

હર્ષવર્ધન (ઇ. સન. ૬૪૦)ના રાજયકાલમાં પણ જૈન ધર્મને રાજ્યાશ્રય પ્રાપ્ત થયો. એ જ સમયે યુગ પ્રધાન આચાર્ય મહાકવિ માનતુંગ થઇ ગયા. જેમણે સંઘની સુરક્ષા તથા ઋષભદેવની સ્તુતિ માટે 'ભકતામર' સ્તોત્રની રચના કરી. આ સ્ત્રોત ભાવ પ્રધાન પ્રવાહમય શૈલીમાં રચવામાં આવ્યું છે ભકતામરની રચના ભાષા-ભાવ, કલાઅને કલ્પનાના અનુપમ સામંજસ્યની અનોખી પ્રતીતિ કરાવે છે.

ચીની યાત્રી હયુએન સાંગે (ઇ.સન. ૬૨૬ થી ૬૪૩)ભારતની યાત્રા કરી હતી. તેણે લખ્યું હતું કે

''હર્ષૈવર્ધનના રાજયમાં જૈન સાધુ વધુ પ્રમાણમાં ભ્રમણ કરતા જોવા મળતા હતા. હર્ષવર્ધન પ્રયોગમાં દર પાંચમેં વર્ષે એક મહાન ધાર્મિક અનુષ્ઠાન કરતા હતા. જેમાં બોદ્ધ, જૈન (નિર્ગન્થ), શૈવ અને વૈષ્ણવ સાધુઓને નિમંત્રિત કરતા હતા અને ભરપૂર દાન આપીને બધાંને સંતુષ્ટ કરતા હતા. તે ગુણીજનો તથા વિદ્વાનોનો આદર કરતા હતા.

(ભારતીય ઇતિહાસ એકદ્રષ્ટિ પૃ. ૧૫૫ ડૉ. જયોતિપ્રસાદ જૈન.)

તેમના રાજકવિ બાણ હતા જેણે હર્ષચરિત, કાદમ્બરી વગેરે રચનાઓ કરી હતી. અને તેઓ સુપ્રસિદ્ધ હતા.

હર્ષવર્ધનના સમયમાં જૈન ધર્મને માન્યતા હતી પરંતુ ધાર્મિક પ્રચાર પ્રસાર બૌદ્ધ ધર્મનો વધારે થયો હતો. તેનું મુખ્ય કારણ બોદ્ધ ધર્મ પ્રત્યે હર્ષવર્ધનને વિશેષ અનુરાગ હતો. જો કે રાજયમાં માનતુંગ જેવા વિદ્વાન આચાર્ય હતા તેથી સાધુ-સાધ્વી અને શ્રાવક શ્રાવિકા સંઘનું પણ અસ્તિત્વ રહ્યું હશે. જો કે સાહિત્યક પુરાવા પરથી હર્ષકાલીન કોઇ વિશિષ્ઠ શ્રમણી અંથવા શ્રાવિકાઓનો ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી.

તે સમયમાં ઉદ્યોતન સૂરિએ લગભગ (ઇ.સન. ૭૭૮માં) 'કુવલયમાલા' ગ્રન્થની રચના કરી. જેનો જૈન ધર્મમાં બહુ જ પ્રચાર થયો. આ ઉદ્યોતન સૂરિએ હૂણ રાજા તોરમાણને પોતાના તેજથી પરાસ્ત કરી તેને જૈન ધર્મનો ભકત બનાવ્યો હતો. ચીની યાત્રી ફહિયાને ઉત્તર ભારતના વિવિધ સ્થાનોમાં જિન સંપ્રદાયો અને ધાર્મિ સંસ્થાનો જોયાં હતા. તેમાં અનેક જૈન હતાં. તેથી વિશ્વાસપૂર્વક કહી શકાય કે ઉત્તર ભારતમાં જૈન ધર્મનો પૂરતો પ્રચાર હતો.

# દક્ષિણ ભારતની જૈન સાધ્વીઓ અને વિદુષી મહિલાઓ

મહાવીર નિર્વાણની પછી (ઇ.સ. પૂર્વે ૪૬૭)ની આચાર્ય પરંપરામાં સંભૂતિવિજય સાતમા આચાર્ય હતા. તેમના મૃત્યુ પછી તેમના ગુરૂભાઇ ભદ્રબાહુ એક મહાન ધર્મ પ્રવર્તક આચાર્ય થઇ ગયા. તે સમયે સમ્રાટ સમુદ્રગુપ્ત મોર્ય મગધ પર શાસન કરી રહ્યા હતા. તેમના શાસનકાળમાં મગધમાં બાર વર્ષ સુધી દુકાળ પડયો. એવા કઠિન સમયમાં મગધની આસપાસ વિહાળ સાધુસંઘનું ભરણ પોષણ થવું કઠિન સમજીને આચાર્ય ભદ્રબાહુ પોતાના અનુયાયી સાધુઓને લઇને દક્ષિણના કર્ણાટક રાજયમાં ચાલ્યા ગયા. આ પ્રકારે મોર્ય કાળમાં જૈન ધર્મનો દક્ષિણ ભારતમાં પ્રવેશ થયો હોવાનું માનવામાં આવે છે. બૌદ્ધોના પાલિ સાહિત્યાન્તર્ગત મહાવંશના લંકા વિવરણ એવા ઉલ્લેખ મળે છે કે બુદ્ધ નિર્વાણના ૧૦૬ વર્ષ પછીપાણ્ડુકાભય રાજાનો અભિષેક થયો તે સમયે તેમણે નિર્ગ્રન્થ શ્રમણોને માટે અનેક નિવાસ સ્થાન બનાવ્યા. સંભવત : સિંહલદ્વીપમાં જૈન ધર્મ દક્ષિણભારતમાં થઈને પહોંચ્યો. (ભારતીય સંસ્કૃતિમાં જૈન ધર્મનું યોગદાન ડૉ. હીરાલાલ જૈન. પૃ. ૩૬)

એવી માન્યતા પણ છે કે જયારે આચાર્ય ભદ્રબાહુએ વિશાળ મુનિ સંઘ લઇને દક્ષિણ તરફ વિહાર કર્યો તેની પહેલાં પણ ત્યાંના લોકોમાં જૈન ધર્મનો પ્રચાર રહ્યો હશે. (એજન)

રામાન્દ તથા ટીન્નાવલીની ગુફાઓમાં બ્રાહ્મીલિપિના શિલાલેખો તથા પ્રાચીનતમ તમિલ ગ્રન્થોના આધાર પર એ પ્રદેશમાં અતિ પ્રાચીનકાલથી જૈન ધર્મનો પ્રચાર સિદ્ધ થાય છે.

ઉત્તર ભારતમાંથી આચાર્ય ભદ્રબાહુએ જયારે દક્ષિણ તરફ પ્રસ્થાન કર્યું તે સમયે વિહારમાં સાધ્વીઓની કેવી સ્થિતિ હતી તેન ઉલ્લેખ પ્રાપ્ત થતાં નથી. તેથી નિશ્ચિત છે કે એવી કઠિન પરિસ્થિતિમાં સાધુ વર્ગની સાથે અધિક સંખ્યામાં સાધ્વીઓ દક્ષિણ તરફ નહીં ગઇ હોય. કોઇ પટ્ટાવલીમાં પણ એવાઉલ્લેખ નથી મળતા જેનાથી સાધ્વીઓ દક્ષિણ ભારતમાં ગઇ હોય એ વાતને પુષ્ટિ મળે. શ્રુતકેવલી ભદ્રબાહુ અને વિશાખાચાર્ય આદિ શિષ્યોએ કર્ણાટક અને તમિલ દેશોમાં જૈન ધર્મમાં નવીન પ્રાણ સંચાર કર્યો. ઇ. સન.ના પ્રારંભમાં કુન્દકુન્દાચાર્ય જે એ પ્રદેશના નિવાસી હતા તેમની પ્રેરણાથી તમિલ ભાષાનો વિશ્વવિખ્યાત ગ્રન્થ 'કુરુલકાવ્ય'ની રચના તેમના ગૃહસ્થ શિષ્ય તિરુવલ્લુરે કરી.

('પ્રમુખ ઐતિહાસિક જૈન પુરુષ અને મહિલાઓ' ડૉ. જયોતિપ્રસાદ જૈન. પૃ. ૬૯)

આ લેખકની શાન્ત સ્વભાવવાળી પત્નીના ગૃહસ્થ જીવનની એક ઘટના અહીંઆ પ્રસ્તુત છે. લેખકની પત્ની વાસુકીની પતિ ભકિતનું વર્ણન નીચે પ્રમાણે છે.

## વાસુકી

વાસુકી તમિલ ભાસાના વિશ્વવિખ્યાત ગ્રન્થકાર તિરુવલ્લુવરની પત્ની હતી. તેમનું લગ્નજીવન અત્યંત સુખમય હતું. પતિનો પ્રત્યેક શબ્દ તેના માટે ઇશ્વરની આજ્ઞા સમાન હતો. એકવાર એક મુનિએ એના દામ્પત્ય જીવનની સફળતાનું રહસ્ય પૂછયું તો તેમણે સાધુને પોતાને ત્યાં થોડાંક દિવસો રહેવાનું કહ્યું.તેમની વાત માનીને સાધુ ત્યાં રહેવા લાગ્યા.

એક દિવસ તિરુવલ્લુવરે પોતાની પત્નીને મુઠી નખ તથા લોખંડના ટૂકડાનો ભાતરાંધવાનું કહ્યું, વાસુકીએ જરા સરખી પણ શંકા કર્યા વિના પતિના કહેવા પ્રમાણે કર્યું. એક વાર ઠંડા ભાતને 'બહુ જ ગરમ છે, અડતાંની સાથે જ મારો હાથ બળી ગયો ''પતિના આવા કથન પર વાસુકી તરત જ આવી અને પંખો નાંખવા લાગી. એકવાર ગરમીથી તપતી બપોરને ગાઢ અંધકાર કહી પતિએ દીવો પ્રગટાવરાવ્યો. વાસુકીએ જરાય ખચકાટ વિના દીવો પ્રગટાવ્યો.

આ બધી વાતો જોઇને સાધુ સમજી ગયા કે જયારે પતિપત્નીમાં સંપૂર્ણ એકતા હોય અને જરાય શંકા ન હોય ત્યારે વૈવાહિક જીવન સુખનો સાગર બની જાય છે આ બધું જોઇને સાધુએ કહ્યું ''હું તમારા સુખી જીવનનો મર્મ સમજી ગયો છું.'' એટલું કહીને મુનિ પોતાના સ્થાન પર ચાલ્યા ગયા. પતિ પ્રત્યે પત્નીના વિશ્વાસનું આ અપૂર્વ ઉદાહરણછે. એ જ પ્રમાણે ધર્મના સિદ્ધાંતો પર જયાં સુધી પૂર્ણ વિશ્વાસ ન હોય ત્યાં સુધી ધર્મ આરાધના કઠિન લાગે છે.

ઈ.સનાની બીજી સદીમાં ચોલ તથા ચોદિ રાજ્યમાં જૈન ધર્મનો પ્રભાવ હતો, ત્રિચુરા પલ્લીના રાજા કિલ્લીક વર્મનના નાના પુત્ર શાન્તિવર્મનને જૈન ધર્મના સિદ્ધાંતોને જીવનમાં અપનાવ્યા તથા મુનિદીક્ષ ગ્રહણ કરી. આ મુનિ દક્ષિણ ભારતમાં આચાર્ય સમન્તભદ્ર સ્વામીના નામે વિખ્યાત થયા.

પામવ્વે પેદિયર દોરપટયની મોટી રાણી તથા બુતુંગની મોટી બેન હતી. નાણવ્વે કન્તિ નામની તત્કાલીન એક વિદ્વાન આર્યિકાની પ્રેરણાથી પ્રેરિત થઈને પામવ્વેએ પણ સંસાર ત્યાગ કરીને પ્રવ્રજયા ગ્રહણ કરી હતી. આ રાજમહિષી એ દીક્ષિત રહીને ત્રીસ વર્ષ સુધી પાંચ મહાવ્રતોનું પાલન કર્યું તથા કર્મોના ક્ષય કરી સાધ્વી જીવનને ઉજ્જવળ બનાવ્યું અને અંત સમયે સમાધિપૂર્વક દેહ ત્યાગ કર્યો. (ડૉ. જયોતિપ્રસાદ જૈન પ્રમુખ ઐતિહાસિક જૈન પુરુષો અને મહિલાઓ પૃ-૮૦)

## ઔવે

આ મહિલા ચેર રાજયની એક જૈન રાજકુમારી હતી જે આજે પણ સુપ્રસિદ્ધ પ્રાચીન તમિલ કવિયત્રીના રૂપમાં પ્રખ્યાત છે. તે જીવનપર્યંત બાલ બ્રહ્મચારિણી રહી અને પોતાની નિ:સ્વાર્થ સમાજસેવા, સુમધુરવાણી અને નીતિપૂર્ણ ઉપદેશોને માટે આજે પણ તમિલભાષા-ભાષીઓને માટે માતા ઔવે (આર્યિકા મા)ના રૂપમાં સ્મરણીય અને પૂજનીય બની રહી છે.

# ગંગવંશ

## ગંગમહાદેવી

ગંગવંશ રાજયની જડ નાખવામાં જૈનાચાર્ય સિંહનન્દિએ ઘણી સહાયતા કરી હતી. ઇ. સન. ૪૩૦માં ગંગરાજા અવિનીતે ગુરુ વિજયકીર્તિની પ્રેરણાથી મંદિર તથા વિહારને માટે ખુબ દાન આપ્યું. (પ્રમુખ ઐતિહાસિક જૈન પુરુષ અને મહિલાઓ ડૉ. જયોતિપ્રસાદ જૈન પૃ. ૭૪)

આ વંશની ગંગા મહાદેવી જૈન ધર્મની અનન્યભકત હતી. એક દ્રશસ્થિમાં ગંગમહાદેવીને જિનેન્દ્ર ચરણકમલનાં 'લુબ્ધ ભ્રમરી'ના નામથી સંબોધિત કરવામાં આવી છે જૈન ધર્મના પ્રચાર માટે તેમણે કેટલાંય નિર્માણ કરાવ્યા. મહાદેવી ગંગ હેમ્માદિ માન્ધાતા ભૂપની પત્ની હતી.

## કાલલદેવી

ગંગનરેશ રાચમલ્લ સત્યલાકય ચોથાના મંત્રી ચામુણ્ડરાયની માતાનુંનામ કાલલદેવી હતું. ધર્મપરાયણ તથા માતૃભકત પુત્ર ચામુણ્ડરાયે પોતાની પ્રેમાળ માતાની ભાવનાને માત આપતા ઇ.સ. ૯૭૮માં ગોનટેશ્વર (બાહુબલિ)ની વિશ્વ-ખ્યાત વિશાલ (૫૭ ફીટ ઊંચી ખડગાસન) પ્રતિમાનું નિર્માણ કરાવીને પ્રતિષ્ઠા કરાવી હતી. આ પ્રતિમા શિલ્પકલા તથા મૂર્તિવિજ્ઞાનની અદ્વિતીય કલાકૃતિ છે. (ભારતીય સંસ્કૃતિમાં જૈન ધર્મનું ડૉ. હીરાવાલ જૈન યોગદાન - ૫૩૮)

## અજિતાદેવી

અજિતા દેવી પરમવૈજ્ઞાનિક તથા જિનેન્દ્ર ભકત ચામુણ્ડ રાયની પત્ની હતી. પતિ પરાયણ તથા ધર્મ પરાયણ આ મહિલા પોતાના પતિના ધર્મના કાર્યોમાં ઉત્સાહપૂર્વ સાથ આપતીહતી. અર્ધાગિનીના સક્રિય સહયોગ ચામુણ્ડરાયના ધાર્મિક કાર્યોમાં ઉત્સાહ વધારતી હતી. માતા-પિતાના સમાન પુત્ર જિનદેવે પણ અજિતસેન ભટ્ટારકની પ્રેરણાથી શ્રવણ બેલગોલમાં એક ભવ્ય પાર્શ્વ જિનાલય બનારાવ્યું હતું.

## પલ્લવિયા

ગંગરાજ્યના મહામંત્રી ચામુણ્ડરાયની નાની બેન પલ્લવિયા પણ જૈન ધર્મમાં દ્રઢ આસ્થા રાખતી હતી. આ ધર્મપ્રાણ મહિલાએ નાની વયમાં જ સાંસારિક સુખ સમૃદ્ધિનો ત્યાગ કરીને આર્યિકા વ્રત ગ્રહણ કર્યું હતું. કઠિન નિયમોનું પાલન કરતી અંતમાં સંલેખના વ્રત ગ્રહણ કરીને તેણે ચન્દ્રનાથ વસતિમાં પોતાના પ્રાણ ત્યાગ્યા.

## કુન્દાચ્ચિ (કદાચ્છિકા)

ગંગનરેશ શ્રી પુરુષ (ઇ.સન. ૭૨૬ થી ૭૭૬)ના રાજયકાળમાં શ્રીપુરની ઉત્તર દિશામાં 'લોકતિલક'નામના જિનાલયનું નિર્માણ કુન્દાચ્ચિ નામની રાજમહિલાએ કરાવ્યું. હતું. તેની માતા પલ્લવરાજની પ્રિય પુત્રી તથા પિતા સગરકુલ-તિલક મરુવર્મા હતા. તેનો વિવાહ પરમગુલની સાથે થયો હતો. આ જિનાલયને રાણીની પ્રેરણાથી બધાં કરોમાંથી મુકત કરીને પોન્નલિ નામનું સંપૂર્ણ ગામ તથા બીજી ઘણી જમીન પ્રદાન કરવામાં આવી હતી.

(પ્રમુખ ઐતિહાસિક જૈન પુરુષ તથા મહિલાઓ ડૉ. જયોતિપ્રસાદ જૈન પૃ. ૭૫)

## સાવિયવ્બે

આ વીર મહિલા રત્ન પરાક્રમી વીર બાયિક તથા તેની ધર્મ પત્ની જાબય્યેની પુત્રી હતી અને ઉદય વિદ્યાધરની (અપરનામ વદેગ)ની પત્ની હતી. એક વખત રાજા રકકસગંગના રાજયકાળમાં આ વીરાંગના પોતાના પતિની સાથે બગેપુરના યુદ્ધમાં ગઇ. ત્યાં રણભૂમિમાં યુદ્ધ કરતાં તે વીરગતિને પામી. શ્રવણબેલગોલના એક પત્થર પર આ યુદ્ધપ્રિય મહિલાની વીરગતિ કોતરાયેલી છે. લેખની ઉપર એક દ્રશ્ય છે જેમાં આ વીર નારી ઘોડા પર સવાર છે. અનેહાથમાં તલવાર ઉઠાવીને પોતાની સામે એક હાથી પર બેઠેલા યોદ્ધા પર તે પ્રહાર કરી રહી છે. લેખમાં આ મહિલા રત્નને રેવત-રાણી જેવી પાકી શ્રાવિકા, સીતા જેવી પતિવ્રતા, દેવકી જેવી રૂપવતી, અરુંઘતી જેવી ધર્મપ્રિયા અને શાસનદેવી જેવી જિનેન્દ્રભકત બતાવી છે.

('શ્રમણ સંસ્કૃતિમાં નારી' પૃ ૪૭૭ પરમાનન્દ શાસ્ત્રી)

## રાષ્ટ્રકૂટ – ચન્દ્રવલભા

ચન્દ્રવલ્ભા રાષ્ટ્રકૂટ નરેશ અમોદાવર્સા રાસકૃતાની પુત્રી તથા રાજા રાજમલ બીજાની પત્ની હતી. પોતાના પિતાના પગલાં પર ચાલવાવાળી આ રાજકુમારીએ પોતાની દ્રઢ આસ્તાને કારણે જૈન ધર્મના પ્રચાર-પ્રસારમાં વિશેષ સફળતા પ્રાપ્તકરી. પોતાના ગુરુ સિદ્ધાન્તદેવની પ્રેરણાથી એક વિશાળ જૈન પ્રતિમાની સ્થાપના કરાવી, જેનો ઉલ્લેખ શ્રમણ બેલગોલના શિલાલેખ નં. ૪૮૯માં મળે છે. પતિની જેમ ચન્દ્રવલ્લભા પણ બારસો (૧૨૦૦) બ્રાજિલના ઉચ્ચ પદાધિકારીના પદ પર કાર્ય કરતી હતી. જે તે સમયના ઇતિહાસમાં ગૌરવશાળી પદ માનવામાં આવતું હતું. પોતાના વ્યકિતગત જીવનમાં વ્રતોનું પાલન કરતાં અંત સમય સુધી વિધિપૂર્વક વ્રત ધારણ કરી શરીરનોત્યાગ કર્યો. વીરતા તથા પરાક્રમની મૂર્તિ જેવી આ મહિલા જિનેન્દ્ર શાસનની ભકત તથા પોતાની યોગ્યતા અને સૌન્દર્યને માટે પ્રસિદ્ધ હતી. તેણે સાત આઠ વર્ષ સુધી પોતાના પ્રદેશનો રાજકારભાર ચલાવ્યો. અન્તમાં ઇ.સન્. ૯૧૮માં તે બિમાર થઇ ગઇઅને સંસારને ક્ષણભંગુર સમજીને પોતાની પુત્રીને સમ્પત્તિ તથા પદનો ભાર સોંપીદીધો. પોતે બન્દનિ તીર્થની વસ્તીમાં જઇને શ્રદ્ધાપૂર્વક સંલેખના વ્રતપૂર્વક દેહનો ત્યાગ કર્યો.

(સાઉથ ઇંડિયન ટ્રસ્ટ એન્ડ કલ્ચર. પૃ. ૧૧૧)

## જકિકસુન્દરી

કૃષ્ણરાજ ત્રીજાના મૃત્યુ પછી તેમના નાનાભાઇ ખોટ્ટિગનિત્ય વર્ષ ઇ. સન્.૯૬૭-૭૨૦ રાષ્ટ્રકૂટના સિંહાસન પર બેઠો. આ રાજાના સામન્ત પડ્ડિગે પોતાની ધાર્મિક પત્ની જકિકસુન્દરી કાકમ્બલમાં ભવ્ય જિનાલયનું નિર્માણ કરાવવા માટે બે ગામો દાનમાં આપ્યા. (ઇ.સ. ૯૬૮) તેન ગુરુ કર્વાલગુણાચાર્યની પ્રેરણાથી સાધુ સાધ્વીઓને રહેવા માટે એક વાસ બનાવવામાં આવ્યો હતો. (સાઉથ ઇન્ડિયન ટ્રસ્ટી એન્ડ કલ્ચર -પૃ. ૧૧૧)

આ મહિલા રાજ વૈભવ તથા વિલસતાથી દૂર રહીને ધર્મ ધ્યાન પર શ્રદ્ધા રાખતી હતી.

## માલલદેવી

આ કદમ્બકુળના મહારાજા કીર્તિદેવની પરમ જિનભક્ત અને ધર્મ પરાયણ અગ્રમહિષી હતી. કપ્પદૂર નામના નગરમાં તેમણે અતિભવ્ય પાર્શ્વદેવ ચૈત્યાલયનું નિર્માણ કરાવીને આચાર્ય પદ્મનન્દિના સિદ્ધાંતો દ્વારા તેની પ્રતિષ્ઠા કરાવવામાં આવી.

જિનેન્દ્રદેવની નિત્યપૂજા અને સાધુઓના આહાર વગેરેની વ્યવસ્થાને માટે પોતે મહારાજ કીર્તિદેવ પાસેથી એક ગામ મેળવીને ગુરુને સમર્પિત કર્યું. (પ્રમુખ ઐતિહાસિક જૈન પુરુષ ઓર મહિલાએ, ડૉ. જયોતિપ્રસાદ જૈન પૃ. ૧૨૫)

# ચાલુકય વંશ

## અતિમબ્બે

દસમી શતાબ્દીના અંતિમ ચરણમાં દક્ષિણ ભારતમાં દાનવીરા અતિબ્બેનું નામ જૈન ધર્મમાં ચમકી ઉઠયું હતું. વિશિષ્ટ ગુણ તથા ઉત્કૃષ્ટ દાનના કારણે જૈન નારીઓના ઈતિહાસમાં તેમણે ઉચ્ચસ્થાન પ્રાપ્ત કર્યું હતું.

તેમના પતિ નાગદેવ ચાલુકય રાજા અહવમલ્લદેવના સેનાપતિ હતા. તેમનો ગૃહસ્થાશ્રમ આનંદમય હતો. પરંતુ નિર્દય વિધિથીએ સહન ન થયું અને અચાનક પતિનું મૃત્યુ થતા અતિમબ્બેના જીવનમાં અંધકાર વ્યાપી ગયો. તે સમયની પ્રથા પ્રમાણે નાગદેવની બીજી પત્ની 'ગુંડમબ્બે' પતિની સાથે સતી થઇ ગઇ. પણ સતીપ્રથાને જૈન ધર્મના સિદ્ધાન્તોથી વિરુદ્ધ સમજીને અતિમબ્બેએ એમ ન કર્યું. તે પોતાના એકના એક પુત્ર અણ્ણિગદેવની રક્ષા કરીને શ્રાવિકા વ્રતોનું પાલન કરતી ગૃહસ્થાશ્રમમાં રહી. તે ઉપરાંત અતિમબ્બે આમરણ જૈન શ્રાવિકા રહી, અને કઠિનમાં કઠિન વ્રતો કરીને તેને પોતાના શરીરને એટલું કૃશ કરી નાંખ્યું હતું કે તત્કાલીન મહાકવિ રત્નએ તેને કામપરાઙ્મુખતા તથા દેહદંડન નામના બંને ગુણોની સાક્ષાત મૂર્તિ બતાવીને તેની પ્રશંસા કરી છે. (બ્ર. પં. ચન્દાબાઇ અભિનંદન ગ્રન્થ પૃ. ૫૨૧)

દાનશિલા અતિમબ્બેનેજૈન ધર્મ પર એટલી ગાઢ શ્રદ્ધા હતી કે તેમણે પોતાના અંગત ધનનો ધર્મના પ્રચાર માટે ઉપયોગ કર્યો. કહેવાય છે કે આ દેવીએ પોતાના ધન દ્વારા કન્નડ કવિ પોન્ન પાસે સન ૯૭૩માં લખાયેલ 'શાન્તિપુરાણ'ની એક સહસ્ત્ર હસ્તલિખિત પ્રતો લખાવીને દાનમાં વહેંચી. (ભારતીય સંસ્કૃતિમાં જૈન ધર્મનું યોગદાન ડૉ. હીરાલાલ જૈન. પૃ. ૩૮)

તેથી કર્ણાટકમાં જૈન ધર્મનો બહુ જ પ્રચાર થયો. આ રીતે અન્ય હસ્તલિખિત કાવ્યોની પણ રક્ષા કરી. મુદ્રણાલયોના અભાવે તે જમાનામાં પ્રત્યેક ગ્રંથની પ્રત્યેક પ્રતિને હાથથી લખવી-લખાવવી પડતી. અને જે ગ્રંથની પ્રત વધારે તૈયાર થતી હતી તે ગ્રંથનો પ્રચાર એટલો જ અધિક થતો હતો. તેની યોગ્ય વ્યવસ્થા ન હોવાને કારણે અત્યંત મહત્વપૂર્ણ ગ્રન્થ અને તેના રચનારના નામ હંમેશને માટે લુપ્ત થઇ જતા હતા. અતિમબ્બેને પ્રેરણાથી બીજા કેટલાંય મહત્વપુર્ણ ગ્રંથોનું પુર્નજીવન મળ્યું.

સાહિત્ય સેવાની સાથે સાથે તેમને મણિ કનક ખર્ચિત (સોના તથા રત્નોથી મઢેલી) ૧૫૦૦ જિન પ્રતિમાઓ વિધિવત્ બનાવરાવીને સહર્ષ દાનમા આપી. પ્રત્યેક પ્રતિમાને માટે એક એક ચિત્તકર્ષક, બહુમૂલ્ય મણિઘટા, દીપમાલા, રત્નતોરણ, તથા ચંદરવા ભેટમાં આપ્યા. મહાકવિ રત્નએ અતિમબ્બેની આ ધમપ્રિયતાની ભારોભાર પ્રશંસા કરી છે. વસ્તુતઃ દાન ચિંતામણી અતિમવ્વેનું આ દાન સામાન્ય નહીં પણ મહાદાન હતું. સાથે સાથે સર્વતો મુખી મહાદાનથી પ્રાપ્ત 'દાન-ચિંતામણી'ની ઉપાધિ સર્વથા યોગ્ય છે. કેટલાંય શિલાલેખોમાં પણ દાનચિંતામણીનો મહિમા વિશેષ રૂપે આંકવામાં આવ્યો છે મુંબઇ-કર્ણાટક શાસન-સંગ્રહ દ્વારા પ્રકાશિત ૫૨ તથા ૧/૩ નંબરવાળા શિલાલેખ મહાકવિ રત્નદ્વારા અજિતપુરાણનું એ વર્ણન પણ છે ''જયારે અતિમાબ્બે સંબંધી છે. આ શિલાલેખમાં તત્કાલીન મહાકવિ રત્નદ્વારા અજિત પુરાણનું એ વર્ણન પણ છે ''જયારે અતિમાબ્બે શ્રવણબેલગોલ દર્શન કરવા ગઇ હતી ત્યારે તેના પ્રભાવથી ત્યાં અકાલ વૃષ્ટિ થઇહતી.'' આ પ્રમાણે લેખમાં તેના મહિમાનો ઉલ્લેખ આ પ્રમાણે મળે છે. ''અતિમબ્બે રાજાના કહેવાથી પવિત્ર જિન પ્રતિમાને મસ્તક પર ધારણ કરીને જયારે નિર્ભય બની ગોદાવરી નદીમાં ઉતરી ત્યારે તેના મહિમાથી નદીનો પ્રવાહ એકદમ થોભી ગયો.''

(બ્ર. પં. ચન્દાબાઇ અભિનંદન ગ્રંથ-૫૨૩)

તે સમયના કવિઓને દાનચિન્તામણણિ અતિમબ્બેને કેટલીય ઉપાધિથી વિભૂષિત કરી છે. તથા જિનલાલેખમાં જિન પ્રતિમાઓની નિર્માણિકાના રૂપમાં તેમનું આદરપૂર્વક સ્મરણ કર્યું છે.

વસ્તુત : દાનચિંતામણી અતિમબ્બે એક આદર્શ જૈન મહિલા હતી. જેમનું સ્મરણ કરીને આજે પણ નારીજાતિનું મસ્તક ગૌરવથી ઊંચું થાય છે.

## જાકલદેવી

જાકલદેવી ચાલુકય રાજા ત્રિભુવનમલ્લ વિક્રમદિત્યની પત્ની હતી. જાકલદેવીનો જન્મ જૈન કુળમાં થયો હતો. તેના પુરાવો ગુલબર્ગ જિલ્લાના શિલાલેખ પરથી પ્રાપ્ત થાય છે. તેમણે જૈન શાસનની અપૂર્વ સેવા કરી હતી.

જાકલદેવીના પતિ ચાલુકય રાજા ત્રિભુવનમલ્લ જૈન ધર્મના વિરોધી હતા અને જૈન મૂર્તિઓ તથા જિન બિંબોનો તિરસ્કાર કરતા હતા. એક વખત એક શિલ્પ કલાકારે એક અતિશય સુંદર, ભવ્ય અને વિશાળ જિન પ્રતિમા તૈયાર કરી રાજાના સમક્ષ ઉપસ્થિત કરી. રાણી એ હૃદયહારિણી પ્રતિમાના દર્શન કરી ભગવત્ ભકિતમાં લીન થઇ ગઇ પણ પતિ ચાલુકયરાજાની મુખાકૃતિ પરથી રાણી તેમના હૃદયના ભાવોને જાણી ગઇ અને વિનય પૂર્વક તેણે રાજાને કહ્યું,

''હેરાજન્ આ પ્રકારની રમણીય, મનોહર, વિશાલ અને શાન્તમુદ્રા-સમ્પન્ન મૂર્તિ આપના રાજદરબારમાં અવશ્ય હોવી જાઇએ.''

રાજાને અન્યમનસ્ક તથાઉદ્વિગ્ન જોઇને રાણી ફરીથી બોલી,

''હે રાજન્ જરા વિચાર કરો આ રાજમહેલની અટારી કેટલાં દિવસ માટે છે આ રાગ-રંગ ક્ષણિક છે. પરંતુ આ જિન પ્રતિમા તો સંસાર -સાગરને પાર કરનારી તથા અભય સુખ આપવાવાળી છે.'' (બ્ર. પ. ચન્દાભાઇ અભિન્નદન ગ્રંથ- પૃ. ૫૨૮).

આ સાંભળીને કટ્ટર વિરોદી રાજાના મનોભાવોનું પરિવર્તન થયું. તેણે પણ પત્નીની પ્રેરણાથી જૈન ધર્ઘ અંગીકાર કર્યો અને રાજયમાં જૈન ધર્મના પ્રચાર અને પ્રસાર માટે પુરતું ધન ખર્ચ કરી મંદિર જિનાલય વગેરે બંધાવ્યા.

## કાલિયકકા

ચાલુકય ત્રિભુવનમલ્લના દંડનાયક સૂર્યની પત્ની કાલિયકકા હતી. તે પોતે જયેષ્ઠ દણ્ડનાયકિતિ કાલિયકકા બહુ જ ધર્માત્મા મહિલા હતી.

તેને ઇ. સન્. ૧૧૨૮માં સેમ્બૂરમાં પાર્શ્વનાથનું એક અતિસુંદર જિનાલય બનાવીને તેને માટે સ્વગુરુ શાન્તિશયન પંડિતને ભૂદાનમાં આપ્યું હતું.

(પ્રમુખઐતિહાસિક જૈન પુરુષ અને મહિલાઓ' -ડૉ. જયોતિપ્રસાદ જૈન પૃ. ૧૨૬)

## અક્કા દેવી

અકકાદેવી ચાલુકયવંશી રાજા સત્યાશ્રમની બેન અને દશવર્મનની પુત્રી હતી. તે રાજયકાર્યમાં હોશિયાર હોવાને કારણે તેને રાજયના એક પ્રાંતની ગર્વનર પણ નીમવામાં આવી હતી. (ઇ.સન. ૧૦૩૭). રાજય શાસનમાં સહયોગ આપવા માટે તેની સાથે સાત મંત્રીઓની એક કાઉન્સિલ હતી. જે પ્રાન્તની વ્યવસ્થા સારી રીતે કરતા હતા. જેમાં અકકાદેવી પોતે રાજસ્વ મંત્રી હતી. (હીસ્ટ્રી એન્ડ કલ્ચર ઑફ ઇન્ડિયનપીપુલ પૃ. ૧૬૭-૨૭૯)

તેના શાસનકાળમાં રાજસ્વમંત્રીને જ ધાર્મિક કાર્યને માટે સરકારી જમીન વિના મૂલ્યે આપવાનો અધિકાર હતો. તે પ્રમાણે રાજસ્વ અધિકારીને એવો આદેશ પણ હતો કે સરકારી કર વસૂલીમાંથી કેટલુંક ધન ધાર્મિક કાર્યોને માટે આપવામાં આવે. કેટલાંક ઊચ્ચ અધિકારીઓને ધાર્મિક કાર્યોને માટે ગામ આપવાનો પણ અધિકાર રાજય તરફથી હતો. (એજન)

રાજયશાસન દ્વારા ધાર્મિક કાર્યોમાં સવલત પ્રાપ્ત હોવાથી કેટલાંક ધનાઢય તથા મધ્યમ સ્થિતિના નાગરિકો પોતાના ધનને ધાર્મિક કાર્યો વાપરીને તેનો સદુપયોગ કરતાં હતા. એવું જ એક દાનનું વર્ણન શિલાલેખમાં મળે છે.

''ચાલુકય નરેશ વિક્રમાદિત્યના સમયમાં સિંગવાડી ક્ષેત્રની નાલિકબ્બે નામની મહિલાએ પોતાના સ્વર્ગીય પતિની સ્મૃતિમાં એક મંદિરનું નિર્માણ કરાવ્યું. એ મંદિરના ખર્ચ માટે રાજાદ્વારા ભૂમિ તથા અન્ય વસ્તુઓ આપવામાં આવી.'' જેનો શિલાલેખમાં ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. (મહાવીર જયંતિ સ્મારિકા -પૃ. ૫-૯)

## કેતલદેવી

હોયસલ રાજવંશના રાજા આહવનલ્લ (ઇ.સ.ન. ૧૦૪૨થી ૧૦૬૮)ના શાસનકાળમાં આ મહિલા 'પોન્નવાડ અગ્રહાર'ની શાસિકા હતી. તેને સોમેશ્વરની મહારાણી કેતલદેવીના નામથી સંબોધવામાં આવતી હતી. તેમણે ત્રિભુવન તિલક જિનાલયમાં કેટલાંય ઉપ-મંદિરોનું નિર્માણ ઇ.સન. ૧૦૫૪માં કરાવ્યું મહાસેન મુનિને દાનમાં બહુ જ ધન આપ્યું જેથી મંદિરનુ તેના ખર્ચ સારી રીતે ચાલી શકે.

પ્રસિદ્ધ એર્હત્ શાસનના સ્તંભ ચાકિરાજા રાણીના દીવાન હતા. એ જ રાજ્યના બેલ્લારી જિલ્લાના કોંગલી નામનું સ્થાન પુરાતન કાળથી એક પ્રસિદ્ધ જૈન કેન્દ્ર રહ્યું હતું. ત્યાં ત્યારથી એક મહત્વપૂર્ણ જૈન વિદ્યાપીઠની સ્થાપના થઇ હતી. આ મહત્વપૂર્ણ જૈન વિદ્યાલયમાં કેટલાંય શિલાલેખોનો સંગ્રહ કરવામાં આવ્યો હતો.

## શાન્તલ દેવી

શાન્તલદેવી હોયસલ વંશના મહારાજા વિષ્ણુવર્ધનની રાણી અને શ્રમણોપાસિકા હતી. પોતાની સુંદરતા તથા સંગીત, વાદ્ય આદિ કલાઓમાં નિપુણતાને માટે તે વિદુષીરત્ન સર્વત્ર વિખ્યાત હતી. રાણના પિતૃકુળ તથા માતૃકુળ બંને ધર્મપરાયણ હતા. પિતા મારસિંગય્યપગ્ગડે કટ્ટર શૈવધર્મી હતા. સ્વયં મહારાજા વિષ્ણુવર્ધન તેમને બહુ જ આદર કરતા હતા. તથા તેમને 'ઉદ્વૃત-સબતિ ગન્ધવારણ' અર્થાત્ ઉચ્છૃંખલ હાથીઓને કાબુમાં રાખવા માટે 'મતહસ્તિ'નું બિરુદ આપવામાં આવ્યું હતું. તેમના ધર્મગુરુ પ્રભાચન્દ્ર સિદ્ધાન્તદેવ હતા. જેમની આ ગૃહસ્થ શિષ્યા હતી. આ ધર્માત્મા મહારાણીએ શ્રવણ બેલગોલમાં પોતાના નામ પરથી 'સર્વાત્-ગન્ધવારણ વસતિ' નામનું એક અત્યંત સુંદર અને વિશાળ જિનાલય બનાવરાવ્યું હતું. આ જિનાલયમાં ભગવાન શાન્તિનાથની પાંચફૂટ ઊંચી કલાપૂર્ણ મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી હતી. પોતાના સમયમાં શાન્તલદેવી દાન આપવા માટે પ્રસિદ્ધ હતી. મંદિરને માટે એક ગામનું દાન તથા અનય નાના મોટાં કેટલાંય દાનો તેમને કર્યા હતો. મહારાણીએ જિનાભિષિકને માટે ત્યાં ગંગ-સમુદ્રનામના સુંદર સરોવરનું નિર્માણ કરાવ્યું હતું. (પ્રમુખ ઐતિહાસિક જૈન પુરુષો અને મહિલાઓ પ. ૧૪૦)

મહાદેવી શાન્તલદેલીએ શિવગંગે નામના સ્થાનમાં ઇસ. ૧૧૨૧માં સંલેખના જૈન સમાધિ-મરણની વિધિથી દેહત્યાગ કર્યો. ગન્ધાવરણ વસતિના મંડપમાં ત્રીજા સ્તંભ પર ઉત્કીર્ણ શિલાલેખમાં મહાહ્રાણીના સ્વર્ગાગમની ઘટનાનું વર્ણન કરતા તેમના ગુણો અને ધર્મ કાર્યોની ભારોભાર પ્રશંસા કરવામાં આવી છે.

## માચિકવ્બે

આ મહારાણી શાન્તદેલીની માતા અને પ્રતાપી દંડનાયક બલદેવની પુત્રી હતી. પતિ મારસિંગપ્પયને છોડીને માચિકવ્બેનું આખુંયુ કુટુંબ પરમ જિનભકત હતું. અન્ય બાબતમાં પતિની વિશ્વાસુ હોવા છતાં આ નારી ધર્મ આરાધના કરવામાં સ્વતંત્ર હતી. ધર્માનુરાગી પુત્રી શાન્તલદેવીના મૃત્યુથી માતાને અત્યંત દુઃખ થયું. અને તે સંસારથી વિરકત થઇ ગઇ. તેથી તેમણે શ્રમણ-બેલગોલમાં જઇને પ્રભાચન્દ્ર, વર્ધમાન અને રવિચન્દ્ર વગેરે ગુરુઓની હાજરીમાં એક માસના અનશનપૂર્વક સંલેખના વ્રત કર્યું. અને સમાધિમરણ કર્યું. આ ત્યાગી મુનિઓએ તે સાધ્વીના તપ સંયમ અને નિષ્ઠાની ભારોભાર પ્રશંસા કરી.

## હરિયબ્બરસિ

તે હોયસલ વંશના વિષ્ણુવર્ધનની પુત્રી તથા બલ્લાદેવની બેન હતી. તેના ધર્મગુરુ સિદ્ધાન્તદેવ હતા. જે પોતાની વિદ્વત્તા માટે તત્કાલીન રાજાઓમાં વિખ્યાત હતા. હન્તુર નામના એક સ્થાનના એક ધ્વસ્ત જિનાલયમાં પ્રાપ્ત ૧૧૩૦ ઇ.સનના શિલાલેખ પરથી જાણવા મળે છે કે તે પ્રાન્તના તત્કાલીન શાસક બલ્લાદેવની રાજકુમારી અપર નામ હરિયલ દેવીએ પોતાના ગુરુની પ્રેરણા તથા ભાઇના સહયોગથી સ્વદ્રવ્યવડે હન્તિયૂરનગરમાં એક અત્યંત વિશાલ અને મનોરમ જિનાલય બનાવ્યું. જે રત્નજડિત તથા સુંદર મણિવાળા કલશોથી જડેલું ઊંચા શિખરોવાળું હતું. આ જિનાલયમાં દરરોજ પૂજા, સાધુઓ માટે આહારદાન, અસહાય વૃદ્ધ સ્ત્રીઓને ઠંડી વગેરેથી રક્ષણ માટે આવાસ અને ભોજન વગેરેની સગવડ આપવાને માટે તથા જિનાલયના જીર્ણોદ્ધારવગેરેને માટે ઘણી બધી કરમુકત જમીન ગુરુ સિદ્ધાન્તદેવને સમર્પિત કરી હતી. આ દાનપત્રમાં

રાજકુમારીની સરખામણી સીતા, સરસ્વતી વગેરે પ્રાચીન મહિલાઓ સાથે કરવામાં આવી છે. તથા તેને પતિપરાયણ, વિદુષી અને સમ્યકત્વ ચૂડામણિ કહીને બીરદાવી છે. આ દાનમાં પિતા મહારાજા વિષ્ણુવર્ધનની સહમતિ હતી. (એજન).

## લક્ષ્મીમતિ

લક્ષ્મીમતિ વિષ્વર્ધનના સેનાપતિગંગરાજની ધર્મપરાયણા પત્ની હતી. જેન પોતાના પતિની ''કાર્યનીતિવધૂ''અને ''રણે જયવધૂ'' કહેવામાંઆવી છે. ગંગારાજે પોતાની શૂરવીરતા, રાજ્યસેવા,અને ધર્મોત્સાહના પ્રતાપથી હોયસલ રાજવંશને પ્રભાવિત કર્યું હતું તથા રાજયમાંજૈન ધર્મની જડને મજબૂત કરવામાં બહુ જ મહત્વનું કાર્ય કર્યું હતું. લક્ષ્મીમતિએ પતિની મદદ વડે જૈન ધર્મમાં વર્ણવેલ ચાર પ્રકારના દાન - આહારદાન, અભયદાન ઔષધિદાન અને જ્ઞાનદાન તથા શાસ્ત્રદાન - સતત આપીને ''સૌભાગ્યખાનિ'' ઉપાધિ પ્રાપ્ત કરી હતી. લક્ષ્મીદેવીએ શ્રવણ બેલગોલમાં એક સુંદર જિનાલય બનાવરાવ્યું જે 'અરેકુકટ્ટેવસતિ' નામથી પ્રસિદ્ધ છે. તેમણે બીજા કેટલાંય જિનાલય બનાવરાવ્યા તથા જીર્ણોદ્ધાર કરાવ્યો. જૈન ધર્મની પરમ ઉપાસિકા આ મહિલાએ અંતમાં સંન્યાસ વિધિપૂર્વકશરીરનો ત્યાગ કર્યો. (એજન)

## પોચિકબ્બે

આ જૈન ધર્મના મહાનસેવક ગંગરાજનીમાતા હતી. તેઓ બુદ્ધમંત્રીની ગુણવતી અને ધર્માત્મા પત્ની હતી. તેણે અનેક ધર્મકાર્યો કર્યા હતા.તથા દાન આપ્યા હતા.બેલગોલમાંઅનેક મંદિર બનાવરાવ્યા અને અંતે ઇ.સન્ ૧૧૨૧માં સંલેખના વિધિપૂર્વકદેહત્યાગ કર્યો.

મહાન સેના પતિ ગંગારાજ પાસે જ્યારે મહારાજા વિષ્ણુવર્ધને તેમના અપૂર્વ કાર્યોને માટે ઇચ્છત પુરસ્કાર માંગવા માટે કહ્યું ત્યારે તે ધર્મવીરે 'ગંગવાડી'નામનો પ્રદેશ માંગ્યો. કારણ કે આ પ્રાન્તમાં પ્રાચીન જૈન તીર્થો અને મંદિરો ઘણા મોટા પ્રમાણમાં હતા.આ ભગ્ન મંદિરોના જીર્ણોદ્ધાર પુરસ્કારમાં મળેલ 'ગંગવાડી' પ્રાન્તની બધી આવકમાંથી થતો હતો. પોતાની માતા અને પત્નીના સમાધિકરણની સ્મૃતિમાં તેમણે શ્રવણબેલગોલમાં સ્મારકની સ્થાપના કરાવી હતી. પુરસ્કારમાં પ્રાપ્ત 'પરમ' નાયક ગામને પોતાની માતા તથા પત્ની દ્વારા નિર્મિત જિનમંદિરોને ભેટ કરી દીધું.

એક શિલાલેખમાં લખ્યું છે કે જે રીતે પૂર્વકાળમાં નિજ ધર્માગ્રણી અતિમબ્બેના પ્રભાવથી ગોદાવરી નગરીનો પ્રવાહ થોભી ગયો હતો એવી જ રીતે કાવરી નદીના પુરમાં ઘેરાઇ જવા છતાં પણ જિનભકિતના પ્રસાદને કારણે ગંગરાજની જરાપણ ક્ષતિ થઇ નહીં. શિલાલેખોમાં કહેવામાં આવ્યું છે કે 'જે પ્રકારે ઇન્દ્રનું વજ્ર, બલરામનું હળ, વિષ્ણુનું ચક્ર, શકિતધરની શકિત, અને અર્જુનનું ગાંડીવ હતું, એજ પ્રકારે વિષ્ણુવર્ધનની વાસ્તવિક શકિત ગંગારાજની હતી. (પ્રમુખ ઐતિહાસિક જૈન પુરુષ અને મહિલાઓ પૃ-૧૧૪ ડૉ. જયોતિપ્રસાદ જૈન)

## આચિયક્ક અથવા અચલાદેવી

અચલાદેવી હોયસલ નરેશ બલ્લાલ બીજાના મંત્રી ચંદ્રમૌલિની પત્ની પરમ જિનભકતહતી. રૂપ, ગુણ અને શીલ સંપન્ન આ મહિલા રત્ન બાલચન્દ્ર મુનિની ગૃહસ્થ શિષ્યા હતી.

આ મહિલાએ ઇ. સન. ૧૧૧૨માં શ્રવણબેલગોલમાં બહુ ભકિતપૂર્વક એક અતિ ભવ્ય અને વિશાળ પાર્શ્વજિનાલયનું નિર્માણ કરાવ્યું હતું. આચિયકકનનું સંક્ષિપ્ત રૂપ 'અકકન' હોવાથી આ મંદિર 'અકકન વસતિ'ના નામથી પણ પ્રસિદ્ધછે. કહેવાય છે કે મંદિરના આ નગરમાં આ જ એક જિનમંદિર હોયસલકલાના અવશિષ્ટ તથા ઉત્કૃષ્ટ નમૂના છે. સાતફણી પાર્શ્વનાથની પાંચફૂટ ઊંચી પ્રતિમાની સાથે ધરણેન્દ્ર, પદ્માવતીની સાડાત્રણ ફૂટ ઊંચી મૂર્તિઓછે. સુંદર જાળીઓ, ચાર ચમકદાર સ્તંભો, કલાપૂર્ણનવછત્ર અને શિખર પર સિંહલલાટ છે. આ મંદિરના નિર્માણને માટે સ્વયં તેના પતિમંત્ર ચન્દ્રમૌલિ જે પોતે વેદાનુયાયી બ્રાહ્મણ હતા તેમને મહારાજ પાસે પ્રાર્થના કરીને 'બમ્મેયન હલ્લિ' ગ્રામ પ્રાપ્ત કર્યું અને ગુરુ બાલચન્દ્રને દાન અપાવ્યું હતું. (એજન) ગોમ્મટેશ્વરની પૂજાને માટે એક બેઠક નામના ગામને રાજા પાસેથી પ્રાપ્તકરીને આચલદેવીએ દાન કરાવ્યું હતું. પતિ કટટર શૈવતલી હોવા છતાં આ મહિલાએ એમની પાસેથી પૂરો સહયોગ પ્રાપ્ત કર્યોઅને પતિએ પણ પોતાની

ધર્માત્મા જૈન પત્ની આચલદેલીને ધાર્મિક કાર્યોમાં પૂરો સહયોગ આપ્યો. આ તેમની તથા તેમના રાજ્ય અને તે સમયની ધાર્મિક ઉદારતાનો પરિચય કરાવે છે.

## હયુર્વલે

હોયસલ રાજ્યના એક વીર સામંતની પત્ની હયુર્વલેચાન્દ્રાયણ દેવની ગૃહસ્થ શિષ્યા હતી. પોતાના પુત્રની ધર્મમાં દઢ શ્રદ્ધા જોઇને અત્યંત પ્રભાવિત થયા અને તેને ભકિતપૂર્વક ભગવાનનો અભિષેક કર્યો. આ પક્ષાલ (ગંગોષ્ક)ને બધાં પાપોને ધોવાવાળું સમજીને પોતાના પુત્રના મસ્તક પર ચઢાવ્યું તથા સ્વયં મોહબંધનો તોડીને ધર્માચરણ કરતા સમાધિપૂર્વકમૃત્યુ પામી.

## સોબલદેવી

સોબલદેવી વીર બલ્લાલના મંત્રી ઈંચણની પત્ની હતી. આ જિનભકત દંપત્તીએ ગોગ્ગ નામના સ્થાનમાં વીરભદ્ર નામના સુંદર જિનાલયનું નિર્માણ કરાવ્યું હતું. બીજા એક મંદિરનું નિર્માણ કરાવી તેના માટે દાન વગેરે આપ્યા. આ ધર્માત્મા પતિપરાયણ મહિલાની સરખામણી સીતા તથા પાર્વતી સાથે કરવામાં આવી છે. (પ્રમુખ ઐતિહાસિક જૈન પુરુષ ઓર મહિલાઓ ડૉ. જયોતિપ્રસાદ જૈન પૃ. ૧૬૦)

## ચાગલદેવી

ત્રૈલોકયમલ્લ વીર સાન્તર દેવની રાણી ચાગલદેવી રૂપ, ગુણ અને શીલ સંપન્ન મહિલા હતી. તે સાન્તર નરેશનીવાકૂશ્રી કીર્તિ-વધૂ અને વિજયશ્રી હતી. તેમને લોકિકય વસતિની સન્મુખ એક અતિ સુંદર મકરતોરણ બનાવરાવ્યું હતું. બલ્લિગામમાં ચાંગેશ્વર નામનું જિનાલય બનાવરાવ્યું હતું. અનેક બ્રાહ્મણ કન્યાઓના પોતાની તરફથી વિવાહ કરાવીને મહાદાન કરાવ્યું હતું ગુરુ માધવસેનને આ વસતિના ખર્ચ માટે દેક રસ નામના શ્રાવકે એક ગ્રામ દાનમાં આપ્યુંહતું.

## પમ્પાદેવી

વિક્રમ બીજા સાન્તરની મોટી બેન રાજકુમારી પમ્પાદેવી બહુ મોટી ધર્માત્મા હતી. હુમચ્ચના ઇ.સન. ૧૧૪૭ના શિલાલેખ પ્રમાણે તેમના દ્વારા વર્ણલાયેલા ચૈત્યાલયોના શિખરોથી ચારે તરફ જિનાલયના ભવ્ય દ્દશ્ય દેખાતાં હતાં. જિનેન્દ્રની પૂજાના હેતુથી ફરકતી ધ્વજાઓથી આકાશ ભરાઇ ગયું હતું. તે અનન્ય પંડિતા હતી. તેણે 'અષ્ટવિદ્યાર્ચન-મહાભિષેક'અને ચતુભકિત' નામના ગ્રંથોની રચના કરી હતી. (એજન).

## કંતી દેવી

સાહિત્યના ક્ષેત્રમાં પોતાનું અદ્વિતીય સ્થાન રાખનારી આ મહિલા વિષ્ણુવર્ધનના રાજયકાળમાં થઇ હતી. પ્રસિદ્ધ કવિયત્રી હોવાને લીધે દ્વાર સમુદ્ર ગામના રાજદરબારમાં કંતીદેવીને સન્માનીય અને ઉચ્ચ પદ પ્રાપ્ત થયું હતું. રાજદરબારના સુવિખ્યાત કવિ પંપની સાથે હરિફાઇ કરવામાં તેને અપૂર્વ સફળતા પ્રાપ્ત થઇ હતી. રાજકવિ પંપે કંતીને હરાવવા માટે બહુ કોશિશ કરી પરંતુ તેમાં તેને સફળતા ન મળી. કંતીદેવીએ પોતાના કાવ્ય સાહિત્ય દ્વારા ભારતીય નારીના ગૌરવ અને ધર્મની રક્ષા કરી તથા આશ્ચર્યજનક કાવ્યશકિત દ્વારા જૈન નારીઓને નવી દિશા બતાવી.

## ભીમાદેવી

ભીમાદેવી વિજયનગરના રાજા દેવરાયની ધર્મપરાયણ પત્ની હતી. શ્રવણબેલગોલના એક શિલાલેખ પરથી જાણવા મળે છે કે તે જૈન ધર્મને બહુ જ માનતી હતી. ભીમાદેવએ પોતે ઘણું દ્રવ્ય આપીને મંદિર બનાવરાવ્યું તથા શાન્તિનાથનીમૂતિને શ્રવણ બેલગોલમાં સ્થાપના કરાવી. વિજયનગરના રાજા કાંગુએ રાજયને પોતાના નિયંત્રણમાંલીધું અને જૈન ધર્મનોપ્રચાર કર્યો. વિજય નગરના રાજાએ નીચે પ્રમાણેની ઘોષણા પોતાના રાજયમાં કરાવ હતી.

''જયાં સુધી ચંદ્ર અને સૂર્ય રહેશે ત્યાં સુધીજૈન તથા વૈષ્ણવ બંને સંપ્રદાયને સરખો આદર રાજયમાં મળશે. વૈષ્ણવ તથા જૈન એક જ ધર્મ છેબંનેને સમાન માન્યતા આપવી જોઈએ.'''

દક્ષિણ ભારતમાં ધર્મના પ્રચાર અને પ્રસાર માટે રાજા તથા થેમનાં મંત્રીગણોએ સર્વપ્રકારે મદદ કરી પરંતુ મુનિ તથા આચાર્યોની પ્રેરણાથી મહિલાઓએ અદ્દભુત કારીગીરીવાળા અને સુંદર મંદિરો બનાવડાવીને સ્થાપત્યકલામાં જે યોગદાન આપ્યું છે તેના જેવું બીજું ઉદાહરણ ભારતીયઈતિહાસમાં તથા અન્ય દેશોના ઈતિહાસમાં મળવું અસંભવ છે. એશ આરામ તથા ભોગના સંપૂર્ણ સાધનોનો ત્યાગ કરી ધર્મ તથા તપાનિષ્ઠ થઈને જૈન ધર્મના સિદ્ધાંતોને અપનાવીને જીવનમાં ઉતારવાનું જે કાર્ય દક્ષિણ ભારતની મહિલાએ કર્યું તેનાથી જૈન ધર્મ જ નહીં પણ ભારતના સર્વ ધર્મ સંપ્રદાય ગૌરવાન્વિત થયા છે.''

## શ્રીમતી

દક્ષિણ ભારતના કુરુમઈ નામના ગામના કરમણ્ડુ નામના એક ધનિક વેશ્યની પત્નીનું નામ શ્રીમતી હતું. એને ત્યાં એક ગોવાળિયો રહેતો હતો. એક દિવસ જયારે તે જંગલમાં ગાયો ચરાવી રહ્યો હતો તે સમયે તેને આખુંય જંગલ દાવાગ્નિથી બળીને ભસ્મ થતા જોયાં. પરંતુ મધ્યમાં થોડાંક વૃક્ષ લીલાછમ હતા. તેને આનું કારણ જાણવાની ઉત્સુકતા થઈ તે પેલી જગ્યા પર ગયો તો તેને જાણવા મળ્યું કે ત્યાં કોઇ મુનિરાજનું નિવાસસ્થાન છે. અને ત્યાં એક પેટીમાં આગમગ્રંથ રાખ્યો છે. તેને તે બહુ જ આદરપૂર્વક ઘેર લઈ ગયો અને થોડા દિવસ પછી મુનિને તે બધા આગમ આપી દીધા. બાળકે મુનિના આશીર્વાદથી કુન્દકુન્દાચાર્યના રૂપમાં શેઠનેત્યાં જન્મ દીધો. પારણામાં ઝુલાવતી વખતે માતા શ્રીમતી આ પ્રમાણે બોલતી હતી.

''સુદ્ધોસિ બુદ્ધોસિ નિરંજનોઽસિ સંસારમાયા પરિવર્જિતોઽસિ''

માતાનાઆ ઉદગારને કારણે આ બાળક જૈન ધર્મના પ્રકાંડપંડિતઅને દિગંબર સંપ્રદાયના મહાનપંડિત થયા.

દક્ષિણ ભારતમાં જૈન ધર્મની જડને સુદ્દઢ બનાવલાનું શ્રેય આ આચાર્યને જાય છે તેમને તત્કાલીન રાજાઓનેજૈન ધર્મના સિદ્ધાંતોથી પ્રભાવિત કરીને તેમને ધર્માનુરાગી બનાવ્યા તથા તેમની રાજમહિષિઓએ પણ જૈન ધર્મ અપનાવીને એ આત્મોન્નતિ કરી.

# આઠમી સદીથી પંદરમી સદી સુધીની જૈન સાધ્વીઓ અને વિદુષી મહિલાઓ

## યાકિની મહત્તરા

રાજસ્થાનના મેવાડ પ્રદેશમાં રાજધાની ચિતોડ પ્રાચીન કાળમાં એક પ્રસિદ્ધ નગરી હતી.અહીંઆથી સિસોદિયા રાણા બપ્પા રાવલ (ઇ.સન. ૭૫૦) સર્વ ધર્માને સન્માન આપતા હતા. (પ્રમુખ ઐતિહાસિક પુરુષો અને મહિલાઓ ડૉ. જયોતિપ્રસાદ જૈન પૃ. ૨૧૬)

તેમના સમયમાં ચિતોડના એક રાજમાન્ય બ્રાહ્મણ રાજપુરોહિત હતા.તે પોતાના જ્ઞાન ગર્વનેકારણે પૃથ્વી, આકાશ,અને જલના સમસ્ત વિદ્વાનોની સાથે શાસ્ત્રાર્થ કરવા માટે પ્રતિપાલ તત્પર રહેતા હતા. તે સમયે ગુરુ પ્રવાહ (વિદ્વાન વ્યકિતને ગુરુબનાવવા) પણ બહુ પ્રબળ હતો. તથા પ્રત્યેક જ્ઞાની વ્યકિત કોઇ મહાન વિદ્વાનને પોતાના ગુરુ બનાવવામાં ગૌરવ અનુભવતા. હરિભદ્રની સામે પણ આ સમસ્યા હતી કે કોને ગુરુ બનાવવા જે વધારે વિદ્વાન હોય તેમણે પ્રતિજ્ઞા કરી કે

''જે વ્યકિતના બોલેલા શ્લોક અથવા ગાથાનો અર્થ હું ન કરી શકું તેને મારા ગુરુ માન્ય કરીશ.''

તેમના આ બૌદ્ધિક અભિમાનનું ખંડન જૈન ધર્મની સાધ્વી યકિની મહત્તરાએ કર્યુંહતું. (ચન્દાબાઇ અભિનંદગ્રંથ) પૃ. ૫૭૪ થી ૫૭૫).

એક દિવસ જૈન સાધ્વીઓના ઉપાશ્રયની પાસેથી પસાર થઇ રહ્યા હતા. તે સમયે તેમના કાનોમાં એક મધુર સ્વર સંભળાવ્યો. એક સાધ્વીજી પ્રાકૃતમાં શ્લોક ગોખી રહી હતી.

ચાક્કિદુગં, હરિયણ્ગં,પણમં ચક્કીણં કેસવા ચકકી .

અર્થાત્ અનુક્રમથી બે ચક્રવર્તી, પાંચ વાસુદેવ, પાંચ ચક્રવર્તી, એક વાસુદેવ, એક ચક્રવર્તી, એક વાસુદેવ, બે ચક્રવર્તી,એક વાસુદેવ એક ચક્રવર્તી હોય છે.

આ ગાથા મધુર કંઠથીએક સાધ્વીજી રટી રહી હતી.

(ભારતીયસાહિત્યમાં જૈન ધર્મનું યોગદાન પૃ. – ૧૦ ડૉ. હીરાલાલ જૈન.)

હરિભદ્ર આ મંજુલઅને વિલક્ષણ વાણી સાંભળી થંભી ગયા.આ મધુર ગાથાને સાંભળતા તથા એનો અર્થ સમજવાની કોશિશ કરતા તે બહુ વાર સુધી ત્યાં જ ઊભા રહી ગયા. સાંભળવામાં આનંદ આવતો હતો. પણ એનો અર્થસમજાતો ન હતો. તેમને પોતાની પ્રતિજ્ઞા યાદ આવી તથા તેઓ એ સાધ્વીની પાસે જઇને તેમને પોતાના ગુરુ માની લીધા.તેમણે સાધ્વીજીને આ ગાથાનો અર્થ સમજાવવા વિનયપૂર્વક નિવેદન કર્યું. મહત્તરા યાકિનીએ બુદ્ધિમતા પૂર્વક તેનો અર્થ સમજાવ્યો. જેનાથી વિદ્વાન રાજપુરોહિત સંતુષ્ટ થયા અને પોતાને શિષ્ય બનાવવાની વિનંતિ કરી. સાધ્વીજીએ તે સમયે ઉત્તર આપ્યો જો તમે કોઇને ગુરુ બનાવવા ચાહતા હો તો મારા ગુરુ પાસે જાવ. હરિભદ્ર સાધ્વીની વાત માનીને આચાર્ય જિનદત્તસૂરિની સેવામાં ગયા. જિનદત્તસૂરિ પ્રતાપી, તેજસ્વી, શાંત અને ગંભીર મહાત્મા હતા. તેમના તપ, જપ, જ્ઞાન અને સંયમ જોઇને હરિભદ્રને જૈન ધર્મપર શ્રદ્ધા થઇ અને જિનદત્તસૂરિની પાસે દીક્ષા ગ્રહણ કરી.

યાકિની મહતરાની વિદ્વત્તા તથા પાંડિત્યથી તે એટલા પ્રભાવિત થયા. કે તેમને પોતાની બધી રચનાઓમાં અંન્તમાં 'યાકિની મહત્તરા સુત' અર્થાત્ પોતાને યાકિનીના પુત્રતુલ્ય કહ્યા છે. આ ઘટના જૈન ધર્મની સાધ્લીઓના ઇતિહાસમાં બહુ મહત્વ રાખે છે. કારણ કે એક સાધ્વી આટલા પ્રકાણ્ડ વિદ્વાનના ગુરુપદ પર પ્રતિષ્ઠિત થઇ.

આઠમી શતાબ્દીના આ આચાર્ય હરિભદ્રસૂરિ જૈન ધર્મના પ્રકાણ્ડ વિદ્વાન હતા. તેમના જ્ઞાનના ગર્વને દૂર કરનારી આ પ્રતિભાશાળી વિદુષી સાધ્વી હતી. આ વાસ્તવમાં તત્કાલીન તથા વર્તમાન મહિલાઓને માટે ગૌરવની વાત છે.

આ ઘટનાથી બીજી એક વાત સ્પષ્ટ થાય છે કે સાધ્વી સમુદાય જ્ઞાનોપાર્જન માટે નિયમિત અભ્યાસ કરતા હતા. સાધ્વી યાકિની પોતાનો પાઠ બરાબર ગોખી રહી હતી જેથી તે બરાબર સ્મરણમાં રાખી શકે. તે સંગીત તથા રાગની પણ જાણકાર રહી હશે તેથી સુંદર રાગમાં તે ગાથા યાદ કરી રહી હતી.

ત્રીજ વાત એ છે કે એ શ્લોકના ભાવાર્થને સમજવા લાયક ધાર્મિક સાહિત્યનું એમને જ્ઞાન હતું. તેમાં જૈન ધર્મની માન્યતા અનુસાર અવસર્પિણી કાલમાં થનાર ચક્રવર્તી વાસુદેવ, બલદેવ વગેરેને વર્ણન કરવામાં આવ્યા છે.

## ધનપાલની પ્રતિભાશાળી પુત્રી

ઇ. સન. ૯૭૦માં ધારાનગરીના પ્રસિદ્ધ રાજા ભોજના દરબારમાં ધનપાલને રાજકવિનું સ્થાન પ્રાપ્ત થયું હતું. સ્વયં રાજા ભોજ એક મહાન કવિ અને વિદ્વાન લેખક હતા. તેથી તેમન દરબારમાં કેટલાંય પ્રસિદ્ધ વિદ્વાનો, પંડિતો, કવિઓ તથા લેખકોને સન્માન પ્રાપ્ત થતું હતું.

ધનપાલ પોતાના પિતાની સાથેઉજ્જૈનમાં આવીને વસ્યા હતા. તેમના ભાઇ શોભને જૈન ધર્મથી પ્રભાવિત થઇને મહેન્દ્રસૂરિ પાસે દીક્ષા લીધી. હતી. ધનપાલ પહેલા કટ્ટર બ્રાહ્મણ હતા. પણ નાના ભાઇથી પ્રભાવિત થઇને તેમને પણ જૈન ધર્મ સ્વીકાર કર્યો. બેન સુન્દરી પણ શ્રમણોપાસિકા હતી. ધનપાલ નાનપણથી જ અધ્યવસાયી હતી. તેમણે વેદ, વેદાંત, સ્મૃતિ, પુરાણ વગેરેનું પ્રગાઢ અધ્યયન કર્યું હતું. તેમનો વિવાહ 'ધનશ્રી' નામની અતિકુલીન કન્યા સાથે થયો, જેનાથી તેમને પ્રખર બુદ્ધિશાળી પુત્રી થઇ જેની સ્મરણ શકિત અદ્દભુત હતી. તેની પ્રસિદ્ધ રચના 'તિલકમંજરી' સંસ્કૃત ભાષાનું શ્રેષ્ઠ ગદ્યકાવ્ય છે. જેને બ્રાણકૃત 'કાદમ્બરી'નું સમતુલ્ય માનવામાં આવે છે.

આ 'તિલકમંજરી' રચનાની સાથે એક ઘટનાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. રાજા ભોજે કોઇ કારણસર ક્રોધિત થઇને તેને સળગાવી દીધું હતું.

વર્ષોના પરિશ્રમથી લખેલ કાદમ્બરી સમાન સુંદર કૃતિને આ પ્રકારે અગ્નિમાં ભસ્મ થતી તે જોઇને ધનપાલ અત્યંત દુઃખી થઇ ગયો. પોતાના પિતાને વ્યથિત જોઇને તેમની નવ વર્ષની બાલપંડિતા પુત્રીએ એમના ઉદ્વેગનું કારણ પૂછયું. ધનપાલે રાજદરબારની ઘટના કહી સંભળાવી. બાલિકાએ સાંત્વના આપતાં તેમને ધીરજ આપી. તથા તિલકમંજરીનો અર્ધો ભાગ પોતાની સ્મરણશકિતથી બોલીને સંભળાવ્યો. જે પિતાએ લખી લીધો. ધનપાલે બાકીના આર્ધો ભાગની પુનઃ રચના કરીને 'તિલકમંજરી'ને સંપૂર્ણ કરી.

(પ્રબન્ધ ચિંતામણી સિંઘી જૈન પૃ.૫૧ ગ્રંથમાલા)

## સુન્દરી

કવિ ધનપાલની બેન સુન્દરી પણ પ્રાકૃત અને સંસ્કૃત ભાષાની જાણકાર હતી. તે સમયે સંસ્કૃતના 'અમરકોષ' જેવો સંસ્કૃતમાં બીજો કોઇ ગ્રંથ ન હતો. ધનપાલે વિ. સં. ૧૦૨૯ (ઇ.સન ૯૭)માં ધારાનગરીમાં ''પાઇયલચ્છી નામમાલા' નામના પ્રાકૃત કોશની રચના કરી. બેન સુંદરીએઆ ગ્રન્થ વડે પ્રાકૃત ભાષાનો અભ્યાસ કર્યો. એટલા માટે પ્રાકૃત ભાષાના આ અમરગ્રંથની રચનાની પ્રેરણાદાયી સુંદરીને માનવામાં આવે છે.

તેથી એ નિર્વિવાદ છે કે ધનપાલની પુત્રી અને બેન બંને વિદુષી તથા સંસ્કૃત, પાકૃત ભાષાની જાણકાર હતી અને સાહિત્ય રચનામાં રસ ધરાવતી હતી.

આ પ્રકારે દસમી શતાબ્દીમાં સાહિત્ય, ભાષા તથા ધર્મના ક્ષેત્રમાં શ્રાવિકાઓ અને સાધ્વીઓએ મહત્વપૂર્ણ ભૂમિકા નીભાવી છે. તેઓ જૈન ધર્મ પર દૃઢ આસ્તા રાખતી હતી. અને પ્રાકૃત ભાષાનું અધ્યયન અને વિકાસ કરતી હતી.

(બ્ર ૫. ચન્દાબાઇ અભિનંદનગ્રંથ).

## ગુણાસાધ્વી

ગુણા સાધ્વી એક ઉચ્ચકોટિની વિદુષી સાધ્વી હતી. એમનો જન્મ ગુજરાતમાં થયો હતો. તે સંસ્કૃત ભાષાની પ્રકાંડ વિદ્વાનહતી. તેમનેતે સમયના પ્રકાંડ વિદ્વાન સિદ્ધર્ષિ સૂરિના વિશાલ ગ્રંથ 'ઉપમિતિ ભવ પ્રપંચકથા'નો સંસ્કૃત અનુવાદ બહુ જ વિદ્વતાપૂર્ણ અને રોચક રીતે કર્યો હતો. આ મનોહર કથાની રચના સિદ્ધર્ષિ મહર્ષિએ સંવત ૯૬૨માં શ્રીમાલ નગરમાં પૂરી કરી હતી. આ શ્રીમાલ નગર ગુર્જરોનું મુખ્ય શહેર હતું. સિદ્ધર્ષિ સૂરિએ આ આલંકારિક રૂપક કથાનેઆ નગરમાં લખી હતી, એવો ઉલ્લેખ પ્રાપ્ત થાય  છે.

આ ગ્રન્થમાં ભાવાત્મક સંજ્ઞાઓને મૂર્તિમાન સ્વરૂપ આપીને વિવિધ ધર્મકથાઓ અને જુદી જુદી અવાંતર કથાઓ કહેવામાં આવી છે. ઉદાહરણ તરીકે નગરનું નામ નિવૃત્તિપુર છે. રાજા કર્મપરિણામ, રાણી કાલપરિણતિ, સાધુ સદાગમ અને અન્ય વ્યકિત સંસારી, નિષ્પુણ્યક આદિ નામ પણ રૂપકાત્મક છે. આ કથામાં એવા રોચક વર્ણન છે કે અંગ્રેજ કવિ જૉન બનિયન કૃત ''પિલગ્રિમ્સ પ્રોગ્રેસ'નું અનાયાસે સ્મરણ  થાય છે.

આ આલંકારિક ગ્રંથને સંસ્કૃત ભાષામાં લખીને ગુણા સાધ્વીએ જૈન ધર્મની સાધ્વીઓમાં એક કીર્તિમાન સ્થાન સ્થાનપિત કર્યું તથા અનેક સાધ્વીઓની પ્રેરણા સ્રોત બની છે. આટલા પ્રસિદ્ધ વિદ્વાનના ગ્રંથને સંસ્કૃતમાં લખવાનું સાહસ કરીને સાધ્વીજીએ સાહિત્યિક ક્ષેત્રમાં એક મહત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. (ભારતીય સંસ્કૃતિમાં જૈન ધર્મનું યોગદાન ડૉ. હીરાલાલ જૈન પૃ. ૧૭૪.)

નોટ – દસમી શતાબ્દીમાં સાધ્વીદ્વારા લખાયેલ આ સંસ્કૃત ગ્રંથ આજે પણ ભંડારકર ઓરિએન્ટલ રીસર્ચ, ઈન્સ્ટીટયુટ પૂનામાં સુરક્ષિત છે. જેના હસ્તલિખિત અક્ષરો એટલા સુંદર છે જાણે ટાઈપ કર્યા હોય. સમ્મેતશિખર તીર્થદર્શન વિભાગ ૧માં સાધ્વીજીના વિશે શ્લોકો લખેલો પ્રાપ્ત થાય છે.

**प्रथ्मादर्शलिखिता साध्वी श्रुतदेवतानुकारिण्या**
**दुर्गस्वामी गुरूणां. शिष्यका गुणाभिधया ॥**

આચાર્ય સિદ્ધિર્ષિની પ્રશસ્તિમાં આ પ્રકારનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે આમ આ પ્રકારના ઉચ્ચ આલંકારિક ગ્રંથનું સંસ્કૃતમાં જ અનુવાદ કરવો સાધ્વીજીની વિશેષ જ્ઞાન શકિતનું દ્યોતક છે.

સાધ્વીજીના જીવન વિશે. અધિક વિસ્તૃત વર્ણન પ્રાપ્ત નથી થતું, પરંતુ તેમના દ્વારા લખાયેલ પ્રત આજે પણ વિદ્યમાન છે.

## શ્રીમતી

શ્રમીતી વિશ્વવિખ્યાત આબુના કલાત્મક દેલવાડાના મંદિરના નિર્માતા તથા રાજા ભીમદેવના (ઇ.સન. ૧૦૧૦-૧૦૬૨) મંત્રી વિમલ શાહની પત્ની હતી. આ અદ્દભુત સ્થાપત્યકલાની પાછળ મંત્રી વિમલશાહની ધર્મનિષ્ઠા તથા એમની ધર્મપરાયણા પત્ની શ્રીમતીના અદ્દભુત ત્યાગની કથા જોડાયેલી છે.

આચાર્ય વિજયધર્મસૂરિએ આ શ્રાવિકાનો મહિમા બતાવતાં લખ્યું છે તે અહીંયા ઊતારવામાં આવ્યું છે.

''શ્રાવિકા શ્રીમતી તથા વિમલશાહ સુખસમૃદ્ધિના બધાં સાધનો હોવાં છતાં પણ ચિન્તિત રહેતા હતા. શ્રીમતીને સંતાન ન હતાં. તેથી તેને પોતાનું જીવન નિરર્થક લાગતું હતું. પતિએ જયારે ઉદાસીનતાનું કારણ પૂછયું ત્યારે પત્નીએ પોતાની મનોકામના વ્યકત કરી. વિમલશાહે પોતાની ઈષ્ટદેવી અમ્બિકાની ત્રણ દિવસ સુધી અન્ન-જલ ત્યાગીને આરાધના કરી. મંત્રીશ્વરની ભકિત તથા તેમના પુણ્ય પ્રભાવથી ત્રીજેદિવસે અર્ધી રાત્રીએ દેવીએ દર્શન આપ્યા. અને વરદાન માંગવા કહ્યું. મંત્રીએ બે વરદાન માંગ્યા. એક પુત્રપ્રાપ્તિ તથા બીજું આબુ પર્વત પર મંદિરનું નિર્માણ. તે સમયે દેવીએ કહ્યું,.

''તારૂં પુણ્ય સંચય એક વરદાન જેટલું છે'' મંત્રીશ્વરે આ વાત પોતાની અર્ધાંગિની ને જઇને કહી. ત્યારે શ્રીમતીએ પુત્રના મોહનો ત્યાગ કરીને કહ્યું,

''પ્રાણેશ્વર, સંસાર તો અસર છે. પુત્ર દ્વારા કોઇ મહિલા ચિરકાળ સુધી અમર રહેતી નથી. સંતાન કુસંતાન પણ નીકળે છે. અને તેના ખરાબ કૃત્યોથી સાત પેઢી બદનામ થાય છે. માતા, પુત્ર, પતિ વગેરે સાંસારિક જીવનના સંબંધો છે. પણ જો તીર્થોદ્ધાર થયો તો તેનું પુણ્ય જન્મ જન્માતર સુધી રહેશે તેથી પુત્ર પ્રાપ્તિના સ્થાને મંદિરના તીર્થોદ્ધારનું વરદાન દેવી પાસેથી મેળવજો.''

ધર્મનિષ્ઠ શ્રાવિકા શ્રીમતીએ સંતાન પ્રાપ્તિનો મોહ છોડીને જે મહાન ત્યાગનું ઉદાહરણ આપ્યું છે તે વાસ્તવમાં આદર્શ અને અનુકરણીય છે. પુત્રપ્રાપ્તિ તથા માતૃત્વપદ પ્રાપ્ત કરવા માટે સ્ત્રીઓ કેટલાંય પ્રકારના તપ, જપ કરે છે. તથા સિદ્ધ પુરુષોના આશીર્વાદ પ્રાપ્ત કરે છે. પરંતુ આદર્શ નારી શ્રીમતીએ પોતાના વ્યકિતગત ક્ષણિક સુખને સમષ્ટિના સુખ આનંદ માટે ન્યોછાવર કરી દીધું અને આ ત્યાગની જડ પર ઇ.સન. ૧૦૩૨માં એક જિનાલયનું નિર્માણ થયું. એના જેવી સ્થાપત્યકલાનું બીજું ઉદાહરણ સંસારમાં મળવું દુર્લભ છે.

શ્રીમતીના આ ત્યાગનો મહિમા જૈન ઇતિહાસમાં સુવર્ણ અક્ષરોમાં લખાવાને યોગ્ય છે.

(શ્વેતાંબર જૈન મહિલાઓ પૃ. ૩૩૪ અગરચંદજી નહાટા.)

## પાહિની

માતા પાહિની તથા પિતા ચાચિગના પુત્ર હેમચન્દ્રાચાર્ય જૈન ધર્મના સર્વતો મુખી તથા વિલક્ષણ પ્રતિભાવાળા આચાર્ય થઇ ગયા. ઇ.સન.ની અગિયારમી (સન.૧૦૮૮) સદીમાં ગુજરાતમાં જૈન ધર્મને રાજયધર્મના શિખર પર પહોંચાડનાર આચાર્યના સંબંધમાં જૈનેત્તર વિદ્વદરત્ન પીટર્સને પેતાનો અભિપ્રાય નીચેના શબ્દોમાં વ્યકત કર્યો છે.

''આચાર્ય હેમચન્દ્ર ઇઝ ધ ઓસન ઓફ ધ નોલેજ''

(મુનિ સુશિલકુમાર 'જૈન ધર્મકા ઇતિહાસ' પૃ. ૨૩૩-૩૪)

## હેમચન્દ્રનો જન્મ અને બાલ્યકાલ

ગુજરાતના ધંધૂકા નામની નગરીના ધાર્મિક ગૃહસ્થ ચાચિગની ધર્મપત્ની પાહિનીએ આ પુત્રરત્નને જન્મ આપ્યો. પુત્ર-જન્મની પહેલાં મતાને રાતના એક સ્વપ્ન આવ્યું કે તેને એક ચિન્તામણી રત્ન પોતાન ગુરુ દેવચન્દ્ર મુનિને ભેટમાં આપ્યું. આ સ્વપ્નનો અર્થ ગુરુને પૂછયો ત્યારે તેમણે કહ્યું કે તને શીઘ્ર પુત્રરત્ન પ્રાપ્ત થશે. (હેમચન્દ્રાચાર્ય જીવન-ચરિત્ર પૃ-૧૦ ડૉ જી.બુલર)

યથાસમય પાહિનીએ એક તેજસ્વી પુત્રરત્નને જન્મ આપ્યો. (વિ.સં. ૧૧૪૫ ઇ.સન. ૧૦૮૮) જેનું નામ ચાંગ રાખવામાં આવ્યું. બાળક ચાંગ ધીમે ધીમે મોટો થવા લાગ્યો. એક વખત માતા પાહિની બાળક ચાંગની સથે જિન-મંદિરમં દેવ-પૂજા કરવા ગઇ. બાળક ચાંગ રમતો રમતો ઉપાશ્રયમાં દેવચન્દ્ર મુનિની પાટ પર જઇને બેસી ગયો. ગુરુ દેવચન્દ્રએ વિશિષ્ટ લક્ષણોવાળા બાળકને જોઇને તેને શિષ્યના રૂપમાં પ્રાપ્ત કરવાની ઇચ્છા માતા પાહિનીની સામે રાખી અને પાહિનીના સ્વપ્નની વાતનું સ્મરણ કરાવ્યું. (સાધુઓની પરંપરમાં ચાંગદેવની દીક્ષિત હોવા વિષે અનેક પ્રકારની કથાઓ પ્રચલિત છે.) પાહિની આ વાત સાંભળીને આશ્ચર્યથી સતબ્ધ બની ગઇ, પરંતુ ગુરુ પર શ્રદ્ધા તથા તેમના અતિ અધિક આગ્રહથી પ્રભાવિત થઇને પોતાની ઇચ્છા ન હોવા છતાં પણ ગુરુને પોતાનો પુત્ર ભેટમાં આપી દીધો. ગુરુ દેવચન્દ્ર બાળક ચાંગ લઇને ખંભતીર્થ (ખંભાત) તરફ વિહાર કરી ગયા. અને ખંભાતના પાર્શ્વનાથ મંદિરમાં બાળક ચાંગ ને દીક્ષા આપી. તે સમયે ગુજરાતના સુપ્રસિદ્ધ મંત્રી ઉદયન પણ દીક્ષા મહોત્સવમાં હાજર રહ્યા હતા. દીક્ષા પછી ચાંગદેવનું નામ 'સોમચન્દ્ર' રાખવામાં આવ્યું, આચાર્ય મેરુ તુંગે કરેલા વર્ણન પ્રમાણે આ વિશિષ્ટ બાળકને જોઇને તેમણે નગરના પ્રતિષ્ઠિત શ્રાવકોને એકઠું કર્યા અને બધા ચાચિગ શ્રાવકને ત્યાં ગયા. પતિની અનુપસ્થિતિમાં સંઘના શ્રાવકોનું આદરપુર્વક ઉચિત સ્વાગત કર્યું. આચાર્ય દેવચન્દ્રએ કહ્યું,

''સંઘના શ્રાવકો તથા જ્ઞાતિના લોકો તારા પુત્રને સંઘની સેવા માટે માંગવા ઇચ્છે છે.'' આ પ્રકારની માંગણીથી તે પોતાને ગૌરવશાળી માનીને હર્ષાશ્રુથી ગદગદ થઇ ગઇ. પાહિનીએ પહેલાં તો આ માંગણીનો સ્વીકાર કરવામાં પોતાની અશકિત પ્રકટ

કરી તથા સંઘના શ્રાવકોને વિનયપૂર્વક કહ્યું.

''માતા પતિ ઘેર નથી અને તે બીજા મતવાળા છે'' પણ કૌટુંબિક શ્રાવકોનો આગ્રહ તે ટાળી ન શકી. કારણ કે બધા આ બાળકને સંઘની તથા જૈન શાસનની પ્રતિષ્ઠા વધારવા માટે માંગી રહ્યા હતા. થોડા સમય માટે માતાના હૃદયમાં વાત્સલ્ય અને શ્રદ્ધાનું યુદ્ધ શરૂ થયું. પણ અંતમાં ધાર્મિક શ્રદ્ધાનો વિજય થયો. માતા પહિનીએ અચાર્યશ્રીના ચરણોમાં પેતાના પ્રિય પુત્ર સમર્પિત કરી પોતના જીવનને ધન્ય બનાવ્યું. જ્યારે પિતા ચાચિગને આ ઘટનાની ખબર પડી ત્યારે તે ક્રોધિત થઈ ખંભાત આચાર્યશ્રી પાસે ગયા. પણ રાજયમંત્રી ઉદયના વાત્સલ્ય પૂર્ણ વ્યવહાર તથા પુત્રના ઉજ્જવળ ભવિષ્યની કલ્પનાએ તેમને શાંત કર્યા અને તેઓ દીક્ષામહોત્સવમાં પણ હાજર રહ્યા.

આમ હેમચન્દ્રાચાર્યના બાળપણ વિષે રોચક તથા પરસ્પર વિરોધી કથાનક પ્રાપ્ત થાય છે. પણ એ વાતનું સર્મથન બધા કથાનક કરે છે કે દેવચન્દ્ર મુનિએ ચાંગદેવને તેમની માતા પાસેથી ભિક્ષમાં માંગીને મેળવ્યો હતો. ગુરુએ માતાની વાત્સલ્યભાવના તથા ધર્મશ્રદ્ધાનો બુદ્ધિ કૌશલ્યથી લાભ ઊઠાવી પોતાનુ ધ્યેય પૂર્ણ કર્યું.

પ્રભાવક ચરિત્રમાં જે સ્વપ્નની વાત કહેવામાં આવી છે. તે જૈન ધર્મમાં સ્વપ્નો પર પ્રચલિત વિશ્વાસને કારણે કહેવામાં લાવી હોય એમ લાગે છે. મહાન વ્યકિતના જન્મ પહેલાં માતાને સ્વપ્ન દ્વારા વિશેષ વર્ણન પ્રાપ્ત થાય છે. ચાચિગ દ્વારા પુત્રને પાછો લાવવાનો પ્રયત્નની વાતમાં કદાચ એ પ્રેરણા રહી હોય કે સ્વર્ગમાં સુખશાંતિની પ્રાપ્તિ માટે પુત્ર દ્વારા પિંડદાન કરવું.

-ભારતીય સંસ્કૃતિમાં આવશ્યક મનાયું છે અને તેથી તેઓએં પુત્રની કસમય દીક્ષાનો વિરોધ કર્યો છે.

મુનિ સોમચન્દ્ર વિદ્યાભ્યાસમા અતિશય પ્રગતિ કરવા લાગ્યા. તેમણે વ્યાકરણ, અલંકાર, કોષ, ન્યાયદર્શન, જ્યોતિષ, ત્રિશષ્ઠિ શલકા પુરુષ આદિ બધા વિષયો પર ગ્રન્ત રચના કરી અને જૈન ધર્મનો સાહિત્ય ભંડાર ભરી દીધો. એકવીસ વર્ષની ઉંમરમાં વિ. સ. ૧૧૬૬માં તેમને આચાર્ય પદથી વિભૂષિત કરી 'આચાર્ય હેમચન્દ્ર' નામ આપવામાં આવ્યું.

'પ્રભાવક ચરિત્ર' નામના પ્રબંધ ગ્રન્થમાં એવું વર્ણન મળે છે કે પુત્રના આચાર્ય પદ પ્રપ્ત કર્યા બાદ પાહિની સધ્વી સમુદાયમાં દીક્ષિત થઈ ગઈ અને ઘણા સમય સુધી ચારિત્ર ધર્મ પાળી લગભગ વિ. સ. ૧૨૧૧માં દેહત્યાગ કર્યો.

તત્કાલીન ગુજરાતમાં જૈન સંઘની વિશેષ સ્થાપના હેમચંદ્રાચાર્યે કરી ભારતીય ધર્મપરાયણ મહિલાના મનમાં પુત્રની ઈચ્છાની સાથે સાથે પુત્રના ધાર્મિક ઈષ્ટ મંગલ અને કીર્તિમાન થવાની ભાવના સ્વાભાવિક રીતે હોય છે એટલા માટે માતા પાહિનીએ પોતના હૃદયના ટૂકડાને જૈન ધર્મની સેવા માટે સમર્પિત કર્યો. માતાએ પોતાના વાત્સલ્યને હૃદયમાં દબાવીને ધર્મશાસનની વૃદ્ધિની ભાવના માટે સંકુચિત પુત્ર સ્નેહની ભાવના ત્યાગીને સમષ્ટીવાદી દ્રષ્ટિ અપનાવી. ધાર્મિક માતાએ આ બહુ જ મોટો ત્યાગ કર્યો. જે મનોવૈજ્ઞાનિક ભૂમિકામાં પોતાનું વિશેષ મહત્વ ધરાવે છે.

જૈન ધર્મમાં સૂર્ય સમાન સદા ચમકતા આ મહાન વિદ્વાનના પ્રભાવથી જૈન ધર્મ અને સંઘનો સર્વ દિશાએમાં વિકાસ થયો.

અચાર્ય હેમચન્દ્ર જેવા પકાંડ વિદ્વાનને જન્મ આપનારી માત ધન્ય છે. પાહિની જેવી માતાના ત્યાગે જ પુત્રને ઇતિહાસમાં હંમેશ માટે અમર કર્યો.

## કાશ્મીરી

ગુજરત (પાટણ)ના સોલંકી વંશના રાજા કુમારપાળની માતા કાશ્મીરીદેવી રાજા ત્રિભુવનપાળની પત્ની હતી. માતાએ બાળપણથી જ પુત્રને મુશ્કેલીઓનો સામનો કરવાનું શીખવ્યું હતું. માતાને શંકા હતી કે કયાંક પુત્રનું અમંગલ ન થાય તેથી પુત્રના વિયોગને સહન કરી તે પોતાનું જીવનનો અધિક સમય ધર્મધ્યાન વ્યતીત કરવા લાગી. કાશ્મીરી દેવીને પ્રેમલદેવી અને દેવલદેલી નામની બે વિદુષી કન્યાઓ હતી. પરંતુ તેમનું વધારે વર્ણન પ્રાપ્ત થતું નથી. કુમારપાળે પોતાના ધર્મગુરુ હેમચન્દ્રાચાર્યને ઉચિત સન્માન આપ્યું હતું. તેથી એવું માની શકાય કે સમાજમાં તથા નાગરિકોમાં જૈન ધર્મ પ્રત્યે શ્રદ્ધા હતી. શ્રાવિકાઓ મંદિરો અને ઉપાશ્રયોમાં સાધ્વીઓની પાસેથી વ્યાખ્યાન સાંભળવા જતી હતી.

મુનિ જિનવિજયજીના શબ્દેમાં,

'મહર્ષિ હેમચન્દ્રાચાર્યના સમયમાં જૈન ધર્મની સ્થિતિ કેવળ સુદ્રઢ થઇ એટલું જ નહીં પણ કેટલાંક સમય સુધી તે રાજ્યધર્મ પણ બની ગયો હતો. શ્રાવક-શ્રાવિકાઓ એ પણ આ ધર્મ અપનાવીને પોતાનું આત્મકલ્યાણ કર્યું.

કુમારપાળે પોતાના અધ્યાત્મિક ગુરુ હેમચન્દ્રાચાર્ય પાસે વિ. સં. ૧૨૧૬માં ઇ.સ. ૧૧૬૦)માં સંઘની સમક્ષ જૈન ધર્મ અંગીકાર કર્યો.

## ભોપાલા

કુમારપાળની ત્રણ રાણીઓમાંથી ભોપાલા દેવીનું વર્ણન પ્રાપ્ત થાય છે. રાજ્ય પ્રાપ્તિની પહેલા જ્યારે તે જયસિંહના ડરથી જ્યારે તે આમતેમ ભાગતા-ફરતા હતા ત્યારે આ રાણી તેમની સાથે હતી. (ચાલુકય કુમારપાળ પૃ. ૧૩૪)

આ રાણી હંમેશ તેમના સુખદુઃખમાં સાથે રહી અને તેમને બહુ જ સાથ આપ્યો. રાણી પર પણ આચાર્ય હેમચદ્રનો બહુ જ પ્રભાવ હતો. આ ધર્મપરાયણ રાણી ભોપાલાદેવીને એક પુત્ર હતો. તેનું નામ લીલૂ હતું. જનશ્રુતિ પ્રમાણે આચાર્ય હેમચન્દ્રચાર્યના મૃત્યુ પછી (ઇ.સન. ૧૧૭૨માં) રાણીને પોતાના પતિના મૃત્યુનું દારુણ દુઃખ સહેવું પડયું. (પ્રમુખ ઐતિહાસિક જૈન પુરુષ ઓર મહિલાઓ ડૉ. જયોતિપ્રસાદ જૈન પૃ-૨૩૫)

## મીનળદેવી

મીનળદેવી ગુજરાતના ચાલુકય નરેશ સિદ્ધરાજની માતા હતી તથા કર્ણદેવની રાણી હતી. તે જૈન ધર્મ પર શ્રદ્ધા રાખતી હતી. તેણે રાજાના પ્રધાનમંત્રી મુંજાલ મહેતા જે ઓસવાળ જૈન હતા તેમના માર્ગદર્શનમાં કેટલાંય કાર્યો કર્યો. રાજમાતા મીનળદેવીએ ઇ.સન્. ૧૧૦૦ની આસપાસ વરુમ ગામમાં 'માનસૂન' તળાવ બનાવ્યું. જૈન ધર્મના પ્રચાર-પ્રસારમાં રાજમાતા મીનળદેવીનો ઘણો ફાળો છે. માતાની ધર્મિકતાને પ્રભાવપુત્ર જયસિંહ પર પડયો. રાજા સિદ્ધરાજે જૈન તીર્થ શત્રુંજયની યાત્રા કરીને આદિનાથ જિનાલયને બાર ગ્રામ સમર્પિત કર્યા હતા. સિદ્ધપુરમાં રાયવિહાર નામનું સુંદર આદિનાથ જિનાલય તથા ગિરનાર તીર્થપર ભગવાન નેમિનાથના મંદિર બંધાવવાનું શ્રેય રાજા જયસિંહને જાય છે. ઇ.સના. ૧૦૯૪ થી ૧૧૪૩માં જૈન ધર્મને ગુજરાતમાં રાજયશ્રય પ્રાપ્ત થયો.

(પ્રમુખ ઐતિહાસિક જૈન પુરુષ અને મહિલાઓ- ડૉ. જયોતિપ્રસાદ જૈન પૃ. ૨૩૧)

## આનંદ મહત્તરા અને વીરમતિ ગણિની

વિદ્વાન જૈનચાર્યોના સાહિત્ય સર્જનમાં કેટલીય સાધ્વીઓએ વિશેષ સહાય કરી હતી. સાતમી શતાબ્દીમાં આચાર્ય જિનભદ્રગણિએ 'વિશેષાવશ્યક ભાષ્ય'ની રચના કરી હતી. ('મુનિ નથમલ -જૈન દર્શન' - મનન ઓર મીમાંસા પૃ-૯૦)

તેમના ભાષ્ય પર મલધારી હેમચન્દ્રસૂરિ (વિ. સં. ૧૧૭૫, ઇ.સન્. ૧૧૧૮)એ ૩૭ શજાર શ્લોક પરિમાણની મહત્વપૂર્ણ ટીક્ષ બનાવી જેની રચનામાં સાત વ્યકિતઓનો ફાળો છે. એમાં બે વિદુષી સાધ્વીજીઓ ।આનંદ મહત્તરા' અને 'વિરમતી ગણિની'ને ઉલ્લેખ ગ્રંથકારે પોતે જ કર્યો છે.

''तत्रयाभयकुमारगणि, धनदेवगणि, जिनभद्रगणि,
लक्ष्मणगणि, विवुधचन्दादि, मुनिवृन्द श्री महानन्दश्री
महतरा, वीरमति गणिण्या दिसाहाच्यात् रेरे निःश्चितमिदानी
हता वदमू यथेतन्तिष घाते, ततो घावत् घावत् गृहीत्
लगत, लगत इत्यादि भुवंता'' ।

તેનાથી તત્કાલીન સાધ્વી સમાજની જ્ઞાન ગરિમાનું દર્શન થાય છે. જેમણે મહાન વિદ્વાન પંડિતોને તેમના લેખન કાર્યમાં મદદ કરીને અમૂલ્ય સાહિત્ય સેવા કરી. તેથી આ બન્ને સાધ્વીઓનો ઉલ્લેખ મહત્વનો છે જેનાથી તેમની સાહિત્યક્ષમતા તથા જ્ઞાન-ગરિમાનું દર્શન થાય છે. (ચન્દનાબાઇ અભિનંદન ગ્રંથ પૃ-૫૭૩)

## શાન્તિમતિ ગણિની

ખરતરગચ્છ સંપ્રદાયના આચાર્ય જિનદત્તસૂરિએ શાન્તિમતિગણિનીને મહત્તર પદ વિ. સં. ૧૨૧૫માં આપ્યું હતું. તેમના હસ્તે લખાયેલ સંગ્રહની પ્રત જેસલમેરના ભંડારમાં સુરક્ષિત છે. સૂરિજી સાધ્વીજીઓના જ્ઞાનવર્ધનને માટે હંમેશા તત્પર રહેતા હતા. તેમણે પોતાના શિષ્યોની સાથે શિષ્યાઓને પણ શાસ્ત્રોના પઠન માટે ધારાનગરી મોકલતા હતી. ધારાનગરીએ સમયે પ્રખ્યાત શિક્ષણનું કેન્દ્ર ગણાતી હતી.

વંઠિકા ક્ષેત્રની એક શ્રાવિકાએ શન્તિમતિને કેટલાંક ગહન પ્રશ્નો પૂછયા હતા. આ પ્રશ્નો ઉત્તરમાં તેમને 'સન્દેહ દેહાવલી'ની રચના કરી. (એજન. ૫૭૩).

## અનુપમા

ગુજરાતના પ્રસિદ્ધ બંધુ યુગલ- મંત્રી તેજપાલ અને વસ્તુપાલ તથા તેમની પત્નીઓનું જૈન ઇતિહાસમાં વિશિષ્ટ સ્થાન છે. અનુપમા શ્રેષ્ઠી તેજપાલની પત્ની હતી. જે રાજા વીશળદેવ વાઘેલાના મંત્રી હતા. તેમને કલાની વિશેષ જણકારી હતી. પતિ તેજપાલ દ્વારા ઇ. સના. ૧૨૩૨માં નિર્મિત આબુના આદીનાથ મંદિરની પાસે દેલવાડાના નેમિનાથ મંદિરના કાર્યની દેખરેખ આ મહિલાએ કરી હતી. નિર્માણકાર્યમાં વિલંબ થતો જોઇને તે પોતે નિર્માણ સ્થાન પર ગઇ અને કલાપૂર્ણ કોતરણીના કાર્ય કરવાવાળા કારીગરોને બધી સગવડો આપી. વાસ્તુકલામાં પોતે પ્રવીણ હોવાને લીધે તે તેમને અનેક પ્રકારની સૂચનાઓ આપતી જેનાથી આ મંદિર પણ તેની શિલ્પકલામાં આબુના આદિનાથના મંદિરના જેવું બની શકયું.

આ દ્રષ્ટાંતથી એ જાણવા મળે છે કે તે સમયે ગુજરાતમાં સ્થાપત્યકલા તરફ વિશેષ ધ્યાન આપવામાં આવતું હતું. અને ધનિક વર્ગ તથા રાજ્યપ્રમુખ પોતાના પુત્રોની સાથે પુત્રીઓને પણ આ કલામાં પારંગત કરતા હતા.

સ્થાપત્યકલાની સૂક્ષ્મતા કોઇ મનોગત ભાવનું સ્થૂલ પ્રતીક છે. કલાસામગ્રીના બાહ્ય રૂપમાં આપણને તે સમયની ઐતિહાસિક અને સાંસ્કૃતિક ભૂમિકાનો અભ્યાસ કરવામાં સુવિધા થાય છે. આટલા કલાત્મક ભવ્યમંદિરની નિપુણતા અને ક્ષમતા આ અનુપમ નારીમાં જરૂર રહી હશે. એવો ઉલ્લેખ પણ મળે છે કે તેમને શત્રુંજય મંદિર નિર્માણમાં પણ પોતાની સૂચનાઓ આપી હતી જે માન્ય કરવામાં આવી હતી.

અધ્યાત્મક રસિક પંડિત દેવચન્દ્રજીને અઢારમી સદીની શ્રાવિકાઓએ લખેલા બે પાના મળ્યા છે જેમાં અનુપમા શ્રાવિકાના ગુણગાન કર્યા છે. તથા તે કેટલી વિદુષી અને અધ્યાત્મનુભૂતિપૂર્ણ હતી તેનું વર્ણન પણ છે. અનુપમા વાસ્તવમાં અનુપમ ગુણોની ભંડાર હતી.

## નીતા દેવી

નીતાદેવી ગુજરાતના ક્ષત્રિય રાજા શાન્તિદેવના પુત્ર વિજયપાલની નીતિજ્ઞ તથા રાજ્ય સંચાલનના ગુણોથી વિભૂષિત હતી. વિદ્વાન મુનિ વિદ્યાકુમારના સદુપદેશથી રાણી નીતાદેવીએ પાટણમાં પાર્શ્વજિનેશ્વર ચૈત્ય અને પૌષધ શાળાનું નિર્માણ કરાવરાવ્યું.

(પ. લા. ભ. ગાંધી - ઐતિહાસિક લેખ સંગ્રહ - પૃ. ૩૪૧)

## અંચલગચ્છની પ્રમુખ સાધ્વીઓ

## સોમાઇ

અંચલગચ્છની સ્થાપના સન ૧૦૭૯માં આચાર્ય આર્યરક્ષિતસૂરિજીએ કરી. તેઓ એ યુગના અદ્વિતીય પ્રતિભાશાળી સાધુ હતા. એક સમયે આચાર્ય વિહાર કરતા કરતા 'બેપાણ' નગરમાં આવ્યા અને શ્રાવક કોડી અને તેમની પુત્રી સોમાઇને પ્રતિબોધ આપ્યો. એવી કહેવત છે કે સોમાઇ એક કરોડ મૂલ્યના સોનાના ઘરેણાં પહેરતી હતી. આચાર્યનો 'સંસાર નશ્વર છે' એવો ઉપદેશ સાંભળીને તેને બધાનો ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરી. તે અચલગચ્છની પ્રથમ મહત્તરા થઇ જેનું નામ 'સમયશ્રીજી' રાખવામાં આવ્યું. તેમની નિશ્રામાં અન્ય મહિલાઓએ પણ દીક્ષા ગ્રહણ કરી. જેની સંખ્યા એક હજાર, એકસો ત્રીસ હતી. મહત્તરા સમયશ્રીજી તેમની પ્રમુખ હતી.

અંચલગચ્છમાં અન્ય ઘણી મહત્તરા સાધ્વીઓનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. જેમાં તિલકપ્રભા ગણિની, મેરુલક્ષ્મી, મહિમાશ્રીજી વગેરેના નામ વિશેષ ઉલ્લેખનીય છે. સાધ્વી મેરુલક્ષ્મીજી દ્વારા રચિત આદિનાથ સ્તવન અને 'તારંગામંડન' વગેરે રચનાઓ પ્રાપ્ત થાય છે.

## સાધ્વી ગુણશ્રી

સાધ્વી ગુણશ્રી અંચલગચ્છના ધર્મમૂર્તિસૂરિના સમયની સાધ્વી હતી. તેમને પોતાની રચના 'ગુરુગુણ ચોવીસી' નામ ગહૂંલીમાં મહેપાધ્યાયજીના જીવન પર વિશેષ પ્રકાશ ફેંકયો છે. આ રચના ગુણાશ્રી સધ્વીએ સં. ૧૭૨૧માં કપડવંજમાં ચાતુર્માસમાં કરી હતી. (સોમચન્દ ધારસી દ્વાર સંપાદિત પદાવલી પૃ. ૩૯૦)

આ પ્રકારે અંચલગચ્છની કેટલીયે સાધ્વીઓએ ઇ. સન. ૧૫૦૦ થી ૧૭૦૦ની વચ્ચે કેટલીય વિદ્વતાપૂર્ણ રચનાઓ કરી.

## ખરતરગચ્છના સાધ્વી અને શ્રાવિકા સંઘ

જૈન ધર્મનો પ્રચાર અને પ્રસાર રાજસ્થાન અને ગુજરાતમાં વ્યાપકરૂપમાં થઇ રહ્યો હતો. ગુજરાતના દુર્લભ રાજાના સમયમાં પટણમાં વર્ધમાનસૂરિનું વર્ચસ્વ હતું. તેમના શિષ્ય જિનેશ્વરસૂરિજીએ 'દશવૈકાલિક' અગમમાં લખાયેલા સાધુના નિયમોથી રાજાને અવગત કરાયા. હતા અને તેથી રાજાએ તેમને 'ખરતગચ્છ' બિરુદથી સન્માનિત કર્યા હતા. (ખરતરગચ્છ ઇતિહાસ અગરચંદજી નહટા પૃ. ૭)

## કલ્યાણ મતિ ગણિ

કલ્યાણ મતિ ગણિનું નામ ખરતર ગચ્છની પ્રવર્તનીરૂપમાં ઉલ્લેખનીય છે. સંવત ૧૩૦૫ (સન ૧૨૪૮)માં જિનેશ્વરસૂરિએ પોતાની બેન કલ્યાણમતિને દીક્ષિત કરી. પ્રવર્તની પદની જવાબદારી સોંપી દીધી. સાધ્વીજીના ધર્મનિષ્ઠ અને સરળ સ્વભાવથી આકર્ષિત થઇને બીજી કેટલીક શ્રાવિકાઓએ પણ એમની પાસે દીક્ષિત થવાની ઇચ્છા પ્રકટ કરી. તથા કેટલીયે મહિલાઓએ સંસારનો ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરી.

## મરુદેવી મહત્તરા

આ તપસ્વીની સાધ્વીએ આચાર્ય જીનેશ્વરસૂરિજીની પાસે જ્ઞાનોપાર્જન કર્યું અને ચાલીસ દિવસના સંથારા કરી દેહત્યાગ કર્યો. સૂરિજીએ બહુ જ ભકિતભાવ પૂર્વક સમાધિકાલમાં એમને સંલેખના પાઠ સંભળાવ્યો હતો. (ખરતરગચ્છ કા ઇતિહાસ અગરચંદ નહાટા પૃ. ૧૨)

## મહત્તરા હેમદેવી

આ વિશેષ ગુણવાળી સાધ્વીજીને અચાર્ય જિનચન્દ્રસૂરિજીએ મહત્તરા પદ અપ્યું હતું. એમન ધાર્મિક પ્રવચનોથી આકર્ષાઇને જગશ્રી, સરસ્વતી અને ગુણશ્રી શ્રાવિકાઓએ દીક્ષા ગ્રહણ કરી. એમના સમયમાં દિલ્હીમાં રાજા મદનપાલ રાજય કરતો હતો. રાજા સર્વધર્મને સન્માન આપતો હતો. અને ધર્માચાર્યોને પણ આશ્રય આપતો હતો. (એજન -પૃ. ૧૨)

## તપાગચ્છનો આવિર્ભાવ

આચાર્ય જગતચન્દ્રસૂરિજીએ એક વખત બાર વર્ષ સુધી ઉગ્ર આયંબિલ તપ કર્યું. તેનાથી પ્રભાવિત થઇને મેવાડના રાજાએ તેમને તથા બિરુદ આપ્યું. જેમીથ આગળ ચાલીને તપાગચ્છની સ્થાપના થઇ.

આ પ્રકારે આગળના ગચ્છોને ખરાબ ન કહેતા ત્યાગ, તપ તથા જ્ઞાનના પ્રભાવથી સાધુમાર્ગની પુનઃ પ્રતિષ્ઠા રવા માટે તપાગચ્છની સ્થાપના થઇ.

આ સંપ્રદાયનું મુખ્ય ધ્યેય સંયમ નિયમોનું સાચી રીતે પાલન કરવાનું હતું. જેમાં તેમને સફળતા પણ પ્રાપ્ત થવિભિન્ન આચાર્યોના નામ પરથી આ ગચ્છમાં ઉપ-સમ્પ્રદાયો પણ છે.

તપાગચ્છના આચાર્યો અને સાદુઓની પટ્ટાવલીમાં સાધ્વીઓના બહુ જ ઓછા નામ આવે છે. જે સાધ્વીઓએ વિશેષ તપ, આરાધના અને સાહિત્ય સર્જન કર્યું હોય એમના નામ કયાંક કયાંક મળેછે. એ સમયના સાધ્વી સમાજનું જૈન સમાજમાં શું સ્થાન હતું તેનું સ્પષ્ટ વર્ણન પ્રાપ્ત થતું નથી.

## લોકાશાહની ધર્મ-ક્રાન્તિનો તત્કાલીન મહિલાઓ પર પ્રભાવ.

આ મહાપુરૂષનો જન્મ માતા ગંગાબાઇ (કેશરબાઇ) તથા પિતા હેમાશાહને ત્યાં ઇ.સન. ૧૪૫૨માં ગુજરાતના અરહદવાડા શહેરમાં થયો હતો. પિતા સ્વતંત્રરૂપે જવેરાતાનો ધંધો કરતા હતા. માતા ધર્મપરાયણ પતિવ્રતા મહિલા હતી. (શ્રીમતી સ્ટીવન્સન હાર્ટ ઓફ ધ જૈનીઝમ) બાલ્યકાળથી જ તેનામાં વૈરાગ્ય વૃત્તિ હતી. પરંતુ માતા-પિતાના આગ્રહને કારણે સંપન્ન વણિક ઓધવજીની વિલક્ષણ વિદુષી પુત્રી સુદર્શનાની સાથે તેના લગ્ન થયા. તેમના સુખી દામ્પત્યજીવનનો ફલસ્વરુપે એક પૂર્ણચન્દ્ર નામનો પુત્રરત્ન પણ થયો. તત્કાલીન રાજનૈતિક અને સામાજિક કારણોથી તેને અમદાવાદ જવું પડયું અને ત્યાં પ્રામાણિકપણે ઝવેરીનું કાર્ય કરવા લાગ્યા. એક વાર એના ઘેર ગોચરીને માટે ગયેલા જ્ઞાન સુન્દરજી યતિએ તેમના સુંદર અક્ષરોને જોયા, તે પોતાના શાસ્ત્રોની પ્રતિલિપિ કરાવવાનો લોભ રોકી ન શકયા અને કેટલાંય શાસ્ત્રોની પ્રતિલિપિઓ લોકાશાહ પાસે કરાવી હતી. (લોકાશાહ ઔર ઉનકી વિચાર ધારા- પંડિત દલસુખ માલવિયા પૃ. ૩૬૬)

લોકાશાહે શાસ્ત્ર લખવાની સાથે સાથે તીવ્ર જિજ્ઞાસા હોવાને લીધે શાસ્ત્રજ્ઞાનની પ્રાપ્તિ પણ કરી લીધી. 'આચારાંગ તથા 'દશવૈકાલિક' જેવા સૂત્રોમાં વર્ણવેલ સાધુ સંસ્થાના કઠોર નિયમો તથા એ યુગમાં વ્યાપેલ શિથિલાચાર જોઇને લોકાશાહે શિથિલાચારનો ઘોર વિરોધ કર્યો. તથા તે યુગમાં શ્વેતાંબર જૈન સમાજમાં એક નવી ચેતના પ્રકટ કરી અને તત્કાલીનજૈન સમાજને મૂર્તિપૂજાની રૂઢ પરંપરાને બદલવાને માટે વિચારવા મજબૂર કર્યા. (સ્થાનકવાસી જૈન પરંપરા - પૃ. ૨૬૯ સન્તબાલજી)

એમને જૈન સમાજની સામે મુખ્યત્વે ત્રણ સિદ્ધાંત રાખ્યા. જેનું પાલન કરવાનું મુનિવર્ગને માટે અનિવાર્ય હતું. તે નીચે પ્રમાણે છે.

૧) અપરિગ્રહતાનું કડકપણે પાલન કરવું. ૨) સાધુવર્ગનું જીવન મુખ્યત : આત્મ સાધનાપરક હોવું.

૩) જૈન ચતુર્વિધ સંઘ મઠ-સત્તા આધારિત ન રહેતા જન આધારિત રહે.

એમણે બીજીય કેટલીક પ્રચલિત ધર્મ-વિરુદ્ધ પરંપરાઓનો વિરોધ કર્યો. આ યુગ-પુરુષે આ બધાનું પ્રયાણ સહિત ખંડન કરતાં આ રૂઢિઓ પર કઠોર પ્રહાર કરીને તેને સમાપ્ત કરી જેવી કે

૧) મહિલા સંઘમાં પૂર્ણ સ્વતન્ત્રતા ન હતી. ૨) શાસ્ત્ર અધ્યયનનો અધિકાર પણ પુરુષ સમાન ન હતો.

૩) સાધ્વીઓને વ્યાખ્યાન આપવાનો અધિકાર ન હતો.

તત્કાલીન મુસલમાન શાસકોની પર્દા-પ્રથાને કારણે અથવા અન્ય સામાજિક અથવા રાજનૈતિક કારણોથી મહિલાઓએ મહાવીરના સમયમાં જ કેટલાંય અધિકાર પ્રાપ્તહતા, તે બધાં લુપ્ત પ્રાય થઇ ગયા હતા. ગુરુઓના આડંબરને કારણે પણ મહિલાઓ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ખોઇ રહી હતી.

લોકાશાહનો મુખ્ય ઉદ્દેશ્ય સાધુઓમાં વ્યાપ્ત શિથિલાચારને દૂર કરવાનો હતો. તથા તે સંઘની ખામીઓ સુધારવા માટે કટિબદ્ધ હતા. લોકાશાહની આ ધાર્મિક ક્રાંતિથી સાધ્વીઓ તથા શ્રાવિકાઓને કેટલાક અધિકારો ફરીથી પ્રાપ્ત થયા. જેવાં કે

૧) વ્યાખ્યાન આપવું. ૨) ધાર્મક ચર્ચા કરવી. ૩)જ્ઞાન - વૃદ્ધિને માટે સ્વાધ્યાય કરવા.

વગેરે મુખ્ય હતા. આ મૌલિક ક્રાન્તિની અસર દૂર દૂર સુધી ફેલાઇ અને અનેક સાધુ-સાધ્વીઓ અને શ્રાવકો-શ્રાવિકાઓ આ આડંબરવિહીન ત્યાગમાર્ગ પ્રત્યે આકર્ષિત થયા જેમાંથી સ્થાનકવાસી સમ્પ્રદાયનો ઉદ્દગમ થયો. સ્થાનકવાસી સંપ્રદાય સ્થૂલ ક્રિયાને બદલ સૂક્ષ્મ આત્મચિંતન તરફ જવાની પ્રેરણા આપે છે, ત્યાગ, તપ, જપ અને સંયમ જ આ પરંપરામાં મૂળ તત્વો છે. શુદ્ધ ચૈતન્ય જ એની સાધના પદ્ધતિના મુખ્ય તત્વો છે. (વિજયમુનિ - શ્રી રત્નમુનિ સ્મૃતિગ્રંથ પૃ. ૩૩)

લોકાશાહમાં સુધારાવાદ આંદોલનને કારણે મહિલાવર્ગમાં પણ એક નવચેતનનાનો સંચાર થયો. તેનો ઇતિહાસ પ્રામાણિક પુરાવાઓને અભાવે આજે પણ અંધકાર ગર્ભમાં પડેલો છે. તે છતાં પણ આ આંદોલનના પરિણામ સ્વરૂપે જ અસ્તિત્વમાં આવેલ સ્થાનકવાસી અને તેરાપન્થી સંપ્રદાયોમાં સાધ્વીવર્ગની એક મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે.

# સોળમી શતાબ્દીથી અઢારમી શતાબ્દીની જૈન ધર્મની સાધ્વીઓ અને વિદુષી મહિલાઓ

## ભાવલક્ષ્મી

ભાવલક્ષ્મી તપાગચ્છની મહત્તરા 'રત્નચૂલા'ની શિષ્યા હતી. તથા રતનસિંહસૂરિ (સંસાર પક્ષથી ભાઇ)ની પ્રેરણાથી તે દીક્ષિત થઇ હતી. તે ગુજરાતના પોરવાડ વંશના પિતા સાલાહા તથા માતા ઝબકની સુંદરી નામના પુત્રી હતી. સાંસારિક સુખ તેને આકર્ષિત ન કરી શકયા. અને મહત્તરા રત્નચૂલાના સાન્નિધ્યમાં દીક્ષા ગ્રહણ કરી તથા તેનું નામ ભાવલક્ષ્મી પડયું. ભાવલક્ષ્મીનો સમય સોળમી શતાબ્દીના પૂર્વાધનો માનવામાં આવે છે. ઉદયધર્મના શિષ્યએ 'ભાવલક્ષ્મી ધુલ'ની રચના કરી. ભાવલક્ષ્મીજી પર જે 'ધુલ' લખી હતી તેની રચના મુકુંદ દ્વારા કરવામાં આવી હોય એમ લાગેઢે.

(અગરચંદજી નહાટા દ્વારા લિખિત 'સુધર્મા' અંક ૧૫-૧૦-૭૦-પૃ. ૨૮)

આ પુસ્તક પાટણના જૈન ભંડારમાં સુરક્ષિત છે. આ રચના સંવત ૧૫૦૭ (ઇ.સન.૧૪૫૧)માં કરવામાં આવી હતી.

## આર્યિકા પલ્હણશ્રી

મેઘચંદ્રશ્રીજીની શિષ્યા પલ્હણશ્રી હતી. તેમને ભગવાન આદિનાથની બ્રાહ્મી અને સુન્દરી પુત્રીઓની જેમ આત્માસાધનાના પ્રતીક ચારિત્ર-ધર્મનું પાલન કરી આર્યિકા પદનું ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું.

પલ્હણશ્રી એમના સમયની યોગ્ય આર્યિકા હતી. જેના સાન્નિધ્યમાં અનેક શ્રાવિકાઓએ દીક્ષા ગ્રહણ કરી ધર્મ સાધના કરી. આર્યિકા પલ્હણશ્રીએ હુમાયૂના સમયમાં એક નવી ગૃહસ્થ શિષ્યા પરંપરા કાયમ કરી. જે ઘણાં સમય સુધી ચાલુ રહી હતી. તેમાં પ્યારીબાઇ, ગૌરીબાઇ, સાવરીબાઇ, સુરસરીબાઇ વગેરે શિષ્યાઓનો ઉલ્લેખ સોનીપત નગરમાં લખાયેલ ગુટકામાં થયો છે. આ પરંપરાની એક શિષ્યા તંબોલીબાઇએ ચોવીસ ઠાણાની સચિકા  લખાવી.

અત્યાર સુધી આચાર્યો, ભટ્ટારકો, મુનિઓ અને વિદ્વાનોની શિષ્ય પરંપરાનો જ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. પણ આર્થિકાની શિષ્યા પરંપરાનો ઉલ્લેખ ૧૧-૧૨હજાર પાંડુલિપિઓનું સંશોધન કરવા છતાં પણ જોવામાં આવ્યું ન હતું પણ આ એક પ્રથમ ઘટન છે. જેમાં આર્યિકા પલ્હણશ્રીની શિષ્યા પરંપરાનો ઉલ્લેખ એકગુટકામાં જોવા મળે છે. આર્યિકા પલ્હણશ્રીની શિષ્યા પરંપરાનો ઉલ્લેખ એક ગુટકામાં જોવા મળે છે.

## વિનયચૂલા ગણિની

ધર્મપરાયણ, કાવ્યપ્રવીણ સાધ્વી વિનયચૂલા હૈમરત્નસૂરિની શિષ્યા હતી. સાહિત્યક્ષેત્રમાં જયાં એક તરફ સાધુ સમાજનું બહુ મોટું યોગદાન માનવામાં આવતું હતું ત્યાં સાધ્વીઓને તેનાથી અછૂત માનવામાં આવતી ન હતી.

આગમગચ્છના આચાર્ય હેમરત્નસૂરિ સંબંધી કાવ્ય 'ફાગુ'ને એમની શિષ્યાએ ૧૧ પદ્યોમાં લખી છે. જેનું લેખન સંવત ૧૫૧૩ (સન્ ૧૪૫૬)ની આસપાસનું માનવામાં આવે છે 'ફાગુ' રચનામાં 'વિદુષી' શબ્દના પ્રયોગથી સિદ્ધ થાય છે કે વિનયચૂલા ગણિની ગુણવાન અને કાવ્ય પ્રવીણ સાધ્વી હતા.

'ફાગુ' કાવ્ય અધિકાંશતઃ સાધુઓ અને શ્રાવકો દ્વારા રચાયેલા મળે છે. આચાર્ય 'હેમરત્ન ફાગુ' એક સાધ્વીજી દ્વારા રચિત હોવાન લીધે વિશેષ ઉલ્લેખનીય છે.

(શ્રી અગરચંદજી નહાટા - સુધર્મા અંક ૧૫-૧૦-૭૦)

વિનયૂલા રચિત 'હેમરત્નસૂરિ ફાગુ' (લેખ) પ્રસ્તુત કાવ્યમાં વસંતવર્ણન અથવા વસંતઋતુમાં ગાવામાં આવતા ગીતો મુખ્ય છે. જેમાં ઉત્કૃષ્ટ નિરુપણ થયું છે.

## આર્યિકા રણમતિ

મહા કવિ પુષ્પદન્ત દ્વારા લખાયેલ 'જસહર ચરિઉ' નામક અપભ્રંશ ચરિત- કાવ્ય પર તેમને યશોધર ચરિત ટિપ્પણી સંસ્કૃતમાં લખી. જેના અંતમાં આ વાકય લખ્યું છે. ''ઇતશ્રિી પુષ્પદન્ત યશોધર કાવ્ય (ટિપ્પણ) આર્જિકાશ્રી રણમતિ કૃત સમ્પૂર્ણમ્''

ટિપ્પણીના આ વાકયથી ટિપ્પણી ગ્રંથની રચયિતા આર્યિકા રણમતિ છે એમ સિદ્ધ થાય છે. તેની રચના સં. ૧૫૬૬ (ઇ.સન્. ૧૫૦૯)માં થઇ છે. એમ માનવામાં આવે છે.

યશોધર ચરિતટિપ્પણીની ખંડિત પ્રતિ દેહલીના પંચાયતી મંદિરના શાસ્ત્ર ભંડારમાંછે યશોધરચ્ચારિતમાં વર્ણવેલ હિંસાના દોષ અને અહિંસાના ગુણોનું વર્ણન જૈન સાહિત્યમાં બહુ જ લોકપ્રિય થયું છે. એ વિષય પર સંસ્કૃતમાં સોમદેવકૃત 'યશતિલક ચંપૂ'થી શરૂ કરીને ૧૭મી શતાબ્દી સુધી લગભગ ૩૦ ગ્રંથ રચવામાં આવ્યા છે. કાવ્યકલાની દ્રષ્ટિએ અપભ્રંશમાં પુષ્પદત્તકૃત 'જસહર ચરિઉ' સર્વ શ્રેષ્ઠ છે.

આર્યિકા રણમતિએ મહાકવિની અપભ્રંશરચનાનો સંસ્કૃત અનુવાદ કર્યો તેનાથી એની વિરુત્તનો પરિચય થાય છે.''

(ભારતીય સંસ્કૃતિમાં જૈન ધર્મનું યોગદાન - પૃ. ૧૫૮)

## આર્યા રત્નમતિ

સંસ્કૃતમાં 'સમ્યકૃત્વ કૌમુદી'ની રચના કેટલાંય વિદ્વાન કવિઓએ કરી છે.આ ગ્રંન્થનો ગુજરાતીમાં અનુવાદ આર્યા રત્નમતિએ કર્યો છે. (ચન્દનાબાઇ અભિનંદન ગ્રંથ પૃ. ૪૮૦)

આ ગ્રંથની પત્ર સંખ્યા ૮૯ છે. આ લઘુ કથાઓનો એક સંગ્રહ છે આ ગ્રંથમાં સમ્યકત્વોત્પાદક આઠ કથાઓમાં આપવામાં આવી છે. આ કથાઓ અર્હદાસ શેઠ પોતાની આઠ પત્નીઓનં કહી સંભળાવે છે. જેનાથી તેને સમ્યકત્વ પ્રાપ્ત થાય છે અને પછી પત્નીઓ પોતાનો અનુભવ કહી સંભળાવે છે. આની સાથે સાથે અનેક અવાંતર કથાઓ પણ યથાસ્થાન આપવમાં આવી છે. બીજા શબ્દોમાં આ ગ્રંન્થ સંસ્કૃત 'સમ્યકત્વ-કૌમુદી'નો ગુજરાતી પદ્યાનુવાદ છે. આ ગુજરાતી ગ્રંથની રચનાકાર આર્યા રત્નમતિ છે.

આર્યા રત્નમતિએ આ રાસ ગુરુવર્યા આર્યા ચન્દ્રમતિની આજ્ઞા અને આર્યા વિમલમતીની પ્રેરણાથી રચ્યો હતો.

આ રચના વિક્રમની ૧૬મી શતાબ્દીના મધ્યકાલમાં કરવામાં આવી હોય એમ લાગે છે.

આ ગ્રન્થ એલક પન્નાલાલ દિગંબર જૈન સરસ્વતી ભવન ઝલરા-પાટણના શાસ્ત્ર ભંડારમાં સુરક્ષિત છે (બ્ર. પં. ચન્દનાબાઇ અભિનંદન ગ્રન્થ પૃ. ૪૮૦ થી ૪૮૨)

સોલમી સદીમાં જૈન સાધ્વીઓ તથા આર્યિકાઓને ભાષાનું સારૂ જ્ઞાન તથા અનેક ભાષાઓમાં ગ્રંથની રચના અને અનુવાદો પણ કરી લેતી હતી. એનું આ પ્રત્યક્ષ પ્રમાણ છે.

તે સમયે ભારત પર મુસલમાનોના હુમલાઓ થતા હતા. કેટલીયે રાજકન્યાઓને મુસલમાન વિજેતાઓ પકડીને દાસીઓ બનાવતા હતા. તે કારણે સતી-પ્રથાનો વધારે પ્રચાર થયો. એવા કઠિન સમયમાં પણ જૈન સાધ્વીઓ આચાર્યો તથા ધર્મનિષ્ઠ શ્રાવક-શ્રાવિકાઓના સંરક્ષણમાં રહીને પોતાનું ધર્મધ્યાન નિડરતાપૂર્વક કરતી રહી હતી.

## મોગલ કાળમાં સાધ્વીઓ અને શ્રાવિકાઓનું અસ્તિત્વ

મોગલ રાજયકાળમાં ઉત્તર ભારતમાં જૈન ધર્મના બે સંપ્રદાયોના સાધુવર્ગ પોતાના ધર્મને પ્રચાર કરતા જોવા મળે છે. બુદ્ધિસાગરજી તપાગચ્છ અને સાધુકીર્તિ ખરતર ગચ્છ સંપ્રદાયના હતા. બંને જૈન ધર્મના સિદ્ધાંતોની અકબર બાદશાહના દરબારમાં ચર્ચા કરતા હતા.

તેમની પછી હીરવિજયસૂરિ જેઓ અકબરના નિમંત્રણ પર ફતેહપુર સીક્રી આવ્યાહતા. તેમને જૈન ધર્મના અહિંસા, સત્ય, અસત્યે, અપરિગ્રહ અને બ્રહ્મચર્યના સિદ્ધાંતોથી જૈન ધર્મની મહત્તા પર પ્રકાશ નાંખીને અકબર બાદશાહને પ્રભાવિત કર્યા હતા.

## ચમ્પા શ્રાવિકાનું તપ

એક વખત રાજધાનીમાં એક બહુ જ મોટો વરઘોડો નીકળ્યો. દરબારીઓએ આ વરઘોડાની માહિતી મેળવી, તો જાણવા મળ્યું કે જૈન ધર્મનું પાલન કરનારી એક શ્રાવિકાએ છ મહિનાના ઉપવાસ કર્યા છે અને તેના તપનું બહુમાન કરવા માટે આ ઉત્સવ મનાવવામાં આવે છે. અકબર બાદશાહ પોતે આ ઉત્કૃષ્ટ તપથી બહુ જ પ્રભાવિત થયા. તેની સચ્ચાઇ પોતે જાતે જોવા માટે ચંપા શ્રાવિકાને તેમને પોતાના મહેલમાં રાખી જ્યાં તેને લાંબા સમય સુધી ઉપવાસ કરી અકબર બાદશાહને આશ્ચર્યચકિત કરી દીધા.

જેટલા દિવસ તેને વ્રત રાખ્યું અટેલા દિવસ બાદશાહે રાજમાં અમારિ (જીવહિંસા બંધ)નો હુકમ આપ્યો. અન્યધર્મોની સાથે સાથે અકબરે જૈન તીર્થં યાત્રાઓ પર લગાડવામાં આવતાં જજિયાવેરો પણ માફ કરી દીધો હતો.

ચંપા શ્રાવિકાની આ કથા પર્યુષણપર્વની પહેલાં આજે પણ વ્યાખ્યાનમાં વાંચવામાં આવે છે.

## તેરાપંથી સમ્પ્રદાયની સાધ્વીઓ અને વિદુષી મહિલાઓ.

આ સમ્પ્રદાયની શરૂઆત રાજસ્થાનમાં આચાર્ય ભિક્ષુએ કરી હતી. આ સંપ્રદાયમાં કેટલીયે સાધ્વીઓ પ્રસિદ્ધ થઇ છે.

## માતા દીપાબાઇ

તેઓ ઓસવાલ સમાજના શાહ બાલૂજીની ધર્મપરાયણા પત્ની હતી. બાલક ભીખણજી જ્યારે ગર્ભમાં હતા ત્યારે માતાએ સિંહનું સ્વપ્ન જોયું હતું. વિલક્ષણ બુદ્ધિવાળા આ બાળકે યુવાન વયમાં આવતા એના માતા પિતાએ એનો વિવાહ કરી નાંખ્યો. પરંતુ થોડાં વર્ષો બાદ પિતા અને પત્નીના દેહાન્ત થઇ ગયા. સંસારની આ ગતિને જોઇને ભીખણજીને વૈરાગ્ય ઉત્પન્ન થયો. અને માતાને બહુ સમજાવીને પોતે દીક્ષા ગ્રહણ કરી. માતા દીપાબાઇએ પોતાના વૈધવ્ય દુઃખથી દુઃખી થતાં પુત્રને કલ્યાણ માર્ગે વિદાય આપી. (તેરાપંથકા ઇતિહાસ ખંડ -૧ પૃ-૨૧-૨૪)

દીપાબાઇ આ મહાન ત્યાગે નારી જાતિનું મસ્તક ઉન્નત કર્યું તથા ભારતીય સંસ્કૃતિમાં ત્યાગ અને તપસ્યાની એક વધારે વિભૂતિનું આગમન થયું. તેમનો આ મહાન ત્યાગ હજારો મનુષ્યોના કલ્યાણનું નિમિત્ત બન્યો.

## અબ્બુજીનું વિશેષ પણ

આચાર્ય ભીખજીએ સર્વપ્રથમ અબ્બુજી તથા બીજી બે સાધ્વઓની દીક્ષા આપી. સાધ્વી નિયમો પ્રમાણે ત્રણથી ઓછી સાધ્વીઓને રહેવું તે નિયમની વિરુદ્ધ હતું, તેથી આચાર્યે ત્રણ સાધ્વઓને દીક્ષિત કરવાની વાતનું સ્પષ્ટીકરણ માંગ્યું. આ વાત પર નીડર સાધ્વીઓએ પ્રતિજ્ઞા કરી કે અમારા ત્રણમાંથી કદાચ કોઇ એક પણ સાધ્વી કાળધર્મ પામશે તો બીજી બે પણ સંથારા કરી પ્રાણનો ત્યાગ કરશે. આ રીતે ત્રણ સાધ્વીઓના અટલ સંકલપથી તેરાપંથી સંપ્રદાયની શરૂઆત થઇ.

વર્તમાન સાધ્વી સંસ્થામાં સૌથી અધિક વ્યવસ્થિત અને અનુશાસનનું પાલન કરનારી પાંચસો સાધ્વીઓ એક પ્રવર્તની કનક પ્રભાજીની આજ્ઞામાં રહે છે. આચાર્ય તુલસીનો આ સાધ્વીસંઘ જ્ઞાન, ધ્યાન અને બુદ્ધિમાં વર્તમાનની અન્ય સાધ્વી સંઘોમાં વિશિષ્ટ સ્થાન પર છે. કેટલીય વિદુષી સાધ્વીઓએ વિભિન્ન ગ્રંથોની રચના પણ કરી છે.

તેરાપંથ સમ્પ્રદાય આત્માનુ શાસનનું એક અલભ્ય ઉદાહરણ છે પ્રારંભથી આજ સુધી (સન્-૧૯૭૩) આ સમ્પ્રદાયમાં દીક્ષા લેવા વાળા ૬૬૮ સાધુ અને ૧૩૦૫ સાધ્વીઓ થઇ છે.

સરદાર સતીયાજીનું જીવન બહુજ ક્રાન્તિકારી હતું. તેમણે સાધ્વીજીવનમાં કેટલાક પરિવર્તનો કર્યા. આજે પણ ૫૦૦ વિદુષી સાધ્વીઓનો તેમનો સંઘ જ્યાં જ્યાં જાય છે ત્યાં પોતાને ત્યાગ,તપસ્યા સંયમ તથા વિલક્ષણ બુદ્ધિ વડે જનતાને પ્રભાવિત કરે છે. (તેરાપંથકા ઇતિહાસ ખંડ-૧ પૃ. ૬૭).

# સમકાલીન જૈન સાધ્વીઓ

## દિગમ્બર સમ્પ્રદાયની અર્વાચીન મહિલાઓ,

### આર્યિકા અભયમતી માતાજી

તેઓ આચાર્યધર્મસાગર મહારાજની શિષ્યા હતી. તેમનો જન્મ સન્ ૧૯૪૩માં થયો હતો. પિતાનું નામ છોટેલા હતું. સન્ ૧૯૩માં માતાજી જ્ઞાનમતીજીએ તેમના સંઘ વિહાર કરતો કરતો 'શ્રી મહાવીરજી' આવી પહોંચ્યો. મુનિધર્મસાગરજીએ પંચકલ્યાણક સંપૂર્ણ કરાવી તેમને આર્યિકા દીક્ષા પ્રદાન કરી. તેમને પોતાના વીસ વર્ષના દીક્ષિત જીવનમાં આચાર્યો દ્વારા રચિત કેટલાય ગ્રંન્થોનો પદ્યાનુવાદ કર્યો તથા સ્વયં નાની મોટી ૧૦ કૃતિઓ(પુસ્તકો)ની રચના કરી.

### આર્યિકા અન્નતમતિજી

આર્યિકા અનન્તમતિજીન પાર્થિવ શરીરનો જન્મ ૧૩મી મે ઇ. ૧૯૩૫માં થયો. તેમનો જન્મ સ્થાનકવાસી માન્યતામાં શ્રદ્ધા રાખનારા શ્રી મિટ્ઠનલાલજી અને શ્રીમતીપાર્વતીદેવીના ઘેર ગઢીગામમાંથયો. દિગમ્બર શ્રમણ પરંપરાથી પ્રભાવિત થઇને ઇલાયચીદેવએ આચાર્ય દેસભૂષણ પાસે અઢાર વર્ષની ઉમ્મરમાં આર્યિકા દીક્ષ લીધી અને આર્યિકા અન્નતમતિજી સંજ્ઞાથી વિભૂષિત થઇ.

### આર્યિકા આદિમતીજી

રાજસ્થાન ભરતપુર મણ્ડાન્તર્ગત કામા નિવાસી શ્રી સુન્દરલાલજી અને શ્રીમતી મોનીભાઇની પુત્રી મેનાબાઇનો વિવાહ મથુરા નિવાસી શ્રી કપૂરચન્દ્ર જૈનસાથે થયો. પરંતુ દુર્ભાગ્યે એમને એક વર્ષ પછી વૈધવ્ય આવ્યું.સંસારને અસાર જાણીને તેમણે વિ. સં. ૨૦૧૭માં કમ્પિલાજીની પાવન ધરા પર ક્ષુલ્લિકા દીક્ષા લીધી. તે ઉપરાંત વ્રતોનું પાલન કરતા કરતા ચારિત્રની અભિવૃદ્ધિ કરી જેના પરિણામે વિ. સં. ૨૦૨૧માં મુકતગિરિ પાવન ક્ષેત્ર પર આચાર્યશ્રી વિમલસાગર પાસે આર્યિકા વ્રત ગ્રહણ કરી આદિમતી નામથી પ્રખ્યાત થયા.

### આર્યિકા અરહમતીજી

વીરમગામના નિવાસી શ્રી ગુલાબચન્દ્રજી અને શ્રીમતી હરિણીબાઇની પુત્રી વીરબાલા કુન્દનબાઇનેવૈધવ્યજીવનમાં વિરકતભાવના જાગૃત થઇ, ફલસ્વરૂપ વિ. સં. ૨૦૨૦માં મુનિશ્રી સુપાર્શ્વસાગર પાસે ક્ષુલ્લિાકા દીક્ષા અને એક જ વર્ષ પછી વિ. સં. ૨૦૨૧માં આચાર્યશ્રી ૧૦૮ શીવસાગર મહારાજ પાસે શાન્તિવીર નગર મહાવીરજીક્ષેત્ર પર આર્યિકા દીક્ષા લઇને ચરમ લક્ષ્ય પ્રાપ્ત કરી લીધું. આચાર્ય પ્રદત્ત આર્યિકા દીક્ષા લઇ અરહમતીજી સંજ્ઞા પ્રાપ્ત કરી.

### ક્ષુલ્લિકા અરહમતજી માતાજી

''જેણે સંસારને અસાર જોયો તેને સાર પામી લીધો'' સંસારને અસાર સમજવાવાળી ક્ષુલ્લિકા અરહમતીનો જન્મ વીરમગામમાં થયો હતો. તેમનું બાળપણનું નામ કુન્દનમતી હતું. એમના પિતા ખંડેલવાલ જાતીના શ્રી કુન્દનલાલ જૈન છે. મુનિશ્રી ૧૦૮ સુપાર્શ્વસાગર મહારાજ પાસે રામપુરમાં દીક્ષા ગ્રહણ કરી હતી. સમ્પતિ ક્ષુલ્લિકા અરહમત લક્ષ્ય પ્રાપ્તિ કરવામાં લીન છે.

### આર્યિકા શ્રી ઇન્દુમતીજી

રાજસ્થાન પ્રાન્તમાં 'નાગોર' મંડલના ડેહ ગામના નિવાસી શ્રી ચરણમલજી પાટની ધર્મપત્નીએ વિ. સં. ૧૯૬૪માં એક નાની બાળકીને જન્મ આપ્યો. જેનું નામ મોહિનીબાઇ રાખવામાં આવ્યું. મોહિનબાઇનો વિવાહ બાર વર્ષની નાની વયામાં

શ્રી ચમ્પાલાલજી શેઠનીસાથે બારપોઇમાં થયો હતો. પરંતુ દુર્ભાગ્યે છ મહિના પછી તેમના પતિનો દેહાન્ત થઇ ગયો. પતિ વિયોગે મોહિનીના જીવનની દિશા બદલી નાંખી તે પ્રેયમાર્ગ છોડીને શ્રેયમાર્ગ પર તરફ ઉન્મુખ થઇ,જેનાથી તેને આચાર્યકલ્પ શ્રી ૧૦૮ ચન્દ્રસાગરજી મહારાજ પાસે સપ્તમ પ્રતિમાના વ્રત ગ્રહણ કર્યા. વિ. સં. ૨૦૦૦, આસો સુદી ૧૧ના દિવસે ક્ષુલ્લિકા દીક્ષાલીધી. મુનિશ્રીના સ્વર્ગારોહણ બાદ તેમને આચાર્યશ્રી વીરસાગર પાસે આર્યિકા દીક્ષા ગ્રહણ કરી ઇન્દુમતી રૂપ અભિધાન વડે અલંકૃત થયા.

## આર્યિકા કનકમતી માતાજી

ટીકમગઢના જનપદ બડાગામમાં દિ. ગોલાપૂર્વ જાતિના શ્રી હજારી લાલજી જૈન અને શ્રીમતી પરમાબાઇની બાલિકાનું નામ ચિંરોજાબાઇ હતું. ચિંરોજાબાઇના વિવાહ બાર વર્ષની નાની વયે થયા હતા. દુર્ભાગ્યે તે સોળ વર્ષની નાની વયમાં વિધવા થઇ ગયા. ત્યારબાદ આચાર્યશ્રી ૧૦૮ વિમલ સાગર મહારાજની સત્સંગતિથી વૈરાગ્ય પ્રવૃત્તિમાં જાગૃત આવી. અને શિવસાગર મહારાજ પાસે ક્ષુલ્લિકા દીક્ષા ગ્રહણ કરી. ત્યાર પછી વૈશાખ સુદી ૧૧ સં. ૨૦૦૯ના દિવસે શાન્તીવીર નગરમાં શ્રી મહાવીરજીની પરમ પાવન ધરા પર આચાર્ય ૧૦૮ શિવસાગર મહારાજ પાસે દીક્ષા ગ્રહણ કરી પોતાની જાતને ધન્ય કરી લીધી.

## આર્યિકા કલ્યાણ મતીજી

ઉત્તર પ્રદેશના મુઝફ્ફુરનગર નામના ગામના શ્રી સમયસિંહ અને શ્રીમતી સમુદ્રબાઇનીવિલાસમતી નામની પુત્રી હતી. વિલાસમતીનું શિક્ષણ સાધારણ હતું. અને વિવાહ પણ થયો હતો. આ. સન્ત ગણેશ પ્રસાદ વર્ણીની સંત્સંગતિને કારણે વિલાસમતીના હૃદયમાં વૈરાગ્યભાવ જાગૃત થયો અને સમ્મેતશિખર જેવા પરમપાવન સ્થળ પર સાતમી પ્રતિમાના વ્રત ગ્રહણ કર્યા. ત્યારબાદ તેમને આચાર્યશ્રી ૧૦૮ શીવસાગરની પાસે વિ. ૨૦૨૨ શાન્તિનગર મહાવીરજીમાંક્ષુલ્લિકા દીક્ષા લીધી અને કલ્યાણમતી સંજ્ઞાથી વિભૂષિતથઇ. પછી આચાર્યશ્રી શિવસાગર પાસે કોટાનગરમાં આર્યિકાના મહાવ્રત લીધા.

## ક્ષુલ્લિકા કમલશ્રી માતાજી

શાન્ત સ્વભાવ, ગુરુભકિત, ધર્મપ્રચાર અને આત્મ કલ્યાણની સાથે જન કલ્યાણ કરનારી કમલશ્રી માતાજીનું દીક્ષા પૂર્વેનું નામ પદ્માવતી હતું. પદ્માવતીનો જન્મ અક્ષયતૃતીયાના દિવસે ૧૯૧૫માં વસગડા જિલ્લામાં કોલ્હાપુરમાં (મહારાષ્ટ્રમાં) થયો હતો. તેમના પિતાનું નામ શ્રી તાસોબા સૌદે અને માતાનું નામ શ્રીમતી ગાન્ધારી હતું. પદ્માવતીનો વિવાહ શ્રી બાબૂરાવ કિણેની સાથે છ વર્ષની નાની ઉમ્મરમાં થઇ ગયો. ધર્મ પરાયણ હોવાથી આ વિશાલમતીની સત્પ્રેરણાથી ઇ. ૧૯૫૫માં આચાર્ય દેશભૂષણ મહારાજ પાસે ક્ષુલ્લિકા દીક્ષા લઇને કમલશ્રીજી અત્યારે સંપૂર્ણ ધર્મકાર્યમાં ડુબેલાં છે.

## ક્ષુલ્લિકા કીર્તિમતીજી

તેમનો જન્મ કુસુમ્બા જિલ્લામાં ધૂળિયા (મહારાષ્ટ્ર)માં થયો છે. પિતાનું નામ શ્રી હીરાલાલ વ્રજલાલ શાહ તથા માતાનું નામ શ્રીમતી ઝમકોરબાઇ છે. પંદર વર્ષની કુમળી વયમાં વિવાહ થયા અને બે બાળકો પણ થયા. પરંતુ સંસાર પ્રત્યે અનાસકિત હોવાને કારણે ચોવીસ વર્ષની વયમાં જ સાત પ્રતિમા વ્રત આચાર્ય દેશભૂષણ પાસે ગ્રહણ કર્યા. જ્યારે તે મહારાજશ્રીના સંઘમાં રહેતીહતી ત્યારે ફલટણમાં ક્ષુ. ચરિત્ર સાગર સાથે મેળાપ થયો. તેમની સાથે સમ્મેતશિખર પહોંચીને આચાર્ય વિમલસાગજી પાસે ફાગણ સુદ ૫. સં. ૨૦૩૩માં ક્ષુલ્લિકા દીક્ષા ગ્રહણ કરી. તેઓ શાંત સ્વભાવી સતત અધ્યયનશીલ છે.

## આર્યિકા ગુણમતી માતાજી.

અતિશય ક્ષેત્ર મહાવીરજીનું પાવન પરિસર પ્રત્યેક મનુષ્યની ભાવનાઓને વિશુદ્ધ કરવામાં પરમ સહાયક છે. આ પરિસરમાં શ્રી મુલચંદ્રજી અને શ્રીમતી બદામી બાઇને ત્યાં એક બાલિકાનો જન્મ થયો હતો. તેમને આ બાલિકાનું નામ અસર્ફીબાઇ રાખ્યું. કારણ કે તેનો જન્મ થતાં જ તેને અસર્ફી પ્રાપ્ત થઇ હતી. અસર્ફીબાઇનું લૌકિક શિક્ષણ ચાર ધોરણ સુધીનું હતું. પરંતુ ધાર્મિક

શિક્ષણ શાસ્ત્રી સુધીનું હતું. તેમનો વિવાહ શેઠ ભંવરલાલ સાથે થયો અને બે પુત્ર તથા એક પુત્રી થઇ હતી. ધાર્મિક સંસ્કાર અને અનેક મુનિઓ અને આર્યિકાઓના સંપર્કથી વૈરાગ્યના અંકુર ફૂટયા અને આચાર્યાશ્રી ૧૦૮ ધર્મસાગર પાસે દીક્ષા લઇને આર્યિકા ગુણમતી બન્યા. તેમને દેશ સંયમ તથા મહાવ્રત ગ્રહણ કરેલા છે.

## આર્યિકા ચન્દ્રમતી માતાજી

અનેક અરણ્ય, પર્વતો, નદીઓ અને પ્રાકૃતિક સુરમ્ય દ્રશ્યોથી મનોરમ ઉત્તર પ્રદેશના મૈનપુરી મંડલમાં બેલાગ ગામના નિવાસી શ્રી લાલરામજી અને શ્રીમતીકસ્તુરબાઇ નામના દંપત્તિ દ્વારા તેમનો જન્મ થયો તેમનો જન્મકાલ વિ. સં. ૧૯૮૨નો છે. તેમનુ બાળપણનું ચન્દ્રકલી છે. સંસારની અસારતા જોઇને સ્વયં વૈરાગ્ય ભાવનાથી પ્રેરાઇને આર્યિકા વિમલમતી અને આર્યિકા વિજયમતીની ઉપસ્થિતિમાં ગુરુવર્ય પાસે પોતાની ૩૦ વર્ષની નાનીવયમાં આર્થિકાગામની જિનદીક્ષા ગ્રહણ કરી હતી. વર્તમાનમાં જિનેન્દ્રમાર્ગ પ્રચાર-પ્રસાર કરતા આત્મસાધનામાં રત છે.

## આર્યિકા શ્રેષ્ઠ ચન્દ્રમતી માતાજી

મહારાષ્ટ્ર પ્રાન્તના પૂના જીલ્લામાં વાષ્ટે ગામમાં ચન્દ્રમતીનો જન્મ થયો હતો. ગૃહસ્થજીવનમાં તેમને કેસરબાઇ નામથી બોલવતાં હતાં. આચાર્ય શાન્તિસાગર મહારાજે કેસરબાઇને સત્પાત્ર સમજી દીક્ષા આપી. મહારાજશ્રીએ અનેક મહિલાઓએ અનેક પ્રકારે વિનંતિ કરવા છતાં દીક્ષા આપી ન હતી, પરંતુ કેસરબાઇને નમૂનો બનાવલા માટે દીક્ષા આપી હતી. આ વર્તમાન સમયમાં પ્રથમ આર્યિકા થઇ હતી. એમની પહેલાં ઉત્તર ભારતમાં આર્યિકા પદ પર કોઇ વિદ્યમાન ન હતું તેમણે ૫૦૦ વર્ષથી વિચ્છિન્ન શ્રમણી માર્ગને પુનઃ ગૌરવાન્વિત કર્યો.

## ક્ષુલ્લિકા ચન્દ્રમતીમાતાજી.

તેમનો જન્મ ૧૭મી એપ્રિલ ૧૯૪૪ના રોજ બેજાપુર મહારાષ્ટ્રમાં થયો હતો પિથા છગનવાલ અને માતા સૌ. સોનુબાઇ છે. તેમનું જન્મનામ કુ. ખીરનમાલા તથા વિદ્યાલયનું નામ શકુન્તલા છે. લૌકિક શિક્ષણમાં તેઓ બી.એ. ઓનર્સ તથા એચ. એમ. ડી. એસ. વૈદ્યકીય ઉપાધિ પ્રાપ્ત કરી છે. તેમનો વિલાહ ડૉ. ચન્દ્રકાન્ત ગુલાબચન્દ્ર દોશી (વર્તમાનમાં પૂજ્ય ૧૦૮ વીરસાગર મહારાજ)ની સાથે થયા હતા. તેમણે અનેક જૈન આધ્યાત્મિક ગ્રંથોનું સૂક્ષ્મ રીતે અધ્યયનકર્યું છે. સમ્પ્રતિ પ્રાણીઓને આત્મોન્નતિનો માર્ગ બતાવતી સાધના રત છે.

## ક્ષુલ્લિકા ચન્દ્રમતિજી

વયોવૃદ્ધા, શાન્ત અને સ્વાધ્યાયશીલા એવા ચન્દ્રમતિનો જન્મશ્રી સરદાર સિંહઅને શ્રીમતી ભૂરીબાઇને ત્યાં થયો હતો. ધર્મભાવનાના ફલસ્વરૂપે તેમને આચાર્યશ્રી મહાવીર કીર્તિ મહારાજ પાસે ક્ષુલ્લિકા વ્રત ગ્રહણ કર્યા છે. તેમની પ્રેરણાથી વાસુપૂજય ભગવાનના ગર્ભ, જન્મ, તપ, જ્ઞાનઅને નિર્વાણ સ્થાન પર ૭૦ ફૂટ ઊંચા માનસ સ્તંભ ૨૪ ટોંક, ભ.વાસુપૂજયની ૨૫ ફૂટ ઊંચી પ્રતિમા, સ્વાધ્યાય ભવન આદિ કાર્યો થઇ રહ્યાં છે.

## ક્ષુલ્લિકા ચેલનામતીજી

તેમનો જન્મ ૨૫મી જુલાઇ ૧૯૨૮ના દિવસે શ્રી પ્રકાશચન્દ્ર જૈનની ધર્મપત્ની શ્રીમતી ત્રિશલાવતીજીની કુખે થયો હતો. તેમનું જન્મસ્થાન હસનપુર ગઢમાં જિલ્લા મુઝફરનગર (ઉત્તર પ્રદેશ) છે તેમને આચાર્ય દેશભૂષણ મહારાજ પાસે બ્રહ્મચારિણી દીક્ષા અને શ્રી સમ્મેતશિખરજીની પાવનપુણ્ય ભૂમિ આચાર્યશ્રી ૧૦૮ વિમલસાગર મહારાજ પાસે ક્ષુલ્લિકા દીક્ષા ગ્રહણ કરી હતી. તેઓ કર્મદુઃખોના બંધનમાંથી મુકિત મેળવવામાં પ્રયત્નશીલ છે.

## આંર્યિકા શ્રી જિનમતીજી

'જો કલ્યાણની ઇચ્છા હોય તો વિષયોને વિષ સમાન સમજી ત્યાગી દેવા જોઇએ. ક્ષમા, સરળતા, દયા, પવિત્રથા અને સત્યનેઅમૃત સમાન સમજી ગ્રહણ કરવા જોઇએ''

આ તથ્યનો બોધ પ્રભાવતીને થયો. અને આર્યિકા જ્ઞાનમતીના સાન્નિધ્યમાં તે વ્રતીબની ગઇ. પ્રભાવતીના પિતા શ્રી ફુલચન્દ્ર જૈન અને માતા કસ્તૂરીદેવી હતા. પરંતુ બાળપણમાં જ માતાપિતાનું મૃત્યુ થયું. તેને લીધે તેમનો ઉછેર મોસાળમાં થયો. તેમનો જન્મ ફાગણ સુદ ૧૫ના દિવસે સં. ૧૯૯૦માં થયો મ્હસબડ નામના સ્થળે તેમનો જન્મ થયો હતો.

આર્યિકારત્ન શ્રી જ્ઞાનમતિના સત્સંગમાં પ્રભાવતીની વૈરાગ્યભાવના તીવ્ર થતી ગઇ. ફલસ્વરૂપ શ્રી ૧૦૮ આચાર્ય વીરસાગર મહારાજ પાસે વિ. સ. ૨૦૧૨માં માધારાજ ફુરામાં ક્ષુલ્લિકા દીક્ષા લીધી. શ્રાવકના વ્રતોનું પાલન કરતાં આર્યિકા જ્ઞાનમતીએ ન્યાય, વ્યાકરણ, અને સૈદ્ધાન્તિક ગ્રન્થોનું અધ્યયન કર્યું. પોતાની કુશાગ્ર બુદ્ધિને કારણે તે પરમ વિદુષી થઇ ગઇ. અને ગુરુવર્ય પાસેથી મળેલ જિનમતી નામ' સાર્થક કર્યું.

જ્ઞાન અને ચારિત્રની વધતી ધારાએ મહાવ્રત ધારણ કરવાની ક્ષમતા ઉત્પન્ન કરાવી દીધી. પરિણામ સ્વરૂપ કાર્તિક સુદ. ૪. વિ. સં. ૨૦૧૬ના દિવસે સીકર (રાજસ્થાન)માં ભવ્ય સમારોહમાં આચાર્યશ્રી શિવસાગર મહારાજે આર્યિકા દીક્ષા ગ્રહણ કરી.

સંસ્કૃત, પ્રકૃત, હિન્દુ ભાષાનુ સમગ્રતયા અધ્યયન હોવથી તેમને ન્યાય, વ્યાકરણ, કોશ અને સૈદ્ધાન્તિક ગ્રંથોનું પારાયણ કર્યું અને 'પ્રેમયકમલમાર્તણ્ડ' જેવ મહાન દાર્શનિક ગ્રન્થની હીન્દી ટીકા કરીને દાર્શનિક ક્ષેત્રમાં મહત્વનું પ્રદાન કર્યું છે.

## આર્યિકા શ્રી જિનમતીજી

તેમનો જન્મ પાડવા (સાગાવડા)માં વિ. સંવત. ૧૯૭૩માં થયો હતો. બાલ્યાવસ્થામાં તેમને મંકુબાઇ નામથી બોલાવલામા આવતા હતા. મંકુબાઇના પિતા નરસિંહપુરા જાતિના શ્રી ચંદુલાલ અને માતા શ્રીમતી દુરીબાઇ છે. મંકુબાઇના વિવાહ પારસોલામાં થયા હતા. પરંતુ છ મહિના બાદ તેઓ વિધવા થયા. વૈધવ્ય દશાએ એમના જીવનને નવો વળાંક આપ્યો. જેથી તેમને વર્ધમાનસાગર મહારાજ પાસે સાતમી પ્રતિના અને ૨૦૨૪માં ક્ષુલ્લિકા દીક્ષા ગ્રહણ કરી. સંયમોચિત વ્રત ઉપવાસ વગેરે નિયમોનું પાલન કરી ચારિત્રની શુદ્ધિ કરતા હતા. ફલસ્વરૂપ સમ્મેત શિખરન પરમપાવન સ્થલ પર આચાર્યશ્રી વિમલસગર પાસે અર્યિકાના ગહાવ્રતો લઇ જિનમતી રૂપ અભિધાન કર્યું. તેએ સંઘની તપસ્વીની આર્યિકા છે.

## ક્ષુલ્લિકા જયમતીજી

જયમતીજી ભારતીય નારીના સન્માનને પાત્ર છે તે છતાં તેમને પણ કયારેક અપમાનો સહન કરવાં પડયાં આ અપમાનિત જીવનને નિન્દ્ય માનીને શાન્તીદેવીએ ૧૭મી સપ્ટેમ્બર ૧૯૬૯માં ક્ષુલ્લિકા દીક્ષા ગ્રહણ કરી. શાન્તીદેવીના પિતાશ્રી પદમ ચન્દ જૈન અને માતા શ્રીમતી મેનદેવી જૈન મુજફરનગર (ઉ.પ્ર.)ના નિવાસી છે. તેમણે લૌકિક શિક્ષણ ઇન્ટરમિડિયેટ સુધી કર્યું. પરંતુ ધર્મિક 'ષટ્ખંડાગમ' વગેરે ગ્રન્થોના સ્વધ્યાય દ્વારા જ્ઞાનોપાર્જન કરવામાં લીન છે.

## ક્ષુલ્લિકા જયશ્રીજી

વિષય વાસનાઓ પ્રત્યે આસકિત અને ક્રોધના આવેશને વશમાં કરી લેવાથી આત્મબલ વધે છે અને સફળતાનું આજ રહસ્ય છે. વિષય વાસનાને અધીન ન થનારી માતુશ્રી જયશ્રીને જન્મ અકકલકોટ જિલ્લા સોલાપુર (મહારષ્ટ્ર)માં થયો હતો. તેમણે વિવાહ ન કર્યો અને વીસ વર્ષની ઉમ્મરે સ્વર્ગીય આચાર્ય પાયસાગર પાસે સાતમી પ્રતિમાના વ્રત લીધાં હતાં. આચાર્ય દેશભૂષણના સંઘમાં જોડાઇને 'આપ્તમીમાંસા', આપ્તપરીક્ષા, ન્યાયદીપિકા, અદિગ્રન્થોનું અધ્યયન કરી ઇ.સ. ૧૯૫૯માં શ્રવણને એમને ક્ષુલ્લિકા દીક્ષા ગ્રહણ કરી લીધી.

## આર્યિકા દયામતી માતાજી

સાગરનગરના સિંઘી ગોરેલાલ જૈનના સુખી સંપન્ન પરિવારમાં તેમને જન્મ થયો હતો. તેમનું બાલ્યાવસ્થાનું નામ નાનીબઇ છે. પ્રારંભિક કાળમાં સામાન્ય અધ્યયન કરી વૈવાહિક જીવન વ્યતીત કર્યું. પરંતુ ગૃહસ્થ જીવનમાં વજ્રપાત થયો. અને તેઓ વૈધવ્યજીવનમાં આવી ગયા. સમયની સાથે દુઃખ દૂર થયું. અને એક નવા જીવનની શરૂઆત થઇ. તેઓનો સમ્પર્ક કનકમતીજી

સાથે થયો. ત્યારબાદ તેમની પ્રેરણાથી આચાર્ય શિવ-સાગર મહારાજ પાસ દીક્ષા ગ્રહણ કરી. અને દયામતી રૂપ વર્ણોને અલંકૃત કરી મહાવ્રતી જીવન અપનાવ્યું. વર્તમાનમાં અચાર્ય ૧૦૮ અજિતસાગર મહારાજના સંઘમાં વિરાજમાન છે.

## ક્ષુલ્લિકા દયામતીજી

પ્રગ્રતિશીલ માનવના માર્ગમં આવનાર એક માત્ર બાધા ભય છે. આ ભયને લલિતપુર નિવાસી કાશીરામ જૈન અને શ્રીમતી કેશરબાઇની પુત્રી અને ભાગચન્દ્ર જૈનની પત્ની જમનાબાઇએ તિલાંજલી આપી. સિદ્ધક્ષેત્ર સોનગિરિના મનોરમ પ્રાંગણમાં આચાર્યશ્રી સુમતિસાગર મહારાજ પાસે ક્ષુલ્લિકા દીક્ષા ગ્રહણ કરી દયામતી સંજ્ઞા પ્રાપ્ત કરી. દયાવંત જીવન વીતાવતી કર્મના બંધોને જીર્ણ કરી રહી છે.

## મહાસાધ્વી આર્યિકા શ્રી ધર્મમતી માતાજી

સંયમ અને ચરિત્રથી અલંકૃત આચાર્ય ધર્મમતી માતજીનો જન્મ ઇ.સન્ ૧૮૭૮માં કુચામન નગરીની નજીક લૂણલા નામના ગામમાં શ્રી ચમ્પાલાલ જૈનને ત્યાં થયો હતો. તેમનો વિવાહ વર્ધાનિવાસી લખમીચંદ કાસલીવાલ સાથે થયો હતો. પરંતુ ચૌદ વર્ષની નાની વયમાં તેઓ વિધવા થયા. ઇ. સના. ૧૯૩૬માં શ્રી કુન્થલગિરિક્ષેત્રમાં પાવન સ્થલ પર ૧૦૮શ્રી જયકીર્તિ મહારજ પાસે તેમને શ્રેયસ્કારિણી દીક્ષા લઇને ધર્મમતી નામ પ્રપ્ત કર્યું.

## ક્ષુલ્લિકા ધર્મમતી માતાજી

વિચાર સ્વયં કાર્યમાં પરિણત થવા માટે માર્ગ શોધી લે છે. આ તથ્ય ક્ષુલ્લિકા ધર્મમતીની સાથે સંપૂર્ણપણે બંધ બેસે છે. તેઓ કોથલી નિવાસી શેઠ કાલીશાહ અને શ્રીમતી ઘંઘુબાઇની પુત્રી ઇન્દુમાંથી ક્ષુલ્લિકા ધર્મમતી બની. તેમને પોતાના વિચારને અનુરુપ ક્ષુલ્લિકાદીક્ષા મુનિવર ૧૦૮ શ્રી નિર્માણસાગર પાસે સોનાગિરિ પર પ્રાપ્ત કરી છે. સમ્પ્રતિ મોક્ષરૂપી કાર્યની સિદ્ધિ હેતુસર પ્રયત્નશીલ છે.

## આર્યિકા નંગમતીજી

સુધર્માબાઇનો જન્મ ઇ.સના. ૧૯૫૧માં ઇન્દોર નિવાસી શ્રી માણિકચન્દ્રજી કાસલીવાલની ગૃહિણી મણિકબાઇની કુખે થયો હતો. સમસ્ત પરિવાર ધાર્મિક સંસ્કારોથી સંસ્કારિત હોવાને લીધે સુધર્મામાં ધર્મ પ્રત્યે તીવ્ર અભિરૂચિ જાગૃત થઇ અને ૧૮ વર્ષની અવસ્થામાં શ્રી ૧૦૮ જ્ઞાનભૂષણ જાગૃત થઇ અને ૧૮ વર્ષની અવસ્થામાં શ્રી ૧૦૮ જ્ઞાનભૂષણ મહારાજ પાસે આજીવન બ્રહ્મચર્ય વ્રત લીધું હતું. ધીમે ધીમે અધ્યવસાયી સુધર્માએ 'જીવકાણ્ડ', 'કર્મકાણ્ડ' વગેરે ગ્રથોનું અધ્યયન કરીને પરીક્ષા ઉતીર્ણ કરી. શ્રાવણ સુધી પૂનમ (રક્ષાબંધન)ન શુભ દિવસે ચન્દ્રપ્રભુના પ્રાંગણવાળા સોનાગિરિ તીર્થક્ષેત્ર પર અચાર્યશ્રી વિમલસગરજી મહારાજ પાસે આર્યિકા દીક્ષા ગ્રહણ કરી, જીવનની પરીક્ષા ઉર્તિણ કરી.

## આર્યિકા નન્દામતીજી

સંસાર એક રંગમંચ છે જેમાં પ્રત્યેક પ્રાણીની દિશા બદલાતી રહે છે. સંસાર રૂપી મંચપર જયમાલાદેવીના જીવનમાં પણ અચાનક પરિવર્તન આવ્યું, તેમના પતિ આગરા નિવાસી શ્રી સુગન્ધીલાલ જૈનનું અવસાન થઇ ગયું.

જયમાલાના પિતશ્રી મુન્નીલાલ અને માતા શ્રીમતી કપૂરી દેવીને ઘેરો આઘાત પહોંચ્યો. શ્રી વિમલસાગર મહારાજ પાસે ઇ. સન્. ૧૯૬૯માં જયમાલા ક્ષુલ્લિકા વ્રત ગ્રહણ કરી લીધું. ત્યારબાદ કાર્તિક સુદિ બીજને મંગળલારે વિમલસાગર મહારાજ પાસે આર્યિકા દીક્ષા લઇ નન્દામતી સંજ્ઞા ગ્રહણ કરી.

## આર્યિકા નિર્મલમતી માતાજી

જયપુર મંડલના બેરાક ગામના નિવાસી શ્રી મહાદેવ સિંઘઇની ધર્મપત્ની ગોપલીબાઇએ માગસર વદી ૧૨ સંવત્ ૧૯૮૦ના દિવસે એક બાલિકાનો જન્મ થયો હતો. આ બાલિકનું નામ મનફૂલબાઇ રાખવામાં આવ્યું હતું. મનફૂલ બાઇનો વિવાહ ૧૩

વર્ષની કુમળી વયે થઇ ગયો હતો. અગિયાર મહિના પછી તે વિધવા થઇ ગઇ. આ શોકસાગરમા ડુબી જવાને કારણે સંસારથી વિરક્તિ ધારણ કરી, આચાર્ય ધર્મસાગર મહારાજ પાસે આર્યિકના મહાવ્રતોને અંગીકાર કર્યા. વર્તમાનમાં જિનધર્મની પ્રભાવના કરતા ભારતની ધરતી પર વિહાર કરી રહી છે.

## આર્યિકા નેમવતી માતાજી

નેમવતીનો જન્મ ફ્ફોતુ (ટૂંડલા) આગરા ૯ઉ.પ્ર.)ના શ્રી પ્યારેલાલ અને શ્રીમતી જ્પમાલા જૈન શ્રાવક યુગલથી મે ૧૯૩૦માં થયો હતો. તેમનું ગૃહસ્થાવસ્થનું નામ બિટ્ટુબાઇ હતું. ધર્મિક અધ્યયન કરતાં જીવન વ્યતીત કરી રહી હતી. અને ધીમે ધીમે સંસાર પ્રત્યે વૈરાગ્ય આવ્યો. ત્યારબાદ એપ્રિલ ઇ.સન્. ૧૯૭૫માં કલકત્તા શહેરમાં આચાર્યશ્રી ૧૦૮ સન્મતિસાગર મહારાજ પાસે આર્યકા દીક્ષા ગ્રહણ કરી. વર્તમાનમાં તપસ્વી જીવન વીતાવતા નિરંતર વ્રત ઉપવાસ તથા ધર્મસાધનામાં તલ્લીન છે

## આર્યિકા નેમીમતી માતાજી

જ્ઞાનાર્જનમાં ડુબેલ ભંવરકુમારીનો જન્મ વિ. સ. ૧૯૫૫ના શ્રાવણ વદ સાતમના દિવસે જયપુરમાં તયો હતો. તેમના પિતા રીખવચન્દ્ર બિન્દાયકયા અને માતા મેહતાબબાઇ હતા. તેમના પતિ લાલા ગણેશલાલ વિલાલા હતા. પતિપત્ની બંને જૈન સાધુઓની વૈયવચમાં કાર્યરત રહેતા હતા. પતિના વિયોગ થયા બાદ ભંવરકુમારીએ આચાર્ય શિવસાગર પાસે ક્ષુલ્લિકા અને વિ. સ. ૨૧૦૧૭માં સુજાનગઢનગરમાં આર્યિકાના મહાવ્રતો ગ્રહણ કર્યા.

## ક્ષુલ્લિકા નિર્મલમતીજી

બાળપણમાં વૈરાગ્યભાવ ધારણ કરનારી મુન્ની જૈનનો જન્મ કટની (મ.પ્ર.)માં થયો. તેમના પિતા શ્રી કપુરચન્દ્ર જૈન અને માતા ચૈનબાઇ છે. તેમને ૧૬ વર્ષની કુમળી વયમાં આચાર્ય સન્મતિસાગર મહારાજ પાસે વિ. સં. ૨૦૮૦૮માં અષાઢ વદ ૧૧ના દિવસે ક્ષુલ્લિકા દીક્ષા ગ્રહણ લીધી. અને નિર્મલમતીજી નામ મેળવ્યું. વૈરાગ્યમય જીવનની સાથે સાથે અત્યારે તેઓ સન્માર્ગ પર સ્થિર છે.

## ક્ષુલ્લિકા નિર્માણમતી માતાજી

મધ્ય પ્રદેશના પન્ના જિલ્લાની પાસે ખવરા નામના ગામમાં શ્રી હીરાલાલ અને કેસરબાઇ નામનું શ્રાવક -યુગલ ધર્મારાધના કરતા હતા. પરંતુ કૌટુંબિક પરિસ્થિતિને લીધે તેઓ જબલપુર નીવાસી થઇ ગયા હતા. આ શ્રાવક-યુગલે ત્રણ પુત્ર અને બે પુત્રીઓને જન્મ આપ્યો હતો. યુગલ પરિવારમાં રહેવા છતાં તેઓ ધર્મ ભાવનામાં તલ્લીન રહેતા હતા. સમય જતા શ્રી હીરાલાલજીએ ક્ષુલ્લક દીક્ષા તથા કેસરબાઇએ ક્ષુલ્લિકા દીક્ષા લીધી. આ દીક્ષા બંનેએ વિ. સં. ૨૦૩૬ના ફાગણ સુદ બીજના દિવસે આચાર્ય કલ્પ શ્રી સન્મતિસાગર મહારાજ પાસે સમ્મેતશિખર નામના તીર્થસ્થલના પાવન પરિક્ષેત્રમાં ગ્રહણ કરી.

## આર્યિકા પ્રજ્ઞામતી માતાજી

રાજસ્થાન પ્રાન્તના ઉદયપુર જિલ્લામાં કુણ્ડા નામના ગામમાં શ્રી રામચંદ્રજી અને એમની ધર્મપત્ની શ્રીમતી ફૂનગબાઇની પુત્રીનું નામ લલિતા હતું. અઢાર વર્ષની વયમાં તેમના પતિનું અવસાન થઇ ગયું. ત્યારથી લલિતા ધર્મારાધના પૂર્વક જીવન વીતાવતા હતા. સમય જતાં ઘાટૌલ પંચ કલ્યાણકના અવસર પર અક્ષયતૃતીયાના શુભદિવસે મહારાજશ્રી પાસે દીક્ષા ગ્રહણ કરી. તેઓ પ્રજ્ઞામતી નામ ધારી મહિલાઓને સંયમ, વ્રત - નિયમ, સ્ત્રીપર્યાય ઉચ્છેદ આદિ સૈદ્ધાન્તિક ઉપદેશ આપતા વિવિધ સ્થળે મુનિસંઘમાં વિહર કરી રહી છે.

## સ્વ. આર્યિક પાર્શ્વમતી માતાજી

જયપુરની સમીપે ખેડા ગામમાં શ્રી મોતીલાલજી અને શ્રીમતી જડાબાઇ રહેતા હતા. તેમની પુત્રીનું નામ ગેન્દાબાઇ હતું. ગેન્દાબાઇ ચોવીસ વર્ષની યુવાન વયે વિધવા થઇ ગઇ. આચાર્ય શ્રી શાન્તિસાગરના સંઘના દર્શનને કારણે તેમનામાં વૈરાગ્યવૃત્તિ

જાગી ઊઠી. અને તેમની પાસે સાતમી પ્રતિમાના વ્રત લીધા. ત્યાર પછી આચાર્યશ્રી વીરસાગર મહારાજ પાસે વિ. સં. ૧૯૯૭માં ક્ષુલ્લિકાના વ્રત ગ્રહણ કરી શ્રીમતી ગેન્દાબાઇ ક્ષુલ્લિકા પાર્શ્વમતી થઇ ગયા. ત્યારબાદમાં તેઓ સાધનામાં રત રહેવા લાગ્યા અને વિ. સં. ૨૦૪૨માં આચાર્યશ્રી વીરસાગર મહારાજ પાસે ઝાલાર પાટણમાં આર્યિકાના વ્રત ગ્રહણ કર્યા. દીક્ષા લીધા બાદ અનેક સ્થાનો પર ચાતુર્માસ કરી ધર્મપ્રભાવના કરી હતી.

## આર્યિકા પાર્શ્વમતી માતાજી

બિહાર પ્રાન્તની કેન્દ્રબિંદુ અરાનગરી શોભા પ્રતિષ્ઠાનોથી અલંકૃત છે. આ પ્રસિદ્ધ નગરીના નિવાસી શ્રી મહેન્દ્રકુમાર જૈન અને શ્રીમતી રાજદુલારી જૈનની સુપુત્રી વૃજમોહિનીબાઇએ આચાર્યશ્રી ૧૦૮ સુમતિસાગર મહારાજ પાસે શ્રાવણ સુદ નોમ સંવત ૨૦૩૦ના શુભદિને આર્યિકાના મહાવ્રતો ગ્રહણ કર્યા. આર્યિકાના રૂપમાં પાર્શ્વમતી મધ્યભારતમાં જિન પ્રભાવના કરી રહી છે.

## આર્યિકા પાર્શ્વમતી માતાજી

પાર્શ્વમાતીજીનો જન્મ માગસર વદ ૧૨ સંવત ૧૯૫૬ દિવસે અજમેર (રાજસ્થાન)માં થયો હતો. બાળપણમાં બારસીબઇ નામથી તેમને બધા બોલાવતાં હતાં. બારસીના પિતા સૌભાગ્યલાલ જૈન અને મા શ્રીમતી સુરજીબાઇ છે જેઓ ખંડેલવાલ જાતિના છે. તેમણે સ્વ. ગુરુવર્ય શ્રી ચન્દ્રસાગરજીમહારાજ પાસે બ્રમહ્મચારિણી, ક્ષુલ્લિકા, અને આર્યિકા દીક્ષાઓ ગ્રહણ કરી હતી. વર્તમનમાં શરીર ક્ષીણ થઇ જવા છતાં પણ તેઓ સતત સાધનારત છે.

## ક્ષુલ્લિકા પ્રવચનમતીજી

કર્ણાટક પ્રાન્તના બેલગામ જીલ્લામાં ગામ સદાલગામાં શ્રીમલ્લપ્પાજીની ધર્મપત્ની શ્રીમતી દેવીની કુખે શ્રાવણ સુદ ૧૫ (રક્ષાબંધન) વિ. સં. ૨૦૧૨માં તેમનો જન્મ થયો હતો. તેમના ગૃહસ્થ જીવનન માતાપિતા વર્તમાનમાં જેનેશ્વરી દીક્ષામાં છે. જેમના નામ આર્યિકા સમયમતી અને મુનિશ્રી ૧૦૮ મલ્લિસાગરજી છે. પરમપૂજ્ય આચાર્યશ્રી મહારાજ તેમના ગૃહસ્થ જીવનન ભાઇ છે. તેઓ ધર્મનિષ્ઠ પરિવારમાં જન્મ્યા અને સાતમી સુધી શિક્ષણ લીધું. વૈરાગ્ય ભાવના પ્રબળ હોવાને લીધે મહા સુદ ૫ ને વિ. સં. ૨૦૩૨ના દિને મુઝફ્ફરનગરમાં આચાર્ય ધર્મસગર પાસે આર્યિકા મહાવ્રત ગ્રહણ કર્યા. પરંતુ અશુભ કર્મોની પ્રબળતાને કારણે બહુ જ બીમાર રહેવા લાગી. ત્યારે ૧૦૮ મુનિશ્રી વિદ્યાનન્દે તેમને ક્ષુલ્લિકા વ્રત પાલન કરવાની આજ્ઞા આપી. ત્યારથી તેઓ ક્ષુલ્લિકારૂપમાં ધર્મારાધના કરી રહી છે.

## ક્ષુલ્લિકા પદ્મશ્રીજી

સ્વાધ્યાય જપ, તપ અને વૈયાવૃત્તિમાં જ જીવન વ્યતીત કરનાર ક્ષુલ્લિકા પદ્માશ્રીનું બાળપણનું નામ સીધારબાઇ હતું. સીધારબાઇના પિતાનું નામ પૂનમચંદ્ર અને માતાનું નામ રૂપીબાઇ હતું. તેમના વિવાહ શ્રી દીપચંદ્રજીની સાથે થયા અને એક પુત્રને જન્મ પણ આપ્યો. સંસારથી વિરકત થવાને કારણે બીજી પ્રતિમા મુનિશ્રી શાન્તિસાગર પાસે સાતમી પ્રતિમા આ. મહાવીર કીર્તિજી પાસે અને આચાર્ય વિમલસાગર પાસે ફાગણ સુદ ચૌદસના દિવસે શુભ મુહુર્તે પારસોલા (પ્રતાપગઢ) નામના પોતાના જન્મસ્થાનમાં ક્ષુલ્લિકા વ્રત લઇ પદ્મશ્રી સંજ્ઞા પ્રાપ્ત કરી છે.

## આર્યિકા બ્રહ્મમતીજી

સંયમના અભાવથી મનુષ્યનું જ્ઞાન અથવા ધન સંપત્તિ તેને માટે લાભપ્રદ નથી. એ વિચાર કરી શ્રાણી જિલ્લા ઉદયપુર (રાજસ્થાન) નિવાસી શ્રી હોમ જી અને શ્રીમતી ચંપાબાઇની સુપુત્રી શકકરબાઇએ આર્યિકા શાન્તિમતીના સદ્દુપદેશથી સંયમ લેવાનો નિયમ લીધો. શકકરબાઇના દોષી (દસા ઉમડડ) જાતિના શ્રી કુરીસનજીની સાથે વિવાહ થયા. સંયમ નિયમનાના ફલસ્વરુપે શ્રાવણની પૂર્ણિમા (રક્ષાબંધન) ૧૯૭૧ના શુભ દિવસે રાજગૃહી પાવન ક્ષેત્ર પર આચાર્ય વિમલસાગરના પાસે આર્યિકા દીક્ષા ગ્રહણ કરી. દેશ સંયમના પરિપાલન કરતી આ. બ્રહ્મમતીજી ધર્મ આરાધનામાં સમય વીતાવી રહી છે.

## આર્યિકા ભદ્રમતીજી

પુત્રીબાઈનો જન્મ કુંડલપુરની નજીક કુહનારી (દમોહ) મ.પ્ર.માં થયો હતો. વિવાહના એક વર્ષ પછી તરત જ તે વિધવા થઇ. તેના પિતાનું નામ શ્રી પરમલ જૈન અને માતાનું નામ હીરાબાઇ હતું. આર્યિકા વાસુમતીજીની સત્સંગતિથી અને જગતની અસારતાનું જ્ઞાન હોવાથી પુત્રીબઇની વૈરાગ્યભાવના જાગૃત થઇ. વિક્રમ સં. ૨૦૨૦માં ખુરઇના ભવ્ય સમારોહમાં આચાર્ય ધર્મસાગરજી પાસે ક્ષુલ્લિકાના વ્રત લીધા. ત્યારબાદ વિ. સં. ૨૦૨૩માં તે આચાર્યપ્રવર પાસે આર્યિકાના મહાવ્રત ગ્રહણ કર્યા અને ભદ્રમતી સંજ્ઞાથી વિભૂષિત થઇને ધર્મારાધનામાં જીવન વ્યતીત કરી રહ્યા છે.

## આ. યશોમતી માતાજી

તેઓ દિલ્લી પહાડી ધીરજ પર રહેનારી ધાર્મિક વિચારોવાળી મહિલા હતી. તેમનું ગૃહસ્થ નામ મીનાબાઇ હતું. વૃદ્ધાવસ્થામાં ડગલા આગળ વધવાં છતાં તેમને પોતાનું જીવન સાર્થક કર્યું. સન્ ૧૯૭૨માં પૂ. આર્યિક રત્નશ્રી જ્ઞાનમતી માતાજીની પ્રેરણાથી દિલ્લીમાં આચાર્ય દેશભૂષણ મહારાજ પાસે આર્યિકા દીક્ષા ગ્રહણ કરી. અને યશોમતી નામ પ્રાપ્ત થયું. તેઓ પોતના સંયમનું પાલન કરી, નિરંતિચાર પાલન કરીને ધર્મપ્રભાવના કરી રહી છે.

## આર્યિકા યશોમતી માતાજી

ભગવતા જિનેન્દ્ર દ્વારા પ્રતિપાદિત નિર્ગ્રંન્થ માર્ગ પર આરૂઢ પરમપૂજ્ય બાલબ્રહ્મચારિણી આર્યિકા યશોમતી માતાજીનું જન્મ સ્થાન ઉદયપુર (રાજસ્થાન) છે. તેમને આચાર્યશ્રી ૧૦૮ ધર્મસાગર મહારાજ પાસે આસો માસમાં સંવત ૨૦૩૫માં ઉદયપુર નગરના વિશાલ જનસમૂહની સમક્ષ આર્યિકા દીક્ષા ગ્રહણ કરી. વર્તમાનમાં સંયમનું પાલન કરતી ઉપાસના રત છે.

## આર્યિકા રત્નમતી માતજી

તેઓ આચાર્ય ધર્મસાગર મહારાજના દીક્ષાર્થી શિષ્યા હતા તે અત્યારે પૂ. આર્યિકા શ્રી જ્ઞાતમતી માતાજીના સંઘમાં રહે છે.

## આર્યિકા શ્રી રાજમતી માતાજી

મધ્યપ્રદેશના 'મુરૈના' જિલલામાં 'અમ્બા' નામના ગામમાં આર્યિકા શ્રી રાજમતી માતાજીના પાર્થિવ શરીરનો જન્મ થયો હતો. તેમના શરીરના વિકાસની સાથે સાથે ધર્મભાવનાનો વિકાસ પણ થયો. ધીરે ધીરે જેમ ધર્મભાવનાનું ચિંતન વધતું ગયું તેમ તેનું પરિણામ એ આવ્યું કે તેમને અચાર્યશ્રી ૧૦૮ સુમતિસાગર મહારાજ પાસે આર્યિકા મહવ્રતો ધારણ કર્યા અને પોતાની જાતને ધન્ય કરી. વર્તમનમાં તેઓ ધર્મભાવનામાં રત છે. કોટા (રાજસ્થાન)માં જૈન ઓષધાલાય, જૈન વિદ્યાલય, સાગરમાં (મ.પ્ર)માં વર્ણીભવન, વાકલ (મ.પ્ર.)માં પાઠશાલા અને પોણ્ડિચેરીમાં જિનાલય આદિ તેના ઉદાહરણો છે.

## ક્ષુલ્લિકા રાજમતી માતાજી

સાચો સાધક એ છે કે જે અનાસકત હોય, અનાસકત ભાવપ્રવણ ક્ષુ. રાજમતીજીનું બાળપણનું નામ પાર્વતી હતું. પાર્વતીનો જન્મ બૂચાખેડી નિવાસી શ્રી શીલચન્દ્ર જૈન અને શ્રીમતી અંગુરી દેવી જૈનને ત્યાં થયો હતો. સંસારથી વિરકત થઇને તેમને વૈશાખ સુદી બારસને બુધવારના શુભ દિવસે કોલ્હાપુરમાં કુલ્લિકા રાજમતી રૂપે ચારિત્ર ગ્રહણ કર્યું. તેમને ૧૫૦૦ ઉપવાસ કરેલા છે. દેવલપુરમાં દીક્ષા પહેલાં પોતાના દ્રવ્યથી તેમને વેદી પ્રતિષ્ઠા કરવી હતી. જેમાં આદિનાથ તથા મહાવીર સ્વામીની મનોરમ પ્રતિમાઓ છે.

## આર્યિકા વિજયમતીજી

વિવેકમાં અદ્દભુત શકિત હોય છે, તે અનુસાર મનુષ્યના મનોજગત પર વિચારોનો આર્વિભાવ થાય છે. આ વિવેકનો આશ્રય ને અહિલયાબાઇએ આચાર્યશ્રી ૧૦૮ નિર્મલસાગરના શિષ્ય મુનિશ્રી સન્મતિસાગરજીની પાસે કાર્તિક સુદ ૩ને વિ. સ.

૨૦૩૨માં કોટા (રાજસ્થાન)માં દીક્ષા લઇ આર્યિકા વિજયમતી નામ પ્રાપ્ત કર્યુ. અહિલ્યાબાઇનો જન્મ પિંડાવા (રાજસ્થાન)માં ઇ. ૧૯૨૮માં રાજમલ અને કસ્તૂરી દેવીના ઘેર થયો. તેમને સામાન્ય હિન્દી તથા રાજસ્થાનીનો બોધ છે. પરંતુ ચારિત્રની વિશુદ્ધિ દ્વારા વર્તમાન વિજયમતી રૂપને સાર્થક કરી રહી છે.

## આર્યિકા વિજયમતીજી

સરસ્વતીબાઇનો જન્મ વૈશાખ સુદ ૧૨ સંવત ૧૯૮૪મં ગામ કામ (જિલલા ભરતપુર - રાજસ્થાન) નિવાસી શ્રી સન્તોષીલાલ જૈનની ધર્મપત્ની શ્રીમતી ચિરોંજીબાઇની કુખે થયો હતો. તેમના વિવાહ શ્રી ભગવાનદાસ સાથે થયા હતા. પરંતુ દુર્ભાગ્યથી તેમને વૈધવ્ય પ્રાપ્ત થયું. વૈધવ્ય પ્રાપ્ત થયું તેથી પોતાના જ્ઞાન પ્રાપ્તિ કરવાના નિશ્ચયને સાકાર કરવાના હેતુથી આચાર્યશ્રી વિમલસાગર મહારાજ પાસે ૨૪મી માર્ચ ઇ.સ. ૧૯૬૪ના દિવસે આગરા નગરમાં ભવ્ય સમારોહમાં પોતે આર્યિકાના મહાવ્રત ગ્રહણ કર્યા.

આર્યિકા દીક્ષા બાદ તેમને શ્રી ૧૦૮ આચાર્ય મહાકીર્તિજી પાસે શિક્ષણ લીધું. પોતાના અભ્યાસ અને ગુરુવર્યના આશીર્વાદથી તેમને ગહન ચિંતન કર્યું. સમય જતાં તેમને ગ્રંન્થોની રચના કરી. તેમન ગ્રંન્થોના નામ (૧) આત્માનુભવ (૨) આત્માન્વેષણ નારી (૩) હીન્દી ટીકા ભગવતી આરધના બે ભાગ).

## આર્યિકા વિદ્યામતી માતાજી

જીવનના વિકાસનો માર્ગ શરૂઆતથી અંત સુધી મુશ્કેલીઓથી ભરેલો છે. તેના પર ચાલનારા યાત્રીઓ ત્યારે જ આગળ વધી શકે છે જ્યારે તેમનું હૃદય દ્રઢ હોય અને આકાંક્ષા વિનાનું હોય. આ સિદ્ધાન્તની અનુગામિની આ. વિદ્યામતીજી છે. એમનું જન્મ લક્ષ્મીબાઇ છે. જન્મસ્થાન ઉદયપુર અને માતા પિતાનું નામ શ્રી ઉદયલાલજી અને શ્રીમતી સુહાગદેવી છે. પતિનું નામ તારાચંદ્ર છે. લક્ષ્મીબાઇએ સંવત ૨૦૩૮માં સુરૈના નામના સ્થાનમાં ભવ્ય આંગણામાં આચાર્યશ્રી સુમતિસાગર મહારાજ પાસે દીક્ષા લઇને આર્યિકા વિદ્યામતી રૂપના ગૌરવને પ્રાપ્ત કર્યું.

## આર્યિકા વિદ્યામતીજી

શાન્તિબાઇનો જન્મ ફાગણ વદ ૧૩ વિ. સંવત ૧૯૯૨ના શુભ દિવસે ભાલગઢ (બિકાનેર) નિવાસી શ્રીં નેમિન્દ્ર વાકલીવાલના સુખ સમુદ્ધ સંપન્ન પરિવારમાં થયો. વૈશાખ વદ ૪- વિ. સં. ૨૦૦૫ના દિવસે શ્રી મૂલચન્દ્રજીની સાથે તેમના લગ્ન થયા. વૈશાખ સુદી ૬ વિ. સં. ૨૦૦૮ના દિવસે શાન્તિબાઇના પતિ મૂલચંદ્રજી કલકત્તાથી એકાએક કયાંક ચાલ્યા ગયા. દુઃખી શાન્તિની આંખો રાહ જોતી જોતી થાકી ગઇ. પરંતુ થેડા સમય પછી આચાર્ય શ્રી ૧૦૮ શિવસાગરજી મહારાજ પાસે સુજાનગઢમાં આર્યિકા દીક્ષા વિ. સં. ૨૦૧૭માં ગ્રહણ કરી. દીક્ષા બાદ આચાર્ય શ્રેષ્ઠે તેમને નવું નામ વિદ્યામતીજી આપ્યું. સાક્ષાત વિદ્યાનું રૂપ ધારણ કરી તેઓ જ્ઞાન ધ્યાનમાં તલ્લીન છે.

## આર્યિકા વિમલમતી માતાજી

તેમનું બાળપણનું નામ મથુરાબાઇ છો મથુરાબાઇ મધ્યપ્રદેશમાં શાહગઢની પાસે મુંગાવલી નગરનિવાસી પરમાર જાતિના શ્રી રામચન્દ્ર જૈનની છઠ્ઠી અને નાની પુત્રી છે. તત્કાલીન બાલવિવાહની પ્રથા અનુસાર બાર વર્ષની બાલિકા મથુરાબાઇના વિવાહ ભોપાલ નિવાસી શ્રી બાબુ હીરાલાલની સાથે કરવામાં આવ્યુ. પરંતુ દુર્ભાગ્યથી થોડાક સમય પછી શ્રી હીરાલાલનું અવસાન થઇ ગયું. સૌભાગ્યથી નાગૌરમાં મુનિશ્રી ચન્દ્રસાગરજી પધાર્યા. એમના વચનામૃતથી પ્રભાવિત થઇને તેમના પોતાની જીવનદ્રષ્ટિ બદલી અને ત્યાગમાર્ગમાં અવતરિત થઇ. મુનિશ્રી ચન્દ્રસાગર પાસે કારતક વદ ૫ના દિવસે વિ. સં. ૨૦૦૦ના દિવસે ક્ષુલ્લિકાના વ્રત લીધા. અને તેમનું નામ માનસ્તમ્ભિની' થયું. ત્યારબાદ તેમને શાસ્ત્રીય જ્ઞાન અને આત્મશુદ્ધિમાં પ્રગતિ કરી. જેનાથી પૂ. આચાર્યશ્રી વીરસાગરજી પાસે આર્યિકાના મહાવ્રત ગ્રહણ કરી નવીન 'વિમલમતી' નામને પ્રપ્ત કર્યું.

## આર્યિકા વીરમતીજી

ધાર્મિક નિયમાદિ પરિપાલન કરવામાં નિપુણ શ્રી દાદા ભગદુમ અને શ્રીમતી કૃષ્ણાબાઈની પુત્રી પદ્માવતીનો જન્મ નસલાપુર તાલુકા રાયબાગ જિલ્લા બેલગામ (કર્ણાટક)માં થયો હતો. તેમનો જન્મ ૧૯૨૫માં થયો હતો. બાલ્યાવસ્થામાંથી જ મુનિસેવા, જિનદર્શન અને ધાર્મિક કાર્યોમાં અભિરુચિ હોવાથી, પદ્માવતી બીજી મે ૧૯૭૬માં આર્યિકા સુવર્ણમતિ પાસે દીક્ષિત થઈને આર્યિકા વીરમતી થઈ ગઈ. વર્તમાનમાં આર્યિકા વૃત્તિનું આચરણ કરતા કરતાં સાધુ સંગતિમાં ગામોગામ ભ્રમણ કરી રહી છે.

## આર્યિકા વીરમતીજી

નશ્વર જીવનને સફળ બનાવવાનો એક માત્ર આધાર સંયમ છે. લોની (ઉત્તર પ્રદેશ) નિવાસી શ્રી બંસીલાલ અને શ્રીમતી સુન્દબાઈની પુત્રી જમનાબાઈએ આચાર્ય મહાવીર કીર્તિજી પાસે આર્યિકા દીક્ષા ગ્રહણ કરી. આ. વીરમતી નામ પ્રાપ્ત કર્યું. તેઓ વર્તમાનમાં યથાવિધિ સંયમનું પાલન કરી રહ્યા છે.

## આર્યિકા વીરમતી માતાજી

બ્ર. ચાંદબાઈએ પોતાના પતિશ્રી કપૂરભંસવાના વિયોગના દુ:ખને સહન કર્યું. સંસારના સ્વરુપનું ચિંતન કર્યું અને પોતાના વૈધવ્ય જીવનને શાન્તિ અને ધર્મના ચરણે સમર્પિત કરવાનો નિશ્ચય કર્યો. ચાંદબાઈના પિતા શ્રી જમનાલાલજી સોની અને માતા શ્રીમતી ગુલાબબાઈ હતા. લગભગ વિ. સં. ૧૯૮૮માં ચારિત્ર ચક્રવર્તી આચાર્યશ્રી શાન્તિ સાગરજી મહારાજના સાન્નિધ્યમાં ચારિત્રક વિશુદ્ધિ વધતી ગઈ. અને ચાંદબાઈએ એ પોષ વદી ૫ વિ. સં. ૧૯૯૫માં શુભ દિને ક્ષુલિલકા દીક્ષા આચર્યશ્રી વીરસગરજી પાસે સિદ્ધ વર કૂટના પરમ પાવન સ્થાન પર ગ્રહણ કરી અને વીરમતી બન્યા. સમય જતા મહારાજશ્રીએ કાર્તિક-સુદી ૧૧ના દિને સં. ૧૯૯૬માં ઇન્દોરના વિશાલ સમારોહમાં માતુશ્રીને આર્યિકાના ગૌરવથી ગૌરવાન્વિત કર્યા.

## આર્યિકા વીરમતી માતજી

આચાર્ય શિરોમણિ દેશભૂષણ મહારાજે અનેક નર નારીઓને સમ્યક્ મોક્ષમાર્ગનું અવલમ્બન કરાવ્યું છે. એમની શિષ્ય પરંપરાની એક કડી આર્યિકા વીરમતી માતાજી છે. એમનું ગૃહસ્થાવસ્તાનું નામ ઉમાદેવી છે. ઉમાદેવીના પિતા દેવપ્પા અને માતા ગંગાબાઈ હતા. એમના પતિ સખારામ પાટિલ ગામ માંગૂર જિલ્લા બેલગામ કર્ણાટકના રહેવાસી હતા.

સાંસારિક જીવનથી મુક્ત થવા માટે મુનિસંઘની સાથે વિહાર કરીને ઉમાદેવીએ આચાર્ય દેશભૂષણ પાસે મંગૂર (કર્ણાટક)માં આર્યિકા દીક્ષા ગ્રહણ કરીને વીરમતી નામ પ્રાપ્ત કર્યું અને જીવન સાર્થક કર્યું.

## આર્યિકા વિશુદ્ધમતી માતાજી

જબલપુરમાં રીઠી નામના ગામમાં શ્રીમાન્ સિંઘઈ લક્ષ્મણલાલ જૈન અને મધુરાબાઈએ વિ.સં. ૧૯૮૬માં એક સૌમ્ય બાલિકાને જન્મ આપ્યો. માતા-પિતાએ પોતાની બાલિકાનું નામ સુમિત્રાબાઈ રાખ્યું. પરમપૂજ્ય આચાર્ય ૧૦૮ શ્રી ધર્મસાગર મહારાજના સત્ ૧૯૬૨માં સાગર (મ.પ્ર) ચાતુર્માસમાં મહારાજશ્રી શાન્તતવૃત્તિ અને સંઘસ્થ ૧૦૮શ્રી સન્મતિ સાગરજી મહારાજના માર્મિક સંબોધનથી સુમિત્રાબાઈની વૈરાગ્યભાવના ઉતત્પ્ત થઈ ગઈ. થોડા સમય બાદ અધ્યાત્મવેત્તા દિગમ્બરાચાર્ય ૧૦૮શ્રી શિવસાગર મહારાજ પાસે સં. ૨૦૨૧ શ્રાવણ સુદ સાતમ દિવસે ૧૪મી ઓગસ્ટ ૧૯૬૪માં અતિશય ક્ષેત્ર પપૌરા (મ.પ્ર.)માં આર્યિકા દીક્ષા ગ્રહણ કરી. જેનાથી સુમિત્રાબાઈની વૈરાગ્યભાવના ફળવતી થઈ અને વિશુદ્ધમતીનું અભિધાન પ્રાપ્ત કરી પોતાનું જીવન ધન્ય કર્યું. આર્યિકા વિશુદ્ધમતીની મૌલિક કૃતિઓ ૧) શ્રુત નિકુંજન કેટલાક પ્રશ્નો ૨) ગુરુગૌરવ ૩) શ્રાવક સોપાન અને બાર ભાવના.

## આર્યિકા શાન્તમતી માતાજી

સદ્‌ગુરુ આચાર્યશ્રી ૧૦૮ વિમલસાગર મહારાજ પાસે કારતક સુદી બીજ સંવત ૨૦૨૯ (૨-૧૧-૧૯૭૨) ના શુભ દિને સમ્મેતશિખરજીની પરમ પાવન ધરતી પર શાન્તમતી માતાજીએ આર્યિકાના મહાવ્રતોને ગ્રહણ કર્યા અને માનવ જન્મનો યથાર્થ ઉપયોગ કર્યો. એમનો જન્મ કોલ્હાપુર ગામ-કબલાપુર જિલ્લા સાંગલી (મહારાષ્ટ્ર)માં થયો હતો. તેઓ વ્રત, ઉપવાસ વગેરે નિયમપૂર્વક આત્મશુદ્ધિ કરવામાં લીન છે.

## આર્યિકા શીતલમતીજી

ધર્મ પર કોઈપણ પ્રકારનો પ્રતિબંધ નથી હોતો, પ્રત્યેક સ્થિતિ અને પ્રત્યેક સમયમાં તેને અપનાવી શકાય છે. તેમાં બાલક અને વૃદ્ધ વચ્ચે અંતર નથી હોતું. આર્યિકા શીતલમતીજીએ બાળપણથી જ ધર્મનો આશ્રય લીધો હતો. તેઓ બાલબ્રહ્મચારિણી છે. તેમનો જન્મ ગામ સિરસાપુર – જિલ્લો પરભણી (મહારાષ્ટ્ર)માં થયો હતો. તેમના દીક્ષા ગુરુ અચાર્ય મહાવીરકીર્તિ મહારાજ છે. તેમની આર્યિકા દીક્ષા નાસિક મહારાષ્ટ્રમાં શ્રાવણ સુદ છઠ – સંવત ૨૦૧૫માં થઈ હતી. ત્યારથી તેઓ પંચમ ગુણસ્થાનવર્તી આચરણનું યથાવિધિ પાલન કરી રહ્યા છે.

## આર્યિકા શાન્તિમતી માતાજી

સાધનારુપી રાજમાર્ગ પર ચાલવા માટે આચાર અને વિચાર બંને સબળ છે અને પાથેય છે. આ વાતને સમજીને શ્રી અંબાલાલજી બડજાવ્યા (ખંડેલવાલ) અને કુંદી દેવીના પુત્રી ગુલબબાઈએ સાધનારૂપી સન્માર્ગ પર ગમન કરવાના હેતુથી આચાર્યશ્રી ૧૦૮ સન્મતિસાગર મહારાજ પાસે આર્યિકા રુપ આચારને ગ્રહણ કર્યા. શાન્તિમતી નામ પ્રાપ્ત કરીને શાંતિની શોધમાં ડુબી ગઈ. તેમનો જન્મ અમેરપુર (જયપુર) વિ. સં. ૧૯૬૭માં અને આર્યિકા દીક્ષા માગશર વદ છઠ સં. ૨૦૨૮માં થઈ હતી. વ્રત, ઉપવાસ, સ્વાધ્યાય પૂર્ણ જીવનથી કાલ વીતાવી રહ્યા છે.

## આર્યિકા શાન્તિમતી માતાજી

શરીર ધર્મસાધના કરવા માટે મુખ્ય સાધન છે. આ સાધન વિના સાધના સંભવ નથી. શરીર યંત્રરૂપી સાધન દ્વારા લખુ આ નિવાસી શ્રી નથૂરામ અને શ્રીમતી ફૂલાબાઈની પુત્રી કલાવતીએ ધર્મ સાધના કરી, સિદ્ધિ પ્રાપ્ત કરવાનો નિશ્ચય કર્યો સાધારણ હિન્દીનું જ્ઞાન હોવાથી કલ્યાણ માર્ગની શોધ કરી. આચાર્ય સુમતિસાગર મહારાજ પાસે ક્ષુલ્લિકા અને આચાર્યશ્રી કુન્થુસાગર મહારાજ પાસે પોરસાસ્થાનમાં આર્યિકા દીક્ષા ગ્રહણ કરી પોતાની જાતને ઉચ્ચ આદર્શોની શોધમાં કાર્યરત કરી.

## આર્યિકા શીતલમતી માતાજી

માતાજીનો જન્મ સં. ૧૯૯૫માં ગામડી (રાજસ્થાન)ના નિવાસી શ્રી નિહાલચન્દ્રજી અને શ્રીમતી જનકૂબાઈ જૈન તે ત્યાં થયો. બાળપણમાં એમનું નામ બ્ર. ગેન્દીબાઈ હતું. તેમણે સ્ત્રી પર્યાય નાશના હેતુ માટે માહ સુદ ૫ સંવત ૨૦૧૯માં ક્ષુલ્લિકા અને માગસર વદ ૧૦ સંવત ૨૦૨૩માં શુભદિને રેનવાલ નગરમાં આચાર્ય કલ્પ શ્રી ૧૦૮ શ્રુતસાગર મહારાજ પાસે આર્યિકા દીક્ષા ગ્રહણ કરી. વર્તમાનમાં નિર્વિઘ્ન રીતે આર્યિકાના મહાવ્રતોનું પાલન કરી રહ્યાં છે.

## ક્ષુલ્લિકા શીતલમતીજી

સંસારના ભયાનક દુઃખોના નાશનો મૂળભૂત માર્ગ ધર્મ છે. તે માટે સંસારના દુઃખોથી બચવા માટે ઈન્દોર નિવાસી ચોથમલ અને કેશરબાઈની પુત્રીએ વિ. સં. ૨૦૨૬માં જયપુરના જનસમૂહની વચ્ચે આચાર્યશ્રી દેશભૂષણ મહારાજ પાસે સદ્‌ધર્મમાર્ગ ભૂત ક્ષુલ્લિકા દીક્ષ ગ્રહણ કરી, અને સાથે શીતલમતી નામ કરી શ્રાવકના વ્રતોનું યથાવિધિ પાલન રહી છે.

## ક્ષુલ્લિકા શુદ્ધમતી માતાજી

બુંદેલખંડની શોભા ગ્વાલિયર નગરી દુર્ગ, ઉદ્યાન, અને જિનાલયોથી મંડિત છે. આ નગરીમાં જ્ઞાનમતીનો જન્મ થયો

હતો. તેમના પિતાનું નામ ઉદયરાજ જૈન અને માતાનું નામ પ્યારીબાઇ જૈન છે. સમય જતાં જ્ઞાનમતીએ આચાર્યશ્રી ૧૦૮ સુમતિસાગર મહારાજ પાસે ક્ષુલ્લિકા દીક્ષા લીધી અને શુદ્ધમતી નામ અલંકૃત કર્યું. વર્તમાનમાં તેઓ વ્રત, ઉપવાસ વગેરે નિયમોનું પરિપાલન કરતા આત્મશોધ કરી રહ્યા છે.

## આર્યિકા શુભમતીજી

'હે, માનવ સંયમ વિના તારું જીવન સાર્થક નહિ થાય, વિષય વાસનામાં ડૂબેલો રહીશ તો તું દુર્ગતિનું દુઃખ ભોગવીશ''

આ પંકિતઓના ભાવની ઝલક કુમરી વિમલાના મન પર પડી અને તે આર્યિકા જ્ઞાનમતી, આ સંભવમતી, આ જિનમતીના સંપર્કમાં પહોંચી સબોધ બાલિકા વિમલાનો જન્મ વૈશાખ સુદ ૩- સં. ૨૦૦૪ના શુભદિને ખુરઇ (સાગર) મ. પ્ર. માં થયો હતો. એમના પિતાશ્રી ગુલાબચંદ્ર જૈન અને માતા શાન્તિદેવી હતા.

સામાન્ય જ્ઞાન સંપન્ન કુ. વિમલાએ આર્યિકા જ્ઞાનમતી પાસે અનેક સંસ્કૃત ગ્રંથોનું અધ્યયન કર્યું. ત્યારબાદ આર્યિકા જિનમતીના સાન્નિધ્યમાં અધ્યયનન રત રહી. જેના ફલસ્વરૂપે માગસર વદ ૩ વિ. સં. ૨૦૨૮માં શુભ દિવસે અજમેર (રાજસ્થાન)માં આચાર્યશ્રી ૧૦૮ ધર્મસાગર મહારાજ પાસે આર્યિકાના મહવ્રતો ગ્રહણ કર્યા. જિનમતીના અનેક ગ્રંથોનું અધ્યયન અને મનન કરતી વ્રત જીવન વીતાવી રહ્યા છે.

## ક્ષુલ્લિકા શ્રીમતીજી

શાન્ત, ભદ્રપરિણામ ગામી, અધ્યયનશીલ શ્રીમતીજીનો જન્મ રૂડકી (કોલ્હાપુર)મં થયો હતો ગૃહસ્થાવસ્થાનું એમનું નામ માલતીબાઇ છે. તેમના પિતાશ્રી નેમિચન્દ્ર અને માતા સોનીબાઇ છે. તેમના વિવાહ છીરી શિરદહી (બેલગામ) નિવાસી શ્રી પારિખા આદિનાથ ઉપાધ્યાય સાથે થયા હતા. પરંતુ ૧૦ વર્ષ બાદ વૈધવ્ય આવ્યું અને પુત્રી પણ મૃત્યુ પામી. પતિ અને પુત્રીના વિયોગથી સંસાર પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેથી ચૈત્ર સુદ ૪ વિ. સંવત ૨૦૨૯ (૧૮/૩/૧૯૭૨)ના શુભ દિવસે રાજગૃહ ક્ષેત્ર પર આ. વિમલ સાગર મહારાજ પાસે ક્ષુલ્લિકા દીક્ષા ગ્રહણ કરી.

## આર્યિક શ્રુતમતીજી

જેના હૃદયમાં ધર્મનું સાચું રૂપ હોય છે તે ઉદાર હૃદયવાળા માનવો સંસાર પ્રત્યે વિરકિતભાવ રાખે છે ધર્મહૃદય સુશીલાબાઇ પણ સંસારથી વિરકત હતી. તેમનો જન્મ ૧૫ની ઑગસ્ટ ઈ.સ. ૧૯૪૭માં થયો હતો, કલકત્તા નિવસી શ્રી ફાગૂલાલ જૈન અને શ્રી બસંતીબાઇ તેમના માતા-પિતા હતા. આર્યિકા રત્ન જ્ઞાનમતીના સંપર્કથી વૈરાગ્યની ભાવના જાગી. તેમના સાન્નિધ્યમાં અધ્યયન કરતી રહી. અને સમય આવતા માગશર વદ ૧૦ વિ. સ. ૨૦૩૧ના રોજ આચાર્યશ્રી ધર્મસાગર પાસે આર્યિકકાના મહાવ્રત ગ્રહણ કરી પોતાની જાતને કૃતકૃત્ય કરી.

## આર્યિકા શ્રેયાંસમતી માતાજી

મનુષ્ય એ હંમેશા યાદ રાખવું જોઇએ કે શરીર અને મનની અપાર શકિત જીવનના ઉચ્ચ આદર્શોની સિદ્ધિ માટે પ્રાપ્ત થયેલી છે. આ વિવેકનો અશ્રય લઇને પૂના (મહારાષ્ટ્ર) નિવાસી દુલીચન્દ્ર અને શ્રીમતી સુંદરબાઇની સુપુત્રી લીલાવતી એ આચાર્ય શ્રી શિવસાગર મહારાજ પાસે આર્યિકા મહાવ્રત ગ્રહણ કર્યા. લીલાવતીના વિવાહ શ્રી મૂલચન્દ્ર પહાડેની સાથે થયા હતા. તેઓ આગળ જતાં મુનિ શ્રેયાંસાગરજી થયા. લીલાવતીનો જન્મ ૧૦મી ઑગસ્ટ ૧૯૨૫માં થયો હતો. તેઓ ખંડેલવાલ જાતિના છે. દીક્ષા લીધા બાદ શ્રેયાંસમતી નામ ધારણ કરી, મહાવ્રતોનું પાલન કરી શ્રેયમાર્ગ પર આરુઢ છે.

## આર્યિકા શ્રેષ્ઠમતીજી

માનવ જ્યાં સુધી વિષયભોગોમાં આસકત રહે છે ત્યાં સુધી સ્વયંને સમજવામાં મુશ્કેલી અનુભવે છે. આત્મ સ્વરુપને જાણવા માટે તત્પર એવા શ્રીમતી રતનાબાઇએ વિષયભોગોનો ત્યાગ કર્યો. તેમનો જન્મ ફતેહપુર (સીકરી) રાજસ્થાન નિવાસી શ્રી વાસુદેવજી અને શ્રીમતી ઈન્દ્રાદેવીના પરિવારમાં થયો હતો. પરિવારમાં બે ભાઇ અને બે બેનો છે. તેમના વિવાહ શ્રી નેમિચન્દ્ર

જૈન સાથે થયા. તેમના નગરમાં જ્યારે શિવસાગર મહારાજનો સંઘ પહોંચ્યો ત્યારે એમની વૈરાગ્યવૃત્તિ જાગૃત થઇ ઊઠી. વિ. સં. ૨૦૧૯માં ૧૦૮ આચાર્ય શિવસાગર મહારાજ પાસે ક્ષુલ્લિકા દીક્ષા ગ્રહણ કરી. અને આર્યિકા જ્ઞાન મતીના સાન્નિધ્યમાં જ્ઞાન વધારતી રહી. ત્યારબાદ આર્યિકા દીક્ષ ગ્રહણ કરી શ્રેષ્ઠમતી નામ ધારણ કર્યું અને ચારિત્રમાં શ્રેષ્ઠ કાર્ય કરી રહી. તેઓ ચારિત્ર શુદ્ધિ, વ્રત ઉપવાસ કરે છે અને બાહ્ય જગતથી સંપૂર્ણ અનાસકત રહે છે.

## આર્યિકા સંયમમતીજી

તેઓ દિલ્હીમાં પહડી ધીરજનની વતની છે. ગૃહસ્થાવસ્થામાં એમનું નામ મનભરી હતું. સન્. ૧૯૭૨માં પૂ. આર્યિકારત્ન શ્રી જ્ઞાનમતી માતાજીની પ્રેરણાથી દિલ્હીમાં આચાર્ય દેશભૂષણ મહારાજ પાસે ક્ષુલ્લિકા દીક્ષા ધારણ કરી મનોવતી નામ પ્રાપ્ત કર્યું. અને સના ૧૯૭૪માં નિર્વાણોત્સવ સમયે આચાર્ય ધર્મસાગરના કરકમલો દ્વારા દિલહીમાં આર્યિકા દીક્ષા ધારણ કરી સંયમની સંજ્ઞા પ્રાપ્ત કરી. વર્તમાનમાં ધર્મ સાધના કરી ધર્મની પ્રભાવના કરી રહ્યાં છે.

## ક્ષુલ્લિકા સંયમમતીજી

૧૦૫ ક્ષુલ્લિકા સંયમમતીજીને જન્મનામ સીતાબાઇ હતું. તેમનો જન્મ વિ. સં. ૧૯૮૭માં નિવારી (ભિણ્ડ) મ. પ્રમાં થયો હતો. તેમના પિતા શ્રી સનોખલાલજી અને માતશ્રી લઠેતાબાઇ હતી. તેઓ ગોલાલારીય જાતિના છે. તેમનું લૌકિક શિક્ષણ સાધારણ છે. સંવત ૨૦૦૦માં તેમના લગ્ન થયા. તેઓ ગોલાલારીય જાતિના છે. તેમનું લૌકિક શિક્ષણ સાધારણ છે. સંવત ૨૦૦૦માં તેમના લગ્ન થયા. તેઓ સુખમાં જીવન વીતાવી રહ્યા હતા. પરંતુ તેમનામાં વૈરાગ્ય ભાવના જાગૃત થઇ. અને આ વૈરાગ્યભાવના આચાર્ય વિમલસાગરજીના સાન્નિધ્યમાં વધી. વિ. સંવત્ ૨૦૨૬માં સુજાગનઢમાં ક્ષુલ્લિકા વ્રત ગ્રહણ કર્યા. તેઓ નવકાર મંત્રમાં ખુબ શ્રદ્ધા રાખે છે.

## ક્ષુલ્લિકા સગુણમતીજી

તેમનું જન્મનું નામ વસન્તીબાઇ અને જન્મસ્થાન હાલનૂલ (રાજસ્થાન) છે. તેઓ ખડેલવાલ જૈન જાતિના શ્રી ગુલાબચંદ્રજી અને શ્રીમતી આસરાબાઇની સુપુત્રી છે તેમની ક્ષુલ્લિકા દીક્ષા શ્રાવણ સુદી નોમ. વિ. સંવત્ ૨૦૨૮ના શુભ દિવસે થઇ હતી. વર્તમાનમાં ફલપણ, ગજપન્તા, નાંદગાંવ વગેરેમાં ભ્રમણ કરતાં વ્રતેનું પાલન કરી રહ્યાં છે.

## આર્યિકા સન્મતિમાતાજી

તેમને જન્મ ચૈત્ર સુદ નોમ વિ. સં. ૧૯૭૫ના શુભદિને બનગોઠડી જિલ્લામાં સીકર (રાજસ્થાન) નિવાસી શ્રી ભૂરામલજી કસલીવાલની ધર્મપત્ની શ્રીમતી સૂરજબાઇની કૂખે થયો હતો. તેમનું બાળપણનું નામ કમલાબાઇ હતું. કમલાબાઇનો વિવાહ ભદાલ (રાજસ્થાન) નિવાસી શ્રી કસ્તૂરચન્દ્રજી કાલા સાથે થયો હતો. તેમને એક પુત્રીને જન્મ આપ્યો હતો.

સમય જતાં સંસારની અસારતા જાણીને પોતાના સંકલ્પ અનુસાર તેમને આચાર્યશ્રી શિવસાગર મહારાજ પાસે કાર્તિક સુદ દસમ સં. ૨૦૨૨ના શુભ દિવસે મહાવીરજી પર ક્ષુલ્લિકા અને કોટ નગરમાં ભાદરવા વદ બીજ સંવત ૨૦૨૩ના દિવસે આર્યિકા દીક્ષા ગ્રહણ કરી હતી. આર્યિકાના વ્રતોનું પાલન કરતા વર્તમાનમાં તેઓ સન્મતિ નામને યથાર્થ કરી રહ્યાં છે.

## આર્યિકા સમયમતી માતાજી

શ્રી મલ્લપાજીની ધર્મપત્ની શ્રીમતીજીનો જન્મ બેલગામ જિલ્લાના અકોલામાં માતેશ્વરી બહિનાબાઇને કૂખે થયો હતો. તેમનું લૌકિક શિક્ષણ માત્ર ચાર ધોરણ સુધીનું જ છે. શ્રીમતીજીએ સુખ સમૃદ્ધિ પૂર્ણ પરિવારમાં રહેતા ચાર પુત્રો અને બે પુત્રીઓને જન્મ આપ્યો. આ પુત્રપુત્રીઓને સંસ્કારો આપ્યા. મોટા પુત્ર સિવાય બાકીના બધાંજ મોક્ષમાર્ગમાં રત છે. આચાર્ય પ્રવર વિદ્યાસાગર તેમણે દેણ છે અને નાની પુત્રી પ્રવચનમતી પણ તેમની દેણ છે.

શ્રી મલ્લયાજીની સાથે તેમને પણ દીક્ષા ગ્રહણ કરી અને પોતાના પુત્ર પુત્રીઓને પણ દીક્ષિત કર્યા. તેઓ સર્વની દીક્ષા વિશાલ સમુદાયની વચ્ચે મુજફ્ફરનગર (ઉ.પ.)માં આચાર્યશ્રી ધર્મસાગરજી દ્વારા થઇ. દીક્ષા બાદ શ્રીમતી સમયમતી આર્યિકા બની. વર્તમાનમાં ધર્મારાધના પૂર્વક સર્વત્ર ભ્રમણ કરતાં જિન ધર્મની પ્રભાવના કરી રહ્યાં છે.

## આર્યિકા સરલમતી માતજી

તીકમગઢ (મ.પ્ર.)ના નિવાસી શ્રી ચુનીલાલ જૈનની ધર્મપત્ની સગુનબાઇ જૈન શ્રાવણ સુદ ૧૩નાવિ. સં. ૧૯૮૦ના રોજ એક નાની બાળકીને જન્મ આપ્યો. આ નાની બાળકીનું નામ માતા-પિતાએ સુમિત્રાબાઇ રાખ્યું. સુમિત્રાબાઇનું સામાન્ય શિક્ષણ તીકમગઢમાં થયું. ધીમે ધીમે જીવનપથપર આરુઢ સુમિત્રાબાઇએ પોતાનો ગૃહસ્થાશ્રમનો સમય વીતાવ્યો.

સમયમાં પરિવર્તન આવ્યું સુમિત્રાબાઇની વૈરાગ્ય ભાવના જાગૃત થઇ. જેના પરિણામ સ્વરૂપે આચાર્યકલ્પશ્રી શ્રુતસાગર મહારાજ પાસે તેમને વૈશાખ સુદ ૧૦ સંવત ૨૦૨૬ના રોજ ઉદયપુર નામના રાજસ્થાનના શોભાસ્થળ પર આર્યિકા દીક્ષા ગ્રહણ કરી. અને પોતે જિનમાર્ગ પર આરુઢ થયા. વર્તમાનમાં તેઓ આર્યિકાપદને અલંકૃત કરી આત્મકલ્યાણમાં રત છે.

## આર્યિકા સિદ્ધમતી માતાજી

પ્રત્યેક ધર્મક્રિયામાં તથા ભગવાનનું સ્મરણ કરવામાં સર્વપ્રથમ સત્યતા અને સરળતા આવશ્યક છે. સત્યતા અને સરળતાનું મૂળભૂત સાધન ત્યાગ છે. વૈશખ સુદ પૂનમ વિ. સંવત ૧૯૭૧ના દિવસે શ્રી કેસરલાલ જૈન અને શ્રીમતી બચ્ચીબાઇ જૈનને ત્યાં એક પુત્રીને જન્મ થયો. તેનું નામ કલ્લીબાઇ રાખવામાં આવ્યું. કલ્લીબાઇએ ગૃહત્યાગ કરવાનો નિશ્ચય કર્યો હતો. સમય જતાં પોતાની જન્મભૂમિ ખોર જેસાનપુરાનો ત્યાગ કરી આચાર્ય ધર્મસાગરના સંઘમાં પહોંચી ગયા. કાર્તક સુદ બારસ વિ. સં. ૨૦૨૯ના શુભ દિવસે જયપુર નગરમાં આચાર્યશ્રી ૧૦૮ ધર્મસાગર મહારાજ પાસે આર્યિકાના મહાવ્રતો લઇ સિદ્ધમતી નામ પ્રાપ્ત કર્યું. તેઓ સ્વયંને કૃતાર્થ કરવા સત્યતા અને સરલતાના માર્ગ પર પ્રયાણ કરી પરમપદની પ્રપ્તિ કરવામાં પ્રયત્નશીલ છે.

## આર્યિકા શ્રી સુપાર્શ્વમતીજી

સંસારરૂપી રંગમચ ઉપર જન્મ મરણના નાટકાને અભિનય અનાદિકળથી ચાલુ આવે છે. વિ.સં. ૧૯૮૫માં ફાગણ સુદી નોમના દિવસે રાજસ્થાનના 'મૈનસેર' ગામ નિવાસી શ્રી હરખચન્દ્ર ચુડીવાડને ત્યાં પુત્રીનો જન્મ થયો. જેનું નામ ભવરીબાઇ રાખવામાં આવ્યું. ભવરીબાઇ યુવાન થતાં પિતાએ નાગૌર (રાજસ્થાન) નિવાસી શ્રી છોગમલ બડજાત્યાના સુપુત્ર શ્રી ઇન્દ્રચન્દ્રજીની સાથે કર્યા. વિવાહના ત્રણ મહિના પછી પતિના મૃત્યુને કારણે અસહ્ય વેદનાનો ભોગ બન્યા.

સમય પરિવર્તને જીવનનો વાસ્તવિક ધ્વનિ સંભળાવ્યો ''મને શાન્તિ જોઇએ મને શાન્તિ જોઇએ છે'' આ ધ્વનિ કૃત્રિમ ન હતો. પરંતુ સ્વાભાવિક હતો. તેથી ભવરીબાઇનું હૃદય વૈરાગ્ય તરફ ઢળવા લાગ્યું. વિ. સં. ૨૦૦૬માં શ્રી ઇન્દુમતી સંઘ મૈનસેર પહોંચ્યો. સંઘની સામે ભવરીબાઇએ આજીવન લવણ (મીઠું)નો ત્યાગ કરી સપ્તમ પ્રતિમાને ગ્રહણ કરી. માઘ સુદ ચોથના દિવસે ભાઇબેનોનો મોહ છોડીને સંપૂર્ણપણે આધ્યાત્મિક જીવન અપનાવી લીધું.

ઇન્દુમતી સંઘની સાથે પવિત્ર તીર્થસ્થળે પર ભ્રમણ કરી વૈરાગ્યભાવનાથી ઓતપ્રોત થઇ ભાદરવા સુદી છઠના વિ. સં. ૨૦૧૪માં ખાતિય (જયપુર)માં આચાર્ય મહાવીર કીર્તિ, આર્યિકા શ્રી ઇન્દુમતીજી આદિ વિશાલ સંઘ અને જનસમુદાયની વચ્ચે આચાર્યશ્રી ૧૦૮ વીરસાગર મહારાજ પાસે આર્યિકાના મહાવ્રત ગ્રહણ કર્યા. અને સુપાર્શ્વમતિ નામ ધારણ કરી સતત અધ્યયન કરવામાં લીન છે. જૈન સિદ્ધાન્ત, વ્યાકરણ, ન્યાય, જ્યોતિષ, મંત્ર તંત્ર વગેરે જ્ઞાન ઉપાર્જન કરી અનેક જ્ઞાન પિપાસુ અને જિજ્ઞાસુઓને જ્ઞાન સુધાનું પાન કરાવી તૃપ્ત કરી રહ્યા છે.

## આર્યિકા સુપ્રભામતીજી

સ્વાધ્યાયમાં તલ્લીન રહેવાવાલા સુપ્રભામતીજીનો જન્મ પિતાશ્રી નેમીચન્દ્રજી જૈનન ઘેર (મહારાષ્ટ્ર) કુરડવાડીમાં થયો હતો. બાલ્યાવસ્થા પૂરી થઇ ન થઇ ત્યાં જ શ્રી મોતીલાલજીની સાથે તેમના વિવાહ થઇ ગયા. તેમના હાથોની મેદીનો રંગ હજી તો એવો ને એવો જ હતો ત્યાં તેઓ વિધવા થયા. તરત જ તેમને પોતાનું ચિત્ત ધર્મ ધ્યાનમાં લગાવ્યું. તથા લૌકિક શિક્ષણમાં તેઓએ ઇન્ટરની પરીક્ષા પાસ કરી લીધી. ત્યારબાદ સોલાપુરમાં રાજુમતી શ્રવિકાશ્રમમાં ૧૫મી સપ્ટેમ્બર સુધી અધ્યાપન કાર્ય

કર્યું. વિ. સં. ૨૦૨૪ના કાર્તિક સુદ બારસને શુભ દિવસ બાહુબલીના પ્રાંગણમાં આચાર્યશ્રી ૧૦૮ સમન્તભદ્રજી મહારાજ પાસે આર્યિકાના મહાવ્રતો લઈ સુપ્રભામતીજી સંજ્ઞા મેળવીને જીવનનું સર્વસ્વ પ્રાપ્ત કરી લીધું. અર્યિકા ઈન્દુમતી અને આ સુપાર્શ્વમતીજીની સાથે જ્ઞાનની અભિવૃદ્ધિ કરવામાં લીન છે.

## આર્યિકા સુરરત્નમતીજી

તેમનો જન્મ પન્ના જિલ્લાના ગુનૌર નામના ગામમાં ૧૯/૪/૧૯૫૬માં ગોલાલારીય શ્રી બૈની પ્રસાદ જૈનની ધર્મપત્ની શ્રીમતી કમલાબાઈની કુખે થયો હતો. તેમનું બાળપણનું નામ સુધા છે. સુધાને પાંચ ભાઈ અને એક બહેન છે. તેમના ભાઈ ક્ષુ સુરત્નસાગર મહારાજ છે.

બાલબ્રહ્મચારિણી સુધા જૈને આચાર્ય ધર્મસાગર મહારાજ પાસે પાંચમી ફેબ્રુઆરી ૧૯૭૬ના દિવસે મુઝફ્ફર નગરના ભવ્ય સમારોહમાં આર્યિકા દીક્ષા ગ્રહણ કરી હતી. મહારાજશ્રી પાસેથી સુરત્નમતી અભિધાન રૂપ અલંકરણ ગ્રહણ કરી કર્તવ્ય માર્ગ પર આરુઢ થઈ તેઓ ધર્મકાર્યોમાં સંલગ્ન છે.

## આર્યિકા સુશીલમતીજી

માનવની અંદર જ્ઞાન નામનું જે તત્વ છે તેની તુલના સંસારની બીજી કોઈ વસ્તુ સાથે થઈ શકતી નથી. જેની તુલના શક્ય નથી. એવા જ્ઞાનની પ્રાપ્તિ માટે મસ્તાપુર નિવાસી (મ. પ્ર.) શ્રી મોહનલાલ અને ગંગાદેવીની સુપુત્રી તથા ગદયાનાવાળા શ્રી ધર્મચન્દ્ર જૈનની ધર્મપત્ની કાશીબાઈએ (જન્મ સં. ૧૯૭૩) ગૃહસ્થ જીવનનો ત્યાગ કરવાનો દ્રઢ નિશ્ચય કર્યો. નિશ્ચયના ફલસ્વરૂપે વિ. સં. ૨૦૯૯માં ઘર છોડીને અચાર્ય શિવસાગર પાસે પપૌરામાં બ્રહ્મચર્ય વ્રત લીધું. ત્યાર બાદ આ આચાર્ય પ્રવર પાસે વિ. સં. ૨૦૨૨માં શ્રી મહાવીરની પાવનભૂમિમાં ક્ષુલ્લિકા અને કેટલાંક દિવસો વીત્યા બાદ કોટમાં આર્યિકા દીક્ષા ગ્રહણ કરી જીવનને કૃતાર્થ કર્યું. જ્ઞાન અને ચારિત્ર દ્વારા પોતે સન્માર્ગે પ્રયાણ કરી રહ્યા છે.

## આર્યિકા સૂર્યમતી માતાજી

અજ્ઞાની રૂપી તિમિરથી આચ્છાદિત ચક્ષુઓને જ્ઞાનરૂપી અંજન દ્વારા ઉન્મુખ કરનાર એક માત્ર ગુરુ હોય છે. આવા ગુરુવર્ય આચાર્યશ્રી ૧૦૮ વિમલસાગર મહારાજે બુઢાર (વિલાસપુર) નિવાસીશ્રી વિશાલલાલ જૈન અને શ્રીમતી લલિતાબાઈ જૈનંની સુપુત્રી બ્રહ્મચારિણી ગેન્દબાઈને આષઢ વદ ત્રીજે વિ. સં. ૨૦૧૭ દિવસે ખંડગિરિ–ઉદયગિરિમાં ક્ષુલ્લિકા અને મહા વદ ચૌદસ વિ. સં. ૨૦૨૧ના શુભ દિને મુકતાગિરિ તીર્થ ક્ષેત્રની પાવનભૂમિમાં આર્યિકાદીક્ષા પ્રદાન કરી સંસાર સાગર પાર કરવાનો માર્ગ બતવ્યો. બ્ર. ગેન્દાબાઈને અષાઢ વદ ત્રીજ વિ. સં. ૨૦૧૭ના દિવસે ખંડગિરિ–ઉધયગિરિમાં ક્ષુલ્લિકા અને મહા વદ ચૌદસ વિ. સં. ૨૦૨૧ના શુભ દિને મુકતાગિરિ તીર્થ ક્ષેત્રની પાવન ભૂમિમાં આર્યિકા દીક્ષા પ્રદાન કરી સંસાર સાગર પાર કરવાનો માર્ગ બતાવ્યો. બ્ર. ગેન્દાબાઈએ મહાવ્રતોની સાથે ગુરુ પાસેથી સૂર્યમતી નામ ધારણ કરી જીવનને કૃતકૃત્ય કર્યું.

## આર્યિકા સ્વર્ણમતીજી

બાળપણના ઉત્તમ સંસ્કારો ભવિષ્યમાં ઉત્તમ પરિણતિ કરાવે છે. ઉત્તમ સંસ્કારોમાં સોનાબાઈ શ્રી સાવકાપ્પા અને શ્રીમતી સત્યવતીની સુપુત્રી છે. તેમનો જન્મ ગામ સીરગુપ્પી, તાલુકા જનકણ્ડી જિલ્લો બીજાપુર (કર્ણાટક)માં થયો હતો. શ્રાવણ સુદ પાંચમ - સાત ઑગસ્ટ ઈ.સ. ૧૯૭૦માં શ્રી ૧૦૮ મુનિ આદિસાગર મહારજ પાસે આર્યિકાના મહાવ્રત ગ્રહણ કરી સેનાબાઈમાંથની આર્યિકા સ્વર્ણમતી બની ગઈ. વિદ્યાભ્યાસ કરતાં તેઓ ધર્મભાવનામાં રત છે.

## ક્ષુલ્લિકા સુશીલમતીજી

પ્રત્યેક પ્રાણી ઈચ્છે છે કે જે શ્રેયસ્કર છે તેને પ્રપ્ત કરે. ક્ષત્રીગામ નિવાસી સુન્દરલાલજી અને હલકીબાઈની પુત્રી રતનમાલાએ ભારતની રાજધાની દિલહીમાં આચાર્ય કુન્થુસાગર મહારાજ પાસે ક્ષુલ્લિકા દીક્ષા ગ્રહણ કરી પોતાના શ્રેયનો માર્ગ શોધી કઢયો.

## આર્યિકા સ્યાદ્વદ્તીજી

ઋષિમુનિઓની પવિત્ર વાણી પ્રાણીઓને યથાર્થ માર્ગ પર પહોંચાડી દે છે. આ કલ્પશ્રી જ્ઞાનભૂષણ મહારાજના સદુપદેશને કુ. ઐરાવતી પાટનીની જીવનધારાને પરિવર્તિત કરી દીધી. તેમણે મહારાજશ્રી પાસે પોતાની સોળ વર્ષની ઉમ્મરે આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું. કુ. ઐરાવતીનો જન્મ મેની ચૌદમી તારીખે. ઇ.સ. ૧૯૫૩માં ઇન્દોર (મ.પ્ર.) નિવાસી શ્રી ધન્નાલાલ પાટની અને શ્રીમતી કમલાદેવી નામના શ્રાવક દંપત્તિને ત્યાં થયો હતો. સ્નાતક સુધીનો અભ્યાસ કરીને પોતાના જીવનને સાધ્વીરૂપે વ્યતીત કરવાને નિશ્ચય કર્યો.

સાંસારિક સુખોને તિલાંજલિ આપીને આત્મ સાક્ષાત્કાર કરવા માટે શ્રાવણ સુદ બારસ તા. ૫/૮/૭૯ન દિવસે ઐરાવતીએ સોનાગિરિ સિદ્ધક્ષેત્ર પર અચાર્યશ્રી વિમલસાગર મહારજ પાસે ક્ષુલ્લિકા દીક્ષા ગ્રહણ કરી. તે સમયે નામ બદલીને અનંગમતી રાખ્યું. વર્તમાનમાં તેઓ સ્યાદ્વાદમતી નામ ધારણ કરી આચાર્યશ્રીના સંઘમાં ધર્મધ્યાનમાં રત છે.

## આર્યિકા જ્ઞાનમતી માતજી

સૌરાષ્ટ્રમાં પોશીના (સાવરકુંડલા) નામનું નગર છે. આ નગરના શ્રી સાકલચન્દ્રજી અને શ્રીમતી મણિબાઇ જૈન નામના શ્રાવક દંપત્તિની કુખે કંચનબાઇનો જન્મ થયો. કંચનબાઇ સદૈવ જિનેન્દ્ર ભગવાનની ઉપાસનામાં લીન રહેતી હતી. માગશર વદ પાંચમ- સંવત ૨૦૩૧ના શુભ દિવસે કંચનબાઇએ ક્ષુલ્લિકા દીક્ષા આચાર્ય શ્રી ૧૦૮ સુમતિસાગર મહારાજ પાસે લીધી. ત્યારબદ મહાસુદ ત્રીજનો -સંવત ૨૦૩૨ના દિને એ જ મહારાજ શ્રી પાસે આર્યિકાના મહાવ્રતો સાથે જ્ઞાનમતિ નામ ધારણ કર્યું. તેઓ જ્ઞાનનું ઉપાર્જન કરતાં બાલ બ્રહ્મચારિણીનું જીવન વીતાવી રહ્યાં છે.

## આર્યિકા રત્ન શ્રી જ્ઞાનમતી માતાજી

હસ્તિનાપુરમાં બની રહેલ મહાન જંબુદ્વીપની રચનાના પાવન પ્રેરિકા પૂ. આર્યિકાનો પરિચય સમગ્ર ભારત દેશને છે.

તેમને જન્મ માતા મોહિનીની કુખે વિ. સં. ૧૯૯૧ (સન્. ઇ. સ. ૧૯૩૪)ની આસો સુદ પૂનમના દિવસે થયો હતો. ઇ.સ. ૧૯૫૨માં આસોસુદ પૂનમના દિવસે તેમને સપ્તમ પ્રતિમારૂપ બ્રહ્મચર્ય વ્રત ગ્રહણ કર્યા. અને સના. ૧૯૫૩માં ક્ષુલ્લિકા દીક્ષા ગ્રહણ કરી. પૂ. શાંતિસાગરજી મહારાજના દર્શન તથા સાન્નિધ્યનો લાભ તેમને મળ્યો. સના ૧૯૫૬માં તેમના પટ્ટધર આચાર્ય વીરસાગરજી પાસે તેમને આર્યિકા દીક્ષા ગ્રહણ કરી. તેમની અનેક શિષ્યાઓ છે તેમની બૈદ્ધિક પ્રતિભા વિલક્ષણ છે. તેમની સાધુનાનું મહત્વનું અંગ અધ્યયન અને અધ્યાપન છે. તેમને આઠ મોટા અને ૧૭૮ નાના ગ્રંન્થો લખ્યાં છે. અષ્ટસહસ્રી જેવા કિલષ્ટતમ ગ્રંન્થનો તેમને અનુવાદ કર્યો છે. તેઓ વિલક્ષણ પ્રતિભા ધરાવતાં પ્રભાવશાળી સધ્વીરત્ન છે.

## શ્વેતાંબર ખરતરગચ્છીય સાધ્વી પરંપરા અને સમકાલીન સાધ્વીઓ

સામાજિક સૃષ્ટિમાં નારીનું સ્થાન મહત્વનું છે સમાજનો અર્થ થાય છે નર અને નારી. એનો અર્થ ન તો નર છે અને ન કેવળ નારી થાય છે નારી વિના સૃષ્ટિની રચના, સમાજનું સંગઠન, ગૃહસ્થજીવન વગેરે સર્વ અધૂરા છે. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ચાહે તે ધાર્મિક આદર્શ હોય કે પછી સમાજ-સુધારો હોય અથવા રાજનીતિ હોય બધામાં નારીનું પ્રદાન સક્રિય રહ્યું છે.

જયાં સુધી નારીના સન્યાસ કે પ્રવજયાનો પ્રશ્ન છે- વૈદિક યુગમાં સ્રીઓને માટે એવી કોઇ વ્યવસ્થા ન હતી. બ્રહદારણ્યક, ઉપનિષદ, રામાયણ, અને મહાભારતમાં નારી એ સંન્યાસ લીધાના પ્રસંગો મળે છે.

(બૃહદ્ આરણ્યક ઉપનિષદ ૪-૪×૨)

(રામાયણ ૨/૨૯/૧૩ ૩/૭૪/૩) ૩/૭૩/૨૬) (મહાભારત, આદિ પર્વ - ૩/૭૪/૧૦)

આ સ્રીઓએ પતિએ સંન્યાસ લીધો હોય, તેમનું પતિનું મૃત્યુ થયું હોય અથવા યોગ્ય વર ન મળવાને કારણે સન્યાસનો આશ્રય લીધો હતો. શ્રમણ પરંપરાના જૈન અને બૌદ્ધ બને ધર્મોમાં આ કારણોની સાથે સાથે વૈરાગ્યને કારણે પણ સ્રીઓને સંન્યાસ લેવાની વ્યવસ્થા જોવા મળે છે.

જયાં સુધી જૈન ધર્મમાં પ્રવજયાનો પ્રશ્ન છે- સૂત્ર કૃતાંગના બીજા શ્રુતસ્કન્ધમાંથી જાણવા મળે છે કે પાર્શ્વનાથની આચાર-પરંપરા મહાવીર કરતાં જુદી હતી.

(સૂત્ર કૃતાંગ - ૨/૭/૭૧-૮૦)

ઉત્તરાધ્યાયનસૂત્ર ૨૩/૮૭માં તો પાર્શ્વાપત્યીય શ્રમણો અને શ્રમણીઓને પંચમહાવ્રતો સ્વીકાર કરાવીને જ મહાવીરના સંઘમાં સમ્મિલિત કરવામાં આવે છે, એવો ઉલ્લેખ છે. તેથી એ વાત સ્પષ્ટ છે કે મહવીરની પહેલાં પણ ભિક્ષ-ભિક્ષુઓના સંઘની સ્થાપના થઇ ચૂકી હતી. આચારંગ સૂત્રમાં શ્રમણ અને શ્રમણીઓના આચાર સંબંધી નિયમોની ચર્ચા સ્પષ્ટ રીતે આપવામાં આવી છે. તે પ્રમાણે જૈન ધર્મમાં શ્રમણસંઘ અને શ્રમણીસંઘ બંનેની સ્થાપના એક સાથે થઇ હતી.

સમાજના પ્રત્યેક વર્ગની મહિલાઓને જૈન શ્રમણી સંઘમા પ્રવેશ કરવા મટે દ્વારા ખુલ્લાં હતાં. સ્થાનાંગસૂત્ર અને તેની ટીકામાં એવા દસ કારણોનો ઉલલેખ મળે છે જેને કારણે સ્ત્રીએ દીક્ષા ગ્રહણ કરતી હતી. અ કારણો મોટા ભાગે સામાજિક, કૌટુંબિક અને આર્થિક હતાં. સામાન્ય રીતે નારી પોતાના પતિ, પુત્ર, ભાઇ અથવા અન્ય કોઇ સંબંધીનું મૃત્યુ અથવા પ્રવજયા ગ્રહણ કરવાથી પોતે પણ પ્રવજ્યા ગ્રહણ કરતી હતી. કયારેક ધર્માચાર્યોના ઉપદેશથી સ્ત્રીઓએ પ્રવજયા લીધા હોવાના ઉલ્લેખો મળે છે.

(જૈન અને બૌદ્ધ ભિક્ષુણી સંઘ)

(ડૉ. અરુણ પ્રતપસિંહ પૃ-૧૨-૧૩)

જૈન પરંપરામાં પ્રારંભથી જ સ્ત્રીઓને સમાન ધાર્મિક અધિકાર આપવામાં આવ્યા છે અને ચતુર્વિધ સંઘમાં સાધુની સાથે સધ્વી તથા શ્રાવકની સાથે શ્રાવિકાને પણ સ્થાન આપવામાં આવ્યું છે. જૈન ધર્મના બંને સમ્પ્રદાયો અને તેની શાખાઓમાં મોટી સંખ્યામાં સાધ્વીઓ વિદ્યમાન છે. અહીંઆ શ્વેતાંબર સંપ્રદાયની ખરતરગચ્છની સાધ્વી પરંપરા પર પ્રકાશ નાંખવામાં આવ્યો છે. આ શાખા એક પ્રાચીન અને મહત્વની શાખા છે. વિક્રમ સંવતની અગિયારમી શતાબ્દીમાં તેના ઉદયથી માંડીને આજે પણ આ ગચ્છ જૈન ધર્મના લોક કલ્યાણકારી સિદ્ધાન્તોનું પાલન કરી વિશ્વ સમક્ષ એક ઉજ્જવલ આદર્શ પ્રસ્થાપિત કર્યો છે.

'ખરતરગચ્છમાં અનેક પ્રભાવક આચાર્ય, ઉપાધ્યાય, વિદ્વાન સાધુ અને સાધ્વીએ તથા મોટી સંખ્યામાં તંત્ર-મંત્રના વિશેષજ્ઞો, જયોતિર્વિદ, વૈદકશાસ્ત્રના જ્ઞાતા યતિજનો થયાં છે. જેમને માત્ર સમાજોત્થાન જ નહિ પણ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, અને દેશ્ય ભાષાઓમાં સાહિત્ય સર્જન કરી તેને સમૃદ્ધ બનાવવામાં મહાન ફાળો આપ્યો છે.

(ખરતર ગચ્છનો ઇતિહાસ. ભાગ-૧ મહોપાધ્યાય વિનય સાગર પૃ-૪૫).

ચૈત્યવાસનું ઉન્મૂલન કરી તેને ફરીથી યોગ્ય રીતે પ્રતિનષ્ઠિત કરવાનું કાર્ય ખરતર ગચ્છીય સાધુઓએ કર્યું છે. (એજન).

ખરતરગચ્છ બૃહદ ગર્વાવલી'માં આ ગચ્છના મહાન આચાર્યોની દીક્ષા, વિહાર, સાધુ સાધ્વી સમુદાય, સ્થાનીય શ્રાવકોના નામો, રાજાઓના નામો, પ્રતિદ્વન્દ્રી ધર્માચાર્યો સાથે શાસ્ત્રાર્થ, તીર્થોદ્ધાર વગેરે અનેક વાતો પર વિશદ પ્રકાશ પાડવામાં આવ્યો છે. પરંપરાની એક ઝાંખી પ્રસ્તુત છે.

વર્ધમાનસૂરિ ખરતરગચ્છના આદિ આચાર્ય માનવામાં આવે છે. તેમના શિષ્ય જિનેશ્વરસૂરિ અને ચૌલુકય નરેશ દુર્લભરાજની રાજસભામાં ચૈત્યવાસી આચાર્યને શાસ્ત્રાર્થમાં પરાજિત કરી ગુર્જરધરામાં સુવિહિત માર્ગીય મુનિઓનો વિહાર સંભવિત બનાવ્યો. આચાર્ય જિનેશ્વરસુરિ દ્વારા દીક્ષિત જિનચન્દ્રસૂરિ, અભયદેવ સૂરિ, જિનભદ્ર બીજા નામ દાનેશ્વરસૂરિ, હરિભદ્રસૂરિ, પ્રસન્નચંદ્રસૂરિ, ધર્મદેવ, સહદેવ આદિ અનેક મુનિઓનો ઉલ્લેખ આપણને મળે છે. પરંતુ તેઓએ કોઇ મહિલાને દીક્ષા આપ્યાના ઉલ્લેખ મળતા નથી. 'ખરતર ગચ્છ બૃહતા ગુર્વાવલી' દ્વારા જાણવા મળે છે. તેમને પોતાના ગચ્છની મરુદેવી પ્રર્વતિને આશાપલલીમાં તેમના સંથારા વખતે સંલેખના પાઠ સંભળાવ્યો હતો. જિનેશ્વરસૂરિના શિષ્ય ઉપાધ્યાય ધર્મદેવની આજ્ઞાનુવર્તિની સાધ્વીઓ દ્વારા ધોળકા નિવાસી ભકત વાછિગ અને તેમની પત્ની બાહડદેવીના પુત્ર સોમચંન્દ્રને સર્વગુણોવાળો જાણીને તેને દીક્ષા આપવાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. આ બાળક આગળ જતાં જિનદત્તસૂરિના નામે ખરતરગચ્છનો નાયક

બને છે.

જિનચન્દ્રસૂરિ અને અભયદેવસૂરિ દ્વારા દીક્ષિત સાધ્વીઓનો ઉલ્લેખ નથી મળતો, પરંતુ એમના સમયમાં ખરતર ગચ્છમાં સાધ્વી સંઘની વિદ્યમાનતાનો અસ્વીકાર કરી શકાતો નથી.

જિનવલ્લભસૂરિનો વધારે સમય વિંધ માર્ગના પ્રસારમાં જ વ્યતીત થયો. એમના ઉપદેશો વડે ગુજરાત, રાજસ્થાન અને માળવાના અનેક સ્થાનો પર વિધિ ચૈત્યોનું નિર્માણ થયું. આચાર્ય પદ પર પ્રતિષ્ઠિત થયા પછી તેમનો સ્વર્ગવાસ થયો. ત્યાર બાદ સોમચન્દ્ર ગણીને જિનદત્તસૂરિના નામથી જિનવલ્લભના પટ્ટધર બનાવવામાં આવ્યા.

જિનદત્તસૂરિ દ્વારા અનેક સાધુ સાધ્વીઓને દીક્ષા આપ્યાના ઉલ્લેખ મળે છે. એમના વરદ હસ્તે વાગડ દેશમાં શ્રીમતી, જિનમતિ, પૂર્વશ્રી જ્ઞાનશ્રી, અને જિનશ્રીને સાધ્વી દીક્ષા આપલામાં આવી હતી. જિનદત્તસૂરિ અત્યંત વિદ્યાનુરાગી આચાર્ય હતા. તેથી તેમને પોતાના ગચ્છના સાધુ સાધ્વીઓના શિક્ષણ પર વધુ ભાર મૂકયો. શ્રીમતિ, જિનમતિ અને પૂર્વશ્રી આ ત્રણ સાધ્વીઓને અન્ય સ્વગચ્છીય મુનિઓની સાથે અધ્યયન માટે ધારાનગરી મોકલવામાં આવી હતી. એમની જ શિષ્યા ગણિની શાંતિમતિએ વિ. સં. ૧૨૧૫માં પ્રકરણ સંગ્રહની પ્રતિલિપિ કરી. આ પ્રતિલિપિ જેસલમેરના ગ્રંથભંડારમાં મોજૂદ છે.

આચાર્ય જિનદત્તસૂરિના સ્વર્ગારોહણ પછી મણિધારી જિનચન્દ્રસૂરિ ખરતગચ્છના નાયક બન્યા. તેમના અલ્પકાલના નાયકત્વમાં પણ ખરતરગચ્છમાં અનેક સાધુ-સાધ્વીઓની દીક્ષા થઇ વિ. સં. ૧૨૧૪માં એમણે ત્રિભુવનગિરિમાં શાન્તિનાથ જિનાલય પર ભવ્ય મહોત્સવની સાથે સુવર્ણ ધ્વજ અને કલશનું અરોપણ કર્યું અને સાધ્વી હેમાદેવીને પ્રવર્તિની પદ વડે વિભૂષિત કર્યા. વિ. સં. ૧૨૧૮માં ઉચ્ચાનગરીમાં તેમણે પાંચ મુનિઓ સાથે જગશ્રી, ગુણશ્રી, અને સરસ્વતીને સાધ્વી દીક્ષા પ્રદાન કરી. વિ. સં. ૧૨૨૧માં આચાર્યશ્રીએ દેવભદ્ર અને તેમની પત્નીને અન્ય સાધુઓની સાથે દીક્ષિત કર્યા. વિ. સં. ૧૨૨૩માં ભાદરવા વદ ચૌદશે દીલ્હીમાં આચાર્યશ્રીનો સ્વર્ગવાસ થઇ ગયો. ત્યારબાદ આચાર્ય જિનમતિસૂરિને એમના પટ્ટ પર પ્રતિષ્ઠિત કર્યા. જિનપતિસૂરિએ વિ. સં. ૧૨૨૭માં ઉચ્ચાનગરીમાં ધર્મશીલ અને તેમની માતને પાંચ અન્ય વ્યકિતએ સથે દીક્ષિત કર્યા. ત્યાર બાદ વિહાર કરતાં કરતાં તેઓ મસ્તકોટ પધાર્યા, જ્યાં અજિતશ્રીજીએ તેમની પાસે દીક્ષા લીધી. વિ. સં. ૧૨૨૯માં ફલવર્ધિકામાં અભયમતિ, આસમતિ, અને શ્રીદેવીએ તેમની પાસે દીક્ષા લીધી. અહીંઆ વિ. સં. ૧૨૩૪માં સાધ્વી ગુણશ્રીને મહત્તરા પદ અને જગદેવીને સાધ્વી દીક્ષા આપી. આ નગરીમાં વિ. સં. ૧૨૪૧મં ધર્મશ્રી અને ધર્મદેવીને તેમને શ્રમણી સંઘમાં સંમિલિત કર્યા. વિ. સં. ૧૨૪૫માં પુષ્કરણી નગરીમાં સંયમશ્રી, શાન્તિમતિ અને રતનમતિને સાધ્વી દીક્ષા આપી. વિ. સં. ૧૨૫૪માં ધારાનગરીમાં તેમને સાધ્વી રત્નશ્રીને દીક્ષા આપી. આ સાધ્વી રત્નશ્રી આગળ જતાં ગચ્છ પ્રવર્તિની બની. વિ. સં. ૧૨૬૦માં આચાર્યશ્રીએ લવણખંડમાં આર્યા આનન્દશ્રીને મહત્તરા પદ પ્રદાન કરવામાં આવ્યું. આ નગરીમાં વિ. સં. ૧૨૬૩માં વિવેકશ્રી, મંગલમતિ, કલ્યાણશ્રી અને જિનશ્રીએ તેમના વરદ હસ્તે ભાગવતી દીક્ષા લીધી અને સાધ્વી ધર્મદિવીએ પ્રવર્તિની પદ પ્રાપ્ત કર્યું. લવણખેડમાં વિ. સં. ૧૨૩૫માં આસમતિ અને સુન્દરમતિ તથા વિ. સં. ૧૨૬૬માં વિક્રમપુરમાં જ્ઞાનશ્રીએ તેમની પાસે દીક્ષા લીધી. વિ. સં. ૧૨૬૯માં ચન્દ્રશ્રી અને કેવલશ્રીનેં સધ્વી દીક્ષા આપવામાં આવી અને સાધ્વી ધર્મદિવીને મહત્તરા પદ પ્રદાન કરીને તેને પ્રભાવતીના નામથી પ્રસિદ્ધ કરવામાં આવી. વિ. સં. ૧૨૭૫માં આચાર્યશ્રીએ ભુવનશ્રી, જગમતિ, અને મંગલશ્રીને ભાગવતી દીક્ષા આપીને શ્રમણીસંઘમાં પ્રવેશ કરાવ્યો. આ રીતે સ્પષ્ટ છે કે આચાર્ય જિનપતિસૂરિના સમયના ખરતરગચ્છીય શ્રમણીસંઘમાં પૂરતા પ્રમાણમાં સાધ્વીઓ હતી.

આચાર્ય જિનપતિસુરિના સ્વર્ગારોહણ પછી જિનેશ્વરસૂરિ (દ્વિતીય) ખરતરગચ્છના પ્રધાન આચાર્ય બન્યા. એમના સમયમાં પણ અનેક મહિલાઓ સાધ્વીસંઘમાં પ્રવેશ પામી. તેમણે વિ. સં. ૧૨૭૯માં શ્રીમાલપુરમાં જેઠ સુદી બારસના દિવસે ચારિત્રમાલ, *જ્ઞાનમાલા, અને સત્યમાલાને સાધ્વી દીક્ષા આપી. વિ. સં. ૧૨૭૯માં ૧૨૭૯માં મહાસુદી પાંચમના દિવસે તેમને વિવેકશ્રી* ગણિની, શીલમાલા ગણિની, અને વિનયમાલા ગણિને સંયમ દીક્ષા આપી. વિ. સં. ૧૨૮૦માં મહાસુદ બારસના રોજ શ્રીમલપુરમાં પુર્ણાશ્રી તથા હેમશ્રી અને વિ. સં. ૧૨૮૧માં વૈશાખ સુદ છઠના દિવસે જવાલિપુરમાં કમલશ્રી અને કુમુદશ્રીને વાંગસેરમાં આર્યામંગલમતિને પ્રવર્તિની પદ પર પ્રતિષ્ઠિત કરી. વિ. સં. ૧૨૮૪માં બીજાપુરમાં વાસૂપૂજય જિનાલયમાં પ્રતિમા પ્રતિષ્ઠાના શુભ પ્રસંગે શ્રાવકો દ્વારા ભવ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું. એ નગરીમાં વિ. સં. ૧૨૮૪માં અષાઢ

સુદ બીજના દિવસે આચાર્યશ્રીએ ચારિત્ર સુંદરી અને ધર્મ સુંદરીને દીક્ષા આપી. વિ. સં. ૧૨૮૫ જૈઠ સુદિ બીજના દિવસે બીજાપુરમાં જ ઉદયશ્રી અને ભગવતી દીક્ષા ગ્રહણ કરી. વિ. સં. ૧૨૮૭માં ફાગણ સુદ પાંચનના દિને પાલનપુરમાં કુલશ્રી અને પ્રમોદશ્રી સાધ્વી સંઘમાં જોડાઇ. વિ. સં. ૧૨૮૮માં ભાદરવા સુદ દસમના દિવસે આચાર્યશ્રીએ જબલપુરમાં સ્તૂપધ્વજની પ્રતિષ્ઠા કરી. એ જ વર્ષે એ નગરીમાં પોષ સુદ એકાદશી ના દિવસે ધર્મમતિ, વિનયમતિ, વિદ્યામતિ, અને ચારિત્રમતિ ખરતરી ગચ્છીય શ્રમણી સંઘમાં દીક્ષિત થઇ. વિ. સં. ૧૨૮૯માં જેઠ સુદ બારસના દિને ચિતોડ રાજીમતિ, હેમાલી, કનકાવલી, રત્નાવલી, અને મુકતાવલીને આચાર્યશ્રીએ પ્રવજ્યા આપી. ચિતોડમાં એ જ વર્ષે અસાઢ વદ બીજના દિવસે આચાર્યશ્રીએ ઋષભનાથ, નેમિનાથ અને પાર્શ્વનાથના નવનિર્મિત જિનાલયોમાં પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. વિ. સં. ૧૨૯૧માં વૈશાખ સુદ દસમે જબાલિપુરમાં શીલસુન્દરી અને ચન્દનસુન્દરીએ પ્રવજ્યા લીધી. વિ. સં. ૧૩૦૯માં માગસર સુદ બારસે મુકિતસુંદરીને દીક્ષા આપવામાં આવી. વિ. સં. ૧૩૧૩માં ફાગણ સુદ ચૌદસના દિવસે જબાલિપુરમાં જયલક્ષ્મી કલ્યાણનિધિ પ્રમોદલક્ષ્મી, અનેગ ગ્છવૃદ્ધિ આ ચાર નારીઓને શ્રમણી દીક્ષા આપવામા આવી. વિ. સં. ૧૩૧૬માં મહા સુદ ચૌદસના દિવસે જાલોરમાં આચર્યશ્રીએ પ્રવર્તિની પદ પર પ્રતિષ્ઠિત કર્યા.

વિ. સં. ૧૩૧૯ મહાવદ પાંચમે વિજયશ્રી તથા વિ. સં. ૧૩૨૧ ફાગણ સુદ બીજે ચિત્ત સમાધિ અને શાન્તિ સમાધિને પાલનપુરમાં આચાર્યશ્રીના હથે સાધ્વી દીક્ષા પ્રદાન થઇ. વિક્રમપુરમાં વિ. સં. ૧૩૨૨ મહા સુદ ચૌદશે મુકતવલ્લભા, નેમિવલ્લભા, મંગનિધિ અને પ્રિયદર્શના તથા વિ. સં. ૧૩૨૩ સુદમાં વીરસુંદરીની પ્રવ્રજ્યા થઇ. આ વર્ષે વિક્રમપુરમાં માગશર સુદ પાંચમે વિનય સિદ્ધિ અને અગમ સિદ્ધિને સાધ્વી દીક્ષા આપી.

વિ. સં. ૧૩૨૪માં આસો વદ બીજને શનિવારે જબલિપુરમાં અનન્તશ્રી, વ્રતલક્ષ્મી, એકલક્ષ્મી અને પ્રધાન લક્ષ્મી તથ વિ. સં. ૧૩૨૫માં વૈશાખ સુદ દસમે પદ્માવતીએ ભાગવતી દીક્ષા અંગીકાર કરી.

વિ. સં. ૧૩૨૬માં આચાર્યશ્રીએ શ્રેષ્ઠિ વર્ગની વિનતી પર ત્રેવીસ સાધુઓ તથા લક્ષ્મીનિધિ મહત્તરા વગેરે સાધ્વીઓની સાથે શત્રુંજય તીર્થની યાત્રા કરી.

વિ. સં. ૧૩૨૮માં જેઠ વદ ચોથના દિવસે જબાલિપુરમાં હેમપ્રભાને સાધ્વી દીક્ષા તથા વિ. સં. ૧૩૩૦માં વૈશાખ વદ છઠના દિવસે કલ્યાણવૃદ્ધિ ગણિને મહત્તરા પદ આપવામાં આવ્યું. વિ. સં. ૧૩૩૧ આચાર્ય જિનેશ્વરસૂરિ (દ્વિતીય)નો સ્વર્ગવાસ થયો.

આચાર્ય જિનેશ્વરસૂરિના સ્વર્ગારોહણ પછી વિ. સં. ૧૩૨૧ ફાગણ વદ આઠમે આચાર્ય જિનપ્રમોદસૂરિએ ખરતરગચ્છનું નાયક પદ પ્રાપ્ત કર્યું. તેમન વરદ હસ્તે અનેક મુમુક્ષુ મહિલાઓએ દીક્ષા લીધી જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

'આચાર્યશ્રીએ વિ. સં. ૧૩૩૧ ફાગણ સુદી પાંચમે કેવલપ્રભા, હર્ષપ્રભા, જયપ્રભા, યશપ્રભા અ ચાર મહિલાઓને દીક્ષા આપી. શ્રમણી સંઘમાં સંમ્મિલિત કરી. દીક્ષામહોત્સવ જબાલિપુરમાં ઉજવાયો.''

વિ. સં. ૧૩૩૨ જેઠ વદ શુક્રવારે જબાલિપુરમાં લબ્ધિમાલ અને પુણ્યમાલાને સાધ્વી દીક્ષ આપવામાં આવી. વિ. સં. ૧૩૩૩માં મહાવદી તેરસે આચાર્યશ્રીએ ગણિને કુશલશ્રીને પ્રવર્તિની પદ પર પ્રતિષ્ઠિત કર્યા.

વિ. સં. ૧૩૩૪ ચૈત્રવદ પાંચમે આચાર્યશ્રી શત્રુંજય તીર્થની યાત્રામાં એમની સાથે સત્તાવીશ મુનિ તથા પ્રવર્તિની, કલ્યાણવૃત્તિ આદિ ૧૫ સાધ્લીઓ પણહતી. શત્રુંજય તીર્થ પર અચાર્યશ્રીએ જેઠ વદી સાતમે ભગવાન આદિનાથની પ્રતિમાની સમક્ષ પુષ્પમાલા, યશોમાલા, ધર્મમાલા અને લક્ષ્મીમાલાને સાધ્વી દીક્ષા પ્રદાન કરી.

વિ. સં. ૧૩૩૪માં માગસર સુદ બારસે જાલોરમાં ગણિની રત્નશ્રીને આચાર્ય જિનપ્રબોધસૂરિએ પ્રર્વતિની પદ આપ્યું. વિ.સં. ૧૩૪૦ જેઠ વદ ચોથના દિવસે જબાલિપુરમાં તેમને કુમુદલક્ષ્મી અને ભુવનલક્ષ્મીને દીક્ષા આપી. જેઠ વદ પાંચમના દિવસે તેમને સાધ્વી ચંદનશ્રીને મહત્તરા પદ પ્રદાન કર્યું.

વિ. સં. ૧૩૪૧ જેઠ સુદ ચોથે આચાર્યશ્રીના વરદ હસ્તે જેસલમેરમાં પુણ્યસુન્દરી, રત્નસુન્દરી, ભુવનસુન્દરી અને હર્ષસુન્દરીને સાધ્વી દીક્ષા પ્રદાન કરી.

આ વર્ષમાં ફાગણવદ અગિયારસે આચાર્યશ્રીએ જસલમેરમાં જ ધર્મપ્રભા અને હેમપ્રભાને તેમની નાની ઉંમરને લીધે સાધ્વી દીક્ષા ન આપતા ક્ષુલ્લક દીક્ષ આપી. વિ. સં. ૧૩૪૧ વૈશાખ સુદ ત્રીજે અક્ષયતૃતીયાએ તેમણે જિનચન્દ્રસૂરિને પોતાના પટ્ટધર શિષ્ય તરીકે ઘોષિત કર્યા અને વૈશાખ સુદ અગિયારસે દેવલોક પામ્યા.

આચાર્ય જિનચન્દ્રસૂરિ (દ્વિતીય) એ પણ મુમુક્ષુ મહિલાઓને સધ્વી દીક્ષા પ્રદાન કરી ખરતર ગચ્છીય શ્રમણ સંઘનું ગૌરવ વધાર્યુ તેમન વરદ હસ્તે વિ. સં. ૧૩૪૨ વૈશાખ સુદ ૧૦ના રોજ જબાલિપુરમાં જયમંજરી, રત્નમંજરી, અને શાલમંજરીને ક્ષુલ્લક દીક્ષ તથા ગણિની બુદ્ધિ સમૃદ્ધિને પ્રવર્તિની પદ પ્રદાન કરવામાં આવ્યું. આ દીક્ષા આપવામં આવી.

વિ. સં. ૧૩૪૫ અષાઢ સુદ ત્રીજના દિવસે જબાલિપુરમાં ચારિત્રલક્ષ્મીને દીક્ષા આપવામાં આવી. આ નગરીમાં વિ. સં. ૧૩૪૬માં ફાગણ સુદ આઠમે રત્નશ્રી અને વિ. સં. ૧૩૪૭માં જેઠ વદ સાતમના રોજ મુકિતલક્ષ્મી અને યુકિત લક્ષ્મીને આચાર્યશ્રીના વરદ હસ્તે દીક્ષા પ્રાપ્ત થઇ. વિ. સં. ૧૩૪૭માં માગશર સુદ છઠના દિવસે પાલનપુરમાં સાધુ-સાધ્વીઓને તેમને મોટી દીક્ષ આપી.

વિ. સં. ૧૩૪૮માં ચેત્ર વદ છઠના દિવસે બીજાપુરમાં મુકિતચન્દ્રિકા તથ એ જ વર્ષે વૈશાખ સુદ છઠના દિને પાલનપુરમાં અમૃતશ્રીને સાધ્વી દીક્ષા પ્રદાન કરી. વિ. સં. ૧૩૫૧ મહાવદ પાંચમે પાલનપુરમાં જ હેમલતાને સાધ્વી દીક્ષા આપવામાં આવી. વિ. સં. ૧૩૫૪માં જેઠ વદ ૧૦ના રોજ જબાલિપુરમાં આચાર્યશ્રીએ જયસુન્દરીને દીક્ષા આપીને શ્રમણી સંઘમાં સન્મિલિત કર્યા.

વિ. સં. ૧૩૬૬માં જેઠ વદી બારસે આચાર્ય જિનચંદ્રસૂરિ શત્રુંજય, ગિરનાર વગેરે તીર્થોની યાત્રા પર નીકળ્યા. એ યાત્રામાં તેમની સાથે પ્રવર્તિની રત્નશ્રી ગણિની વગેરે પાંચ સાધ્વીઓ તથા બીજા કેટલાંક મુનિઓ પણ હતાં. તીર્થયાત્રા પૂર્ણ કરીને તેઓ ભીમપલ્લી પધાર્યા જ્યાં દ્રઢધર્મા અને વ્રતધર્માને બીજી બે વ્યકિતઓની સાથે ક્ષુલ્લક દીક્ષા પ્રદન કરી આ પ્રસંગે ગણિની પ્રિયર્શના ને પ્રવર્તિની પદ તથા ગણિની રત્નમંજરીને મહત્તરા પદ પ્રદાન કર્યું.

વિ. સં. ૧૩૬૯માં માગશર વદ છઠ્ઠના દિવસે તેમને પાટણમાં ગણિની કેવલપ્રભાને પ્રવર્તિની પદ પ્રદાન કર્યું.

વિ. સં. ૧૩૭૧માં ફાગણ સુદ અગિયારસે ભીમલપલ્લીમાં પ્રિયધર્મા, યશોલક્ષ્મી અને ધર્મલક્ષ્મીને ભાગવતી દીક્ષા પ્રદાન કરી. એજ વર્ષે જેઠ વદમાં દસમના દિને જબાલિપુરમાં પુષ્પલક્ષ્મી, જ્ઞાનલક્ષ્મી, કનકલક્ષ્મી અને મતિલક્ષ્મીએ પ્રવ્રજયા લીધી.

પ્રાકૃત ભાષામય અંજનાસુંદરીચરિત (રચનાકાલ વિ. સં. ૧૪૦૭)ની રચયિતા અને પાકૃત ભાષાની એક માત્ર લેખિકા સાધ્વી ગુણ સમૃદ્ધિ મહત્તરા તેમની શિષ્યા હતા.

વિ. સં. ૧૩૭૫માં મહાસુદ બારસે નાગોરમાં એક ભવ્ય સમારોહમાં શીષસમૃદ્ધિ, દુર્લભસમુદ્ધિ અને ભુવન સમૃદ્ધિને સાધ્વી તથા ગણિની ધર્મમાલા અને ગણિની પુણ્ય સુદરીને પ્રર્વતિની પદ પ્રદાન કર્યું. આ અવસર પર આચાર્યશ્રીએ પં. કુશલકીર્તિને પોતાના ઉત્રરાધિકારી (પટ્ટધર) ઘોષિત પકરી તેમનેં વાચના ચાર્ય' પદ આપ્યું. સંવત ૧૩૭૬ અસાઢ સુદ નોમના દિને પાંસઠ વર્ષની વયે આચાર્ય જિનચન્દ્રસૂરિનું નિધન થયું. ગચ્છનાયક આચાર્યના નિધન પછી ગચ્છના જયેષ્ટ મુનિજનો, સાધ્વીઓ અને શ્રાવકોએ એક સભા આયોજિત કરી. સ્વર્ગીય આચાર્યના પૂર્વ આદેશાનો સાર ગણિ કુશલકીર્તિને પાટણમાં જિનકુશલસૂરિના નામે તેમના પટ્ટ પર બેસાડવામાં આવ્યા.

આચાર્ય જિનકુશલસૂરિએ વિ. ૧૩૮૧માં વૈશાખ વદ છઠના દિને પાટણમાં ધર્મ સુન્દરી અને ચારિત્ર સુન્દરીને સાધ્વી દીક્ષા આપી. વિ. સં. ૧૩૮૩માં વૈશાખ વદ પાંચમે કમલશ્રી અને લલિતશ્રીની દીક્ષ પણ થઇ.

વિ. સ. ૧૩૮૬માં દેવરાજપુરમાં કુલધર્મા, વિનયધર્મા અને શીલધર્માએ સાધ્વી દીક્ષા ગ્રહણ કરી. આ નગરીમાં વિ. સં. ૧૩૮૮માં જયશ્રી અને ધર્મશ્રીને ક્ષુલ્લિકા દીક્ષા આપી હતી. આ રીતે સ્પષ્ટ છે કે ખરતરગચ્છમાં આ સમયે પણ સાધ્વીજીઓની સંખ્યા મોટા પ્રમાણમાં હતી. વિ. સં. ૧૩૮૯માં ફાગણવદ પાંચમે આચાર્યશ્રી જિનકુશલસૂરિનો સ્લવર્ગવાસ થયો.

દિવગંત આચાર્ય જિનકુશલસૂરિના પૂર્વ આદેશ અનુસાર ક્ષુલ્લક પદ્મમૂર્તિને જિનપદ્મસૂરિ નામથી વિ. સંવત જેઠ સુદ છઠના દિવસે આચાર્યપદ પર પ્રતિષ્ઠિત કર્યા. આ પટ્ટ મહોત્સવ દેવરાજપુર સ્થિત વિધિચૈત્યમાં સ્વગચ્છીય સાધુ-સાધ્વીઓ તથા

સમાજના સ્વપક્ષીય શ્રાવકોની સામે બહુ જ ધૂમધામથી ઉજવાયો.

આચાર્ય જિનપદ્મસૂરિએ વિ. સં. ૧૩૯૧ પોષ વદ દસમે લક્ષ્મીમાલા નામની ગણિની પ્રવીતિનીન પદ પર પ્રતિષ્ઠિત કર્યા, વિ. સંવતા ૧૩૯૪માં ચૈત્ર સુદ પૂર્ણિમાએ તેમને પંદર મુનિઓ તથા જયદ્ધિ મહત્તરા આદિ આઠ સધ્વીઓ અને કેટલાંક શ્રાવકોની સાથે આબુતીર્થની યાત્રા પર ગયા. જિનપદ્મ સુરિ દ્વારા કોઇ મહિલાને દીક્ષા આપ્યાનો ઉલ્લેખ મળતો નથી. વિ. સં. ૧૪૦૪મા વૈશાખ સુદ ચૌદશે નાની વયમાં તેમનું દુઃખદ નિધન થઇ ગયું.

ત્યારબાદની શતાબ્દીઓમાં પણ ખરતરગચ્છમાં સાધ્વીએની પૂરતી સંખ્યા રહી હતી. નાહટાજી દ્વારા સંકલિત અને સંપાદિત ''બીકાનેર જૈન લેખ સંગ્રહ''માં પણ ૧૮ સાધ્વીઓનો ઉલ્લેખ મળે છે. અન્ય લેખ સંગ્રહોમાં પણ શોધવાથી સાધ્વીઓના નામ મળી શકે છે.

ખરતરગચ્છીય શ્રમણસંઘમાં સાધ્વીઓ મોટી સખ્યામાં હતી પરંતુ તેઓએ પોતાને ધર્મિક અનુષ્ઠાન સુધી સીમિત રાખી હતી. જયાં આ ગચ્છમાં અનેક સાહિત્યો પાસક મુનિઓ થઇ ગયા છે ત્યાં શ્રમણી સઘમાં માત્ર ચાર-પાંચ સાધ્વીઓના ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. શ્રી અગરચંદજી નહાટાએ નારી શિક્ષણનો અભાવ એનું મુખ્ય કારણ બતાવ્યું છે તે સાચું લાગે છે.

વર્તમાનયુગમાં નારી શિક્ષણનો ઉત્તરોત્તર પ્રચારને કારણે શ્વેતાંબર-દિગંબર બંને સંમ્પ્રદાયોની બધી શખાએમાં આજે અનેક વિદુષી સાધ્વીઓ છે જે તપશ્ચર્યાની સાથે સાથે સ્વધ્યાયમાં પણ સમાન રીતે વ્યસ્ત છે. ખરતરગચ્છમાં સાધ્વી સજ્જનશ્રી એવી વિદુષી સાધ્વી છે જે પોતાની વિદ્વતાને માટે પ્રસિદ્ધ છે. વસ્તુત નારી શિક્ષણના પ્રકારને કારણે મધ્યકાલની અપેક્ષાએ ખરતરગચ્છ જ નહિ પણ સંપૂર્ણ જૈન શ્રમણી સંઘનુ ભવિષ્ય ઉજ્જવલ છે.

## ખરતરગચ્છીય સુખસાગર મહારાજના સમુદાયની સાધ્વી પરંપરાનો પરિચય.

જે પ્રકારે શિથિલાચાર પરિહારી ક્રિયોદ્ધારા સંવેગી સાધુ પરંપરાનો પ્રારંભ ૧૯મી શતાબ્દીમાં ઉપાધ્યાય પ્રીતિસાગર ગણિ પાસેથી મેળવીને તેમની પરંપરાનો પરિચય આપ્યો છે. એ જ રીતે સાધ્વી વર્ગે પણ આ મુનિવૃન્દોની સાથે ક્રિયાદ્ધોર જરૂર કર્યો હશે પરંતુ એનો કોઇ પ્રમાણિક ઉલ્લેખ મળતો નથી, ક્રિયો દ્ધારિકાના રૂપમાં સર્વપ્રથમ ૧૯મી શતાબ્દીમાં ઉદ્યોતશ્રીજીનું નામ પ્રાપ્ત થય છે. વર્તમાનમાં સમુદાયની પરંપરા પણ ઉદ્યોગશ્રીજીની જ શિષ્યા પરંપરા છે. તેથી ઉદ્યોતશ્રીજીનો પરિચય આપ્યો છે.

## ૧. ઉદ્યોતશ્રીજી

તેમનું નિવાસ સ્થાન ફલોદી હતું. નામ નાનીબાઇ હતું. બાલ્યાવસ્તામાં જ ફલોદીના રતનચન્દજી ગોલેછાની સાથે વિલાહ થયો હતો. અશુભ કર્મોદયને કારણે તેમના પતિનો સ્વર્ગવાસ થઇ ગયો. પતિના અચાનક સ્વર્ગવાસથી તેમનું મન સંસારથી વિરક્ત થઇ ગયું. રૂપશ્રીજીથી પ્રભાવિત થઇને તેમને સંવત્ ૧૯૧૮માં તેમની પાસે દીક્ષા ગ્રહણ કરી અને તેમને સદ્દગુરુનો સહયોગ મળ્યો. આ સદ્દગુરુ હતા સુખ સાગરજી. સુખસાગરજીની ઉત્કૃષ્ટ ક્રિયા પાત્રતા જોઇને ઉદ્યોગશ્રીજીએ પણ ક્રિયોદ્ધાર કર્યો અને તેમની અનુયાયીની બની ગઇ.

કાલાંતરે તેમને ચાર સાધ્વીઓને દીક્ષા આપીને પોતાના સાધ્વી સમુદાયમાં વૃદ્ધિ કરી. આ ચાર સાધ્વીઓ હતી. ધનશ્રી, લક્ષ્મીશ્રી, મગનશ્રી અને પુણ્યશ્રી.

તેઓ સાધ્વીજીઓને શિક્ષ તથા દીક્ષા આપતાં અનેક સ્થાનો પર વિચરણ કરતા હતા. સવત ૧૯૪૦ પછી ફલોદીમાં તેમનો સ્વર્ગવાસ થયો. તેમની શિષ્યાઓ લક્ષ્મીશ્રીજી અને શિવશ્રીજીની શિષ્યાઓમાં અતિ અધિક માત્રામાં વૃદ્ધિ થવાને કારણે ઉદ્યોતશ્રીજીની પરંપરા બે ભાગમાં વિભક્ત થઇ ગઇ એક લક્ષ્મીજીની પરંપરા અને બીજી શિવશ્રીજીની પરંપરા.

## ૨) પ્રવર્તિની લક્ષ્મીશ્રીજી

તેમનું નિવાસસ્થાન ફલોદી હતું. તેઓ જીતમલજી ગોલેછાની સુપુત્રી હતા અને કનીરામજી ઝબકના પુત્ર સરદાસ મલજીની પત્ની હતા. તેમનું નામ લક્ષ્મીબાઇ હતું. સુખસાગરજી મહારજના ઉપદેશથી પ્રતિબોધિત થઇને સંવત ૧૯૨૪માં માગસર

વદ ૧૦ના દિને દીક્ષા ગ્રહણ કરી. તેમને અનેક મહિલાઓને દીક્ષા આપી હતી. સંવત ૧૯૩૧માં પુણ્યશ્રીને દીક્ષ આપી હતી. તેઓ કયં સુધી વિદ્યમાન રહ્યા. કયારે તેમનો સ્વર્ગવાસ થયો અને કયાં થયો એનો કોઈ ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી.

## ૩) પ્રવર્તિની પુણ્યશ્રીજી

જેસલમેરની પાસે ગિરાસર નામના ગામમાં પારખ ગોત્રીય જીતમલજીની ધર્મપત્ની કુન્દનદેવીએ સંવત ૧૯૧૫માં વૈશાખ સુદ છઠના દિવસે એક બાલિકાને જન્મ આપ્યો તેનું નામ પન્નીબાઈ રાખવામાં આવ્યું. અગિયાર વર્ષની ઉમરમાં ફલોદી નિવાસી દોલતચન્દ ઝાબકની સાથે પન્નીબાઈના વિવાહ થયા. પરંતુ વિવાહના અઢાર દિવસ પછી પન્નીબાઈ વિધવા થયા. બહુ જ મુશ્કેલીઓ બાદ દીક્ષાની અનુમતિ મેળવી. સંવત ૧૯૩૧માં ગણનાયક સુખસાગરજી મહારજની પાસે દીક્ષા ગ્રહણ કરી, લક્ષ્મીશ્રીજીની શિષ્યા બની અને તેમનું નામ પુણ્યશ્રી રાખવામાં આવ્યું.

સંવત ૧૯૩૧થી શરૂ કરીને ૧૯૭૬ સુધી ૪૫ વર્ષ પર્યંત સ્થળે સ્થળે વિચરણ કરતાં કરતાં ધર્મોપદેશ આપતાં શાસનની સેવા અને ખરતરગચ્છની વૃદ્ધિમાં સતત લીન રહ્યા. તે દરમ્યાન તેમની નિશ્રામાં ૧૧૬ દીક્ષાઓ જુદા જુદા સ્થળો પર થઈ. આ દીક્ષાઓ માં ૪૯ દીક્ષાઓ તેમની શિષ્યાઓ હતી. અને બાકીની તેમની શિષ્યાઓની અને પ્રશિષ્યાઓની હતી. અને બાકીની તેમની શિષ્યાઓની અને પ્રશિષ્યાઓની શિષ્યા બની. હતી. ગણનાયક સુખસાગરજી મહારાજનું એ સ્વપ્ન હતું કે 'કેટલાક વાછરડાઓની સાથે ગાયોનું ઝૂંડ જોયું. તે સ્વપ્ન એ પુણ્યશ્રીના સમયમા સાકાર રૂપ લીધુ.

૧૯૭૨થી ૧૯૭૬માં તેમનું ચાર્તુર્માસ જયપુરમાં થયું. અંત કાળમાં તેઓ જયપુરમાં હતા. જયપુરનું પાણી માફક ન આવવાથી તેઓ બિમાર રહેલવા લાગ્યા. શરીર વ્યાધિગ્રસ્ત અને જર્જરિત થઈ ગયું. ધર્મારાધના અને શાસ્ત્ર શ્રવણ કરતાં કરતાં સં. ૧૯૭૬માં ફાગણ સુદ ૧૦મા દિને જયપુરમાં તેમને સ્વર્ગવાસ થયો. મોહનવાડીમાં એમનો અગ્નિસંસ્કાર કરલામાં આવ્યો. અને શિવજી મહારાજની છતરીની પાસે તેમની છતરી બનાવીને ચરણપદુકા સ્થાપિત કરવામાં આવી.

## ૪) પ્રવૃર્ત્તિની સુવર્ણશ્રીજી

પ્રવર્તિની પુણ્યશ્રીજીના સ્વર્ગવાસ પછી તેમના આદેશ પ્રમાણે સુવર્ણશ્રીજી પ્રવર્તિની થયા. તેઓ અહમદનગર નિવાસી શેઠ યોગીદાસજી વોહરાની પુત્રી હતા. માતાનું નામ દુર્ગાદેવી હતું. તેમનો જન્મ સંવત ૧૯૨૭ના જેઠ વદી બારસના દિવસે થયો હતો. તેમનું નામ સુંદરબાઈ રાખવામાં આવ્યું હતું. ૧૧ વર્ષની ઉમ્મરે સંવત્ ૧૯૩૮માં મહા સુદ ત્રીજના દિવસે નાર્ગાર નિવાસી પ્રતાપચન્દજી ભંડારીની સાથે તેમના શુભવિવાહ થયા. સંવત ૧૯૪૫માં પુણ્યશ્રીજીના સંપર્કથી વૈરાગ્યભાવના જાગૃત થઈ. બહુ મુશ્કેલીથી તેમણે પતિ પાસેથી દીક્ષા માટે આજ્ઞા મેળવી. અને સંવત ૧૯૪૬માં માગસર સુદ પાંચમના દિવસે દીક્ષા લઈ કેસરશ્રીજીની શિષ્યા બન્યા. અને સાધ્વીજીવનમાં તેમનું નામ સુવર્ણશ્રીજી રાખવામા આવ્યું.

પુણ્યશ્રીજીને તેમના પર અતિ અધિક પ્રેમ હતો. સ્ર્વગવાસની પહેલાં જ તેમને પુણ્યશ્રીજી ગણનાયિકા પદ પર ઘોષિત ર્યા. હતા. સંવત ૧૯૭૬માં સુવર્ણશ્રીજીએ પ્રવર્તિની પદનો ભાર કુશળતાપૂર્વક ઉપાડયો. તેમની પોતાની અઢાર શિષ્યાઓ હતી.

## ૫) પ્રવર્તિની જ્ઞાનશ્રીજી

પ્રવર્તિની સુર્વશ્રીજીના સ્વર્ગવાસ પછી જ્ઞાનશ્રીજી પ્રવર્તિની થયા. તેમનો જન્મ સંવત્ ૧૯૪૨માં કારતક વદ તેરસના દિવસે ફલોદીમાં થયો હતો. તેમનું નામ ગીતાકુમારી હતું. કેવલચંદજી ગોલેછા તેમના પિતા હતા. મારવાડની જૂની પરંપરા પ્રમાણે ગીતાના વિવાહ નવ વર્ષની ઉમ્મરે ભૌમચન્દજી વેદની સાથે કરવામાં આવ્યા હતા. દુર્ભાગ્યથી એક જ વર્ષમાં ભૌમચન્દ્રનો સ્વર્ગવાસ થયો અને ગીતા બાલ્યાવસ્થામાં જ વિધવા થઈ. સાધ્વી રત્નશ્રીજીના સપર્કથી વૈરાગ્યનું બીજ રોપાયું. અને છેવટે સંવત્. ૧૯૫૫ પૌષ સુદ સાતમે ગણનાયક ભગવાન સાગરજી, તપસ્વી છગનસાગરજી, ત્રૈલોકય સાગરજીની ઉપસ્થિતિમાં ફલોદીમાં જ તેમની દીક્ષા થઈ. પુણ્યશ્રીજીની શિષ્યા બની તેમનું જ્ઞાનશ્રી નામકરણ થયું.

## ૬) ઉપયોગશ્રીજી

તેઓ ફલોદીનિવાસી કનૈયાલાલ ગોલેછાના પુત્રી હતા. કેસરબાઇ તેમનું સંસારી નામ હતું. તેમના વિવાહ ગુજરાજજી વરડિયા સાથે થયા હતા. નાની વયમાં તેઓ વિધવા થયા. જ્ઞાનશ્રીજીના ઉપદેશથી ૧૯૭૪માં મહાસુદ ૧૩ના દિવસે ફલોદીમાં તેમને દીક્ષા લીધી. તેઓ પુણ્યાશ્રીજીની શિષ્યા બની. પરંતુ આખુંય જીવન જ્ઞાનશ્રીજીની સેવામાં વીતાવ્યું. તે ઉદરહૃદયા અને સેવાભાવી હતા. સંવત ૨૦૧૬માં જયપુરમાં તેમનો અચાનક સ્વર્ગ થઇ ગયો હતો.

## ૭) પ્રવર્તિની વિચક્ષણશ્રીજી

જૈન કૌકિલા પ્રખર વકતા વિદુષી વિચક્ષણશ્રીજીનો જન્મ સંવત ૧૯૬૯માં અમરાવતીમાં થયો હતો. તેમના પિતાનું નામ મિશ્રીમલજી મૂથા અને માતાનું નામ રૂપાદેવી હતું. તેમનું સંસારી નામ દાખીબાઇ હતું. નાની વયમાં તેમની સગાઇ પન્નાલાલ મુણાંત સાથે કરવામાં આવી હતી. મિશ્રીમલજીના અચાનક સ્વર્ગવાસ થવાથી અને સુવર્ણશ્રીજીની સાથે સતત સંપર્કમાં રહેવાને કારણે માતા અને પુત્રી બંને દીક્ષા માટે ઇચ્છુક થઇ ગયા. જતનશ્રીજી, જ્ઞાનશ્રીજી, ઉપયોગશ્રીજી વગેરેની હાજરીમાં સંવત્ ૧૯૮૧માં માતા-પુત્રી બંનેની દીક્ષા થઇ. રૂપાબાઇનું નામ વિજ્ઞાનશ્રીજી અને દાખાબઇનું નામ વિચક્ષણશ્રીજી રાખલામાં આવ્યું. અને બંનેને સુવર્ણશ્રીજીની શિષ્યા જાહેર કરવામાં આવ્યા. આ બન્નેની મોટી દીક્ષા ગણનાયક હરિસાગરજી મહારાજે આપી. અને વિચક્ષણશ્રીજી ને જતનશ્રીજીની શિષ્યા જાહેર કર્યા.

વિચક્ષણશ્રીજીની વાણીમાં શ્રોતાઓને મુગ્ધ કરનારો જાદૂ હતો. મોટી મોટી વિશાળ સભાઓમાં નિર્ભયપણે તેઓ ભાષણ કરતા હતા. મોટા મોટા જૈનાચાર્યોની સમક્ષ પણ ભાષણ આપતાં તેમને કયારેય પણ ખચકાટ અનુભવ્યો ન હતો. તપાગચ્છના પ્રસિદ્ધ આચાર્ય યુગદિવાકર વિજય વલલભસૂરિજીએ તો તેમના અનેક ભાષણોથી મુગ્ધ થઇને તેમને 'જૈન કોકિલ'' સંબોધન કર્યું હતું. પ્રવર્તિની જ્ઞાનશ્રીજી મહરાજના સ્વર્ગવાસ પછી સમુદાયનો ભાર તેમના ખભા પર આવ્યો અને તે તેમને સફળતાપૂર્વક નિભાવ્યો.

## ૮) પ્રવર્તિની સજ્જનશ્રીજી

તેમનો જન્મ ગુલાબી નગરી જયપુરમાં થયો ત્યાં જ તેઓ મોટા થયા. વિવાહિત જીવન જીવ્યા અને ત્યાં જ દીક્ષા લીધી: સંવત ૨૦૩૭માં પ્રવર્તિની પદને શોભાવ્યું અત્યારે તેમની આજ્ઞામાં નીચે પ્રમાણે સાધ્વી સમુદાય વિચારણા કરી રહ્યા છે.

૧) શશિપ્રભાશ્રીજી આદિ ૧૨ ઠાણા સજ્જનશ્રીજી મહારાજની શિષ્યાઓ છે.

૨) સ્વર્ગસ્થ ચંપાશ્રીજી મહારાજની શિષ્યાઓ જિતનેન્દ્રશ્રીજી ૧૨ ઠાણાઓ સાથે વિચરણ કરી રહ્યાં છે.

૩) વિચક્ષણ મંડળની ૫૧ સાધ્વીઓ અનેક સ્થાનો પર વિચરણ કરી રહી છે.

૪) રતિશ્રીજી ૭ ઠાણાની સાથે ફલોદીમાં બિરાજમાન છે.

૫) સ્વર્ગીયા પવિત્રશ્રીજીની શિષ્યાઓમાં દિવ્યપ્રભાશ્રીજી ૮ ઠાણાંની સાથે છે.

પ્રવર્તિની સજ્જનશ્રીજી મહારાજ દીર્ઘજીવી થાય અને શાસન તથા ખરતરગચ્છાના ઉત્થાન માટે નિરંતર સહયોગ આપતી રહે તેવી હાર્દિક શુભકામના.

## ૨) શિવશ્રીજી મહારાજનો સમુદાય

તેઓ ઉદ્યોતશ્રીજી મહારાજની નાની શિષ્યા હતી. એમના વિષેની બીજી કોઇપણ પ્રકારની માહિતી હજી સુધી પ્રાપ્ત થતી નથી. પરંતુ તેમનો સાધ્વી સમુધાય વિશાળ હોવાને કારણે આ સમુદાય શિવશ્રીજીના સમુદાયના નામથી પ્રસિદ્ધ થયો છે. ઘણાંને દીક્ષા આપી હતી. પરંતુ જેની પરંપરા પાછળથી ચાલુ રહી તે મુખ્યત્વે પાંચ હતા. એ પાંચોના નામ નીચે પ્રમાણે છે.

પ્રતાપશ્રીજી, દેવશ્રીજી, જ્ઞાનશ્રીજી, પ્રેમશ્રીજી અને વિમલશ્રીજી, આ પાંચેયના પરિવારનો સંક્ષિપ્ત પરિચય નીચે પ્રમાણે છે.

## ૧) પ્રવર્તિની પ્રતાપશ્રીજી

શિવજીશ્રીના સ્વર્ગવાસ થયા પછી તેઓ પ્રવર્તિની બન્યા. સંવત્ ૧૯૪૮ના માગસરવદ બીજના દિવસે તેમની દીક્ષા થઈ હતી. ગૃહસ્થાવસ્થામાં તેઓ સૂરજમલજી ઝાબકની પત્ની હતા. અને તેમનું નામ જ્યોતિબાઈ હતું. તેમને અનેક શિષ્યાઓ બનાવી હતી. તેમાં દિવ્યશ્રીજી, મોહનશ્રીજી વગેરે આજે પણ વિદ્યમાન છે.

## ૨) પ્રવર્તિની દેવીશ્રીજી

એમના વિશેની કોઈપણ પ્રકારની જાણકારી પ્રાપ્ત થતી નથી. પ્રતાપશ્રીજીના સ્વર્ગવાસ પછી એ સમુદાયનું નેતૃત્વ તેમને સંભાળ્યું હતું અને તેમને પ્રવર્તિની પદ પ્રાપ્ત કર્યું હતું. ચન્દ્રકાન્તાશ્રીજી વગેરે કેટલાંક સાધ્વીજીઓ એમની પરંપરામાં આજે પણ વિદ્યમાન છે.

## 3) પ્રવર્તિની પ્રેમશ્રીજી

પ્રવર્તિની દેવશ્રીજીની પછી પ્રેમશ્રીજીએ પ્રવર્તિની પદ પ્રાપ્ત કર્યું હતું. ફલોદીમાં જ એમનો સ્વર્ગવાસ થયો હતો. એમની પરંપરામાં નીચે પ્રમાણે સાધ્વીઓ વિદ્યમાન છે.

૧) વિકાસશ્રીજી ઠાણા-૩

૨) વિનોદશ્રીજી

૩) વિદુષી સાધ્વી હેમપ્રભાશ્રીજી ઠાણા ૧૪ જેમના ઉપદેશથી બિકાનેરમાં ઉપધાન તપ થયા હતા. તેએ શાસ્ત્રના સારા જાણકર છે અને એક સારા વકતા પણ છે.

.૪) સુલોચનશ્રીજી ઠાણા -૯

## (૪) પ્રવર્તિની વલ્લભશ્રીજી

પ્રેમશ્રીજી મહારાજના સ્વર્ગવાસ પછી સાધ્વી સમુદાયનું નેતૃત્વ વલ્લભશ્રીજીના ખભા પર આવ્યું અને તેએ પ્રવર્તિની બન્યા, વલ્લભશ્રીજી પ્રેમશ્રીજી મહારાજની શિષ્યા હતા. જ્ઞાનશ્રીજી પ્રેમશ્રીજીથી મોટા હતા પરંતુ તેમનો સ્વર્ગવાસ પહેલા થઈ જવાનો કારણે પ્રવર્તિની પદ પ્રેમશ્રીજીને અને ત્યારબાદ વલ્લભશ્રીજીને પ્રાપ્ત થયું હતું. વલ્લભશ્રીજી એક સારા વિદુષી હતા. તેઓ આગમોના જાણકાર હતા અને ઉપદેશ દેવામાં ઉત્તમ હતા. તેમનો સ્વર્ગવાસ ફલોદીમાં થયો હતો. તેમની શિષ્યા - પ્રશિષ્યાઓમાંથી લગભગ ૩૫ અત્યારે વિદ્યમાન છે. તેમના નામો નીચે પ્રમાણે છે

(૧) પ્રવર્તિની જિનશ્રીજી આદિ ૬ ઠાણા

(૨) નિપુણાશ્રીજી આદિ

(૩) છત્રીસગઢશિરોમણિ મનોહરશ્રીજી આદિ ૧૯ ઠાણા, તેઓ એક સારા વિદુષી સાધ્વી છે. તેમની બધી સાધ્વીઓ વ્યાખ્યાન આપવામાં સરસ છે.

(૪) કુસુમશ્રીજી આદિ

## (૫) પ્રવર્તિની પ્રમોદશ્રીજી

પ્રવર્તિની વલ્લભશ્રીજીના સ્વર્ગવાસ પછી પ્રવર્તિની પદ પર પ્રમોદશ્રીજીની સ્થાપના થઈ. પ્રમોદશ્રીજી મહારાજની પ્રશિષ્યા અને વિમલશ્રીજીની શિષ્યા હતી. તેમનો જન્મ સંવત ૧૯૫૫ના કારતક સુદ પાંચમના દિવસે ફલોદીમાં થયો હતો. ગોલેછા ગોત્રીય સુરજલજીની પત્ની શ્રેઠીબાઈની પુત્રી હતી. તેમની દીક્ષા સંવત ૧૯૬૪ના મહાસુદ પાંચમના દિવસે ફલોદીમાં થઈ હતી. તેઓ આગમ સાહિત્યના જાણકાર હતા. તેમની સાધ્વી પરંપરામાં પ્રકાશશ્રીજી એક સારા લેખિકા પણ છે. તેઓ ડોકટરેટને માટે શોધપ્રબંધ લખી રહ્યા છે, પ્રમોદશ્રીજી મહારાજનો સ્વર્ગવાસ સંવતા ૨૦૩૯ પોષ વદ ૧૦ના રોજ બાડમેરમાં થયો.

## (૬) પ્રવર્તિની જિનશ્રીજી

પ્રમોદશ્રીજીની પછી પ્રવર્તિની પદ પર પ્રવર્તિની વલભશ્રીજી મહારજની શિષ્યા જિનશ્રજી વિભૂષિત થઇ. તેમને જન્મ સંવત ૧૯૫૭માં આસો સુદ આઠમ દિને તિવરીમાં થયો. પિતાનું નામ બૂરડ લાધૂરામજી અને માતાનું નામ ઘુણીદેવી હતું. સંવત ૧૯૭૬માં માગસર સુદ પાંચમે તેમને વલ્લભશ્રીજી મહારાજ પાસે દીક્ષા ગ્રહણ કરી હતી. સંવત્ ૨૦૪૦ સુદ બીજીના દિવસે તેમને પ્રવર્તિની પદ પ્રાપ્ત થયું હતું. ૮૮ વર્ષની વૃદ્ધાવસ્થા અને શારીરિક અસ્વસ્થાને કારણે હવે તેઓ છ ઠાણા સાથે અમલનેરમાં વિરાજમાન છે. શિવશ્રીજી સમુદાયના લગભગ ૯૦ સાધ્વીજીઓનું તેઓ નેતૃત્વ કરી રહ્યા છે.

શિશ્રીજી મહારાજના સમુદાયનો વિસ્તૃત ઇતહાસ સમય અને સામગ્રીના અભાવને કરણે લખી શકાયો નથી.

## ખરતરગચ્છીય પ્રવર્તિની સિંહશ્રીજી મહારાજના સાધ્વી સમુદાયનો પરિચય

સાધ્વી હેમપ્રભાશ્રીજી

'મહાશ્રમણી'નામના અભિનંદન ગ્રંથમાંથી)

જૈન ધર્મપરંપરામાં મોક્ષના માર્ગ પર ચાલવાનો સ્ત્રી અને પુરુષને સમાન અધિકાર છે. આત્મસમાનતાના ગાયક ભગવાન મહાવીરે સાધનાક્ષેત્રમાં જાતિ-ભેદ, વર્ગભેદ, અને રંગ-ભેદ વગેરેને કદિ પણ સ્વીકાર્યા નથી. તેમના ઉદઘોષ હંમેશા એજ રહ્યો છે કે સાધના કરવાનો, આત્મવિકાસ કરવાનો, મુકિત પ્રાપ્ત કરવાનો બધાંને સમાન અધિકાર છે. અત્મપ્રધાન દર્શનોમાં પરસ્પર વિરોધી રેખાઓ હોઇ ન શકે. જે અનંતગુણ યુકત આત્મજયોતિ પુરુષમાં છે એવી જ આત્મજયોતિ નારીમાં પણ છે જ. તેથી જ સાધનાના ક્ષેત્રમાં પુરુષ અને નારીનો કોઇ ભેદ નથી. આજ કારણે ચતુર્વિધ સંઘની સ્થાપનામાં સાધુની સાથે સાધ્વી અને શ્રાવકની સાથે શ્રાવિકાને તેમને સમાન સ્થાન આપ્યું છે. નેતૃત્વની કયારેય તેમના હાથમાં નથી આવ્યું. તે છતાં પણ સંયમ સાધના, શાસન પ્રભાવના, વિદ્વતા વગેરે દ્રષ્ટિએ જોતાં સંઘમાં તેમનું ગૌરવપૂર્ણ સ્થાન રહ્યું છે. સાહસ અને સંકલ્પની દ્રષ્ટિએ જોવામાં અવે તો કયારેક નારી પુરુષની પ્રેરણા બનવાનું દિવ્ય અને ભવ્ય સૌભાગ્ય પ્રાપ્ત કરી ચુકી છે. બ્રાહ્મી, સુન્દરી રાજીમતી, યાકિની મહત્તરા નાગિલા વગેરે એના અનુપમ ઉદાહરણ છે તેઓએ પોતાના ર્માગમાં ડગમગડતા સાધુઓને સ્થિર કર્યા છે એટલું જ નહિ પરંતુ તેમને મહાન ત્યાગ અને સંયમી બનાવીને મુકિતનો પથ બતાવ્યો છે. એટલું જ નહીં પણ સાધકોની સંયમ રક્ષના હેતુ માટે તેઓએ પોતાના જીવનનો ઉત્સર્ગ પણ કરી દીધો. સાધ્વી બન્ધુમતી આનું જવલંત ઉદાહરણ છે.

ભગવાન મહાવીરના સમયમાં વિદ્યમાન સાધ્વી પ્રમુખા આર્યા ચન્દનબાલાથી શરૂક રીને સાધ્વીઓની આ ગૌરવપૂર્ણ પરંપરા આજ સુધી અવિચ્છિન્ન રૂપે ચાલી રહી છે. આ પરંપરામાં કેટલાંય સંયમી તપસ્વી, વિદૂષી, કવિયત્રી, અને લેખિકા આર્યાઓ થઇ ગઇ અને વર્તમાનમાં પણ છે. જેમની ગૌરવ ગાથા પ્રકાશસ્તંભની જેમ આજે પણ માનવજાતિને દિશા બતાવી રહી છે.

આ પરંપરામાં ખરતરગચ્છીય સાધ્વીમંડલે સંયમ નિષ્ઠા, વિદ્વત્ત, વકૃતૃત્વ, લેખન વગેરે દ્રષ્ટિએ પોતાનું વિશિષ્ટ સ્થાન રાખ્યું છે. આજે પણ આ પરંપરામાં સંખ્યા ઓછી હોવા છતાં પણ ઉચ્ચકોટિની સંયમ સાધિકાઓ, વકતાઓ કવિયત્રીઓ, લેખિકાઓ વગેરે મોટી વિદુષી સાધ્વીઓ છે જે આત્મ સાધના કરતી કરતી પોતાના જ્ઞાન અને પ્રતિભા દ્વારા જન સામાન્ય સુધી ભગવાન મહાવીરનો દિવ્ય પહોંચાડી રહી છે.

સમયના પ્રવાહની સાથે આ પરંપરા કેટલીયે શાખા -ઉપશાખાઓમાં સમૃદ્ધ બની. પ.પૂ. ખરતરગચ્છાધિપતિ સુખસાગરજી મહારાજના સમુદાયમાં વર્તમાનમાં સાધ્વીઓની બે સમૃદ્ધ પરંપરાઓ છે. જે પુણ્યમંડલ અને શિવમંડલના નામથી પ્રસિદ્ધ છે. પુણ્યમંડલની પ્રમુખા પુણ્ય શ્લોકો પુણ્યશ્રીજી મહારાજ છે અને શિવમંડલની પ્રમુખ સ્વનામધન્યા સંયમમૂર્તિ શિવશ્રીજી મહારાજ છે. બંનેનું મૂળ એક છે બંને પ.પૂ. લક્ષ્મીશ્રીજી મહારાજ સાહેબની શિષ્યાઓ છે.

## લક્ષ્મીશ્રીજી

લક્ષ્મીશ્રીજી વાસ્તવમાં ગચ્છને માટે લક્ષ્મી સ્વરૂપા સિદ્ધ થઇ છે. તેમની પરમ કૃપાનું સારું પરિણામ એ છે કે આજે બંને મંડળ સુયોગ્ય સાધ્વીઓથી સમૃદ્ધ છે. તેઓ ફલોદી નિવાસી જીથમલજી ગુલેછાની સુપુત્રી હતા. તેમનું લગ્ન તે સમયના રિવાજ

પ્રમાણે નાની ઉમ્મરમાં ઝબક પરિવારમાં થયુ થોડા સમય પછી અચાનક તેમના પતિનું મૃત્યુ થઇ ગયું. નાની ઉમંર, ધર્મરુચિ, કૌટુંબિક સુવિધાએ મ.સા.ની પ્રેરણાથી તેઓએ વિરકત બની વિ. સંવત ૧૯૨૪માં માગસર વદ દસમના શુભદિને દીક્ષા ગ્રહણ કરી. પૂ. ગુરુદેવ અને ગુરુવર્યાશ્રીની નિશ્રામાં શાસ્ત્રાધ્યયન કરી તેમને વિદ્વત્તા પ્રાપ્ત કરી હતી. તેઓ વિદુષી હોવાની સાથે પ્રખર વ્યાખ્યાતા તપસ્વીની, સંયમી અને પ્રભાવશળી હતા. તેમની બે શિષ્યાઓ હતી (૧) પ. પૂ. મગનાશ્રીજી મ.સા. અને (૨) શિવશ્રીજી. મ. સા. ખરતરગચ્છમાં શિવમંડલના નામથી પ્રસિદ્ધ મંડલ તેમની પરંપરામાં છે.

## સિંહશ્રીજી

તેમના બે નામો શિવશ્રીજી અને સિંહશ્રીજી મળે છે. તેમનો જન્મ વિ.સં. ૧૯૧૨માં ફલોદીમાં થયો હતો. પિતાનું નામ લાલચન્દ્રજી અને માતાનુંનામ અમોલક દેવી હતું. એમનું જન્મનું નામ શેરુ હતું. તેઓમાં વીસ વર્ષની વયમાં વિધવા થવાને કારણે વૈરાગ્યલૃત્તિ જાગૃત થઇ. તેઓ વિ. સં. ૧૯૩૨ની અક્ષયતૃતીયાએ પ.પૂ. લક્ષ્મીશ્રીજી મહારાજના ચરણોમાં સંયમ સ્વીકાર કર્યો. તેમના પ્રવચનો બહુ જ પ્રભાવશાળી રોચક અને પ્રેર હતા. આ જ કારણે એમને કેટલાંય આત્માને બોધ આપી સંયમી બનાવ્યા. બીજાની ભાવનાઓને પોતાના વિચારોમાં ઢાળવાની ક્ષમતા એ બહુ જ મોટી સિદ્ધિ ગણાય છે. તેમના પુણ્યપ્રભાવે આજે તેમની પરંપરા સુયોગ્ય સાધ્વીઓથી સમૃદ્ધ છે અને શિવમંડલના નામથી પ્રસિદ્ધ છે. તેમની સાત શિષ્યાઓ પ્રસિદ્ધ છે (૧) પ્રતાપશ્રીજી. મ. (૨) દેવશ્રીજી. મ. (૩) પ્રેમશ્રીજી મ. (૪) જ્ઞાનશ્રીજી મ. (૫) વલ્લભશ્રીજી મ. (૬) વિમલાશ્રી જી. મ. (૭) પ્રમોદશ્રીજી મ. તેઓનો સ્વર્ગવાસ વિ. સં. ૧૯૬૫માં પોષ સુદ બારસે અજમેરમાં થયો.

આ સાત પૂજ્યાઓનો વિશાળ શિષ્યા પ્રશિષ્યા પરિવાર શિવ-મંડળ છે. જે રીતે રંગબેરંગી પુષ્પોવડે વાડી મહેકે છેતેવી જ રીતે ગુણ-સૌરભ સંપત્તિ ૮૫-૯૦ સાધ્વીઓ દ્વારા આ શિવમંડલ રૂપી બાગ મહેકી રહ્યો છે.

## પ્રતાપશ્રીજી

તેમનો જન્મ વિ. સં. ૧૯૨૫માં પોષ સુદ દસમે ફલોદીમાં થયો હતો. તેમના પિતા મુકનચન્દજી લૂંકડ અને માતા સુકનદેવી હતા.તેમનું સંસારી નામ આસીબાઇ હતું. બાર વર્ષની કોમળ ઉમ્મરે સૂરજમલજી ઝાબક સાથે તેમનો વિવાહ થયો. પરંતુ તેમનું ગૃહસ્થજીવન લાંબા સમય સુધી રહ્યું નહિ. થોડાં વર્ષોમાં જ તેઓ વિધવા થયા.

જે કાંઇ થઇ ગયું તેને ભૂલી જા અને ભવિષ્યમાં વિચાર કર' એ સૂત્ર અનુસાર આસીબાઇ ભૂતકાળને ભૂલીને આગળ શું કરવું એ વિચાર કરવા લાગી. સર્વપ્રથમ તેમને શ્રાવકોચિતસૂત્રોનું અધ્યયન શરૂ કર્યું અને ધર્મારાધનમાં મન પરોવ્યું. તેથીતેમની વેદના શાંત થઇ. શાંતિ અને સાંત્વના પ્રાપ્ત થયા. કર્મબંધનથી મૂંઝાયેલું મન મુકિતની સાધનાનો માર્ગ શોધવા લાગી. બરાબર એ જ સમયે તેમને આદર્શ ત્યાગ પ્રતિમા, વિશુદ્ધ સંયમી શિવશ્રીજી મ. સા. નો સંયોગ થયો. તેમની પ્રેરણાથી આસીબાઇએ પૂર્ણ સાધનામય સંયમીજીવન જીવવાનો દ્રઢ સંકલ્પ કર્યો અને લિ. સં. ૧૯૪૭માં માગસર વદ દસમે દીક્ષા લીધી. તેઓએ પૂ. શિવશ્રજી મ. સા.ની મુખ્ય શિષ્યા બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું.

## દેવશ્રીજી

તેઓ પ્રકૃતિથી શાંત, ગંભીર અને શુચિમના હતા. તેમનો જન્મ વિ.સં. ૧૯૨૮માંફલોદીમાં થયો હતો. વૈધવ્ય બાદ પૂ. ગુરુવર્યાસિંહશ્રીજી મ.સા.ના સાન્નિધ્યમાં તેમને દીક્ષા લીધી. તેઓ ઉચ્ચકોટિની વિદ્વત્તા પ્રાપ્ત ન કરી શકયા પરંતુ વિનય અને સેવાના ક્ષેત્રમાં તેઓ અગ્રગણ્ય રહ્યા. ગુરુ અને ગુરુબેનો પ્રત્યે તેમનો સેવાભાવ, શુશ્રુસાભાવ અને સ્નેહભાવ અન્યત્ર મળવો દુર્લભ છે. પોતાની ગુરુબેનોનું કાર્ય કરી પોતે તેમને અધ્યયનકરવાનો અવસર કરી આપતા આ ગુણ તેમની મહાનતાનો પરિચય કરાવે છે. જયાં પરસ્પર હરિફાઇ થવાનો પ્રસંગ સ્વાભાવિક હોય ત્યાં ગુરુબેનોની પ્રગતિ કરાવવાના પ્રેમપૂર્વક સહયોગ આપવો તે એમની મહાન વિશષતા છે, સ્નેહની સાથે તેમનામાં વ્યવસ્થાની કુશળતા પણ છે. સ્નેહ અને વ્યવસ્થા શકિત આ બંને ગુણો એમનામાં હાજર છે. તેમના આ ગુણોનેજોઇનેવિ. સં. ૧૯૯૭ના મહાવદી તેરસના દિવસે તેમને પ્રવર્તિની પદથી વિભૂષિત કરવામાં આવ્યા.

તેઓ૧૦ થી ૧૧ શિષ્યાઓનું ગુરુપદ શોભાવતા હતા. તેમની શિષ્યાઓમાં પ. પૂ. વિદુષી રત્ના બા. બ્ર. હીરાશ્રીજીમ. સા.માં નામ તેવા ગુણો હતા. તેમનો સ્વર્ગવાસ વિ. સં. ભાદરવા વદ તેરસે ફલોદીમાં થયો.

## પ્રેમશ્રીજી

તમેનો જન્મફલોદી નિવાસી કિશનલાલજીની ધર્મપત્ની લાભૂદેવીની કૂખે વિ.સં. ૧૮૩૮ની શરદ-પૂર્ણિમાએ થયો હતો.તેમનું સંસારી નામ ઘૂલિ રાખવામાં આવ્યું હતું.તેમનો ઉછેર ધાર્મિક વાતાવરણમાં થયો હતો. અને યોગ્ય શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. તેમનો વિવાહ તેર વર્ષની નાની વયમાં અઇદાનજી ગુલેછાની સાથે થયો. પરંતુ કુદરતને કંઇક બીજું જ મંજૂર હતું. લગ્નને છ મહિના પણ ન થયા અને પતિનું મૃત્યુ થયું. અને તેમને અપાર દુઃખ થાય એ સ્વાભાવિક છે.

સંયમી સિંહશ્રીજી મહારાજના સુયોગ અને સદઉપદેશથી ઘૂલિબાઇના હૃદયમાં સમ્યગ્ જ્ઞાનની જયોતિ પ્રજવલિત થઇ. ધીરે ધીરે ચિર સંચિત વૈરાગ્ય ભાવનાને પોષણ મળ્યું. સંસારમાં થનારા કર્મબંધનના વિચારોથી તે કંપી ઉઠયા. આખરે ગુરુવર્યાના ચરણોમાં સંયમ લેવાની પ્રબળ ભાવના જાગી ઉઠી. તેમની યોગ્યતા જોઇને ગુરુવર્યાએ પણ તેમને સહર્ષ સ્વીકૃતિ આપ. સોળવર્ષની ઉમ્મરમાં વિ. સં. ૧૯૫૪માં તેમને દબાદબાપૂર્વક દીક્ષા લીધી. તેમના જીવનમાં પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ છલકતો જોઇને ગુરુવર્યાએ તેમનુંબીજું નામ 'પ્રેમશ્રીજી' રાખ્યું. તીક્ષ્ણબુદ્ધિ પ્રકર પ્રતિભા, ગુરુ સમપર્ણ, અતૂટ લગન, સેવાભાવ, સંયમનિષ્ઠા. નિસ્પૃહતા, વગેરે અલૌકિક ગુણોએ તેમને જ્ઞાની પ્રખર વ્યાખ્યાતા વિશુદ્ધ- સંયમી અને ધ્યાની બનાવી દીધા.

વિ. સં. ૨૦૧૦માં ભાદરવા સુદ પૂનમના દિવસે તેઓનીઅનિચ્છા હોવાછતાં પ્રવર્તિની પદથી વિભૂષિત કરવામાં આવ્યા. પૂર્વસંકેત પ્રમાણે આસો સુદ તેરસના દિવસે જાણે કે વસ્ત્ર પરિવર્તન કરી રહ્યા હોય એ રીતે પૂર્ણ તૈયારી સાથે હસતા હસતા મૃત્યુને વર્યા. તેમને ગચ્છને અને શાસનને ૧૭ વિદુષી અને વિશુદ્ધ સંયમી, શાસન-પ્રભાવિક, પ્રખર વ્યાખ્યતા શિષ્યાઓની અપૂર્વ ભેટ આપી. જેના દ્વારા કરેલી શાસન સેવા અને વર્તમાનમાં ૨૫ પ્રશિષ્યાઓ દ્વારા કરવામાં આવતી શાસનસેવા માટે ગચ્છને મોટું ગૌરવ છે. તેમના યશશ્રીજી મ. શાન્તિશ્રીજી મ. ક્ષમાશ્રીજી મ. અનુભવશ્રીજી મ. શુભશ્રીજી મ. સા તેજશ્રીજી મ. આદિ અનેક શિષ્યાઓ થઇ ગયા. વર્તમાનમાં સાધ્વીશ્રી વિનોદશ્રીજી મ. પ્રિયદર્શનાશ્રીજી મ. વિકાસશ્રીજી મ. હેમપ્રભાશ્રીજી મ. સુલોચનાશ્રીજીમ. આદિ વિચરણ કરી રહ્યા છે.

## જ્ઞાનશ્રીજી

તેઓ લોહાવટ નિવાસી પારખ ગોત્રના મુકતચનદ્રજી અને કસ્તુરદેવની સુપુત્રી હતા. તેમનો જન્મ વિ. સં. ૧૯૨૮ની શ્રાવણ સુદ ત્રીજના દિવસે થયો હતો. તેમનું નામ જડાવ હતું. વાસ્તવમાં તેમનું જીવન સુસંસ્કાર અને સદગુણો વડે જડેલું હતું. તેમનો વિવાહ લોહાવટમાં લક્ષ્મીચંદ ચોપડાની સાથે થયો હતો. પરંતુ બાર વર્ષની નાની વયમાં જડાવબાઇ વિધવાથઇ ગયા. પતિવિયોગનીવ્યથા એમની આત્મોન્નતિ માટે પ્રેરક બની. એને સફળ બનાવલાનું કામ પૂ. સિંહશ્રીજી મહારાજનાઉપદેશોએ કર્યું. પાંચ વર્ષના અથાક પ્રયત્ન પછી આખરે સફળતા મળી અને વિ. સં. ૧૯૬૧માં માગસર સુદ પાંચમના દિવસેદીક્ષા ગ્રહણ કરી. જ્ઞાનશ્રીજીના નામથી પ્રસિદ્ધ થયા. મોટી ઉંમરે દીક્ષા લેવા છતાં એમનામાં ભણવાની રૂચિ અદ્વિતીય હતી. આ કારણે તેમને મોટી ઉમ્મરે પણ ઘણું અધ્યયન કર્યું. તેમની જ્ઞાનરુચિને લીધે જ લોહાવટ ફલોદીમાં વગેરેમાં કન્યા પાઠશાળા ખોલાવી તેમના ઉપદેશને લીધે જેસલમેરનો સંઘ નીકળ્યો. વલ્લભશ્રીજી મહારાજ જેવી મહાન સાધ્વીરત્ન પણ એમણે જ આપી છે. ધર્મશાળાઓનું નિર્માણ પણ થયું. સં. ૧૯૯૬ વૈશાખ સુદ તેરસને દિવસે ફલોદીમાં સમાધિપૂર્વકતેમનો સ્વર્ગવાસ થયો. તેઓ તેર સુયોગ્ય શિષ્યાઓની ગુરુણી હતી. પૂ. પૂ. શાસન દીપિકા મનોહરશ્રીજી મ. સા. તેમની પ્રશિષ્યા છે.

## વલ્લભશ્રીજી

તેમનો જન્મ લોહાવટમાં પારખ ગોત્રી સૂરજમલજીની ધર્મપત્ની શ્રીમતી ગાંગાદેવીની કૂખે વિ. સં. ૧૯૫૧માં પોષ વદ સાતમે થયો હતો. દસ વર્ષની ઉમ્મરે ફઇબાએ (જ્ઞાનશ્રીજી) આપેલ સંસ્કાર, પ.પૂ. ગુરુવર્યા શ્રી સિંહશ્રીજી મ.ના. પ્રભાવશાળી, વૈરાગ્યમય પ્રવચન દ્વારા અંકુરિત થયા. ફૂઇબાની સાથે દીક્ષા લેવાનો સંકલ્પ કર્યો મહાન તપસ્વી છગનસાગરજી મહારાજના

કર કમલો વડે ફઇ-ભત્રીજીએ દીક્ષા લીધી. આ અલબેલી જોડી પૂ. ગુરુવર્યા સિંહજી મ.સા.નુંશિષ્યત્વસ્વીકારીને કૃતાર્થ થયા. નાની ઉંમર, તીક્ષ્ણ બુદ્ધિ, દ્રઢ લગ્ન,અધ્યયન રૂચિવડે તેઓ થોડા વર્ષોમાં મહાન વિદુષી બની ગયા. પ. પૂ. પ્રેમશ્રીજી મ.સા.ના સ્વર્ગવાસ પછી તેમની પરમ-કૃપાપાત્ર વલ્લભશ્રીજીને નાની સાદડીમાં વિ. સં. ૨૦૧૦માં શરદપૂર્ણિમાના દિવસે ભવ્ય સમારોહમાં શિવમંડલના નેતૃત્વ રૂપે પ્રવર્તિની પદથી વિભૂષિત કરવામાં આવ્યા. તેમના હાથો વડે શાસન પ્રભાવનાના અનેક કાર્યો થયા. શારીરિક રીતે નિર્બલ થવાથી અમલનેર (મહારાષ્ટ્ર)માં છ વર્સા સુધી સ્થિર રહ્યા. વિ સ. ૨૦૧૮ ફાગણ સુદ ચૌદસના દિવસે સમાધિપૂર્વકસ્વર્ગ સીધાવ્યા. તેમના વિશાળ શિષ્યા પ્રશિષ્યા પરિવારમાં કેટલાંયે સાધ્વીઓ મોટી વિદુષી, વ્યાખ્યાતા, લેખિકા અને કવિયત્રી હતી. તેમણે લગભગ ૨૦ પુસ્તકોનું લેખન સંપાદન અને પ્રકાશન કરાવ્યું છે.

## જિનશ્રીજી

તેઓ વર્તમાનમાં પ્રવર્તિની પદ પર પ્રતિષ્ઠિત પ.પૂ. પ્ર. શ્રી વલ્લભશ્રીજી મ.સા.ની પ્રધાન શિષ્યા હતા. તેમનો જન્મ સંવત ૧૯૫૭માં આસો સુદ ૮ને દિવસેતિવરી (રાજસ્થાનમાં) થયો હતો.તેમના પિતા શ્રી લાદુરામજી બુરડ અને માતા ઘૂડીદેવી હતા. તેમનુંનામ 'જેઠીબાઇ' હતું, ચૌદ વર્ષની ઉંમરે તેમને વિવાહ રાજમલજી શ્રીમાલની સાથે થયો હતો પરંતુ દોઢ વર્ષ પછી તેઓ વિધવાથયા. કયારેક દુઃખ સુખને માટે આવતું હોય છે. અંધકારમાં પ્રકાશનું કિરણ ચમકી જાય છે. વિ. સં. ૧૯૭૬માં પ.પૂ. જ્ઞાનશ્રીજી અને પૂ. વલ્લભશ્રીજી મ. તિવરીમાં પધાર્યા. તેઓ પણ ગુરુવર્યોના દર્શનાર્થે ગયા. થોડી ક્ષણો સંસર્ગે જેઠીબાઇની ચેતનાને જગાડી ગુરુવર્યાશ્રી તો બીજે દિવસે જોધપુર તરફ વિહાર કરી ગયા. પરંતુ જેઠીબાઇના હૃદયમાંહલચલ પેદા થઇ ગઇ. તેમના પુણ્યથી ખેંચાઇને તેઓ ચાતુર્માસ માટે ગુરુવર્યા તિવરીમાં પધાર્યા.જેઠીબાઇની મનોકામના સફલ થઇ. પૂ. ગુરુવર્યાના સાન્નિધ્યમાં તેમને અધ્યયનની સાથે સાથે આત્મબળ અને વૈરાગ્યભાવનાને દૃઢ બનાવ્યા. ચાતુર્માસ બાદ વિ. સં. ૧૯૭૬માં દીક્ષા ગ્રહણ કરીને પૂ. વલ્લભશ્રીજી મ.સા.ની પ્રધાન શિષ્યા બની. અધ્યયનની સાથે સાથે તેઓ સામુદાયિક વિચાર-વિમર્શ, દેખરેખ વગેરે જવાબદારીઓ નિભાવવામાં પોતાની ગુરુવર્યાને પૂરો સાથઆપતા. તેમની સૂઝ સમજ એટલી વિવેકપૂર્ણ હતી કે તેઓ કોઇપણ વણસતી પરિસ્થિતિને સુધારી લેતી હતી. ગુરુસેવા તેમના જીવનનો મંત્ર હતો. શિષ્યનો વિનય ગુરુના વાત્સલ્યને ખેંચતો હતો. પૂ. પ્રવર્તિનીજીની પાસે એમનું સ્થાન હંમેશાં મંત્રી જેવું હતું. જયાં આ બંને હોયત્યાં આનંદ જ આનંદ હોય છે. તેમને પોતાના સમગ્ર અસ્તિત્વને ગુરુમાં વિલીન કરી દીધું હતું. તેમની પોતાની ઇચ્છા, ભાવના, કશું જ ન હતું. જે કાંઇ હતું તે બધું ગુરુને હૃદયમાં વસીને ધન્યથમની કોટિમાં આવે છે. તેના પરિણામ સ્વરૂપે પ. પૂ. પ્રમોદશ્રીજી મ.સા.ના સ્વર્ગવાસ પછી શિવ- સમુદાયનું સંચાલન તેમના હાથમાં સોંપ્યું. આજે તેમની ઉંમર ૮૮ વર્ષની છે છતાં પોતાની જવાબદારીઓ ઘણી જ કુશળતાથી નિભાવીરહીછે. તમારા દીર્ઘાયુની સાથે સાથે શાસન દેવને પ્રાર્થના છે કે તમારા નેતૃત્વમાં સમુદાય અધિકાધિક રત્નત્રયની આરાધના અને શાસન પ્રભાવના કરતાં કરતાં સમૃદ્ધ બને.

વર્તમાનમાં વિચરણ કરી રહેલી સાધ્વીઓ શ્રી કુસુમશ્રીજી નિપુણશ્રીજી મ. કમલપ્રભાશ્રી મ. આદિ પ્રવર્તિની શ્રી વલ્લભશ્રીજી મ. સા.ની વિદુષી શિષ્યાઓ છે.

## વિમલશ્રીજી

તેમનો જન્મ સમય અનેસ્થાન વિશે માહિતી ઉપલબ્ધ થઇ શકી નથી. તેઓ શિવશ્રીજી મ.સા.ની શિષ્યા હતી. તેમનું સૌથી મોટું યોગદાન પ.પૂ. પ્ર. પ્રમોદશ્રીજી મ.સા.ના જેવા વ્યકિતત્વનું નિર્માણ કરવું. પૂ. શિવશ્રીજી મ.સા. તો માતા પુત્રી (પ. જયવન્તશ્રીજી મ. અને પ્રમોદશ્રીજી મ.)ને દીક્ષા આપીને તેમની શિક્ષણ દીક્ષાની જવાબદારી પૂ. વિમલશ્રીજીને આપીને અજમેર ગયા હતા. લગભગ અગિયાર મહિના પછી તેમનો સ્વર્ગવાસ થઇ ગયો. બાલ સાધ્વી પ્રમોદશ્રીજીની વિલક્ષણ બુદ્ધિ અનેવિલક્ષણ પ્રતિભાને સફળ બનાવવાની પૂરી જવાબદારી તેમના પર હતી. તેઓએ જવાબદારી સરસ રીતે નિભાવી અને એકતેજસ્વી વ્યકિતત્વનું નિર્માણ કરી શાસનની અપૂર્વ સેવા કરી. તેમનું આ યોગદાન હંમેશા સ્મરણીય રહેશે.

## પ્રમોદશ્રીજી

શારીરિક સૌન્દર્યથી એમનું બાહ્ય વ્યકિતત્વ અને જ્ઞાનની આભાથી એમનું આંતરિક વ્યકિતત્વ દેદિપ્યમાન હતું. તેઓનો મોફલોદીમાં સૂરજમલ ગૂલેછાની સધર્મપરાયણ પત્ની જેઠીદેવીની કૂખે વિ. સં. ૧૯૫૫માં કારતક સુદ પાંચને જન્મ થયો હતો. તેમનું નામ લક્ષ્મી હતું. જ્ઞાન પંચમીએ જન્મેલી લક્ષ્મી જ્ઞાન સાધના માટે જ અવતરી હતી. યુવાવસ્થામાં જ પતિનું મૃત્યુ થઇજવાથી લક્ષ્મીની માતા ધર્મ તરફ ઢળવા લાગી. પ.પૂ. ગુરુવર્યા સિંહશ્રીજી મ.સા.ના સંપર્કમાં તેમનામાં એક નવી ચેતના, નવી સ્ફૂર્તિ અને નવું જીવનજીવલાની તીવ્ર આકાંક્ષા પેદા થઇ. રાગના સ્થાને તેમના હ્રદયમાં વૈરાગ્ય આવ્યો. આ બાજુ લક્ષ્મીની સગાઇ અઢી વર્ષની ઉંમરમાં સંપન્ન ઢઢ્ઢા પરિવારના સુપુત્ર શ્રી લાલચન્દજીની સાથે કરવામાં આવી. તે જેમ જેમ મોટી થઇ ગઇ તેમ તેમ માતાની સાથે તેનો પણ ગુરુવર્યા સાથે સંપર્ક વધતો ગયો. નવ વર્ષની ઉંમર થતાં થતાંમાં તો પૂર્વ જન્મના સંસ્કાર અને વર્તમાનના વાતાવરણને કારણે લક્ષ્મી પૂર્ણ વૈરાગી બની ગઇ. તેમની બુદ્ધિ એટલી તીવ્ર હતી એકવારકોઇ વાત સાંભળે તો તે હંમેશને માટે યાદ રહી જતી. બુદ્ધિ પ્રતિભા એટલી પ્રખર હતી કે ગમે તેલા જટિલ પ્રશ્નોનો ઉત્તર તૈયાર રહેતો. સાહસ એટલું બધું હતું કે ગમે તેવા મોટામોટાને ગભરાયા વિના જવાબ આપતા. માતા કરતાં પહેલાં તેમનેદીક્ષા લીધી. દાદાજી નાનાજી અને સાસરી પક્ષ ત્રણેની મમતાનું કેન્દ્ર હતી. તેથી લક્ષ્મી માટે ઘર છોડવાનું સહેલું ન હતું. પરંતુ જ્યાં સંકલ્પ છે, ત્યાં સિદ્ધિ છે. એક સોનેરી સવાર ઉગી અને માતા-પુત્રી બંનેએ સંયમ લીધો વિ. સં. ૧૯૬૪ના મહા સુદ પાંચમના દિવસે બંનેએ સિંહાશ્રીજી મ.સા.નું શિષ્યત્વ સ્વીકાર કરી પોતે શાસનને સમર્પિત થઇ ગઇ.

તેઓ કેટલાંય વિષયોમાં નિષ્ણાત હતા. પરંતુ આગમ-અધ્યયનમાં તેમની ખાસ રુચિ અને પ્રયત્નહતા. આ કારણે જ તેઓનું આગમજ્ઞાન અગાધ અને માર્મિક હતું. તેમણે પોતાની વિલક્ષણ પ્રતિભા અને સતત ચિંતનના આધાર પર પ્રચલિત કેટલીયે માન્યતાઓને નવો વળાંક આપ્યો. કેટલીયે વાર તેઓ શાસ્ત્રીય ચર્ચામાં ભલભલા વિદ્વાનો અને મુનિવરોનેવિસાયના ઉંડાણમાં લઇજઇને ચકિત કરી દેતાં હતા. તેઓ તેજસ્વી પ્રવચનકાર હતા.તેમની પ્રવચનશૈલી એટલી નિરાળી અને રસપૂર્ણ હતી કેતેમને એક એક શબ્દ અમૃત રસના ઘૂંટ જેવો હતો. તેઓ કેવલ વિદુષી જ નહીં પણ તપસ્વીની પણ હતા. ૭૪ વર્ષની ઉંમરે તેમણે માસખમણ જેવી મહાન તપસ્યા કરી. તેમણે લખેલ વૈરાગ્યશતકનું સંક્ષિપ્ત વિવેચન ઉપલબ્ધ છે તેમની તેર-ચૌદ શિષ્યાઓ છે.

તેઓ છેલ્લા દિવસોમાં નાદુરસ્ત તબિયતનેલીધે બાડમેરમાં રહ્યા અનેવિ. સં. ૨૦૩૯માં પોષ વદ દસમના દિવસે સમાધિપૂર્વક તેમનો સ્વર્ગવાસ થયો.

સાધ્વી રાજેન્દ્રશ્રીજી મ. શ્રી ચન્દ્રયશાશ્રીજી, શ્રી ચન્દ્રોદયશ્રીજી, શ્રી ચંપકશ્રીજી, વગેરેતેમની પ્રખર શિષ્યાઓ હતી. વર્તમાનમાં સાધ્વી પ્રકાશશ્રીજી મ. વિજયચંદ્રશ્રજી મ. સ્વયંપ્રભાશ્રીજી મ. કોમલશ્રીજીમ. રતનમાલાશ્રીજી મ. વિદ્યુત્પ્રભાશ્રીજી મ.વગેરે તેમનું શિષ્યાસમૂહ રૂપી સાધ્વી મંડલ વિચરણ કરી રહ્યા છે.

## સ્થાનકવાસી અચાર્ય અમરસિંહજી પરંપરાની જૈન સાધ્વીઓ

## સાધ્વીશ્રી ભાગાજી

ભાગાજીએ સ્થાનકવાસી અચાર્ય અમરસિંહજીના સમુદાયમાં કોઇ સાધ્વીની પાસે અર્હત્દીક્ષા ગ્રહણ કરી હતી. તેમનું શ્રમણી જીવનનું નામ મહાસતી ભાગાજી હતુ. તેમના માતાપિતા તથા સંસારી નામ વિષે કોઇ માહિતી મળતી નથી. તેમને લખેલા અનેક શાસ્ત્ર, રાસ તથા અન્ય ગ્રંન્થોની પ્રતિલિપિઓ શ્રી અમરજૈન ભંડારમાં સંગ્રહીત છે. આ લિપિઓ સુંદર નથી પણ શુદ્ધ જરૂર છે આચાર્યશ્રી અમરસિંહના નેતૃત્વમાં પંચેવર ગામમાં જે સંત સંમેલન થયું હતું તેમાં તેમણે ભાગ લીધો હતો અને તે સમયનો જે પ્રસ્તાવ પ્રાપ્ત થયો છે તેમાં તેમના હસ્તાક્ષર પણ છે. ભાગાજીનું વિહારક્ષેત્ર દિલ્હી, પંજાબ, જયપુર, જોધપુર, મેડતા અને ઉદયપુર રહ્યું છે એવું પ્રશસ્તિઓના આધારે જાણવા મળે છે. તેમની અનેક વિદુષી શિષ્યાઓ હતી. તેમાં વીરાજી મુખ્ય હતી. વીરાજીના જન્મવગેરે સંબંધમાં માહિતી પ્રાપ્ત નથી થઇ.

## સાધ્વી સદ્દાજી

સદ્દાજી વીરાજીની મુખ્ય શિષ્યા હતી. તેમનો જન્મ રાજસ્થાનના સાંભરગામમાં વિ.સં. ૧૯૫૭માં થયો હતો. સદદાજીની માતાનુંનામ પાટનદે તથા પિતાનું નામ પીથાજીમોદ હતું. તેમના મોટા ભાઇ માલચન્દ અને બાલચન્દ હતા. જોધપુરમાં તત્કાલીન મહારાજા અભયસિંહના અધિકારી સુમેરસિંહ મહેતા સધ્દાજીના રૂપગુણથી ખુબ પ્રભાવિત થયા હતા. સદદાજીનાલગ્ન સુમેરસિંહજીનીસાથે થયા. યુવાવસ્થામાં પતિનુંઆકસ્મિક મૃત્યુ થવાથી સદદાજીનું મન સંસાર પરથી ઊઠી ગયું અને વૈરાગ્ય તરફ ઢળ્યું. અંતે સાધ્વી વીરાજી પાસે તેઓ દીક્ષિત થયા. સદદાજીની અનેક શિષ્યાઓ થઇ તેમાં ફતૂજી, રત્નાજી, ચેનાજી અને લાધાજી મુખ્ય હતી. અંત સમયમાં મહાસતી સદદાજીએતિવિહાર સંથાર ધારણ કરી દેહનો ત્યાગ કર્યો.

## સાધ્વી લછમાજી

લછમાજીનો જન્મ ઉદયપુર રાજયના તિરપાલ ગામમાં વિ. સ. ૧૯૧૦માં થયો હતો. તેમના પિતાનું નામ રિખવચન્દજી માહડોત અને માતાનું નામ નંદુબાઇ હતું તેમનાબે ભાઇઓ કિસનાજી અને વજ્છરાજજી હતા. તેમના લગ્ન માદડા ગામના સાકલચંદજી ચૌધરીની સાથે થયા હતા. થોડાસમય પછી પતિનું આકસ્મિકમૃત્યુ થતાં તેઓખુબ આઘાત પામ્યા. તે સમયે ત્યાં મહાસતી રત્નાજી શિષ્યા ગુલાબકુંવર માદડા આવ્યા હતા અને તેમનો ઉપદેશ સાંભળીને લછમાજીનામનમાં વૈરાગ્ય ભાવના વિકસિત થઇ. વિ. સં. ૧૯૨૮માં લછમાજીએ ગુલાબકુંવર પાસે ભાગવત દીક્ષા ગ્રહણ કરી. સંથારા ધારણ કરીને ૬૭ દિવસ બાદ વિ. સં. ૧૯૫૬માં તેમને પ્રાણ ત્યાગ્યા. લછમાજીની શિષ્યા પરંપરા વિષે કોઇ માહિતી મળતી નથી.

પરમ વિદુષી મહાસતી સદધાજીની શિષ્યાઓ મહાસતી રત્નાજીપરમ વિદુષી સતી હતી. તેમની એક શિષ્યા રત્નાજી હતા. રંભાજી પ્રતિભાશાળી હતા. તેમની શિષ્ય મહાસતી નવલાજી થયા.

## સાધ્વીશ્રી નવલાજી

નવલાજી પરમ વિદુષી સાધ્વી હતા. તેમની પ્રવચન શૈલી અત્યંત મધુર હતી. જે લોકો તેમન પ્રવચનનેએક વાર સાંભળતા તે તેમની વૈરાગ્યયુક્ત વાણીથી પ્રભાવિત થયા વિના રહેતા નહિ. તેમની અનેક શિષ્યાઓ હતી. જેમાં પાંચ શિષ્યાઓનાનામ અને તેમની પરંપરા ઉપલબ્ધ થાય છે. (૧) કંસુબાજી (૨) ગુમાનજી (૩) કેસરકુંવરજી (૪) જસાજી અને (૫) અમૃતાજી.

## સાધ્વી કંસુવાજી

કંસુવાજી મહાસતી નવલાજીની શિષ્યા હતી. કંસુવાજીની એક માત્ર શિષ્યાનું નામ સિરેકુંવરજી હતું. સિરેકુંવરજીની બે શિષ્યાઓ સાકરકુંવરજી અને નજરકુંવરજી હતા. મહાસતી સાંકરકુંવરજીની કેટલી શિષ્યાઓ હતી તે જાણવા મળતું નથી. ભેજરકુંવરજીની પાંચ શિષ્યાઓ હતી.

## સાધ્વી નજરકુંવરજી

નજરકુંવરજી એક વિદુષી સાધ્વી હતા. તેમનું જન્મ સ્થળ ઉદયપુર રાજયના વલ્લભનગરની પાસે મેનાર ગામ હતું. તેઓ બ્રાહ્મણ જાતિના હતા.તેમને પાંચ શિષ્યાઓ હતી. તેમના નામો આ પ્રમાણે છે.

સાધ્વી રૂપ કુંવરજી - તેઓઉદયપુર રાજયના દેલવાડા ગામનાહતા.

સાધ્વી પ્રતાપકુંવરજી - તેઓ પણઉદયપુર રાજયની નજીક વરીપુરા ગામના હતા.

સાધ્વીપાટૂજી -તેઓ સમદડી (રાજસ્થાન) ગામના હતા. તેમના પતિનું ગોડાજી લુંકડ હતું. તેમની દીક્ષા વિ. સં. ૧૯૭૮માં થઇ હતી.

ચૌથાજી - તેમનું જન્મસ્થળ ઉદયપુર રાજના બંબોરા ગામ હતું. તેમનું સાસરૂ વાટી ગામમાં હતું.

મહાસતી એજાજી – તેમનો જન્મ ઉદયપુર રાજયના શિશોદે ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ ભેરુલાલજી અને

માતાનુંનામ કસ્તૂબાઇ હતું. તેમના લગ્ન વારી (મેવાડ)માં થયા અને ત્યાં જ મહાસતીનો ઊપદેશ સાંભળીને દીક્ષા ગ્રહણ કરી.

વર્તમાનમાં આમાંથી ચાર સાધ્વીઓનો સ્વર્ગવાસ થઇ ગયો છે એજાજી જીવંત છે પરંતુ એમની કોઇ શિષ્યા નથી તેથી આ પરંપરા અહીં સુધીની જ છે.

## મહાસતી ગુમાનાજી

મહાસતી શ્રી નવલાજીની બીજી શિષ્યા ગુમાનાજી હતી. તેમની શિષ્યા પરંપરામાં મોટી આનંદકુંવર વિદુષી હતા. તેઓ બહુ પ્રભાવશાળી હતા. તેમની મુખ્ય શિષ્યા બાલબ્રહ્મચારિણી અભયકુંવર હતા.

## સાધ્વી અભયકુંવર

તેમનો જન્મ વિ. સં. ૧૯૫૨માં ફાગણ વદ બારસને મંગળવારે રાજવીના બાટેલા ગામમાં થયો હતો. તેમની માતાનું નામ હેમકુંવર હતું. સમય જતાં આનંદકુંવરજીના ઊપદેશથી પ્રભાવિત થઇને વિ.સં. ૧૯૬૦માં તેમને પાલી (મારવાડ)માં દીક્ષા ગ્રહણ કરી. તેઓ શાસ્ત્રજ્ઞાન વડે ગંભીર હતા. જીવનનાપાછલા સમયમાં નેત્રજયોતિ જવાને કારણે તેઓ મેવાડમાં સ્થિરવાસ કરીને રહ્યા. અને વિ. સં. ૨૦૩૩માંતેમનો સંથારાપૂર્વક સ્વર્ગવાસ થયો. તેમની બે શિષ્યાઓ થઇ.(૧) બદામકુંવરજી (૨) જસકુંવરજી.

## સાધ્વી બદામકુંવર

બદામકુંવરનો જન્મ વિ. સં. ૧૯૬૧માં ભીમગામમાં થયો હતો. તેમના લગ્ન પણ ત્યાં જ હતા. વિ. સં. ૧૯૭૮માં તેમને મહાસતી અભયકુંવરની પાસે દીક્ષા લીધી હતી. તેમનો સ્વર્ગવાસ ભીમ ગામમાં સં. ૨૦૩૩માં થયો હતો.

## સાધ્વી જસકુંવરજી

તેમનો જન્મ સં. ૧૯૫૩માં પરાડાગામમાં થયો હતો. તેમને મહાસતી આનંદકુંવરની પાસે સં. ૧૯૮૫માં કમ્બોલ ગામમાં દીક્ષા લીધી હતી. અને મહાસતી અભયકુંવરજીની સેવામાં રહેવાથી તે તેમને પોતાની ગુરુણી માનતા હતા. તેઓ અત્યંત સેવાભાવી હતા. સં. ૨૦૩૩માં તેમનો સ્વર્ગવાસ ભીમ ગામમાં થયો હતો. આ પ્રમાણે આ પરંપરા અહીં સુધી ચાલી.

## સાધ્વી છગનકુંવર

તેઓ કુશલગઢની પાસે કેલવાડા ગામના રહેવા હતા. નાની વયમાં જ તેમના લગ્ન થઇ ગયા હતા. પરંતુ થોડા સમય પછી પતિનું અવસાન થઇ જવાને કારણે તેમના હૃદયમાં ધાર્મિક સાધના પ્રત્યે વિશેષ રુચિ જાગૃત થઇ. તેઓ તીર્થયાત્રા દરમ્યાન મહાસતી ગુલાબકુંવરનોઉપદેશ સાંભળીને અતિ પ્રભાવિત થયા અને દીક્ષા લીધી. છગનકુંવરજીની અનેક શિષ્યાઓ હતી જેમાં ફુલકુંવર મુખ્ય હતી. ઉદયપુરમાં વિ. સં. ૧૯૬૫માં સંથારા દ્વારા તેમનો સ્વર્ગવાસ થયો.

## સાધ્વી જ્ઞાનકુંવર

મહાસતી છગનકુંવરજી એક શિષ્યા જ્ઞાનકુવર હતા. તેમનો જન્મ વિ. સં. ૧૯૦૫માં ઉમડ ગામમાં થયો અને બંબોરાના શિવલાલજીની સાથે તેમના લગ્ન થયા. સં. ૧૯૪૦માં તેમને એક પુત્રને જન્મ આપ્યો જેનું નામ હજારીમલ રાખવામાં આવ્યું આચાર્યશ્રી પૂનમચન્દજી તથા મહાસતી છગનકુંવરજીના ઉપદેશથી પ્રભાવિતથઇને તેમનેવિ.સ. ૧૯૫૦ માં મહાસતી છગનકુંવરજીની પાસે જાલોટમાં દીક્ષા ગ્રહણ કરી. આગળ જતાં તેમના પુત્રએ પણ દીક્ષા લીધી. દીક્ષા લીધા બાદ તેમનું નામ તારાચન્દજી પડયું સમય જતાં તારાચન્દજી ઉપાધ્યાય શ્રી પુષ્કર મુનિના ગુરુ બન્યા. જ્ઞાનકુંવર બહુ જ સેવાભાવીઅને તપોનિષ્ઠ સાધ્વી હતા. મહાસતી ગુલાબકુંવરજીના ઉદયપુરમાં રહેવાસ દરમ્યાન તેમની વર્ષો સુધી સેવા કરી અને વિ. સં. ૧૯૮૭માં ઉદયપુરમાં સંથારાસહિત પ્રાણ ત્યાગ્યા.

## સાધ્વી ફૂલકુંવરજી

તેમનો જન્મ ઉદયપુર રાજયના દુલાવતોનાગઢમાં વિ.સં. ૧૯૨૧માં થયો. તેમના પિતાનું નામ ભગવાન ચન્દજી અને માતાનું નામ ચુન્નીબાઇ હતું નાની વયમાં તેમના લગ્ન તીરપાલમાં થયા હતા પરંતુ થોડા સમય બાદ પતિનો દેહાન્ત થઇ જવાથી મહાસતી છગનકુંવરજીનોઉપદેશ સાંભળીને તેઓ વૈરાગી થયાં અને સત્તર વર્ષની ઉંમરે તેમનેદીક્ષા લીધી. તેમની મુખ્ય શિષ્યાઓનાનામ આ પ્રમાણે છે. માણકકુંવરજી, ધૂલકુવરજી, આનંદકુંવરજી, લાભ્કુંવરજી, સોહનકુંવરજી, પ્રેમકુંવરજી, અને મોહનકુંવરજી.

વિ. સં. ૧૯૮૯માં બાર દિવસના સંથારા પૂરા કરીને તેમનો સ્વર્ગવાસ થયો.

## સાધ્વી માણકકુંવરજી

તેમનો જન્મ ઉદયપુર રાજયના કાનોડમાં  વિ. સં. ૧૯૧૦માં થયો. તેઓ સરળ અને સરસ પ્રકૃતિના હતા. તેમનામાં સેવાની ભાવના અતિ અધિક હતી. ૭૫ વર્ષની ઉંમરમાં વિ. સં. ૧૯૮૫માં ઉદયપુરમાં તેમનો સ્વર્ગવાસ થયો.

## સાધ્વી ધૂલકુંવરજી

તેમનો જન્મ ઉદયપુર રાજયના માદડા ગામમાં વિ. સ. ૧૯૩૫માં થયો હતો. તેમના પિતાનું નામ શ્રી પન્નાલાલ અને માતાનું નામ નાથીબાઇ હતું. ૧૩ વર્ષની વયેતેમના લગ્ન ચિમનલાલ સાથે થયા હતા. પરંતુ થોડા સમય પછી પતિનું મૃત્યુ થવાથી, તેમની ભાવના ફૂલકુંવરજીનો ઉપદેશ સાંભળીને સંયમ ગ્રહણ કરવાનીથઇ. વિ. સં. ૧૯૫૬માં મહાસતી ફૂલકુંવર પાસે તેમને દીક્ષા ગ્રહણ કરી.તેમની શિષ્યાઓમાં આનંદકુવરજી, કંચનકુંવરજી, સૌભાગ્યકુંવરજી, શંભુકુંવરજી, શીલકુંવરજી, મોહનકુંવરજી સુમનવતીજી અને દયાકુંવરજી મુખ્ય હતા.પુષ્કર મુનિનેસર્વ પ્રથમ તેમનોઉપદેશ સાંભળીને વૈરાગ્ય જાગૃત થયો હતો. તેમના વિહારનું ક્ષેત્ર મેવાડ, મારવાડ, મધ્યપ્રદેશ, અજમેર અને બ્યાવર હતું. વિ. સં. ૨૦૦૩માં તેઓ ગોગુન્દા ગામમાં વિરાજયા અને વિ. સં. ૨૦૧૩માં ૨૪ કલાકના સંથારા પછી તેમનો સ્વર્ગવાસ થયો.

## સાધ્વી લાભકુંવરજી

તેમનો જન્મ વિ. સં. ૧૯૩૩માં ઉદયપુર રાજયના ઢોલ ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ અને માતાનુંનામ તીજબાઇ હતું. નાનીવયમાં જ પતિનું મૃત્યુ થઇ જવાને કારણે તેમનું મન વૈરાગ્ય તરફ આકર્ષિત થયું. મહાસતી ફૂલકુંવરના ઉપદેશથી પ્રભાવતિ થઇને વિ. સં. ૧૯૫૯માં મારવાડમાં તેમણે દીક્ષા લીધી. તેમની બે શિષ્યાઓ થઇ ગઇ. (૧) લહુરકુંવરજી (૨) દાખખુંવરજી. તેમનો સ્વર્ગવાસ વિ. સં. ૨૦૩૩માં યશવંતગઢમાં થયો.

## સાધ્વી લાહરકુંવરજી

તેમનો જન્મ નાન્દેશના ગામમાં થયો હતો તેમના પિતાનું નામ સિંઘવી અને માતાનું નામ ફૂલકુંવરબાઇ હતું. તેમના લગ્ન ઢોલનિવાસી ગેગરાજજી ઢાલલતની સાથે થયું હતું. પતિના મૃત્યુ પછી થોડા સમયમાં એક પુત્રી પણ મૃત્યુ પામી તેઓ પોતાની સાત વર્ષની બીજી પુત્રીને દાદીમાને સોંપીને વિ. સ. ૧૯૮૧માં નાન્દેશમાં ગામમાં દીક્ષા લીધી. તેમન એક શિષ્યાનું નામ ખમાનકુંવરજી છે.તેમનો સ્વર્ગવાસ વિ. સં. ૨૯૨૬માં બાર કલાકના સંથારા પછી થયો.

## સાધ્વી પ્રેમકુંવરજી

તેમનો જન્મઉદયપુર રાજયના ગોગુન્ધા ગામમાં થયો અને તેમના લગ્ન ઉદયપુરમાં થયા હતા. પતિનો દેહાન્ત થયા બાદ મહાસતી ફૂલકુંવરજીના ઉપદેશથી પ્રભાવિત થઇને તેમને દીક્ષા લીધી. તેમની શિષ્યાનું નામ માનકુંવરજી હતું. તેમનો સ્વર્ગવાસ વિ. સં. ૧૯૯૪માંઉદયપુરમાં થયો.

## સાધ્વી મોહનકુંવરજી

તેમનો જન્મ ઉદયપુર રાજયના વાટીગામમાં થયો હતો. તેઓ લોઢા પરિવારના હતા. તેમના લગ્ન મોલેરા ગામમાં થયા હતા. મહાસતી ફૂલકુંવરજીનોઉપદેશ સાંભળીનેતેમને ચારિત્રધર્મ ગ્રહણ કર્યો. તેમને 'થોકડા'નો સરસ અભ્યાસ હતો અને તેઓ સરસ વ્યાખ્યાતા પણ હતી.

## સાધ્વી સૌભાગ્યકુંવરજી

તેમનો જન્મ મોટીસાદડી નાગોરી પરિવારમાં થયો હતો. તથા સાદડી નિવાસી પ્રતાપમલજી મહેતાની સાથે તેમના લગ્ન થયા હતા. તેમને એક પુત્રને જન્મ આપ્યો. મહાસતી ફૂલકુંવરજીનો ઉપદેશ સાંભળીને તેમને દીક્ષાગ્રહણ કરી હતી. તેઓ જ્ઞાનાભ્યાસમાં સાધારણ હતાં પરંતુ ભદ્ર પ્રકૃતિના હતા. વિ.સં. ૨૦૨૭માં ગોગુન્દા ગામમાં તેમનો સ્વર્ગવાસ થયો.

## સાધ્વી શમ્ભુકુંવરજી

તેમનો જન્મવિ. સં. ૧૯૫૮માં વાગપુરા ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ ગેગરાજજી ધર્માવત અને માતાનું નામ નાભીબાઈ હતું. તેમના લગ્ન ખાખડ નિવાસી ધનરાજજીની સાથે થયા હતા.તેમને બે પુત્રીઓ થઈ. મોટી પુત્રી ભૂરબાઈના લગ્ન ઉદયપુર નિવાસી ચંદનમલજી કર્ણપુરિયાની સાથે થયા. થોડા સમય પછી પતિનું મૃત્યુ થવાથી તેઓ ઉદયપુરમાં પોતાની પુત્રીની સાથે રહેવા લાગ્યા. મહાસતી ધુલકુંવરજીનો ઉપદેશે સાંભળી તેમનામાં વૈરાગ્યનીભાવના જાગૃત થઈ. તેમની નાની પુત્રી અચરજબાઈની સાથેવિ. સં. ૧૯૮૨માં ખાખડ ગામમાં તેમને દીક્ષા ગ્રહણ કરી. દીક્ષા બાદ પુત્રીનું નામ શીલકુંવરજી રાખવામાં આવ્યું. તેમને 'થોકડા' તથા 'આગમ-સાહિત્યનું સરસ જ્ઞાન હતું. તેમનો સ્વર્ગવાસ વિ. સં. ૨૦૨૩માં સંથારાપૂર્વક થયો હતો.

આ પરંપરામાં પરમવિદુષી મહાસતી શીલકુંવરજી થઈ ગયા.તેમની પ્રમુખ શિષ્યાઓ મોહનકુંવરજી સાયર કુંવરજી, ચન્દબાલાજી, ચેલનાજી, સાધનાકુંવરજી, વિનયપ્રભાજી વગેરે થઈ ગયા.

## સાધ્વી જસાજી

મહાસતી નવલાજીની ચોથી શિષ્યા જસાજી થઈ. ગયા. તેમના જન્મ વગેરે વિશે માહિતી પ્રાપ્ત થતી નથી. એમની શિષ્યા પરંપરામાં લાભકુંવરજી થઈ ગયા.

## સાધ્વી લાભકુંવરજી

તેમનો જન્મ ઉદયપુર રાજયના કંબોલ ગામમાં થયો હતો. તેઓ નીડર વીરાંગના હતા. એકવાર તેઓ પોતાની શિષ્યાઓ સાથે ખામનેર ગામથી સેમલ ગામ જઈ રહ્યા હતા. રસ્તામાં શસ્ત્ર ડાકૂઓતેમને લૂંટવા માટે આવી પહોંચ્યા. અન્ય સાધ્વીઓ અત્યંત ભયભીત થઈ ગઈ પરંતુ લાભકુંવરજીએ આગળ આવીને કહ્યું ''મે વીર છો? તમારી લાહૂ-બેટી સમાન સાધ્વીઓ પર હાથ ઊઠાવવો એતમારી વીરતાને શોભે છે? તમને શરમ આવવી જોઈએ. આ વીરભૂમિમા તમે સાધ્વીઓના વસ્ત્ર વગેરે લેવા માટે ઉતરી રહ્યા છો? શું તમારું ક્ષત્રિય તેજ તમને આવું શીખવાડે છે? ડાકૂઓ મહાસતીના ચરણોમાં ઢળી પડયા. મહાસતીના નીડરતા પૂર્વકના વચનોની આવી અસર થઈ. અને તેમનું હૃદય પરિવર્તન થયું. તેમને પ્રતિજ્ઞા કરી કે ભવિષ્યમાં કોઈ બેન કે મા પર તેઓ હાથ નહીં ઉપાડે. અને બાળકો પર પણ નહિઉપાડે લૂંટ ચલાવલાનું તેઓનછોડી શકે પણ આ નિયમનું દૃઢતાથી પાલન કરશે એમ કહ્યું.

આ પ્રકારની બીજી કેટલીય મહત્વપૂર્ણ ઘટનાઓ સાધ્વીજીના સાધનામય જીવનમાં બની હતી. પરંતુ તેમને દરેક દશામાં પોતાના શીલને સુરક્ષિત રાખીને નીડરતાપૂર્વક સામનો કર્યો હતો. લાભકુંવરજીની અનેક શિષ્યાઓમાં એક શિષ્યા નાની આનંદકુંવરજી મુખ્ય હતા.

## સાધ્વી છોટી આનન્દકુંવરજી

તેમનું જનમસ્થળ ઉદયપુર રાજયનું કમોલ ગામ હતું તેઓ બહુ જ મધુર ભાષિણી હતી. તેમના જીવનમાં ત્યાગની પ્રધાનતા હતી. તેથી તેમના પ્રવચનોનીઅસર જનતાનાહ્રદય પર સીધે સીધી થતી હતી. તેમને અનેક શિષ્યાઓ થઇ જેમાં મોહનકુંવરજી અને લહરકુંવરજીનો અહીંયા સંક્ષિપ્ત પરિચય આપવામાં આવ્યો છે.

## સાધ્વી મોહનકુંવરજી

તેમનો જન્મ ઉદયપુર રાજયના ભૂતાલા ગામમાં થયો હતો તેમનું સંસારી નામ મોહનબાઇ હતું. તેઓ બ્રાહ્મણ જાતિના હતા. નવ વર્ષાની કોમળ વયે તેમના લગ્ન થઇ ગયા હતા. એક વાર તીર્થયાત્રા દરમ્યાન નર્મદા નદીમાં સ્નાન કરી રહેલા તેમના પતિ પાણીમાં ડૂબી જવાને કારણે મૃત્યુ પામ્યા. વિધવા જીવન જીવી રહેલ મોહનબાઇ મહાસતી આનંદકુંવરના ઉપદેશોથી અતિ પ્રભાવિત થઇ. વૈરાગ્યભાવનાથી વશીભૂત થઇ જયારે તેમને દીક્ષા લેવાનો સંકલ્પ કર્યો ત્યારે કુટુંબીજનોએ અનેક અડચણો ઊભી કરી. પરંતુ તેમનીદ્રઢ વૈરાગ્ય ભાવના પાસે બધાંએ નમવું પડયું. અને તેમને સોળ વર્ષની વયે આર્હતી દીક્ષા ગ્રહણ કરી. ૩૨ વર્ષની વયેસંથારા વિધિપૂર્વક દેહનો ત્યાગ કર્યો.

## સાધ્વી લહરકુંવરજી

તેમનો જન્મ ઉદયપુર રાજયના સલોદા ગામમાં થયો અને  લગ્ન પણ સલોદામાં થયા. નાની વયમાં જ પતિનોદેહાન્ત થવાને કારણે સતી આનંદકુંવરજી પાસે દીક્ષા ગ્રહણ કરી તેમને આગમ સાહિત્યનો ઊંડો અભ્યાસ હતો એક વાર સાયલ્ગા ગામમાં મૂર્તિપૂજક અનેતેરાપંથી સાધ્વીઓ સાથે શાસ્ત્રાર્થ થયો. જેમાં તેમને પોતાના તર્કોદ્વારા તેઓને પરાસ્ત કર્યા. સં. ૨૦૦૭માં તેમનો સ્વર્ગવાસ યશવન્તઘડ (મેવાડ)માં થયો. શરીરમાં રોગ થયો પરંતુ સંથારા સહિત તેમનો સ્વર્ગવાસ થયો. તેમની બે શિષ્યાઓ હતી (૧) સજ્જન કુંવરજી (૨) કંચનકુંવરજી.

## સાધ્વી સજ્જન કુંવરજી

સજ્જનકુંવરજીનો જનમ રાજયના તિરપાલ ગામમાં બંબોરી પરિવારમાં થયોહતો. તેમના પિતાનું નામ ભેરુલાલજી અને માતાનું નામ રંગૂબાઇ હતું. તેર વર્ષની ઉમ્મરે તેમના લગ્ન કમોલના તારાચન્દજી દોશીની સાથે થયા. તેમનું સંસારી નામ જમનુબાઇ હતું. સોળ વર્ષની ઉંમરે પતિનું મૃત્યુ થવાથી અને વિદુષી મહાસતી આનંદ કુંવરજીના ઉપદેશથી વિ. સં. ૧૯૭૬માં તેમને દીક્ષા ગ્રહણ કરી. ૫૪ વર્ષો સુધી તેમને દીક્ષા પર્યાયનું પાલન કર્યું. વિ. સં. ૨૦૩૦માં તેમનો સ્વર્ગવાસ યશવંત ગઢમાં થયો. સજ્જનકુંવરજીની એક શિષ્યા થઇ તેનું નામ બાલબ્રહ્મચારિણી કૌશલ્યાજી હતું. કૌશાલ્યાજીની ચાર શિષ્યાઓ થઇ (૧) વિજયતીજી (૨) હેમવતીજી (૩) દર્શનપ્રભાજી (૪) સુદર્શન પ્રભાજી.

## સાધ્વી કંચનકુંવરજી

મહાસતી લહરકુંવરજીની બીજીશિષ્યા કંચનકુંવર હતી. તેમનો જન્મ ઉદયપુર રાજયના કમોલ ગામના દોશી પરિવારમાં થયો હતો.તેર વર્ષની ઉમ્મરે તેમનો વિવાહ પદરાડમાં થયો અને ચાર મહિના પછી પતિનો દેહાન્ત થયો અને નાની વયમાં તે વિધવા થયા. મહાસતી લહરકુંવરજીનો ઉપદેશ સાંભળી તેમને દીક્ષા લીધી. તેમનો સ્વર્ગવાસ નાન્દેશમા ગામમાં સંથારા સાથે થયો. તેમની એક શિષ્યા છે જેનું નામ વલ્લભકુંવરજી છે.

## મહાસતી અમૃતાજી

મહાસતી સદ્દાજીની પાંચ શિષ્યાઓમાં રતનાજી, રંભાજી અને નવલાજીની પાંચ શિષ્યાઓ થઇ. તેમાંથી ચાર શિષ્યાઓનો પરિચય આપી ચૂકયો છે. તેમની પાંચમી શિષ્યા અમૃતા થઇ. તેમની પરંપરામાં રાયકુંવરજી થઇ ગયા તેઓ મહાન અને પ્રતિભાશાળી હતા.

## મહાસતી રાયકુંવરજી

તેમનું જન્મ સ્થળ ઉદયપુરની પાસે કવિતા ગામ હતું. તેઓ ઓસવાલ તલેસરા વંશના હતા. તેમના જીવન વિશે અન્ય સામગ્રી ઉપલબ્ધ થતી નથી. પરંતુ એ વાત સાચી છે કે તેઓ એક પ્રતિભાશાળી સાધ્વી હતા. તેમના ઉપદેશથી પ્રભાવિત થઇને અનેક જણાએ દીક્ષા લીધી અનેતેમની શિષ્યાઓ બની. તેમાંથી દસ શિષ્યાઓના નામ ઉપલબ્ધ થાય છે. અન્ય શિષ્યાઓ વિશે માહિતી મળતી નથી.

## મહાસતી સૂરજકુંવરજી

તેમનું જન્મસ્થળ ઉદયપુર હતું. તેમના લગ્ન સાડોલ (મેવાડ)ના હનોત પરિવારમાં થયો હતો। મહાસતીજીના ઉપદેશતી પ્રભાવિત થઇને તેમને સાધનામાર્ગનો સ્વીકાર કર્યો. તેમની કેટેલી શિષ્યાઓ થઇ તે જાણવા મળતું નથી.

## સાધ્વી ફૂલકુંવરજી

તેમનું જન્મ સ્થળ ઉદયપુર હતું. આંચલિયાપરિવારમાં તેમનાલગ્ન થયા હતા. મહાસતીના પાવન પ્રવચનોથી પ્રભાવિત થઇને તેમને શ્રમણી ધર્મનો સ્વીકાર કર્યો. તેમનેકેટલી શિષ્યાઓ હતી તે જાણવા મળતું નથી.

## સાધ્વી હુલ્લાસ કુંવરજી

તેમનું જન્મસ્થળ ઉદયપુર હતું તેમના લગ્ન હરખાવત પરિવારમાંથયા હતા. તેમને પણ મહાસતીના ઉપદેશથી પ્રભાવિત થઇને પાંચ શિષ્યાઓ બની. તેમનો પરિચય નીચે પ્રમાણે છે.

## સાધ્વી દેવકુંવરજી

તેમનો જન્મ કર્ણપુરના પોરવાડ પરિવારમાં થયો હતો તથા વિવાહ ઉદયપુરના પોરવાડ પરિવારમાં થયા હતા.

## સાદવી પ્યારકુંવરજી

તેમનો જન્મ બાઠૈકા તથા વિવાહ ડબોકમાં થયા હતા.

## સાધ્વી પદમકુંવરજી

તેમનો જન્મ ઉદયપુર નજીક થામલાના સિયાર પરિવારમાં થયો હતો અને લગ્ન ડબોકના ઝગડાવત પરિવારમાં થયાહતા. તેમનીપ્રમુખ શિષ્યા કૈલાસકુંવરજી હતી.

## સાધ્વી કૈલાશકુંવરજી

તેમનું જન્મ સ્થાન ઉદયપુર હતું. તેમના પિતાનુંનામ હીરાલાલ અને માતાનુંનામઇન્દિરાબાઇ હતું. તેમના લગ્ન ગણેશલાલજીનીસાથે થયા હતા. સં. ૧૯૯૩માંતેમને દેલવાડામાં દીક્ષા ગ્રહણકરી, તેમની ચરિત્ર-વાંચનનીશૈલી બહુ જ સુંદર હતી. સં. ૨૦૩૨માં તેમનો અજમેરમાં સંથારા સાથે સ્વર્ગવાસ થયો. તેમનીએક શિષ્યા છે જેનું નામ રતનકુંવરજી છે.

## સાધ્વી સૌભાગ્યકુંવરજી

તેમનું જન્મસ્થાન ઉદયપુર હતું. તેમના પિતાનું નામ મોડીલાલજી ખોખાવત અને માતાનું નામ રૂપાબાઇ હતું. તેમનો સ્વભાવ મધુર છે તેમની શિષ્યા મોહનકુંવરજી થઇ જેમનો જન્મ દરીબા (મેવાડ)માં થયો અને પાણિગ્રહણ ડબોક ગામમાં થયું. વિ.સં. ૨૦૬૬માંતેમને દીક્ષા લીધી અને સં. ૨૦૩૧માં તેમનો ઉદયપુરમાં સ્વર્ગવાસ થયો.

મહાસતી હુલ્લાસકુંવરજીની પાંચમી શિષ્યા ચતુરકુંવરજી છે જે બહુ જ સેવા પરાયણા સાધ્વી છે.

## સાધ્વી હુકુમકુંવરજી

મહાસતી રાયકુંવરજીની ચોથી શિષ્યા હુકુમ કુંવરજી હતી. તેમની સાત શિષ્યાઓ થઈ જેમનો ઉલ્લેખ અગ્રલિખિત છે.

## સાધ્વી ભૂરકુંવરજી

તેમનો જન્મ ઉદયપુર રાજયના કવિતા નામના ગામમાં થયો હતો. તેમને 'થોકડા સાહિત્ય'નું સારું જ્ઞાન હતું. પંચોતેરે વર્ષની ઉમ્મરે તેમને સ્વર્ગવાસ થયો. તેમની શિષ્યાનું નામ પ્રતાપકુંવરજીહતું.

## સાધ્વી રૂપકુંવરજી

હુકુમજીની બીજી શિષ્યા રૂપકુંવર હતી. તેમનું જન્મસ્થાનદેવાસ (મેવાડ)માં હતું, લોઢા પરિવારમાં તેમના લગ્ન થયા હતા. તેમને મહાસતી પાસે દીક્ષા ગ્રહણ કરી વર્ષો સુધી સંયમનું પાલન કર્યું, અંતમાં તેમનો સ્વર્ગવાસ ઉદયપુરમાં થયો.

## સાધ્વ વલ્લભકુંવરજી

હુકુમકુંવરજીની ત્રીજી શિષ્યા વલ્લભકુંવર હતા. તેમનો જન્મ બાફના પરિવારમાં થયો હતો અને તેમના લગ્ન ઉદયપુર ના ગેલડા પરિવારમાં થયો હતો. તેમને દીક્ષા લઈને આગમ શાસ્ત્રનો સારો અભ્યાસ કર્યો. તેમની એક શિષ્યા થઈ તેનું નામ મહાસતી ગુલાબકુંવરજી હતું ગુલાબકુંવરજીનો જન્મ 'ગુલુંડિયા' પરિવારમાં થયો હતો. અને લગ્ન 'વયા' પરિવારમાં થયાહતા. તેમને આગમ અને સ્તોક સાહિત્યનું સમ્યક્ જ્ઞાન હતું. તેમને સ્વર્ગવાસ સંથારા વિધિપૂર્વક ઉદયપુરમાં થયો.

## સાધ્વી સજ્જનકુંવરજી

મહાસતી હુકુમકુંવરજીની ચોથી શિષ્યા સજ્જન કુંવર હતા. તેમનો જન્મ ઉદયપુરના બાફના પરિવારમાં થયો હતો અને લગ્ન દુગડે પરિવારમાં થયા હતા. તેમની એક શિષ્યા હતી જેનું નામ મોહનકુંવરજી હતું. મોહનકુંવરજીનું જન્મસ્થળ અલવર તથા સાસરુ ખંડવામાં હતું. વર્ષો સુધી સંયમ- સાધના કરી ઉદયપુરમાં તેમનો સ્વગવાસ થયો.

## સાધ્વી રાજકુંવરજી

મહાસતી હુકુમજીની પાંચમી શિષ્યા રાજકુંવરજી હતા. તેઓ ઉદયપુરના માહેશ્વરી વંશના હતા. મહાસતી હુકુમકુંવરજીની એક શિષ્યા દેવકુંવરજી હતા. જે ઉદયપુરની નજીક કર્ણપુર ગામના નિવાસી હતા. હુકુમકુંવરની સાતમી શિષ્યા ગેંદકુંવર હતા. તેમનો જન્મ ઉદયપુરની નજીક ભૂઆનાની નજીક પગારિયા કુળમાં થયો હતો. ચનદેસરા ગામના બોકડિયા પરિવારમાં તેમનું સાસરું હતું. સં. ૨૦૧૦માં બ્યાવરમાંતેમનો સ્વર્ગવાસ થયો.

## સાધ્વી મદનકુંવરજી

તેમનું જન્મસ્થાન ઉદયપુર હતુ. તેમની પ્રતિભા અદ્દભુત હતી. એકવાર આચાર્યશ્રી મુન્નાલાલજી જેઓ આગમ સાહિત્યના મર્મજ્ઞ વિદ્વાન હતા તેમને ઉદયપુરમાં આયોજિત એક પ્રવચન સભામાં મદનકુંવરજીને ઓગણીસ પ્રશ્નો કર્યા. મહાસતીજીએ તે બધા પ્રશ્નોના ઉત્તર બરાબર આપ. મદનકુંવરજીજે પ્રકારે પ્રકૃષ્ટ પ્રતિભાશાળી હતી એ જ પ્રકારે ઉત્કૃષ્ટ આચારનિષ્ઠા પણ હતી. તેઓ ગુપ્ત તપ કરતા હતા. તેઓ સાધ્વીઓએ આહારાદિ કર્યા પછીબાકી રહેલો આહાર બચ જાય અને પાત્ર ધોઈને જે પાણી બહાર ફેંકવાનું હોય તે ખાઈ-પીને સંતોષ માની લેતી. સન ૧૯૪૧માં ત્રણ દિવસના સંથારાની સાથે ઉદયપુરમાં તેમનો સ્વર્ગવાસ થયો.

## સાધ્વી સલ્લેકુંવરજી

તેમનું જન્મસ્થળ ઉદયપુર હતું. તેમના લગ્ન ઉદયપુરના મહેતા પરિવારમાં થયા હતા. મહાસતીજીનોઉપદેશ સાંભળી તેમનામાં વૈરાગ્યભાવના જાગૃતા થઈ. તેના ફલસ્વરૂપે તેમને પોતાની પુત્રી સજજનકુંવર સહિત આર્હતી દીક્ષા અંગીકાર કરી.

## સાધ્વી તીજકુંવરજી

તેમનું જન્મ સ્થળ ઉદયપુરની પાસે તિપાલ ગામ હતું. તેમના લગ્નએ જ ગામના શેઠ રોડમલજીની સાથે થયા હતા. તેમને બે પુત્ર અને એક પુત્રી હતા. પતિનો સ્વર્ગવાસ થવાથી મહાસતીનો ઉપદેશ સાંભળી તેનાથી પ્રભાવિત થઈને બે પુત્ર અને એક પુત્રી સાથે દીક્ષા લીધી. અંતે એક દિવસનો સંથારો કરી તેમને દેહત્યાગ કર્યો.

## સાધ્વી સોહનકુંવરજી

તેમનો જન્મ ઉદયપુરની પાસે તિરપાલ ગામમાં સં. ૧૯૪૯ (સન. ૧૮૯૨)માં થયો હતો। તેમના પિતાનું નામ રોડમલજી અને માતાનું નામ ગુલાબદેવી હતું. નવ વર્ષની નાની ઉમ્મરમાં તેમનું વાગ્દાન ડુલાવતોના ગુડાના તકમલજીની સાથે થયા હતા. પરંતુ પરમ વિદુષી મહાસતી રાયકુંવરજી અને પ. મુનિ નેમિચન્દજીના ત્યાગ વૈરાગ્ય યુકત ઉપદેશ સાંભળીને તેમનામાં વૈરાગ્યભાવના જાગૃતથઈ અને જેમની સાથે સગપણ થયુ હતું. તેમનો સંબંધ છોડીને પોતાની માતેશ્વરી અને પોતાના મોટા ભાઈ પ્યારેલાલ અને ભેરુલાલની સાથે ક્રમશ : મહાસતી રાયકુંવરજીની પાસે દીક્ષા ગ્રહણ કરી. તેમની પ્રવચન શૈલી અત્યંત મધુર હતી. જયારે તેઓ પ્રવચન આપતાં હતા, ત્યારે વિવિધ આગમોના રહસ્યોની સાથે રૂપક, દુહા, કવિતા, શ્લોકો અને ઉર્દૂ શાયરીઓનો પણ જરૂર લાગે ત્યાં ઉપયોગ કરતાહતા.

અધ્યયનની સાથે તેમની તપ પ્રત્યે પણ સ્વાભાવિક રુચિ હતી. માતાના સંસ્કારોની સાથે પરંપરા તેમને વારસામાં મળી હતી. તેમણે પોતાના જીવનની પવિત્રતા માટે અનેક નિયમ ગ્રહણ કર્યા હતા. અજમેરમાં સન્ ૧૯૬૩માં શ્રી વર્ધમાન ચન્દબાલા શ્રમણી સંઘનું નિર્માણ કરવામાં આવ્યું. તથા શ્રમણીઓના જ્ઞાન,દર્શન અને ચારિત્ર્યના વિકાસના હેતુ માટે એકવીસ નિયમોનું નિર્માણ કરવામાં આવ્યું. તેમાં પચ્ચીસ પ્રમુખ સાધ્વીઓની એક સમિતિ બનાવવામાં આવી. ચંન્દબાલા શ્રમણીસંઘના પ્રવર્તિની પદ પર સર્વાનુમતિથી સોહનકુંવરજીને નીમવામાં આવ્યા. આ તમેની યોતાનું પ્રતીક છે. સં. ૨૦૨૩ (સ. ૧૯૬૬)માં સંથારા સહિત તેમને સ્વર્ગવાસ થયો. મહાસતી સોહનકુંવરજીની પ્રથમ શિસયા વિદુષી કુસુમવતીજી છો તેમની ચાર શિષ્યાઓ છે. (૧) ચારિત્ર પ્રભાજી (૨) દિવ્યપ્રભાજી (૩) દર્શનપ્રભાજી અને (૪) પુષ્પાવતીજી, પુષ્પાવતીજીની ત્રણ શિષ્યાઓ છે.

(૧) ચન્દ્રાવતીજી (૨) પ્રિયદર્શનાજી (૩) કિરણ પ્રભાજી ત્રીજા સુશિષ્યા મહાસતીજી પ્રભાવતીજીની ચાર શિષ્યાઓ છે. (૧) શ્રીમતીજી (૨) પ્રેમકુંવરજી (૩) ચન્દ્રકુંવરજી (૪) હર્ષપ્રભાજી આ પ્રકારે પ્રસ્તુત પરંપરા વર્તમાનમાં ચાલી રહી છે.

પરમ વિદુષ સદ્દાજીની એક શિષ્યા ફતૂજી થઈ ગયા. ફતૂજીનું મુખ્ય વિહાર ક્ષેત્ર મારવાડ હતું તેમની અનેક શિષ્યાઓ થઈ જેમાં આન્નદકુંવરજી એક તેજસ્વી સાધ્વી હતા. આન્નદકુંવરે કયારે દીક્ષા લીધી તે નિશ્ચિત રૂપે કહી શકાતું નથી. તેમનો સ્વર્ગવાસ સં. ૧૯૮૧માં જોધપુરમાં સંથારા પૂર્વક થયો હતો. તેમની મુખ્ય શિષ્યાઓ રાજાજી અનેનેનૂજી હતા. રાજાજીનો સ્વર્ગવાસ સં. ૧૯૭૮માં થયો.

મહાસતી રાજાજીની એક શિષ્યા રૂપજી થઈ ગયા. આનન્દકુંવરજીની એક શિષ્યા પરતાપાજી થયા. જેમનો વિ. સં. ૧૯૮૩માં સ્વર્ગવાસ થયો. ફુલકુંવર પણ આનન્દકુંવરની શિષ્યા હતા. ફૂલકુંવરની શિષ્યા ઝૂમકૂજી હતી જેમને પોતાની પુત્રી કસ્તુરીજીની સાથે દીક્ષા ગ્રહણ કરી હતી. કસ્તૂરીજીની એક શિષ્યાગવરાજી હતા. તેમનો સ્વર્ગવાસ જોધપુરમાં થયો.

મહાસતી આનન્દકુંવ્રજીની બભૂતાજી, પન્નાજી, ધાપૂજી અને કિસનાજી વગેરે અનેક શિષ્યાઓ હતી. કિસનાજીની શિષ્યા હરકૂજી હતી. હરકૂજીની સમદાજી અને સમદાજીની પાનાજી શિષ્યા હતી. પાનાજીનો જન્મ ઝાલોરમાં થયો. અનેલગ્ન પણ જાલોરમાંથયા. ગઢ સિવાનામાં દીક્ષા ગ્રહણ કરી અને વર્તમાનમાં તેઓ ઝાલોરમાં બિરાજમાન છે.

આ સમયે મહાસતી આનન્દકુંવરજીની વર્તમાન પરંપરામાં કેવળ એક સાધ્વી વિદ્યમાન છે.

મહાસતી ફૂતૂજીની શિષ્ય-પરંપરામાં પન્નાજી થયા. તેમની શિષ્યા જીસાજી થઈ તેમની શિષ્યા સોનાજી અને તેમની શિષ્યાઓ પણ થઈ પરંતુ તેમના નામો યાદ નથી.

મહાસતી જસાજીની નૈનૂજી એક પ્રતિભા સંપન્ન શિષ્યા હતી. તેમની અનેક શિષ્યાઓ હતી. મહાસતી ફતૂજીના શિષ્ય

પરિવારમાં ચમ્પાજી એક તેજસ્વી સાધ્વી હતા. તેમની ઉદાજી બાયાજી વગેરે અનેક શિષ્યાઓ થઇ. વર્તમાનમાં તેમની શિષ્ય પરંપરામાં કોઇ નથી. મહાસતી ફતૂજીની શિષ્યપરંપરામાં દીપાજી, વલલભકુંવરજી આદિ અનેક વિદુષી અને સેવાભાવી સાધ્વીઓ થઇ હતી. તેમની પરંપરામાં સરળ મૂર્તિ સાધ્વી સીતાજી, ગવરાજી વગેરે વિદ્યમાન છે.

આ રીતે આચાર્યશ્રી અમરસિંહજી મહારાજના સમયમાં મહાસતી ભાગાજીની જે સાધ્વી પરંપરા ચાલી તે પરંપરામાં આજ સુધી અગિયારસોથી પણ અધિક સાધ્વીઓ થઇગઇ.પરંતુ ઇતિહાસ-લેખનની ઉપેક્ષા થવાને કારણે તેમના વિશે બુહ જ ઓછી માહિતી પ્રાપ્ત થાય છે. એ સેંકડો સાધ્વીઓમાં ઘણી સાધ્વીઓ ઉત્કૃષ્ટ તપસ્વીનીઓ હતી, અને અનેક સાધ્વીઓ ખુબ જ પ્રતિભાશાળી હતી.

## સ્થાનકવાસી ઋષિ સમ્પ્રદાયની સાધ્વીઓનો સંક્ષિપ્ત પરિચય

પ.-૨ મોતીઋષિજી

## મહાસતી શ્રી રાધાજી

તેમનો વિશેષ પરિચય પ્રાપ્ત નથી થતો પરંતુ તેઓ પોતાના સમયની પ્રભાવક સ્થાનકવાસી સાધ્વીઓમાંની એક હતી. તેમણે ચતુર્વિધ સંઘનું સંગઠન અને મહિલા વર્ગની જાગૃતિમાં વિશેષ યોગદાન કર્યું છે. પ્રતાપગઢના ભંડારમાંથી પ્રાપ્ત થયેલી એક પ્રાચીન પ્રતથી જાણવા મળે છે કે તેમને સંવત્ ૧૮૧૦માં (ઇ.સન. ૧૭૫૩)માં થયેલ ચાર સ્થાનકવાસી સમ્પ્રદાયોના સંમેલનમાં ઋષિ સમ્પ્રદાય તરફથી ભાગલીધો હતો. તેમની પ્રધાન હિષ્યા મહાસતી શ્રી કિસનાજી, શ્રી કિસનાજીની શિષ્યા જોતાજી, શ્રી જોતાજીની શિષ્યા મોતાજી થઇ. શ્રી મોતાજીની શિષ્યા શ્રી કુશલકુંવરજી હતી.

## સાધ્વીશ્રી કુશલકુંવરજી

તેઓ માળવા પ્રાંતમાં વાગડદેશીય હાબડા ગામના હતા. તેમણે સાાધ્વી મોતાજી પાસે દીક્ષા ગ્રહણ કરી હતી. તેઓ પ્રભાવક અને સંયમનિષ્ઠ તથા વ્યાખ્યાનકુશલ સાધ્વી હતા. તેમના જ્ઞાન અને ચારિત્ર ધર્મથી પ્રભાવિત થઇ ૧૨૫ સાધુ, ૧૫૦ સાધ્વી સંઘના પ્રમુખ શ્રી ધનઋષિએ તેમને અગ્રણી માન્યા અને પ્રવર્તિની પદ પર સુશોભિત કર્યા. તેમની પ્રમુખ શિષ્યાઓ હતી.

(૧) સાધ્વી શ્રી સરદારાજી(૨) શ્રી ધનકુંવરજી (૩) શ્રી દયાજી (૪) શ્રી લક્ષમાજી

આમાં સાધ્વી શ્રી દયાજી અને લક્ષમાજીની શિષ્ય પરંપરા આગળ ચાલી.

## સાધ્વી શ્રી સરદારાજી

તેમણે સાધ્વીશ્રી કુશલકુંવરજી પાસે દીક્ષા લીધી હતી. તેઓ સાધ્વી રંભાજીની સાથે સ્નેહ રાખતા હતા તેથી સાથેસાથે વિચરણ કરતા હતા. તેઓ પ્રકૃતિથી સરળ, ધાર્મિક અને વ્યાખ્યાન કુશળ હતા.

## સાધ્વીશ્રી ધનકુંવરજી

તેમનો પોતાનો મોટા ભાગનો સમય ગુરુણી સાધ્વી શ્રી કુશવકુંવરની સેવામાં વીતાવ્યો તથા માળવા અને મેવાડમાં ભ્રમણ કરી ધમોપદેશ કર્યો. તેમની શિષ્યા પરંપરામાં શ્રી ફૂલકુંવરજીનું નામ મળે છે. અન્ય સાધ્વીઓ શ્રી સરસાજી, શ્રી કેસરજી તથા શ્રી રંભાજીનો પરિચય પ્રાપ્ત નથી થતો.

## સાધ્વીશ્રી દયાકુંવરજી

તેઓ સાધ્વી કુશલકુંવરજીના શિષ્યા હતા. આગમ જ્ઞાન તથા વ્યાખ્યાન કુશળ હતા. તેમના વિહારનું ક્ષેત્ર માળવા, મેવાડ અને બાગડ પ્રદેશ રહ્યું છે.

તેમનો અંતિમ સમય રતલામમાં વીત્યો. તેઓ શારીરિક લક્ષણો તથા સમયની ભવિષ્ય દ્રષ્ટા હતી.

તેમની પ્રમુખ શિષ્યા સાધ્વીશ્રી દીસાજી, શ્રી ઝૂમકજી શ્રી હીરાજી, શ્રી ગુમનાજી, શ્રી ગંગાજી, શ્રી માનકુંવરજીહતા. આમાં ધાસાજી અને માન કુંવરને છોડીને બાકી બધાંની શિષ્ય પરંપરા આગળ ચાલી.

## સાધ્વી ઝૂમકુજી

તેઓ પિપલોદા નિવાસી શ્રી માણેકચન્દજી નાંદેચાની સુપુત્રી હતા. સં. ૧૯૨૧માં તેમની દીક્ષાના ઉપલક્ષમાં મોટી મા એ રતલામમાં સાહૂ વાવડીની સમીપ એક ધર્મસ્થાનક ભેટ આપ્યું. તેમણે માળવા અને દક્ષિણમાં ધર્મપ્રચાર કર્યો. તેમને સોળ શિષ્યાઓ હતી.

## સાધ્વી શ્રી હીરાજી

તેઓ વસ્તુત : ઋષિ સમ્પ્રદાયના સતી મંડલમાં હીરા સમાન હતા. તેમનો જન્મ રતલામમાં થયો હતો. પિતાનું નામ દુલીચન્દજી સુરાના અને માતાનું નામ નાનૂબાઇ હતું. બાળપણમાં જ તેમનું લગ્ન થઇ ગયું હતું. માતાજી દીક્ષા લેવાના છે એ વાત જાણીને પોતે પણ દીક્ષા લેવા તૈયાર થયા. પારિવારિક પ્રલોભનો હોવા છતાં તેઓ પોતાના માર્ગમાંથી વિચલિત ન થયા.

સં. ૧૯૩૫માં જાવરામાં ચાતુર્માસ પૂરૂ કર્યા પછી જયારે પૂજયશ્રી તિલોકઋષિજી દક્ષિણ તરફ પધાર્યા. ત્યારે તેમણે પણ એ તરફ વિચરણ કરવાના હેતુથી પ્રસ્તથાન કર્યું. વિ.સં. ૧૯૪૦માં તિલોકઋષિનો દેહાન્ત થવાથી રત્નઋષિજીના જ્ઞાનાભ્યાસને માટે પ્રેરણાસ્રોત બની રહી. તેમની તેર શિષ્યાઓ હતી.

## સાધ્વી શ્રી સિરેકુંવરજી

તેમનો જન્મ સં. ૧૯૩૫માંથયો હતો. તેમની માતાનું નામ સેરુબાઇ હતું અનેપિતાનું નામ રામચન્દ્રજી હતું. તેમનું લગ્ન શ્રી તારાચન્દજી સાથે થયું હતું. પરંતુ તરત જ પતિનો સ્વર્ગવાસ થઇ ગયો. તેમણે સંવત ૧૯૫૪ અષાઢ વદ ચોથના દિવસે રત્નઋષિજી પાસે દીક્ષા અંગીકાર કરી. હતી. તેઓ સરળ સ્વભાવના વિદુષી સાધ્વી હતા. ઋષિ સંપ્રદાય દ્વારા તેમને સં. ૧૯૯૧માં ચૈત્ર વદ સાતમે પૂનામાં પ્રવર્તિની પદથી અલંકૃતકરવામાં આવ્યા. તેમનું વિચરણ સ્થળ દક્ષિણ રહ્યું. સં. ૨૦૨૧માં ઘોડનદીમાં તેમનો સ્વર્ગવાસ થયો.

## સાધ્વીશ્રી સાયરકુંવરજી

તેમનો જન્મ જેતારણ (મારવાડ) નિવાસી શ્રી કુન્દમલજી વોરાની ધર્મપત્ની શ્રીમતી શ્રેયકુંવરજીની કૂખે સં. ૧૯૫૮માં કારકત વદ તેરસે થયો હતો. તેમનો વિવાહ સિકંદ્રાબાદ નિવાસી શ્રી સુગાલચન્દજીની સાથે થયો હતો. તેમને ૩૨ વર્ષનીવયમાં સં. ૧૯૮૧માં ફાગણ વદ બીજના દિવસે મિરીમાં શ્રી અમોલક ઋષિ પાસે દીક્ષા લીધી અને સાધ્વીશ્રી નન્દૂજીની નિશ્રામાં શિષ્યા થઇ.

તેમનું વિહારક્ષેત્ર દક્ષિણ તથા મદ્રાસ રહ્યું તેમના સદુપદેશથી અનેક ધાર્મિક અને શૈક્ષણિક સંસ્થાઓનું નિર્માણ થયું. સંવત ૨૦૦૧માં તેમને મુનિશ્રી કલ્યાણઋષિજીનીહાજરીમાં પ્રવર્તિની પદ વડે અલંકૃત કરવામાં આવ્યા.

## સાધ્વી શ્રી રામકુંવરજી

તેમના પિતા ઘોડનદી (પૂના) નિવાસી શ્રી ગંભીરમલજી લોઢા હતા. માતાનું નામ ચંપાબાઇ હતું. તેમનું લૌકિક નામ છોટીબાઇ હતું. અઢાર વર્ષની ઉમંરે પતિનો સ્વર્ગવાસ થઇ જવાને કારણે માતા-પિતાએ તેમને સંયમ માર્ગ તરફ દોર્યા. સં. ૧૯૩૬ અષાઢ સુદ એકમના દિવસે માતા સાથે દીક્ષા ગ્રહણ કરી સાધ્વી હીરાજીની શિષ્યા બન્યા. તેમનો સ્વભાવ નમ્ર અને સેવાભાવી હતો. તેમને અનેક શાસ્ત્રોનું અધ્યયન કર્યું.

ત્રેપન વર્ષ સંયમી જીવન વીતાવીને પોતાના વતન ઘોડનદીમાં સંવત ૧૯૮૯માં કારતક વદ બીજની મધ્યરાત્રિ બાદ અનશન

દ્વારા ભૌતિક શરીરનો ત્યાગ કર્યો. તેમને ત્રેવીસ શિષ્યાઓ હતી. (૧) શ્રી રંગુજી (૨) શ્રી બડે સુંદરજી (૩) શ્રી હુલાસાજી (૪) શ્રી સુરજકુંવરજી (૫) શ્રી બડે રાજકુંવરજી (૬) શ્રી બડે કેસરજી (૭) શ્રી કસ્તૂરાજી (૮) શ્રીછોટે સુન્દરકુંવરજી (૯) શ્રી શાંતિકુંવરજી (૧૦) શ્ર સદાકુંવરજી (૧૧) શ્રી છોટે રાજકુંવરજી (૧૨) શ્રી પ્રેમકુંવરજી (૧૩) શ્રી શ્રેયકુંવરજી (૧૪) શ્રી ચન્દ્રકુંવરજી (૧૫) શ્રી જડાવ કુંવરજી (૧૬) શ્રી સુવ્રતાજી (૧૭) શ્રી ચાંદકુંવરજી (૧૮) શ્રી પાન કુંવરજી (૧૯) શ્રી જસકુંવરજી (૨૦) શ્રી સરસ કુંવરજી (૨૧) શ્રી રમ્ભાજી (૨૨) શ્રી કેસરજી (૨૩) શ્રી સોનાજી.

## સાધ્વી શ્રી સુમતિકુંવરજી

તેમનો જન્મ સંવત ૧૯૭૩ ચૈત્ર સુદ દસમે ઘોડનદીમાં થયો હતો. તેમના માતા-પિતાનું નામ શ્રીમતી હુલાસબાઇ અને હસ્તીમલજી દૂગડ હતું. તેમણે બાળપણમાં જ સાધ્વી રામકુંવર પાસે ધાર્મિક શિક્ષા પ્રાપ્ત કરી હતી. વિવાહના અઢાર મહિના પછી પતિનું મૃત્યુ થવાથી સં. ૧૯૯૨માં દીક્ષા ગ્રહણ કરી. તેમનું નામ સુમતિકુંવર રાખવામાં આવ્યું.

દીક્ષા બાદ તેમણે સંસ્કૃત, પ્રાકૃત, ન્યાય, વ્યાકરણ, અને આગમ સાહિત્યનું અધ્યયન કર્યું. તેમણે દેશના બધા ક્ષેત્રોમાં વિહાર કર્યો છે. વર્તમાનમાં તેઓ રાજગૃહમાં વિરાજિત છે. તેમની સાધ્વી ચન્દનાજી આદિ અનેક પ્રતિભાશાળી શિષ્યાઓ છે.

## સાધ્વીશ્રી ગંગાજી

સાધ્વીશ્રી ગંગાજીએ સાધ્વી શ્રી ઝૂમકૂની પાસે દીક્ષા ગ્રહણ કરી. તેમને પોતાનું સંપૂર્ણ જીવન સંયમ અને સેવામાં વીતાવ્યું. તેમને માલવા, મેવાડ અને મારવાડમાં વિચરણ કર્યું વૃદ્ધાવસ્થામાં રતલામમાં સાહુબાવાડી નામના ધર્મસ્થાનકમાં સ્થિરવાસ કર્યો. તેમનો સ્વર્ગવાસ પણ ત્યાં જ થયો. તેમની બે શિષ્યાઓ થઇ. સાધ્વી શ્રી રાજકુંવર અને સાધ્વીશ્રી સુમતિકુંવરજી.

## સાંધ્વી ગંગાજી (દ્વિતીય)

તેમનો જન્મ રજપૂત જ્ઞાતિમાં તયો હતો. તેઓ સંવત્ ૧૭૨૫માં સપરિવાર રતલામ આવ્યા અને સાધ્વી શ્રી દયાકુંવરજી પાસે દીક્ષા લીધી. શાસ્રીય જ્ઞાન પ્રાપ્ત કરી તેમને માલવા, મેવાડ, મારવાડ વગેરેમાં ધર્મોપદેશ આપ્યો. ભોપાલમાં તેમને અમૃતાજીને પોતાની શિષ્યા બનાવી. તેમનો સ્વર્ગવાસ સુજાલપુર (માળવા)માં થયો.

## સાધ્વી શ્રી અમૃતકુંવરજી

તેઓ ભોપાલ (માળવા)ના રહેવાસી હતા. તેમને જન્મગોડ જાતિમાં થયો હ ો. નવ વસર્ષની વયે તેમના વિવાહ ઇચ્છાવરમાં થયા. હતા. પરંતુ એક મહિનામાં જ તેઓ વિધવા થયા.તેમને સાધ્વી શ્રી ગંગાજી પાસે દીક્ષા ગ્રહણ કરી, બાંબોરીમાં તેમને સાધ્વી હેમકુંવરજી, સાધ્વી શ્રી જયકુંવરજી અને સાધ્વી રાધાજીને દીક્ષા પ્રદાન કરી. તેમનોસ્વર્ગવાસ બરાર પ્રાંતમાં થયો.

## સાધ્વી હેમકુંવરજી

તેમનો જન્મ સં. ૧૯૪૫માં ભાદરવા વદ ચૌદસના દિવસે પૂના જિલ્લાના ભિવરી ગામે થયો હતો. તેમના માતા-પિતાનું નામ ભીમબાઇ અને ફોજમલ હતું. પરિવાર દ્વારા વિઘ્ન ઉપસ્થિતકરવા છતાં પણતેમને વડૂલામાં સં. ૧૯૫૩ના મહા સુદ પૂનમના દિવસે સાધ્વી શ્રી ગંગાજી પાસે દીક્ષા ગ્રહણ કરી અને સાધ્વીશ્રી અમૃતકુંવરજીની નિશ્રામાં શિષ્યા થઇ માળવા,ખાનદેશ, વગેરે પ્રાન્તમાં તેમને વિચરણ કર્યું.

## સાધ્વીશ્રી જયકુંવરજી

તેઓ બંબોરી નિવાસી શ્રીમાન્ હજારીમલજી પગારિયાની પુત્રી હતા. તેમનો વિવાહ શ્રીમાન ફોજમલજી ખિંવસરા (ભિવર, પૂના)ની સાથે થયા હતા. તેઓએ ૨૫ વર્ષની ઉમ્મરે સં. ૧૯૫૪ના ચૈત્ર સુદ નોમના દિવસે સાધ્વીશ્રી અમૃતકુંવરજી પાસે દીક્ષા ગ્રહણ કરી. તેમની ત્રણ શિષ્યાઓ થઇ. (૧) ગુલાબકુંવરજી (૨) શ્રીરામ કુંવરજી (૩) શ્રી દુર્ગાકુંવરજી.

## સાધ્વી ગુલાબકુંવરજી

તેમને સરાગવી જાતિમાં અજંડ ગામમાં જન્મ લીધો. તેમને ૧૮ વર્ષની વયમાં સંવત્ ૧૯૬૪ મહા સુદ પાંચમે સાધ્વીશ્રી જયકુંવરજીની પાસે દીક્ષા લઇ તેમની શિષ્યા બન્યા. સં. ૧૯૯૦ માગશર સુદ આઠમના દિવસે બરડાવદા (મધ્ય ભારત)માં તેમને સ્વર્ગવાસ થયો.

## સાધ્વી શ્રી રામકુંવરજી

તેઓ લલિતપુરનારહેવાસી હતા. તેમના માતા-પિતાનું નામ શ્રીમતીમૂલીબાઇ અને શ્રીમાન ગીરધારી લાલજી હતું. સં. ૧૯૮૯માં ફાગણ સુદ નોમ સોમવારના દિવસે ચૌદ વર્ષની ઉમ્મરે સાધ્વી શ્રી જયકુંવરજી પાસે દીક્ષા લીધી. અને ન્યાય, વ્યાકરણ તથા સાહિત્યનું ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કર્યું.

## સાધ્વીશ્રી દુર્ગાકુંવરજી

તેઓ કુસુંબા (નાસિક) નિવાસી શ્રીમાન બાદર મલજી ઘાડીવાલની ધર્મપત્ની અને શ્રીમતી ગંગુબાઇની પુત્રી હતા. ચૌદ વર્ષની ઉમ્મરે તેમના વિવાહ પીપલપાડા (નાસિક) નિવાસી શ્રી ઉદયરાજ સોલંકીની સાથે થયા. માત્ર વીસ દિવસમાં જ તેઓ વિધવા થયા. સંવત ૧૯૯૮ના મહાસુદ તેરસે શુક્રવારે નિફાડ (નાસિક)માં ૫૧ વર્ષની વયે સાધ્વીશ્રી જયકુંવરજીની પાસે દીક્ષા લીધી.

## સાધ્વી શ્રી ગુમનાજી

તેમનો જન્મ પ્રતાપગઢ સ્ટેટના કોટડી નામના ગામમાંથયો હતો. તેમના માતા-પિતાનું નામક્રમશઃ ઝૂમાબાઇ અને નાહરમલજી હતું.તેમણે ૨૧ વર્ષનીવયે જાવરા શહેરમાં સાધ્વીશ્રી દયાકુંવરજીની પાસે દીક્ષા લીધી. તેમનો સ્વર્ગવાસ માળવા પ્રાન્તમાં થયો. તેમણે સંવત ૧૯૩૯માં અમરાવતીમાં શ્રી સિરેકુંવરજીને દીક્ષા આપી.

## સાધ્વી શ્રી સિરેકુંવરજી

તેઓ નાગપુરના શ્રી નવલમલજીની ધર્મપત્ની શ્રીમતી વિનયકુંવરબાઇની પુત્રી હતા. તેમનો વિવાહ અમરાવતી નિવાસી શ્રી નાહરની સાથે થયો હતો. સંવત્ ૧૯૩૯માં સાધ્વીશ્રી ગુમાનજી પાસે દીક્ષા ગ્રહણ કરી અને શાસ્ત્રીય જ્ઞાન ઉપાર્જિત કર્યું. તેમનું વિચરણ સ્થળ માલવ દેશ હતું. સંવત ૧૯૫૮ના માગસર સુદ ત્રીજના દિવસે તેમનો સ્વર્ગવાસ થયો.

તેમની નવ શિષ્યાઓ થઇ. જેમાંથી છના નામો મળે છે.

(૧) શ્રી ચૂનાજી (૨) શ્રી ગુલાબજી (૩) શ્રી ગંગાજી (૪) શ્રી ચંપાજી (૫) શ્રી ઘીસાજી (૬) શ્રી રતનકુંવરજી આમાંથી શ્રી રતનકુંવરજીની પરંપરા ચાલુ હતી.

## સાધ્વીશ્રી રતનકુંવરજીની પરંપરા

તેમનો જન્મ સં. ૧૯૪૯ના જોધપુર સ્ટેટના મોગરા ગામમાં થયો હતો. તેમના પિતાશ્રી ગણેશરામજી રાજપૂત હતા. અને માતા શ્રી રંભાબાઇ હતા.તેઓએ આઠ વર્ષની ઉંમરે સંવત્ ૧૯૫૭ના ફાગણ વદ પાંચમે સાધ્વી શ્રી સિરેકુંવરજીની પાસે દીક્ષા ગ્રહણ કરી. સંસ્કૃત અને પ્રાકૃત અધ્યયનની સાથે હિન્દી, ઉર્દૂ ભાષાનું વિશેષ અધ્યયન પણ તેમણે કર્યું.

પ્રતાપગઢમાં સંવત ૧૯૮૯ પોષ વદ પાંચમના દિવસે તેમને પ્રવર્તિની પદ વડે અલંકૃત કરવામાંઆવ્યા.

તેમના વિચરણ સ્થળ માળવા, મેવાડ, મારવાડ, પંજાબ, ખાનદેશ, બરાર, મહારાષ્ટ્ર વગેરે ક્ષેત્રે રહ્યા. તેમનો સ્વર્ગવાસ રાજાપુર (મધ્યપ્રદેશ)માં થયો.

તેમની દસ શિષ્યાઓ થઇ. તેમના નામ નીચે પ્રમાણે છે.

(૧) શ્રી ઉમરાવકુંવરજી (૨) પં. શ્રી વલ્લભકુંવરજી (૩) શ્રી શ્રીમતીજી (૪) શ્રી રાજીમતીજી (૫) શ્રી સોહનકુંવરજી (૬) શ્રી પાનકુંવરજી (૭) શ્રી સૂરજકુંવરજી (૮) શ્રી કુસુમકુંવરજી (૯) શ્રી વિમલકુંવરજી (૧૦) શ્રીયત કુંવરજી.

## શ્રી ઉમરાવકુંવરજી

તેમનો જન્મ સં. ૧૯૩૮માં ટાટોટી (અજમેર) માં થયો હતો. તેમના માતાપિતાનું નામ શ્રીમતી કેશરબાઇ અને શ્રી પન્નાલાલજી ડાબરિયા હતું. સોળવર્ષની વયે અજમેર નિવાસી શ્રી કાનમલજીસુરાણાની સાથે તેમના લગ્ન થયા હતા. વિવાહ પછી પંદર દિવસમાં જ તેઓ વિધવા થયા. અજમેરમાં વીસ વર્ષ સુધી ધાર્મિક જીવન વીતાવ્યા બાદ સંવત્ ૧૯૭૫ના ચૈત્ર સુદ પાંચમના દિવસે સાધ્વી રત્નકુંવરજી પાસે દીક્ષા ગ્રહણ કરી. તેમનો સ્વર્ગવાસ રાજાપુર (મ.પ્ર.)માં થયો.

## સાધ્વી શ્રી વલ્લભકુંવરજી

તેમને જન્મ સંવત્ ૧૯૬૮માં રાજાપુર (મ.પ્ર.)માં થયો હતો. તેમના માતા પિતાનું નામ શ્રીમતી દેવકુંવરબાઇ અને શ્રી મોતીલાલજી કોઠારી હતું. ૧૧ વર્ષની ઉમ્મરે તેમના વિવાહ નલખેડા (માળવા) નિવાસી શ્રી છગનલાલજી નાહરની સાથે થયા. પરંતુ વિવાહના એક વર્ષ પછી તેઓ વિધવા થયા. સંવત ૧૯૮૩ના અષાઢ સુદ પાંચમનાદિવસે શાજાપુરમાં સાધ્વીશ્રી રતનકુંવરજી પાસે દીક્ષા લીધી.

તેમને શાસ્ત્રીય ગ્રંથોનું વિશેષ જ્ઞાન પ્રાપ્ત કર્યું. અને સાથે સાથે સંસ્કૃત, ઉર્દૂ, અરબી, ફારસી અને અંગ્રેજીનું જ્ઞાન પણ લીધું હતું. માળવા, મેવાડ, મારવાડ, પંજાબ, ખાનદેશ, દક્ષિણ મહારાષ્ટ્ર તેમના વિચરણ સ્થળો રહ્યા. તેમનો સ્વર્ગવાસ શાજાપુર (મ.પ્ર.)માં થયો.

## સાધ્વીશ્રી શ્રીમતીજી

તેમનો જન્મ બખતગઢ (જિલ્લા ધાર-મધ્ય ભારત)માં સંવત ૧૯૭૬માં થયો હતો. તેમની માતાનું નામ શ્રી પ્યારીબાઇ હતું અને પિતાનું નામ ચંપાલાલજી હતું. તેમના વિવાહ નગદા નિવાસી શ્રી વસ્તીમલજી સુરાણાની સાથે થયા હતા. પરંતુ થોડા સમયમાં જ તેઓ વિઘલા થયા. એકવીસ વર્ષની ઉમ્મરે સંવત્ ૧૯૮૮માં માગશર વદ પાંચમે શ્રી રતનકુંવરજી પાસે તેમને દીક્ષા લીધી અને તેમના શિષ્યા બન્યા.

## સાધ્વી શ્રી સોહનકુંવરજી

તેમને જન્મ સંવત ૧૯૫૫માં ઈંદોરમાં થયો હતો. તેમની માતાનું નામ દાખાબાઇ અને પિતાનું નામ શ્રી ઇન્દ્રચંદ્રજી સુરાણા હતું. તેમના વિવાહ ઉજ્જૈન નિવાસી શ્રી જ્ઞાનચન્દ્રજી મૂથાની સાથે થયા હતા. સાધ્વી રતનકુંવરજી પાસે ૩૪ વર્ષની વયે દીક્ષા લીધી. સંવત ૧૯૮૯ મહાસુદ તેરસનો દિવસ તેમનીદીક્ષાનો દિવસ હતો. વર્તમાનમાં તેઓ શાજાપુરમાં સ્થિર વાસ કરી રહ્યા છે.

## સાધ્વીશ્રી પાનકુંવરજી

તેમનો જન્મ સંવત ૧૯૬૩માં શાજાપુર (મ.પ્ર.)માંથયો હતો. તેમના પિતાનું નામ શ્રી હુકમીચન્દજી ઓસ્તવાલ હતું. તેઓવિવાહના છ મહિના પછી વિઘલા થયા હતા. તેમના વિવાહ કાનડ નિવાસી શ્રી દેવબક્ષજીની સાથે થયા હતા. તેઓ શ્રી રતકુંવરજીના ઉપદેશથી પ્રભાવિત થઇને સંવત ૧૯૯૩ની મહાસુદ પાંચમે દીક્ષિત થયા. તેઓ સરળ સ્વભાવી અને સ્વાધ્યાયી સાધ્વી છે. વર્તમાનમાંતેઓ રાજાપુર (મ.પ્ર.)માં સ્થિરવાસમાં છે.

## સાધ્વીશ્રી સૂરજ કુંવરજી

તેમનો જનમ સંવત ૧૯૫૯માં ચિચોડી પટેલ (અહમદનગર)માં થયો હતો. તેમના માતા-પિતાનું નામ શ્રીમતી રાજકુંવરબાઇ અને શ્રી નેમિચંદ્ર હતું. તેમના વિવાહ ધવલપુરી (અહમદનગર) નિવાસી શ્રી સુલતાનચન્દજી પોખણાની સાથે થયા.

તેમનેધવલપુરીમાં સંવત્ ૧૯૯૪માં માગસર સુદ પાંચમના દિવસે ૩૫ વર્ષની વયે શ્રી રતકુંવરજી પાસે દીક્ષા લીધી.

## સાધ્વી શ્રી કુસુમકુંવરજી

તેમનો જન્મ ૧૯૯૩માં રાંજણી (ખાનદેશ)માં થયો હતો. તેમના પિતાનું નામ બાલારામજી અને માતાનું નામ ધાપૂબાઇ છે. તેમને દસ વર્ષની ઉમ્મરમાં જ સાધ્વી શ્રી રતનકુંવરના સાન્નિધ્યમાં રહીને હિન્દી તથા ધાર્મિક ગ્રંથોનું અધ્યયન કર્યું. અને તેમને ચૌદ વર્ષની ઉમ્મરે સંવત ૨૦૦૭ માં વૈશાખ સુદ ત્રીજના દિવસે દીક્ષા લીધી.

## સાધ્વી શ્રી વિમલકુંવરજી

તેઓ રાણાવાસ (મારવાડ) નિવાસી શ્રી દોલતરામજીની પુત્રી હતા. તેમના વિવાહ મારવાડ નિવાસી હીરાચન્દજીના પુત્ર સાથે થયા હતા. સં. ૨૦૧૦ના વૈશાખ વદ બીજના દિવસે સાધ્વી રત્નકુંવરજીની શિષ્યા બની.

## સાધ્વી શ્રી ચતરકુંવરજી

તેમનો જન્મ સંવત ૧૯૪૦ કાલૂખેડા (માળવા) નિવાસી શ્રી હુકમીચંદજી ભંડારીની ધર્મપત્નીશ્રીમતી દયાકુંવરની કૂખે થયો હતો.તેમના વિવાહ રતલામ નિવાસી શ્રી હજારીમલજીનીસાથે થયા હતા.તેઓ થોડા સમયમાં જ વિધવાથયા. સંવત્. ૧૯૬૮ વૈશાખ સુદ ત્રીજ (અક્ષયતૃતીયા)ના દિવસે ૨૮ વર્ષની વયે દીક્ષા લઇને સાધ્વીશ્રી રતનકુંવરજીની શિષ્યા બનયા. તેમને બે શિષ્યાઓ હતી. (૧) શ્રી લક્ષ્માજી (૨) શ્રી મૃગાવતીજી.

## સાધ્વી શ્રી લછમાજી

તેમનો જન્મ કાલૂખેડા (માળવા)માં સંવત ૧૯૫૪માં થયો હતો. તેમના પિતાનું નામ શ્રી કિશનાશ્રી અને માતાનું નામ શ્રીમતી નવલકુંવરબાઇ હતું. સાત વર્ષની ઉમ્મરમાં તેમનું લગ્ન થયું. પરંતુ છ મહિના પછી તેમના પતિનો સ્વર્ગવાસથયો.સં. ૧૯૬૯માં માગશર વદ બીજે પંદર વર્ષની વયે શ્રી ચતરકુંવરજી પાસે દીક્ષા લઇ તેમની શિષ્યા બન્યા. તેમને સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી, ઉર્દૂ, ફારસી વગેરે ભાષાઓનું અધ્યયન કર્યું. તેમની એક શિષ્યા થઇ જેનું નામ શ્રી શાંતિકુંવરજી હતું.

## સાધ્વી શ્રી મૃગાવતીજી

તેમનો જન્મ સંવત ૧૯૭૧માં મહૂછાવણી (મધ્યભારતમાં) થયો. તેમની માતાનું નામ શ્રીમતી ધીસાબાઇ અને પિતાનું નામ શ્રી પન્નાલાલજી હતું. તેમનો વિવાહ શ્ર ગેંદાલાલજી સાથે થયો હતો. સંવત ૧૯૮૯માં માગસર વદ પાંચમે તલગારા ગામમાં સાધ્વીશ્રી રતનકુંવરજી પાસે દીક્ષાગ્રહણ કરી અને ચત્તરકુંવરની શિષ્યા બની.

## સાધ્વી શ્રી નન્દૂજી

તેમનો જન્મ સંવત ૧૯૧૪ના માગસર મહિનામાં થયો હતો. તેમના માતા પિતાનું નામ શ્રીમતી ચંદનબાઇ અનેશ્રી મેઘરાજજી નાબરિયા હતું. તેમનો વિવાહ દેરવાડી (નાસિક) નિવાસી શ્રી દગડૂજી ખીંચસરાની સાથે થયા. બાવીસ વર્ષની વયે સંવત ૧૯૩૬ના ચૈત્ર સુદ તેરસના દિવસે સાધ્વી શ્રી હીરાજીની શિષ્યા બની. શાસ્ત્રીય જ્ઞાનના તેઓ સારા જાણકાર હતા. સં. ૧૯૮૩ માગસર સુદ ત્રીજના ગુરુવારે ઉપવાસ સાથે અહમદનગરમાં તેમનો સ્વર્ગવાસ થયો. તેમને સાત હિષ્યાઓ હતી.

(૧) શ્રી છોટાજી (૨) શ્રી સિરેકુંવરજી (૩) શ્રી રાયકુંવરજી (૪) શ્રી રાધાજી (૫) શ્રી કેસરજી (૬) શ્રી સાયરકુંવરજી અને (૭) શ્રી જડાવકુંવરજી

## સાધ્વી શ્રી હુલાસકુંવરજી

તેમનો જનમ સંવત ૧૯૬૨માં માગસર સુદમાં ગઉરવેલ (બીડ મોગલાઇ)માં થયો હતો. તેમના માતા પિતાનું નામ શ્રીમતી છગનીબાઇ અને શ્ર રતનચન્દજી ગુગલિયા હતું. તેમનો વિવાહ હિંડરા (બીડ) નિવાસી રતનચન્દજી મુથાની સાથે થયો હતો. સં. ૧૯૮૮માં માહ સુદ તેરસના દિવસે અહમદનગરમાં સાધ્વીશ્રી સિરેકુંવર પાસેતેમને દીક્ષા લીધી.

## સાધ્વી શ્રી રાયકુંવરજી

તેમને સાધ્વી શ્રી નન્દૂજીની પાસે દીક્ષાગ્રહણ કરી તેઓ નામસ્મરણ અને તપશ્ચર્યામાં વિશેષ રત રહેતી હતી. તેઓ ૪૩ દિવસ સુધી અનશન વ્રતનું પાલન કરીને સં. ૧૯૮૫માં ચૈત્ર સુદ ચોથના દિવસે સોમવારે સ્વર્ગવાસી થયા.

## સાધ્વી શ્રી રાધાજી

સાધ્વીશ્રી નન્દૂજજીના ઉપદેશથી પ્રેરણા પામીને તેમને દીક્ષા લીધી.તેમનો સ્વભાવ વિનમ્ર અને સેવાભાવી હતો.

## સાધ્વી શ્રી કેશરજી

તેમનો જન્મ સં. ૧૯૩૧માં નારાયણપૂરા (પૂના)માં થયો હતો. તેમનાપિતાનું નામ શ્રી ગેનમલજી દૂગડ અને માતાનું નામ કુન્દનબાઇ હતું. તેમના વિવાહ પૂના નિવાસી શ્રી પેમરાજજી પોખરણાની સાથે થયા હતા. ૩૨ વર્ષની ઉમ્મરે સંવત ૧૯૬૩માં મહા સુદ ત્રીજના શનિવારને દિવસે પોતાના પિતાના ગામે સાધ્વીશ્રી નન્દૂજી પાસે દીક્ષાગ્રહણ કરી.

સંવત ૨૦૧૨માં અનશનવ્રતદ્વારા તેમનોસ્વર્ગવાસ થયો.

## સાધ્વી શ્રી  સાયરકુંવરજી

તેમનો જન્મ સં. ૧૯૫૮માં કારતક વદ તેરસના દિવસે જેતારણ (મારવાડ) નિવાસી શ્રીમાન કુન્દનમલજી વોહરાની ધર્મપત્ની શ્રીમતી શ્રેયકુંવરની કૂખેથયો. તેમનોં વિવાહ સિકંદરાબાદમાં શ્રી સુગાલચન્દજી મકોનાની સાથે થયો. ધર્મ તરફ ઢળેલાં હોવાને કારણે સંવત ૧૯૫૧માં ફાગણ વદ બીજને બુધવારે મિરિ (અહમદનગર)માં શ્રી અમોલક ઋષિ પાસે દીક્ષા લઇ સાધ્વીશ્રી નન્દૂજીની શિષ્યા બની. તેમને ધાર્મિક ગ્રંથોનો સારો અભ્યાસ હતો. તેમની છશિષ્યાઓ થઇ. (૧) શ્રી સોનાજી (૨) શ્રી સમુતિકુંવરજી (૩) શ્રી પદમકુંવરજી (૪) શ્રી પારસ કુંવરજી (૫) શ્રી દર્શનકુંવરજી અને (૬) શ્રી ઇન્દ્રકુંવરજી. વર્તમાનમાં શ્રી ઇન્દ્રકુંવરજીની પરમ્પરા ચાલી રહી છે.

## સાધ્વી શ્રી હીરાજીની શિષ્યા શ્રી ચમ્પાજી

તેઓ ઘોડનદી (પૂના) નિવાસી શ્રી ગંભીરમલજી લોઢાની ધર્મપત્ની હતી. સંવત ૧૯૩૬માં અષાઢ સુદ નોમનાદિવસે છી તિલોકઋષિજીની પાસે પોતાની પુત્રી સાથે દીક્ષા લીધી. અને હીરાજીની શિષ્યા બની. સંવત ૧૯૫૧માં ભાદરવા સુદ ત્રીજના દિવસે અનશન વ્રતદ્વારા સ્વર્ગવાસી થઇ. તેમને બે શિસયાઓ હતી.

(૧) શ્રી છોટાજીઅને (૨) શ્રી જમુનાજી

## સાધ્વીશ્રી રામકુંવરજી શિષ્યા શ્રી ચાંદકુંવરજી

તેમનો જન્મ સંવત ૧૯૫૯માં સલબતપુરનિવાસી શ્રી ભગવાન દાસજી ફિરોદિયાની ધર્મપત્ની શ્રીમતી નાનીબાઇની પુત્રી રૂપે થયો હતો. સંવત. ૧૯૭૨ મહા સુદ તેરસના દિવસે તેર વર્ષની વયે સાધ્વી રામકુંવરજી પાસે દીક્ષા ગ્રહણ કરી.તેમને બે શિષ્યાઓ હતી. (૧) પુષ્પકુંવરજી (૨) શ્રી મનોહર કુંવરજી

## સાધ્વીશ્રી ભૂરાજી

તેઓ સં. ૧૯૩૭માં દીક્ષા લઇને મહાસતી શ્રી હીરાજીની શિષ્યા બની અને શાસ્ત્રીય જ્ઞાન ઉપાર્જન કર્યું. સંવત ૧૯૭૧માં પોષ વદ તેરસેતેમનો સ્વર્ગવાસ થયો.

તેમની ચાર શિષ્યાઓ હતી. (૧) રતનકુંવરજી(૨) શ્રી જયકુંવરજી (૩) શ્રી પાનકુંવરજી (૪) શ્રી રાજકુંવરજી

## શ્રી પાનકુંવરજી

તેમને સાધ્વીશ્રી ભૂરાજી પાસે દીક્ષા ગ્રહણ કરી, શાસ્ત્રીય જ્ઞાન પ્રાપ્ત કર્યું. તેમની બે શિષ્યાઓ થઇ. (૧) શ્રી પ્રેમકુંવરજી અને (૨) શ્રી ફૂલકુંવરજી.

## સાધ્વીશ્રી રાજકુંવરજી

તેઓ રતલામ નિવાસી શ્રી કસ્તૂરચન્દજી મુણોતની ધર્મપત્ની પ્રેમકુંવરની પુત્રી હતી. તેમને વૈશાખ સુદ છઠના દિવસે મંગળવારે સં. ૧૯૫૮માંશ્રી ભૂરાજી પાસે દીક્ષા લીધી. અને તેમની શિષ્યા બની. તેમને સંસ્કૃત પ્રાકૃત, હિન્દી, ઉર્દૂ અને ફારસી ભાષાઓનું જ્ઞાન પ્રાપ્ત કર્યું અને વિદૂષી સાધ્વી બન્યા. ફાગણ સુદ ચોથને બુધવાર સંવત ૧૯૯૬માં તેમને સ્વર્ગવાસ થયો. તેમની ચૌદ શિષ્યાઓ થઇ.

(૧) સાધ્વીશ્રી સુગનકુંવરજી (૨) સાધ્વીશ્રી ચન્દ્રકુંવરજી (૩) શ્રી જસકુંવરજી (૪) શ્રી શાન્તિકુંવરજી (૫) શ્રી સિરેકુંવરજી (૬) શ્રી વિનયકુંવરજી (૭) શ્રી બદામકુંવરજી (૮) શ્રીલાભકુંવરજી (૯) શ્રી રમણકુંવરજી (૧૦) શ્રી સજ્જન કુંવરજી (૧૧) શ્રી ચન્દનબાલાજી (૧૨) શ્રી ગુલાબકુંવરજી (૧૩) શ્રી માણક કુંવરજી અને (૧૪) શ્રી ઉજ્જવલ કુંવરજી.

તેમાં સાધ્વી ઉજ્જવલકુંવરજીની પરંપરા આગળ ચાલી, તેમના વિવાહ ન્યાયડોંગરી નિવાસી શ્રી ભાગચન્દ્રજી દૂગડની સાથે થયા હતા. ફાગણ સુદ બારસ સંવત ૧૯૭૯ના રોજ શ્રી પ્રેમકુંવર પાસે બાવીસ વર્ષની વયે દીક્ષા લીધી. અને શ્રી રાજકુંવરજીની શિષ્યા બન્યા. અષાઢ વદ ચૌદશ સંવત ૧૯૯૪માં તેમનો સ્વર્ગવાસ થયો. તેમની એક શિષ્યા થઇ તેનું નામ શ્રી સૂરજકુંવર હતું.

## સાધ્વી શ્રી ઉજ્જવલ કુંવરજી

તેમનો જન્મ ચૈત્રવદ ૧૩, સંવત ૧૯૭૫માં બરવાળા (સૌરાષ્ટ્ર)માં શ્રીમાન માધવજીભાઇ ડગલીની ધર્મપત્ની શ્રીમતી ચંચલબાઈની કુખે થયો હતો. તેમને દીક્ષા લેતાં પહેલાં જ સંસ્કૃત દર્શન, ગુજરાતી, હિન્દી, ઉર્દૂ આદિનું વ્યાપક અધ્યયનકર્યું હતું. સંવત ૧૯૯૧માં અક્ષય તૃતીયાના દિવસે કરમાલામાં શ્રીઆનન્દઋષિજી પાસે દીક્ષા ગ્રહણ કરી, શ્રી રાજકુંવરજીની શિષ્યા બની. સને ૧૯૯૬માં ફાગણ સુદ પાંચમને ગુરુવારના દિવસે ખામગામમાં પ્રવર્તિની પદ વડે અલંકૃતથયા. મુંબઇ પૂના, અમદાવાદ, નાસિક, ખાનદેશ, બરાર વગેરે ક્ષેત્રો તેમના વિચરણ સ્થળો રહ્યાં તેઓ બહુજ પ્રભાવશાળી સાધ્વી હતા. મહાત્માગાંધી વગેરે પ્રબુદ્ધ નેતાઓ સાથે પણ તેમણે વિચાર વિમર્શ કર્યોહતો. તેમની ચાર પ્રમુખ શિષ્યાઓ હતી. (૧) શ્રી પ્રભાકું વરજી (૨) શ્રી સુગનકુંવરજી (૩) શ્રી વિમલકુંવરજી (૪) શ્રી પ્રમોદકુંવરજી.

તેમનો શિષ્યા પરિવાર વિશાલ છે. અને તેમાં કેટલીયે પ્રબુદ્ધ સાધ્વીઓછે. જેમણે એમ. એ. અને પી. એચ.ડી. સુધીનુ અધ્યયન કર્યું છે.

## સાધ્વી શ્રી લછમાજી

તેમનું જન્મસ્થળ મન્દસૌર (માલવા) હતું અને તેમના પિતાનું નામ ધનરાજજી વીસા પોરવાડ તથા માતાનું નામ શ્રીમતી ગંગૂબાઇ હતું. તેમણે કુશલકુંવરજીની પાસે દીક્ષા લીધી અનેતેમની શિષ્યા બન્યા. તેમને 'ભગવતી સૂત્ર'નો ઊંડો અભ્યાસ કર્યો હતો. તેમણે ચૂમ્માલીસ વર્ષ સુધી સંયમનું પાલન કર્યું. પ્રતાપગઢમાં સંથારા દ્વારા શરીરોત્સર્ગ ક્યો. તેમની દસ શિષ્યાઓ થઇ હતી.

(૧) શ્રીરુકમાજી (૨) શ્રી હમીરાજી (૩) શ્રી દેવકુંવરજી (૪) શ્રી રંભાજી (૫) શ્રી દયાકુંવરજી (૬) શ્રી જડાવકુંવરજી (૭) શ્રી ગેંદાજી (૮) શ્રી લાડૂજી (૯) શ્રી મોટા હમીરાજી અને (૧૦) શ્રી સોનાજી.

આમાંથી નીચેની પરંપરા ચાલી.

## સાધ્વીશ્રી દેવકુંવરજી

તેમનો જન્મ માલવામાં થયો. સાધ્વીશ્રી લછમાજી પાસે દીક્ષા અંગીકાર કરી. અને શાસ્ત્રીય જ્ઞાન પ્રાપ્ત કર્યું. સંયમની આરાધના કરી. સ્વર્ગવાસી થયા. તેમની એક શિલ્યા થઇ તેનું નામ શ્રી સરદારાજી હતું.

## સાધ્વી શ્રી સરદારાજી

તેમનો જન્મ માલવા પ્રાન્તના ઈંગણોદ ગામમાં માલી બિરદારીમાં થયો હતો. સાધ્વી શ્રી દેવકુંવર પાસે દીક્ષા લઇ તેમની શિષ્યા બની. અને શાસ્ત્રીય જ્ઞાન પ્રાપ્ત કર્યું. તેમની શ્રી સુન્દર કુંવર નામની એક શિષ્યા થઇ.

## સાધ્વી શ્રી ગુલાબકુંવરજી

તેમનો જન્મ સંવત ૧૯૪૮માં નિનેર (માલવા) નામના સ્થાનમાં થયો હતો. તેમના માતા-પિતાનું નામ શ્રીમતી સરસાબાઇ અને શ્રી અમરચંદજી હતું. લગભગ નવ વર્ષનુ વયે શ્રી લાડુજી સાથે ચૈત્ર સુદ ત્રીજ સં. ૧૯૫૭ દીક્ષાલઇને શ્રી મૂલાજીની શિષ્યા બની. તેમને સાધારણ જ્ઞાન હતું. માલવા તેમના વિહારનું ક્ષેત્ર હતું. તેમને ત્રણ શિષ્યાઓ હતી.

(૧) શ્રી ધાપૂજી (૨) શ્રી સૂડાજી (૩) શ્રી સુમતિ કુંવરજી

## સાધ્વી શ્રી (બડે) હમીરાજી

તેમને શ્રી લછમમાજી પાસે દીક્ષા ગ્રહણ કરી તેમની શિષ્યા બની. માલવા અને વાગડ પ્રાન્ત તેમનું વિહારક્ષેત્ર હતું. તેમને પાંચ શિષ્યાઓ હતી. (૧) શ્રી છોટાજી (૨) શ્રી જગનાજી (૩) શ્રી હુલાસકુંવરજી (૪) શ્રી માનકુંવરજી (૫) શ્રી રંભાજી

## સાધ્વી શ્રી રંભાજી અને તેમની પરંપરા

તેમનો જન્મ પ્રતાપગઢ નિસ્વાસી શ્રી ઘાસીલાલજી પોરવાડની ધર્મપત્ની શ્રીમતી રુકમાબાઇની પુત્રીના રૂપે થયો. નવ વર્ષની ઉંમરમાં તેમના વિવાહ થયા. અને તેર વર્ષનીની વયે તે વિધવા થયા. બે વર્ષ પછી માતા-પિતાની આજ્ઞા લઇને તેમને પોતાનાપિતાના ગામમાં જ શ્રી બડે હમીરાજી પાસે દીક્ષા લીધી.

સં. ૧૯૯૧માં ચૈત્ર વદ સાતમના દિવસે પૂનામાં પ્રવર્તિની પદ તેમને મળ્યું.

માલવા, બાગડ, ગુજરાત, મહારષ્ટ્ર, ખાનદેશ વગેરેપ્રાન્ત તેમની વિહારભૂમિ રહી હતી.

સં. ૨૦૦૨ના જેઠ સુદ પૂનમના દિવસે તેમને સ્વર્ગવાસ થઇ ગયો.

તેમને૧૮ શિષ્યાઓ હતી.

| | | |
|---|---|---|
| ૧) શ્રી પાનકુંવરજી | ૨) શ્રી રાજકુંવરજી | ૩) શ્રી કેસરજી |
| ૪) શ્રી રામકુંવરજી | ૫) શ્રી ગુલાબકુંવરજી | ૬) શ્રીજતન કુંવરજી |
| ૭) શ્રી સુન્દકુંવરજી | ૮) શ્રી જસકુંવરજી | ૯) શ્રી સૂરજકુંવરજી |
| ૧૦) શ્રી વિજયકુંવરજી | ૧૧) શ્રી જયકુંવરજી | ૧૨) શ્રી જડાવકુંવરજી |
| ૧૩) શ્રી રતકુંવરજી | ૧૪) શ્રી પ્રેમકુંવરજી | ૧૫) શ્રી ફુલકુંવરજી |
| ૧૬) શ્રી વસંતકુંવરજી | ૧૭) શ્રીચન્દ્રકુંવરજી | ૧૮) શ્રી આનન્દકુંવરજી |

જેમાંથી નીચેની શિષ્ય પરંપરા ચાલુ રહી.

## સાધ્વીશ્રી ચન્દકુંવરજી

તેમને જન્મ કડા (અહમદનગર)માં થયો હતો. તેમના પિતાનું નામ નવલમલજી સિંધી હતું. તેમનો વિવાહ પારનેર નિવાસી

શ્રીમાન ચુન્નીલાલજીની સાથે થયોહતો. દોઢ વર્ષ પછીતેમને પતિના વિયોગનો સામનો કરવો પડયો. પંદર વર્ષની ઉંમરે તેમને શ્રી રંભાજી મહારાજ પાસે દીક્ષા ગ્રહણ કરી.

તેમને સંસ્કૃત અને પ્રાકૃત માધ્યમ દ્વારા શાસ્ત્રી સુધીનું જ્ઞાન પ્રાપ્ત કર્યું.

સં. ૧૯૯૩માં જીવનની અંતિમ અવસ્તા દૌંડ (પૂના)માં વીતાવીને તેઓ સ્વર્ગવાસી થયા.

તેમની બે શિષ્યાઓ હતી.

(૧) શ્રી પ્રભાકુંવરજી (૨) શ્રી ઇન્દ્રકુંવરજી

## સાધ્વી શ્રી આનન્દકુંવરજી

તેમનો જન્મ સંવત ૧૯૬૦માં મહાસુદ સાતમને સોમવારે થયો. તેમની માતાનું નામ શ્રીમતી રતનબાઇ અને પિતાનું નામ શ્રી લાધુરામજી હતું. તેમનો વિવાહ માલેગામ નિવાસી શ્રી મુલતાનમલજીની સાથેથયા. પતિની આજ્ઞા મેળવીને સં. ૧૯૭૯માં વસંતપંચમીના દિવસેતેમને શ્રી રંભાજીનીપાસે દીક્ષા લીધી અનેતેમની શિષ્યા બની.

મનચર (પૂના) મુંબઇ, કર્ણાટક તેમના વિચરણ સ્થળ રહ્યા. એમની પાંચ શિષ્યાઓ હતી.

(૧) શ્રી સજ્જનકુંવરજી (૨) શ્રી પુષ્પ કુંવરજી ૯૩) શ્રી મદનકુંવરજી (૪) શ્રી વલ્લભકુંવરજી (૫) શ્રી હર્ષકુંવરજી

## સાધ્વી શ્રી સોનાજી

તેમનો જન્મ સંવત્ ૧૯૦૦માં જાવદ (માલવા-મંડલ) નામના ગામમાંથયો હતો તેમની માતાનું નામ રોડીબાઇ અને પિતાનુંનામ એંકારજી હતું. તરુણાવસ્થામાં સાધ્વી શ્રી લછમાજી પાસે દીક્ષા લઇને સંવત્ ૧૯૨૫માંતેમની શિષ્યા બની શાસ્ત્રીયજ્ઞાન પ્રાપ્ત કર્યું.

તેઓ સંવત્ ૧૯૫૬ના પ્રતાપગઢમાં સંથારા દ્વારા સ્વર્ગવાસી થયા તેમને અગિયાર શિષ્યઓ હતી. (૧) શ્રી કાસાજી (૨) શ્રીચંપાજી (૩) શ્રી બડે હમીરાજી (૪) શ્રી પ્યારાજી અને (૫) શ્રી છોટડે હમીરાજી આ પાંચ નામો જ ઉપલબ્ધ છે.

## સાધ્વીશ્રી કાસાજી

તેમનું જન્મ સ્થળ મન્દસૌર હતું અને પિતાનું નામ તિલોકચન્દજી હતું. માતાનું નામ જોતાબાઇ હતું. સાધ્વી શ્રી સોનાજી પાસે દીક્ષા લઇ જ્ઞાન અને વિનયની મૂતિ બન્યા.

તેમના વિચરણ સ્થળો માલાવા, મેવાડ, વાગડ આદિ પ્રાન્તો હતા. સં. ૧૯૪૫માં પિતાના ગામમાં આવને સંથારા દ્વારા તેઓ સ્વર્ગવાસી થઇ તેમની શિષ્યાઓ નીચે પ્રમાણે હતી.

(૧) શ્રી મથુરાજી (૨) શ્રી સરસાજી (૩) શ્ર કસ્તૂરાજી અને (૪) શ્રી હગામકુવરજી.

## સાધ્વીશ્રી ફૂલકુંવરજી

તેમને જન્મ માલવા પ્રાન્તના ગૌરવી ગામમાં થયો હતો. શ્રી બાલચન્દજી એમના પતિ હતા. ૨૫ વર્ષની યુવાન વયમાં શ્રી દોલત ઋષિની પાસે દીક્ષા લઇ સંવત્ ૧૯૭૧માં ફાગણ માસમાં સાધ્વીશ્રી સરસાજીના શિષ્યા બની. અને શાસ્ત્રીય જ્ઞાન પ્રાપ્ત કર્યું. વિ. સં. ૧૯૯૨માં અષાઢ સુદ અગિયારસના દિવસે પ્રતાપગઢમાં તેમનો સ્વર્ગવાસ થયો.

## સાધ્વીશ્રી હગામકુંવરજી

તેઓ પ્રતાપ ગઢના શ્રી માણકચન્દ ચંડાલિયાની ધર્મપત્ની અને શ્રીમતી અમૃતાબાઇની પુત્રી હતી. તેમનો વિવાહ માર્લોટ નિવાસી શ્રી ગુલાબચન્દજીની સાથે થયા હતા. પરંતુ તેમનું સૌભાગ્ય બહુ થોડા દિવસ રહ્યું ફાગણ સુદ ત્રીજ સંવત ૧૯૬૦માં સાધ્વીશ્રી કાસાજી પાસે દીક્ષા લીધી અને તેમની શિષ્યા બની. તેમને શાસ્ત્રીય જ્ઞાન પ્રાત્ન કર્યું.

માલવા, મેવાડા, વાગડ, વરાર, મધ્ય પ્રદેશ વગેરે તેમના વિહાર ક્ષેત્ર રહ્યા. સં. ૧૯૮૭માં તેમને પ્રવર્તિની પદ પ્રાપ્ત થયું. તેમને નવ શિષ્યાઓ હતી.જેમાંથી આઠ નામો ઉપલબ્ધ છે. (૧) શ્રી જાનકુંવરજી (૨) શ્રી સુન્દરકુંવરજી (૩) શ્રી નજર કુંવરજી (૪). શ્રી કેસરજી. (૫) શ્રી હુલાસજી (૬) શ્રી કસ્તૂરાજી (૭) દાખાજી અને (૮) શ્રી નન્દકુવરજી.

## સાધ્વી શ્રી છોટે હમામકુંવરજી

તેમનો જન્મ ભિંડર (મેવાડ)માં થયો હતો. તેમના પિતાનું નામ શ્રી રામલાલ અને માતાનું નામ કેશરીબાઇ હતું. કુન્તાનિવાસી શ્રી લાભચંદજી ગનોરની સાથે તેમના લગ્ન થયા હતા. બાવીસ વર્ષની વયે સંવત ૧૯૬૫માં માગસર વદ અમાસના દિવસે ધરિયાબાદમાં તેઓ શ્રી હમીરાજીની શિષ્યા બન્યા.

તેમનું વિહારક્ષેત્ર માલવા અને મધ્યપ્રદેશ હતું.

## સાધ્વી શ્રી જ્ઞાનકુંવરજી

તેમની જન્મભૂમિ ધરિયાબાદ (માલવા) હતી. પિતાશ્રી તારાચન્દજી કોઠારીઅને માતાનું નામ હુલાસબાઇ હતું. દસવર્ષની નાની વયમાં કુન્થા નામના ગામમાં સંવત ૧૯૯૧માં મહાસુદ ચોથને ગુરુવારના દિવસે શ્રી મનસુખઋષિ પાસેદીક્ષા લઇને શ્રી હગામકુંવરજીની શિષ્યા બની. તીવ્ર બુદ્ધિને કારણે તેમને સંસ્કૃત, ગુજરાતી, હિન્દીની સાથેસાથે શાસ્ત્રીયજ્ઞાન પણ પ્રાપ્ત કર્યું. સં. ૧૯૯૪માં અષાઢ સુદ પ્રતિપદાના દિવસે ભંડારમાં (મધ્યપ્રદેશ)મા તેમનો સ્વર્ગવાસ થયો.

તેમની શિષ્યા શ્રી મગનકુંવરજી હતી.

## સાધ્વી શ્રી કસ્તૂરાજી

તેમનો જન્મ ગરોઠ (માલવા)માં થયો હતો. તેમના પિતાનું નામ શ્રી લક્ષ્મીચન્દજીપોરવાડ અનેમાતાનું નામ શ્રીમતી ચન્દનબાઇ હતું. મહા સુદ ત્રીજવિ. સં. ૧૯૨૩માં તેમના લગ્ન થયા હતા. રાજાપુરમાં અષાઢ સુદ બારસ સં. ૧૯૪૯માં સાધ્વી શ્રી કાસાજીની શિષ્યા બની અને જ્ઞાનાભ્યાસ દ્વારા શાસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. માળવા, મેવાડ, મધ્યપ્રદેશ વાગડ, બરાર વગેરે પ્રાન્તો તેમના વિચરણ સ્થળો રહ્યા હતા. સંવત્ ૧૯૮૯માં તેમને પ્રવર્તિની પદ પ્રાપ્ત થયું હતું. સંવત્ ૨૦૦૮માં કારતક વદ આઠમના દિવસે તેઓ સ્વર્ગવાસી થયા.

તેમને ત્રણ શિષ્યાઓ હતી.

(૧) શ્રી જડાયવકુંવરજી (૨) શ્રી ઇન્દ્રકુંવરજી (૩) શ્રી નજરકુંવરજી

## સાધ્વી શ્રી જડાવકુંવરજી

તેમનો જન્મ ધાર જિલ્લાના કાનવનમાં સંવત ૧૯૪૦માં શ્રાવણ સુદ છઠના દિવસે થયો હતો. તેમના પિતાનું નામ નન્દૂલાલ અને માતાનું નામ શ્રીમતી મોતીબાઇ હતું. નાગદા નિવાસી શ્રી લક્ષ્મીચન્દ્રજીની સાથે તેમના લગ્ન થયા હતા. પીપલોદામાં પંણ મુનિશ્રી ભેરો ઋષિની પાસે દીક્ષિત થઇને સાધ્વીશ્રી કસ્તૂરાજીની શિષ્યા બની. તેઓ શાન્તિ, સરળતા અને વિનમ્રતાની મૂર્તિ હતા. માળવા, મેવાડા આદિ પ્રાન્ત તેમના વિહાર ક્ષેત્રે હતા. સં. ૧૯૭૧માં શ્રાવણ સુદ નોમના દિવસે પ્રતાપગઢમાં સંથારા દ્વારા તેઓ સ્વર્ગવાસી થયા. તેમને ત્રણ શિષ્યાઓ હતી.

(૧) માનકુંવરજી (૨) શ્રી બરજૂજી અને (૩) શ્રી અમૂકુંવરજી

## સાધ્વીશ્રી ઇન્દ્રકુંવરજી

તેમનો જન્મ મન્દોરમાં સંવત્ ૧૯૪૨માં થયો હતો તેમની માનું નામ સરદારબાઇ હતું અને પિતાનુંનામ ચમ્પાલાલજી છાજેડ હતું. ૧૯ વર્ષનીઉમ્મરે પોષ વદી ચોથ સંવત ૧૯૬૦માં સાધ્વી શ્રી કસ્તૂરાજી પાસે દીક્ષા લીધી અને શાસ્ત્રીય જ્ઞાન પ્રાપ્ત કર્યું. તેઓ પ્રકૃતિથી શાન્તિપ્રિય હતા. તેમના વિહારક્ષેત્ર માલવા,મધ્યપ્રદેશ, વિદર્ભ અને ખાનદેશ હતા.

મધ્યપ્રદેશમાં તેમનો સ્વર્ગવાસ થયો. તેમની એક શિષ્યા શ્રી દોલતકુંવરજીહતી.

## સાધ્વી શ્રી દોલતકુંવરજી

તેમનો જન્મ ધારા જિલ્લાના વડકા ગામમાં કારતક વદ અગિયારસે સં. ૧૯૫૮માં થયો હતો. તેમના માતા-પિતાનું નામ શ્રીમતી રકમાબાઈ અને ચુન્નીલાલજી કંદોઇ હતું. તેમનો વિવાહપ્રતાપગઢ નિવાસી શ્રી કારુલાલ કંદોઇની સાથેથયો હતો. મંદસૌરમાં માગસર સુદ પાંચમે સંવત ૧૯૯૦માં આનંદઋષિજી પાસેદીક્ષા લઈને સાધ્વી ઇન્દ્રકુંવરની શિષ્યા બન્યા. અને હિન્દીની સાથે સાથે શાસ્ત્રીય જ્ઞાન પ્રાપ્ત કર્યું.

માલવા, બરાર, મધ્યપ્રદેશ, ખાનદેશ વગેરે પ્રાન્તો તેમના વિહારના ક્ષેત્ર હતા.

કારતક વદ ચૌદસ સંવત ૨૦૦૦માં યવતમાલમાં તેમને સ્વર્ગવાસ થયો. શ્રી હુલાસકુંવરજી અને શ્ર ગુલાબકુંવરજી તેમની બે શિષ્યાઓ હતી.

## સાધ્વી શ્રી અમૃતકુંવરજી અનેતેમની પરંપરા

તમેનો જન્મ પ્રતાપગઢમાં પોષ સુદ દસમને ગુરુવારે સંવત્ ૧૯૫૯માં થયો હતો. તેમના પિતાનું નામ શ્રી નાલચંદજી અને માતાનુંનામ સરસીબાઈહતું.

સંવતા ૧૯૭૪માં શ્રી મહાવીર જયંતીના દિવસે પોતા પિતાનાગામમાં સાધ્વીશ્રી કાસાજી પાસે દીક્ષા લઇ સાધ્વી શ્રી જડાવકુંવરજીની શિષ્યા બની. તે ઉપરાંત શાસ્રો અને થોકડા સાહિત્યનું યથોચિત જ્ઞાનોપાર્જન કર્યું હતું.

માલવા, વિદર્ભ, ખાનદેશ મધ્યપ્રદેશ,દક્ષિણ વગેરે પ્રાન્તોએમના વિહારક્ષેત્ર હતા.

મનમાડમાં ચૈત્ર સુદ નોમ, સંવત્ ૨૦૦૬માંતેમનો સ્વર્ગવાસ થયો હતો.

તેમની શિષ્યાઓના નામનીચે પ્રમાણે છે।

(૧) શ્રી કંચનકુવરજી (૨) શ્રી રાજાજી (૩) શ્રી સોનાજી (૪) શ્રી ફુલકુંવરજી (૫) શ્રી કેસરજી (૬) શ્રી રાધાજી (૭) શ્રી જયકુંવરજી (૮) શ્રી અજિતકુંવરજી (૯) શ્રી વિમલકુંવરજી (૧૦) શ્રી વલ્લભકુંવરજી(૧૧) શ્રી ચાંદુકુંવરજી.

## સ્થાનકવાસી પંજાબી સંપ્રદાયની પ્રમુખ સાધ્વીઓ

### (૧) પ્રવર્તિની મહાસતી પાર્વતી દેવી

– સાધ્વી સરલાજી

જન્મ : તેમનો જન્મ સં. ૧૯૧૧માં આગરાની પાસે એક ગામ મોડપુરીમાં થયો હતો. એ ગામ ચૌહાણોનું હતું. એમના પિતાશ્રી બલદેવસિંહ એક પ્રતિષ્ઠિત જમીનદાર હતા. અને માતા ધનવંતીદેવી ધાર્મિક સંસ્કારોવાળી મહિલા હતી. સુલક્ષણોને જોઈને તેમનુંનામપાર્વતી રાખવામાં આવ્યું હતું. તેઓ સ્વભાવથી શાંત અનેતેજસ્વી હતા. એમની બુદ્ધિ તીક્ષ્ણ અને હૃદય સરળ હતું.

અધ્યયન : - પાર્વતી દેવીના યોગ્ય અધ્યયનની ઉચિત વ્યવસ્થાને માટે શ્રી બલદેવસિંહજી વિચારી રહ્યા હતા ત્યાં વરામાં જ તેમને એક મુકદમાના કામે તેમને આગરા જવાનું થયું. મુકદમાને લીધે તેઓ ચિંતામાં હતા. તેમના એક શુભચિંતકે તેમને મુનિ રત્નચન્દ્રજી મહારાજના દર્શન અનેતેમના પ્રવચન શ્રવણની સલાહ આપી. તેથી બલદેવસિંહજીને સાચેસાચ શાન્તિ મળી અને તેમને વિચાર કર્યો કે આ જ્ઞાની તપસ્વીના સાન્નિધ્યમાં કન્યા પાર્વતીને શિક્ષણ આપવામાં આવે. તેમને મુનિને પ્રાર્થના કરી. તેઓ તૈયાર થયા.અને પાર્વતી આગરામાં રહીને કવરસેન મહારાજની દેખરેખમાં અધ્યયન કરવા લાગી. મહાસતી હીરાદેવીની છત્ર છાયામાં તે રહેતી હતી. અને મુનિજનોના ચરણોમાં બેસીને દિવસભર તેઅધ્યયન કરતી હતી. થોડા દિવસોમાં એ વિચક્ષણ, પ્રતિભાશાળી બાલિકાએ અમરકોષ, દશવૈકાલિક, અને ઉત્તરાધ્યાયન સૂત્ર વગેરે કંઠસ્થ કરી લીધા. સાથે સાથે પાલિ, પ્રાકૃત, હિન્દી, પંજાબી વગેરેભાષાઓનું પણ સારૂં જ્ઞાન પ્રાપ્ત કરી લીધું.

વૈરાગ્ય : – સત્સંગતિના પ્રભાવથી પાર્વતીનું હૃદય સ્વાભાવિક રીતેવૈરાગ્ય તરફ વળ્યું. તેના મનમાં પ્રવ્રજિત થવાની ઉત્કંઠા

પ્રબલ થવા લાગી. જયારે તેમને આ વાત પોતાના સ્વજનો પાસે રજૂ કરીત્યારે તેઓ સ્તબ્ધ થઇ ગયા. બહુ જ સમજાવ્યા છતાં પાર્વતી પોતાના નિશ્ચય પર અડગ રહી. અંતે ૧૩ વર્ષની વયે વિ. સં. ૧૯૨૪, ચૈત્રી સુદી ૧ના દિવસે હીરાદેવીજી મહારાજના સાન્નિધ્યમાં કાધંલાની પાસેઅલ્લગામમાં પાર્વતીની દીક્ષા અન્ય કુમારિકાઓની સાથે સમારોહમાં ઉજવણી પૂર્વક થઇ.

તેમનીઅધ્યયન પ્રવૃત્તિ પ્રબળ હતી. તેઓ પ્રાકૃત- પાલિની સાથે આગમો અને જૈન શાસ્ત્રનું ગંભીર અધ્યયન કરવા માંગતી હતી. તેથી શ્રી હીરાદેવી મહારાજ તેમને લઇને પુનઃ આગરા પહોંચ્યા. અને કંવરસેન મહારાજની પાસે સંવત્ ૧૯૨૫ થી ૧૯૨૮ સુધી શાસ્ત્રોનો ગંભીર અભ્યાસ કરાવ્યો. પાર્વતી મહારાજે અંગ્રેજી શીખવાનું પણ શરૂ કર્યું. પરંતુ ગુરુણીએ સમજાવ્યું કે જેટલો શ્રમ અંગ્રેજી શીખવામાં કરે એટલો શ્રમ આગમ શીખવામાં કરીશ તો અધિક લાભ થશે. અને ગુરુણની વાત માનીને તેમને પોતાનો પૂરો સમય આગમોમાં અનુશીલનમાં લગાવ્યો.

સમ્પ્રદાય પરિવર્તન – ગંભીર જ્ઞાનપ્રાપ્તિ થયા બાદ મહાસતી પાર્વતી મહારાજ એક સ્વતંત્ર ચેતનાસ્વરૂપ બની ગઇ.તેમની ઇચ્છા હતી કેતેઓ પોતાના અધ્યયનનો લાભ જન-જન સુધી પહોંચાડે.પરંતુ સમ્પ્રદાયની રુઢિઓ અને સંકીર્ણતાઓઆડેઆવતી હતી. સાધ્વીઓને માટે સ્વતંત્ર વિહાર, પ્રવચન ધર્મ પ્રચારમાં કેટલીયે મુશ્કેલીઓ હતી. તેથી તેમણે સમ્પ્રદાય પરિવર્તનનો નિશ્ચય કર્યો. અને પંજાબના પૂજય અમરસિંહજીના સંપ્રદાયમાં સંવત્ ૧૯૨૯ના માગસર વદ તેરસના દિવસે જોડાયા. તેઓ આ સંપ્રદાયમાં મહાસતી ખૂજાંજી, તથા મહાસતી મેલોજીની અનુવર્તિની શિષ્યા બન્યા. સં. ૧૯૩૦માં તેમણે ગુરુણીની સાથે દિલ્હીથી પંજાબ- અમૃતસર, શિયાલકોટ, જમ્મૂ આદિ સ્થળોએ વિહાર કરી ધર્મનો પ્રચાર કર્યો.

ચતુર્માસ, વ્રત, ઉપવાસ :- તેમને સં. ૧૯૩૦માં જમ્મૂ અને ૩૧માં હોશિયારપૂરમાં ચોમાસુ કર્યું. ત્યાં ભક્ષ્યાભક્ષ્ય વિષય પર પોતાના વિચારોને તેમણે આત્મારામજી સમક્ષ રજૂ કરી તેમને આશ્ચાર્યમાં મૂકી દીધાં. તેદિવસોમાં પંજાબમાં દયાનંદ સરસ્વતીનો બહુ મોટો પ્રભાવ હતો. તેઓ મૂર્તિપૂજાનું ખંડન, રુઢિઓનો વિરોધ, સ્ત્રીશિક્ષણ, અછૂતાં, આદિનો પ્રચાર કરી વાસ્તવિક વૈદિક ધર્મનું સ્વરૂપ લોકોની સમક્ષ પ્રસ્તુત કરી રહ્યા હતા. એમની ઘણી વાતો સ્થાનકવાસી સમ્પ્રદાયને મળતી આવતી હતી. બન્ને સમ્પ્રદાય સુધારાવાદી હતા. બન્ને મૂર્તિપૂજામાં વિશ્વાસ નથી કરતા. આમ બંનેમાં કેટલીક સમાનતાઓ હોવાં છતાં કયારેક તેઓમાં પ્રતિસ્પર્ધા પણ થતી હતી. પરસ્પર વાદવિવાદ થતાં હતાં. આ શાસ્ત્રાર્થોમાં મહાસતી પાર્વતીજી પોતાની ઓજસ્વી વાણીથી પોતાનો પક્ષ બહુ જ આકર્ષક રીતે પ્રસ્તુત કરતી હતી. તેમની ધર્મ પ્રતિપાદન શૈલી પ્રભાવશાળી, તેમનું જ્ઞાન વિસ્તૃત અને સ્વભાવ સૌમ્ય અને સરળ હતા. તેથી તેમનો પ્રભાવ વ્યાપક રીતે પડતો હતો.

સં. ૧૯૩૮માં જયારે તેઓ જમ્મૂમાં ચોમાસુ કરી રહ્યા હતા.તે સમયે જમ્મૂ નરેશના પૂજારીઓની શંકાનું સમાધાન તેમણે ઉચિત રીતે કર્યું હતું. મહારાજ નાભાએ સં. ૧૯૪૪માં કેટલાક પ્રશ્નો પૂછયા હતા. પાર્વતી મ. સાહેબે તેના યથોચિત ઉત્તર આપ્યા હતા. તેનાથી મહારાજ તેમના પ્રત્યે આસ્થા રાખવા લાગ્યા.

પ્રવર્તિની પદ : - સં. ૧૯૫૧માં ચૈત્ર વદ અગિયારસના દિવસે આચાર્ય મોતીરામજી મહારાજે આગમોના મહાન મર્મજ્ઞા પૂજયશ્રી સોહનલાલજી મહારાજને યુવાચાર્ય પદ આપ્યું. તેની સાથે મહાસતી પાર્વતી મહારાજને પણ પ્રવર્તિની પદ પ્રદાન કરીતેમનું યોગ્ય સન્માન કર્યું. ત્યારથી સુડતાલીસ વર્ષો સુધી મહાસતી પાર્વતીજીએ આ ગૌરવશાળી પદ પર સુશોભિત રહી અને દૂરદૂર સુધી જૈન શાસનની પ્રભાવના કરી.

શિષ્યાઓ : - મહાસતી પાર્વતીમ. ની ચાર મુખ્ય શિષ્યાઓ હતી. (૧) શ્રી જીવી જી. મ. (૨) શ્રી કર્મદેવીજી મ. (૩) શ્રી ભગવાનદેવીજી મ. અને (૪) શ્રી રાજમણીજી મહારાજ. સંવત ૧૯૫૭માં તેમને જયપુરમાં ચોમાસુ કર્યું. ત્યાર બાદ તેઓ અલવાર પધાર્યા. ત્યાં જ મહાસતીજીના ચરણોમાં સેવાનો સંકલ્પ કરીને પન્નાદેવી આવી અને રોહતકમાં એમની મોટી દીક્ષા બુહ જ ધૂમધામથી ઉજવવામાં આવી. મહાસતીરાજીમતી અને મહાસતી પન્નાકુંવર મ.સ.નો સંક્ષિપ્ત પરિચય આગળ આપ્યો છે.

અંતિમ દિવસોમાં વાધ્રુકય અને શારીરિક દુર્બળતાને કારણે મહાસતી પાર્વતીજી જાલેધરમાં સ્થિર વાસ કરી રહ્યાં હતા. તેઓ સં. ૧૯૯૬માં મહા વદ નોમને શુક્રવારે ત્યાં જ સ્વર્ગસ્થ થયા.

## (૨) મહાસતી શ્રી રાજીમતી મ.સ.

**બાળપણ :**- તેમનો જન્મસિયાલકોટના પ્રસિદ્ધજૈન પરિવાર લાલા ખુશહાલશાહના ઘેર થયો હતો.તેમના માતા-પિતા સંસ્કારી હતા. તેથી નાનપણથી જ તેઓને ઉત્તમ શિક્ષણ મળ્યું હતું. તેઓ સરળ અને નિર્મળ મનની બાળિકા હતા. અને આ શિક્ષણથી તેમનામાં સોનામાં સુગંધ મળ્યાજેવું થયું. વિધિવત્ પાઠશાળાનું શિક્ષણ તેમને ન મળ્યું પરંતુ સાધુ-સતીઓની સંગતિમાં તેમને જૈન ધર્મ અને તત્વજ્ઞાનની સારી જાણકારી મેળવી હતી. તેમના વિવાહ જમ્મૂ નિવાસી પ્રસિદ્ધ ધનિક શ્રી દેશરાજનાભાઇ શ્રી જયદલાલ મલ્લની સાથે થયા હતા.

વૈરાગ્ય અને દીક્ષા : - પાર્વતીમ.સ.ના સત્સંગ અને પ્રવચનઉપદેશથી રાજીમતીનો વૈરાગ્ય પુષ્ટ થયો. કારણ કે સંવત ૧૯૪૮માં જયારે પાર્વતીજી મ. સિયાલકોટ આવ્યા તે સમયે રાજીમતી પણ પોતાના પિતાનાઘેર સિયાલકોટ આવી.ત્યાંજ તેમને દીક્ષા લેવાનો સંકલ્પ કરી લીધો. મહાસતી પાસે પ્રસ્તાવ મૂકયો ત્યારે તેમને પિતા અને પતિની આજ્ઞા લેવાનું કહ્યું. પિતાએએમનો વૈરાગ્યની દઢતા જોઇને પોતાની અનુમતિ આપી. પછી તેઓ પોતાના સાસરે જમ્મૂ ગઇ અને અવસર જોઇ પતિની પાસે પોતાની દીક્ષાનો પ્રસ્તાવ મૂકયો. પતિએ બહુ જ સમજાવ્યા. પરંતુ તે પોતાના નિશ્ચય પર અડગ રહી. અંતે પતિએ પણ અનુમતિ આપવી પડી. સં. ૧૯૪૮ વૈશાખ સુદ તેરસને સોમવારે મહાસતી પાર્વતીજીના સાન્નિધ્યમાં અમૃતસરમાં તેમને દીક્ષા ગ્રહણ કરી.

સ્વાધ્યાય અને તપ સાધનાઃ - દીક્ષા લીધા પછીતેમની રુચિ સ્વાધ્યાય, ધ્યાન મૌન, જપ વગેરે તરફ વધુને વધુ ઉન્મુખ થતીગઇ.તેઓ કલાકો સુધી સમાધિ લગાવીને ધ્યાન અને જપ કરતીહતી.ગમે તેવી કઠોર ઠંડી અનેભયંકર ગરમી તેઓ સહજ રીતે સહન કરતા હતા.તેઓ એક નિઃસ્પૃહ એકાંત સાધિકા હતા. તેમનો શિષ્યાસમુધાય નાનો હતો પરંતુ બહુ જ પ્રભાવશાળી હતો. તેમની છ પ્રમુખ શિષ્યાઓ હતી. (૧)શ્રી હીરાદેવી મ. (૨) શ્રી પન્નાદેવી. મ. (૩) શ્રી ચન્દ્રાજી મ. (૪) શ્રી માનિક દેવી મ. (૫) શ્રી રતનદેવીજી મ. અને (૬) શ્રી ઇશ્વરાદેવીજી મ. આજે આ શિષ્યાઓને પરિવાર સ્થાનકવાસી સાધ્વી સમાજમાં અધ્યયનશીલ અને સંયમ સાધનાના માર્ગ પર અગ્રણી તથા જિન શાસનની પ્રભાવનામાં નિપુણ માનવામાં આવે છે.

પ્રવર્તિની પદ :- પ્રવર્તિની મહાસતી પાર્વતીજીની શારીરિક અસ્વસ્થાને કારણે અન્તિમ દિવસોમાંતેઓએ સ્થિરવાસ જાલંધરમાં કર્યો. તે સમયેમહાસતી રાજીમતીએ અપૂર્વ નિષ્ઠા અને લગનથી ગુરુંની સેવા કરી. વિ.સં. ૧૯૯૬માં જયારે પાર્વતીજીનું દેહાવસાન થયું તે એમની પછી સૌથી શ્રેષ્ઠ શિષ્યા હોવાને કારણે તેમને એ પદને સુશોભિત કર્યું.

સ્વર્ગારોહણ - જયારે વૃદ્ધાવસ્થામાં તેમનું શરીર દુર્બળ થઇ ગયું ત્યારે તેમને જાલન્ધરમાં સ્થિરવાસ કર્યો. એવી અવસ્થામાં તેઓજાપ, ધ્યાનઅને તપ વગેરે અપૂર્વ મનોયોગપૂર્વકહંમેશા વિધિવત્ કરતા હતા. સંવત ૨૦૧૦માં કારતક સુદ તેરસના દિવસે વૈરાગ્યની આ સાક્ષાત મૂર્તિએ સમાધિપૂર્વક દેહ ત્યાગ કર્યો. આ બે મહાસતીઓના દેહત્યાગને કારણે જાલંધર એક તીર્થ બની ગયું છે.

## (૩) મહાસતી પન્નાદેવીજી મ.

આજથી લગભગ એકસો વર્ષ પહેલાં રાજસ્થાન- મારવાડના સોજતનગર નિવાસી ક્ષત્રિય શ્રી કિશનચન્દજીને ત્યાં એક કન્યા થઇ જે આગળ જતાં સ્થાનકવાસી જૈન સમાજની ગૌરવમયી સાધ્વી બન્યા. તેમની માતા નાનકી દેવી ખૂબ ધર્મનિષ્ઠ, સરળ અને સુશીલ મહિલા હતા. એમનો ઘેરો પ્રભાવ સુકુમાર કન્યા પર પડયો અને તે સુંદર અને શીલવાન બની. કન્યાનું નામ પન્નાકુંવર હતું. તેની એક મોટી બેન પણ હતી. એનું નામ તુલસાબાઇ અને નાનાભાઇનું નામ કાન્હચન્દ હતું.

પન્ના નાનપણથી જ જૈન સાધ્વીઓનો સત્સંગ કરવા લાગી.તે ઉત્તમ વાર્તાઓ સાંભળ્યા કરતી હતી જે મીઠાઇઓથી પણ વધારે મીઠી હતી. આ કથા વાર્તાઓના માધ્યમથી તેઓ જૈન ધર્મની ગૂઢ વાતોપણ સહજ રીતે સમજવા લાગી.

થનારને કોણ મિથ્યા કરી શકે છે? આ તરફ ઠાકૂર પરિવારમાં જન્મેલી કન્યા પર જૈન સાધ્વીઓ સાથે સત્સંગ કરવા પર પ્રિતિબંધ મૂકયો. બીજી તરફ અદ્રષ્ટ કંઇક બીજો જ ખેલ રચાઇ રહ્યો હતો. શ્રી કિસન ચન્દના એક ઘનિષ્ઠ ઓસવાલ જૈન મિત્ર હુલાસસિંહને કોઇ કન્યા ન હતી. તેઓ તેનેદત્ર લેવાનો આગ્રહ કરવા લાગ્યા. તેમની પત્ની ગેંદાબાઇ પન્નાકુંવરની મા નાનકી દેવીની ગાઢ સહેલી હતી. બન્ને વચ્ચે ઘણાં સમય સુધી આ વિષય પર ચર્ચા થતી રહી. અંતમાં આ ક્ષત્રિય કન્યા એક ઓસવાલ જૈન પરિવારમાં દત્તક લેવાઇ ગઇ. અહીંઆ તેને સાધુ-સાધ્વીની સંગતિના ખુબ સુઅવસર મળવા લાગ્યા. સં

૧૯૫૭માં મહાસતી પાર્વતીનું ચોમાસુ જયપુરમાં હતું. તેમના ઉપદેશથી પન્નાકુંવરના સુપ્ત સંસ્કાર જાગૃત થયા. તેનો વિરકત ભાવ દ્રઢ થવા લાગ્યો. અને તે દીક્ષાનો આગ્રહ કરવા લાગી. તેને બહુ સમજાવવામાં આવી પણ તે પોતાના નિર્ણયમાં અડગ રહી. શ્રી ભામારામ મહારાજે આ બાલિકાની પ્રખરતાથી પ્રભાવિત થઇને ગેંદાબાઇ પાસે તેની પ્રશંસા કરી.તેમણે તેના વૈરાગ્યની અનેક પ્રકારે પરીક્ષા લીધી. પન્નાકુંવર બધી પરીક્ષાઓમાં સફળ થઇ. સં. ૧૯૫૭માંપ્રર્વતિની પાર્વતી મહાસતી જયારે જયપુર ચોમાસુ કર્યા બાદ અલવર ગઇ ત્યારે ગેંદાબાઇની સાથે પન્નાકુંવર પણ ત્યાં ગઇ અને માતા પિતાની સ્વીકૃતિ લઇને સાધ્વીજી પાસે દીક્ષા લેવાનું નકકી કર્યું.

દીક્ષા : માતા પિતા તથા પ્રમુખ ગુરુજનોની વિનંતિથી મહાસતીએતેમને જ્ઞાનાભ્યાસ શરૂ કરાવ્યો. પ્રતિક્રમણ સૂત્ર, નવતત્વ પદાર્થ, દશ વૈકાલિક,ઉત્તરાધ્યાયન આદિ અનેક ગ્રંથ તેમને કંઠસ્થ કરાવ્યા. મહાસતી પાર્વતીનું ચોમાસુ સં. ૧૯૫૮માં રોહતકમાં નકકી થયું. અને ચોમાસા પહેલાં અષાઢ સુદ દસમ સં. ૧૯૫૮માં દીક્ષા મુર્હુત નકકી થયું. બહુ તૈયારીઓ અને ઘૂમધામથી સમારોહ પૂરોથયો અને પન્નકુંવર મહાસતી પન્નાદેવના રૂપમાં અવતાર પામી. તેમણે અલ્પ સમયમાં કઠોર સ્વાધ્યાય કરી આગમોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. સં. ૧૯૫૯માં કાધલા ચાતુર્માસના અવસર પર તેમને પોતાની વિદ્યા અને પ્રવચન પટુતા વડે લોકોને ચકિતકરી દીધાં તેમને પોતે તો અધ્યયનકર્યું. સાથે બીજાઓને પણ અધ્યયનની પ્રેરણા આપી અને અધ્યયન કરાવ્યું.

તેઓ સહનશીલતાની મૂર્તિ હતા. સેવાની દિવ્યજયોતિ તેમના અન્તસ્તલમાં નિરંતર જલતી રહેતી હતી.તેઓ પોતાના ગુરુની સેવા દ્દઢપૂર્વક કરતી રહેતી હતી.સં. ૧૯૯૬માં જયારે મહાસતી પાર્વતીજી મહારાજ ખુબ અસ્વસ્થ થઇ ગયા તે સમયે તેમની દિવસ-રાત સેવા કરી અનેત્યારબાદ પાર્વતીજી સ્વસ્થ થયા તે સમયે રાવલ પિંડીના શ્રી સંઘના આગ્રહ પર તેમને ત્યાં જવું પડયું. તેઓ ભલન્ધર, કપૂરથલા, પટિયાલા, અમૃતસર, લાહોર, થઇને ગુજરાન વાલા પહોંચ્યા ત્યારે તેમને ગણધર ગૌતમને થઇ હતી તેવી માર્મિક અનુભૂતિ થઇ હશે. સં. ૨૦૦૧માં તેમને પોતાની ગુરુ બહેન હીરાદેવીની દિલ્હીમાં રહીને ખુબ સેવા કરી. તેમની સેવાપરાયણતા અન્યોને માટે આદર્શ છે.

શિષ્યા પરિવાર તેમની ચાર પ્રમુખ શિષ્યાઓ છે.

(૧) શ્રી જયન્તીજી મ. (૨) શ્રી રામકલજી મ. (૩) શ્રી હર્ષાવતીજી મ. (૪) શ્રી ગુણવતજી મ.

શ્રી જયન્તીજીની શિષ્યાઓમાં પ્રજાવતી અને વિજેન્દ્રકુમારજી ઉલલેખનીય છે. શ્રી પ્રજાવતીજી મ.સા.ની શિષ્યાઓમાં શ્રી મૃગાવતીજી મ. અને શ્રી પ્રમોદકુમારીજી મ. કવિતાકુમારીજી મ. આ સમયમાં જૈન વિદ્યા અને સંયમક્ષેત્રમાં મહત્વપૂર્ણ સાધ્વીઓ છે.

શ્રી પ્રમોદકુમારીજી મ. હોશિયારપુરના લાલા કિશોરવાલ જૈનની સુપુત્રી છે. તેમને પંદર વર્ષની વયે સં. ૨૦૧૪ માં દીક્ષા લીધી. તેમને ઉચ્ચસ્તરીય શિક્ષણ પ્રાપ્ત કર્યું છે. હિન્દીની સાથે અંગ્રેજીમાં પણ તેમની સારી પ્રગતિ છે. તેઓ મધુરકંઠી, તેજસ્વી વકતા અને આગમોના મર્મજ્ઞ સાધ્વી છે. તેમની નાની બેન કવિતા કુમારીજી મ. એપ ણ ૧૮ વર્ષની વયે સં. ૨૦૨૨માં બહુ ધૂમધામ પૂર્વક દીક્ષા લીધી છે. તેમની ધર્મદર્શનની સાથે અન્ય સાહિત્યની જાણકારી પણ સારી છે.

## તેરાપંથની અગ્રણી સાધ્વીઓ

સાધ્વીશ્રી મધુસ્મિતા

એકવાર એક વ્યકિતએ તેરાપંથના પ્રથમ આચાર્ય ભીખણજીને કહ્યું, ''ભીખણજી ! તમારા તીર્થ અધૂરા છે.

ભીખણજીએ પૂછયું–કેવી રીતે?

તેણે કહ્યું – તમારા તીર્થમાં સાધુ, શ્રાવક અને શ્રાવિકાઓ છે પણ સાધ્વીઓ નથી.

ત્યાં સુધી તેરાપંથમાં બેનો દીક્ષિત થતી ન હતી. અને આમ વાસ્તવમાં તીર્થ અધૂરા હતા. સંજોગવશાત્ વિ.સં. ૧૮૨૧માં ત્રણ બેનો દીક્ષા લેવા માટે આચાર્ય ભિક્ષુક પાસે આવી. આચાર્ય ભિક્ષુએ તેઓ પ્રશ્ન પૂછયા.

કદાચ સંજાગવશાત એકનુંમૃત્યુથાય તો બાકીની બે બેનોએ સંલેખના કરવી પડશે. ત્રણથી ઓછી સંખ્યામાં રહેવાનું સાધ્વીઓ માટે છૂટનથી. તત્ક્ષણ ત્રણેએ કહ્યું,

''અમને મંજૂરછે.'' આચાર્યભિક્ષુએ ત્રણને પ્રવ્રજયા આપી. ધીરે ધીરે સાધ્વીઓની સંખ્યામાં વૃદ્ધિ થવા લાગી. માત્ર

સંખ્યાની દ્રષ્ટિએ જ નહીં પણ સાધ્વી સમાજનો ગુણાત્મક વિકાસ પણ થવા લાગ્યો. આજેતેરાપંથ ધર્મસંઘ પોતાના બે શતક પૂરા કરી હવે ત્રીજા શતકમાંછે. આ સમયગાળામાં લગભગ બે હજાર બેનોએ દીક્ષા લઇ આત્માસાધનાની સાથે સાથે જનહિતમાં પૂર્ણ સાથ આપ્યોછે. આચાર્ય ભિક્ષુએ સાધ્વી સમાજનેં એક વ્યસ્થિત રૂપ આપ્યું. ત્યાર પછીના આચાર્યોએ સમય જતાં તેમાં વધારો કર્યો. યુગપ્રધાન આચાર્ય તુલસીએતો સાધ્વી સમાજના વિકાસ માટે પોતાનો અમૂલ્ય સમય આપ્યો.

આ લેખમાં એવા સાધ્વીઓના જીવન આપવામાં આવ્યા છે. જેમણે સમાજનું નેતૃત્ય કરી પોતાની બુદ્ધિ અને વિવેકના બળપર નારી જાતિની જાગૃતિમાંકાર્ય કર્યું હોય. અત્યાર સુધી તેરાપંથમાં અગિયાર મુખ્ય સાધ્વીઓ થઇ ગયા છે (૧) મહાસતી બરજૂજી (૨) મહાસતી હીરાજી (૩) મહાસતી દીપાંજી (૪) મહાસતી સરદારાંજી (૫) મહાસતી ગુલાબાંજી (૬) મહાસતી નવલાંજી (૭) મહાસતી જેઠાંજી (૮) મહાસતી કાનકુમારીજી (૯) મહાસતી ઝમકૂજી (૧૦) મહાસતી લાડાંજી (૧૧) મહાસતી કનકપ્રભાજી.

પ્રથમ ત્રણ સાધ્વીઓ પ્રમુખ પદ પર ન હતા. પરંતુ તેઓએ સાધ્વી પ્રમુખાની જેમ બધો કાર્યભાર સંભાળ્યો હતો. અન્ય આઠ સાધ્વીઓને આચાર્યોએ સાધ્વી પ્રમુખ પદ પર સ્થાપિત કરી સમાજની દેખરેખ નો કાર્યભાર સોંપ્યો હતો.સર્વ પ્રથમ જયાચાર્યએ મહાસત સરદારાંજીને વિધિવત્ પ્રમુખ પદ પર નિયુકત કર્યા. અહીં મુખ્ય સાધ્વીઓના ઉપલબ્ધ જીવનવૃત્ત પ્રસ્તુત છે.

## (૧) મહાસતી દીપાંજી

સાધ્વી શ્રી દીપાંજીનું જીવન અનેક ગુણોથી પરિપૂર્ણ હતું. સહજ શ્રદ્ધાનો ઉદ્રેક, ચારિત્ર પ્રત્યે નિષ્ઠા, સંયમ પ્રત્યે અનુરાગ, સાહધાર્મિકો પ્રત્યે સ્નેહ અને વાત્સલ્ય આ એમના મૌલિક ગુણોછે. નિર્ભીકતા, વાકકૌશલ, ગતિ, મતિ, સ્થિતિ અને તેઓ ગુરુદ્રષ્ટિનું અનુકરણ કરનારા હતા. તેમની પઠન-પાઠનમાં વિશેષ રુચિ હતી. એકવાર તેઓને ડાકૂ સામા મળ્યા. તેમને સાધ્વીઓ ને લૂંટવાનું વિચાર્યું. મહાસતી દીપાંજીએ આર્જવભર્યા શબ્દોમાં કહ્યું, ''અમે જૈન સાધ્વીઓ છીએ. પુરુષને સ્પર્શ કરતાં નથી. માટે અમને અડશો નહિ'' સામાન નીચે મૂકી. ગોળાકાર બધાં સાધ્વીઓ બેસી ગયા. મોટા સાદે નમસ્કાર મહામંત્રનોજાપ શરૂ કર્યો. લૂંટારાઓનેલાગ્યું કે આ કોઇ દેવીની આરાધના કરી રહીછે. ખબર નહિ આ લોકો આપણી હાલત કરશે? તેઓ ડીને સામાન મૂકીને ભાગી ગયા. તેમનો જન્મ જોરાવરમાં થયો હતો. આચાર્ય ભારમલજીના હાથે ૧૬ વર્ષની ઉમ્મરેતેમને દીક્ષા લીધી હતી. ૫૦ વર્ષો સુધી સાધના કરીને વિ. સં. ૧૯૧૮માં ભાદરવા વદ અગિયારસે આમેટમાં વીસ પ્રહરના અનશન સાથે તેમનો સ્વર્ગવાસ થયો.

## મહાસતી સરદારાંજી

સંકલ્પમાં બળ હોયછે અને આશામાં જીવન હોય છે સરદારાં સતીનાં જીવન સંકલ્પ અને આશાની રેખાઓનું સ્પષ્ટ ચિત્ર જોવા મળે છે. વિ. સં. ૧૮૮૫માં ચૂરૂમાં તેમનો થયો. દસ વર્ષની નાની વયે તેમના વિવાહ થયા. ચાર માસ પછીપતિનું અવસાન થતા વિયોગ સહન કરવો પડયો સુકુમાર હૃદય પર વજ્રઘાત થયો. એજ વર્ષે મુનિશ્રી જીતમલજીનું ચાતુર્માસ ચૂરુમાં નકકી થયું. સરદારાં સતીએ એ ચોમાસમાં પોતાની જિજ્ઞાસાઓનું ઉચિત સમાધાન મળતું જોઇ તેરાપંથની શ્રદ્ધા સ્વીકાર કરી. તેર વર્ષની ઉંમરે આજીવન ચોવિયારનું વ્રત લીધું. સચિત ત્યાગવગેરે અનેકપ્રતિજ્ઞાઓલીધી. વિવિધ પ્રકારના તપ કરીને તેમને સાધના પક્ષને ઓળખ્યો. દીક્ષા લેવાની ભાવના ઉત્કૃષ્ટ થઇ. પારિવારિક લોકોની વચ્ચે પોતાની ભાવના રજૂ કરી. કુટુંબી જનોની રજા ન મળવાથી સરદાક્ષાંજીએ અનેક પ્રયત્નો કર્યા. બધી કસોટીઓમાંથી પાર ઉતરવાથી બંને પરિવારો એ આજ્ઞા આપી. તેમને શ્રીમજ્જાચાર્યની પાસે દીક્ષા લીધી. વાળનો લોચ પોતાના હાથે કર્યો. પ્રથમ વાર આચાર્યશ્રી રામચન્દજીના દર્શન માટે ત્યારે ઔપચારિક રૂપે અગ્રગણ્ય બનાવલામાં આવ્યા. દક્ષાના તેર વર્ષ પછી તેમને સાધ્વીપ્રમુખા પદ આપવામાં આવ્યું જયાચાર્યને તેમની યોગ્યતા અને વિવેક પર વિશ્વિાસ હતો પ્રખર બુદ્ધિને કારણે એક દિવસમાંતેઓ ૨૦૦ પદ કંઠસ્થ કરી લેતા હતા. સહષ પદો અમને કંઠસ્થ હતાં. તે દિવસોમાં હસ્તલિખિત પ્રતોપર સાધુ-સાધ્વીઓનો પોતાના અધિકાર હતા. મહાસતી સરદારાંજીએ એક ઉપાય શોધ્યો. બધાં પુસ્તકો સરદાર સતીને અર્પણ કર્યા. સરદાર સતીએ બધાં પુસ્તકો જયાચાર્યને ભેટ આપી દીધાં. જયાચાર્યએ જરૂરિયાત પ્રમાણે બધા પુસ્તકોનું સંઘમાં વિતરણ કરી દીધું. વિવેક અને બુદ્ધિ કૌશલના આધાર પર તેમણે

સાધ્વીઓનું હૃદય પરિવર્તન કરી અનેક ગ્રૃપો તૈયાર કર્યા. જેને તેરાપંથી ભાષામાં સંઘાડા કહેછે. જયાચાર્યનો આદેશ મેળવીને તેમણેએકરાતમાં બાવનસાધ્વીઓના દસ 'સંઘાટક' તૈયાર કર્યા.અને શ્રીમજ્જવાચાર્યને બતાવ્યા. આચાર્યશ્રી તેમની કાર્યકુશળતા અને તત્પરતા પર બહુ જ પ્રસન્ન થયા. આહારના સમવિભાગની પરંપરાનું શ્રેય પણ સરદાર સતીને જ છે.સાધુજીવનમાં વિવિધ તપસ્યાઓ કરી અનેક સાધ્વીઓને પ્રોત્સાહિત કર્યા.અંતમાં વિ. સં. ૧૯૨૭માં પોષ વદ ૮ને આજીવન અનશન (પાંચ પહોરના અનશન) લઇ તેઓનો સ્વર્ગ થયો.

## મહાસતી ગુલાબાજી

હૃદયમાં કોમળતા, ભાષાની મધુરતા અને આંખોની આદ્રતા આ નારી સહજ ગુણો છે. સાધ્વીશ્રી ગુલાબાંજીમાં આ ગુણોની સાથે સાથે વ્યકિતત્વનો સુયોગ પણ હતો.

જેનું જીવન વિવેકરૂપી સૌન્દર્યથી અલંકૃત છે તેઓ જ વાસ્તવમાં સુંદર છે. મહાસતી ગુલાબાંજીમાં બાહ્ય અને આંતરિક બંને પ્રકારના સૌન્દર્યનો સહજ સુમેળ હતો. શરીરની કોમળતા, અવયવોની સુંદરતા ગૌરવર્ણ આવું આકર્ષકએમનું બાહ્ય વ્યકિતત્વ હતું, મિલનસાર સ્વભાવ, વિદ્વતા, સોહાર્દ્ર વાત્સલ્ય અને નિશ્ચ્વતા આ એમના આંતરિક વ્યકિતત્વના ગુણો હતા.

તેમને જયાચાર્યને હસ્તે દીક્ષા ગ્રહણ કરી. મહાસતી સરદારાંજી પાસે સંસ્કૃત વ્યાકરણતથા કાવ્યનું અધ્યયનકર્યું. મેઘાવી તીવ્રતા, અને ગ્રહણ શકિતને કારણે થોડા સમયમાં જ તેઓ વિદુષી બની ગયા.

શ્રીમદ જયાચાર્યે ભગવતી સૂત્રની રાજસ્થાની ભાષામાં પદ્યબદ્ધ ટીકા કરવાનું શરૂ કર્યું. આચાર્ય શ્રી પદ્ય બોલતા અને સતીજી એકવાર સાંભળીને તેનેલિપિબદ્ધ કરી લેતાં. એક સમયે એક સાથે છ થી સાત પદ્યો યાદ રાખી લેતા. તેમના અક્ષરો સુઘડ અને સ્પષ્ટ હતા. તેમને અનેક ગ્રંથો લિપિબદ્ધ કર્યા છે.

તેમની વ્યાખ્યાનકલા અજોડ હતી. તેમના કંઠનું માધુર્ય રસ્તે જતાં પથિકને પણ રોકી લેતું હતું. વિ. સં. ૧૯૨૭માં સાધ્વી પ્રમુખાનો કાર્યભાર તેમણે સંભાળ્યો. તેઓ પંદર વર્ષસુધી આ પદપર રહ્યાતેમના અનુશાસનમાં વાત્સલ્ય છલકથતું હતું. સમસ્ત સાધ્વી સમાજનો વિશ્રવાસ તેમને પ્રાપ્ત કર્યો હતો. તેમનો સ્વર્ગવાસ સં. ૧૯૪૨ પોષ વદ નોમનેદિવસે થયો.

## (૪) મહાસતી નવલાંજી

તેમનો જન્મ સં. ૧૮૮૫માં થયો. બાળપણમાં જ તેમના વિવાહ થઇ ગયા. થોડાવર્ષોમાં જ પતિનો વિયોગ થયો. ત્રીજા આચાર્ય શ્રી ઋષિરાયજીના હાથે તેમને દીક્ષા ગ્રહણ કરી. દીક્ષાના દિવસે પોતાનું કેશ-લુંચન પોતે જાતે કર્યું.

વિવેક, નમ્રતા વગેરે ગુણોથી યોગ્ય સમજીને આચાર્યશ્રીએ તેમને બહુ જ સન્માન આપ્યું. તેનું ઉધાહરણ છે કેતેમની પાસે તે દિવસે 'સાઝ'ની વંદના કરાવ.

તેમણે બત્રીસ આગમોનું વાંચન કર્યું.તત્વને ઉંડાણમાંથી પકડીને અન્ય જનોને નિપુણતા પૂર્વક તેઓ સમજાવતા તેમના કંઠમાં માધુર્ય હતું અને ગાવાની કળા સુંદર હતી. સંઘાડાના સાધ્વીઓને પુસ્તક સમર્પિત કરવાની પહેલ સૌ પ્રથમ તેમણે કરી. જયગણિના શાસનકાલમાં તેર વર્ષ સુધી ગુરુકુલ વાસનો સુંદર અવસર તેમને પ્રાપ્ત થયો. બાર વર્ષ અને છ મહિનાસુધી અગ્રણી રૂપે બર્હિવિહાર કરતાં કરતાં તેમને જન-જીવનને જાગૃત કર્યું.

આચાર્યશ્રી રાયચન્નદજી, આચાર્યશ્રી જીતમલજી, આચાયૈશ્રી મઘરાજજી, આચાર્યશ્રી માણકચન્દજી, આચાર્યશ્રી ડાલગણિ આ પાંચ આચાર્યોની આજ્ઞાની આરાધના કરી તેથી તેઓની કરુણા દ્રષ્ટિને પાત્ર તેઓ બન્યા.

જયેષ્ઠા અને કનિષ્ઠા બધી સાધ્વીઓને તેમની અનહદ વત્સલતા મળતી. ત્રણ વર્ષ સુધ બીદાસરમાંતેમણે સ્થિરવાસ કર્યો. અષાઢ વદ પાંચમના દિવસે નવ પ્રહરના અનશનપૂર્વક ૬૯વર્ષની વયે સમાધિપૂર્વક તેમને સ્વર્ગગમન કર્યું.

## (૫)મહાસતી જેઠાંજી

તેમનો જન્મ વિ. સં. ૧૯૦૧માં થયો હતો.તેમની દીક્ષા વિ. સં. ૧૯૧૬માં થઇ અને પ્રમુખા પદ વિ. સં. ૧૯૫૫માં લાડનૂમાં પ્રાપ્ત થયું. તેમનો સ્વર્ગવાસ વિ. સં. ૧૯૮૧માં રાજલદેસરમાં થયો.

તેમનું વ્યકિતત્વ એક સ્વયં જયોતિ હતી તેઓપોતે પ્રકાશ શીલ હતા. સાધ્વીશ્રી જેઠાંજીનું વ્યકિતત્વતેમની સંપત્તિ હતું. શારિરીક સંપત્તિ કરતાં તેમની આંતરિક સંપત્તિ અનેક ગણી મહાન હતી. આ કારણે જ તેમનું જીવનઉત્તરોત્તર આદર્શ બનતું ગયું. અને તેમને તપસ્યા કરીને શરીરને અભયત્વની ભાવનાનો પરિચય કરાવ્યો.

તેમના વીસ વર્ષ ગૃહસ્થાવાસમાં વીત્યા. આ અલ્પાવધિમાં અનેક સુઃખદુઃખની અનુભૂતિઓ તેમને થઇ. તેમનું કુટુંબ સમૃદ્ધિશાળી હતું. તેમના વિવાહ થયા પરંતુ ૧૬ વર્ષના થતાં જ તેમના પતિનો વિયોગ થયો અને તેમનું સર્વસ્વ લૂંટાઇ ગયું. બધું ખોઇનેતેમનેએવું કાંઇક મેળવ્યું જે અમર આનંદ આપનાર હતું. દુઃખ વૈરાગ્યની સુખમય અનુભૂતિમાં બદલાઇ ગયું.

જયાચાર્યના કર-કમલો વડે એમની દીક્ષા થઇ. સરદાર સતીના સાન્નિધ્યમાં શિક્ષણ મેળવ્યું.તેમની રુચિમાં નિષ્ઠા હતી. મહાસતી સરદારજીની વૈયાવચ અને શાસનનાં કેટલાંય કાર્યોની જવાબદારી તેમને પોતે ઉપાડી લીધી. તેમણે સેવાવ્રતને પોતાનાજીવનનું અંગ બનાવ્યું. બિમાર સાધુ સાધ્વીઓને માટે દવાઓ મેળવી આપવાનું કાર્ય તેમણે પૂરી તત્પરતાથી નિભાવ્યું. નવદીક્ષિતા સાધ્વીઓને તેમની દેખ-રેખ નીચે રાખવામાં આવતી. તેઓ તેમને સંસ્કારો આપી કષ્ટ સહિષ્ણુતાનો મર્મ સમજાવતાં હતા.

તેરાપંથના સાતમા આચાર્ય શ્રી ડાલગણિએ તેમને પ્રમુખપદ પર સ્થાપિત કર્યા. તેમની સેવાઓ માટે શ્રી ડાલગણિ કહેતા'' જેઠાંજીની સેવાઓ અનુકરણીય છે, તેમણે આચાર્યો અને સાધુ-સાધ્વીઓની બહુ જ સેવાઓ કરી છે. તેમની પાસેથી સેવા કરવાનું શીખો.''

સાધ્વીશ્રી જેઠાજીએ ૧૭ અને ૨ને છોડીને ૨૨ સુધી ચોવિયાર તપસ્યા કરી. તેરાપંથમાં આ ચોવિયાર તપસ્યાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. સહજ સૌન્દર્ય, કર્તવ્ય નિષ્ઠા, ગુરુભકિત દ્વારાતેઓ જન-મનને આકર્ષિત કરી લેતાં હતા.

કાલગૂણિ કહેતા, જેઠાંજીની દેખ-રેખમાં ગમેતેટલી સાધ્વીઓ રાખવામાં આવે, તો પણ એમની વ્યવસ્થા બાબતમાં મારે ચિંતા કરવી પડતી નથ. એ વચનોમાં જવાબદારી પ્રત્યેનીએમની નિષ્ઠા અને પોતાના આશ્રિત પ્રત્યે વાત્સલ્યની પૂર્ણ ઝલક દેખાય છે.

## (૬) મહાસતી કાનકુંવરજી : -

તેમનો જન્મ વિ. સં. ૧૯૩૦માં શ્રી ડુંગરગઢમાં થયો. દીક્ષા વિ. સં. ૧૯૪૪માં વીદાસરમાં થઇ. તેમને પ્રમુખ પદ વિ. સં. ૧૯૮૧માં ચૂરુમાં પ્રાપ્ત કર્યું.

અહિંસા અને અભય બન્ને એકજ છે. જયાં અભય છે ત્યાં અહિંસાનો ભાવ વિકાસ પામે છે. મહાસતી કાનકુમારીજીનું જીવન આ બંનેનો સંગમ હતું. તેમનામાં નારીની સુકુમારતા હતી અને સાથે સાથે પુરુષ સહજ કઠોરતા પણ હતી. એકવાર વિહાર દરમ્યાન નાના ગામમાં રોકાવું પડયું.રાતના ત્યાં ચોર આવ્યા બહાર સૂતેલા ચોકીદારને દોરડાવડે બાંધી દીધો અંદર ઘૂસી આવ્યા. મહાસતી કાનકુંવરજીએ બધી સાધ્વીઓને જગાડીને મહામંત્રનો જાપ શરૂ કરાવ્યો. ચોર બોલ્યા, ''તમારી પાસે જે કાંઇ હોય તે તમે અમને આપી દો'' મહાસતીએ પાના કાઢીને કહ્યું આમાં અમૂલ્ય રત્ન ભર્યા છે. અને મધુર સ્વરલહરીઓ ચોરોના કાનમાં ગુંજવા લાગી. ચોરોનું હૃદય પરિવર્તન થયું અને પોતાની ધૃષ્ટતાને માટે ક્ષમા માંગીને ત્યાંથી ચાલ્યાગયા.

કલા જીવનનું ઉદાત્ત પાસું છે. જે જીવવાની કલાની સુંદર અભિવ્યકિતહતું. જીવનની કલાની સાથે અન્ય કલાત્મક વસ્તુઓના નિર્માણનું શિક્ષણ આપવું તેને પણતેઓ પોતાનું કર્તવ્ય,સમજતાં હતા. તેમના સાન્નિધ્યમાં રહેવાવાળી સાધ્વીઓને તેઓ બધી કલાઓ શીખવતાં હતા. તેઓ કલામાં અજોડ હતા. તેમના અનુશાસનમાં ''વજ્રાદપિ કઠોરાણિ, મૃદુનિ કુસુમાદપિ'' આ ઉકિત ચરિતાર્થ થતી હતી.

સ્વાધ્યાયની વિસ્મૃતિ ન થઇ જાય તે જ સ્વાધ્યાયનો ગુણ પક્ષ છે પરંતુ મુખ્ય છે આનંદાનુભૂતિ. મહાસતિ કાનકુંવરજી સ્વાધ્યાયમાં લીન રહેતા છ આગમ, અનેક ભજનો, સ્તવન, થોકડા સાહિત્ય તેમને કંઠસ્થ હતા. રાત્રિના સમયે કલાકો સુખી તેઓ પઠન પાઠન કરતા. દિવસમાં આગમનું વાચન કરતા. વર્ષમાં બત્રીસ આગમોનું વાંચન થતું હતું.

સાધ્વી સમાજને તેમનામાં અતૂટ વિશ્વાસ હતો.તેનું કારણ તેમનું અપ્રતિમ નિર્મળ વાત્સલ્ય હતું.પોતાનો સ્વાર્થ ત્યાગી બીજાને શાંતિ આપવામાં તેઓ સૌથી આગળ હતાં.

તેમની વ્યાખ્યાન શૈલી પ્રભાવત્પાદકહતી. મોટા મોટા સાધુઓ પણ તેમની સામે વ્યાખ્યાન આપતા સંકોચ પામતા હતા. તેમના પ્રત્યે સાધુઓના હૃદયમાં સન્માનની ભાવના હતી.

તેમના માટે આચાર્યશ્રી તુલસીજીએ 'કાલૂ યશોવિલાસ'માં લખ્યું છે.

સંચાલનશૈલી સુઘડ, જ્ઞાન ધ્યાન ગલતાન<br>
કાનકંવર ગણમેં લહ્યો, ગુરુ કૃપા સમ્માન<br>
નિમલ નીતિયુત પાલિયો ચરણ રમણ સુવિલાસ<br>
બાલ્યાકાલ બ્રહ્મ ચારિણ વર્ષે ગુણ પચાસ,<br>
શ્રુતિ સ્વાધ્યાય વિલાસિની હસિની કર્મકઠોર,<br>
વિકથાવાદ વિનાસિની આશ્વસિની મનમોર<br>
અતિ સુખ પૂર્વક સમાલિયો નિજ સંયમ જીતવ્ય<br>
વાહ વાહ સતી મહાસતી અવસર લહ્યો અલભ્ય.

વિ. સં. ૧૯૯૩માં ભાદરવા વદ પાંચમના દિવસે સમાધિવસ્થ આસ્થામાં તેમણે રાજલાદસરમાં દેહ વિલય કર્યો.

## (૭) મહાસતી ઝમકૂજી

તેમનું જન્મ સ્થાન રતનનગર હતું ગર્ભાવસ્થામાં માતાને લક્ષ્મીનું સ્વપ્ન દેખાયું. સ્વપ્નમાં માએ પૂછયું.''આ શું'' ત્યારે જવાબ મળ્યો '' આ કન્યા તારા કુળનો શણગાર બનશે''. અતુલ સ્નેહ અને વાત્સલ્યથી તેમનું પાલનપોષણ થયું. નાની વયમાં તેમના લગ્ન થયા. સાસરીમાં ધનની વૃદ્ધિ થવાને કારણે તેમનો લક્ષ્મીના રૂપે સ્વીકાર કરવામાં આવ્યો. યોગ્યતાને કારણે કેટલીક જવાબદારીઓ તરત જ સોંપવામાં આવી. અચાનક પતિનો વિયોગ થઇ ગયો. પુત્રીના વૈધવ્યની વાત સાંભળીને પિતા ત્રણ દિવસ મૂર્છિત રહ્યા. સ્વપ્નમાં અવાજ આવ્યો. ''આ ભયંકર દુઃખ તેને જીવનમાં અમરત્વ પ્રદાન કરશે''.

એકવાર મહાસતીએ સ્વપ્નમાં કેરીથી ભરેલા વૃક્ષને જોયું મનમાં દક્ષાનો સંકલ્પ થયો. માતા-પિતાનો સ્નેહ અને સાસુ સસરાનો અનુરાગ તેને બાંધી ન શકયો. દીક્ષા પહેલાં પતિના ઘરની સંભાળનો ભાર તેમના પર હતો.

દીક્ષા સમયે તેમનાજેઠે કહ્યું, ''જેટલું દુઃખ મારા નાના બાઇના મૃત્યુ પર નથી થયું એટલું દુઃખ આજે થઇ રહ્યું છે. મારા ઘરની સંભાળ હવે કોણ લેશે?'' આ ઉદગારો એમની જવાબદારી પ્રત્યેની ઘેરી નિષ્ઠા અનેકુશળતાનો પરિચય કરાવે છે.

તેમના મનમાં કલા પ્રત્યે સહજ આકર્ષણ હતું. દરેક કાર્યમાં સ્ફૂર્તિ અને વિવેક હંમેશા રહેતા. પંદર મિનિટમાં પોલપટ્ટો સીવવો, એક દિવસમાં રજોહરણની ૨૫ કલિકાઓ ગુંથવી, એ તેમની સ્ફૂર્તિનો પરિચય કરાવે છે. ગૃહસ્થજીવનમાં રહેવા છતાં પણ તેમણે અનેક સાધ્વીઓને સૂક્ષ્મ કલાઓ શીખવી.

તેઓ સ્વાધ્યાય રસિક હતા.તેમને વૃદ્ધોની સેવા કરવામાં વિશેષ આનંદ મળતો હતો. જયારે કોઇની પણ શલ્ય ચિકિત્સાનો પ્રસંગ આવતો ત્યારે તેઓ પોતાના હાથે તે કરતી. તેમના હાથ હલકા અને કાર્યકુશળ હતા. એકવાર કાલૂગણિ ચાતુર્માસમાટે ચૂરુ પધાર્યા. નગર પ્રવેશનું મૂહૂર્ત ૬-૩૦ વાગ્યાનું હતું છ માઇલનું અંતર હતું આચાર્યશ્રી કોઇપણ રીતે ત્યાં જલ્દી પહોંચી શકે એમ ન હતું તેથી પ્રસ્થાન રૂપે તેમને મોકલ્યા. તેઓ એક કલાકમાં છ માઇલ નું અંતર કાપી ત્યાં પહોંચી ગયા. તેમની સ્મરણશકિત અને ઓળખશકિત અદ્દભુત હતી. વર્ષો પછી પણ દર્શનાર્થીઓની વંદના અંધારામાં પણ નમોચ્ચારણપૂર્વક સ્વીકાર કરતી હતી. ત્યારે દર્શનાર્થી ગદ્દગદ્દ થઇ જતાં અને પોતાને ભાગ્યશાળી સમજતા.

હર્ષથી વિહ્વળ અને શોકથી ઉદ્વિગ્ન થવા વાળા ઘણાં છે બંને અવસ્થામાં સમરસ રહેનારા વિરલ હોય છે. કાલગણિનો સ્વર્ગવાસ થયો. સર્વત્ર શોકનું વાતાવરણ હતું એવી વિકટ સ્થિતિમાં તેમણે તેમના ધૈર્યનો પરિચય કરાવ્યો બધામાં સાહસનો મંત્ર ફૂંકયો. તે શોક અભિનવ આચાર્યપદ તુલસીગણિના અભિનંદમાં હર્ષ બનીને ઉપસ્થિત થયો.

તેરાપંથ શાસનની ૩૭ વર્ષો સુધી સેવા કરી. આચાર્યોને વિશ્વવાસ, સાધુ સાધ્વીઓનો અનુરાગ, શ્રાવક સમુદાયની અવિકલ ભકિતનો સ્વીકાર કરતા સાધનાના આનંદીમોતીઓને સમેટતા-વીખેરતાં વિ. સં. ૨૦૦૨માં પૂર્ણ સમાદિમાં આ સંસારમાંથી તેમને વિદાય લીધી. આજે તેમની માત્ર સ્મૃતિઓ રહી ગઇ છે. જે અનેક કાર્યોમાં પ્રતિબિંબિત થઇને વિસ્મૃતિને સ્મૃતિ બનાવી દે છે.

## (૮) મહાસતી લાડાંજી

તેમનો જન્મ વિ. સં. ૧૯૬૦માં લાડનૂમાં થયો હતો. તથા દીક્ષ પણ લાડનૂમાં વિ. સં. ૧૯૮૨માં થઇ.

સાધ્વી પ્રમુખા પદ પ્રાપ્તિ વિ. સં. ૨૦૦૨માં થઇ. વિવાહને યોગ્ય વય હોવાને કારણે વિવાહ કરવામાં આવ્યા. પરંતુ અલ્પ સમય પછી તેમને પતિવિયોગ સહન કરવો પડયો. તેમનામાં વૈરાગ્યનો અંકુર ફૂટયો. તેમની દીક્ષા આઠમા આચાર્ય શ્રી કાલૂગણિના કરકમલે દ્વારા થઇ. મુની તુલસી જે પાછળથી તેરપંથીના નવમા આચાર્ય બન્યા. તેમની દીક્ષા પણ સાથે જ થઇ હતી. કોઇએ એવું ચિંતન કર્યું હતું કે આ શુભ મુર્હુતમાં દીક્ષા લેનાર બંને સાધક બન્યા અને શાસનના સંચાલક બન્યા.

કાલગૂણિના સ્વર્ગારોહણ પછી તુલસીગણિ પદ પર આવ્યા. મહાસતી લાડાંજીને ગુરુકુલવાસ મળ્યો. મહાસતી ઝમાકૂજીના સ્વર્ગારોહણ પછી તેમનો કાર્યભાર મહાસતી લાડાંજીને સોંપવામાં આવ્યો.

યુગપ્રધાન આચાર્યશ્રી તુલસીનું જીવન ક્રાન્તિમય જીવન છે. આચાર્યવર્યન કુશલ નેતૃત્વમાં સાધુ સાધ્વીઓએ અનેક ક્ષેત્રોમાં વિકાસ કર્યો. મહાસતી લાડાંજીએ આ વિકાસને સો ગણો વધાર્યો. સાધ્વીઓ શિક્ષણના ક્ષેત્રમાં જે પ્રગતિ કરી છે તેનું શ્રેય પ્રમુખ રૂપે સાધ્વી પ્રમુખાજીને ફાળે જ જાય છે. તેઓ બધની પ્રેરણાસ્રોત હતી. તેઓ જીવનભર પ્રેરણા દીપ બનીને જલતી રહી. સાગરમાં ગાગર સમાય તેમાં કોઇ આશ્વર્ય નથી પરંતુ ગાગરમાં સમાય એમાં આશ્ચર્ય છે. સાધ્વી પ્રમુખાશ્રી લાડાંજીએ ગાગર બનીને જીવન વીતાવ્યું. પરંતુ તેમાં સાગર લહેરતો હતો. જીજ્ઞાસા જીવનનો જીવન્ત આધાર છે. તેમનામાં જીજ્ઞસાએ પ્રબળ હતી. આમ-તેમ જિજ્ઞાસાઓને શાંત કરી પોતાની ગાગર ભરી લેતી હતી.

તેઓ નિર્ભય હતા. તેમને ભય હતો તો કેવળ પાપનો હતો. આચાર્ય-કૌશલ એમનું સફળ હતું. સાધ્વી પ્રમુખાનું પદ એમને મળ્યું તેઓ પદથી શોભિત ન હતા. પણ પદ એમનાથી સુશોભિત હતું. તેઓ અસમાન્ય હતા પણ તેમને સામન્ય સાથેનો સંબંધ તોડયો ન હતો. તેઓ નિ.સ્પૃહી હતા. તેમને બધું જ મળ્યું પણ તેઓ તેમાં આસકત ન બન્યા. તેમની મુદુતા, સૌમ્યતા, નિડરતા અને કષ્ટ સહિષ્ણુતા વિલક્ષણ હતી. તેમનું ભૌતિક શરીર રોગગ્રસ્ત થયું. પરંતુ મનેબળ સદા સ્વસ્થ રહ્યું.

બહુ વર્ષો સુધી નિરંતર રકતશ્રાવની બિમારીએ તેમની સહનશીલતાને બેવડી કરી હતી ડૉકટરોએ તો કેન્સર સુધીની કલ્પના કરી લીધી હતી. વિ. સં. ૨૦૨૩માં આચાર્ય પ્રવરે દક્ષિણ યાત્રા પ્રરંભ કરી. મહાસતી લાડાંજીને બીદાસરમાં અસ્વસ્થતતાને કારણે રોકાવું પડયું. વ્યધિએ ભયંકર રૂપ ધારણ કર્યું. જલોદરની ભયંકર વેદનામાં પણ ચાર-ચાર સૂત્રોનું અધ્યયન ચાલતું. અત્યંત સમભાવથી વેદનાને તેઓ સહન કરતા. થોડ મહીનામાં તેમને ત્રણવાર પણી કાઢવામાં આવ્યું. ડૉકટરો પર ડૉકટરો આવવા લાગ્યા. બધાનો મત એ હતો કે ઓપરેશન વિના એ બિમારીનો કોઇ ઇલાજ નથી પણ તેમને ઓપરેશન માટે હા ન કહી હસતાં હસતાં સમરાંગંમાં સુભટની જેમ આત્મવિજયી બન્યા. તેમની સષ્ણુિતાને જોઇ, સાંભળીને મહામના આચાર્ય પ્રવરે તેમને સહિષ્ણુતાની પ્રતિમૂર્તિ ઉપાધિથી અલંકૃત કર્યા હતા.

ચૈત્ર સુદ તેરસની રાત્રિએ ત્રણ વાગે અનશનપૂર્વક કાર્યોત્સર્ગની મુદ્રામાં તેમણે સ્વર્ગને માટે પ્રસ્થાન કર્યું.

## (૯) સાધ્વી પ્રમુખા કનકપ્રભાજી

તેમનું મૂળ વતન સ્થાન લાડૂન હતું. વિ. સં. ૧૯૯૮માં કલકત્તામાં તેમનો જન્મ થયો. તેમને વિ. સં. ૨૦૧૭ની અષાઢની પૂર્ણિમાના દિવસે કેલવામા આચાર્ય તુલસીપાસે દીક્ષા ગ્રહણ કરી. સાધ્વી પ્રમુખાનું પદ વિ. સં. ૨૦૨૮મં ગંગાશહેરમાં પ્રાપ્ત થયું.

ધાર્મિક પરિવારમાં જન્મ હોવાને કારણે બાળપણથી જ તેમને ધર્મના સંસ્કાર મળ્યા હતા. તેમના મનમાં વૈરાગ્યના અંકુર ફૂટયા પણ સંકોચશીલ સ્વભાવ હોવાને કારણે પેતાનો વિચાર પ્રકટ ન કરી શકયા.

વૈરાગ્યભાવના બળવાન બનતી ગઇ. આખરે સં. ૨૦૧૩માં ભાદરવા સુદ તેરસના દિવસે તેમને શ્રી પારમર્થિક શિક્ષણ સંસ્થામં પ્રવેશ કર્યો. તેમનું દરેક કાર્ય શાલીન અને વિવેકપૂર્ણ રહેતું હતું. સાધનાથી ભૂમિકામાં નિષ્ણાત જોઇને આચાર્ય તુલસીએ તેમને દીક્ષા માટે સ્વીકૃતિ આપી. ફલસ્વરૂપ તેરાપંથ દ્વિશતાબ્દી સમારેહમાં ઐતિહાસિક કેલવામાં તેમની દીક્ષાનો સમારોહ પણ થયો. દીક્ષા બાદ તેમનામાં અધિક પ્રજ્ઞા પ્રગટ થતી ગઇ. એકાન્તપ્રિયતા, ગંભીરતા, સ્વલ્પભાષ્ણ, નિષ્ઠાપૂર્વક કાર્ય સંચાલન તેમની વિરલ વિશેષતાઓ છે. અપ્રમતતા તેમનો વિશેષ ગુણ છે. પાછલી રાત્રે ઉઠીને સહસ્ર પદ્યોનું સ્વધ્યાય કરવું એ તેમનો સ્વભાવ બની ગયો છે.

આજે પણ તેમને 'દસવે આલિય' 'નામમાલા' 'ન્યાયકર્ણિકા', 'નીતિશતકમ' 'જૈનસિદ્ધાંતદિપિકા', 'શાન્તસુધારસ', 'સિન્ધૂર પ્રકર', 'ષડાદર્શન', આદી અનેક ગ્રંથો સંપૂર્ણરૂપે કંઠાગ્ર છે.

ન્યાયસિદ્ધાંત, દર્શન અને વ્યાકરણનું તેમને ગહન અધ્યયન કર્યું છે. હિન્દુ, સંસ્કૃત, પ્રાકૃત ભાષા પર તેમનો પૂરો કાબૂ છે. અંગ્રેજી ભાષાની જાણકારી પણ સારી છે. તેંમનું અધ્યયન આચાર્ય પ્રવરની પવન નિશ્રા અને શ્રી મંજુલાજીની દેખરેખમાં થયું.

બધી દ્રષ્ટિથી પૂર્ણપણે યોગ્ય સમજીને ગંગાશહેર મર્યાદા મહેત્સવના પ્રસંગે સં. ૨૦૨૮માં મહવદ તેરસે યુવપ્રદાન આચાર્ય પ્રવરે તેમને સાધ્વી પ્રમુખના પદે નીમ્યા. તે સમયે તેમનાથી ૪૧૭ સાધ્વીઓ રત્નાધિક હતી. આજે પણ લગભગ ૪૦૦ સાધ્વીઓ દીક્ષા પર્યાયમાં તેમનાથી મોટા છે. તેમનો નમ્ર વ્યવહારને જોઇને બધા નવાઇ પામે છે. તેઓ એક કુશલ અનુશાસિકા, વિજ્ઞ વ્યવસ્તાપિકા, અને સફળ સંચાલિકા હોવાની સાથે સાથે સફલ સંપાદિકા અને લેખિકા પણ છે.

તેમની સતત પ્રવાહિની લેખિની જનજીવનને નવું ચિંત, પ્રેરણા અને નૂતન સંદેશ આપે છે. આગમ સંપદનના મહાન કાર્યમાં તેઓ સતત સંલગના છે. આચાર્ય પ્રવરના પ્રમુખ કલ્ય- 'કાલયશોવિલાસ', ડલિમચરિત્ર, માણક મહિમા', 'નન્દનનિકુંજ', 'ચન્દકી ચૂટકી ભલી', વગેરેનું તેમને સફળતા પૂર્વક સંપાદન કર્યું છે. આચાર્યશ્રી 'તુલસી દક્ષિણ કે અંચલમેં', તેમની અપૂર્વ કૃતિઓ છે. અને 'સરગમ'માં તેમની કાવ્ય પ્રતિભાની એક ઝલક જોવા મળે છે જે ભકિતરસથી ઓત-પ્રોત છે.

તેમનો સમર્પણ ભાવ અજોડ છે. આચાર્યશ્રીની દરેક વાત સમજીને તે કાર્યમાં મૂકતી નિયમિતત તથા સંકલ્પની દઢતા તેમના જીવનની વિશેષ ઉપલબ્ધિ છે. જેના ફલસ્વરૂપે આટલા વ્યસ્ત હોવા છતાં તેઓને જે કાર્ય કરવું હોય તે કરતાં જ રહે છે.

તેમના મહાન વ્યકિતત્વ અને કાર્યોને શબ્દોની સીમામાં બાંધવા શકય નથી. તેઓ આગળ આવનારા સેંકડો યુગો સુધી માનવજગતને માર્ગ બતાવતા રહેશે.

## મહત્તરા મૃગાવતીશ્રીજી

આધુનિક યુગની જૈન સાધ્વીઓમાં તપગચ્છના વિજયાનન્દસૂરિની પરંપરાની મહત્તરા સાધ્વીશ્રી મૃગાવતીનું નામ મહત્વનું છે. દુર્ભાગ્યે શ્વેતાંબર મૂતિપૂજક સંપ્રદાયમાં તપાગચ્છની સાધ્વીઓના સંદર્ભમાં માહિતીનો જ અભાવ છે. તેથી પ્રસ્તુત વિવરણમાં ખરતરગચ્છ સિવાય તપાગચ્છ અને અન્ય સંઘોની સાધ્વીઓ વિશે કેઇ વર્ણન આપી શકાય એમ નથી. પરંતુ તપાગચ્છમાં મહત્તરા શ્રી મૃગાવતીશ્રીજીનું નામ એવું છે કે જે ભૂલી શકાય નહી. મૃગાવતીશ્રીજીનો જન્મ રાજકોટ થી ૧૬ માઇલ દૂર સરધાર નામના ગામમાં થયો હતો તેમને તેમની માતા સાથે વિ. સં. ૧૮૮૫ પોષ સુદ દસમે બાર વર્ષની ઉમ્મરે જૈન સાધ્વીની દીક્ષા લઇ લીધી હતી. તેમનું અધ્યયન આગમ પ્રભાકર શ્રી પુણ્યવિજય જી. પં. સુખલાલજી, પં. બેચરદાસજી, પં. દલસુખભાઇ માલવણિયા. વગેરે જેવા જૈન વિદ્વાન વરિષ્ઠ અને વિદ્વાનોના સાન્નિધ્યમાં થયું. તેઓ એક વિદુષી સાધ્વી હતા. ઉદારદ્રષ્ટિ ગુરુઓનું સાન્નિધ્ય મેળવીને તેઓ ઉદારહદયા બની ગયા હતા. સામ્પ્રદાયિક અભિનિવેશથી મુકત અને વૈજ્ઞનિક દ્રષ્ટિથી ચિંતન કરવાની શકિત તેમનામાં અદભુત હતી. તેઓ ગુજરાતના હોવા છતાં પણ તેમનું કાર્યક્ષેત્ર મુખ્યત્વે ઉત્તરભારત રહ્યું. પંજાબનો સંપૂર્ણ જૈન સમાજ ચાહે તે સ્થાનકવાસી હોય, અથવા મૂર્તિપૂજક, તેમના પ્રત્યે અનન્ય શ્રદ્ધાવાન રહ્યા છે. તેમની પ્રવચન શૈલીમાં માધુર્ય અને પ્રવાહિતા હતી. તેઓ મુંબઇ કલકત્તા વગેરે ક્ષેત્રોમાં સાર્વજનિક પ્રવચનો પણ આપતા હતા. તેમની પ્રેરણાથી દિલ્હીમાં વલ્લભસ્મારક અને ભોગીલાલ લહેરચંદ ભારતીય વિદ્યા સંસ્કૃતિ મંદિરની સ્થાપના કરવામાં આવી. તેમના ઉપદેશથી આત્માનન્દ હાઇસ્કૂલ, હરિયાણા, આત્માનંદ જૈન કોલેજ, અમ્બાલા, જેલી અનેક શિક્ષણ સંસ્થાઓ વિકાસ પામી. એમાં ય વલ્લભ સમારકનું નિર્માણ કાર્ય તો અદભુત છે. લગભગ ત્રણ કરોડ રૂ. ના ખર્ચેથી તૈયાર થયેલ આ સ્મારક સધ્વીશ્રીજીની યશોગાથાને યુગો યુગો સુધી યાદ કરશે. તેઓ પોતે વિદુષી હતા. અને વિદ્વાનોને સન્માન આપવામાં સદૈવ તૈયાર રહેતા હત. જયાં તેઓ બીજાના પ્રત્યે અત્યત ઉદાર હતા ત્યાં પોતાના પ્રત્યે અને પોતાના સાધ્વી વર્ગની પ્રત્યે નિયમ વ્યવસ્થાની દ્રષ્ટિએ અત્યંત કઠોર પણ હતા. આડંબરયુકત કાર્યેથી તેઓ હંમેશા દૂર રહેતા હતા. એને સાધ્વી જીવનના નિયમોનું પાલન અત્યંત સભાનતા પૂર્વક કરતા હતા. તેમની શિષ્યાઓમાં પૂજય સાધ્વી સુજયેષ્ઠાશ્રીજી, સુવ્રતશ્રી જી, સુયશાશ્રીજી, અને સુપ્રજ્ઞાશ્રીજી છે. તેમાં સાધ્વી સુજયેષ્ઠા શ્રીજીનો સ્વર્ગવાસ થઈ ગયો છે. તેમનું શિષ્યમંડલ પણ પ્રાજ્ઞ અને સહૃદયી છે. અને પોતાના પૂજય ગુરુંના અદેશો અને નિર્દેશોનું પાલન કરવા માટે સદૈવ તત્પર રહે છે.

તેમનો સ્વર્ગવાસ ૧૮મી જુલાઇ ૧૯૮૬માં વલ્લભસમારક દિલ્હીમાં થયો.

સમ્પાદક



ડૉ. કલાબેન શાહ

મુંબઇની પ્રસિદ્ધ બઝારગેટ હાઇસ્કૂલમાં એસ.એસ.સી. સુધીનું શિક્ષણ લઇ, સિદ્ધાર્થ કોલેજમાં બી.એ તથા એમ. એ. ગુજરાતીનો ખાસ વિષય લઇ અભ્યાસ પૂર્ણ કર્યો. ઇ.સ. ૧૯૬૪માં પરેલ સ્થિત મહર્ષિ દયાનંદ કોલેજમાં ગુજરાતી વિષયના અધ્યાપિકા તરીકે જોડાયા.

ડૉ. રમણભાઇ શાહના માર્ગદર્શનમં જૈન કવિ વિદ્યારુચિ કૃત 'ચંદરાજાના રાસનું' સંશોધન સંપાદન કરી ઇ.સ. ૧૯૮૪ના વર્ષમાં પી. એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી. ઇ.સ. ૧૯૮૫માં મુંબઇ જૈન યુવકસંઘની સ્પોનરશીપમાં રોમ, ફ્રાન્સ, જીનીવા, સ્વીટરઝરલેન્ડ, લંડન, લેસ્ટર વગેરે યુરોપના દેશોમાં શૈક્ષણિક પ્રવાસ કર્યો. અને લંડનમાં જૈન ધર્મ, તત્વજ્ઞાન તથા સાહિત્ય વિષયક વ્યાખ્યાનો આપ્યા.

મહર્ષિ દયાનંદ કોલેજમાં ઇ.સ. ૧૯૮૭ માં 'શ્રી ખાંતિલાલ લાલચંદ શાહ - જૈન લીટરરી એન્ડ ફીલોસોફિકલ રીસર્ચ સેંટરની સ્થાપના કરાવી અને ઇ.સ. ૧૯૮૮માં મુંબઇ યુનિવર્સિટીએ પી. એચ. ડી.ના ગાઇડ તરીકે માન્યતા આપી. ઇ.સ. ૧૯૯૨માં મુનિ મોહનલાલજી મહારાજ વિહાર શતાબ્દી ગ્રંથ'નું સંપાદન કર્યું. મહારાષ્ટ્ર સરકાર હાયર એજ્યુકેશન બોર્ડમાં ધોરણ અગિયાર તથા બારમાના 'યુવક ભારતી' પાઠ્ય પુસ્તકનું સંપાદન કાર્ય કર્યું.

ગોંડલ સંપ્રદાયના પૂ. આરતીબાઇ સ્વામીએ 'શ્રીમદ્દ દેવચંદ્રજી એક અધ્યયન' તથા પૂ. જસુબાઇ સ્વામીએ ''આનંદઘનજી એક અધ્યયન' એ વિષય પર પી. એચડીની પદવી ડૉ.
ઇ.સ. ૧૯૯૨માં મુનિ મોહન
કલાબેનના માર્ગદર્શન હે ... ણ દરમ્યાન યોજાતી અનેક વ્યાખ્યાન
રાષ્ટ્ર સરકાર હાયર એજ્યુકેશન
માળાઓમાં વ્યાખ્યાનો
પુસ્તકનું સંપાદન કાર્ય કર્યું.
'ગુજરાત સમાચાર'માં ... ન કાર્ય કર્યું.
'શ્રીમદ્દ દેવચંદ્રજી એક અધ્ય
મહારાષ્ટ્ર સરકાર તરફથી,' એ વિષય પર પી. એ ... ઇ. એમની પદવી પ્રાપ્ત થયેલ છે.